શરૂઆતમાં એ રીતે રૂ ૧૫૦૦૦૦) ની થાપણ ઉપર આપણે રૂ ૩૮૦૦૦) નો નફો મેળવી શકીએ અને બીજે વર્ષે જ્યારે ઢોરો લેવાની જરૂર ન પડે તેમજ બીજા ઢોરો વેચાય તેની ઉપજ થવા લાગે તેથી દર વર્ષે ઉપજમાં વધારો થાય તેમા પણ શક નથી. વળી આ જે આંકડો અત્રે રજુ કરવામા આવ્યો તે તમામ બહુજ વધા રેમા વધારે પ્રમાણમા હિસાબ રજુ કરીને મુકવામા આવ્યો છે જેથી ૧૫૦૦૦૦ ની થાપણ ઉપર ૪૦૦૦૦) રૂપીઆનો વાર્ષીક નફો થવાનો દેખીતી રીતે સંભવ છે વળી કાઠીઆવાડમા ગીર પ્રદેશ કે જેણે દુષ્કાળના છેલ્લા વર્ષમા મુંબઈ ઇલાકાને ઘાસ પુરૂ પાડેલુ છે તે દેશમા જો આવું ફાર્મ ખોલવામાં આવ્યુ હોય તો ઘાસચારો અને પાણી તથા નોકર માણસો બહુજ સસ્તા મળે અને રૂ. ૬૫૦૦૦ થી ૫૦૦૦૦નો નફો થાય, કારણ કે ગીરમા ઘાસચારો અને પાણી પુષ્કળ મળે છે. ગુજરાતમા વડોદરા, ડાકોર, ધરમપુર, વાંસદા વગેરે સ્થળે પણ ઘાસની પુરી છુટ છે.

જેવી રીતે નામદાર ગવર્નર લૉર્ડ વેલીંગડન સાહેબ બહાદુરે આ અગત્યની યોજના હાથ ધરેલી છે તેવી રીતે પોતપોતાના રાજ્યની આબાદી માટે દરેક કેળવાયલા રાજ્યકર્તાઓએ પણ આ સવાલ અગત્યનો ગણી પોતાના રાજ્ય તરફથી આવા કૅટલ ફાર્મ ઉઘાડવાની ખાસ જરૂર છે મારા આસી મેનેજર રા રા છગનલાલ વિ પરમાનંદદાસ નાણાવટી કે જેઓ બે વર્ષ ઉપર સ્ટે. જુનાગ ઢમા ડીસ્ટ્રીક્ટ વેટરીનરી ઑફીસર તરીકે કામ કરતા હતા તેઓના કહેવા ઉપરથી જણાય છે કે સ્ટે. જુનાગઢના નામદાર ઍડમીનીસ્ટ્રેટર બહાદુર મી૦ એચ૦ ડી૦ રેન્ડોલ સાહેબે પણ આવું ખાતુ જુનાગઢ રાજ્યમા ખોલ્યુ હતુ, કે જેના ઉપર દેખરેખ રાખવા માટે એ વેટરીનરી સર્જનને ખાસ બહાલ કરવામા આવ્યા હતા. મતલબ એ રીતે તે રાજ્યમા કૅટલ કૅમ્પની યોજના છેલ્લા બે ત્રણ વર્ષથી શરૂ થઇ છે તેવીજ રીતે બીજા દેશી રાજ્યો તેમજ શ્રીમત ગૃહસ્થોની મોટી યોજનાથી માંડી એક સાધારણ ગૃહસ્થની થોડી મુડીના વેપારમા પણ ઘણો ફાયદો થાય તે કોઇ પણ રીતે અજાણ્યું નથી મતલબ આ દેખીતા નફાવાળા વેપારનો લાભ દેશના જુદા જુદા ભાગમા રહેતા નાના ગામડા વાળાઓએ પણ લેવો જોઇએ

સંખ્યાબંધ વાંચવા લાયક લખાણોનો ખજાનો !

જુન-જુલાઈનો ભેગો અંક પર્યુષણના ખાસ અંક તરીકે બહાર પડશે તેમાં સંખ્યાબંધ વાંચવા લાયક લખાણોનો ખજાનો જોવામાં આવશે આનંદ સાથે ઉપદેશ આપનારી કથાઓ, વિચાર કરતા શિખવનાર, વિદ્યા, જ્ઞાતિ સંસ્થાના લાભાલાભની ચર્ચા, આધુનિક [illegible] રાજ્યે કરવા ધારેલા કાયદા કેટલા ગયો [illegible] તથા સ્વદેશ અને ધર્મની સેવા બજાવનારા છે એ બાબતની ચર્ચા, તત્વજ્ઞાન, આરોગ્ય અને બળ મેળવવાના કુદરતી રસ્તા, સ્ત્રી-ઉપયોગી લેખો, પર્યુષણ સંબંધી ખાસ લેખ, ઇત્યાદિ ઇત્યાદિ વાંચવાની ઇચ્છા હોય તો ઉત્કંઠતાથી પર્યુષણના ખાસ અંકની રાહ જુઓ તે અંકની ૧૦૦-૨૦૦ પ્રતો મંગાવી ત્હમારા ગામમાં ત્હેની લ્હાણી કરજો.

☞ એલાયચી કુમારના કથા રૂપકમાં રણ ગાસ્ત્રાધારે લખી મોકલનાર મુનિશ્રીનો આભાર માનવામાં આવશે. અભય કુમારની કથાના ખાસ પ્રસંગો આ માસિકનાં ૩૨ પ્રાપ્ટ રોકે એટલા પ્રમાણમાં [અભય કુમારના સંક્ષિપ્ત ઇતિહાસ સાથે] લખી મોકલનાર મહાશયનો ખાસ ઉપકાર માનવામાં આવશે લેખ્યાઓના રંગ અને ગુણનું સ્પષ્ટ વિવેચન વિસ્તારથી (૧૨ પ્રાપ્ટ જગા રોકે એટલું) અને [illegible] કોઇ ધર્મનો માણસ સ્હમજી શકે એવું લખવા આધ્યાત્મપ્રેમી મુનિવરો પ્રત્યે સવિનય પ્રાર્થના છે

આદ્ય સંસ્થાપક: સદ્ગત શ્રી મોતીલાલ મનસુખરામ શાહ.

જૈનહિતેચ્છુ

મુખ્ય લેખક વાડીલાલ મો. શાહ. મુંબઇ.

પુસ્તક ૧૬ મું.] મે, ૧૯૧૪. [અંક ૫ મો.

પરમેશ્વરની હજુરમાં.*

(ગતાંકના પૃષ્ટ ૧૫૩ થી અનુસંધાન.)

મધુરી બંસી પાછી ચૂપ થઇ. એમાં તલ્લીન થયેલો અંતરાત્મા બંસીના ગુપ્તનાદની સ્તુતિ કરવાની પ્રેરણા દાબી શક્યો નહિ ને બોલ્યો: "ઓ દયાસાગર પિતા! અનાદિ અક્ષર! તું જેના કાનમાં બોલે છે હેને હજારો બીજા શ્રવણની શી દરકાર છે? ઓ સત્ય! ત્હારી બંસીના નાદ સાથે એકરૂપ થવા સિવાય બીજી કોઇ ઇચ્છા મ્હને ન થાઓ! સર્વશ્રેષ્ટ ગુરૂ! સઘળા ગુરૂઓને ફરમાવ કે તેઓ હવે મ્હારી સાથે માથા ન ફૂટે; સઘળા શાસ્ત્રોને ફરમાવ કે તેઓ મ્હારી સ્હામે હેમાંના ચિત્રો ન ધરે, દુનિયાને ફરમાવ કે મ્હને ત્હારી બંસીનો નાદ શાન્તિથી શ્રવણ કરવા દે; કારણ કે તું જ મ્હારો એકનો એક ગુરૂ છો, તું જ મ્હારૂં સર્વવ્યાપક શાસ્ત્ર છો, તું જ મ્હારી સારી દુનિયા છો.'

શુદ્ધાત્મા અથવા પરમાત્માની બંસીનો ગુપ્ત નાદ પુનઃ સંભળાયો: "બેટા! એટલો ઉતાવળો ન થા. મ્હારા પ્રત્યેનો ત્હારો પ્રેમ સ્તુત્ય છે એમ તો હું અગાઉ પણ કહી ગયો છું, પરન્તુ કોઇ બીજ વાવવાની સાથે જ વૃક્ષ બનતું નથી. એણે ન્હાના છોડનું રૂપ લેવું પડશે અને જો તે બાલ્યાવસ્થામાં ટાઢ-તડકો, અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ, વંટોળ, મનુષ્ય અને બીજાં પ્રાણીઓનો ત્રાસ ઇત્યાદિ સહવા છતાં ટકી

*જાન્યુઆરીથી આ લેખ શરૂ થયો છે; પરન્તુ પાછલા અંકો નહિ વાચનારને પણ આ અંકનું અનુસંધાન સહમજાય તેવું છે. શુદ્ધાત્મા અંતરાત્માને ઉપદેશ આપતો હોય અથવા પરમેશ્વર ભક્તને પ્રકાશ આપતા હોય એવા રૂપમાં લખાતો આ લેખ સર્વ પંથોના અનુયાયીઓને એક સરખો માન્ય થઇ પડયો છે હજી ઘણા માસ સુધી લેખ ચાલુ રહેશે.

શકશે તો જ તે ગગન સાથે વાત કરતું મહાન વૃક્ષ બની શકશે. તું હજી **મ્હારા** તરફની ભક્તિમાં બાળક છું; અને એ ભક્તિને વિકસાવવા માટે ત્હારા ઉપર ઘણા **પ્રતિકૂળ** અને **સાનુકૂળ** ઉપસર્ગો મોકલવામાં આવશે. એ ઉપસર્ગો સ્હામે તે ભક્તિ કેવી રીતે ટકી રહે છે એના ઉપર **મ્હારાં** દર્શનનો સઘળો આધાર છે.

"વત્સ! ઉપસર્ગ શબ્દથી તું **ચમકીશ** નહિ. એ પણ ત્હારા **ભલા** માટે જ મોકલવામાં આવશે. જેઓ ઉપસર્ગ સ્હામે ઉભા રહેવાની હિમ્મત ધરવાને **તૈયાર થયા હોય** તેઓ ઉપર જ ઉપસર્ગ મોકલવામાં આવે છે, કે જેથી એમનુ ધૈર્ય અને એમની શ્રદ્ધા ખીલવા પામે. જેઓ હજી ધરતી ઉપર ઉગ્યા જ નથી પણ બીજ રૂપે છે અર્થાત્ જેઓનો આત્મિક વિકાસ છેક જ નિર્જીવ તુલ્ય થયો છે, તેઓ ઉપર મ્હોટા ઉપસર્ગ મોકલવામા આવતા નથી: કારણ કે અજ્ઞાનોને પીડા રૂપ દેખાતા ઉપસર્ગો ખરેખર તો **મ્હારી** કિંમતી વિભૂતિ છે, જે કાંઈ **અનધિકારી** ઉપર કેંકીને વેડફી નાખવાની નથી.

"બેટા! **મ્હારા** ઉપર પ્રેમ કરવા, **મ્હારી** બંસીનો સુસ્વર નાદ શ્રવણ કરવા તથા **મ્હારા** દર્શન કરવાને તૈયાર થયેલા વીરજનો ઉપર ઉપસર્ગો અથવા કષ્ટો મોકલવામાં આવે છે એવું હું કહી ગયો. એ ઉપસર્ગો બે પ્રકારના હોય છે અને તે **યોગ્યતાના પ્રમાણમાં જ** મોકલવામા આવે છે એ હું હવે સ્હમજાવીશ. **પ્રતિકૂળ** ઉપસર્ગો કરતા **સાનુકૂળ** ઉપસર્ગો વધારે શક્તિવાળા હોવાથી પ્રથમ તો પ્રતિકૂળ ઉપસર્ગો જ મોકલવામાં આવે છે, અને ત્હેમને શાન્તિથી ભેટવા જેટલું સામર્થ્ય જેમનામાં ખીલે છે ત્હેમની સમક્ષ તે પછી સાનુકૂળ ઉપસર્ગો રૂપે હું દેખા દઉં છું. જેઓ તે ભાર વહન કરી શકે છે તેઓ આગળ **મ્હારે** આપોઆપ **મ્હારૂં** સ્વરૂપ ખુલ્લું કરવું પડે છે—મ્હારા સર્વાંગ દર્શન દેવા પડે છે."

"ઓ પિતા, પિતા! એ સર્વાંગ દર્શનનો જ હું પ્રાર્થિ છું. કોઇ પણ ભોગે તે મેળવવા જ હું ઇચ્છું છું. **ત્હારીમધુરી મોરલી**ના અલ્પ માત્ર પરિચયે મ્હને દિવાનો કરી મૂકયો છે. મ્હને તે મોરલી વધુ ને વધુ સાંભળવા દે અને તે મોરલીના નાદની પેલી બાજુએ છુપાયલા ત્હારા દીવ્ય દેદારનાં દર્શન કરવા દે, વધુ નહિ તો કેવળ વાર તો જરૂર કરવા દે."

"દિવાના ! ધીરો થા, સ્વસ્થ થા; મ્હારાં દર્શન દિવાના માટે નથી સમ્પૂર્ણ ભાન સાથે ઉપસર્ગોની વૈતરણી તરી જનાર માટે જ તે દર્શન છે. ત્હારાથી તે બનશે ? કહે તું પ્રતિકૂળ ઉપસર્ગોનુ સ્વરૂપ જાણે છે ? એમનુ સ્વરૂપ જાણ્યા પછી પણ શુ તું હાલના જેવા ઉદ્‌ગારો કહાડી શકશે ? સાંભળ, શાન્ત થઈ ઉપસર્ગોનું સ્વરૂપ અને ક્રમ સાભળ અને પછી જ ત્યાગે નિશ્ચય બાંધ.

"સૌથી પ્હેલાં આર્થિક મુશ્કેલીના રૂપમાં ઉપસર્ગ મોકલવામા આવે છે. દુનિઆના કહેવાતા બધાં સુખો આર્થિક સ્હાયથી જ મળતા હોવાથી દ્રવ્ય વિનાનો મનુષ્ય બહુ ગભરાય છે, આગ તેમ બાથોડીઆ મારે છે અને કોઈ રીતે પ્રમાણિક ઉદ્યમથી આર્થિક મુશ્કેલી દૂર ન થાય તો અનીતિને રસ્તે જવા લલચાય છે અને મ્હારી બંસીના શ્રવણનો હક્ક ગુમાવી બેસે છે. અથવા જો તે અનીતિને રસ્તે ન ઉતરી પડવા જેટલી બહાદુરી બતાવે છે તો, છેવટે આર્ત્તધ્યાન અથવા ઉદ્વેગમાં એટલો ડૂબ્યો રહે છે કે મ્હારી બંસીના શ્રવણની ઇચ્છા પણ દબાઇ જાય છે.

"જ્હેણે મ્હારી બંસીનો શુભ નાદ એક વાર પણ ખરા પ્રેમથી સાંભળ્યો હોય છે ત્હેના કાનમાં તે નાદ તે વખત પછી હરહમેશ પડઘો પાડયા કરે છે અને હિમત આપ્યા કરે છે, જેથી તે માણસ આર્થિક મુસ્કેલીના ત્રાસથી છૂટવા અનીતિનો પંથ સ્વીકારતો નથી તેમજ આર્ત્તધ્યાનમાં પણ એટલો બધો ડૂબતો નથી કે જેથી મ્હારી બંસીના શ્રવણનો અધિકાર ગુમાવી બેસે.

"તે માણસ તે મુસ્કેલીને મ્હારૂ એક સ્વરૂપ જ સમજે છે અને ત્હેને પ્રેમથી ભેટે છે. પુત્રના આત્મવિકાસ માટે જ પિતા તે સ્વરૂપમા દર્શન દે છે એવી ત્હેની શ્રદ્ધાને પરિણામે તે આર્થિક મુસ્કેલી રૂપ વૈતરણીના કિનારે સહીસલામત નીકળી આવે છે, જ્યહા કૌટુમ્બિક મુશ્કેલીના રૂપમાં પ્રતિકૂળ પરિષહ ત્હેની રાહ જોઈ બેઠા હોય છે.

"આજે ત્હેના પિતા પરલોકવાસી થાય છે, કાલે ત્હેને બન્ધુ અને પુત્રનો વિયોગ થાય છે, બે દિવસ પછી પત્ની બિમાર પડે છે, મહિના પછી કુટુમ્બમા નિષ્પ્રયોજન ક્લેષનો ભડકો સળગે છે. વખતે મ્હાગ ઘણાખરા પુત્રો હતાશ થઈ જાય છે, શોક આ ની

ગમગીન થઇ **મ્હારી બંસીના** નાદ સ્હામે પોતાના કાનના દરવાજા બંધ કરે છે.

"પરન્તુ મ્હારા જે પુત્રો એવે પ્રસંગે પિતા, બંધુ અને પુત્રની વાસ્તવિક **અમરતા** સ્હમજે છે અને આ જન્મના સંબંધનું ગુપ્ત કારણ શોધવા મથે છે ત્હેમને એ મથનમાંથી 'સમતોલ વૃત્તિ' નામનું કિમતી રત્ન મળી આવે છે, જેની મદદથી તેઓ આ પ્રતિકૂળ પરિસહની વૈતરણીની શાખાને સુખથી ઓળંગી સ્હામે કિનારે પહોંચે છે, જ્યહાં વળી **લોકનિંદા** નામની તે નદીની બીજી શાખા મ્હોં વિકાશીને પડી હોય છે.

"આ ભલા, સીધા, નિર્દોષ મનાયલા માણસ પર હવે આખી દુનિયા તિરસ્કાર અને નિંદાનાં અસ્ત્રશસ્ત્ર સાથે ટૂટી પડેછે. એની ઉદારતાઓને ઢોંગ કહેવામાં આવેછે, એના સદ્‌ગુણોને પ્રપંચ ઠરાવવામાં આવે છે, એની હિતસલાહોને સ્વાર્થમય ઉશ્કેરણીઓ માનવામાં આવે છે, એની ભક્તિને પાખંડ અને એના જ્ઞાનને હઠીલાઇવાળી અંધકાર દશા ઠરાવી ચોતરફથી ગાળોનો વરસાદ એના ઉપર વરસાવવામાં આવે છે. એના આત્મભોગને ઉદરપોષણના નીચ તર્કટ તરીકે વગોવવામાં આવે છે. વત્સ ! ચમક નહિ, **આટલેથી** તે ઉપસર્ગ **પુરો થતો નથી;** ખુદ ત્હેના સબંધીઓ, શિષ્યો અને મિત્રો પણ ત્હેને છોડી દે છે–રે તેઓ પ્રતિપક્ષમાં ભળી એના ઉપર છૂપી રીતે જુલમ વરસાવે છે. **આ વખતે** ધૈર્ય રહેવું અતિ વિકટ છે. દિલાસો અને સ્હાય આપનારાની ગેરહાજરીમાં સર્વનો તિરસ્કાર (અને તે પણ ઉપકારના બદલામાં તિરસ્કાર) સહન કરવો એ ઘણા જ થોડાથી બને તેવું કામ છે. આ વખતે તે માણસ કાં તો હઠમાં ઉતરી વૈરતૃપ્તિના રસ્તા શોધવા લાગે છે અને એને પરિણામે ચ્હડેલું પગથીયુ ગુમાવી બેસે છે, અગર નો વૈર ન લેતાં ચુપચુપ બેસી રહે છે તો પણ, બીજાઓ મૂર્ખ છે અને પોતે બહુ ચ્હડીઆતો છે એવી માનસિક ભ્રમણામાં પડે છે. નિંદા કરનાર અને નિંદા સહનાર બન્ને વચ્ચે દેખીતો ગમે તેટલો મોટો તફાવત લાગતો હોય પણ **મ્હારી** દૃષ્ટિએ તો એ તફાવત ઘણો જ અલ્પ છે, પરાર્ધ પગથીઆવાળા મહેલના પહેલા અને બીજા કે પહેલા અને હજારમા પગથીઆ ઉપર ઉભેલા મનુષ્ય જેટલો જ એ તફાવત છે અને પહેલાને તેમજ બીજાને હજી લગભગ પરાર્ધ

પગથીઆં ચ્હડવાં બાકી છે. જે ક્ષણે ત્હેનામા સરસાઇનો મદ ચ્હડયો તે જ ક્ષણે, પ્રથમ સંભળાયલો મ્હારી બંસીનો નાદ ત્હેના મગજપરથી ભુસાઈ જાય છે અને તે એકડે એકથી શરૂ કરવાની સ્થિતિમાં આવી પડે છે. અલબત એટલું ખરૂ કે, એકડે એકના **બીજા** વિદ્યાર્થીઓ કરતાં આ **ફરી શિખનાર** વિદ્યાર્થી વધારે જલદી શિખી શકશે; કારણ કે કોઈ પણ પરિશ્રમ કે પ્રાપ્તિ નિષ્ફળ જઈ શકે જ નહિ.

"બેટા ! આ જાતના પરિશ્રદ વખને પણ મ્હારા જે વીરપુત્રો મ્હારી બંસીના નાદને યાદ કરી શકે છે અને દુનિયાની આ વર્તણુકથી દબાઇ નહિ જતાં મ્હેં આપેલી બુદ્ધિ વડે **બીજી અનેક દુનિયાઓ ઉત્પન્ન કરી** ત્હેમાં શાન્તિ અને નિરભિમાન વૃત્તિ નામની બે અપ્સરાઓ સાથે વસે છે એમને ખરેખર ધન્ય છે ! તેઓના હૃદય રૂપી જમીનમા પડેલુ મ્હારી બંસીના નાદનુ બીજ ખરેખર વિકાસ પામ્યુ છે. તેઓ દુનિઆને ભૂલ કરતી જોઇ એમ સ્હમજે છે કે, '**અહીં** જ વધારે ક્ષમા, વધારે દયા, વધારે આત્મભોગ અને વધારે સેવાકાર્યની જરૂર છે; અને મ્હારામા એ ગુણો ખીલવવા માટે જ દુનીઆની **આ સ્થિતિ** વચ્ચે મ્હને મોકલવામાં આવ્યો છે.' આવી દૃઢ ભાવના અને શ્રદ્ધા રૂપી તુંમડુ મ્હારા તે વીરપુત્રને પ્રતિકૂળ ઉપસર્ગની **છેલ્લી** શાખાને કિનારે લાવી મૂકે છે, કે જ્યહા તે કાંઇ અવનવું જ જોવા પામે છે.

"તું ગભરાય છે કે ? બેટા ! જેનું **વર્ણન** માત્ર સ્હહન થવુ કઠીન છે ત્હેના **સાક્ષાત્કાર** વખતે ધૈર્ય રહેવું કેટલુ કઠીન હશે ત્હેનો ખ્યાલ તુ જ કરી લે. મ્હારાં દર્શનની તું ઇચ્છા કરે છે, પણ મ્હારા સ્વરૂપની ચર્ચા માત્ર કરતાં કરતાં ભલભલા યોગીઓ થાકી ગયા તો મ્હારો સાક્ષાત્કાર શુ સહજમા થઈ શકે ? શું મ્હોટી કિંમત આપ્યા **વગર** રત્ન મળી શકે ? '**સહવું**' અને '**ચાહવું**' એ બે કિંમતો ભર્યા સિવાય મ્હારી આશા કરવી કોકટ છે. પરિસહો અથવા ઉપસર્ગો **સહવા** હોય અને **મ્હને ચાહવો** હોય તો મ્હારી આશા સુખેથી કરો.

"વત્સ ! હું કહી ગયો કે, પ્રતિકૂળ ઉપસર્ગની વૈતરણીની છેલ્લી શાખા પસાર કરનાર કાંઈ અવનવુ જોવા પામે છે. ને અવનવું શુ ? પ્રતિકૂળ ઉપસર્ગ કરતાં વધારે શક્તિમાન એવા **સાનુકૂળ** ઉપ-

સર્ગ સાથે હવે ત્હેને ઝુઝવાનુ હોય છે. દ્રવ્ય, કુટુંબ, કીર્ત્તિ, આરોગ્ય, સત્તા આદિ સગવડો એની આસપાસ વેરવામા આવે છે. આ પ્રસંગે ઘણાખરા તો આ સગવડો ભોગવવામાં એટલા લીન થઇ જાય છે કે **મ્હારા નાદની** ત્હેમને દરકાર પણ રહેતી નથી એમની જાગૃતાવસ્થા લોપાઇ જાય છે અને ઘેનમાં જ તેઓ જીવન ગુજારે છે. નજરે દેખાતા શત્રુ સ્હામે લડવું સહેલુ છે, પણ છુપા શત્રુથી લડવું કઠીન છે. તરવારના ઘા સહેવા સુગમ છે, પણ કામદેવના પુષ્પના પ્રહાર સહવા અતિ દુષ્કર છે. સંસારનો ત્યાગ કરવો સહેલો છે, પણ સમ્પૂર્ણ આરોગ્ય, યૌવન અને ધનવાળા મનુષ્યને સ્વરૂપવાન નવોઢા એકજ બીછાનામાં સૂતી હોવા છતાં બ્રહ્મચર્ય પાળવું અતિ મુશ્કેલ લાગે છે. નિર્ધનતા સહવી એ સહેલુ કામ છે, પરન્તુ સધનના વખતે સંકુચિત દૃષ્ટિ, અભિમાનવૃત્તિ અને જડપ્રિયતા પર કાબુ મેળવવો દુષ્કર છે. દેશપારની સજા સહેવી સહેલી છે, પણ દેશપાલક બની સત્તાનો ગર્વ અને તર્જ્જન્ય છૂપા કાવત્રા ઇત્યાદિ લીલાઓથી બચવું અતિ દુર્ઘટ છે.

"તેમ છતાં જેઓ આ પ્રકારનો આનુકૂળ પરિસહ સહવામા વિજયી નિવડે છે ત્હેમને માથે પણ હજી એક ભય ઝઝુની રહેલ હોય છે જ્ઞાનનો, ભક્તિનો અને ક્રિયાનો ગર્વ તેઓને પોતાની જાળમાં ફસાવવા બનતુ કરે છે. અને એમાંથી બચ્યા પછી એક છેલ્લો પરિસહ બાકી રહે છે, કે જે **મ્હારી દેખીતી અવકૃપાના** રૂપમા હોય છે, મતલબ કે આટલે સુધી આગળ વધેલા વીરપુત્રો **મ્હારી બમીના** શ્રવણના તથા **મ્હારા** દર્શનના હક્કદાર હોવા છતાં હું ત્હેમનાથી દૂર રહું છુ અને તેથી ત્હેમની સ્થિતિ 'અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ' જેવી કેટલોક કાળ દેખાય છે. જે મધુરી મોરલીની ખાતર અને જે પ્રકાશમય દેદારની ખાતર તેઓએ સઘળા શારીરિક અને માનસિક દુખો મુગે મ્હોડે સહન કર્યાં હતાં તથા સઘળાં ઐહિક સુખોનો ત્યાગ કર્યો હતો તે મોરલી હજી ત્હેમના કાનમાં પોતાનો દિવ્ય ધ્વનિ રેડતી નથી, તે પ્રકાશમય દેદાર હજી ત્હેમનાં ચક્ષુ આગળ ખુલ્લો થતો નથી. શા માટે પરમકૃપાળુ પિતા એમનો એકનો એક દિલાસો દાબી રાખતા હશે ? શા માટે કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ભક્તોને પણ નિરાશાના ઉજ્જડ વેરાનમાં રઝળાવવામાં આવતા હશે ? આવા આવા સવાલો એમના મનમાં થયા કરે છે; અને જ્યહાં સુધી એવા સવાલને **અવકાશ** છે ત્યહાં

સુધી જ મ્હારી કૃપા ખુલ્લી થવાને વિલંબ છે. એવી ઇચ્છા પણ બીજી સઘળી ઇચ્છાઓની માફક ટળી જાઇ,ફળની સઘળી લાલસાની પેલીપાર જે પહોચેછે અને માત્ર મ્હારી ખાતર મ્હારા પર પ્રેમ રાખવામા જ કર્ત્તવ્ય-સમાપ્તિ માનતા શિખે છે ત્હેને તત્ક્ષણ મ્હારી બંસીનો નાદ અને મ્હારૂં સ્વરૂપ ત્હેના શરીરના દરેકે દરેક ભાગથી સભળાય છે અને દેખાય છે.

"કહે, બેટા! આવી વિપત્તિઓ માટે તું તૈયાર છે? પરિસહોને આમત્રવા તુ તત્પર છે? ફરી કહું છુ કે હું જેવા રૂપમા તું મ્હને ધારે છે તેવો નથી, મ્હારૂ પ્રથમ સ્વરૂપ પરિસહ છે અને તે સ્વરૂપને કોટિ કરતાં જે ન અચકાય ત્હેને જ મ્હારૂ સત્યસ્વરૂપ દેખાય છે, કારણકે ત્હેનુ તેજ તે માણસ જ ઝીરવી શકે છે"

"પિતા! ઓ કૃપાળુ પિતા! હુ ઇચ્છુ છુ કે ત્હારી કૃપાવી હુ તે માટે તૈયાર થાઉ! કારણકે પરિસહોને ભેટવા તૈયાર છુ એમ કહેવામા અહકારની ગધ હોવાની મ્હને ધાસ્તી રહે છે. પરન્તુ જ્યહારે પરિસહ એ તું જ છે, તો ત્હેનાથી દૂર નાસવું એ ત્હારાથી દૂર નાસવા બરાબર છે અને ત્હને ઇચ્છનારા ભક્તમા તેવો વિચાર પણ કેમ સભવે? તથાપિ, તાત! હુ એક બાળક છુ, અનાન-અશક્ત-અબુદ્ધ પામર છુ. ત્હારી બસીનો નાદ ચાલુ રહ્યા સિવાય મ્હારામાં પ્રકાશ અને શક્તિ પ્રગટે એ અશક્ય છે. માટે હું જરા પગભર થાઉ ત્હા સુધી—વિશેષ નહિ તો ત્યહા સુધી તો—જરૂર તુ ત્હારી બસી દ્વારા મ્હને બળ ધીર્યા કરજે એટલી મ્હારી નમ્ર પ્રાર્થના છે; અને મ્હને ખાત્રી છે કે તે પછી તું જ્યહારે મ્હને છૂટો ચાલવા ફરમાવી અદૃશ્ય રહેશે ત્હારે પણ ઠોકર ખાતા કે ખાડામાં પડતા પુત્રને ફરી રસ્તે મૂકવાની કૃપા કર્યા સિવાય તું નહિ જ રહે. વિશ્વના પ્રભો! ત્હારી દયા, ત્હારી શક્તિ જેટલી જ અગાધ છે."

"બેટા! નિશ્ચિંત રહે ત્હારી યોગ્યતાના પ્રમાણમા મ્હારી બંસી ત્હને સભળાવવામાં હું કદાપિ કૃપણતા નહિ કરૂ. આજે જે કાઇ ત્હે બંસીમાથી મેળવ્યુ છે તે સાથે સ્થૂલ સૃષ્ટિમાં પાછો જા અને ત્યહાં બજાવવાના કર્ત્તવ્યો બજાવતી વખતે આ જ્ઞાનનું 'ભાન' રહે એવી દૃઢ ભાવના ભાવ. પુન: ત્હને મ્હારી હજુરમાં આવવાના ઘણા પ્રસગો આપીશ અને ત્હારી શુદ્ધ પ્રાર્થનાના પડઘા તરીકે શિક્ષાવચનો સભળાવીશ."

—સમયધર્મ.

(અપૂર્ણ.)

જીંદગીનો ભોમીઓ.*

લખનાર.—વાડીલાલ મોતીલાલ શાહ.

(અનુસંધાન પૃષ્ટ ૧૯૦ થી)

(૭)

જીંદગી સાથે ઉંડા શ્વાસને કેટલો નિકટ સંબંધ છે અને શ્વાસ કેવી રીતે લેવો એ સમ્બન્ધમાં કેટલુંક વિવેચન ગયા અંકમાં કરાઇ ગયુ છે. ફેફસાંને મજબુત કરવા માટે એક સહેલી કસરત પણ તે અંકમાં બતાવવામાં આવી હતી. હવે આપણે આગળ વધીએ તે પહેલા ૬ ઠ્ઠા પાઠમાં કહેલી બે શિખામણો આપણે યાદ કરી જવી જોઇએ છે (૧) શ્વાસ લેવાની ખરી **રીત** શિખો; (૨) સ્વચ્છ **ખુલ્લી હવાનો લાભ** લેવાની કાળજી રાખો. આ બે સલાહો પૈકીની પહેલી સલાહ પર જરૂર પુરતું વિવેચન તે પાઠમાં થઇ ચુકયુ છે અને બીજી સલાહ પરત્વે હમણા જ વિચાર કરીશુ.

યાદ રાખજો કે, સ્વચ્છ ખુલ્લી હવાનો પુરતો જથ્થો જ્યાં સુધી ફેફસામાં જશે નહિ ત્યાં સુધી લોહી કદિ પણ સ્વચ્છ થવાનું નથી જ; ત્યાં સુધી ફેફસાં કદિ પોતાનુ કામ બરાબર બજાવી શકવાનાં નથી જ; અને ત્યાં સુધી દરદ, ચિંતાતુરપણું, થાક અને કંટાળો હમારા નસીબમાં લખાયલો જ રહેવાનો છે. મનુષ્ય શરીર હર પળે નવુ થાય છે, એટલે કે હર પળે એમાંથી અમુક રજકણો બહાર નીકળે છે અને અમુક નવાં દાખલ થાય છે. શરીરમાંના મુડદાલ

*આ લેખ ગયા અંકમાં જ શરૂ થયો હતો. હેમા મનુષ્યજીંદગીનુ ગૌરવ સ્હમજાવ્યુ છે, જીંદગીથી કંટાળનારાઓની ભૂલ ક્યહાં છે તે બતાવ્યું છે, શરીર-મન-બુદ્ધિ એ ત્રણેના આરોગ્યની જરૂર સ્હમજાવી છે. ધર્મનું ખરૂ સ્વરૂપ સ્હમજવા માટે શાની જરૂર છે તે બતાવ્યું છે. શારીરિક તનદુરસ્તીના લક્ષણો વર્ણવ્યાં છે તથા દીર્ઘ શ્વાસની ઉપયોગીતા બતાવીને એ સંબંધમા કેટલીક વ્યવહારૂ સૂચનાઓ કરી છે.

જકશો દૂર કરવાનુ કામ મુખ્યત્વે શ્વાસોશ્વાસ બજાવે છે માટે મનુષ્યશરીરને તાજું-નવું-આરોગ્યવાન રાખવા ઇચ્છનારે જેમ બને તેમ વધારે પ્રમાણમાં શુદ્ધ હવા મેળવવાની દરકાર કરવી જોઇએ.

(૧) જ્હાં પુરતા પ્રમાણમાં હવાની આવ-જા ન થતી હોય એવી જગામા ત્હમારૂ રહેવાનું ઘર કદિ ન રાખશો.

(૨)બ્હારીઓ અને હવા આવવા માટે 'વેંટીલેશનો' સદા ખુલ્લાં જ રાખજો. એથી શરદી લાગશે એવો ડર ખોટો છે. પવનના ઝપાટા એ બીજું કાંઇ નહિ પણ 'ગતિમાન હવા' છે અને તે જ હવા વધારે શુદ્ધ છે. વિશેષ હવાથી નુકશાન થવાનો ભય ખોટો છે, તથાપિ ત્હમે બહુ જ નબળા હો તો પુરતાં કપડાં પહેરીને પણ હવા તો પુષ્કળ લેજો.

(૩) મ્હોટા મેળાવડા, નાટકશાળા, કારખાનાઓ તથા ભોંયરાઓમાં જવાની જરૂર પડે તો ત્હાંથી છૂટયા પછી તુરત જ થોડી મીનીટ ખુલ્લી હવા પુરતા પ્રમાણમાં આવતી હોય એવી જગામાં ફરી આવવાનું ભૂલતા નહિ.

(૪) ભભકા માટે, રહેવાના મકાનમાં, રાત્રે વધુ દીવા બાળવા, એ જાણી જોઇને વિષ ઉત્પન્ન કરવા બરાબર છે. ત્હેમાં પણ જે બત્તીમાંથી ધુમાડો નીકળ્યા કરતો હોય એવી બત્તી તો ઘરમાં સુદ્દલ રાખવી જ ન જોઇએ.

(૫) સુવા કે બેસવાના ઓરડામાં જેમ બને તેમ ઓછો સામાન રાખવો એ ડહાપણભર્યું છે.

(૬) ત્હમારા ઘરનાં રસોડાં એવાં બનાવો કે જેથી ચૂલાનો ધુમાડો રસોડામાં ગોટાવા ન પામે, પણ એક બારીમાંથી સીધો બહાર ચાલી જાય. જે લોકો બારી અને જાળીઆ વગરના રસોડામાં પોતાની સ્ત્રી, માતા, પુત્રી કે બ્હેનને રસોઇ કરવા ફરમાવે છે, તેઓ સ્વજનદ્રોહી છે.

(૭) મેળા, યાત્રા, ધર્મસ્થાનકો આ સર્વ સંસ્થાઓ યોજનાર પ્રાચિન આર્ય ઋષિઓ શારીરિક શાસ્ત્રમાં પારંગત હતા તેથી જ ખુલ્લી હવા ફરજ્યાત રીતે અવારનવાર દરેક માણસને મળતી રહે એ હેતુથી એ સંસ્થાઓ સ્થાપી હતી અને ત્હેમા ધર્મનુ તત્વ

દાખલ કર્યું હતું આજે તે તમામ સસ્થાઓ ઉપરથી, કેળવાયલા વર્ગનુ તેમજ ધર્મનુ અભ્યતર સ્વરૂપ જાણનારાઓનું લક્ષ હટી ગયુ છે તેથી જરૂરનુ છે કે, ધર્મ નિમિત્તે નહિ તો વ્યવહાર નિમિત્તે પણ એવા બીજા રસ્તા કરવા, કે જેથી દરેક બાળક અને દરેક સ્ત્રીને ખુલ્લી હવામાં પગે ચાલીને જવાનો લાભ મળે.

(૮) નિશાળોમાં છોકરા-છોકરીઓ દિવસનો મ્હોટો ભાગ ગુજારે છે. માટે નિશાળના મકાનમાં-મકાનના દરેક ખડમાં-પુરતી હવા આવ-જા કરે છે કે નહિ તે તપાસવાની દરેક માબાપની ફરજ છે. યુરોપમા ગામ બ્હાર જ નિશાળના મકાનો બાધવાની પ્રથા શરૂ થઇ ચુકી છે અને આપણે અહિ પણ એ રીતનું અનુકરણ વહેલુ મોડુ થવા સંભવ રહે છે.

(૯) ચોરની ધાસ્તીથી બ્હારીઓ રાત્રે ખુલ્લી રાખવાનુ જ્યહાં ન બની શકે તેમ હોય તેવા ઓરડાની બારીઓમાં લોખડના મજબુત સળીઆ જડાવવા, પણ બ્હારીના બારણા તો ખુલ્લાં જ રાખવાં. દપતી માટે એક જ બિછાનું રાખનારાઓને આ રીવાજ ઘણો અગવડતા ભર્યો લાગશે, પરન્તુ સૈયારૂં બિછાનું શ્વાસોશ્વાસને તેમજ માનસિક નિર્બળતાને બેહદ ખલેલ પહોચાડનારૂ હોવાથી પૃથક્ શય્યાનો રિવાજ દરેક સુખી જીવન ઇચ્છનાર કુટુમ્બે શિખવો જોઇએ છે.

(૧૦) તનદુરસ્ત માણસ કરતાં બીમારને ખુલ્લી તાજી હવાની વિશેષ જરૂર છે એ કદિ ભૂલતા નહિ. બીમારની ઓરડીમા હવા પુરતા પ્રમાણમાં આવતી અટકાવશો નહિ તેમજ બીમારને સખ્યાબધ માણસોથી ઘેરાયલો પણ રાખશો નહિ.

(૧૧) જ્યહારે જ્યહારે તમને ખુલ્લી હવામા ફરવાનો પ્રસંગ મળે ત્યારે ત્યારે હોઠોને બધ કરી થોડીક જગા ખુલ્લી રાખીને ધીમે ધીમે પરન્તુ જોસથી હવાને અદર ખેચવાની અને એવી જ રીતે દમ છોડવાની ક્રિયા કરવા ચૂકતા નહિ

(૧૨) દરરોજ અથવા જ્યહારે જ્યહારે બની શકે ત્યારે ત્યારે આખું શરીર ખુલ્લુ કરીને અથવા લગોટ ભર રહીને સ્વચ્છ ખુલ્લી હવાવાળા એકાન્ત મેદાનમા કે એવા ઘરમા ૦।। થી ૧ કલાક

બેસવા, ફરવા કે આળોટવાથી ઘણો ફાયદો થાય છે. આખા શરીર પર ખુલ્લી હવા અને સૂર્યનો તડકો પડવાથી ઘણી આશાએશ મળે છે અને દરદોનો નાશ થાય છે. અમેરિકાની કેટલીક હસ્પીતાલોમાં આવા 'ઍર-બાથ' અને 'સન-બાથ' થી જ હજારો દરદીઓને સાજા કરવામા આવે છે.

(૧૩) સુધરેલા જમાનામાં માત્ર ધોતીભર બેસવું એ અમર્યાદશીલ ગણાય છે; પરન્તુ ડાહ્યો માણસ તે છે કે જે પોતાનું જીવન બીજાઓની સારી ખોટી ટીકા પર લટકતું રાખવાની ચોખ્ખી ના કહી શકે છે. શુ હિતકર છે અને શુ અહિતકર છે એ જ જોવાનુ છે, લોકો શુ કહેશે અને શુ નહિ એ તરફ મુદ્દલ લક્ષ આપવાનુ નથી તમે જ્યારે ઘરમાં બેસી લખતા વાચતા હો ત્યારે માત્ર ધોતીભર ખુલ્લા બદને બેસવાની ટેવ રાખશો તો 'સન-બાથ' નો લાભ આપોઆપ મળશે

(૧૪) કમરના પટા, ટાઇટ પહેરાતા ધોતીઆ, ટાઇટ કૉલર, ટાઇટ કોટ કે કબજા એ સર્વ શ્વાસોશ્વાસને હરકત કરનાર છે.

(૧૫) સાથી વધારે સારી અને સહેલી કસરત ખુલ્લી હવામાં જેમ બને તેમ વધુ ફરવુ અને ફરતી વખત દીર્ઘ શ્વાસ લેવા એ છે, અને ફરવાનો બેસ્ટ ટાઇમ પરોઢનો છે, કે જે વખતે કુદરતમાં નવુ જીવન પ્રેરાય છે. કેટલાકો હમેશ સ્હવારમા ૧૦ થી ૨૦ માઇલની સ્હેલ કરે છે. દરરોજ ૩ કલાક આ પ્રમાણે ચાલવાની ટેવ પાડવાથી હૃદય, ફેફસાં અને હોજરીને લગતા દરદો મટે છે, મદ પડી ગયેલા અવયવોમા ચપળતા આવે છે, લોહી સ્વચ્છ થાય છે, આખોનું તેજ વધે છે, માંસ ઘટ્ટ થાય છે, ચહેરો તેજસ્વી બને છે અને શરીરમા કૌવત આવે છે. ક્ષય જેવા દરદો લાંબુ ચાલવાની ટેવને પરિણામે મટયા છે બીજી દરેક કસરતની માફક ચાલવાની કસરત પણ **ધીમેધીમે** જ વધારવી; એકદમ લાબી મજલ કરવાથી થાકી જવાય. ચાલતી વખતે ટાઇટ કપડા અને ટાઇટ જોડા કદિ રાખતા નહિ અને બનતાં સુધી (વરસાદ ન હોય તો) છત્રી પણ રાખતા નહિ. તદ્દન અડવાણે પગે ચાલવુ એ સર્વોત્તમ છે એમ એક મહાન પાશ્ચાત્ય ડાક્ટર પોતાના અનુભવપરથી કહે છે એ ડાક્ટર ખુલ્લે પગે

અને શરીરપર એક કુડતાભેર ભગરિયાળામા દરરોજ ૨૦-૨૫ માઇલ ચાલતો. સામાન્ય રીતે એક કલાકમાં ૩ા માઇલની ઝડપે ચાલવું એ શ્રેષ્ટ છે. જેના શરીરમાં ચરબી વધી ગઇ હોય તેવાઓને તો ચાલવાની કસરત જેવો ફાયદો બીજી કોઈ ચીજથી મળી શકશે નહિ.

(૧૬) પહેરેલાં કપડા અને પાથરેલા ગોદડાને થોડા કલાક સૂર્ય પ્રકાશવાળી જગામા હમેશ રાખવાં જોઇએ.

ભાઇઓ અને બ્હેનો ! ચોક્કસ માનજો કે આ થોડા અને સાદા પણ કુદરતી નિયમોના પાલનથી ત્હમે ત્હમારા શરીરને આરોગ્યવાન બનાવી શકશો અને આરોગ્યવાન શરીરથી સ્વ-પરનુ ઐહિક તેમજ પારમાર્થિક શ્રેય સાધી શકશો. હવા સબંધે આટલું જાણ્યા પછી હવેની મુલાકાત વખતે આપણે શુદ્ધ જળ, શુદ્ધ અન્ન, પાચન શક્તિ વધારવાની કસરતો, કાળજાને મજબુત કરવાની કસરતો, બધકોશને દૂર કરવાની કસરતો, શરીર અને મનની વિશ્રાન્તિ તથા સ્નાન અને વસ્ત્ર આદિ બાબતોને લગતા કુદરતી નિયમો તપાસી જઇશુ પરન્તુ એવી વિશેષ ચર્ચામા ઉતરવા પહેલા જે એ વાતો ભાર દઇને કહેવાની છે તે એ છે કે, કોઈ વાત **સાદી** જણાય તેથી ત્હેના ઉપર ઓછું લક્ષ આપતા ના, વળી ભૂલતા નહિ કે, ઘણુ **વાંચવાથી** સુખી થવાતું નથી પણ થોડુ **અમલમાં** મૂકવાથીજ શ્રેય સધાય છે ગયા અંકમા તથા આ અંકમાં કહેવામા આવેલા સાદા સ્વાભાવિક નિયમો કાળજીપૂર્વક વાંચીને-ફરીફરી વાચીને-તે કાળા હરફોને ત્હમારા જીવનના નિયતા બનાવો. યાદ રાખજો કે જીદગી એ કાઇ સ્વપ્ન નથી, તેમ નકામી પણ નથી, જીદગી સત્ય છે અને રહસ્યવાળી છે જીદગી એ એક શ્રેષ્ટ લ્હાવો છે, પરમપદનુ પગથીયુ છે અને એ પગથીયુ ચુકનારો પરમપદ ચુકવાનું જોખમ ખેડે છે.

[અપૂર્ણ.]

એક કદર:— ' દિગંબર જૈન ' ના ઑનરરી એડિટર જ્યેષ્ટ માસના અંકમાં લખેછે કે—" **સાચા સમાજસેવક** શ્રીયુત વાડીલાલ **મોતીલાલ શાહ**, જૈનોના ત્રણે ફિરકા પ્રત્યે સરખો પ્રેમ ધરાવે છે અને 'જૈનહિતેચ્છુ' માસિકમાં ત્રણે કોમને ઉપયોગી વિષયો **ઘણીજ યોગ્યતાપૂર્વક** ચર્ચે છે "

प्रियनां दर्शननी पिपासा.*

राग गौरी.

मेरा मनका प्यारा जो मिले, मेरा सहज सनेही जो मिलै ॥टेक॥

अवधि अजोध्या आतम राम, सीता सुमति करे परणाम;
मेरा मनका प्यारा जो मिले, मेरा सहज० १

उपज्यो कंथ मिलनको चाव, समता सखीसों कहै इस भाव;
मेरा मनका प्यारा जो मिले, मेरा सहज० २

मैं विरहिन पियके आधीन, यों तलफों ज्यों जल विन मीन;
मेरा मनका० ३

बाहिर देखूं तो पिय दूर, घट देखें घटमें भर पूर;
मेरा मनका० ४

घट महि गुप्त रहै निरधार, वचन अगोचर मनके पार;
मेरा मनका० ५

अलख अमूरति वर्णन कोय, कवधों पियको दर्शन होय;
मेरा मनका० ६

सुगम सुपंथ निकट है ठौर, अंतर आड विरहकी दौर;
मेरा मनका० ७

जउ देखों पियकी उनहार, तन मन सर्वस डारों वार;
मेरा मनका० ८

होउं मगन मैं दरशन पाय, ज्यों दरियामें बूंद समाय;
मेरा मनका० ९

पियको मिलों अपनको खोय, ओला गल पाणी ज्यों होय;
मेरा मनका० १०

मैं जग ढूंढ फिरी सब ठोर, पियके पटतर रूप न ओर;
मेरा मनका० ११

---

* આ ગીત સ્વર્ગીય દિગંબર કવિવર શ્રી બનારસીદાસજીનું રચેલું છે. આ માસિકમાંનો "'પરમેશ્વરની હજુરમાં' એ મથાળાનો લેખ જે આશયથી રચાયો છે એ જ આશય આ ગીતમાં જોવાશે.

पिय जगनायक पिय जगसार, पियकी महिमा अगम अपार;
मेरा मनका० १२
पिय सुमिरत सब दुख मिट जाहिं, भोर निरख ज्यों चोर पलाहिं;
मेरा मनका० १३
भयभंजन पियको गुनवाद, गजगंजन ज्यों केशरिनाद;
मेरा मनका० १४
भागइ भरम करत पियध्यान, फटइ तिमिर ज्यों ऊगत भान;
मेरा मनका० १५
दोष दुरइ देखत पिय ओर, नाग डरइ ज्यों बोलत मोर;
मेरा मनका० १६
बसों सदा में पियके गांउ, पिय तज और कहां में जांउ?
मेरा मनका० १७
जो पिय जाति जाति मम सोइ, जातहि जात मिले सब कोइ;
मेरा मनका० १८
पिय मोरे घट, मैं पिय मांहि, जलतरंग ज्यों द्विविधा नाहिं:
मेरा मनका० १९
पिय मो करता मैं करतूति, पिय ज्ञानी मैं ज्ञान विभूति;
मेरा मनका० २०
पिय सुखसागर मैं सुखसींव, पिय शिवमन्दिर मैं शिवनींव;
मेरा मनका० २१
पिय ब्रह्मा मैं सरस्वति नाम, पिय माधव मो कमला नाम;
मेरा मनका० २२
पिय शंकर मैं देवि भवानि, पिय जिनवर मैं केवलवानि;
मेरा मनका० २३
पिय भोगी मैं भुक्तिविशेष, पिय जोगी मैं मुद्रा भेष;
मेरा मनका० २४

पिय मो रसिया मैं रसरीति, पिय व्योहारिया मैं परतीति;
मेरा मनका० २५

जहां पिय साधक तहां मैं सिद्ध, जहां पिय ठाकूर तहां मैं रिद्ध;
मेरा मनका० २६

जहां पिय राजा तहां मैं नीति, जहां पिय जोद्धा तहां मैं जीति;
मेरा मनका० २७

पिय गुणग्राहक मैं गुणपांति, पिय बहुनायक मैं बहुभांति;
मेरा मनका० २८

जहं पिय तहं मैं पियके संग, ज्यों शशि हरिमें ज्योति अभंग;
मेरा मनका० २९

पिय सुमिरन पियको गुणगान, यह परमारथपंथ निदान;
मेरा मनका० ३०

એક ભાઈબંધ પત્રકારે બુજેલી કદર:— 'જૈન હિતૈષી' નામનુ દિગંબર હિંદી પત્ર 'જૈનહિતેચ્છુ' ના જાનેવારી. ફેબ્રુઆરીના અંક સંબંધમા નીચે પ્રમાણે લખે છે અને આ માસિકની હિંદી આવૃત્તિ જોવા ઇચ્છા બતાવે છે—

"इसके मुख्य लेखक श्रीयुत वाडीलालजी बडे ही उदार और मार्मिक लेखक हैं। इस अंकके प्रत्येक पृष्ठसे उनकी उदारता, समदृष्टिता और मार्मिकता प्रगट होती है । जैनधर्मके तीनों सम्प्रदायोंकी भलाई, उन्नति और प्रगतिके इसमें संदेशा है। इसका 'जूनुं अने नवुं' नामका पहला लेख बडा ही हृदयद्रावक है । 'प्रासंगिक नोट' बडा ही निष्पक्ष दृष्टिसे लिखे गये हैं। इसके 'जैन बनवाथी उभी थती मुश्केलीओ' शीर्षक लेखका अनुवाद हम पिछले अंकमें प्रकाशित कर चुके हैं । जो सज्जन गुजराती समझ सकते है उन्हे इस पत्रके अवश्य ही ग्राहक होना चाहिए । क्या ही अच्छा हो, यदि इस पत्रका एक हिन्दी संस्करण भी निकलने लगे. ।"

IDOLS and IDEALS.*

[We propose to reproduce below, some Psychological arguments of a renowned thinker like Dr. Ghosh (a non-Jain, of course) on idols and ideals, with a view that both idol-worshippers as well as non-idol-worshippers may derive considerable profit therefrom Those of our Jain brothers who have been taught from their birth to worship idols, may learn from the learned Doctor's remarks, to realize the hidden motive and the limit of idol-worship and to no more make idols a dividing factor Those, on the other hand, who are taught to have no faith in idols, will, if they care to understand the psychological truths contained in the following words, be eventually more tolerant towards those who think themselves to be in need of idol-worship. No criticism on the following reproduction from other creed will be published in this Magazine —The Editor]

are things of the Spirit and God is also a Spirit–Whom neither time nor space can exhaust. Further, we know things of the Spirit *more directly* than things of sense. *We know God more directly than we do any image or symbol* Idols *do* not grow and *can* not grow, but Ideals *can* and *do* grow. An Ideal is a *consciousness* not yet reduced and never wholly reduced into a definite thought. It is a Vision —an ever-growing and an ever-reading vision. But there is a definite relation between an idol and an Ideal The *idol* of to-day is the *ideal* of yesterday and the *ideal* of to day will be the *idol* of tomorrow. An ideal realized, actualised, becomes reduced to an idol In other words, an ideal *not allowed to expand* becomes an *idol* and holds our affections in chains and absorbs our attention. In all our ideal, God stands revealed more and more. In all our ideals, the revelations of God and the visions of God are *shut in* and separated one from another. And thus an idol becomes an anachronisim sooner or later.

That ideals grow will become apparent when we consider that our consciousness grows and unfolds not only in the life of the individual but also in the life of the race. The animalcule only responds to light but is not aware of the light or its source. The higher animals have simple consciousness. A dog, for instance, is conscious of a cat only as a percept—only when the cat is presented, but the dog is not aware of the cat when it is *absent*, nor is the dog aware of himself. In

man there is the conceptual consciousness and man can think of the cat when the cat is *not* before him and he is also aware of himself. The self-consciousness in man is a gradual unfolding, for a child is not self-conscious. From self-consciousness man rises to *Cosmic* consciousness or God-consciousness; but this rise takes place through certain steps. From self-consicousness we grow into the family or tribal consciousness and then into national consciousness and race consciousness and later into cosmic consciousness. With each step there comes to us a vision of the world and things and of God till to the cosmically conscious there is revealed the cosmic Vision of God—*Viswa Moorti* of the Gita. If we *stop* at any stage, the *ideal disappears* and we are left with a mere idol *which keeps us back in our progress* and divides race from race, nation from nation, samaj from samaj, tribe from tribe, home from home and man from man. That the reverse process of fusion and synthesis does go on in the history of human civilisation is clear from the fact that the idol of the individual (*ishta devata*) gives way to the idol of the home (*griha devata*) and the God (*koola devata*) of the home to the tribal God, to the national God and lastly to the universal God. *Idols divide, ideals unite.* Thoughts can divide but visions do not. But thoughts can unite too, if they enlarge and expand by a growing synthesis as visions always do."

जोइए छे-वधारे विचारको !

લખનાર—'સમયધર્મ.'

प्रस्तावना.

જે વખતે છાપવાની કળા અપ્રસિદ્ધિમાં હતી તે વખતે લખનારા, ભાષણ કરનારા અને ઉપદેશ કરનારા થોડા હતા, પરન્તુ તે થોડાઓ પોતપોતાના વિષયમાં ઉંડા ઉતરેલા હતા એમ તો ખરૂં જ. જેઓએ પોતાના 'ઉસ્તાદ' અથવા 'ગુરૂ' પાસેથી કોઇ ખાસ વિષયની પુરતી 'તાલીમ' લીધી હોય અને તે ઉપર **સ્વતંત્ર** મનન કરી તે વિષયના **વધારે** ઉંડાણમા ઉતર્યા હોય તેઓ જ કાંઈ ગ્રંથ લખતા કે ઉપદેશ કરતા. આજે વસ્તુસ્થિતિ બદલાઈ ગઇ છે. પ્રવૃત્તિ અને દોડધામના આ જમાનામાં ઉંડાણની જગાએ છીછરાપણુ, સ્વતત્ર વિચારની જગાએ ઉપલકીઉં અનુકરણ અને ગભીરતાની જગાએ ધાધલ વધારે જોવામા આવે છે. પશ્ચિમની શોધોએ એટલી બધી વસ્તુઓ ઉત્પન્ન કરવા અને આપણી સમક્ષ રજુ કરવા માંડી છે—અને તે વસ્તુઓ એટલી આકર્ષક છે—કે, આપણું લક્ષ તે સર્વમા વહેચાઈ જાય છે અને ઉપયોગી કે બીનઉપયોગી તથા **વધારે** ઉપયોગી કે ઓછું ઉપયોગી શુ છે એ બાબતનો 'વિવેક' (discrimination) કરવાનુ થોડાથી જ બને છે નવીનવી જાતના પોશાક, નવીનવી જાતનાં મકાન, નવીનવી જાતના અલકાર, નવી નવી જાતના રીતરીવાજ, નવીનવી જાતના સુધારા, નવીનવી જાતના કાયદા-કાનુન, નવીનવી જાતના ખેલ-તમાસા, નવીનવી જાતના હુન્નર, નવીનવી જાતના પુસ્તકો, પેપરો, અને ચિત્રો, નવીનવી જાતની ફીલસુફીઓ અને નવીનવી જાતનાં નૈતિક ધોરણો દુનિઆના સઘળા ભાગોમાંથી ખેચીખેચીને આપણી સમક્ષ રજુ કરવામાં આવે છે અને આપણામા **સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ ઓછી હોવાથી** આપણે આ બધા પ્રવાહમાં એક નિર્જીવ તરખલા માફક ખેચાઈ જઇએ છીએ.

ધર્મ વિષયમાં પણ એમ જ બન્યું છે. જૂદાજૂદા ધર્મોના પ્રાચીન શાસ્ત્રો, એ શાસ્ત્રો પર વખતોવખત જૂદીજૂદી દૃષ્ટિથી લખાયલી ટીકાઓ, એ ટીકાઓ ઉપર થયેલાં અનેક વિવેચનો, પાછળથી રચાયલા ધર્મગ્રંથો, છુટકછુટક ધર્મગુરૂઓએ અને અભ્યાસીઓએ લખેલા ગ્રંથો, હમણાંના જમાનામાં લખાયલા પરચૂરણ લેખો: આ સર્વનો મ્હોટો જથ્થો પ્રિન્ટિંગ મશિનના રાક્ષસી પેટમાંથી દરરોજ નીકળ્યા જ કરે છે અને એમાંથી શું વાંચવું અને શું ન વાંચવું તથા શું ખરૂં અને શું ખોટું માનવું, તેમજ કયો ઉપદેશ કેટલે અંશે ગ્રાહ્ય છે અને કેટલે અંશે ત્યાજ્ય છે: આ બાબતોનો નિર્ણય કરવા આજનો મનુષ્ય લગભગ અશક્ત જણાય છે.

ટુંકમાં કહીએ તો આજના જમાનામાં જ્યહારે વિચાર કરવાના **સાધન** પહેલાં કરતાં ઘણા વધારે પ્રમાણમાં મળવા લાગ્યાં છે, ત્હારે વિચાર **શક્તિ** જ લોપ થવા લાગી છે! ઘરમાં જ્યહારે ખાવાનું ઓછું હતું ત્હારે ખાનારા ઘણા હતા અને ખાનારા ઘટયા ત્હારે ખાવાનું વધી પડયું છે! આજે જે વસ્તુની સૌથી વધારે જરૂર છે તે **સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિની જ** છે. પુસ્તકો ગમે તેટલાં વાંચો, શાસ્ત્રો ગમે તેટલાં કરો, મુસાફરીઓ ગમે તેટલી કરો, દુખો ગમે તેટલાં સહો, છાપાં ગમે તેટલાં ચુંથો, પણ એ પુસ્તકો, એ શાસ્ત્રો, એ મુસાફરીઓ, એ દુખો અને એ છાપાં ત્હમને જો કાંઇ **પદ્ધતિસરનું નવું જ્ઞાન** ન આપી શકે, ત્હમારા જ્ઞાનભંડોળમાં એક પણ સીક્કાનો ઉમેરો ન કરે, ત્હમારા સાંકડા હૃદયને જરા પણ વિસ્તૃત ન બનાવે, ત્હમારા આગળથી બાંધી બાંધી ગણેલા વિચારોને જરા પણ ન સુધારે, ત્હમારા ખરા આનંદમાં લેશ પણ વધારો ન કરે, ત્હમારા જીવનને જરા પણ ઉચ્ચ ન કરે, ત્હમારી વિચાર શક્તિને જરા પણ ન ખીલવે, તો એ **સર્વનું શું પ્રયોજન?** એથી શું લાભ? જે વખત અને દ્રવ્યનો ભોગ ત્હમે તે વાંચન કે તે અનુભવો પાછળ આપો છો તે નકામો જાય છે એ જો સાંભળવા નવરા હો તો ખુશીથી ત્હમારા હમેશને રસ્તે ચાલ્યા જાઓ અને જીંદગી બરબાદ કરો!

આ લખનારનું અંગત મત એવું છે કે, આજે દુનિયાને—અને ખાસ કરીને **જૈનસમાજને**—સૌથી વધારે જરૂરનું શિક્ષણ કોઇ હોય તો તે એ જ છે-કે એમને સ્વતંત્ર રીતે વિચાર કરતા બનાવવા. અમુક ફરમાન અમુક શાસ્ત્રમા કર્યું છે, અમુક બાબત અમુક ધર્માચાર્યે કહી છે **તેટલા માટે** તે ખરી જ માની લેવી એ ચોખ્ખી મૂર્ખાઈ છે—એ વિચાર શક્તિનું અથવા માણસાઇનું ખૂન કરવા બરાબર છે. અમુક બાબત અમુક **અંગ્રેજ** કે **અમેરિકને** કહી છે. **એટલા માટે** તે સાચી જ હોવી જોઇએ એમ માની બેસવુ એ અનંત જ્ઞાન ગુણ ધરાવતા પોતાના આત્માનુ 'લાઇબિલ' કરવા બરાબર છે. અલબત, ધર્મશાસ્ત્રો, ધર્માચાર્યો, પાશ્ચાત્ય વિદ્વાનો—રે **આફ્રિકન** નાગાઓની પણ વાત સાંભળવી—કોઇ પણ જાતના અગાઉથી બાંધી રાખેલા વિચારો (prejudices) ને બાજુએ મૂકીને ત્હેમની વાતો વાચવી કે સાભળવી તે જરૂરનું છે; પરન્તુ તે ઉપર પોતાની શક્તિ પહોચે ત્હાં સુધી મનન કરવું જોઇએ, સ્વતંત્ર વિચાર કરવો જોઇએ, દેશ-કાળ આદિ દૃષ્ટિબિંદુઓથી ત્હેનુ ખરાપણુ તપાસવું જોઇએ, અને **પછી જ** ત્હેને 'નિર્ણયની તીજોરી'માં જવા દેવી જોઇએ જેઓ વાચેલી કે સાભળેલી દરેક વાત માત્ર ધાર્મિક સત્તાના આધારે માનવા તૈયાર હોય છે તેઓ ખરા 'સમકિતી' કદી હોઈ શકતા નથી. એક જ ધર્મના જૂદા જૂદા ગ્રંથોમાં અને જૂદા જૂદા આચાર્યોના કથનમાં પુષ્કળ વિરોધાભાસ ઘણી વાર જોવામા આવે છે; શ્રદ્ધાળુ વાચકથી તે એમાની એક પણ ધાર્મિક સત્તાને ખોટી માનવાની હિમત ચાલશે નહિ, તેમજ ખરૂં શુ તે વિચારવામા ત્હેને 'મિથ્યાત્વ' નો ડર રહેશે, ત્હારે ત્હેની સ્થિતિ કેવી થશે ત્હેનો ખ્યાલ કરો. આર્યાવર્ત્તના દરેક ધર્મો (કે જેનો મૂળ આશય દરેક પ્રાણીની ઉન્નતિ કરવાનો છે) આજકાલ **આર્યાવર્ત્તને** ડૂબાવનારા થઈ પડયા હોય એવું જે દેખાય છે ત્હેનુ મુખ્ય કારણ એજ છે કે, કેટલાક આચાર્યોએ ધર્મ વિષયક બાબતોને વિચાર શક્તિની કસોટી પર મૂકવાની મના કરી છે અને માત્ર શ્રદ્ધા(કહો કે અંધશ્રદ્ધા) ને જ પૂજવાનું ફરમાવ્યુ છે આથી આ દેશમાં મતપક્ષની ખેંચતાણ, શુષ્ક ક્રિયાવાદ, વહેમો, ખોટાં ખર્ચો, ધર્મને નામે ચાલતા ખોટા રીવાજો અને અંધકાર છવાઇ રહ્યા છે. સૌથી વધારે અનિષ્ટ તત્વ હાલ જે આ દેશમાં જોવામાં આવે છે તે

જીન્દગી સબંધી લોકોના નિગાહબાજી ઘડાતા છે તદ્દન જુદી. દાભિક, બાલિશ, અજ્ઞાનમય, કાયરતાજન્ય **વૈરાગ્ય વૃત્તિ** આજે આ દેશમાં સામ્રાજ્ય સ્થાપી બેઠી છે. અને એ બલાને ધર્મનો ટેકો છે! પવિત્ર **આર્યદેશ**! પવિત્ર **આર્યધર્મ**! શું ત્હેં આળસ, કાયરતા, દંભ, હરામી વૃત્તિ, પ્રમાદ, અજ્ઞાનના અને કર્તવ્યભ્રષ્ટતાને જ 'વૈરાગ્ય વૃત્તિ' નામ આપ્યું હતું? કદિ નહિ. માત્ર વિચાર શક્તિ વગરના માણસોએ ઉપલકીઆ વાચનથી ત્યાગ ઉપદેશ ખોટા રૂપમાં સ્હમજીને એ ખોટા રૂપને 'સત્ય' અથવા 'ધર્મ' તરીકે બહોળી પ્રસિદ્ધિ આપી છે; અને અજ્ઞાનોને અજ્ઞાનની વાત સ્વીકારવી સુગમ પડે છે તેથી આ દેશમાં ખોટા વૈરાગ્યનો, અંધશ્રદ્ધાનો, મુડદાલ મગજનો અને અજ્ઞાનનો પ્રચાર વધવા પામ્યો. હવે ત્હેને ધર્મ અને વ્યવહારનું ખરૂં રૂપ શિખવાની જરૂર છે, ત્હેની દૃષ્ટિ સમક્ષ મૂકાતા દેશી તથા વિદેશી ઉપદેશો અને ચીજોની પરીક્ષા કરતાં શિખવાની જરૂર છે બીજા શબ્દોમાં કહીએ તો **વિચાર કરતાં શિખવાની** જરૂર છે. વિચાર કરતાં શિખવું એમ જ્યહારે કહેવામા આવે છે ત્યહારે એવું સ્હમજવાનુ નથી કે માત્ર **પ્રત્યક્ષ** પ્રમાણને જ માનવાનું શિક્ષણ આપવાનો ઇરાદો છે. ના; 'વિચાર શાસ્ત્ર' એ બહોળું શાસ્ત્ર છે, કે જે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ બન્ને પ્રકારના પ્રમાણોને સ્વીકારે છે.

વિચાર શક્તિની આજે કેવી દશા છે ત્હેનો કાંઇક ખ્યાલ આજની સ્કુલોમાંથી મળી શકશે. આજે સ્કુલોમાં એટલા બધા વિષયો શિખવવામાં આવે છે કે એ વિષયો ભણેલા વિદ્યાર્થિઓ દુનિયામાં સ્નેહમંદ નીવડયા વગર રહે જ નહિ; પરન્તુ આપણે જોઇએ છીએ કે આજનું ભણતર ભણેલાનો ૯૦ ટકા જેટલો ભાગ તદ્દન નિર્માલ્ય નીવડે છે. એક પણ વિષય પર સવાલ ઉભો કરતાં અને સવાલનું નિરાકરણ કરતાં શિખવવામાં આવતુ નથી. અમુક પુસ્તકો જેમ તેમ ગોખાવીને 'પાસ માર્કસ' મેળવ્યા એટલે તરી પાર ઉતર્યા એ જ શિક્ષકોનુ મન્તવ્ય જોવામા આવે છે આજના વિદ્યાર્થિઓની સફાઇ જુઓ, એમના પુસ્તકોના હાલહવાલ જુઓ, એમના દસ્કત જુઓ, એમની વાતચીત સાંભળો, એમની જવાબ આપવાની પદ્ધતિ જુઓ, જીંદગી સબંધી એમના ખ્યાલ જુઓ, એમના નિબંધો જુઓ, —તમને એમ જ લાગશે કે આ સ્કુલો તદ્દન નકામી છે. અમદાવાદ અને મુંબઇની સુમારે ૧૫ સ્કુલોનો મ્હને અનુભવ છે અને

જૂદાજૂદા શિક્ષકોના હાથ તળે ભણતા સુમારે પાંચ હજાર વિદ્યાર્થિઓને તપાસવાની અને શિક્ષણ આપવાની મ્હને થોડા માસ સુધી તક મળી હતી; એ વખતના અનુભવ પરથી તથા મ્હારા કુટુંબનાં બાળકોને મળતા શિક્ષણ પરથી હું બેધડક કહી શકીશ કે આજનું શિક્ષણ **તદ્દન** નહિ તો **લગભગ** નિર્માલ્ય છે. સ્વતંત્ર વિચાર શક્તિનો જે થોડોઘણો અંશ હેમને જન્મથી મળ્યો હોય છે તે પણ હેમની પાસેથી આ નિશાળો લૂંટી લે છે. પછી જ્યહારે તેઓ ઉમરે પહોંચે છે ત્યહારે 'હાર્યો ઢોર' જેવું જીવન નિર્વહે છે અને ધર્મગુરૂઓના, જ્ઞાતિના અગ્રેસરોના, અમલદારોના કે અન્નદાતાઓના હાથમાં નાચે છે. આત્મા સ્વતંત્ર છે એમ આપણે વાતો કરીએ છીએ, સ્વરાજ્યની સ્વતંત્રતા મેળવવા આપણે ઝ્હીએ છીએ, જ્ઞાતિ અને સંઘમાં સ્વતંત્રતાના હક્ક માટે લડીએ છીએ, પણ સ્વતંત્રતાનો પાયો જે વિચાર શક્તિ હેની ખીલવટના સંબંધમાં તો આપણે છેક જ મુંગા રહીએ છીએ, એ કેવું હાસ્યાસ્પદ છે? જ્યહાં વિચાર કરવાની, મુકાબલા કરવાની, કસોટી કરવાની, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તપાસવાની, ઉંડા ઉતરવાની, તર્ક કરવાની, પ્રશ્નો ઉભા કરવાની, પ્રશ્નોના નીવેડા લાવવાની, તફાવત સ્હમજવાની, નિશ્ચય પર આવવાની અને નિશ્ચયને યોગ્ય પદ્ધતિથી તથા અસરકારક શબ્દોમાં જાહેર કરવાની શક્તિ નથી, ત્હાં સ્વતંત્રતા એ અલંકાર મટી આત્મઘાતી શસ્ત્ર બને છે.

એટલા માટે, જેમ સુખની ઇચ્છાવાળાને આરોગ્યની જરૂર છે, જરૂર પુરતી આવક આપતા રોજગારની જરૂર છે, શરીર અને મનને સમ્પૂર્ણ આરામ આપતી નિદ્રા અને સમાધિની જરૂર છે, તેમ, સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિની પણ એટલી જ—બલ્કે વિશેષ—જરૂર છે. એ જરૂરીઆત પુરી પાડવાનો ઉદ્યમ કેટલી સ્કૂલો તરફથી થાય છે? કેટલા ધર્મગુરૂઓ તરફથી થાય છે? કેટલા ન્યુસપેપરો તરફથી થાય છે? દાખલા તરીકે હરકોઇ એક **જૈન** કે **બ્રાહ્મણ** ધર્મના ગુરૂનું વ્યાખ્યાન સાંભળો અગર એ ધર્મને લગતું માસિક પત્ર લ્યો; એમાં ત્હમે શું જુઓ છો? કોઈ જૂના વખતના ઇતિહાસનું પીંજણ કે પટાવળી, કે જે મેળવવા પાછળ કેટલાએ વખત અને દ્રવ્યનો ભોગ અપાયો હશે અને જે સ્હમજવા માટે વાંચનારને કેટલીએ મગજફોડી કરવી પડશે. પણ વ્યવહારમાં કે આત્મસુધારણામાં એ વાંચનનો શો ઉપયોગ તે કોઇ બતાવશે? વારૂ, **બીજું** શું? એકાદ વૈરાગ્યની કથા

કે જે જૂનાં શાસ્ત્રો કેદીને કહાડવી પડી હશે અને જે વાંચીને બીજી જ ઘડીએ ભૂલી જવામાં આવશે અગર યાદ રહેશે તો નીતિમય અને સેવામય ગૃહવાસના કર્ત્તવ્યો ભૂલાવી મડદા માફક જીંદગી પુરી કરવાનું શિખવવામાં જ પરિણમશે. પછી શું 'કોઇ વળી સારૂં' માસિક હશે તો હેમાં એકાદ નીતિ વિષયક ઉપદેશ સમજ્યો હશે, પણ તે જૂનાં શાસ્ત્રોના શ્લોકો અને ગાથાઓથી કામ્યા સિવાય તો નહિ જ ! ભલા, જો દાન-શીલ એ જીવનને જરૂરના જ તત્વો છે તો એને જૂદાજૂદા ધર્મગુરૂઓના સંસ્કૃત કે માગધી ઉતારાઓથી ન પચે એવું ભારે બનાવીને ઉપદેશવાની શું જરૂર છે ? શું ન્યાય શાસ્ત્ર, નીતિ શાસ્ત્ર, વૈદક શાસ્ત્ર, માનસ શાસ્ત્ર વગેરેની દલીલો જેટલી અસર એ શ્લોકોથી કદી થવાની હતી ? અને કદાચ કોઇ અજ્ઞાની પર અસર થતી જણાય તો પણ એનો અર્થ એટલો જ કે અમુક ગુરૂએ ફરમાવ્યું છે માટે દાન કરો કે શીલ પાળો નહિ કે દાન અને શીલ ત્હમારા પોતાના તથા સમાજના ઐહિક અને આમુષ્મિક શ્રેય અર્થે છે માટે તે પાળો. અને એનું પરિણામ એજ કે ભાવશુદ્ધિની ગેરહાજરી હવે આગળ ચાલો, વ્યાખ્યાનમાં કે ધાર્મિક માસિકમાં ત્હમે બીજું શું જુઓ છો ? સ્વકીય ગચ્છના રડયાખડયા સમાચાર જેવા કે અમુકે દીક્ષા લીધી કે અમુકે કાળ કર્યો કે અમુકે સ્થાનક કે ઉપાશ્રય બંધાવ્યો. અઅઅઅસ, આ છે આ દેશના ઉપદેશકો અને ધાર્મિક પત્રો પૈકી મ્હોટાભાગનો ઉપદેશ! શરીરની ત્હેમને કાંઇ કિંમત નથી, તેથી આરોગ્યને લગતા વિષયો ચર્ચવાની તેઓ જરૂર જોતા નથી; કેળવણી ત્હેમને મિથ્યાત્વવર્ધક તત્વ જણાય છે, તેથી કેળવણીનું સ્વરૂપ ચર્ચવાની તેઓને અગત્ય નથી; રાજ્ય એ પાપનું ઘર તેઓ સ્હમજે છે તેથી રાજકીય કે પ્રજાકીય ઉન્નતિના વિષય પર ધર્મનો પ્રકાશ પાડવાની તેઓ ગરજ ધરાવતા નથી; માનસ શાસ્ત્રમાં ત્હેમની ચાંચ ડુબતી નથી, માટે એમાં માથું મારવાના અખાડા જ કરે છે; હુન્નર-કલામાં 'આરંભ સમારંભ' મનાયો છે એટલે ગૃહસ્થાશ્રમી પત્રકારો પણ ધાર્મિક હોવાના બ્હાને તે વિષયથી દૂર ભાગતા ફરે છે; અન્ય ધર્મો બધા મિથ્યાત્વીના ધર્મો ગણ્યા છે, ત્હેમનો સંસર્ગ અનેત્હેમના ગમે તેવા સારા કામની પ્રશંસા કે ત્હેમની સાથે આલાપસલાપ (વાર્ત્તા પ્રસંગ) ત્યાજ્ય ઠરાવ્યો છે, તેથી તેઓ અન્ય દેશો અને અન્ય ધર્મોમાં

બનતા ધર્મ અને ધરસસારને લગતા બનાવો તથા ત્હેનાં પરિણામો જાહેરમા મૂકી તે પરથી પોતાના સમાજને શું શિખવાનું કે ચેત-વાનુ છે તે બતાવવાની દરકાર કરતા નથી. અરેરે કેટલુ છીછરૂં આપણું કાર્યક્ષેત્ર! કેટલુ સાકડુ આપણું મગજ! અને એને આ-પણે સર્વવ્યાપક ગુણ ધરાવના ‘ ધર્મ ’ નુ રૂડુ નામ આપતા શરમાતાએ નથી!

બીજા દેશો, બીજા ધર્મો અને બીજી વિદ્યાઓ (કે જે સર્વનો સમાવેશ ધર્મમા થવો જ જોઇએ એમ મ્હારી દૃઢ માન્યતા છે)-ની વાત ઘડીભર દૂર રાખો, પણ ખુદ જૈન ધર્મને લગતા એટલા બધા વિષયો છે કે જેની ચર્ચા કર્યા વગર **જૈન** કોમ કદિ આગળ વધી શકે નહિ, શુ **જૈન** સાધુઓ અને પત્રકારો તથા નાયકો તે તે વિષયોની ચર્ચા કરે છે ? શુ ઉપાશ્રયમા કે **જૈન** માસિકોમા આ **સામયિક** ચર્ચાઓ થતી જોવામા આવે છે ? વિદ્યાદાન એ શ્રેષ્ટ પુણ્ય છે એમ શ્રદ્ધાથી મનાવીને **જૈન** ઉપદેશકો તથા પત્રકારોએ ફડો કરાવ્યાં અને વિદ્યાશાળાઓ ખોલાવી; બસ, પછી ? પછી એ પાઠશા-ળાના ક્રમ, શિક્ષણ પદ્ધતિ, વ્યવસ્થા, એ શાળાગાં ભણ્યા પછી વિદ્યાર્થીઓ ઉદરનિર્વાહ ચલાવવા શક્તિમાન થશે કે કેમ તે બાબ-તનો વિચાર ઇત્યાદિ ચર્ચાઓ દરેકે દરેક **જૈન** ઉપાશ્રયમા અને **જૈન** પત્રોમા થવી જોઇએ છે, પણ તેમ શુ થાય છે ? એક પત્રકારે એક સાધુનુ કલુષિત જીવન ખુલ્લુ કર્યું, એક ગામના સંઘે માત્ર ધર્મહેલનાની ધાસ્તીથી એ પત્રકારનુ મ્હોં બંધ કરવા પોકાર્યું, પણ કોઇએ એ **વિચાર** કર્યો કે, પત્રકારની ફરજ અને હકની સીમા કેટલી છે, સંઘની ફરજ અને હકની સીમા કેટલી છે, નિંદા અને સત્ય કથન વચ્ચે અંતર શો છે, ધર્મશાસ્ત્રોમાં સાધુજીવનનું સ્વરૂપ શું બતાવ્યુ છે, ગૃહસ્થ અને ત્યાગી ઉપર પરસ્પરનો અંકુશ કેવો અને કેવા સ્વરૂપે હોવાનુ શાસ્ત્રો ફરમાવે છે, સંઘની અમુક સત્તા હોવાનો નિર્ણય થાય તો પછી સંઘ કોને કહેવો, અમુક કે સત્તા ચલાવવાનો હક કોણ ધરાવે છે આ સર્વ બાબતો પર ચર્ચા કોઇ સાધુ કે **જૈન** પત્રકારે ઉપાડી ? એક સાધુ દોષિત હોય તો પણ તે સમર્થ હોવાથી ત્હેની બાબતમાં ખરી ટીકા કરનાર પર સંઘ જો-હુકમી ચલાવી શકે છે, અને એક સાધુ તદ્દન નિર્દોષ હોવા

શાન્તિપ્રિય અને એકલડોકલ કે ખટપટથી વિરક્ત હોય તો ત્હેના પર થતી દુષ્ટોની નીચ ટીકાને અટકાવવા સંઘ કાંઈ જ કરતો નથી આવું છે આપણું હાલનું સ્વરુપ ! અને જ્યહાં **સ્વતંત્ર વિચાર કરવાની ટેવ** જ ન પડી હોય ત્યહાં આથી જૂદું સ્વરૂપ હોવાની આશા રાખવી જ ફોકટ છે. એક જ ધર્મના પણ જૂદા જૂદા ગચ્છો વચ્ચે ઐક્ય વધારવાના રસ્તા ઉપર કોઈએ વિચાર કર્યો કે ચર્ચા કરી ? આત્મભાવનાને પુષ્ટિ મળે એવા પ્રકારના ઉપાશ્રયો બાંધવાની બાબત પર કોઈએ વિચાર ચલાવ્યો ? શ્રાવિકાશ્રમને ખીલવવાના રસ્તા કોઈએ ચર્ચ્યા ? તીર્થંકરની દેશનાના અતિશયનું વર્ણન સેંકડો ગ્રંથોમાં કરવામાં આવ્યું અને તે ગ્રંથો ફરી ફરી લહીઆ પાસે લખાવવા તથા પ્રેસોમાં છપાવવા પાછળ હજારો રૂપીઆ ખર્ચાઈ ગયા પણ એ મહાન ગુરૂઓની વાણીના ગુણો ઉપરથી આપણે આજે વક્તૃત્વ કળા ખીલવવાના, ભાષાસમિતિ જાળવવાના અને શાન્તિદાયક આંદોલનો ફેલાવવાના કયા પાઠ શિખી શકીએ તેમ છે તે કોઈએ બતાવ્યું ? સાધુએ આવા રંગના કપડાં પહેરવા અને આવા નહિ, આવી ક્રિયા કરવી અને આવી નહિ ' એ વગેરે ચર્ચાઓમાં શાસ્ત્રાધાર બતાવતાં બતાવતાં યુગોના યુગો વહી ગયા, પણ એ ક્રિયા અને એ પોશાકથી મનુષ્યશરીર અને મનુષ્યમગજ ઉપર કેવી અને કેટલી સારી અસર થાય છે એ કોઈએ ચર્ચ્યું ? (હું ખાત્રીથી માનું છું કે, આગળ વધેલું વૈદક શાસ્ત્ર **જૈન** સાધુના પોશાક, વિહાર, ક્રિયા, ખાનપાન અને નિયમોને શારીરિક તેમજ માનસિક તનદુરસ્તી માટે શ્રેષ્ટ ઠરાવે છે.)

માત્ર શાસ્ત્રો કે ગ્રંથોના ઉતારા કે ભાષાન્તર ઉપદેશવા અને પ્રગટ કરવામાં આપણે બહુ વખત ખર્ચી નાખ્યો છે, હવે વખત એ ઉપરથી અને હાલમાં ઉત્પન્ન થયેલા નવા સંજોગોમાં મળતા જ્ઞાનથી, સ્વતંત્ર વિચાર કરવાનો છે હું શાસ્ત્રો કે ધર્મગુરૂઓ પર અશ્રદ્ધા રાખવા કહેતો નથી; એવો ' મિથ્યા વિચાર ' મ્હારાથી દૂર હો ! હું ખાત્રીથી માનું છું કે **સઘળાં** શાસ્ત્રો અને **સઘળા** ધર્મોપદેશો સઘળા સમયમાં સમર્થ જ નહિ, તેમજ દરેક ઉપદેશ **સઘળા સંજોગોમાં** [illegible] પડી શકાય નહિ. વળી, જે શાસ્ત્રો કે જે ધર્મ-[illegible] આખું જ ફરી જાય અનુકરણીય જ ઠરે તે તો

વિચાર શક્તિની કસોટીમાં પાસ જ થશે; બલ્કે **વિચાર** કરનારને તો એ સત્ય પર, માત્ર શ્રદ્ધાથી મનાયલા સત્ય કરતાં **વધારે** દૃઢ આસ્થા બેસશે. **માત્ર** શ્રદ્ધાથી અમુક સત્યોને માનનાર કેટલી ઉત્ક્રાન્તિ કરી શક્યા છે તે જોવું હોય તો આપણા પોતપોતાના વર્ગ તરફ જ નજર કરો; દરેક વાંચનારે પોતાના ગચ્છના તમામ સાધુઓને યાદ કરી જવા; જેઓ ૩૨ કે ૪૫ સૂત્રો કેટલીએ વખત ભણી ગયા છે અને બીજાને ભણાવે છે, જેઓ બીજા 'ગ્રંથો' પણ ઘણાએ શિખી ગયા છે અને જેઓ અધ્યાત્મનો ઉપદેશ વ્યાખ્યાનદ્વારા તેમ પુસ્તકોદ્વારા હમેશ કર્યા કરે છે તેવા આટલા બધા મુનિઓમાં કોઇ એક મુનિ એવા બતાવશો કે જ્હેમને કોઇ અદ્ભૂત શક્તિ (કે જે જ્ઞાન અને યોગની પાછળ વગર બોલાવ્યે આવવા બંધાયલી છે) પ્રાપ્ત થઇ હોય? હું કોઈ સાધુની લઘુતા બતાવવા માગતો નથી, કેટલાક સાધુઓ મ્હારા જેવા બાલ જીવોને માટે ખરેખર પૂજનીય છે એમ હું અંતઃકરણથી માનું છું, પણ મ્હારૂં કથન અત્રે એટલું જ છે કે વિચાર શક્તિ કેળવ્યા **વગરની** આપણી ગતિ બહુ જ ધીમી છે અને બહુ જ ઓછી ફળદાયક છે.

પ્રસ્તાવના લાંબી થઇ જવાના ભયથી વિશેષ ઉદાહરણો આપવાનુ હું માડી વાળીશ. પરન્તુ, મ્હારા **જૈન** બંધુઓને એટલુ તો અવશ્ય ભાર મૂકીને કહીશ કે શુ વ્યવહારમાં કે શું ધર્મ વિષયમાં આપણે **વિચારપૂર્વક** વર્તન કરતાં શિખવાની જરૂર છે. પુરાણા કે હાલના શ્રેષ્ટ મનાતા પુરૂષોના કથનનો **લાભ અવશ્ય લેવો જોઇએ** છે, પણ એમના નામ માત્રથી અંજાઇ જઇ એમની પાછળ ખેંચાયા જવામા શ્રેય નથી જ. આપણી સ્હામે ભૂતકાળનો ઉપદેશ પડયો છે, આપણી સ્હામે વર્તમાનના મહાન વિચારકોનાં વિચારપરિણામો પડયાં છે, આપણી સ્હામે અનેક ધાંધલો મચી રહી છે—અનેક લાલચો ઝુમી રહી છે—અનેક નવાજુની બન્યા કરે છે, આપણે માથે પહેલાના વખત કરતાં અનેકગુણી સ્પર્ધા અને મુસ્કેલીઓ વધી છેઃ આ બધા વચ્ચે રહેનારો માણુસ જો **સ્વતંત્ર રીતે વિચાર કરવાને** અશક્ત હોય તો, એક તરફ હાથી, એક તરફ શ્વાન, એક તરફ અગ્નિ અને એક તરફ સમુદ્ર એવા સંજોગોમાં આવી પડેલા માણસ જેવી જ ત્હેની દશા થાય. સ્વતંત્ર વિચાર ન પહોચાડી શકે તો તે ચારમાંના

એકનો ભોગ અવશ્ય થાય જ; વિચાર શક્તિ વાપરી શકે તો ભગ-સૂચક તત્વને પણ તે પોતાની સ્હાયમા લઇ રસ્તો કરી શકે. હાલના સમય જેવી ગુંચવાડાવાળી વસ્તુસ્થિતિ પૂર્વે કોઇ વખતે નહતી, અને એટલા માટે હાલના સમયમાં સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ ખીલવ્યા વગર ચલાવી લેવું એ જાણી જોઇને શરીરને અને આત્માને દ્રોહ કરવા બરાબર છે.

આ ચેતવણી દરેક વ્યક્તિએ ઉપાડી લેવા યોગ્ય છે; અને સમાજનેતાઓ અર્થાત્ ઉપદેશકો અને પત્રકારોએ તો ખાસ. હું ઇચ્છું છું કે પોતામાં આ શક્તિ ખીલવવા ભાગ્યશાળી થયેલા પુરૂષો જૂદી જૂદી વિદ્યાઓ (Sciences)નો અભ્યાસ કર્યા પછી, જૂદાજૂદા દેશોનો તુલનાત્મક ઇતિહાસ શિખ્યા પછી, મનુષ્યસ્વભાવનું અવલોકન કર્યા પછી, જૂદીજૂદી વિદ્યાઓ વચ્ચેનો સબંધ વિચાર્યા પછી, અને યોગ માર્ગનું પ્રાથમિક પણ પ્રૅક્ટીકલ જ્ઞાન મેળવ્યા પછી, 'સાધુ' બની સમાજના નેતા તરીકે બહાર પડે; અને હું એ પણ ઇચ્છુ છુ કે હાલના **જૈન** સાધુઓ પૈકીના જેઓ કાંઇક ઉંડાણમાં ઉતરવા ભાગ્યશાળી થયા હોય તેવાઓ (કે જેમને ક્રિયાભેદ અને રૂપક આખ્યાનોમાં મોહ ન હોય) તથા જૂદીજૂદી લાઇનના ગ્રૅજ્યુએટોનું એક એવું મડળ બનવા પામે, કે જેઓ દરરોજ પોતપોતાના ખાસ વિષયનું જ્ઞાન પોતામાં વધારવા પાછળ ઓછામાં ઓછો દરરોજનો એક કલાક કહાડવાનો નિયમ કરે અને એવી રીતે પોતાને મળતું જ્ઞાન સાદામાં સાદી શૈલીથી સમાજને સ્હમજાવવા માટે પોતાના મડળ તરફથી ખાસ કહડાતા એક ૨૦૦-૩૦૦ પૃષ્ટના માસિકપત્રમાં લેખો લખે. એ પત્રમાં અધ્યાત્મ, ફીલસુફી, નીતિ શાસ્ત્ર, ગૃહસૌખ્ય, સમાજ શાસ્ત્ર, આરોગ્ય, વિજ્ઞાન, વ્યાપાર, રાજ્યતંત્ર આદિ તમામ બાબતો કે જેની સાથે **જૈન** સમાજને સીધો કે આડકતરો સંબધ છે ત્હેને લગતા વિષયો, સામાન્ય માણસો પણ સ્હમજી શકે એવી ઢબથી, લખાવા જોઇએ. કોઈ એક માણસ આ **સર્વ** બાબતોનુ જ્ઞાન ધરાવતો હોય એવી આશા ભાગ્યે જ રાખી શકાય; પણ જો જૂદીજૂદી લાઇનના વિદ્વાનોને ત્હેમના માનીતા વિષયોનો અભ્યાસ ચાલુ રાખવાનું સોંપવામાં આવે અને ત્હેમના અનુભવો એક પત્ર દ્વારા પ્રગટ કરવામાં આવે તો આપણો સમાજ સર્વ દિશાનું તેજ જોવા પામે

અને આપણી વિચારશક્તિ તથા જ્ઞાનભંડોળ બ્હોળા પ્રમાણમાં વધવા પામે એ નિર્વિવાદ છે.

અસ્તુ ! વિચાર કરવાની શક્તિની અગત્ય સ્હમજાવતા મ્હેં પાઠકગણનો બહુ વખત લઇ લીધો છે એ મ્હારા ધ્યાન બ્હાર નથી; પણ સામાન્ય રીતે લુખ્ખા ગણાતા જે વિષયને આ મથાળા નીચે લખાતા લેખમા હું મહીનાઓ સુધી ચર્ચવા માગું છુ એ વિષય પર વાચકોનો પ્રેમ જગાડવા માટે આવી ચર્ચાની જરૂર હતી એમ પણ ખરું જ. મ્હને વિશ્વાસ છે કે, આ પ્રસ્તાવના આટલે સુધી લક્ષપૂર્વક વાંચનારને વિચારશક્તિનું રહસ્ય તથા એ શક્તિ કેળવવાના માર્ગ જાણવાની તીવ્ર ઉત્કંઠા થયા વગર નહિ જ રહે. અને એ ઉત્કંઠા ઉત્પન્ન કરનારને માથે ત્હેને તૃપ્ત કરવાની જોખમદારી પણ રહેલી છે એ વાતનો પણ હુ અસ્વીકાર નહિ કરૂ. હુ યત્ન કરીશ, આ માસિક દ્વારા એ વિષયના મૂળતત્ત્વો ચર્ચવાને જરૂર યત્ન કરીશ; પણ તે સાથે એ પણ મ્હારે ખુલ્લા શબ્દોમાં કહી લેવુ જોઇએ કે હુ કોઈ તત્વવેત્તા કે ન્યાયશાસ્ત્રી નથી તેમજ સમર્થ વિચારક પણ નથી. હુ જે કાંઇ અત્રે લખવાનુ વચન આપુ છુ તે અમુક પુસ્તકોમાંથી મળેલા અલ્પ જ્ઞાનને આધારે જ લખવાનો છુ, તેથી તે ઘણું અપૂર્ણ જ્ઞાન હશે. પરન્તુ મ્હારા વાચકોમાં જો એથી વિચારશક્તિ ખીલવવાની જરૂરનુ ભાન ઉત્પન્ન થશે અને વિચાર કરવાના ખરા-ખોટા રસ્તાઓનો ભેદ કાંઇ અંશે મ્હમજાશે તો મ્હારો પ્રયાસ છેક જ નકામો ગયો નથી એમ હું સંતોષ લઇ શકીશ.

આવતા અંકથી વિચાર શક્તિનુ શાસ્ત્ર શરૂ કરીશ અને ત્હેમા જૂદીજૂદી દૃષ્ટિઓનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં રાખીશ.

પોતાનો અવાજ સાંભળવાનું નવું યંત્રઃ—મી. ડૉનેલ્ડ મેક્હાર્ડી નામના એક શોધકે "ક્રીટીફોન" નામનુ એક યંત્ર હમણાં જ શોધ્યું છે, જેની મદદથી વક્તાઓ અને ગવૈયાઓ પોતાનો અવાજ એક શ્રોતાની માફક સાંભળી શકશે. એ યંત્ર વક્તૃત્વ કલા ખીલવવામાં ઘણું ઉપયોગી થઇ પડશે.

જ્ઞાતિ સંસ્થાની વધી પડેલ. પીડા—જ્ઞાતિ સંસ્થા આજકાલ ગરમાગરમ ચર્ચાનો વિષય થઇ પડી છે. જ્ઞાતિનું મૂળ, હાલનું સ્વરૂપ, દોષો અને હવે તે બલાથી છૂટવાના રસ્તા કયા છે એ વગેરે મુદ્દાઓની ચર્ચા આ માસિકમાં ઘણુ કરી આવતા અંકમા શરૂ કરવામાં આવનાર છે.

आदर्श आर्या.

આદર્શ આર્યાની શોધ માટે શું ઉંડા ભૂતકાળમાં ડુબકી મારવાની જરૂર જ છે? શું કીર્તિમાન આર્યાવર્ત છેકજ ચારિત્રહીન થઇ ગયો છે કે હેના વર્ત્તમાન ચીત્રપટ પર એક પણ આદર્શ ચિત્ર ન જોવાઇ શકે?

ચાલો આપણે એ ચિત્રપટ તપાસીએ, ત્હાં કોઈ સ્થળે એકાદ આદર્શ આર્યાનું રમણીય ચિત્ર મળી રહેશે. પૂર્વમાં નજર કરો; ત્હાં આશ્ચર્યજનક સૌંદર્યવાળી પરન્તુ માનસિક સ્વાસ્થ્ય ગુમાવી બેઠેલી એક કન્યા ત્હમે જોશો. તે ભવ્ય મૂર્તિના પવિત્ર ચહેરાપર ત્હમે નિર્મલ શીલ, ઉચ્ચ દયાભાવ અને સ્વાત્માર્પણનાં ચિન્હો પ્રત્યક્ષ જોઇ શકશો ત્હમને ત્હેનું પીછાન કરવાની ઇચ્છા થાય છે? જો ત્હમે એ પીછાન-ને ચારિત્ર શિખવાના ઉપયોગ માટે જ ઇચ્છતા હશો તો, પોતાની છેદમી રદબાતલ કરનાર કટ્ટા શત્રુ ઉપર પણ અનુપમ દયા બતાવનાર તે દેવી ત્હમારા ઉપર કૃપા કરી પોતાનુ પૂર્વ વૃત્તાંત છાયા રૂપે ત્હમારી સમક્ષ રજુ કરવાની આનાકાની નહિ જ કરે.

તૈયાર થાઓ ત્હારે; જુઓ ચિત્રપટ પરનું તે મોહક પરન્તુ ગમગીન ચિત્ર હાલવા લાગે છે. આસપાસનો દેખાવ પણ બદલાઇ જાય છે. બંગાળાના મુર્શિદાબાદ શહેરના એક ભવ્ય મહેલ-ના વિશાળ દીવાનખાનામાં તેજ ચિત્ર એક આનંદી ખુશમીજાજી સુશીલ આર્યપત્ની તરીકે દેખા દે છે. એ ચાર સખીઓ સાથે તે હાસ્યવિનોદ કરી રહી છે, એટલામાં જુઓ સ્હામેથી એક બીજી સ્ત્રી મ્હોં ઉપર બુરખો ઢાંકીને આવે છે. આ અજાણી સ્ત્રી થોડીવાર આર્યપત્નીના ચહેરા તરફ ટીકીટીકીને જોયાં કરે છે અને પછી -પછી પોતાની વાસના વધારેવાર દાબી નહિ શકવાથી એકદમ બુરખો દૂર ફેંકી ભેટવા દોડે છે! આ બીબીસાહેબ બીજું કોઇ નહિ પણ નવાબ બહાદૂર સુરજ-ઉદ્-દોલા પોતે છે।

* * * *

આર્યપત્ની આ કુતુહળથી દિગ્મૂઢ બને છે. પતિને ખબર આપવા દોડવા જાય છે એટલામાં એના મગજમાં દયાના અંકુરો ઉગી આવે

છે " રાજકર્ત્તા જેવા ઉચ્ચ કોટિના મનુષ્યને હલકામા હલકી સ્થિતિમાં મૂકવો એ મ્હને ઉચિત નથી. સંભવ છે કે હું ત્હેને બોધથી સુધારી શકીશ અને આજ સુધીમા સેકડો આર્યપત્નીઓ અને આર્ય કન્યાઓ પર અત્યાચાર ગુજારનાર એક મતિભ્રષ્ટ માનવને હું એ દયાજનક અંધકારથી છોડવી શકીશ."

સખીઓ અને સતી અસામાન્યા (એ, આર્યપત્નીનું નામ હતું) હિમત ધરી નવાબને પકડી ત્હેના હાથ જકડીને બાંધે છે. પછી અસામાન્યા નવાબને ત્હેની કફોડી સ્થિતિનો ખ્યાલ આપે છે; ત્હેનો પતિ ત્હેનો શિરચ્છેદ કરી ભોંયગામા દાટી દેશે એવી ધમકી આપે છે; પરન્તુ મોહાંધ નવાબ તેમ તેમ ત્હેના ઉપર વધારે ને વધારે ફીદા થતો જાય છે અને ત્હેની મોહબ્બતની ભિક્ષા માગે છે ! સતી ત્હેને ઉપદેશ દેવા લાગે છે પણ તે કશાની અસર આ પરતંત્ર બાળજીવ પર થતી નથી. છેવટે થાકીને સતી પોતાના પતિ મહેતાબચંદને ખબર આપવા દોડે છે. બંગાળાનો ક્રોડાપતિ જાગીરદાર મહેતાબચંદ પ્રવેશ કરતા જ નવાબ સાહેબના દરેક અંગપર પોતાના ફસબી પગરખાનું દાન આપવા લાગી જાય છે જે નાપાક ઓષ્ટોએ હજારો સુશીલ આર્યાઓની પવિત્રતા જુલમથી ચુશી લીધી હતી તે ઓષ્ટો હમણાં એક શ્રેષ્ઠિની જૂતીને ચૂમતા જોવાય છે ! આખરે સતીના આગ્રહથી ત્હેને જીવતો છોડવામા આવે છે. જુઓ આ વખતની નવાબ બહાદૂરની સુખમુદ્રા !

* * *

હવે દેખાવ બદલાય છે. અપમાન પામેલો નવાબ વૈરતૃપ્તિ માટે તલપી રહ્યો છે. એના જીવને મુદ્દલ ચેન પડતુ નથી. એક બદમાસને તે પોતાની સમક્ષ બોલાવે છે અને રાજમાર્ગ ઉપર જ શ્રેષ્ઠિનું ખુન કરી ત્હેનું મસ્તક એક ચાંદીના થાળમાં મૂકી ત્હેની પત્નીને તે ભેટ કરવાનું ફરમાન કરે છે.

* * *

ત્રાહી,ત્રાહી ! આ હીચકારૂ ફરમાન અમલમાં મૂકાય છે.** લોહીથી ટપકતું તે નિર્દોષ મસ્તક ચાંદીના થાળની સાથે સતી પાસે રજુ થાય છે.*** સતીના ચહેરા તરફ નજર કરો. *** ક્રોધ,શોક,ભય,વૈર આદિ કેટલા ભાવો ત્હ્યાં રમખાણ મચાવી રહ્યા છે !** અનેક લાગણી-

ઓનું સંયુક્ત બળ તેણીને બેભાન કરી નાખે છે અને જમીન પાડી દે છે. *+*અહો! આવાં ચિત્રો કદિ જોવા ન મળશો!

મૂર્ચ્છામાંથી લાંબે કાળે અને અતિ પરિશ્રમે ઉઠવા પામેલી મ... હવે ઘેલછા લાગુ પડી છે. જુઓ તે જેમ તેમ બકે છે, જ્યાં ... દોડે છે, ખાલી જગામાં અદ્ભૂત દેખાવો જુએ છે અને ચીસો પા... છે. કપડાંનુ, ખાન-પાનનું, શરીરનુ—કશાનું હેને ભાન નથી. ... કોઇ વખત પતિને બોલાવતી-કરગરતી હોય એવા શબ્દો ઉચ્ચા... છે; કોઇ કોઇ વખત નવાબની શી દશા થશે એમ કહી હેના ... દયા કરવા પરમાત્માને પ્રાર્થના કરે છે વિચિત્ર હૃદય! અદ્... ચારિત્ર! અફસોસકારક દશા!

સતીના અપરાધી તરફ હવે વિધિ નજર કરે છે. તે હવે તે જુલમી... સ્હામે બંગાળાના જાગીરદારોને ઉશ્કેરે છે અને તેઓ અંગ્રેજો... મદદ માગે છે. પ્લાસીના રણમા ભયંકર યુદ્ધ થાય છે અને મુગ... ઉદ્-દોલા—તે વિષયલંપટ નવાબ—દરેક અંગે ઘવાય છે ભૂંડે હા... નાસતાં હેને પકડી છેદનભેદન કરવામા આવે છે—અને તે પણ હેન... જાતિભાઇના હાથે જ!

મુર્શિદાબાદના કબરસ્તાનનો દેખાવ હવે નજરે પડે છે. નવાબ... નુ શબ દયાજનક હાલતમાં લોહી ટપકતું એક બાજુએ પડયુ છે ... સતી અસામાન્યાને હેની બાજુમાં ઉભેલી જુઓ. હેના સ્વજનો... હેને આ શબની ઓળખાણ આપે છે અને વિધિએ વાળેલા વૈરની હકીકત જણાવે છે એકાએક સતી લાબા વખતની ભ્રમિષ્ટ સ્થિતિ માંથી જાગૃત થાય છે અને ગુમાવેલું ભાન પાછુ મેળવે છે. પોતાના પતિના ખુનનુ વૈર તૃપ્ત થવાનુ યાદ આવવાથી તે ગુલાબ કળી ખીલે છે-હસે છે; પણ એ હાસ્ય પહેલું અને છેલ્લુ જ છે, કારણકે મુકામ પર પહોચ્યા પછી થોડા વખતમાં સતી અલોપ થાય છે,—ઘણી તપાસ કરવા છતાં એનો પત્તો મળતો નથી.

*   *

ગઈ? ક્યહાં ગઈ? શું આપઘાત કીધો? હવે આપઘાતનું શુ...

યોજન હતું ? ત્હારે ? 'ત્હારે' શું ? જુઓ, તપાસો; શહેરો–ગામો–જંગલો તપાસો; કોઇ નહિ તો કોઇ સ્થળે સતીનાં દર્શન હમે જરૂર પામી શકશો. ગંગાના કિનારા ઉપર શોધો. જુઓ કોઈ સ્ત્રી ત્હાં નિરાધાર સ્થિતિમાં લોથપોથ થઇ પડી છે. અરે એ તો કોઈ બીજી જ સ્ત્રી છે; એની પાસે થોડા દિવસનુ જન્મેલું એક બાળક પડયુ છે. સત્તર વર્ષની આ કુમળી રમણી મહા દુઃખમાં છે. અનરપ તે ભયના જ પડઘા સાંભળે છે. ઘડીમાં પૂર્વ તરફમાં 'પકડો, એ રહી' એવો અવાજ સાંભળે છે અને બાળકને ઉંચકી પશ્ચિમમાં દોડવા લાગે છે; તો ઘડીમાં પશ્ચિમમા ખખડાટ થતો સાંભળી ઉત્તર તરફ દોડે છે. સુરાજ–ઉદ્–દૌલાની વડી અને વફાદાર ખુબસુરત બેગમની આ દશા ! ખરેખર વિધિના ખેલ વિચિત્ર જ છે; એનો પાર કોણ પામી શકશે ?

* * * * *

બેગમ હવે દૂરથી દોડી આવતી એક સ્ત્રી તરફ ધારી ધારીને જુએ છે અને મનમાં જ રડે છે. "આહ ! એ જ અસામાન્યા ! પોતાના પતિનું ખુન કરનાર નવાબ ઉપરનુ વૈર ત્હેની માનીતી બેગમ ઉપર લેવા તે કેટલાં વર્ષથી ઘર છોડી ગામોગામ અને જંગલો–જંગલ ભટકે છે ! અરેરે આખરે ત્હેણે મુજ અભાગિણીને પકડી પાડી ! હવે મ્હારી આ બાળકીનું કોણુ બેલી !"

* * * * *

બેગમ પોતાના સઘળા જોરથી કિનારા તરફ દોડે છે અને એક હોડીવાળાને પોતાની કિમતી વીંટી બક્ષિસ આપીને સ્હામે કિનારે જવા હોડીમાં બેસે છે. પવન જોરમાં છે, ગંગા મૈયા રોષમાં છે. એક, બે અને ત્રણ મિનિટ ! તોફાનમાં સપડાયલી હોડીમાંથી એક ભયંકર ચીસ સભળાય છે અને બીજી જ પળે ત્હેમાંનાં બન્ને નાજુક–નિર્દોષ શરીરો ગંગા મૈયાના ખોળામાં ઢળી પડે છે !

* * * *

કેવી તીણી–ત્રાસદાયક–હૃદયવેધક તે ચીસ ! અસામાન્યા તે ચીસ સાંભળે છે અને મૃત્યુ કરતાં પણ વધારે ત્રાસ પામે છે. સાંભળો તે કાંઇક બોલે છે. "ઓ નિર્દોષ કમનશીબ બ્હેન ! જે પતિને માટે ત્હેં ત્હારા પ્રાણની પણ દરકાર ન કરતાં પ્રસવ સમયે સમરાંગણ

સેવ્યું હતું તે જ પતિએ ત્હને દગો આપ્યો, તો બીજા કોની વફાદારીની તું આશા રાખી શકે? અરે, ત્હારા પતિના કમનસીબ હેવાલથી મ્હારા હૃદયને જે દુઃખ થયું છે તે ત્હને કહી સંભળાવવાની મ્હારી ઇચ્છા તૃપ્ત કરવાની પણ ત્હેં મને તક નહિ આપી. ત્હને મદદ કરવા, આશ્રય આપવા, દિલાસો આપવા નિશ્ચય કરીને મ્હેં ઘર તજ્યું, ગામોગામ અને જંગલોજંગલ અટન કર્યું, તથાપિ કોઈ સ્થળે ત્હારો પત્તો લાગ્યો નહિ. આખરે જ્યહારે ત્હારી દુઃખપૂર્ણ મુખમુદ્રા જોવાનો સંજોગ મળ્યો ત્યહારે, હું ત્હારી સાથે વાત કરી શકું અને વિશ્વાસ બેસાડી શકું તે પહેલાં તો, તું મ્હારા કરતાં વિશેષ સમર્થ ગંગા મૈયાના આશ્રયમાં જઇ સૂતી!..."

* * * *

સતીની આંખમાંથી ઝાકળ બિંદુ જેવાં પવિત્ર આંસુ ટપ ટપ ખરે છે. આ આંસુની કિંમત ત્હમે કેટલી જાણો છો? નવાબની આખી સલ્તનત ત્હેના એક અશ્રુબિંદુની કિંમત આગળ નિર્માલ્ય છે! મ્હોટા મ્હોટા તપસ્વીઓનાં તપનું પુન્ય આ સતીના અત્યારના એક આંસુની આગળ રદ છે! બેકન જેવા ફીલસુફોની ડબ્બાના ડબ્બા ભરાય એટલી ફીલસુફી, શત્રુપત્નીના દુઃખ ઉપર રૂદન કરતી આ આદર્શ આર્યાના આંસુના તેજ આગળ ઝાંખી પડે છે! કારણ કે જુઓ, આપણે આવા તર્કવિતર્ક કરીએ છીએ એટલામાં તો સતી જોશથી વહેતા જળમાં કુદી પડે છે અને શત્રુપત્નીને તેણીની બાળકી સાથે ઉંચકી લઇ કીનારા તરફ ઘણી મુશીબતે તરતી દેખાય છે. "થોડી જ મિનિટ વધારે, ને હું એ દુખીઆરી બેગમને દિલાસો અને આશ્રય આપી સુખી કરવાની મ્હારી ધારણામાં વિજયી થઇશ" એવા આશાના શબ્દો ત્હેના મુખમાંથી નીકળતા સંભળાય છે.

* * * *

થોડી મિનિટ વધારે, અને ત્હમે શું જુઓ છો? પોતાના જાનના ભોગે જે સ્ત્રીને બચાવવા ભયંકર સાહસ દેવીએ કર્યું હતું તે સાહસનું પરિણામ શન્યમાં આવે છે, કારણ કે જુઓ તે બિચારી દુખીઆરીને ભાનમાં લાવવા દેવીએ કરેલા સઘળા ઉપચાર નિષ્ફળ

જાય છે અને એક નિરાધાર બાળકીને મૂકીને ત્હેનો આત્મા તે શરીર-માંથી છૂટો થાય છે.

*   *   *   *

હવે ચિત્રપટનો એક જ દેખાવ બાકી રહ્યો છે; માટે વાચક, તું અધીરો ન થા. પૂર્વ બંગાલના એક ન્હાના ગામડાના ઝુંપડામાં તું નજર કર. આઠ વર્ષની એક મધુરી કન્યા ચીંથરેહાલ હાડપીંજર સમાન સ્ત્રી પાસે બેસી સરંગી વગાડતા શિખે છે વચ્ચે વચ્ચે તે સ્ત્રી તે બાલિકાને કોટી કરે છે અને પ્યાર કરે છે. આવો અલૌકિક દેખાવ સ્વર્ગમા પણ જોવા નહિ મળવાથી દયાના ફિરસ્તાઓ તેણીની ઝુપડીની આસપાસ એકઠા મળી ઉભા છે અને તે બાળકીની સરંગીના સુરમા પોતાની દીવ્ય સરંગીઓનો સુર જોડી હૃદયવેધક ધ્વનિ ઉપ-જાવે છે. તે દેવોને પૂછવાની જો તુ દરકાર કરીશ તો તેઓ ત્હને કહેશે કે નવાબ સુરાજ-ઉદ્-દોલાની એકની એક નિરાધાર પુત્રીને પાળવા-પોષવા માટે જ પ્રાણ ધરી રહેલી સતી અસામાન્યાની ખીદમતમા ઉભા રહેવુ એને તેઓ મ્હોટામાં મ્હોટું માન સ્હમજે છે। તેઓ ત્હને કહેશે કે બાવીઓ, યોગિનીઓ, તપસ્વિનીઓ, ઋષિપત્નીઓ, મહાસતીઓ અને મઠવાસિનીઓ કરતાં પણ, નમુનારૂપ વિશાળ હૃદયવાળી, શત્રુની સેવા માટે આત્મભોગ આપનારી, શીલ-રક્ષણમાં ગૌરવ સ્હમજનારી, યૌવન-લક્ષ્મી અને આરામ કરતા પર-માર્થને વધારે ઇચ્છિનારી સતી અસામાન્યા ખરેખર વધારે મહાન છે-વિશેષ અનુકરણીય છે—અત્યંત પૂજ્ય છે. —સમયધર્મ.

એક હિંદુ ભગિનીની અદ્દભૂત સખાવત:—મ્હૈસુરના સ્વર્ગીય શાહુકાર **નરસિમૈયાની** વિધવાએ થોડા દિવસ ઉપર રૂ ૩૫૦૦૦) ની એક રકમ મ્હૈસુરની જાહેર પ્રજામાં કેળવણી ફેલાવ-વાના કામમાં અર્પણ કરી છે; એટલુ જ નહિ પણ પોતાના મૃત્યુ બાદ તે જ કામમાં પોતાની બધી મિલ્કત કે જે રૂ. ૭૫૦૦૦) ની થવા જાય છે તે આપી દેનારૂ 'વુઇલ' કર્યુ છે. એક સ્ત્રી તરફથી પોતાનુ સર્વસ્વ દાન કરવામાં આવે, અને તે પણ મઠો, મદીરો ગુરૂઓ, જ્ઞાતિભોજનો કે ક્રિયાઓ પાછળ નહિ પરન્તુ સાર્વજનિક કેળવણી પાછળ, એ હિંદ માટે ખરેખર શુભસૂચક ચિન્હ છે નૂતન હિંદની ઇમારતના પાયામાં સર્વ કોઈ અને સ્ત્રીઓ પણ એકેક ઈંટ મુકવાની ફરજ સ્વીકારે છે; જેનો તે સ્વીકારવાની શરૂઆત કરે છે એટલું પણ દીલાસો લેવા જેવું છે।

दुनियानो रक्षक परमेश्वर नथी तो कोण छे? खुद जैनो!

जैन शासननुं विशाळ कर्त्तव्यक्षेत्र.

जैन संघ ए लक्ष्यने स्वीकारशे?

(૧) જૈનો માને છે કે આ દુનિયાનો રક્ષક કોઈ પરમેશ્વર નથી, અને આમને સિદ્ધો સ્વસ્વરૂપમાં બિરાજી ગયા છે,–તેઓને આપણા સુધ નથી તેથી રક્ષણ કરનાર કે આપત્તિના કાર્યથી તેઓ મુક્ત છે

(૨) જૈનો એ પણ માને છે કે, આ દુનિયા આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરપૂર છે, મનુષ્ય માત્રને, પશુ-પક્ષી માત્રને, જીવ માત્રને અનેક પ્રકારના દુઃખો સતાવી રહ્યા છે

જ 'જૈન સઘ' સ્થાપવામા આવ્યો છે; એટલે કે દુનિયાના પરમેશ્વરો તરીકે જ જૈનોનુ અસ્તીત્વ યોજાયું છે. એક સૃષ્ટાને નહિ માનનાર ધર્મ પ્રજાસત્તાક રાજ્ય સિવાય બીજુ શુ સ્થાપે ? અને પ્રજાસત્તાક રાજ્ય એનો કાઈ અર્થ થતો હોય તો તે એટલો જ કે, પ્રજામાના વધારે શક્તિવાળા પુરૂષો વડે ઓછી શક્તિવાળા જનસામાન્યને રક્ષણુ અને મ્હાય આપવાની વ્યવસ્થા.

દુ:ખો અને દુ:ખના કારણો ઉપર **જય** મેળવવા અને એ રીતે પ્રાણી માત્રને રક્ષણુ અને સ્હાય આપવા **જૈન** સઘનુ બધારણ બધાયુ. એ બધારણમા સૌથી વધારે મુસ્કેલ જોખમદારીઓ **સર્વ**વિરતિ અથવા સાધુ વર્ગને માથે નાખવામાં આવી અને બીજાઓના રક્ષણ અને આબાદી માટે પોતાના સર્વસ્વનો–ખુદ પોતાના દેહનો પણ ભોગ આપવાનુ ત્હેમને ફરમાવવામાં આવ્યું તથા તેથી ઉતરતા દરજ્જાના અમલદારો તરીકે **દેશ**વિરતિ અથવા શ્રાવકોને નીમવામા આવ્યા અને ત્હેમને માથે મર્યાદિત આત્મભોગવડે સર્વનું રક્ષણ અને આબાદી કરવાની ફરજ નાખવામાં આવી.

આ ફરજો તેઓ બરાબર અદા કરી શકે તેટલા માટે વિષયલોલુપતા અને દ્રવ્યમોહથી વેગળા રહેવા ત્હેમને ફરમાવવામાં આવ્યુ; તદ્દન સાદુ, સતોષી, ઉન્નત વિચારો અને સંક્ષિપ્ત જરૂરીયાતોવાળુ ઉદાર જીવન જીવવાનુ ત્હેમને માટે ફરજ્યાત ઠરાવવામા આવ્યુ

જેઓ ખરેખર આ આશયને બરાબર મ્હમજ્યા હોય અને આવુ જીવન ગુજારતા હોય તેઓને દુનિયાના રક્ષક–પરમેશ્વર–મિત્ર કહેવામાં છે કાઇ વાધો ?

ત્હારે જો જૈન સઘને માથે આવી ભીષ્મ જોખમદારીઓ હોવાનુ આજના જૈનો કબુલ કરતા હોય તો ત્હેમણે 'માન્યતા'ઓના લવાઈ ટીલા છોડીને 'કાર્ય'ના પ્રકાશીત આકાશમા ઉડવા લાગવુ જોઇએ, 'વાડા'ના મોહને તિલાજલિ આપીને આખી દુનિયા સાથે એક પ્રજા તરીકે—બધુ તરીકે—ભળતાં શિખવુ જોઇએ, વિવાદોને છોડી ક્રિયામાં-પ્રવૃત્તિમા જોડાવુ જોઇએ. પ્રજાસત્તાક રાજ્યોમા કોઇ માણસને 'અસ્પર્શ્ય'—નહિ અડકવા જેવો—નહિ દરકાર કરવા જેવો મનાતો નથી, કારણકે એકેક વ્યક્તિના બળ ઉપર આખા રાજ્યના બળનો આધાર રહેલો છે એમ તેઓ બરાબર સ્હમજે છે. તેથી દરેક પુરૂષ,

દરેક સ્ત્રી, દરેક બાળકને—રે દરેક મનુષ્યને પણ અશિક્ષિત નહિ રહેવા દેવાનો જ્યાં કાયદો હોય છે, ખુદ કેદીઓને પણ ગુન્હા કરવાની દુષ્ટ ઇચ્છામાંથી મુક્ત કરવામાં અને પોતાના જેવા શહેરી બનાવવામાં તેઓ રાજ્યનું શ્રેય માને છે. દુનિયાનો કોઇ પરમેશ્વર નહિ હોવાનું સ્વીકારનાર, વિશ્વનું પ્રજાસત્તાક રાજ્ય માનનાર, એ રાજ્યના દુખો દૂર કરવા માટે પોતે નિમાયલા છે એવું સમજનાર જૈન સંઘે કોઈ મનુષ્યને અજ્ઞાન, અશક્ત, દુખી, અપરાધી કે પાપી સ્થિતિમાં સડવા દેવાય જ નહિ. મનુષ્યને લગતાં અસંખ્ય દુખો શોધી કહાડવા, તેમનું પ્રથક્કરણ કરવું, તે દરેક પ્રકારનું દુખ દૂર કરવાના રસ્તા વિચારવા, તેવા રસ્તા યોજવા અને એ રીતે પ્રયત્ન કરીને તે દુખી મનુષ્યને દુખમુક્ત કરી ઉન્નતિક્રમને ઉપલે પગથીએ લાવી મૂકવો આ છે જૈન સંઘની દરેક વ્યક્તિનું સાચું કર્તવ્ય '

માણસને આરોગ્ય જોઇએ છે, માણસને બળ જોઇએ છે, માણસને ઘર જોઇએ છે, માણસને દ્રવ્ય જોઇએ છે, માણસને બુદ્ધિ જોઇએ છે, માણસને સુવ્યવસ્થિત રાજ્યસંચાલન જોઇએ છે, માણસને નીતિ જોઇએ છે, માણસને ફિલસુફિક તર્ક ઉત્પન્ન થતા પોતના મનને સંતોષ થાય એવા ખુલાસા જોઇએ છે, ટુંકમાં માણસની જરૂરીઆતો જેમ વિવિધ પ્રકારની છે તેમ માણસ જાતને મદદ કરવાના રસ્તા અને ફરજો પણ વિવિધ પ્રકારની છે. જ્યાં સુધી મદદ કરવાની જોખમદારી પછી ધરાવનારો જૈન સંઘ આ સર્વ જરૂરીઆતો અને તે જરૂરીઆતો પુરવાના રસ્તાનું જ્ઞાન ધરાવતો ન થાય ત્યાં સુધી તે 'ખરો જૈન' અથવા 'સંપૂર્ણ જૈન' કહેવાય જ નહિ ત્યારે સવાલ એ ઉદ્ભવે છે કે ખરા અથવા સંપૂર્ણ જૈને કેટલી અને કઈ જાતનું જ્ઞાન મેળવવા કોશીશ કરવી જોઇએ, કે જે જ્ઞાનવડે તે એક વિશાળ પ્રજાસત્તાક રાજ્યના માનવંતા હોદ્દેદાર તરીકેનું જોખમદારીભર્યું કર્તવ્ય ફતેહમંદીથી બજાવી શકે ? મારા અંગત અભિપ્રાય પ્રમાણે નીચેના વિષયોનું જ્ઞાન મેળવવા દરેક તક લેવી જોઇએ—

(૧) જગતનો તુલનાત્મક સંક્ષિપ્ત ઇતિહાસ, પ્રજાની ચડતી પડતી કેવા સંજોગોમાં થાય છે તેના ખાસ અવલોકન સાથે

(૨) જૈન જે દેશમાં રહેતો હોય તે દેશનો પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ

(૩) તે દેશમાના જૂદાજૂદા ધર્મપંથો કેવા સન્જોગોમાં જન્મ પામ્યા, હેમનો મુખ્ય ઉદ્દેશ અને ફરમાન શું છે, હેમનુ આતરસ્વરૂપ.

(૪) તે દેશની કેળવણીનો ઇતિહાસ, કેળવણીની હાલની સ્થિતિ; કેળવણીની બાબતમા જે દેશો ઘણા આગળ વધેલા જોવામા આવતા હોય તે દેશોની કેળવણીનો ઇતિહાસ, સ્વદેશની કેળવણી સુધારવામાં કયા કયા તત્વોની જરૂર છે?

(૫) તે દેશની રાજકીય સ્થિતિ સંબધે તે જ દેશના સર્વોત્તમ રાજદ્વારીઓના અભિપ્રાય દેશની સુલેહશાન્તિ અને આબાદી માટે કેવા રાજકીય સુધારાની જરૂર છે તે સમ્બન્ધમા હિતચિતકોના અભિપ્રાય.

(૬) દુનીઆના રાજ્યો વચ્ચે સુલેહ જાળવવા માટે International arbitration મધ્યસ્થ પંચની તરફથી થતી હીલચાલોનુ જ્ઞાન.

(૭) સ્વદેશની ગરીબાઇનો સવાલ; તે સવાલનો ફડચો લાવવા રાજ્ય તરફથી તથા વ્યક્તિઓ અને સમાજો તરફથી શુ શુ પ્રયત્નો થાય છે હેનુ જ્ઞાન

(૮) સ્વદેશની નીતિનો સવાલ, નીતિનુ ધોરણ ઉચ્ચ બનાવવા સરકાર, વ્યક્તિઓ, ધર્મપંથો અને સસ્થાઓ તરફથી શુ શુ પ્રયત્નો ચાલી રહ્યા છે હેનુ જ્ઞાન

(૯) દેશના સાહિત્ય, સંગીત, શિલ્પ, નાટચકલા આદિ આકર્ષક કલાઓ (Fine arts) કઇ દિશામાં ગતિ કરે છે હેનુ અવલોકન.

(૧૦) હુન્નર-કલા અને સાયન્સમા દેશની પ્રગતિ કેવી છે અને હેને ઉત્તેજન કેમ મળે હેનો અભ્યાસ

(૧૧) દેશના બાળકો અને સ્ત્રીઓના આરોગ્યની સ્થિતિ અને તે સુધારવાના સાધનોનો વિચાર, એલોપથી, હોમીઓપથી, બાયોકેમી, નેચરોપથી, મેન્ટલ સાયન્સ, યોગ આદિ અનેક વૈદક શાખાઓના જ્ઞાન વડે દેશની શારીરિક સમ્પત્તિ વ્હડીઆતી બનાવવાનો સવાલ

(૧૨) દેશની રમત-ગમતોમા આરોગ્યવર્ધક, નીતિપોષક અને ભ્રાતૃભાવવર્ધક તત્વો કેટલા પ્રમાણમાં છે હેનો અભ્યાસ અને તે તત્વોમાંનું જે તત્વ ખૂટતું હોય તે ઉમેરવાની જરૂરીઆતનુ ભાન.

(૧૩) સામાજિક, વ્યાપારી અને માનસિક સ્વાતત્ર્યનુ સ્વરૂપ; દેશમાં તે સ્વાતત્ર્યનો પ્રેમ જગાડવાની આવશ્યકતા અને રસ્તા

(૧૪) કહેવાતા ગુન્હેગારો શા કારણથી ગુન્હા કરે છે ગુન્હાનાં કારણોનો નાશ કરવાના રસ્તા, ગુન્હેગારોને સ્વતત્ર નીતિમાન શહેરી કેવી રીતે બનાવી શકાય ઇત્યાદિ સવાલોનો અભ્યાસ

(૧૫) નોકરી કે મજુરી કરનાર અને નોકર કે મજુર રાખનાર વર્ગમા આપ-લેના કાયદાનું અને કૌટુમ્બિક ભાવનાનુ ભાન ઉત્પન્ન કરવાની જરૂરીયાત; ઉંચા દરજ્જાનુ સોશીઆલીઝ્મ, સ્ત્રી વર્ગને સ્વતંત્ર રીતે ઉદરપોષણ કરવાની જરૂર પડે તો હેમને માટે ખોલવા લાયક કાર્યક્ષેત્ર કયાં?

(૧૬) મદ્યપાન, જુગાર, મોજશોખ, ઉડાઉપણુ, નિર્ધનતા ઇત્યાદિને દેશમાથી ઓછા કરવાના રસ્તા સબધી વિચાર.

(૧૭) દૂધ, ખોરાક, જળ એ ત્રણેનો દેશમાં દુષ્કાલ ન પડે તે માટે શુ કરવાની જરૂર છે? ત્રણેમા ભળતા હાનીકારક તત્વો અટકાવવાની જરૂર

(૧૮) મધ્યમ અને ગરીબ વર્ગ સસ્તાં અને આરોગ્યવર્ધક મકાનો વાપરવાની સગવડ પામે એવા રસ્તાનુ જ્ઞાન.

(૧૯) જીવતાં પ્રાણીઓ ઉપર વ્યાપાર, ફેશન, મોજશોખ, અખતરા, ધાર્મિક ક્રિયાઓ કે નિર્દયતાના કારણથી ગુજરાતું ઘાતકીપણું અટકાવવાના રસ્તાનો વિચાર; એ કાર્યમાં રાજ્યસત્તા, વ્યક્તિ અને સમાજોની અગત મહેનત તથા લાગવગ, ધર્મ સબધી ઉપદેશ વગેરે કયા કયાં તત્વોને મદદમાં લઇ શકાય હેની તપાસ.

(૨૦) નિરાશાજનક માન્યતાઓને દૂર કરી આશાજનક—હૃદયબલવર્ધક (optimistic) વિચારો દેશમાં ફેલાય, કે જેથી લોકો 'રોતીસુરત' ન રહેવા પામે, એવા રસ્તાનુ શોધન.

(૨૧) ભાઇચારાના સિદ્ધાંત વગરનો કોઈ ધર્મ હોઇ શકે જ નહિ એ સત્ય દરેક ધર્મવાળાને હેમના જ ધર્મશાસ્ત્રોમાથી શોધી-શોધીને શિખવવાની જરૂર તથા તે શિક્ષણવડે પ્રેમ અને સહૃદયતાના ગુણો સર્વમા ખીલવવાની જરૂરનુ ભાન

(૨૨) સમાજને લગતા કયા જૂના રીવાજો બદલાયલા સંજોગો છતા ટકાવી રાખવા જેવા છે અને કયા, સંજોગોને બધબેસતા સ્વરૂપના બદલા જેવા છે હેનુ બારીક શોધન, એવા શોધન વખતે 'જૂનું એટલુ સુનુ' એ દુરાગ્રહને તેમજ 'અમારા ભૂતકાળનું અમારે કામ નથી' એવી તોછડાઈને તિલાંજલી આપી ખાસ સમાજહિત તરફ જ દૃષ્ટિ રખાવાની જરૂર.

(૨૩) અધ્યાત્મ, યોગ, માનસશાસ્ત્રનો શાસ્ત્રીય રીતે (સાયન્ટીફીક રીતે) અભ્યાસ થઈ શકે એવી, એ અભ્યાસને લાયકના માણસો

માટે, સગવડ કરવા સારૂ શું કરવું, જોઇએ એ સંબધી વિચાર, બીજા દેશોમાંથી આ દેશમાં અને આ દેશમાથી બીજા દેશોમા તે વિદ્યાઓનો પ્રચાર કરવાની જરૂરીઆતનું ભાન.

(૨૪) દેશમા સુશિક્ષિત નર્સો, સ્ત્રીશિક્ષકો, શિક્ષકો, નિર્દંભી અને અપ્રમાદી વિદ્વાન ધર્મગુરૂઓ ઉત્પન્ન કરવાની જરૂરનું ભાન.

ઇત્યાદિ, ઇત્યાદિ અનેક બાબતોમાં ઉંડા ઉતરવાની અને તે તે બાબતોને લગતું પોતાનું જ્ઞાન વ્યવહારમા મૂકવાની ફરજ જૈનો માથે છે. અહીં હુ આગ્રહપૂર્વક કહીશ કે, જૈન કોઇ જ્ઞાતિ નથી કે કોઇ વાડો નથી, એ તો જૂદીજૂદી જ્ઞાતિઓ, જૂદાજૂદા વાડા, જૂદા જૂદા લિંગો અને જૂદાજૂદા દેશોમાથી, દુનિયાના દુઃખો પર જય મેળવવાના સર્વસામાન્ય આશયને પાર પાડવા માટે એકઠી મળેલી વ્યક્તિઓનો 'બન્ધુસમાજ' છે; અને એમ હોવાથી જૈનો દુનિયાના પરમેશ્વર છે એમ કહેવામા હુ કોઈ અમુક દેશ કે અમુક જ્ઞાતિ કે અમુક માન્યતા ધરાવનારાઓને છાપરે ચ્હડાવવાનો દોષ કરતો નથી, એ સહજ સ્હમજી શકાય તેવું છે. રક્ષા અને સ્હાય કેવી રીતે થાય એ **સ્હમજનારા** અને રક્ષા તથા સ્હાય **કરનારા** દરેક માણસને હુ 'જૈન' સ્હમજુ છુ અને પ્રત્યેક જૈન એ દુનિયાનો પરમેશ્વર છે

એક પિતાએ એક પુત્રની સંભાળ **કેટલી કેટલી** બાબતોમા લેવી જોઇએ એ કોઈ માણસ **સંપૂર્ણ રીતે** કહી શકશે નહિ પુત્ર પ્રત્યેનો પિતાનો સ્વાભાવિક પ્રેમ જ પુત્રની મુશ્કેલીઓ, દુખો અને સ્હાયની જરૂરીઆતો સ્હમજી શકે અને તે તે પ્રસગને જરૂરની મદદ પહોચાડી શકે તેવીજ રીતે દુનિયાને હજારો પ્રકારની મદદની જરૂર છે એ સર્વનું **સમ્પૂર્ણ** લીસ્ટ કોઈ વિચારક કદિ આપી શકે જ નહિ જૈને ખરેખર પ્રાણી માત્રના પરમેશ્વર કે રક્ષક કે મિત્ર બનવું છે તે જ તે પ્રાણીઓના દુખો અને જરૂરીઆતો જોઇ શકે અને મદદ કરી શકે.

માત્ર શાસ્ત્રનો ઉપદેશ કરવો એ જગતને સ્હાય કરવાનો એકનો એક રસ્તો નથી. ભૂખ્યો માણસ શુ ઉપદેશ સાંભળવાનો હતો? બુદ્ધિહીન શુ ઉપદેશ સ્હમજી શકવાનો હતો? દરદી શુ ધર્મ આચરી શકવાનો હતો? નિર્ધન શુ દાન કરી શકવાનો હતો? દેશમાં સ્નેહ ન હોય એવે પ્રસગે શુ ધર્મશાસ્ત્રો અને ધર્મોપદેશનો નિભાવ થઇ શકવાનો હતો? ટુકમા ધર્મની દરકારવાળા જૈનોએ દેશને અને દુનિયાને અગાઉ જણાવેલી તમામ બાબતોમાં મદદ પહોચાડવી જોઇએ

છે અને તેમ કરવા માટે તે તમામ બાબતોમાંની ખાસીઓ સિવાય
તેટલી બાબતોનું જ્ઞાન મેળવવું જોઇએ છે.

જ્યાં સઘળી નદીઓ મળે છે એવો કોઈ સમુદ્ર હોય તો તે
જૈન ધર્મ છે, એમ આપણે વારંવાર કહેવામાં ગર્વ લઈએ છીએ
અલબત વસ્તુતઃ તે વાત ખરી છે પણ શું આપણું વર્તન સમુદ્ર
જેવું છે? આપણે દરેક 'નદી'ની નિંદા કરીએ છીએ, દરેક 'નદી'ના
સ્પર્શ માત્રમાં મિથ્યાત્વ માનીએ છીએ, અને વળી કહીએ છીએ કે
બધી 'નદીઓ અમારા 'સમુદ્ર'માં મળે છે! એ જમાનો પરસ્પરવિરોધનો
નહિ, જૈનધર્મે ખરેખર દરિયાવ પેટ કરવું જોઈએ છે, બધા
ધર્મોની શુભ બાબતો પોતાના છે એમ બતાવવાનું સામર્થ્ય મેળ-
વવું જોઇએ છે અને સ્યાદ્વાદ શૈલિની સહાયથી સર્વ વાદોનું (એટલે
કે સર્વ 'દૃષ્ટિબિંદુઓનું) ખંડન નહિ પણ સત્ય સાબીત કરી
આપવું જોઇએ છે. સત્ય કહી રહીડાવું કે ખંડન કરવું નથી, જૈનધર્મને
બીજાઓ તરફ ધકેલાવાનું અને આપસમાં લડવાનું છોડી દઈને પોત-
પોતાના ધર્મની ખાસીઓ શીખવવાને તથા સર્વ દેશો અને સર્વ ધર્મોને
જોડનાર સોનેરી સાંકળ બનવાને હવે મેદાનમાં પડવું જોઇએ છે

ધર્મ એ શું છે? દુઃખનાને ધરી રાખે તે વાત, એનું નામ
'ધર્મ' છે, દુઃખના માર્ગથી ફેરવી ઉભા રાખી શાશ્વત સુખનું ભાન
આપનારને જો 'ધર્મ' કહીશું તો પછી 'ધર્મનાશ' કે 'નિર્દયતા'
ઇત્યાદિ શબ્દોના અર્થ શોધવા ક્યાં જવું?

અધ્યાત્મ એ એક એવો મંત્ર છે કે જે વ્યાપારને, યુદ્ધને,
રાજ્યને, હુન્નરને, સાહિત્યને સર્વને પોતાના પવિત્ર ખોળામાં લે છે અને
પોતાના સ્પર્શમાત્રથી એ સર્વને વિશેષ ઉચ્ચ-પ્રૌઢ-સંગીન બનાવે છે

જૈન ધર્મમાં હેના આબાદીના કાળમાં, ક્રોડોપતિ વ્યાપારીઓ
(શ્રેષ્ઠિઓ) હતા, રાજ્યદ્વારી પુરૂષો હતા, પ્રધાનો હતા, રાજાઓ
હતા, લડવૈયાઓ હતા, કવિઓ હતા, સાહિત્યશાસ્ત્રીઓ હતા,
અધ્યાત્મીઓ હતા, કારીગરો હતા, અને તેથી જ **જૈન** શાસન તે
વખતે વધારે દીપી ઉઠ્યું હતું. અને જો **જૈન** શાસનને ફરી પ્રકાશિત
કરવું હોય તો **જૈન** સમાજમાં વિચારકો, રાજ્યદ્વારી પુરૂષો, સંસાર-
સુધારકો, સમાજસેવકો, હુન્નરબાજો, આરોગ્યવેત્તાઓ તેમજ અધ્યા-
ત્મીઓ ઉપજાવવા જોઇએ અને હેમનું તે તે શાખાઓનું જ્ઞાન દેશને
દુનિઆને અભય, શાન્તિ, સુખ આપવામાં ખર્ચાવું જોઇએ

જૈન સાધુઓ અને પત્રકારોએ તો આ અગત્ય ખાસ સ્હમજવી જોઇએ અને પોતાનો દરેક ઉપદેશ અને દરેક લેખ જાહેર કરતી વખતે આ દૃષ્ટિબિંદુ નજર સમક્ષ રાખવું જોઇએ જે શ્રીમંત જૈનોને આ વિચારોમાં કાંઇ સત્ય છે એમ શ્રદ્ધા થતી હોય તેઓએ એકાદ માસિક કે સાપ્તાહિક પત્ર ગુજરાતીમા, એકાદ હિંદીમા, એકાદ મરાઠીમા, એકાદ ઉરદુમાં અને એકાદ અંગ્રેજી ભાષામા પ્રગટ કરાવવા માટે અમુક રકમ કહાડવી જોઇએ, કે જે રકમમાથી નીકળતા પત્રો ઉપર જણાવેલા આશયોને સમ્પૂર્ણ બળથી અમલમા મૂકે, અને તમામ જૈનોને ત્હેમનુ વિશાળ કર્તવ્યક્ષેત્ર બતાવી તેની ભીષ્મ જોખમદારીઓને અમલ લાવવા ખાતર વિશેષ જ્ઞાન મેળવવા લલચાવે.

'समयधर्म'

કોલાબાની આગનાં કારણ શોધનારી કમીટી સમક્ષ એક જૈનની જુબાની—મુંબઇમા કોલાબા ખાતે રૂના જથ્થામા વારંવાર આગો લાગવાથી લાખ્ખો રૂપિયાનુ નુકશાન થઇ ચૂક્યુ છે અને મજબૂત ચોકી પહેરો ખુદ સરકારે બેસાડવા છતાં હજી ઉપરા ઉપરી આગો થયાં જ કરે છે. આનુ કારણ શોધવા માટે જે કમીટી નીમવામા આવી છે ત્હેની સમક્ષ જુબાની આપનારા ગૃહસ્થોમાના એક જૈન સાક્ષી ખાસ લક્ષ ખેંચનાર થઇ પડયા છે. ત્હેમણે પોતાના ધંધાના નુકશાનની દરકાર નહિ કરતા કેટલોક ચ્હોંકાવનારો ખુલાસો જાહેર કર્યો હતો; અને ત્યાર પછી કમીટીએ કેટલાક સાક્ષીઓને બિધ બારણે તપાસ્યા હતા ખરૂ ખોટુ તો સર્વજ્ઞ જાણે, પણ આ આગો અકસ્માતથી થાય છે એવી માન્યતા તો હરગીજ સ્વીકારી શકાય તેવી નથી અને જેમને લાંબે સરવાળે મ્હોટો લાભ થવાનો હોય એવાઓનો એ આગોમા હાથ હોવા સબંધી ઇસારો કરનાર સાક્ષીઓના શબ્દો ઉપર કમીટીએ પુરતુ ધ્યાન આપવા જેવું છે. અમે એક જૈન તરીકે આ જૈન સાક્ષીના નૈતિક બળ માટે ત્હેમને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી.

છાપાનો આશ્ચર્યજનક ગ્રાહક સંખ્યા—'ધી ટાઇમ્સ' પત્રની રોજ **૧ લાખ ૭૨ હજાર** પ્રતો ખપે છે ! ખાસ એડિટરો, ખાસ રિપોર્ટરો, પ્રતિનિધિઓ, તરેહ તરેહના ચિત્રો, તાર ખર્ચ વગેરે પાછળ સખત ખર્ચવાનુ આવા પેપરોને **કેમ ન પાલવે ?**

છે અને તેમ કરવા માટે તે તમામ બાબતોમાંની પોતાથી શિખાય તેટલી બાબતોનું જ્ઞાન મેળવવું જોઇએ છે.

જ્યહાં સઘળી નદીઓ મળે છે એવો કોઇ સમુદ્ર હોય તો તે જૈન ધર્મ છે, એમ આપણે વારંવાર કહેવામાં ગર્વ લઇએ છીએ. અલબત વસ્તુતઃ તે વાત ખરી છે, પણ શું આપણું વર્તન સમુદ્ર જેવું છે? આપણે દરેક 'નદી'ની નિંદા કરીએ છીએ, દરેક 'નદી'ના સ્પર્શ માત્રમાં મિથ્યાત્વ માનીએ છીએ, અને વળી કહીએ છીએ કે બધી 'નદી'ઓ અમારા 'સમુદ્ર'માં મળે છે! કેવો જબરો પરસ્પરવિરોધ! નહિ, જૈનધર્મે ખરેખર દરીઆવ પેટ કરવું જોઇએ છે, સઘળા ધર્મોની ગુપ્ત ચાવીઓ પોતામાં છે એમ બતાવવાનું સામર્થ્ય મેળવવું જોઇએ છે અને સ્યાદ્વાદ શૈલિની મહાયથી સર્વ 'નદી'ઓનું (અથવા કે સર્વ 'દ્રષ્ટિબિંદુ'ઓનું) જૂઠાણું નહિ પણ સત્ય સાબીત કરી આપવું જોઇએ છે. સત્ય કદી ચ્હીડાતું કે ગર્વ કરતું નથી, જૈનધર્મે બીજાઓ તરફ ચ્હીડાવાનું અને આપવડાઇ કરવાનું છોડી ગર્વને બદલે પોતાના ધર્મની ચાવીઓ શીખવવાને તથા સર્વ દેશો અને સર્વ ધર્મોને જોડનાર સોનેરી સાંકળ બનવાને હવે મેદાનમાં પડવું જોઇએ છે.

ધર્મ એ શું છે? દુર્ગતિને ધરી રાખે કે રોકે તે, એનું નામ 'ધર્મ' છે; દુઃખના માર્ગથી દૂર કરી મોક્ષમાર્ગનું ભાન આપનારને જો 'ધર્મ' કહીશું તો પછી 'ધર્મદ્રોહ' કે 'નિંદકતા' ઇત્યાદિ શબ્દોના અર્થ શોધવા કયહાં જઇશું?

અધ્યાત્મ એ એક એવો મંત્ર છે કે જે વ્યાપારને, ગૃહને, રાજ્યને, હુન્નરને, સાહિત્યને સર્વને પોતાના પવિત્ર ખોળામાં લેઇ અને પોતાના સ્પર્શમાત્રથી એ સર્વને વિશેષ ઉચ્ચ-પ્રૌઢ-સંગીન બનાવે છે.

જૈન ધર્મમાં તેના આબાદી કાળમાં, ક્રોડોપતિ વ્યાપારીઓ (શ્રેષ્ઠિઓ) હતા, રાજ્યકારી પુરૂષો હતા, પ્રધાનો હતા, રાજાઓ હતા, લડવૈયાઓ હતા, કવિઓ હતા, સાહિત્યશાસ્ત્રીઓ હતા, અધ્યાત્મીઓ હતા, કારીગરો હતા, અને તેથી જ જૈન શાસન તે વખતે વધારે દીપી ઉઠયું હતું. અને જો જૈન શાસનને ફરી પ્રકાશિત કરવું હોય તો જૈન સમાજમાં વિચારકો, રાજ્યદ્વારી પુરૂષો, સંસાર સુધારકો, સમાજસેવકો, હુન્નરબાજો, આરોગ્યવેત્તાઓ તેમજ બીજા સ્વામીઓ ઉપજાવવા જોઇએ અને તેમનું તે તે શાખાઓનું જ્ઞાન દેશને અને દ[illegible] [illegible]ત્ય, શાન્તિ, સુખ આપવામાં ખર્ચાવું જોઇએ

જૈન સાધુઓ અને પત્રકારોએ તો આ અગત્ય ખાસ સ્હમજવી જોઇએ અને પોતાનો દરેક ઉપદેશ અને દરેક લેખ જાહેર કરતી વખતે આ દૃષ્ટિબિંદુ નજરસમક્ષ રાખવું જોઇએ જે શ્રીમંત જૈનોને આ વિચારોમા કાંઇ સત્ય છે એમ શ્રદ્ધા થતી હોય તેઓએ એકાદ માસિક કે સાપ્તાહિક પત્ર ગુજરાતીમા, એકાદ હિંદીમા, એકાદ બંગાળીમાં, એકાદ ઉરદુમા અને એકાદ અંગ્રેજી ભાષામા પ્રગટ કરાવવા માટે અમુક રકમ કહાડવી જોઇએ, કે જે રકમમાથી નીકળતા પત્રો ઉપર જણાવેલા આશયોને સમ્પૂર્ણ બળથી અમલમા મૂકે, અને તમામ જૈનોને ત્હેમનુ વિશાળ કર્ત્તવ્યક્ષેત્ર બતાવી તેની ભીષ્મ જોખમદારીઓને અંદર લાવવા ખાતર વિશેષ જ્ઞાન મેળવવા લલચાવે.

'समयधर्म.'

કોલાબાની આગનાં કારણ શોધનારી કમીટી સમક્ષ એક જૈનની જુબાની—મુંબઇમાં કોલાબા ખાતે રૂના જથ્થામા વારંવાર આગો લાગવાથી લાખો રૂપિયાનુ નુકશાન થઇ ચૂક્યુ છે અને મજબુત ચોકી પહેરો ખુદ સરકારે બેસાડવા છતા હજી ઉપરા ઉપરી આગો થયા જ કરે છે. આનુ કારણ શોધવા માટે જે કમીટી નીમવામા આવી છે ત્હેની સમક્ષ જુબાની આપનારા ગૃહસ્થોમાના એક જૈન સાક્ષી ખાસ લક્ષ ખેંચનાર થઇ પડયા છે. ત્હેમણે પોતાના ધંધાના નુકશાનની દરકાર નહિ કરતા કેટલોક ચ્હોંકાવનારો ખુલાસો જાહેર કર્યો હતો; અને ત્યાર પછી કમીટીએ કેટલાક સાક્ષીઓને બિંધ બારણે તપાસ્યા હતા. ખરૂં ખોટું તો સર્વજ્ઞ જાણે, પણ આ આગો અકસ્માતથી થાય છે એવી માન્યતા તો હરગીજ સ્વીકારી શકાય તેવી નથી અને જેમને લાંબે સરવાળે મ્હોટા લાભ થવાનો હોય એવાઓનો એ આગોમા હાથ હોવા સબંધી ઇસારો કરનાર સાક્ષીઓના શબ્દો ઉપર કમીટીએ પુરતુ ધ્યાન આપવા જેવુ છે. અમે એક જૈન તરીકે આ જૈન સાક્ષીના નૈતિક બળ માટે ત્હેમને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી.

છાપાની આશ્ચર્યજનક ગ્રાહકસંખ્યા—'ધી ટાઇમ્સ' પત્રની રોજ ૧ લાખ ૭૨ હજાર પ્રતો ખપે છે! ખાસ એડિટરો, ખાસ રિપોર્ટરો, પ્રતિનિધિઓ, તરેહ તરેહના ચિત્રો, તાર ખર્ચ વગેરે પાછળ બેસુમાર ખર્ચવાનુ આવા પેપરોને કેમ ન પાલવે?

प्रासंगिक नोंध.

લખનાર—વાડીલાલ મો. શાહ.

रतलाम जैन ट्रेनींग कॉलेजना व्यवस्थापको पांच वर्ष सुधी पारके पैसे 'अखतरो' कर्या पछी हवे 'भूल्या त्यांथी फरी गणवा' धारे छे.

રતલામ જૈન ટ્રેનીંગ કૉલેજ નામની સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના હસ્તકની સંસ્થાની મૃતપ્રાય હાલત સમ્બન્ધમાં આ માસિકના ગયા અંકમાં એક 'નોંધ' લખવામાં આવી હતી. હમેશ બનતું આવ્યું છે તેમ, આ નોંધથી કૉન્ફરન્સના કહેવાતા આગેવાનોને બહુ ખોટું લાગ્યું છે અગાઉ એ જ કૉલેજના એક વિદ્યાર્થી મી. વાડીલાલ મૂળજીએ 'મુંબઈ સમાચાર' વગેરે પત્રોમાં કૉલેજની ગેરવ્યવસ્થા સબંધે જાહેર પોકાર ઉઠાવ્યો હતો, પરન્તુ તે વખતે કૉલેજ અને કૉન્ફરન્સના બની બેઠેલા આગેવાનો એ સત્યપ્રિયને જૂઠો પાડવા અને કૉલેજ સબંધે કોઈ ટીકા કરવી એ 'નિંદા' છે એમ જણાવી લોકોની આંખે પાટા બાંધવા પ્રવૃત્ત થયા હતા. ત્યાર પછી એ આગેવાનોની સમજમાં કાંઈક અંશે ઉત્ક્રાન્તિ થયેલી જોઈ મ્હને સંતોષ થાય છે, કારણ કે જો કે ગયા અંકની મ્હારી 'નોંધ' થી તેઓ રાતાપીળા થઈ ગયા હતા તો પણ વસ્તુસ્થિતિ છુપાવી છુપાય તેમ નથી એમ જોઈને તેઓએ હમણાં એક 'ઠરાવ' દ્વારા જાહેર કબુલાત કરી છે કે "કૉલેજના કામકાજમાં શિથિલતા દૃષ્ટિગોચર થાય છે."

ચાલુ મે માસની તારીખ ૧૫ અને ૧૬ મીએ રતલામ ખાતે કૉલેજની એક કમિટી બોલાવવામાં આવી હતી, જેમાં કેટલાક ગૃહસ્થો કે જેઓ 'મેમ્બર' નથી ત્હેમને પણ 'સલાહકાર' તરીકે આમંત્ર્યા હતા, પરન્તુ કોઈએ હાજરી આપી નહોતી એમ એક 'સલાહકાર' મી. દુર્લભજી

ત્રિભુવનદાસ ઝવેરી મોરબીવાળા, કૉલેજની બાબતમા ટીકા કરનારને કૉલેજને વિઘ આપનાર તરીકે ઠરાવવાના આશયથી લખેલા એક ચર્ચાપત્ર દ્વારા, 'જૈનહિતેચ્છુ' ઑફિસને જણાવે છે. મી. ઝવેરી પોતાના ચર્ચાપત્રમા જે જે અસબદ્ધ, પરસ્પરવિરોધી, અનુભવહીન અને બીજાના હાથમા રમકડુ બની પીપુડી બજાવવા જેવી તથા કુભેટગણીભરી ટીકાઓ લખેછે ત્હેને બાદ કરી, સ્થાનકવાશી જૈન મતને જાણવા જરૂરી એવા જે સમાચાર તે ચર્ચાપત્રમા લખવામાં આવ્યા છે તે અત્રે અક્ષરેઅક્ષર ઉતારવાની મ્હારી ફરજ છે. તે બાઇ લખેછે કે—

"આશાજનક બુદ્ધિથી વિચાર કરતાં, વ્યવસ્થામાં સુધારો થવાથી વિજય મળવાના ચિન્હો પ્રકાશવા સંભવિત છે. સ્વધર્મી પ્રિન્સીપાલ અને શિક્ષકો મળી શક્યા હોત તો આવી કફોડી સ્થિતિ થવા ન પામત. આ કફોડી સ્થિતિના કારણોનો બારીકીથી અભ્યાસ કરી આ વખતની કમિટીમા કેટલાક ઉપયોગી ઠરાવો કરી શકાયા છે જેમાંના કેટલાક જરૂરી આ નીચે ઉતારી લઉં છુ અને મને ખાત્રી છે કે તે સમગ્ર જૈન કોમને સતોષ આપશે જ.

૧ કૉલેજના કામકાજમા હાલ જે શિથિલતા દૃષ્ટિગોચર થાય છે તેનું મુખ્ય કારણ લાયક સ્થાઇ પ્રિન્સીપાલ અને અન્ય યોગ્ય શિક્ષકોનો અભાવ છે અને જ્યા સુધી કાયમી, સારા લાયક વિદ્વાન્ પ્રિન્સીપાલ અને શિક્ષકોની તજવીજ ન થાય તો ભવિષ્યમાં આપણને મુશ્કેલી ઉભી થવા સંભવ છે તેથી ખાસ ખાસ પ્રિન્સીપાલ અને શિક્ષક વિગેરે તૈયાર કરવાની જરૂરીયાત સ્વીકારી ઠરાવ કરવામાં આવે છે કે-

क. સસ્કૃત સેકડ લેગવેજ વાળા એક સ્વધર્મી ગ્રેજ્યુએટને જૈન તત્વજ્ઞાન વિગેરે ધાર્મિક વિષય અને ભાષણ કળાનો અભ્યાસ કરવા, માસિક રૂ. ૫૦) (ખર્ચ શીખે) સુધીની સ્કોલરશીપ બે વર્ષ સુધી આપવી. તેને વિદ્વાન્ અનુભવી મુનિરાજો અને યોગ્ય આધારભૂત અનુભવી શ્રાવકની પાસે, યોગ્ય વખત સુધી રાખી અભ્યાસ કરવાનો પ્રબધ કરવો. એવી શરતે કે એ બે વર્ષમા તૈયાર થયા બાદ પાચ વર્ષ સુધી તેણે કૉલેજમાં પ્રિન્સીપાલ તરીકે કામ કરવું પડશે. માસિક રૂ. ૭૫) થી શરૂ કરી, દર વરસે માસિક રૂ. ૫ પ્રમોશન આપવામા આવશે આ બાબતની

કરવાનુ કામ શ્રીયુત્ પુરૂષોત્તમ માવજી વકીલ અને મી દુર્લભજી ઝવેરીને સોપવામા આવે છે તેઓ આ બાબત જલદી પ્રબંધ કરે. આ ખર્ચ કૉલેજના રીઝર્વ ફંડમાથી દેવુ.

ख. કોન્ફરન્સ ઑફીસના હેડ ક્લાર્ક માગરોળવાળા મી. ઝવેરચંદ જાદવજી જેણે ઉપદેશક તરીકે દક્ષિણમા અને હાલમા ઑફીસમા સતોષકારક કામ કર્યું છે (અને જેનો ધાર્મિક અભ્યાસ અને અનુભવ સારો છે) તેને જૈન તત્વજ્ઞાન અને સસ્કૃતનો વિશેષ અભ્યાસ કરવા બનારસની યોગ્ય પાઠશાળામા ત્રણ વર્ષ સુધી મોકલવા માસિક રૂ ૩૦) ત્રીસ (ખર્ચ શીખે) ની સ્કોલરશીપ આપવી. એવી શરતે કે ત્રણ વર્ષ બાદ પાચ વર્ષ સુધી તેને કૉલેજના શિક્ષક તરીકે કામ કરવુ પડશે, પગાર માસિક રૂ. ૪૦) ચાલીશ અને દર વરશે માસિક રૂ ૩) નુ પ્રમોશન મળશે. જો મી. ઝવેરચંદ આ મજુર ન કરે તો બીજા કોઈ લાયક સ્વધર્મીને તેને બદલે મોકલવો. આ ખર્ચ કોલેજના રીઝર્વ ફડમાંથી આપવું. આ કામ મી ધારશી ગુલાબચદ ડૉક્ટરને સોપવામા આવે છે જેણે આ બાબતનો તુરત બંદોબસ્ત કરવો

ग. ગઇ કમિટીમા મેટ્રિક પાસ વિદ્યાર્થીઓનો એક સ્પેશીયલ ક્લાસ, ઉપદેશકો તૈયાર કરવા માટે ખોલવાનો ઠરાવ થયો હતો પણ શિક્ષક ન મળવાથી અમલમા નહોતો આવ્યો હાલ તેમને શિખવવાના કોર્સનો કાચો ખરડો કરવામા આવ્યો છે જે વિદ્વાનોની સલાહ લઇ નક્કી કરવામા આવશે-આ ભણાવવા માટે લાયક શિક્ષકની જરૂર છે તો જે કોર્સ નક્કી થાય તે બાબતમાં વિશેષ જ્ઞાન મેળવવા આવતા ચોમાસામા, ચાર માસ માટે, પડિત અવધાની મુની શ્રી રત્નચદ્રજી પાસે સુરતમા, કૉલેજમાથી સારી આશા આપનારા નીકળેલા નીચેના ત્રણ વિદ્યાર્થિઓમાથી એકને રાખી, કોર્સમા નક્કી થયેલા પુસ્તકોનુ જ્ઞાન મેળવવા મોકલવા મી. મોતીલાલ શ્રીમાર, મી મણીલાલ શીવલાલ, મી૦ ચુનીલાલ કલ્યાણજી આ ત્રણમાંથી એકને મોકલવો. માસિક રૂ. ૨૫) પચીસ (ખર્ચ શીખે) ની સ્કોલરશીપ આપવી એવી શરતે કે તેણે કૉલેજમા માસિક રૂ ૨૭) સતાવીશના પગારથી કામ કરવુ પડશે.

૫—ગઇ કમિટીના ઠરાવ મુજબ તા. ૧૫ જાન્યુઆરી ૧૯૧૫ થી સ્પેશીયલ ક્લાસ શરૂ કરવો. તેમાં મેટ્રિક પાસ સંસ્કૃત ભાષાવાળા

૫ વિદ્યાર્થીઓને દાખલ કરવા તેને ખાવા પીવાનું, રહેવાનુ, બધુ કૉલેજને ખર્ચે આપવામા આવશે. એક વર્ષ સુધી ધાર્મિક અને ભાષણકળાનુ શિક્ષણ આપવામાં આવશે અને પાસ થનારને માસિક રૂ ૩૦) ના પગારથી ઉપદેશક તરીકે રાખવાનુ કોન્ફરન્સની મેનેજીંગ કમિટીએ કબુલ કર્યુ છે. જો મેટ્રિક પાસ પુરા વિદ્યાર્થીઓ નહિ મળે તો મેટ્રિક ફેઇલ વિદ્યાર્થીઓને પણ તક આપવામા આવશે તેની બીજી ભાષા સંસ્કૃત હોવી જોઇએ અને તેને ત્રીસને બદલે રૂપીયા પચીસનો પગાર મળશે.

ઉપલા ઠરાવો દેશકાળને અનુસરતા થયેલા સર્વ કોઇ સ્વીકારી શકશે ગ્રેજ્યુએટોને જૈન પંડીતો બનાવવાનો આ પ્રયાસ ખરે સ્તુતિ પાત્ર ગણાવો જોઇએ જો કે આ વિચાર પાંચ વર્ષ પહેલા ઉદ્ભવ્યો હોત તો કૉલેજની વર્તમાન શિથિલતાથી શરમાવું ન પડત. પણ ખેર ! જાગ્યા ત્યાંથી સવાર માનીયે તો પણ ઘણુ થઇ શકશે”

આ ઠરાવો કોની દરખાસ અને કોના અનુમોદનથી પાસ થયા, બીજા કયા કયા ઠરાવો થયા, અને કોણ કોણ ‘મૅમ્બરો’ હાજર હતા એ વગેરે અવશ્ય જાણવા જોગ ખબરોથી સ્થાનકવાશી જૈન કોનને બેનસીબ જ ગણવામા આવી છે. માત્ર આ બે ઠરાવો આપીને મી ઝવેરી આશા બતાવે છે કે હવે તો જરૂર પબ્લીકે કૉલેજ માટે શ્રદ્ધા રાખવી જ જોઇએ અને સતોષ બતાવવો જ જોઇએ.

સ્થાનકવાસી જૈન સંઘ આ વચનોથી કેટલો પીગળે છે અને કેવી શ્રદ્ધા બતાવવા નાકળી પડે છે તે હવે પછી જોવાનુ છે પાંચ વર્ષ સુધી જેઓ કાર્યવાહકો અને સલાહદાતાઓ હતા તેમના કાર્ય અને સલાહથી શુ બની શક્યું છે તે આપણી આંખ આગળ મોજુદ છે, તેજ કાર્યવાહકો હવે પછી શુ કરી બતાવશે તે આપણે જોવાનુ રહે છે. હુ કોઇને નિરાશ કરવા માગતો નથી, દૃઢ નિશ્ચય અને સેવા બુદ્ધિ આગળ કોઇ ચીજ અશક્ય નથી એ સત્યને ખાંડુ કરવા ઇચ્છતો નથી, પરન્તુ એક ધાર્મિક કૉલેજની વ્યવસ્થા માટે શિક્ષણ પદ્ધતિ અને અધ્યાત્મ જ્ઞાન એવા જે બે તત્વો આવશ્યક છે તે તત્વોમાં બેનસીબ રહેલ બે ચાર માણસો બે દિવસ વાતો કરી નાખે અને એ વાતો વડે અશક્ય શક્ય બની જાય એવી હવાઇ કલ્પના તો કોઇપણ અનુભવી માણસ ભાગ્યે જ માન્ય રાખી શકશે

મી. ઝવેરી ઉપલા ચર્ચાપત્રમાં લખે છે કે, **કાગળો અને તારો**
લખવા છતાં કોઈ ગૃહસ્થો કમિટીમાં હાજર થયા નહોતા,
બરાબર છે: પણ આ ગેરહાજરીનું ખરૂં કારણ સમજવાની મી
ઝવેરી અને જેમની હેમણે 'ચીઠ્ઠ' લીધી છે તેઓને દરકાર છે?
કૉન્ફરન્સ વગરપાયાની સંસ્થા થઇ પડી છે. કહેવાતા આગેવાનોએ
અનેક વખત લોકોની આંખમાં ધૂળ નાંખી વિશ્વાસ ગુમાવ્યો છે,
સ્વતંત્ર વિચારને તનદુરસ્તીનું સ્વરૂપ ગણવાને બદલે શત્રુવટ અને ઇર્ષા
ભાવ માનવાની મૂર્ખતા કૉન્ફરન્સના હવાઈ મહેલના પ્રમુખ રહી છે
બાલીશતા અને (નોકરી કે વ્યાપાર સમ્બન્ધી) લાભને જ સ્વધર્મ
દાઝ મનાવવાની ચાલાકી તે હવાઈ મહેલમાં નિરાંતે છુપાઈ શકે છે
અનુભવ અને અભ્યાસને બદલે હઠ અને કલ્પનાશક્તિ જ ત્યહાં
પૂજાય છે **આ બધું સ્વરૂપ** જોવા પામેલાઓ **હજીએ** એ 'રમતડી'-
માં સામેલગીરી આપવા દોડે એ પોતાના હૃદયને અને કોમને ઠગ્યા
સિવાય તો ભાગ્યે જ બની શકે કૉન્ફરન્સની અને કૉલેજની દરેક
મીટીંગમાં આ લખનારે પોતે 'વોટ' આપવાના અધિકાર વગરના
'સલાહકાર' તરીકે હાજરી આપી હતી અને લગભગ દરેક પ્રસંગે
તે જોતો કે અમુક અગાઉથી તૈયાર કરેલા ઠરાવો જ પસાર થતા
અને દરેક પ્રસંગે હેને ગરમાગરમ ચર્ચામાં ઉતરી પોતાનું શરીર તોડી
નાખવું પડતું 'જૈનસમાચાર' બંધ થવા પહેલાના થોડા અઠવાડીઆની
વાત ઉપર અજમેર ખાતે કૉન્ફરન્સની મૅનેજીંગ કમિટી ભરવામાં આવી
હતી તે વખતે આ લખનાર ભયંકર બીમારીમાં હોવાથી જેત-
લસર કૅમ્પ ખાતે રહેતો હતો અને કાંઇ પણ લખવા-વાંચવા કે પાંચ
મીનીટથી વધુ વખત વાતચીત કરવાની હેને હેના ડાક્ટરોએ સખ્ત
મના કરી હતી. તે છતાં, જ્યહારે કમિટીમાં એક 'સલાહદાતા' તરીકે
હાજરી આપવાનું આમંત્રણ તાર દ્વારા ત્યહાં મળ્યું ત્યહારે કૉન્ફરન્સના
એક પ્રાન્તિક સેક્રેટરી શ્રીયુત અભેચંદભાઇ કાળીદાસ વકીલની ખાસ
મના છતાં એવી માંદગીમાં પણ તે કાઠિયાવાડથી અજમેર ગયો
હતો. શું એ કૉન્ફરન્સ પ્રત્યેની લાગણી **વગર** જ બન્યું હતું? અને
તેમ છતાં એ હાડમારી ભોગવવાનું **પરિણામ** શું આવ્યું હતું? હેની
સાચી સૂચનાઓ મારી ગઇ, હેના ઉપર અંગત દ્વેષ બતાવવામાં
આવ્યો અને ખેદ અને શ્રમને પરિણામે રાત્રે હેને અસહ્ય દર્દ
થવાથી જમીન પર આમતેમ આળોટીને મુશ્કેલીએ રાત્રી પસાર કરી,

મી. ઝવેરી આજે જ્યારે 'શાણી સીતા' બની ટીકાકારોને ખુની ઠરાવવા અને સલાહ આપવા બહાર પડયા છે ત્યારે હેમને એક બીજો બનાવ યાદ કરાવ્યા સિવાય રહી શકાતું નથી. હમારી **મોરબી** કૉન્ફરન્સ વખતે **અમદાવાદના એક ચુંટાયલા ડેલીગેટ**, કૉન્ફરન્સના પિતા શેઠ **અંબાવીદાસ** તરફથી **ખાસ પત્રવડે** નોતરાયલા સલાહકાર, હમારી કોમના એકના એક પત્રકાર અને કૉન્ફરન્સની જરૂરીઆતનો **સૌથી પ્રથમ** ઉપદેશ કરનાર એટલા બધા હક્કો સાથે કૉન્ફરન્સની બેઠકમા ભાગ લેવા માટે **મોરબી**માં આવનાર યુવાનને અધારી ગત્રીએ ઉતારો, ટીકીટ, વૉલંટીયર, વાહન કાંઇ પણ નહિ આપવાની જોહુકમી કરીને બે દિવસ સુધી ભર શિયાળાની ટાઢીમાં ખુલા મેદાનમાં પડી રહેવાની ફરજ પાડનાર, અને મંડપમાં ટીકીટ કે જગા આપવાની ના કહેનાર હમે કૉન્ફરન્સવાળાઓ જ હતા કે? પ્રતિનિધિઓ અને પરોણાઓને નોંતરું આપીને આવી મરદાઇ તો હમે કૉન્ફરન્સવાળા જ કરી શકો, કારણ કે હમે ઘણા ઉદાર દીલના અને કોમનું હિત ઇચ્છવા માટે જન્મ પામેલા આત્મભોગી બહાદુરો છો. હમો કૉન્ફરન્સવાળાઓ બહારથી એવો દેખાવ કરો છો કે હમે તો બધાની સલાહ અને સામેલગીરી માગતા આવ્યા છો: પછી, સામેલગીરી કે સલાહ આપનારને અપશબ્દો, તિરસ્કાર, ત્રાસ અને શરમ આપો છો અને બીજાઓની મહેનતનુ માન હમે લોકો ખાટી જઇને હમારી અજ્ઞાનતા કે જક્કીથી બગડતા કામો માટે બીજાઓની ટીકાઓને જોખમદાર ઠરાવો છો. બીજાઓને અપમાન કે ઠપકો મળતા પણ જો હમારાથી કોમનું કાંઈ શ્રેય થઇ શક્યું હોત, કોઈ ખાતું હમે જાતમહેનતથી કે દેખરેખથી કે ડહાપણભરી સલાહથી ૭ સાત વર્ષે પણ સુધારી બતાવ્યુ હોત, કે વધુ નહિ તો ફંડમા સારી રકમ આપી કે અપાવી હોત તો તેથી કોઇને બળાપો કરવાનો રહેત નહિ; પણ હમે કહેવાતા ખેરખ્વાંઓ કૉન્ફરન્સથી દૂરના દૂર જ રહો છો અને માત્ર તાળોટા પાડવા વખતે જ હાજરી આપીને બિચારા અજ્ઞાન ભોળા લોકોને ફોસલાવી દો છો કે "ભાઇ! પચના કામ પાંગળાં છે, જુઓ, કોઇ વિદ્વાનો કે આગેવાનો હાજરી આપવા જેટલી પણ દાઝ ધગરે છે? અમને તો કૉન્ફરન્સ વહેલી છે અને ધર્મનો પ્રેમ રગે રગે વ્યાપેલો છે એટલે અમારે કાંઇ છુટકો જ ?" કૉન્ફરન્સના કાર્યવાહકોના

આગર તો છૂટી હતા અને તેથી પોતાને સમાજનેતા થવાને નાલાયક પુરવાર કરનારા હતા.

અલબત હવે નેતાઓને પોતાની ભૂલ કબુલ કરવી પડી છે એટલું પણ દીલાસો લેવા જેવુ છે, પરન્તુ એ ભૂલમાં તેઓ બીજાને લઇ પડે છે એ ચોખ્ખી બાલીશતા છે. બાલક પડી જાય છે ત્યહારે રડે છે અને પડી ગયાનું કબુલ કરે છે પણ ત્હેનો દોષ પાસે ઉભેલા નાઇ સ્વજન પર ઢોળી પાડે છે, તે કહે છે કે "અમુક ભાઇ બોલચાલ કરતો હતો તેથી હુ પડી ગયો" ' આવી બાલીશતાથી કાઇ સમાજના કાર્ય આગળ વધી શકે? પણ હજી કાંઇ બગડી ગયુ નથી, કારણ કે કૉંસેજના નેતાઓની 'બ્રાક' લઇ નીકળેલા મી. ઝવેરી જણાવે છે કે "એક પગ મુકાઇ ગયો છે હવે બીજો પગ મુકી આબરૂ ભેર આગળ વધવું શોભા ભર્યું છે, પણ પગ પાછો ઉપાડી પલાયન કરી જવાનુ હીચકારૂ કાર્ય કોમની હાંસી કરાવનારૂં છે;" તથા "માનની મારામારીને પગની પાટુથી પાતાળમા પહોંચતી કરી, ઉઘાડે પગે, ઉઘાડા વાસે અને ઉઘાડા મસ્તકે–શ્રમ–નુકશાન અને અપમાનથી ડરી નિરાશ ન થતા એક નિશ્ચયથી કામ થાય તો જ પચના પરમાર્થ કામો નભી શકે." ખરેખર મી. ઝવેરીનો આ ઉપદેશ સ્તુત્ય છે અને એવા વિચારો માટે હુ ત્હેમને ધન્યવાદ આપુછુ. હુ પણ ત્હેમને એ જ કહુ છુ કે 'હવે પગ પાછો ઉપાડી પલાયન ન કરતા;' એ 'હીચકારૂ–કોમની હાંસી કરાવનારૂ કાર્ય' કરશો તો લોકોની બત્રીશીએ ચ્હડશો; ટીકાકારોની ટીકાને નહિ ગણકારતાં હવે તો એક 'નિશ્ચયથી' કામ કરી જ બતાવો, કામમા 'શ્રમ નુકશાન અને અપમાન' સહન કરવા સજ્જ થાઓ, 'ઉઘાડા પગે અને ઉઘાડા મસ્તકે' ફરીને કોન્ફરન્સને તાજી કરો (પણ મૂળ મુડી ખુટાડીને ઉલટા મંપસેવકમા ખપવાનો ડોળ છોડી દો) પરાયાને જે શિખામણ આપો છો તે, મિત્ર ઝવેરી ' ત્હમે જ હવે અમલમા મૂકી બતાવો.

ત્હમને જેવો અને જેટલી સગવડો છે તેટલી પાંચ લાખ શ્વાર જૈનોમા બીજા કોઇને નથી. (૧) ત્હમને કૉન્ફરન્સ પ્રત્યે બીજા કરતા વિશેષ લાગણી હોવાનું ત્હમારૂં વર્તમાનપત્ર જાહેર કરે છે, (૨) ત્હમારી પાસે આર્થિક સાધન એટલું છે કે આવા ફોકટીન

લેવા ઇચ્છનારાઓને પાકો વિચાર કરવાની સગવડતા મળે—(૧) પહેલા ઠરાવની રૂએ પેટાકલમમાં પ્રિન્સિપાલની જગાના ઉમેદવાર ગ્રેજ્યુએટને ૭ વર્ષ સુધી અને બીજા એકને ૮ વર્ષ સુધી બાંધવામાં આવે છે; તો આ ઠરાવ અમલમાં મૂકાય ત્યારથી ઓછામાં ઓછાં ૮ વર્ષ સુધી કૉલેજ ટકી રહે એટલું ફંડ શીલીકમાં છે એવી ખાત્રી આપવા માટે હાલની શીલીક અને આવતા ૮ વર્ષના ખર્ચના અડસટ્ટા જાહેર કરવા; (૨) પ્રિન્સિપાલની જગા માટે જ જે ગ્રેજ્યુએટ બીજી લાઇનમાં કામ ન લાગે એવા ખાસ વિષયોનો અભ્યાસ કરવામાં બે કિમતી વર્ષોનો ભોગ આપશે હેને શિક્ષણ સમ્બન્ધી સંપૂર્ણ સત્તા આપવામાં આવશે કે મી. કચ્છી જેવા સહૃદય M. A. ના કામમાં હરઘડી માથું મારવાના આવતું તેમ માથું મારી જગા છોડવાની ફરજ પાડવાના સંભવને ઉભો જ રહેવા દેવામાં આવશે? કારણ કે તેમ થાય તો તે ગ્રેજ્યુએટને **સાતવર્ષ** નકામાં ગાળી નવે નામે જીંદગી શરૂ કરવાનો વખત આવે. (૩) કૉલેજની પાંચ વર્ષની કારકીર્દી નિરાશાજનક હોવાનું ખુદ કૉલેજના કાર્યવાહકો કબુલ કરે છે તો **તેવી** કૉલેજમાં ૩ વર્ષ **પ્રાથમીક** જ્ઞાન શિખવા પામેલા વિદ્યાર્થીને **માત્ર ૮ માસના** શિક્ષણથી, કૉલેજના એક **શિક્ષક** થવાને લાયક બનાવવાનું સામર્થ્ય પોતામાં છે એમ પંડિત મુનિ શ્રી રત્નચંદ્રજી મહારાજ સ્વીકારે છે કે કેમ તે તેમને પૂછાવીને જાહેરમાં મૂકવું જોઇએ.

નવા ફેરફારોને લગતી દરેક હકીકત અને ખુલાસા જાહેરમાં મૂકાય અને ઠરાવો અમલમાં મૂકાઇ વિદ્વાન્ વર્ગને સંતોષ ઉપજે એવું **પરીણામ** બનાવવામાં આવે એવી ઇચ્છા સાથે હમણાં તો આપણે અત્રે જ વિરમીશું. [25-5 14.

એક જૈન ગ્રેજ્યુએટને મળેલી અમેરિકન ઑનરરી ડીગ્રી—મી. મણિલાલ હાકેમચંદ ઉદાણી M. A. L. L. B. ને અમેરિકાની ઓરીએન્ટલ યુનીવર્સીટી તરફથી ઑનરરી M. A.-ની ડીગ્રી ચાલુ માસમાં એનાયત કરવામાં આવી છે તથા તે યુનિવર્સીટીના હિંદ ખાતાના પ્રતિનિધિ નીમવામાં આવ્યા છે. મી. ઉદાણી એક ઉત્સાહી સ્થાનકવાસી જૈન છે અને મુંબઇની કોર્ટોમાં પ્રેકટીસ કરે છે અમે તે સ્વધર્મી મહાશયની યુગ્યાયતી કદર માટે અભિનંદન આપીએ છીએ.

साचुं कोण : संघ के 'शासन' ?

ભાવનગરના શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની એક મિટિંગ તા. ૧૦મી મેના રોજ મળી હતી, જેના પ્રોસીડીંગની નકલ 'જૈન-ધર્મપ્રકાશ'માં નીચે પ્રમાણે પ્રકટ થઈ છે—

"આજ રોજ સં. ૧૯૭૦ના વૈશાખ વદ ૧ રવીવારે શ્રી ભાવનગરનો સંઘ મળ્યો હતો. તેની અંદર મુંબઈના સંઘ તરફથી આવેલા બે કાગળો વંચાણમાં લીધા. તે ઉપરથી મુંબઈના સંઘના પત્રને અનુસરીને ભાવનગરનો સંઘ પણ દિલગિરી સાથે મુનિ નિંદાવાળા જે લખાણ જૈન-શાસન ને જૈન એડવોકેટમાં છપાઈ આવેલા છે તેને માટે નાપસંદગીનો ઠરાવ કરે છે

"મુંબઈના સંઘના લખાણને અનુસરીને જૈન શાસન પત્રના માલેક પરશોતમ ગાગાભાઈને સંઘના રૂબરૂ બોલાવીને જૈન શાસન પત્રમાં મુનિ નિંદાયુક્ત ગલીચ ભાષાના લખાણ નહીં છાપવાનું ફરમાવવામાં આવતાં તે વાત તેણે કબુલ કરી.

"ઉપર પ્રમાણેની ખબર શ્રી મુંબઈના સંઘને લખી મોકલવાનું ઠરાવ્યું."

બીજી તરફ, 'જૈન શાસન'ના તા. ૧૩ ની મેના અંકની 'નોંધ' બોલે છે કે—

"આજ ઘણા વખતથી જૈન એડવોકેટ અને જૈન શાસનમાં ચર્ચાતા લેખો માટે મુંબઈના શ્રી સંઘે એક ઠરાવ કરી ભાવનગરના સંઘ ઉપર મોકલેલ તે ઠરાવ ઉપર વિચાર ચલાવવા તા. ૧૦ મી મે ને રવિવારે બપોરે બે વાગે ડોશાભાઈ અભેચંદવાળા હોલમાં અત્રેના શ્રી સંઘની એક મીટીંગ વોરા અમરચંદ જસરાજના પ્રમુખપણા નીચે મળી હતી પ્રથમ કેટલીક ચર્ચા ચાલ્યા પછી અમોને બોલાવવામાં આવ્યા હતા અને અમોને જણાવવામાં આવ્યું કે "જૈન શાસનમાં જે લેખો ગલીચ ભાષામાં ચર્ચાય છે તેવી ભાષામાં નહીં ચર્ચવા ભલામણ કરવામાં આવી હતી" ઉત્તરમાં અમે કહ્યું કે—"અમારા ચર્ચા પત્રીઓને તેવી ભાષામાં લેખો નહી લખવા અમારા છેલા બે અંકોમાં વારંવાર ભલામણ કરી ગયા છીએ અને પુનઃ પણ તે પ્રમાણે ભલામણ કરશું" પછી અમોને રજા આપવાથી અમે ચાલ્યા ગયા હતા."

હવે આ બેમાં ખરૂં કોણ? ભાવનગર સંઘ જાહેર કરે છે કે ગલીચ ભાષાના લખાણ નહિ છાપવાનું ફરમાવવામાં આવ્યું

અર્થાત્ સભા તરીકે મના કરવામાં આવી અને તે હુકમ 'શાસન'ના અધિપતિએ **કબુલમંજુર રાખ્યો.** બીજી તરફથી 'શાસન' કહે છે કે અમને માત્ર '**ભલામણ**'-સૂચના કરવામાં આવી હતી અને અમે એનો જવાબ આપ્યો કે એવી ભલામણ અમે અમારા ચર્ચાપત્રીઓને કરી છે અને કરીશું ! (બઅઅઅસ) પોતે તો કાંઈ વાંધાભર્યું લખાણ લખ્યુ જ નથી! તેમજ ચર્ચાપત્રીઓ લખેછે તે ગલીચ લખે છે એમ **સ્હમજવા** છતાં એ લખાણોને **પોતે જ** પ્રગટ કરે છે એ પોતાનો દોષ છે એવું કબુલ કરવાની કાંઈ પણ જરૂર નથી!)

તા. ૧૧ મીની મીટીંગમાં સંઘ ઠરાવ કરે છે; '**શાસન**'ના અધિપતિ ને ઠરાવનો અમલ કરવા કબુલ થાય છે; અને તે છતાં તા. ૧૪ મીના અંકમાં-ત્રીજેજ દિવસ આચાર્ય **નેમવિજયજીનું** પીંજણ ચાલુ રાખેછે જૈન જર્નાલીઝમનું આવું અધ:પતન સાચા જૈનોને એ ધધામાં જોડાતા અટકાવે એવુ છે, એ ઉપરાંત વિશેષ કહેવાની ઇચ્છા થતી નથી

ટ્રેન ઉભી રાખવાનો સહેલો ઉપાય ન આવડયો !:— 'જૈનશાસન' અને 'જૈન એડવોકેટ' વચ્ચે જે ભયંકર વાગ્યુદ્ધ ચાલતું હતુ તેણે હવે **નોટીસબાજીનું** રૂપ પકડી **પ્રગતિ** કરી બતાવી છે ! આ પ્રગતિ કાંઈ **અણધારી** થઈ નથી અને એથીએ **વધારે** પ્રગતિ થાય તો તે પણ અણધારી નહિ ગણાય; કારણ કે આગેવાનો ગરૂ વર્ગથી ડરતા—થરથરતા અને શાસનહેલનાના સ્વકલ્પિત વાત્રથી કંપતા હોય ત્હાં આ સિવાય બીજું પરિણામ આવી શકે જ નહિ. ૨૫-૪૦ ડબ્બા સાથે દોડતી ટ્રેનને અટકાવવી હોય તો જોર કર્યે ક્હાડો વળવાનો નહિ જ; માત્ર સાંકળ ખેંચવાથી થોડી મિનિટમાં આખી ટ્રેન બંધ પડશે. **ભાવનગર** અને **મુંબઈનો** સંઘ આટલો મોડો મોડો પણ 'સાંકળ'ને પહોંચી જવા કૃપા કરશે? 'થડ'-ને છોડી 'ડાળીઓ' ને વળગવાથી સાર્થકતા ભાગ્યે જ થાય.

એક રોજીંદા પત્ર માટે કેપીટલ કેટલું જોઇએ !—ઉત્તર હિંદના મુસલમાનો મુસલમાન કોમના વાજીંત્ર તરીકે એક ગેઝેટ પત્ર ક્હાડવાની પેરવી કરે છે અને ત્હેને નિભાવવા માટે ૨૫૦૦ ગ્રાહકો અગાઉથી મેળવી ચૂક્યા છે. પણ એક અનુભવી પત્રકાર સલાહ આપે છે કે, ગ્રાહકોની સંખ્યા પર આધાર રાખવો એ પેપરના જીવન માટે બીલકુલ સલામતી ભરેલું નથી. ઓછામાં ઓછા રા લાખ રૂપિયાની જોગવાઈ પ્રથમ કર્યા પછી જ દૈનિક પત્ર ક્હાડવું. આ સમાચાર, પત્રકારના ધંધાના ખર્ચાળપણાનો તથા મુશ્કેલીઓનો ઠીક ખ્યાલ આપી શકશે.

अमदावादनी विसाश्रीमाळी श्रावक ज्ञातिना नवा धारा.

वीसमी सदीमां बारमी सदीना ढंग !

અમદાવાદની વિશા શ્રીમાળી શ્રાવક જ્ઞાતિએ સંવત્ ૧૯૬૮ ના ભાદ્રપદ વદિ ૨ ના રોજ જે ધારા ઘડ્યા છે ત્હેની છાપેલી એક પ્રત હમણાં વાંચવામાં આવતાં તત્સમ્બન્ધમાં બે શબ્દો હિત બુદ્ધિએ લખવાની જરૂર જણાય છે. આ જ્ઞાતિમાં આ ધારા નક્કી થવા પૂર્વે કેળવાયલા વર્ગે જૂના આગેવાનો સ્હામે પોકાર ઉઠાવ્યો હતો અને આગેવાનોની સત્તા, વ્યક્તિઓના હક્કો તથા વિદ્યોત્તેજક ફંડ સમ્બન્ધમાં કેટલીક ચર્ચા ચલાવી હતી; પરન્તુ તેઓ આખર એક યા બીજા કારણથી દબાઇ ગયા હતા અને શેઠીઆ વર્ગે પોતાનું ધાર્યું કરવામાં ફતેહ મેળવી હતી. તથાપિ એટલું અલબત સ્વીકારવું પડશે કે કેળવાયલા પક્ષના આગ્રહને લઇને કેટલાક સુધારા નો અવશ્ય થવા પામ્યા હતા; દાખલા તરીકે નાળીએર નહિ વ્હેંચવા નો, આઠ-દશ ટકાને બદલે માત્ર એક જ ટકો વ્હેંચવાનો તથા મરણ પછીની ગઢારોળની મર્યાદા કરવાનો સુધારો મંજુર થયો હતો. વળી જ્ઞાતિની આમદાનીમાંનો અમુક ભાગ જ્ઞાતિનાં બાળકોને કેળવણીના ઉત્તેજન આપવામાં ખર્ચવાનું ઠર્યું હતું, કે જે આગળ વધતા પગલાનો સ્વીકાર કરવા માટે જ્ઞાતિને ધન્યવાદ આપવાને આપણે બંધાયલા છીએ.

પરન્તુ, **અમદાવાદની વિસાશ્રીમાળી શ્રાવક** જ્ઞાતિને જેટલો **ધન્યવાદ** ઘટે છે તેથી વિશેષ **ઠપકો** ઘટે છે; કારણ કે **વીસમી** સદીમાં રહેવા છતાં **બારમી** સદી જેવી સંકુચિત વૃત્તિનો પક્ષો તે જ્ઞાતિ છોડવા માગતી નથી. આ ટીકા ઉશ્કેરનાર તે જ્ઞાતિના 'ઠરાવો' નીચે પ્રમાણે છે—

૧ "ઢુંઢીઆ ધર્મવાળાને ત્યાં જમવા જવાનો અગર તેને જમાડવા નો વ્યવહાર રાખવો નહિ. પરંતુ આપણી ન્યાતમાં જેને ઘેર ઢુંઢીઆ જમાઇનો હોય તે જમે તેની હરકત નહિ."

૨ "વૈષ્ણવ વીગેરે અન્યદર્શનીને ત્યાં, તથા ઢુંઢીઆને ત્યાં જમણવારમાં જમવા જવું નહિ પણ **બીજે દીવસે બ્રાહ્મણ** પાસે અગર આપણા રસોઇઆ પાસે રંધાવી થાળીઓમાં જમાડે તો **ઢુંઢીઆ સીવાયને** ત્યાં જમવું, પણ અન્ય દર્શનીને ત્યાં આપણી ન્યાતનો માણસ નોકર તરીકે હોય તો તે પડે જમે તેની હરકત નહિ"

૩ "કોઈ પણ પુરૂષ પરન્યાતની કન્યા લાવશે અથવા પરન્યાતમાં કન્યા આપશે તથા ઢુંઢીઆની કન્યા લાવશે તથા ઢુંઢીઆને કન્યા આપશે તેને તેમ થયાની ખબર પડેથી ન્યાતના શેઠ ન્યાતના વહેવારથી દુર કરશે"

આ ૩ ઠરાવો પૈકીનો પહેલો અને બીજો ઠરાવ એમ સૂચવે છે કે, **શેઠ નોકર તરીકેનો સંબંધ હોય તો** ઢુંઢીઆ કે મેશ્રી સાથે જમતાં ધર્મભ્રષ્ટ થવાય **નહિ**; એટલે કે અમદાવાદના **વીશા** શ્રીમાળી શ્રાવકોના હિસાબે **વ્યવહારિક** સંબંધ એ **ધર્મ** કરતાં **વધારે** કિંમતી ચીજ છે! અને **તે છતાં** તેઓ ઢુંઢીઆ અને મેશ્રી કે જેઓ **વીશા** શ્રીમાળી વણિક હોય તેઓનાથી પણ ભોજન વ્યવહાર તોડી અમૂલ્ય વ્યવહારિક સંબંધને ખલેલ કરવા તત્પર થયા છે એ ખરેખર પોતાના જ સિદ્ધાંત વિરૂદ્ધ વર્ત્તવા જેવું પગલું છે.

જ્ઞાતિ, મનુષ્યસમૂહોને જુદા પાડનારી સંસ્થા છે; અને ધર્મ, તમામ મનુષ્યોને જોડનાર તત્વ છે. ત્હેમાં પણ **જૈન** ધર્મ તો ખરેખર જ્ઞાતિના ભેદને પિછાનતો જ ન હતો; તે જૈન ધર્મ આજે એટલો ભ્રષ્ટ થઈ ગયો કે **જૈનેતર** લોકો જ્યારે એક જ્ઞાતિના માણસો સાથે ખાવા-પીવાનો વાંધો લેતા **નથી** ત્યારે **જૈનો** એક જ જ્ઞાતિના પણ જૂદો ધર્મ પાળતા લોકોને નહિ જમાડવા અને ત્હેમને ત્યાં નહિ જમવાના 'ધારા' ઘડવા લાગ્યા છે! —અરે ખુદ જૈન ધર્મના જ એક પેટાવર્ગ સાથે જમવા-જમાડવાનો વ્યવહાર ન રાખવાનો કાનુન એક જ્ઞાતિ તરીકે કરાય એના કરતાં [illegible] અધોગતિ કઈ તે સમજાતું નથી.

"[illegible] ત્યાં [illegible]' કરી હોય તો તે જમવી નહિ, પણ [illegible] ત્યાં બ્રાહ્મણ પાસે રસોઇ કરાવીને અગર **વીશા** શ્રીમાળી શ્રાવક જ્ઞાતિના રસોઇઆ પાસે રસોઈ કરાવીને જમાડે તો હરકત નહિ' ત્હેમ પણ ઢુંઢીઆને ત્યાં તો બ્રાહ્મણ કે રસોઇઆ [illegible] રસોઇ કરાવીને જમાડવા ચાહે તો પણ જમવું નહિ! આ ધારો

જો કોઈ આફ્રિકન પ્રજાએ કર્યો હોત તો આપણને હસવું આવત, પણ વીસમી સદીની એક આગળ પડતી આબાદ કોમે કર્યો છે એટલે શું બોલવું? સાચુ બોલવાની ટેવવાળો દરેક **જૈન** કબુલ કરશે કે સરેરાશ જૈન કરતા સરેરાશ વૈષ્ણવ વધારે ચોકખા હોય છે. એક **શ્રાવક** એક બીજાની એઠી થાળીમા જમે છે અને અઠવાડના ટગલા કરેછે તેમ છૈ બનો જીવ જતા પણ નહિ કરે. વૈષ્ણવો જમતી વખતના કપડા પણ અલાયદાં રાખે છે. વૈષ્ણવ રસોડામા શ્રાવક રસોડા કરતા હજાર ગણી સ્વચ્છતા હોય છે. બલ્કે એક વૈષ્ણવ, **શ્રાવકોની** ગોબરી ટેવોને જોયા પછી એમ અભિમાન સાથે કહી શકે કે **શ્રાવકોને** વૈષ્ણવોના લેવલ પર આવતાં હજી એકાદ સૈકા જેટલો ટાઇમ લાગશે; તે છતા વૈષ્ણવ કુટુંબે કરેલી રસોઇ કરતાં **શ્રાવકના** રસોઇઆની રસોઇ વધારે પવિત્ર ઠરાવાય એવો ન્યાય તો **શ્રાવકો** જ આપી શકે; બીજાની મગદૂર નહિ કે આવી ઘેલી વાતો કરવાની હિમત ધરે!

અહીઆ સવાલ એ થાય છે કે, વૈષ્ણવ અને ઢુંઢીઆને ત્હાં જમવામાં દોષ મનાય છે અને બીજી તરફથી શેઠ-નોકર તરીકેનો સબંધ જાળવવા ખાતર તો વૈષ્ણવાદિને ત્હાં જમતાં હરકત નડતી નથી; તો પછી **ધર્મ** કરતાં **વ્યવહાર** સબંધ વિશેષ પવિત્ર થયો કે નહિ? અને હકીકતમાં છે પણ એમજ. કે આજકાલ **ધર્મપંથો** સમાજને **તોડવાનું** કામ બજાવતા નજરે પડે છે, ત્યારે **રોજગાર** મનુષ્યોને નિકટના સંબધમા **જોડવાનું** કામ બજાવે છે. માટે જે ધર્મો મનુષ્ય જાતિને એક બીજાથી વેગળા લઈ જવામાં ગર્વ માનતા જોવાના હોય તેવા ધર્મોમાં રહેવા કરતાં તદ્દન **ધર્મ** વગરના થઇ માત્ર નીતિના ધોરણને માન આપનારા થવું એ જ (મુકાબલે) વધારે હિતકર છે.

વીશા શ્રીમાળી **શ્રાવક** જ્ઞાતિના ધારા બાંધનારાઓ પોતાના જ્ઞાતિજનોને **હિંદુ** હૉટેલોમાં માત્ર **ઢુંઢીઆ** અને વૈષ્ણવોની જ નહિ પણ **પાટીદાર, સોની, લુહાણા,** અને **પરભુ** કોમના લોકોની સાથે બેસીને બીજાના એંઠા વાસણોમાથી જમતા નજરે જોતા હશે તે વખતે તેમને પોતાના કરેલા ધારા માટે શરમિંદા થવું પડતુ હશે નહિ; પરન્તુ એ શરમિંદા થવાની હકીકત જાહેરમા કબુલ કેમ કરી

શકાય ? પ્રો૦ હર્મન જેકોબી નામના જર્મન સાથે એક ટેબલે બેશીને કેટલાએ જૈનો (જેમાંના કોઇ વીસા શ્રીમાળી જૈન પણ હશે જ) જમી ગયા અને જ્ઞાતિઓ અને મધા સૌ કોઇએ ચુપચાપ જોયા કર્યું તેનું કેમ વારૂ ? સંખ્યાબંધ વીસા શ્રીમાળી શ્રાવકો આ લખનારના પેટ ઉઘાડે છોગે જમ્યા છે અને આ લખનાર તેમના ઘેર ખુલ્લીરીતે જમ્યો છે, અને તે જમનારાઓ પાછા તેમની જ્ઞાતિમાં બેસીને જમી આવ્યા છે; ત્યારે શું ધારો સગવડ મુજબ પાળવાના વિચારથી બાંધ્યો હતો કે? અગર શું માત્ર લોકોમાં હાંશી ફગાવવા ખાતર જ ધારો બાંધ્યો હતો? અગર શું બંધુઓ અને ઢુંઢીઆઓને અપમાન પહોંચાડવા–ઉશ્કેરવા ખાતર જ ધારો લખવામાં આવ્યો હતો ?

આશ્ચર્યની વાત તો એ છે કે ધારા બાંધ્યા છે **બારમી** સદીને બરના, અને તે છપાવ્યાં તેને જાહેરાત આપવી છે **વીસમી** સદીની રીતથી અર્થાત્ પ્રીટીંગ પ્રેસથી ! આવા ધારા છાપખાનામાં છપાવ્યા ન હોત અને જૂના રીવાજ મુજબ લાંબા ચોપડાના પાનામાં કીત્તાવડે બોડીઆ અક્ષરથી લખી રાખ્યા હોત તો જ્ઞાતિનું ગૌરવ સચવાત અને બાબી ગુપ્ત રહેત. હાથે કરીને શેઠીઆઓ છાપે ચડાવ્યા અને વગર લેવા દેવાની ટીકાઓ સાંભળવાનો પ્રસંગ ઉભો કર્યો ! જ્ઞાતિને કોઇ અપમાન કરે તો તેની સખ્ત ખબર લેવામાં આવે છે, તો પછી જે શેઠીઆઓએ જૂના રીવાજને તોડીને ધારા છપાવ્યા તથા વીસમી સદીના પ્રકાશવાળા વાતાવરણમાં જ્ઞાતિની હાંશી કરાવી તે શેઠીઆઓ માટે જ્ઞાતિ હવે શું 'ધારે છે'—શું શિક્ષા ફરમાવે છે એ જોવાનું રહે છે.

ત્રીજી કલમમાં ઢુંઢીઆની કન્યા લાવનારને તેમજ તેને કન્યા આપનારને જ્ઞાતિથી બહિષ્કાર કરવાનું ઠરાવ્યું છે. શ્રાવક ધર્મ (આ શબ્દનો ગુજરાતમાં તો શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વર્ગે ઇજારો લીધેલો છે, મતલબ કે 'શ્રાવક' એટલે સ્થાનકવાસી કે દિગંબર નહિ પણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જ સમજવાની પ્રથા પડી ગઇ છે) —શ્રાવક ધર્મ પાળતી અમદાવાદની દશાશ્રીમાળી જ્ઞાતિના આગેવાન એ અમદાવાદ શાહઆલમે તો ઢુંઢીઆની કન્યા લીધી પણ ખરી અને ઢુંઢીઆને કન્યા દીધી પણ ખરી; અને તે છતાં તેમના આચાર– વિચાર–ધર્મને કાંઇ અડચણ પહોંચી નહિ

[illegible] અમદાવાદની

ત્મિક વલણવાળા અને થોડાક ઉચ્ચ **કેળવણી** પામેલા મનુષ્યો ઉત્પન્ન થવા જોઇએ છે, કે જેઓ આવી પગજુ નબાળી વારની વાડોને દૂર ફેંકી દે અને રસ્તો સાફ બનાવે. શું કેળવણીનો અર્થ એવો છે કે આંધળા થઇ બીજાના પગલે ચાલવાની કબુલાત આપવી? વીસમી સદીનો કેળવાયલો જો આવા હાસ્યજનક ધાગાઓને તાબે થશે તો પછી એ કેળવણી પણ નામની જ સમજાશે. અને અધ્યાત્મનું શું ? શું એવડી મ્હોટી જ્ઞાતિમાં ૫-૨૫ પણ જૈન ધર્મનું રહસ્ય જાણનાર પુરૂષો નથી ? અને છે તો તેઓ આવી ધર્મતત્વનું ખુન કરવા જેવી બાબતોને કેમ તાબે થાય છે ?

જ્ઞાતિઓની જરૂર રહી છે કે નહિ એ સવાલ આજે દેશના એક છેડાથી બીજા છેડા સુધી હમેશ ચર્ચાવા લાગ્યો છે. દલીલ ખાતર માની લઇએ કે જ્ઞાતિ કોઇ અપેક્ષાએ જરૂરની સંસ્થા છે, પણ જ્હારે જ્ઞાતિની સંસ્થાનો આટલી બધી હદ સુધી દુરૂપયોગ થતો નજરે ભાળીએ છીએ ત્હારે તો એવા સ્વાભાવિક ઉદગાર આવ્યા વગર રહેતા નથી કે "પરમાત્મા આ દેશને જ્ઞાતિ સંસ્થાના રાક્ષસથી બચાવે !" તે સોનું હોય તો પણ કાન તોડનાર સોનું શા કામનું ?

જૈન ગુરૂકુલ—બનારસમાં ઘણા ઉત્સાહથી શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગે સ્થાપેલી શ્રી **યશોવિજય** જૈન પાઠશાળામાં ખટપટો ચાલવાથી નહિ બનવા જેવા કેટલાક દેખાવો બનવા પામ્યા અને ત્યાર પછી આચાર્ય શ્રી ધર્મવિજયજી **બનારસ** છોડી કાઠિયાવાડમાં પધાર્યા તે સાથે સદરહુ સંસ્થાની એક શાખા **પાલીતાણામાં** લેતા આવ્યા હતા. હમણા એ શાખાને **જૈન ગુરૂકુલના** રૂપમાં ફેરવી નાખવામાં આવ્યાનું જાહેર કરવામાં આવ્યું છે. તા. ૨૮ **એપ્રીલના** રોજ પાલીતાણા ખાતે એક સ્મદઆશ્ચર્યો મેળાવડો કરી ગુરૂકુલ ખુલ્લું મુકાયનું જાહેર કરવામાં આવ્યું હતું. આર્યસમાજના કામોનું રૂડાં અનુકરણ થાય એ ખુશ થવા જેવું છે, પણ જો તે સમાજના ઉત્સાહ, આત્મભોગ અને દુરંદેશીપણાનું અનુકરણ થશે તો **એથીએ વધુ** ખુશ થવાનું **જૈન** કોમને કારણ મળશે. **જૈન** વર્ગનું આ **પહેલું** ગુરૂકુળ વિજયી થાઓ, કે જેથી બીજાં ગુરૂકુલો જન્મવા પામે, એવી આપણે શ્રી શાસનનાયકને પ્રાર્થના કરીશું.

लेखकोनी निर्धनता–'रॉयल लीटररी फंड'ना प्रमुखना जाणवा जोग शब्दो.

'રોયલ લીટરરી ફંડ'ના વાર્ષિક મેળાવડામા ગઇ તા. ૫ મી મેના દિવસે વ્હાઇટહૉલ રૂમ્સમાં મી. પેઇજ (અમેરિકન એલચી)એ નીચેના જાણવાજોગ ઉદ્‌ગારો કહાડયા હતા.

તેણે કહ્યું કે, ઘણાખરા ઉત્તમ લેખકોમાં દુનીઆદારીનું સામાન્ય જ્ઞાન મુદ્દલ જોવામાં આવતુ નથી અને એમ છે એ આપણે માટે વધારે લાભકારક છે, કારણ કે દુનીઆદારીની બાબતોમાં તેઓનું લક્ષ આપણી પેઠે રોકાયું રહેત તો એકાગ્રતાથી લખાતા–'પ્રેરાયલા' લેખો તેઓ લખી શકત નહિ. ઉત્તમ સાહિત્ય, અપ્રસિદ્ધ–ખુણે પડેલી જગાઓમા અને અગાધારણુ મગજોની અસાધારણ કે મુશ્કેલ સ્થિતિઓમાં લખાયુ હોય છે અને લખનારને લખતી વખતે પોતાના કુટુમ્બ કે શરીરની જરૂરીયાતો તરફ લક્ષ આપવાની પણ ઇચ્છા થતી નથી. આપણામા જે વ્યવહારકુશળતા છે (જેને આપણે 'ડહાપણ' કહીએ છીએ) તે ઉત્તમ લેખકોમાં નથી હોતી, તેથી કાલે શુ ખાઇશુ તે બાબતની તેઓ કાળજી ધરાવતા નથી. પરન્તુ તેઓની એ આત્મઘાતી આદત જનસમાજને આપણી વ્યવહારકુશળતા અથવા ડહાપણ કરતા અનેકગણી ફાયદાકારક છે. સુખચેનની ઇચ્છાવાળાએ લેખકના ધંધામા પડવું જ ન જોઇએ. તે ઘણો જ અચોક્કસ ધંધો છે. લેખકના ધંધાની આવક ઉપર ઉદરનિર્વાહનો આધાર રાખવામા જેટલી સલામતી છે તેના કરતાં જુગારની આવકપર આધાર રાખવામા વિશેષ સલામતી છે! બિચારો લેખક પોતાનાં સ્વજનોથી છુટો પડી મનોરાજ્યમાં એકલો જ રહાસે છે અને એક વિષયના વિચારોની ધુનમા ઘણો વખત ભર્યા પછી તે વિચારો કાગળ ઉપર મુકવામાં વખત ખર્ચે છે અને જ્યારે તે લેખ બહાર પડે છે ત્યારે અપુનરગી જનસમાજના તરંગ પર તેના વેચાણનો આધાર રહે છે; સંભવિત છે કે ઉત્તમોત્તમ લખાણમાંથી પણ ઉદરનિર્વાહ જોગ આવક ન થાય સમ્પૂર્ણ ખીજના અને નિરાશામાં એને લાંબો વખત ગુજારવો પડે છે. જે નિર્દોષ સ્ત્રીપુત્રાદિ કે નોકરનો તે બિચારા લેખકની આવક ઉપર આધાર રાખતાં હો,

છે હેમને નાહક કંગાલીઅત વેઠવી પડે છે. વ્યવહાર દૃષ્ટિએ, લેખક-નો ધંધો લેવો એ મ્હોટામા મ્હોટી મૂર્ખાઇ છે, પણ જેમના મગજ અને હૃદય એ માટે જ બનેલાં છે—જેઓ એ ધંધો લેવાની પ્રેરણા દબાવી શકે તેમ નથી હેમને માટે એ જ ધંધો છે અને દુનિયાના કિંમતીમા કિંમતી રત્નો આપણે એ વર્ગમાંથી જ મેળવી શક્યા છીએ.

નિર્ધનતા એ ઉત્તમ લખાણોની જનેતા છે કે શ્રીમતાઇ એ સાહિત્યને આડખીલ રૂપ છે, એ બાબતની ચર્ચા ઘણી વાર થઇ છે પરન્તુ આ ફંડના કાર્યવાહકોએ એ સવાલનો ફેંસલો વ્યવહારૂ રીતે આણ્યો છે. હેમણે મુશ્કેલ સ્થિતિના અને શ્રીમંત એમ બન્ને જાતના લેખકોનુ લીષ્ટ તૈયાર કર્યું છે, જે ઉપરથી હેમને માલમ પડ્યુ છે કે તદ્દન ભૂખમરાની સ્થિતિમાં પડેલા લેખકો ચિંતા અને ઉદ્વેગને લીધે ઉચ્ચ પ્રકારના લખાણ ઉત્પન્ન કરી શકતા નથી. તેવાઓને જો જરા ટેકો આપવામા આવે, ઉદરપોષણની મુશ્કેલીમાંથી હેમને જો મુક્ત કરવામા આવે, તો તેઓ જે લખાણો લખી શકે છે હેમાથી જનસમાજને ઘણો લાભ મળે છે લેખકોને મદદ આપવી એ કાંઇ સખાવત નથી કે ધર્માદા કરવા જેવું નથી, પણ થોડી કિંમતે મ્હોટો લાભ લેવાનું કામ છે, કહો કે સમાજ તરફની આપણી એક ફરજ અદા કરવા બરાબર છે. 'રૉયલ લીટરરી ફંડ' તરફથી જે યોગ્ય લેખકોને મદદ આપવામા આવે છે તે તદ્દન ગુપ્ત રીતે આપવામા આવે છે, કે જેથી લેખક તરફનું જનસમાજનુ માન ઓછુ થવા પામે નહિ. અને આજે એ ફંડને લીધે ઘણા ઉત્તમ લેખકો કે જેઓ મદદ વગર દુનિયાને વધારે સંગીન લાભ કરી શક્યા ન હોત તેઓ ઘણુ સંતોષકારક પરિણામ બતાવવા લાગ્યા છે. રાજા, ડ્યુકસેલગે, અમીરો, સન્નારીઓ અને ખુદ આબાદ સ્થિતિના લેખકો આ ફંડમા નાણાની મદદ આપે છે.

ભાષણની સમાપ્તિમા તે અમેરિકન એલચીએ કહ્યુ કે "There is nothing that would make a stronger appeal to every English-speaking person than an appeal for appreciative help to men and women who might add to the boundless riches of our literature, for that is the chief glory of our

આવી છે. ' ક્રોનીકલ ' અને ' કૉમનવીલ ' જેવા પેપરો આ દેશની દરેક ભાષાઓમાં જ્હારે પ્રગટ થવા લાગશે ત્હારે જ જનસમાજ આગળ ઉચ્ચ આદર્શો **પુરતા પ્રમાણમાં** રજુ થશે અને લોકોનું **લક્ષ્ય** ઉચ્ચ બનશે. પણ તે કામ જનસમાજમાં લાગવગ ધરાવતા ઉપદેશકો અને શ્રીમંતોના જાગ્યા સિવાય કદિ બનવાનું નથી.

ગ્રંથકર્ત્તાઓ કરતા પણ ન્યુસ પેપરના લેખકોની નિર્ધનતા ઘણી અફસોસકારક છે. આ દેશની પ્રજા જેવી સુસ્ત – ' સબ સબકી સમાલિયે ' એવા સિદ્ધાંતવાળી પ્રજાના મન પર કોઈ સમાજહિતની અત્યંત જરૂરી બાબત ઠસાવવી હોય ત્હારે જરા જોસ્સી બોલવાની –લાગણીઓ પર અસર કરે એવી ગરમ ભાષા વાપરવાની જરૂર પડે છે 'વિચારકો' આગળ માત્ર **દલીલો**જ રજુ કરવી બસ થાય; ગરજ-દારીઓ આગળ માત્ર ઇસારો કરવો જ પુરતો થઈ પડે; પણ સ્વાર્થ-મા ડૂબેલા અને પ્રમાદીવર્ગને જગાડવા માટે એ વર્ગ સમક્ષ મૂકાતા સત્યો અને હકીકતોને જરા મસાલાનું ' ડ્રેસીંગ ' કરવુંજ પડે; નહિ તો શ્રમ નિષ્ફલ જ જવાનો. આ સાદું સત્ય નહિ સમજનારા કેટલાકો ફીલસુફર બની લેખકોને ઠપકો આપવા લાગી જાય છે. આ પ્રમાણે બિચારા લેખકો એક તરફ શું લખવું અને કઇ શૈલિમાં લખવું એ સબંધી વિચારો કરીકરીને લોથપોથ થયા હોય, બીજી તરફથી વેશધારી ફીલસુફરોની નિંદા સાંભળી નિરાશ થતા હોય, ત્રીજી તરફથી આર્થિક મુશ્કેલીમા સડતા હોય અને ચોથી તરફથી 'ખાવા ન મળ્યું એટલે આવાં લખાણોની ધમકીથી પૈસા પડાવવાની ઇચ્છા હશે' એવી ટીકાઓ સાંભળવાથી એમનું હૃદય ચીરાતું હોય. કમનશીબ લેખક ! પૂર્વે પૂરાં પાપ કર્યાં હશે ત્હારે જ લેખક–અને ખાસ કરીને હિંદમાં એક પત્રકાર–તરીકે જીંદગી ગુજારવાનો વિચાર ઉપજ્યો હશે ! બિચારા અજ્ઞાન, અંધશ્રદ્ધાના કુવામા સેંકડાઓથી ડૂબી રહેલા જનસાધારણ-નો શું દોષ કહાડવો? ખુદ એક હિંદી મૅજીસ્ટ્રેટે પોતે એક લેખકને શું ન્યાય આપ્યો હતો તે જ જુઓ, એટલે લેખકના ધંધાની ઇર્ષ્યા કરવાનું ત્હમને કદિ પણ મન થશે નહિ. એ મેજીસ્ટ્રેટે એવી મતલબનો ફેંસલો આપ્યો હતો કે, આરોપી પત્રકાર અમુક કોમની જાહેર સંસ્થાનો ઉત્સાહી કાર્યવાહક છે અને તે કોમને કેળવણીમાં આગળ વધારવા ખાતર તે સંસ્થાએ કહાડેલા ફંડ માટે ક્યાંદી પાસેથી પૈસા કઢાવવાના

દગાથી નઠારી લખાણ લખાયું છે એમ હું કહું છું અને લેખકને જેઇલની શિક્ષા ફરમાવું છુ, (તો જો કે એ આરોપી એ સંસ્થાની કોઇ કમિટિનો મેમ્બર નહોતો કે પૈસા પોતે ઉચાપતો નહોતો એમ મનોપકારકરીને ખુદ ફર્યાદ પક્ષના સાક્ષીઓએ સાબીત કરી આપ્યું હતું.) અફસોસ! જે દેશમાં લેખકો અને પત્રકારો તરફ કેળવાયલા તેમજ બીનકેળવાયલા વર્ગનું આટલું બધું દુર્લક્ષ—અરે માત્ર દુર્લક્ષ નહિ પણ દ્વેષ વૃત્તિ છે એ દેશના ઉદયની વાતો કરવી એ માત્ર હવામાં કિલ્લા બાંધવા સરખું કામ છે. જે દેશમાં માત્ર પૈસો અને સત્તા જ પૂજનીય છે, જે દેશનો પૈસો ઉધરણી છે અને સત્તા ગર્વીષ્ટ છે, જે દેશની લેખિની એક ખુણે આંસુ પાડવા જેટલી પણ નિરાંત પામી શકતી નથી પરન્તુ ઉપરથી પૈસા અને સત્તાનો ત્રાસ ભોગવતી બધાયલી રહે છે, જે દેશની લેખિની કોઇનો દિલાસો કે આશ્વાસન મેળવવાને પણ હકદાર ગણાતી નથી—તે દેશને—અફસોસ તે દેશને કોઇ મહાન દૈવોની ખાસ કૃપા વગર ઉન્નત થવાના કયા સંભવ?

જોઈ લ્યો સાધુ મહારાજ!—મુંબઈના પ્રખ્યાત અને ઉદાર પ્રકૃતિવાળા શેઠ ગોવિંદજી માધવજીને તેમના બગલા પાસેના મદીરમાંથી પુજા કરીને પાછા ફરતા એક સાધુએ વિના કારણે લોખંડના સળીઆથી મસ્તક ઉપર પ્રહાર કરવાથી તેમનુ મૃત્યુ નીપજ્યુ છે. આને સાધુ મહારાજને સેસન્સ કમીટ કરવામાં આવ્યા છે. કમ-ભાગ્ય હિંદ! આ બટકના પવિત્ર સાધુઓ(¹)ના ભોજન અને વાસથી હવે ક્યારે મુક્ત થશે?

નવું જૈન બોર્ડીંગ હાઉસ—દક્ષિણ મહારાષ્ટ્રમાં શ્રીમજ સામાન્ય શ્વેતામ્બર બાંધવો તરફથી એક બોર્ડીંગ હાઉસ ખોલવાનું કર્યું છે જે માટે કાલ્નની સારી રકમ મળી ચુકી છે અને મકાન માન મળ્યું છે, લીલામ કરવામાં મુખ્ય હાથ શ્વેતામ્બર કોન્ફરન્સના એક ઉપદેશકનો હતો, જે તેને માટે ધર્મ માનસર્ન ...

कोर्टोना इनसाफपरथी कोइ माणसने शुं खरेखर ज दोषित मानी शकाय ?

માણસ જાત અપૂર્ણ છે. સત્ય શોધવાને જમાનાઓ થયા મનુષ્ય પ્રયત્ન કરતો આવ્યો છે અને હજાગે ઠોકરો ખાતાં ખાતાં સત્ય ઉપરના અનેક પડોમાંનું એકેક પડ તે દૂર કરતો આવ્યો છે. તથાપિ આજ સુધી સત્ય ઉપર અનેક પડો રહી જવા પામ્યા છે, જે દૂર થવાને હજી જમાનાઓ જોઇશે. એક વખત એવો પણ હતો કે જ્યારે હાથમાં ધકધકતા લોખંડના ગોળા પકડાવવાની કસોટીથી માણસનું નિર્દોષપણું મુકરર કરવામાં આવતું હતું; એ વખતે હજારો નિર્દોષ માણસો દોષિત ઠરી માર્યા જતા. આગળ વધતી જાતને સત્ય શોધવાની એ રીત ભૂલભરેલી જણાઇ અને પછી કાયદા કાનુન રચાયા, કે જેમાં સાક્ષીઓ અને અનુમાનો ઉપર તથા કાયદાના શબ્દોના અર્થ મચડવાની કાબેલીઅત ઉપર ન્યાયનો આધાર રહેતો. આ કાયદા-કાનુનો પણ દરેક વર્ષે અપૂર્ણ કે ભૂલભરેલા જણાવા લાગ્યા અને ત્હેમાં અવારનવાર સુધારા-વધારા થવા લાગ્યા. આજે વીસમી સદીમાં આગાઉના સઘળા કાયદા કરતાં વધારે **બુદ્ધિગમ્ય** કાયદા હયાતી ધરાવે છે, એમ આપણે કબુલ કરવું જ પડશે, પણ **તે** છતાં એ કાયદા તેમજ ત્હેને આધારે અપાતા ફેસલા સર્વદા **સર્વદા** જ લાભમાં ઇનસાફ આપે છે એમ માનવાને **અનુભવ** આપણને મના કરે છે. આજે ઇનસાફ ઘણો **મોંઘો** થઇ પડ્યો છે અને **તે** છતાં સત્યની તરફેણમાં જ ઇનસાફ મળશે એવી **ખાત્રી કરી શકાતી નથી** એ અત્યંત દુખનો વિષય છે. જેઓને ન્યુસપેપરો વાંચવાનો પરિચય હશે તેઓ જાણતા હશે કે **થિઓસોફીકલ** સોસાઇટીની વડી મીસીસ **એનીબિસેન્ટ મદ્રાસની** બબ્બે કોર્ટોમાં હાર્યા પછી (એક **હાઇકોર્ટમાં** પરાજય અને નિંદાજનક ટીકાઓ સહન કર્યા પછી) ઇંગ્લંડની સુપ્રીમ કોર્ટમાં સમર્થમાં સમર્થ ધારાશાસ્ત્રીઓની મદદથી જય પામી છે. ગઇ તા. ૨૫ **મેના** રોજ લોર્ડ **પાર્કરે** તેણીના લાભમાં ચુકાદો આપતાં ટીકા કરી હતી કે **મદ્રાસ** હાઇકોર્ટ **તદ્દન** ગેરસમજુતમાં ઉતરી પડી હતી. આ કેસમાં સત્ય કોના પક્ષમાં હતું એ

છતાં એવોજ ઇનસાફ અપાઈ જાય; કોઇ વખતે—જો કે જવલ્લેજ ઇનસાફ આપનારને અનીતિનો મેતાન લાગુ પડે તો તેથી ઇરાદાપૂર્વક જ સત્યનું ખૂન કરવામાં આવે (કે જેવા દાખલાઓ પૈકી કેટલાક પકડાયા છે અને સરકારે તેવાઓને પુરતી સજા પહોંચાડી છે, પરન્તુ આવી બાબતો પુરવાર કરવી ઘણી મુશ્કેલ છે તથા એમાં ઘણું જોખમ સમાયલું છે.) આ બધા **સંભવો** છે; પૂર્વે તેમજ હાલમાં ઇનસાફ **હમેશાં** સત્ય પક્ષની તરફેણમાં જ અપાતો ન માલૂમ પડતા હોય તો હેના કારણભૂત આ ઉપર કહેલા **સંભવો** છે. ખરેખરો ઇનસાફ તો હૃદયવાચનકલા (art of reading tho heart) ની મદદ સિવાય કદી આપી શકાવાનો જ નથી; અને ફીલોસોફી, માનસશાસ્ત્ર, સાયન્સ, યોગ એ સર્વ વિદ્યાઓની જેમ જેમ ખીલવટ થશે તેમ તેમ કોર્ટોના કામને બહુ સરળતા મળતી જશે. બાકી ત્યાં સુધી તો, માત્ર પુરાવા, અનુમાનો અને વાક્ચાલાકીઓપર ઘણો આધાર રાખતી ઇન્સાફપદ્ધતિ જે માણસને દોષિત ઠરાવે હેણે પોતાના પૂર્વકર્મ પર જ દોષ મુકીને સંતોષ લીધા સિવાય છુટકો નથી. ધર્મની ફીલસુફી એ જ એવા માણસની છેલ્લામાં છેલ્લી અપીલ કોર્ટ છે. કોઈ નહિ ને કોઈ જમાનામાં કોઇ જન્મમાં પણ-સત્યનું હેણે ખુન કર્યું હશે માટેજ હેના સત્ય પક્ષનું હમણાં ખુન થાય છે એ સ્મરણ હેને વધારે ચેતતો, વધારે શાન્ત અને વધારે ઊંડો બનાવવાને પુરતું છે. એક માણસના પાંચ લાખ રૂપિયા ચોરાઇ જાય અને ચોરની હકીકત પોલીસ પાસે જણાવવા જતાં, એક અદના શાહુકાર ઉપર ચોરીનું આળ મુકવાનો ગુન્હો ઠરાવી પેલા પાંચ લાખ ગુમાવનારને ઉલટી જેલખાનાએ મોકલવામાં આવે તો તે વખતે શું 'પૂર્વ-કર્મ' સિવાય બીજો કોઇ ખુલાસો વધારે બંધબેસ્તો થઇ શકે તેમ છે?

કહેવાનું તાત્પર્ય એ છે કે, કોઇપણ જમાનામાં ઇનસાફની પદ્ધતિ સમ્પૂર્ણ હતી નહિ અને છે પણ નહિ અને અદાલતોએ આપેલા ઇનસાફને આધારે કોઇ માણસને ખરેખર ગુન્હેગાર માની બેસવો એ અપૂર્ણને સર્વજ્ઞ માનવા જેવી મૂર્ખાઈ જ છે. ઘણી વખતે, ખોટી રીતે જીતેલા પક્ષને કુદરત સારી રીતે ફુલાવા દે છે અને પછી એના ઉપર એવા બનાવો ફેંકવામાં આવે છે કે જાણે કે એના કર્મની છુપી સજા જ ન કરાતી હોય! જેઓને પરિણામો જોવા-સમજવાની શક્તિ બક્ષાયલી છે તેવા વીરલાઓ જ **પાછળથી નીપજતાં પરિણામો** ઉપરથી કોણ દોષિત હતું અને કોણ નિર્દોષ હતું તેનો ખરો નિર્ણય કરી શકે છે.

'स्थानकवासी जैन अनाथ बालक आश्रम.'

दक्षिण अहमदनगरसे श्रीयुत कुन्दनमल सोभाचंद फिरोदिया B. A., L. L. B. जाहेर करना चाहते हैं कि स्थानकवासी कॉन्फरन्सने दक्षिणमें जो बालाश्रम खोलना मुकरर किया था और जो अहमदनगरमें प्लेग होनेके सबब मुल्तवी रहा था, अब ता. १ जुलाइसे खोला जायगा. इस संस्थाकी व्यवस्था कॉन्फरन्सने मुकरर की हुई कमीटीकी आज्ञानुसार होगी. ७ से १८ वर्षकी उमर तकके स्थानकवासी निराधार बालकोंको आश्रममें रक्खे जायंगे. जिनकी इच्छा हो, अपना नाम, वय, जाति, ग्राम, कुटुम्बके दूसरे पुरुषोंकी संख्या और धंधा, कुटुम्बकी माहावार आवक, अभ्यास इत्यादि हाल सेक्रेटरी मी. फिरोदियाको लिख भेजें और साथमें कोई प्रतिष्ठित पुरुषका सर्टिफिकेट भी भेजें.

बालाश्रमकी आवश्यकताके बारेमें दो मत हैं ही नहीं. श्री शासनरक्षक देव इस संस्थाको दृढ व हितवाहिनी बनावें! आज तक स्थानकवासी कॉन्फरन्सकी जितनी संस्थायें मोजुद हैं (ऑफीस, अखबार, ट्रेनींग कॉलेज व बोर्डींग हाउस) सबके बारेमें लोगोंको अविश्वास उत्पन्न हुआ है; इस बातसे अनुभव कर बालाश्रमके व्यवस्थापकोंको चाहिये कि उसको विवेकपूर्वक और आत्मभोगपूर्वक चलावें, ता कि प्रत्येक स्थानकवासी [illegible] उसपर प्रेम हो. इस आशयसे दो चार नम्र सूचनायें करना हम जरूरी समझते हैं:—

(१) बालाश्रमके लडके जींदगीभर परतंत्र बने न रहें इस लिये उनको शिक्षण देनेका प्रबंध करें.

(२) स्वतंत्रता, नीति व श्रम इन तीन तत्त्वोंका रहस्य उनको बराबर पढानेका प्रबंध करें.

(३) एक सालके लिये थोडे लडके रख कर शिर्फ कॉन्फरन्सकी ओरसे मिलते हुए द्रव्यसे ही गुजारा करना; वहां तक जाहेर अपील करना मोकुफ रक्खें. श्रेष्ठ नतीजा व-तानेके बाद लोगोंका प्रेम व विश्वास इतना मिलेगा कि विना मांगे ही आर्थिक सहाय मिल रहेगी.

(४) सेक्रेटरी महाशयको चाहिये कि कभी कभी दूसरे बालाश्रमोंकी मुलाकात ले कर जो कुछ अनुकरण करना उ-चित मालूम हो करें.

(५) योग्य लडकोंमेंसे किसीको आश्रममें शिक्षक या कर्मचारी बनाया जाय और किसीको व्यापारी पेढीमें नोकर रखाया जाय.

(६) लडकोंको ज्यादेसे ज्यादे कितने वर्ष तक आश्र-ममें रक्खे जांयगे, इत्यादि बातेंका निर्णय कमीटीको करना चाहिये.

(७) आश्रमके परोपकारी व्यवस्थापकोंको इस खूबीसे काम करना चाहिये कि, अगर कभी कॉन्फरन्स मदद न दे सके या कॉन्फरन्सका अस्तित्व ही न हो, तो भी यह परोपकारी कार्य चालू रहे. कभी परतंत्रता न भुक्तनी पडे इस बातको ल-क्षमें रख कर प्रवृत्ति करें.

(८) आश्रमके कायदे–कानून और कमीटीके हर व-क्तके ठहराव इत्यादि जाहेर अखबारोंमें वक्त व वक्त प्रसिद्ध करते रहें.

(९) किसी अज्ञानीकी भी सलाह या टीका तर्फ बेदर कारी या गुस्सा न करते हुए हरएक बात शान्तिसें सुनें और जो अमल करने लायक हो उस पर अमल भी करें. राज्यके अमलदारोंकी तरह मीजाज खोना स्वयंसेवकोंको शोभाप्रद नहीं है यह बात अवश्य लक्षमें रखनेसे लोगोंका प्रेम संस्थाकी ओर अवश्यमेव बना रहेगा.

(३) एक सालके लिये थोडे लडके रख कर शिर्फ कॉन्फरन्सकी ओरसे मिलते हुए द्रव्यसे ही गुजारा करना; वहां तक जाहेर अपील करना मोकुफ रक्खें. श्रेष्ठ नतीजा बतानेके बाद लोगोंका प्रेम व विश्वास इतना मिलेगा कि विना मांगे ही आर्थिक सहाय मिल रहेगी.

(४) सेक्रेटरी महाशयको चाहिये कि कभी कभी दूसरे बालाश्रमोंकी मुलाकात ले कर जो कुछ अनुकरण करना उचित मालूम हो करें.

(५) योग्य लडकोंमेंसे किसीको आश्रममें शिक्षक या कर्मचारी बनाया जाय और किसीको व्यापारी पेढीमें नौकर रखाया जाय.

(६) लडकोंको ज्यादेसे ज्यादे कितने वर्ष तक आश्रममें रक्खे जांयगे, इत्यादि बातोंका निर्णय कमीटीको करना चाहिये.

(७) आश्रमके परोपकारी व्यवस्थापकोंको इस खूबीसे काम करना चाहिये कि, अगर कभी कॉन्फरन्स मदद न दे सके या कॉन्फरन्सका अस्तित्व ही न हो, तौ भी यह परोपकारी कार्य चालू रहे. कभी परतंत्रता न भुक्तनी पडे इस बातको लक्षमें रख कर प्रवृत्ति करें.

(८) आश्रमके कायदे–कानून और कमीटीके हर वक्तके ठहराव इत्यादि जाहेर अखबारोंमें वक्त व वक्त प्रसिद्ध करते रहें.

(९) किसी अज्ञानीकी भी सलाह या टीका तर्फ बेदरकारी या गुस्सा न करते हुए हरएक बात शान्तिसे सुनें और जो अमल करने लायक हो उस पर अमल भी करें. राज्यके अमलदारोंकी तरह मीजाज खोना स्वयंसेवकोंको शोभप्रद नहीं है यह बात अवश्य लक्षमें रखनेसे लोगोंका प्रेम संस्थाकी ओर अवश्यमेव बना रहेगा.

જૈનોએ આ સમાચારને આલ્હાદથી વધાવી લેવા જોઇએ અને
આ હીલચાલને પોતાના જ્ઞાનથી તથા દ્રવ્યથી બનતી સહાય આપવા
બહાર પડવું જોઇએ; કારણકે જૈન ધર્મ પોતાને એક એવો સમુદ્ર
ગણવાનો દાવો કરે છે કે જેમા સઘળા ધર્મોરૂપી નદીઓ મળે છે,
વળી દયા અને શાન્તિના સંદેશા સર્વત્ર ફેલાવવાની ફરજ બીજાઓ
કરતાં વધુ પ્રમાણમાં કોઇને શિર મૂકાયલી હોય તો તે જૈનો છે.
આપણે આશા રાખીશું કે ઉદાર વિચાર ધરાવતો કોઇ જૈન વિદ્વાન
"Jainism-a religion of Service and Liberal
Philosophy". એવા કોઇ વિષય ઉપર ઉક્ત કૉન્ગ્રેસમા ભાષણ
આપવા કે નિબંધ વાચવા જરૂર બહાર પડશે.

अमे तो वीरना पुत्रो !

અમે તો વીરના પુત્રો અમારો ધર્મ ન્યારો છે;
'અહિંસા ને પરમસેવા' રૂડો એ મંત્ર ધાર્યો છે.
વિવેકી વિદ્વતાવાળા, નિરોગી ને નીતિધારી;
વળી થઇ ગુપ્તદ્રષ્ટા ને વિલોકીશું બધી બારી.
કદિ કો બારીએ પેસી, કદિ દ્વારે બીજે ઘુસી;
અમે જોશું બધી આલમ, બધી દુગ્ધા, બધી ખુશી.
નહિ અંધા, નહિ ડરપોક, નહિ ગુલામ કે લૂલા—
અમે થાશું કદાપિ, ના પડીશું જંગલે ભૂલા.
અમે છી વીરના પુત્રો, બધા વીરબાળ 'દેવો' છે!
બધા દેવો જગદ્બંધુ! અમારો ગર્વ એવો છે!

हृदयस्थ भावना.

શુભ ધ્યાન ધરૂં, શુભ વાણિ વદું, પરમારથનાં શુભ કાર્ય કરૂં,
શ્રીમંત બનું, શ્રીમંત બનું, બલવંત બનું, ગુણવંત બનું,
શુદ્ધ પ્રેમ વિવેક ને શૌર્ય ધરૂં, ધીરતા–વીરતા જ વિષે વિચરૂં–
એ શક્તિ, પ્રભો! મુજમાં પ્રકટો! જનહિત મહીં સહુ શક્તિ વળો

વર્તમાન બનાવો પર ઘડીભરની નિર્દોષ ગમ્મત.

દીધા છે. ગયા પખવાડીઆમાં વળી ભાવનગરના જાણીતા અગ્રેસર ગે: નરોત્તમદાસ ભાણજી તથા અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઈ પોતે પણ વિલાયતની સ્હેલગાએ ઉપડી ગયા છે. વિલાયત જવાના ગુન્હા માટે જ્ઞાતિબહિષ્કારની સજા જે નગરશેઠના વડામાથી ઉચ્ચારાતી તે જ નગરશેઠ હવે જાતે પોતે અને કુટુંબમંડલ સહિત વિલાયત પધારી ગયા અને ત્હેમને અભિનંદન આપવાને અમદાવાદ અને મુબઇ ખાતે જૈનોએ પણ મીજલસો કરી હવે કંઇ રહ્યુ કહેવાનુ ? **'મહાજનો જે રસ્તે જાય ત્હેનું નામ સુપથ !'**

*

એ તો ઠીક, પણ ભલા 'સુપથ'મા વિચરતા વળી ગુન્હો શાનો ? અને ગુન્હો જ હોય તો એ રસ્તે જવાની જરૂર પણ શી ? આપણા નગરશેઠ વિલાયત જવા તૈયાર થયા ત્હારે ત્હેમના માનમા અપાયલી મીજલસ પ્રસગે તેઓ ઉપકારના શબ્દો રૂપે કાઇક કાગળીઉ વાચી ગયા હતા, જ્ઞાની મહારાજ જાણે કે એ કાગળીઉ કયા વિદ્વાનશિરોમણિએ લખી આપ્યુ હશે ! પરન્તુ ત્હેમા ને ચાલાક-ઉસ્તાદ લેખકે નગરશેઠ જેવાને પોતાનુ રમકડું બનાવી એવા શબ્દો ત્હેમના મ્હોમા મૂકયા હતા કે, વિલાયત જવામાં દોષ છે તો પણ મ્હારે જવુ પડે છે અને પાછા ફરીને હુ ગુરૂના ફરમાન મુજબ પ્રાય-શ્ચિત કરીશ. જોયુ ? અમારા જૈન આગેવાનો કાઇ બુદ્ધિમાં જાય તેમ છે કે ? પણ સેવક ત્હમારો આ બધી સંગજાળથી ગભરાઇ ગયો છે. ત્હેના મનમાં કાંઇ કાઇ તર્કવિતર્ક ઉત્પન્ન થાય છે. નગરશેઠના મ્હેમા હલાહલ મધ જેવા શબ્દો મૂકનાર ગુરૂદેવ મ્હારા આ તર્કવિતર્કોની મુઝવણમાથી મ્હને મુક્ત કરશે તો હુ ત્હેમનો ભાર ઓશીંગણ થઇશ (૧) પહેલુ તો એ જ કે સમુદ્રપર્યટનમાં પાપ શી રીતનુ તે કોઇ વિસ્તારથી મ્હમજાવે એમ હુ ઇચ્છુ છુ. સ્ટીમર ચાલવાથી પાણીના જીવો મરે એ પાપ મ્હને માન્ય છે. પણ એમ તો રેલ્વેથી પણ જીવ તો મરે છે જ, છતાં રેલ-મુસાફરી કરનારને પ્રાયશ્ચિત આપવાની વાત કદિ કોઇએ કહાડી નથી. વળી, વિલાયત જઇને આર્ય ખાન-પાનને વળગી ન રહે તો દોષ ખરો અને તે દોષ માટે કાંઈ પ્રાયશ્ચિત આપો તે ઠીક છે, પણ નગરશેઠ જેવા અને બીજા જે જાણીતા ધર્મચુસ્ત અગ્રેસરો વિલાયત ગયા હતા તેઓ ચ મદ્ય-માંસનો સ્પર્શ કરે એ ઘડીભર પણ માનવા લાયક છે કે ?

શાસ્ત્રનો **બીજો** 'ઉદ્દેશો' એવો છે કે, જૈન ફીલસુફીના આધારે તો લગ્ન કરવામાં ચાલુ પાપ છે, મીલો ચલાવવામાં ચાલુ પાપ છે, તેમ છતાં તે પાપો કરનારને પ્રાયશ્ચિત અપાતું નથી તો વિલાયત જનાર-ને પ્રાયશ્ચિત આપવાની વાત કરવી એ સમ્પૂર્ણ હાસ્યાસ્પદ છે. પાપ અને પુણ્ય એ વ્યક્તિને **પોતાને** સમજવાની બાબત છે અને તે માટે 'સમાજ' તરફથી કોઈ અંકુશ મૂકી શકાય નહિ. સેવકના શાસ્ત્રનો **ત્રીજો** 'ઉદ્દેશો' એવો છે કે, હિંદમાં તેમજ વિલાયતમાં આર્ય અને અનાર્ય બન્ને પ્રકારના લોકો, બન્ને પ્રકારના આચાર-વિચાર, બન્ને પ્રકારનું વાતાવરણ હયાતી ધરાવે છે જેઓના વિચાર **અહીં** સંસ્કારી બન્યા છે તેમને **ત્યહાં** પણ સંસ્કારી વાતા-વરણ જોઇએ તેટલું મળી શકે છે જેઓ **અહીં** દુષ્ટ ભાવનાઓ, પ્રપંચો, ગુપ્ત રીતે મદ્યમાંસસેવન વગેરે કરે છે તેમને, **ત્યહાં** પણ એવી જ સોસાઇટી-સંગત મળી રહે છે મગરમચ્છ જ્યહાં જશે ત્યહાં પાણી જ શોધશે, વાનર જ્યહાં જશે ત્યહાં ઝાડ જ શોધશે, સમળી જ્યહાં જશે ત્યહાં આકાશ જ શોધશે. વિલાયતમાં પણ પવિત્ર-દયાળુ ઉચ્ચ ભાવનાવાળા સત્પુરૂષો છે-અવશ્ય છે, જેઓમાંના કેટલાક તો ચામડાના જોડા પહેરવામાં કે ગાય-ભેંસનું દૂધ પીવામાં પણ હિંસા સમજી તેથી દૂર રહે છે અને જીવદયાના સિદ્ધાંતના પ્રચારાર્થે તનતોડ મહેનત અને હજારો રૂપિયાનું ખર્ચ કરે છે તથા આધ્યાત્મિક જીવન નિર્વહે છે. સેવકના શાસ્ત્રનો **ચોથો** 'ઉદ્દેશો' એવો છે કે, સમુદ્રપર્ય-ટન માટે પ્રાયશ્ચિત ફરમાવનારા જૈન આચાર્યો **બ્રાહ્મણોના શિષ્યો** હોવા જોઇએ, કારણ કે એ પ્રથા એમણે જ શરૂ કરી છે અને જૈન આચાર્યો માત્ર તેમને પગલે ચાલવા માગે છે. માટે જો પ્રાયશ્ચિત લેવું જ હોય તો પ્રાયશ્ચિત આપનાર અને લેનારે પ્રથમ ખુલ્લી રીતે બ્રાહ્મણ ધર્મ અંગીકાર કરવો અને પછી ખુશી પડે તેમ કરવું; **જૈન તરીકે** આ પ્રકારનું પ્રાયશ્ચિત એ અર્થ વગરની બાબત છે સેવકના શાસ્ત્રનો **પાંચમો** 'ઉદ્દેશો' એવો છે કે, પૂર્વે **અરબસ્તાનમાં** જૈન ધર્મનો પ્રચાર હતો, પ્રખ્યાત ચાઈનીસ મુસાફર પોતાની ડાયરીમાં લખે છે કે ઉત્તર પશ્ચિમમાં આવેલા **કિયાપીશીમાં** જૈનો પોતાનો ધર્મ ફેલાવવા જતા, ફાગનસિંહ નામના જૈનાચાર્યે આઠમા સૈકામાં જૈન ધર્મ **ટીબેટમાં** દાખલ કર્યો હતો, **ભદ્રબાહુ** સ્વામીએ **નેપાળમાં** કેટલાંક ચોમાસાં કર્યાં હતાં, જાવામાં જૈન મંદિરોનાં ખંડેરો છે, **સીલોનમાં** ઈસવી-

શાસ્ત્રનો **બીજો** 'ઉદ્દેશો' એવો છે કે, **જૈન** ફીલસુફીના આધારે તો લગ્ન કરવામાં ચાલુ પાપ છે, મીલો ચલાવવામાં ચાલુ પાપ છે, તેમ છતાં તે પાપો કરનારને પ્રાયશ્ચિત અપાતું નથી તો વિલાયત જનારને પ્રાયશ્ચિત આપવાની વાત કરવી એ સમ્પૂર્ણ હાસ્યાસ્પદ છે. પાપ અને પુણ્ય એ વ્યક્તિને **પોતાને** સમજવાની બાબત છે અને તે માટે 'સમાજ' તરફથી કાંઈ અંકુશ મૂકી શકાય નહિ. લેખકના શાસ્ત્રનો **ત્રીજો** 'ઉદ્દેશો' એવો છે કે, હિંદમાં તેમજ વિલાયતમાં આર્ય અને અનાર્ય બન્ને પ્રકારનાં હવા, બન્ને પ્રકારના આચાર-વિચાર, બન્ને પ્રકારનું વાતાવરણ હયાતી ધરાવે છે જેઓના વિચાર અહીં સંસ્કારી બન્યા છે તેમને ત્યહાં પણ સંસ્કારી વાતાવરણ તેઓ તરતુ મેળવી શકે છે. જેઓ અહીં દુષ્ટ ભાવનાઓ, આચારો, ગુપ્ત રીતે મદ્યમાંસસેવન વગેરે કરે છે તેમને, ત્યહાં પણ એવી જ ગોમાહટી સગત મળી રહે છે મગરમચ્છ જ્યહાં જશે ત્યહાં પાણી જ શોધશે, વાઘ જ્યહાં જશે ત્યહાં ગુફા જ શોધશે, સમળી જ્યાં જશે ત્યહાં આકાશ જ શોધશે. વિલાયતમાં પણ પવિત્ર-દયાળુ [illegible] ભાવનાવાળા સત્પુરુષો છે-અવશ્ય છે, જેઓમાંના કેટલાક તો [illegible] ઘોડા પંડરવામાં કે ગાય-ભેંસનું દૂધ પીવામાં પણ હિંસા [illegible] કર્યા કરે છે અને જીવદયાના સિદ્ધાંતના પ્રચારાર્થે તનતોડ [illegible] અને [illegible] રૂપિયાનું ખર્ચ કરે છે તથા આધ્યાત્મિક જ્ઞાન [illegible]. લેખકના શાસ્ત્રનો **ચોથો** 'ઉદ્દેશો' એવો છે કે, સમુદ્રપર્યટન માટે પ્રાયશ્ચિત કરાવનારા જૈન આચાર્યો બ્રાહ્મણોના શિષ્યો

શાસ્ત્રનો **બીજો** 'ઉદ્દેશો' એવો છે કે, જૈન ફીલસુફીના આધારે તો લગ્ન કરવામાં ચાલુ પાપ છે, મીલો ચલાવવામાં ચાલુ પાપ છે, તેમ છતાં તે પાપો કરનારને પ્રાયશ્ચિત અપાતુ નથી તો વિલાયત જનારને પ્રાયશ્ચિત આપવાની વાત કરવી એ સમ્પૂર્ણ હાસ્યાસ્પદ છે. પાપ અને પુણ્ય એ વ્યક્તિને **પોતાને** સમજવાની બાબત છે અને તે માટે 'સમાજ' તરફથી કાંઈ અંકુશ મુકી શકાય નહિ. સેવકના શાસ્ત્રનો **ત્રીજો** 'ઉદ્દેશો' એવો છે કે, હિંદમાં તેમજ વિલાયતમાં આર્ય અને અનાર્ય બન્ને પ્રકારના લોકો, બન્ને પ્રકારના આચાર-વિચાર, બન્ને પ્રકારનું વાતાવરણ હયાતી ધરાવે છે જેઓના વિચાર **અહીં** સંસ્કારી બન્યા છે હેમને **ત્ય્હાં** પણ સંસ્કારી વાતાવરણ જોઈએ તેટલું મળી શકે છે. જેઓ **અહીં** દુષ્ટ ભાવનાઓ, પ્રપંચો, ગુપ્ત રીતે મદ્યમાંસસેવન વગેરે કરે છે હેમને, **ત્ય્હાં** પણ એવી જ સોસાઇટી-સંગત મળી રહે છે. મગરમચ્છ જ્ય્હાં જશે ત્ય્હાં પાણી જ શોધશે, વાઘ જ્ય્હાં જશે ત્ય્હાં ગુફા જ ગોતશે, સમળી જ્ય્હાં જશે ત્ય્હાં આકાશ જ શોધશે. વિલાયતમાં પણ પવિત્ર-દયાળુ ઉચ્ચ ભાવનાવાળા સત્પુરૂષો છે-અવશ્ય છે, જેઓમાંના કેટલાક તો ચામડાના જોડા પહેરવામાં કે ગાય-ભેંસનું દુધ પીવામાં પણ હિંસા સમજી તેથી દૂર રહે છે અને જીવદયાના સિદ્ધાંતના પ્રચારાર્થે તનતોડ મહેનત અને હજારો રૂપિયાનું ખર્ચ કરે છે તથા આધ્યાત્મિક જીવન નિર્વહે છે. સેવકના શાસ્ત્રનો **ચોથો** 'ઉદ્દેશો' એવો છે કે, સમુદ્રપર્યટન માટે પ્રાયશ્ચિત ફરમાવનારા **જૈન** આચાર્યો **બ્રાહ્મણોના** શિષ્યો હોવા જોઈએ, કારણ કે એ પ્રથા એમણે જ શરૂ કરી છે અને જૈન આચાર્યો માત્ર હેમને પગલે ચાલવા માગે છે. માટે જો પ્રાયશ્ચિત લેવુંજ હોય તો પ્રાયશ્ચિત આપનાર અને લેનારે પ્રથમ ખુલ્લી રીતે બ્રાહ્મણ ધર્મ અંગીકાર કરવો અને પછી ખુશી પડે તેમ કરવું; **જૈન તરીકે** આ પ્રકારનું પ્રાયશ્ચિત એ અર્થ વગરની બાબત છે. સેવકના શાસ્ત્રનો **પાંચમો** 'ઉદ્દેશો' એવો છે કે, પૂર્વે **અરબસ્તાનમાં** જૈન ધર્મનો પ્રચાર હતો, પ્રખ્યાત ચાઇનીઝ મુસાફર પોતાની ડાયરીમાં લખે છે કે ઉત્તર પશ્ચિમમાં આવેલા કિયાપીશીમાં જૈનો પોતાનો ધર્મ ફેલાવવા જતા, કાશ્યપ નામના જૈનાચાર્યે આઠમા સૈકામાં જૈન ધર્મ **ટીબેટમાં** દાખલ કર્યો હતો, **ભદ્રબાહુ** સ્વામીએ **નેપાળમાં** કેટલાક ચોમાસાં કર્યાં હતાં, જાવામાં જૈન મંદિરોના ખંડેરો છે, સીલોનમાં ઇસવી-

તેઓ સાધુના જીવનમાં અધ્યાત્મ કેટલું છે તે નપાસવાનો ગુન્હો કર્યા વગર નહિ જ રહી શકવાના ! પછી અકેક સાધુએ **પોતપોતાના** જૂદા સંઘ સ્થાપવા અને હેમાં પ્રથમ નિયમ એ રાખવો કે એ સંઘના દરેક મેમ્બરે પોતાની આંખો ફોડી નાખવી, હૃદય વેચી નાખવું અને કાનમાં પૂમડાં ઘાલવાં ! આમ થશે તો પછી સાધુઓને કોઇ જાતની પીડા રહેશે નહિ અને 'સંઘ બહારનું શાસ્ત્ર' ઉપયોગમાં લેવું જ પડશે નહિ !

* *

પણ ભલા ! લોકો સંઘ બહારની સજાથી આટલા ચમકતા અને ડરતા કેમ હશે ? એમાં તે શું વાઘ છે કે રાક્ષસ છે કે યમ છે કે છે શું. કે જેથી લોકો આટલા બધા ડરતા ફરે છે ? હું તો ધારું છું કે સંઘબહાર થનારાઓ ખરેખર એ શિક્ષાને પાત્ર જ છે; કારણ કે ખરૂં શું તે **વિચારતાં** શિખ્યા, પણ તે **અમલમાં મૂકવાની** હેમનામાં હિંમત નથી; માટે અધ્યાત્મ દૃષ્ટિએ પણ તેઓ **વીરના** સંઘને લાયક ન જ મનાય. જો તેઓ ખરેખર જ વીર અને તે પણ **મહા** વીરના મિશનના મિશનરી થવા માગતા હોય તો હેમણે પોતે જ વીરના કાનુનથી ઉલટા ચાલતા સંઘોમાંથી પોતાની મેળે રાજીનામું આપી દેવું જોઇએ અને લખાયલાં કે છપાયલાં શાસ્ત્રો જાતે વાંચીને જ્ઞાન મેળવવા તથા નિર્દંભી-ખટપટ રહિત—આધ્યાત્મિક વલણવાળા કોઇ મહાત્મા કોઇ પણ દેશમાં—કોઇ પણ સ્વાંગમાં મળે હેના **વર્તન** ઉપરથી (નહિ કે ઉપદેશ માત્રથી) વિશેષ અનુભવ મેળવવા તેમજ તે જ્ઞાન અને તે અનુભવ પોતાના દરરોજના જીવનમાં ઉપયોગમાં મેલવા સિવાય બીજી તમામ જાળથી પોતાના **સ્વતંત્ર** આત્માને મુક્ત રાખવો જોઇએ. આનંદઘનજીએ શું કર્યું હતું ભલા ? એ કોના સંઘમાં હતા?

(૩) અદ્ભૂત અનુભવ !

સાંભળો, સાંભળો ! પેલા **તેરાપંથી** મહાશય 'જૈન-હિતેચ્છુ' પત્રના મહા માસના અંકમાં પોતાનો ચોંકાવનારો અનુભવ જાહેર કરે છે તે લખે છે કે, દિગમ્બરોમાં અને **તેરાપંથીઓમાં** સાધુની અછતને લીધે જ ધર્મ સ્હેલી રીતે આવી શકતો નથી, જેથી એક વખત હેમનો અભિપ્રાય **હતો** અને **ગમે તેમ કરીને** સાધુ સ્થાપવાની ભગતી કરવી એ જ વિચાર પર તેઓ આવ્યા હતા. પણ પછી એમણે આખો સાધુને દુનિયાનું **અવલોકન કરવાનું** 'મિથ્યાત્વ' ગમ્યું ! **સ્થાનક**-

प्रकाशकनी पत्रपेटी.

ઝાલાવાડના 'ગોળ'ને હિતસલાહ—મી. હલીચંદ સૌભાગ્યચંદ **શાહ** (૧૩૩ ગુલાલવાડી, મુંબઈ) એક ચર્ચાપત્ર દ્વારા એવી મતલબની સૂચના ઝાલાવાડના દશાશ્રીમાળી સ્થાનકવાસી 'ગોળ'ને આપવા ઇચ્છે છે કે, ઝાલાવાડની કન્યાઓ બહાર જતી અટકાવવા છતા હજી એ પ્રાંતના યુવાનોની મુશ્કેલીઓ ઓછી થઇ નથી, માટે સેક્રેટરીએ કુમારીકાઓ અને અવિવાહિત યુવાનોની ડિરેક્ટરી બહાર પાડવા તજવીજ કરવી જોઇએ છે. આ ડિરેક્ટરીમા યુવાનોની ઉમર, કેળવણી, અભ્યાસ, આમદાની વગેરે તમામ બાબતો જણાવવાથી કન્યાવાળાને વર પસંદ કરવાની ઘણી સવડતા થશે. આવી ડિરેક્ટરી પડતર કિમતે વેચવી જોઇએ સેક્રેટરી તરફથી એવો પ્રયાસ ન બની શકે તેમ હોય તો, આ ચર્ચાપત્રી પોતે તે કામ પોતાના ખર્ચે ઉપાડવા તૈયાર છે, એટલી શરતે કે સેક્રેટરીએ ગામોગામથી ફોર્મ ભરાવી મગાવવામાં સ્હાયભૂત થવું. ચર્ચાપત્રી વિશેષમા 'ગોળ'ના કેળવણી ફંડનો હિસાબ બહાર પડેલો જોવા ઇચ્છા બતાવે છે.

અમારી સલામતી ક્યહાં છે? પ્રેમીઓના હૃદયમાં! કેટલીક વખતે કેટલાક પ્રેમીઓના પત્રો અમને ખરેખર બહુ આશ્વાસન અને હિંમત આપનારા થઇ પડે છે અને શ્રમ છેક મિથ્યા જતો નથી એવો વિશ્વાસ ઉત્પન્ન કરાવે છે તા. ૬-૫-૧૮ ના રોજ **બાંગરો**ડથી ડેપ્યુટી સ્ટેશન માસ્તર મી. L. U. Shah એક કાર્ડ લખે છે, જેમાં આ શબ્દો છેઃ—"પ્રકાશક મહાશય! જૈનહિતેચ્છુ'નો દરેક અંક જેમ બને તેમ વધારે જૈન અને જૈનેતરોમા વંચાય એવી કોશીશ કરવા એક વૉલંટીયર તરીકે હુ આજથી બધાઉં છું જે ગામમાં 'જૈનહિતેચ્છુ' મુદ્દલ ન જતુ હોય એવા ગામમા મ્હારા ખર્ચે એક પત્ર મોકલતા રહેશો અને જેને તે પ્રત વિનામૂલ્ય મળે તેનુ નામ મને આપશો કે જેથી હું તે પ્રત ઘણાઓને વંચાવવા તે ગૃહસ્થને અરજ કરૂ મી. V તરફ મને પક્ષપાત છે. તેમની વિશેષ પ્રશંસા કરવામા તેમની આત્મિક ઉન્નતિનો વિચાર આડે આવે છે. છતા સ્નેહભાવે એટલું તો કહી દેવાશે કે જ્યારે હુ 'જૈનહિતેચ્છુ' અને 'જૈનસમાચાર'નો ગ્રાહક નહોતો તે વખતની મારી સ્થિતિ અને તે પત્રો વર્ષો સુધી વાચ્યા પછી આજની સ્થિતિ એ બેનો મુકાબલો

લખે છે કે—" आपकी प्रशंसा प्रायः सभी प्रशस्त पत्रों द्वारा कर्णगत हुई है. आपके कई लेख भी दिगम्बर जैन, सत्यवादी आदिमें वांचे हैं. आपके स्वतंत्र विचार बहुत ही मनोहर हैं और आपके सभी लेख पढनेको चित्त व्याकुल हो रहा है. महाशयवर! कहिये क्या इसका भी कोई मार्ग है कि मैं आपके सम्पादित सम्पूर्ण अंकोंकी फाइल प्राप्त कर सकूं? मुझे इस बातका हर्ष है कि आप एक नामी स्वतंत्र लेखक हैं और जैन समाजमें आपका पत्र सर्वोत्तम गिना जाता है श्री जिनेन्द्र आपको पूर्ण स्वास्थ्य सम्पन्न करें और आप चिरकाल पर्यंत इसी प्रकार समाजका सुधार करते रहें,— अपने स्वतंत्र विचार दर्शाते रहें यही इस दासकी अरदास है."

(૮) રાજકોટથી મી. ચુનીલાલ નાગજી લખે છે કે 'જૈન-હિતેચ્છુ' સબંધી આપનો પ્રયાસ આત્મભોગના એક ઉત્તમમાં ઉત્તમ દૃષ્ટાંત સમાન હોઇ નજીકના ભવિષ્યમાં સર્વમાન્ય બનવા પામ્યા વગર નહિ રહે એવી આગાહી કરવાની કુદરતી પ્રેરણા થાય છે. એ પત્રના લેખો, વિચારની સંકલના, છપાઇ વગેરેની ઉત્તમતાને લીધે તે સર્વ જૈન સંપ્રદાયોમાં પ્રથમ પંક્તિએ આવતું જાણી તે પત્ર માટે હરહમેશ મગરૂરી વધતી જાય છે. જે ઉચ્ચાશયથી પત્ર કન્ડક્ટ થાય છે તેમાં સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું." ઇત્યાદિ ઇત્યાદિ ત્રણે ફીરકાના સંખ્યાબંધ જૈન મહાશયોની આ માસિક પ્રત્યેની પ્રેમાળ લાગણી એ જ અમારી મહેનત અને આર્થિક નુકસાનનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બદલો છે. આ સ્થળે અમારે ખુલ્લા શબ્દમાં કબુલ કરવું જોઇએ કે અમે આ સર્વ પ્રશંસાને લાયક નથી જ, પરન્તુ આટલા બધા પ્રેમીજનોની અમારા કામ પ્રત્યેની શુભ ભાવના કોઇક દિવસ અમને લાયક બનાવે એ અસંભવિત નથી વખતની તંગી અને સાધનોની ગેરહાજરીના કારણથી હાલ તો અમારા પોતાના ધારેલા લક્ષ્યબિંદુથી ઘણા ઘણા દૂર છીએ. માસિકનો દરેક અંક ૧૦૦ પૃષ્ઠનો સચિત્ર બનાવીને હજારો સાધનહીન જિજ્ઞાસુઓને માત્ર ૦–૬–૦ લવાજમથી માસિક પુરૂં પાડી શકીએ ત્હારે જ અમને કાંઇક સંતોષ થશે.

જૈન શુ ' એક શ્રાવકના મળપત્રમાં જયપુરથી તેરાપંથી શ્રાવક શ્રીયુત છગનલાલજી લખે છે કે, ' લીલાધરજી પ્રથમ તો તેરાપંથીના સાધુ હતા. ઘણા વખત સુધી ચારિત્ર સારી રીતે પાળ્યા પછી ચારેક વર્ષની વાત ઉપર પૂજ્યશ્રીની પરવાનગીથી બીજા પાંચ સાધુ સાથે કચ્છમાં ગયા હતા. ત્યાં લીલાધરજી તથા બીજા ૩ સાધુ શીથીલાચારી થઈ ગયા અને બાકીના ૨ ચાતુર્માસ બાદ ગુરૂ પાસે પાછા આવ્યા. (તેરાપંથમાં રીવાજ છે કે, પૂજ્યશ્રીના હુકમ પ્રમાણે સઘળા સાધુ ચાતુર્માસ કરે અને ચાતુર્માસ બાદ પૂજ્ય પાસે હાજર થાય. શિષ્યો કરવાનો અધિકાર પણ પૂજ્યને જ છે, બીજા સાધુ શિષ્ય કરી શકે નહિ)'

मुनि कालुरामजीको अभयदानः—मेवाडी मुनि कालूरामजीसे अत्यंत अमर्याद दो पत्र आये हैं, जिनको प्रगट करनेसे धर्मकी हेलना होनेका पुरा सम्भव मालूम होनेसे इसबारेमें ही हम मुनिश्रीको कहेंगे कि, (१) प्रथम तो आपका संशय ही बीलकुल अयोग्य है आपके बारेमें जो हेन्डबील छपा है इसे आज तक देखा भी नहीं, ना इसके लेखक या प्रसिद्धकर्त्ताको हम पहचानते हैं हेन्डबील हमने देखा ही नहीं है तो हम उसके बारेमें अभिप्राय क्या देवे ? अगर चाहे उतना सच्चा लेख हो तो भी मुनियोंके बारेमें गुप्त नामसे हेन्डबील छपानेके कामको हम तो तीरस्कारपात्र समझते हैं. (२) जैसे हम वह हेन्डबीलके लेखकको दोषित मानते हैं वैसे ही आपकी ओरसे उसका खंडन जैनधर्म प्रकाशमें करनेवाले लेखककी निंदायुक्त और पक्षपातभरी शैलिको भी अधम समझते हैं. (३) आपके शत्रुओंमेंसे कोई हमारे अखबारकी प्रशंसा करने वाले हो तो इतने ही सबबसे हम आपके शत्रुकी पार्टीके हैं ऐसा मानना केवल भ्रमणा है. जिनको आप आपके शत्रु मानते हो और हमारे साथी मानते हो उनको दो सालमें भी एक चिट्ठी हमने लिखी हो ऐसा आप बताओ तो हम आप फरमावें वैसा

प्रायश्चित लेनेको तैयार हैं. (४) आपका आचार जैनदर्शनके शास्त्रोंका बरखिलाफ है ऐसा तो आपने लिखी हुई अपवाद बीडीयोंसे ही सबूत होता है. कोई भी साधुको यह चिट्ठी बताओ, यदि यह आपका साधुधर्मसे बरखिलाफ कृत्य करने वाला न कहे तो हम जाहेरमें आपकी क्षमा मांग कर प्रायश्चित लेनेको तैयार हैं. (५) आपकी यह चिट्ठी परसे मालुम होता है कि आप हर जगह हमारी निंदा करते होंगे. परन्तु इससे हमें ना कोई बातका खेद है, ना कोई डर है. आपको हमारी बातका अवगणन है. आपकी आत्माको जिस बातसे शुद्ध हो समझपूर्वक करते रहें.

સમયના પ્રવાહની સાથે.

સાક્ષીઓની સત્યતા તપાસનારૂં યંત્રઃ—મી. સાઠરીલ ચાર્ટ નામના એક મનશાસ્ત્રજ્ઞ વિદ્વાને એક યંત્ર હમણાં શોધ્યું છે, કે જે વડે સાક્ષીઓ મનમાંની વાત છૂપાવવા કોશીશ કરે તે તુરત પકડાઇ જાય છે. એ યંત્ર પર સાક્ષીના હૃદયનાં આંદોલનની અસર થવાથી સાચ-જૂઠ પકડાઇ આવે છે. હજી સુધી એ યંત્ર જાહેરમાં આવ્યું નથી; પણ તેમ થશે તો ન્યાયાધીશોના કામમાં ઘણી સગવડતા થશે અને ગેરઇન્સાફના સંભવ ઘટશે.

સરકારી સેન્સસ રિપોર્ટનું ચોંકાવનારૂં કથનઃ—ઇ. સ. ૧૯૧૧ ના સેન્સસ રિપોર્ટના પૃષ્ટ ૧૨૬ મા જૈનો સંબંધી જે ઉલ્લેખ છે તે ખરેખર ચ્હોંકાવનારો છે. તે ઉલ્લેખનો સાર નીચે મુજબ છેઃ—" ભારતમાં જૈન ધર્મ માનનારા લોકોની સંખ્યા ૧૨|| લાખ છે. સંખ્યાના દૃષ્ટિબિંદુથી જૈનસમાજ બહુ અલ્પ મહત્વનો છે. ભારત સિવાયના બીજા દેશોમાં જૈન ધર્મને માનનારા બહુ જોવામાં નથી આવતા. રજપૂતાના, અજમેર અને મારવાડ પ્રાંતોમાં ત્હેમની સંખ્યા ૨,૫૩૦૦૦ તથા બીજા પ્રાંતો અને રાજ્યોમાં ૮,૧૫૦૦૦ છે, અજમેર, મારવાડ અને મુંબઇ ઇલાકામાં બીજા લોકોના પ્રમાણમાં જૈનોની વસ્તી ૮ ટકા જેટલી, રજપૂતાનામાં ૩ ટકા, વડોદરામાં ૨ ટકા અને મુંબઇ શહેરમાં ૧ ટકા જેટલી છે; બીજે ઠેકાણે ત્હેમની વસ્તી બહુ ઓછી છે. તેઓ ઘણે ભાગે વ્યાપારી છે. પૂર્વ ભારતમાં ઘણું કરી બધા જૈનો વ્યાપાર માટેજ જઇ વસેલા છે. દક્ષિણમાં જૈનોની સંખ્યા થોડી છે અને તેઓનો મ્હોટો ભાગ ખેતી ઉપર નિર્વાહ કરે છે. સન ૧૮૯૧ થી જૈનોની સંખ્યા ધીમેધીમે ઘટતી જાય છે. ૧૯૦૧ માં ૫.૮ ટકા જેટલી ઘટી હતી અને આ વખતની ગણતરીમાં ૬.૪ ટકા ઘટી છે. જૈન લોક હિંદુસમાજવ્યવસ્થાના અનુયાયી છે. હમણાં હમણાં ત્હેમાંના કેટલાક આર્યસમાજના બનવા લાગ્યા છે. પંજાબ, વાયવ્ય પ્રાંત અને મુંબઇના જૈનોનું વલણ હિંદુઓના તહેવાર અને પર્વ પાળવા તરફ વિશેષ છે, તેથી ધીમે ધીમે તેઓ હિંદુધર્મમાં ભળી જાય એવો સંભવ છે. ઉત્તા ૧૦ વર્ષમાં ત્હેમની સંખ્યા

પાછળ બોલાવી આશ્રય આપે છે ! નાતાલમાંના નાગ હિંદુઓને પ્રથમ તો હેમની જ્ઞાતિઓએ બહિષ્કૃત કર્યા હશે તે છતાં તે ક્ષમાવાન હિંદુઓએ હેમને સતાવનારના ઇષ્ટ દેવને રહેવા માટે નાતાલના વરૂલમ નાગના નગરમાં એક ભવ્ય મંદિર બનાવ્યું અને હમણાં હેમાં ગોપાલલાલ દેવ પણ પધારી ચુક્યા છે ! આથી સાબીત થાય છે કે લોકો દેવ અને ધર્મનું જે સ્વરૂપ માની બેઠા છે તે દેવ અને તે ધર્મ કરતાં એક અદનો મનુષ્ય વધારે ક્ષમાવંત અને ઉદાર છે, કે જે પોતાને સતાવનારને પણ આશ્રય આપે છે! દેવો પણ કીડ સ્હમજ્યા છે કે પોતે ગમે તેવા દેશોમાં જવાનો ઇજારો રાખી બેઠા અને ભક્તોને ઘરમાં જ ગોંધાઇ રહેવા ફરમાવ્યું અને પોતાની પધરામણી થતી હોય તો ગમે ત્હાં જવાની ભક્તોને છૂટ આપી !

મદદ આપવાથી ફાયદા કે ગેરફાયદા ?—દાન કે મદદ આપવામાં પુણ્ય છે એવો એક સાદો નિયમ આ દેશમાં જૂદા જૂદા ધર્મો તરફથી શિખવવામાં આવ્યો છે તેથી જૂદે જૂદે રસ્તે હમેશ દાન થતું નજરે પડે છે પરંતુ એ વિષયને અંગે ઘણા સવાલો વિચારવા જેવા છે તે તરફ થોડાઓએ જ નજર પહોંચાડી છે. પારસી ભાઇઓએ આ ચર્ચા ઉપાડી લેવાની પહેલ કરી છે તે માટે હેમને ખરે જ ધન્યવાદ ઘટે છે. જો કે પારસી ભાઇઓનાં દાન બીજી કોમોના દાન કરતાં ઘણે ભાગે સર્વોપયોગી કાર્યો પાછળ વધારે થાયછે, તો પણ તેઓએ પોતાની કોમના ગરીબોને મદદ કરવા માટે પણ ફંડો ખોલવાનું વિસાર્યું નથી. આવી રીતે અપાતી મદદ પરિણામે લાભદાયક છે કે ગેરલાભદાયક તે સવાલ હમણાં તે કોમમાં ચર્ચાવા લાગ્યો છે અને એક 'કમીટી ઑફ ઍન્ક્વાયરી' સ્થાપવામાં આવી છે, જેના જૉઇન્ટ સેક્રેટરી મી. સોરાબજી બમનજીએ નીચેના સવાલો જાહેરમાં મૂકીને અનુભવીઓના વિચારો એકઠા કરવા માંડયા છે— (૧) આપણા સમાજમાં લાચારોની સંખ્યા વધતી જતી હોય એમ હમે માનો છો ? અને માનતા તો તેમ થવાના કારણો કયાં ધારો છો ? (૨) કમાવાના સાધનોની ન્યૂનતા આ લાચારીના કારણભૂત હોય તો કેટલા પ્રમાણમાં ? (૩) મોંઘવારી અને ફૅશનની રીસીઆરી એ લાચારીના કારણ રૂપ હોય તો કેટલા પ્રમાણમાં ( ) એમ કહેવામાં આવે છે કે "હાલની કેળવણીની રૂઢીને લીધે

હાજરી ઘણી મ્હોટી થાય છે અને હાજર રહેલા દરેક પુરૂષ અને દરેક સ્ત્રી કાંઇ નહિ ને કાંઇ દાન અવશ્ય કરે છે. લોકોની પ્રિતિ સંપાદન કરવી એ જ હરેક સંસ્થાનું પહેલું કાર્ય છે, જે અતિ મુશ્કેલ અને ડહાપણ વગર ન બની શકે એવું કામ છે. પણ ત્યાર પછી દ્રવ્યની મુશ્કેલી કે કામ કરનારાઓની મુશ્કેલી હમેશને માટે અદ્રશ્ય થઈ જાય છે! જૈન કૉન્ફરન્સો! કૃપા કરી આ પાઠ ધ્યાનમા લેશો.

ઈટાલીઅન પંડીત આવ્યા:— સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, ગુજરાતી વગેરે આ દેશની કેટલીક ભાષાઓ જાણનાર જૈન સાહિત્યના અભ્યાસી ઈટાલીઅન પંડિત ડૉ એલ. પી. ટેસીટોરી તા. ૧૧મી એપ્રીલે કલકત્તા ખાતે આવી પહોચ્યા છે અને જુન બાદ ગુજરાતમાં ફરવા નીકળનાર છે. કલકત્તાનુ ત્હેમણુ ઠેકાણું આ પ્રમાણે છે — c/o Dr. Rocca, 8 Esplanade Road, Calcutta. ડૉ. જેકોબીની બાબતમા બન્યુ હતું તેમ આ જૈન સાહિત્યના અભ્યાસી જૈનેતરને જૈનના જૂદા જૂદા મતપક્ષવાળાઓ ખેંચાખેંચ ન કરે તો મ્હોટી મહેરબાની!

પંડિત અર્જુનલાલજી પર ચ્હોંકાવનારો આરોપ— દિગમ્બર પંડિત અને સમાજસેવક શ્રીયુત અર્જુનલાલજીને પકડયાના ખબર ગયા અંકમા અપાઇ ગયા હતા, ગજ્ઞૂગી ચલાવવા માટે જોઇતા નાણા એકઠા કરવાના આશયથી એક મહંતનુ ખુન કરનારી ટોળીમા તેઓ શામેલ હોય એવો શક હોવાથી ત્હેમને પકડી જેલમા રાખ્યા છે અને કેસ ચાલે છે અલબત આરોપ ઘણો ગભીર છે પણ જેનુ આજ સુધીનુ વર્ત્તન નિર્દોષ અને ઉપયોગી જોવામા આવ્યુ હોય એવા એક સમાજસેવકને પોતાનો બચાવ બરાબર ન કરી શકવા માટે જ ખમવુ પડે તો દિગબર જૈન સઘને માથે એક કલક રહી જવા પામશે જૈન કોમની ભલી કીર્તિના રક્ષણ ખાતર તથા કાનુની મદદ નહિ મળવાના સબબ સર એક સમાજસેવક માર્યો ગયો એમ કહેવાવા ન પામે એટલા ખાતર, દિગબર જૈનોએ ત્હેમને અનુભવી બૅરીસ્ટરની જોગવાઇ કરી આપવી જોઇએ છે, પછી તો પોતપોતાના આ ભવ કે પરભવના કર્મનુ ફળ કોઈ અન્યથા કરી શકવાનુ નથી જ.

કહાડતી નહોતી અને પતિ-પત્ની બીજાની હજુરમાં વાત કરવાની સંપૂર્ણ છૂટ ધરાવતા હતા. બ્રાહ્મણ ધર્મનાં તેમજ જૈન ધર્મના શાસ્ત્રોમા જે કથાઓ આપણા વાંચવામાં આવે છે તે પણ આ વાતને પુષ્ટિ આપે છે. મુસલમાનોના ત્રાસમાંથી બચવા માટે પાછળથી મલાજો દાખલ થયો અને એ ત્રાસ દૂર થવા છતાં પણ રીવાજ તો રહી જ ગયો. મારવાડમા તો સ્ત્રી સ્ત્રીઓની પણ લાજ કહાડે છે અને સાસુ કે નણંદ આગળ પણ મુંગી રહે છે. કાઠીઆવાડના કેટલાક ગરાસીઆ અને કાઠી લોકો હાલ તદન તંગ હાલતમાં આવવા છતાં સ્ત્રીને મલાજામાં રાખે છે, તે એટલે સુધી કે પુરૂષ પોતે કુવે જઇ પાણી ભરી લાવે પણ સ્ત્રીને પાણી ભરવા પણ જવા દે નહિ અને રેલ્વેની મુસાફરી કરવી હોય તો ડબ્બામાંથી ઉતરતાં એક છેડા અને તે ઉપર આખુ શરીર ઢંકાય એવો બુરખો ટ્રેન આગળ જ રાખીને તેમા સ્ત્રીને દાખલ કરવામા આવે છે. દરેક જાતની અગવડ અને ખુવારી વેઠવી તે કબુલ પણ જૂનો રીવાજ ન છોડાય એવી ટેક આર્ય પ્રજાને પાયમાલ કરી નાખી છે, નીતિના નિયમોમા અને સ્વદેશસેવામાં આવી ચુનાઇ જો રાખવામા આવે તો કેટલુ બધુ કલ્યાણ થાય? સ્ત્રીએ ચાલવામા-બોલવામા-કપડા પહેરવામા મર્યાદા જાળવવી એ અલબત શોભા ભર્યું છે, પણ આવા માન આડંબર કેટલીક વાર સ્ત્રીનુ શીલ ઉડાવવા જેવી ભૂલમા પરિણમે છે એ વાત ધ્યાનમા રાખી ખોટા મલાજાનો રિવાજ દરેક કુટુંબે છોડવો જોઇએ છે.

સાધુ સંન્યાસીઓનુ 'મીશન' બનાવવાની ચાલી રહેલી હીલચાલ—ઉત્તર હિંદમા ભિક્ષા ઉપર ગુજારો કરનાર બાવનલાખ સાધુ સન્યાસીઓની મોટી જમાતને 'મુક્તિફોજ'ની માફક કામના સેવાની હીલચાલ કેટલાક દયાળુ હિંદુઓએ ઉપાડી છે આ હિંદુઓનો પ્રમાણિક પ્રયાસ સફળ થાઓ એમ અમે ઇચ્છીયે પરન્તુ હાલતો આનુ પરિણામ બહુ આશાજનક લાગતું નથી. લોકોની સેવા કરવા, લોકોને ઉપદેશ આપવા અગર બીજા કોઈ પણ જાહેર હિતના કામમા જે માણસોને જોડવા હોય તે માણસો ખરેખર 'કર્મીષ્ટ' સ્વભાવના સેવાબુદ્ધિવાળા અને બુદ્ધિશાળી હોવા જોઇએ. આવા લક્ષણ વગરના લોકોને એકઠા કરી 'મિશન' બનાવવાથી કાંઇ ઉપયોગી કામ થઇ શકે એ અમને તો સમજાતુ નથી. એમને ધંધો

ડૉ. જેકોબીનો ખુલાસો—અજમેર સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ ઉપર તા. ૩-૩-૧૪ ના રોજ ડૉ. જેકોબીએ લખેલા પત્રમા આ શબ્દો છે, કે જેના ઉપર કાઇ ચર્ચા ન કરતાં સત્યશોધકો ને સ્વત વિચારી લેવા અરજ કરીએ છીએ. તે લખે છે કે—

"The object of my speech will *not* be influenced by the correction of statement, for it is based on archæological grounds and the analogy of Buddhist worship."

In his lecture at Ajmer he had said that the worship of idols among Jains was probably introduced in the time of Vimalsuri, i. e. in the 1st century, and the Sutras were committed to writing later on, i. e. in the 5th century. He held that idol-worship was not found in Angas and Upangas, which view, however, he had to change when he was shown certain references by Shree Dharmavijayji. And he accordingly wrote at the request of Shree Dharmavijayjee, to the S. S. Jain Conference Office that in the notes of his lecture at Ajmere, they should add that "he was **shown** passages in some Angas in which the idols of Tirthankaras were mentioned, that the passages in question proved that in the time of the reduction of these Angas in their present form the worship of idols of Tirthankaras had already **come into use**." This was enough for some orthodox Jains to presume that Dr. Jacobi was convinced that idol-worship was sanctioned by original Jainism! His letter of the 3rd March, lately published, however, clear all the fog of conjectures and bigotry. Whether idol-worship is meritorious or otherwise is no question to the student of history and literature, and we wish that the attitude be taken by some of the learned Jains in investigating as to whether idol-worship existed in the times of Mahavir and whether it was recommended by Him. Happy the day when History Philosophy will speak instead of Belief!

તરફથી-વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકોના ઇનામ વ્હેંચ્યાં હતાં અને પાશુભાઇએ સાકર વ્હેંચી હતી.

—श्रीयुत हीरालाल मीशरीलाल कांठिया पीपलोदासे लिखते हैं कि महाराज श्री हर्षचंद्रऋषिने ४८ वर्षकी दीक्षाके बाद गाम कोदमें काल किया है. संथारा दो दिन रहा था.

—મુંબઇના રત્નચિંતામણિ **સ્થા.** જૈન મિત્રમંડળનો વાર્ષિક રિપોર્ટ જાહેર કરવા માટે તા. ૩-૫-૧૪ ની રાત્રીએ હીરાબાગમાં મી. **નથમલજી ચોરડિયાના** પ્રમુખપણા નીચે એક જાહેર સભા બોલાવવામાં આવી હતી, જેમાં વાડીલાલ મોતીલાલ શાહે આ મંડળને ઉન્નત કરવાના રસ્તા સૂચવીને અપીલ કરી હતી, જેના ટેકામાં પંડિત લાલન પ્રમુખે તથા મી. મોહનલાલ દલીચંદ દેસાઇ B. A. L. L. B. એ વિવેચન કરવાથી તે જ વખતે સુમારે ૮૦૦ રૂ. નું દાન મળ્યું હતું. વિદ્યાર્થીઓનાં રેસીટેશનો શ્રોતાઓને બહુ પસંદ પડયા હતા.

—ઉક્ત સભાની વર્ષગાંઠ ઉજવવા એક બીજી સભા વા. મો. શાહના પ્રમુખપણા નીચે મળી હતી, જેમા પ્રમુખે તથા પંડિત લાલને ' ભાવના અને કાર્ય ' એ વિષય ચર્ચ્યો હતો.

—મુનિશ્રી ગુલાબચંદજી રાજકોટમાં પધારતાં હેમના પરિચયના આવેલા એક ગૃહસ્થ જણાવે છે કે, તેઓ અત્રે ૧૫ દિવસ રહ્યા હતા, રાત્રિના ૧૧ વાગ્યા સુધીમા માત્ર ૧ કલાક બાદ કરતા બધો વખત જ્ઞાન ધ્યાનમા જ તેઓ પસાર કરતા. તેઓ તદ્દન નિરભિમાની અને અલ્પ આહાર લે છે, વખતો વખત તપસ્યા પણ કરે છે, છેક જ અલ્પ ઉપકરણ રાખે છે અને સંસારીની ખટપટથી તદ્દન મુક્ત રહે છે સાધુના શુદ્ધ આચારો સબંધી એમની પરૂપણાને લીધે કેટલાએ મુનિઓ એમના તરફ ખેંચાયા કરે છે અને હેમની વિરુદ્ધ શ્રાવકોને ઉશ્કેરી મૂકે છે. આ માસિકના મુખ્ય લેખકને આ મહાત્માનો પરિચય થયેલો છે તે ઉપરથી તે શ્વેતામ્બર દિગમ્બર સંપ્રદાયોમા જન્મેલા પણ માત્ર આત્માર્થનો જ ખપ કરનારા શ્રાવકો, મુનિઓ અને ભટ્ટારકોને આ મહાત્માની મુલાકાત લેવા ભલામણ કરે છે. હરકોઈ પંથ અને હરકોઇ સ્થળેથી ગુણી જનોને શોધવા અને હેમનામાથી આપણને જે રૂચિકર લાગે તે તત્વ ગ્રહણ કરવું એ જ આ જમાનાને અનુકૂળ ધર્મ છે (શ્વેતામ્બર-દિગમ્બર પંથના ખરેખરા પવિત્ર મહાત્માઓનો પીછાન અને હેમના વિહાર વગેરે હીલચાલો આ પત્રમા લખી મોકલનારનો આભાર માનવામાં આવશે.)

તરફથી-વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકોનાં ઈનામ વ્હેંચ્યા હતાં અને પાશુભાઈએ સાકર વ્હેંચી હતી.

—श्रीयुत हीरालाल मीशरीलाल कांठिया पीपलोदासे लिखते हैं कि महाराज श्री हर्षचन्द्रजीने ५४ वर्षकी दीक्षाके बाद गाम कोदमें काल किया है. संथारा दो दिन रहा था.

—મુબઈના રત્નચિંતામણિ સ્થા. જૈન મિત્રમંડળનો વાર્ષિક રિપોર્ટ જાહેર કરવા માટે તા. ૩-૫-૧૪ ની ગત્રીએ હીરાબાગમાં મી નથમલજી ચોરડિયાના પ્રમુખપણા નીચે એક જાહેર સભા બોલાવવામા આવી હતી, જેમાં વાડીલાલ મોતીલાલ શાહે આ મંડળીને ઉન્નત કરવાના રસ્તા સૂચવીને અપીલ કરી હતી, જેના ટેકામા પંડિત લાલન પ્રમુખે તથા મી મોહનલાલ દલીચંદ દેસાઈ B. A. L L. B. એ વિવેચન કરવાથી તે જ વખતે સુમારે ૮૦૦ રૂ. નું દાન મળ્યું હતું. વિદ્યાર્થીઓનાં રૅસીટેશનો શ્રોતાઓને બહુ પસંદ પડયા હતા.

—ઉક્ત સભાની વર્ષગાંઠ ઉજવવા એક બીજી સભા વા. મો શાહના પ્રમુખપણા નીચે મળી હતી, જેમા પ્રમુખે તથા પંડિત લાલને 'ભાવના અને કાર્ય' એ વિષય ચર્ચ્યો હતો.

—મુનિશ્રી ગુલાબચંદજી રાજકોટમા પધારતા હેમના પરિચયના ચાલેલા એક ગૃહસ્થ જણાવે છે કે, તેઓ અત્રે ૧૫ દિવસ રહ્યા હતા, રાત્રિના ૧૧ વાગ્યા સુધીમા માત્ર ૧ કલાક બાદ કરતા બધો વખત જ્ઞાન ધ્યાનમાં જ તેઓ પસાર કરતા. તેઓ તદ્દન નિરભિમાની અને અલ્પ આહાર લે છે, વખતો વખત તપસ્યા પણ કરે [illegible] એક જ અલ્પ ઉપકરણ રાખે છે અને સંસારીની ખટપટથી તદ્દન મુક્ત રહે છે સાધુના શુદ્ધ આચારો સબંધી એમની પકડપણાને લીધે કેટલાએ મુનિઓ એમના તરફ ખેંચાયા કરે છે અને હેમની [illegible] આવકોને ઉત્કંઠી રહે છે. આ માસિકના મુખ્ય લેખકને આ મહાત્માનો પરિચય થયેલો છે તે ઉપરથી તે શ્વેતામ્બર દિગમ્બર સર્વ મતોના જૈનોના પણ માત્ર આત્માર્થનો જ ખપ કરનાર શ્રાવકો, મુનિઓ અને ભટ્ટારકોને આ મહાત્માની મુલાકાત લેવા ભલામણ કરે છે. [illegible] ગમે [illegible] સ્થળેથી ગુણો જાણીને શોધવા અને [illegible] જે [illegible] લાગે તે તરત ગ્રહણ કરવું [illegible] આ [illegible] અનુરૂપ ધર્મ છે (શ્વેતામ્બર-દિગમ્બર [illegible] મહાત્માઓના જીવન અને હેમના વિચાર [illegible] આ [illegible] નારનારનો આભાર માન [illegible].)

—અમદાવાદ ખાતે વિસલપુર નિવાસી શાહ છોટાલાલ મૂળચંદની પુત્રી બ્હેન શકરીએ દરિયાપુરી સમુદાયમાં દીક્ષા લીધી છે. પ્રથમ હેની માતા અને પિતા પણ હેની સાથે દીક્ષા લેવા તૈયાર થયાં હતાં; પરન્તુ એકાએક સઘળી તૈયારીઓ પડતી મૂકવામા આવી હતી અને એક જ દીક્ષા ઉજ્વવામાં આવી હતી. કહેછે કે મુનિવર્ગે સાંમટી દીક્ષાઓ આપવામાં આનાકાની કરવા જેટલું ડહાપણ બતાવ્યું હતું. એમ હોય તો ધન્ય ભાગ્ય !

—નાસિકમા શ્રી પ્રેમરાજજી મહારાજ ઠા. ૩ નું ચાતુર્માસ ર્ક્યું છે.

—મારવાડી મુનિશ્રી લખમીચંદજીનું ચાતુર્માસ મુંબઈમાં ર્ક્યું છે; ઠા. ૩ થી તેઓ મુબઈ આવી ગુગ્યા છે.

—મહારાજ શ્રી વલ્લભવિજયજીએ 'મહાવીર વિદ્યાલય' માટે ઉઠાવેલા શ્રમની પરિપૂર્ણતા માટે હેમની હાજરીની મુબઈમાં જરૂર હોવાથી મુંબઇના શ્રાવકોની વિનંતિને માન આપીતેઓએ ઓણનું ચાતુર્માસ પણ મુંબઇમા રહેવા સ્વીકાર્યું છે. કેવો સુંદર અને ઉત્પાદક હેતુ ! સ્થાનકવાશી મુનિઓ મુબઇમા આવી કાઇ ધોળી બતાવશે? તપસ્વી શ્રી માણેકચંદજીએ મુંબઈમાં રહી સ્થાનકમાં પેટીઓ રાખી રકમ તો ઘણી સારી ભેગી કરી પણ તે કાઠીઆવાડના એક ખુણામાં પડેલા પુસ્તકભંડારમાં નખાવી; શુ મુબઇની બોર્ડીંગ, મુંબઇની જૈનશાળા, મુંબઇની પુસ્તકશાળા કોઇ-કોઇ કામ ઉત્તેજનને પાત્ર ન જણાયુ ? પણ કોણ હિત-અહિતનો વિચાર કરે છે ? અને વિચાર કરનારનું મુનિઓ આગળ ચાલે પણ શુ ?

—લિંબડીમા ઉન્હાળામાં માંછલા બચાવવા માટે નાણાંની મદદની જરૂર હોવાથી રંગુનમા વસતા લિંબડીનિવાસી જૈનોએ રૂ. ૨૦૦)ની રકમ હુંધરાની મોકલી છે. ધન્ય !

—ઉમરાળામાં બોટાદ સપાડાના પૂજ્ય શ્રી હીરાચંદજી સ્વામી પાસે ભાઇ કાનજી મોતીચંદ નામના ૨૨ વર્ષની ઉમરના યુવાને દીક્ષા અંગીકાર કરી છે. તે પ્રસંગે ઘણા ગામના શ્રાવકો એકઠા થયા હતા અને હાથી ઉપર દીક્ષાના ઉમેદવારને બેસાડી વરઘોડો પુરી ધામધુમથી કહાડયો હતો. એકદરે ૫-૭ હજાર માણસની હાજરી હતી. પોલીસની ટુકડી, બેન્ડ, રૂપાની અંબાડી વગેરે ભભકો કરવામાં બાકી રાખી નહોતી. ભાઇ કાનજીએ ૬૦ ચોકડા અને બે સ્ત્રીઓ ઉત્સાહ કરેલાં છે. ચાતુર્માસ બોટાદના કરશે. દીક્ષા પ્રસંગે જુદાં જુદાં ખાતામા સારી રકમની સખાવત થઇ હતી.

—ગઢડા નિવાસી ભાઇ નાનચંદ તારાચંદ કે જેઓ દક્ષિણમાં વ્યાપાર નિમિત્તે રહેતા હતા અને ગઢડામાં જૈન શાળા અને કન્યાશાળાના સ્થાપક હતા તે ધર્મપ્રેમી સરળસ્વભાવી બન્ધુ ૩૮ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. હેમના આત્માને શાન્તિ મળો! જૈનશાળામાં તેઓ વર્ષે રૂ. ૩૦૦ આપતા; ઉપરાંત ગુપ્ત દાન નિરાશ્રીતોને આપતા. હેમની પાછળ સારી રકમ હેમના ભાઇએ કહાડી છે, જેનો ઉપયોગ ઉંડા વિચારપૂર્વક કરાય તો બહુ સારૂં.

—ब्यावरमें मुनि श्री संतोकचंदजी ठा. ३ का चातुर्मास होने वाला है; पालीमें श्री छगनलालजी व नथमलजी महाराज ठा. ४, सादडीमें श्री राजमलजी महाराज ठा ४, पीपाडमें श्री नथमलजी महाराज ठा. ५, जोधपुरमें श्री चतुर्भुजजी महाराज ठा ३, पालीमें श्री जोरावरमलजी महाराज ठा. ७, खरवामें श्री राजमलजी महाराज ठा. ३

—पंडित मुनि श्री नंदलालजी महाराजके उपदेशसे दर्शनमें बहुतसे लोगोंने कन्याविक्रय छोड दिया है, एक शाला खोला है और राताडिया ग्राममें देवीके मंदिरमें हरसाल ६००—७०० बकरेका वध होता था वह महाराजश्रीके उपदेशसे पटेल रतनाजीने श्रम लेकर बंध कराया है.

—बीकानेरमें आर्याजी उल्लासकँवरजीने ६१ वास किये हैं.

સાધુ શીતળકારી કે આગકારી?—કચ્છ મુંદ્રા તાબાના ગામ [illegible]ના મ્હોટી પક્ષ અને ન્હાની પક્ષના સાધુઓ શાન્તિથી એક સ્થાનકમાં ઉતર્યા હતા. એકવારે ન્હાની પક્ષના સાધુએ વ્યાખ્યાન વાંચ્યું, બપોરે મ્હોટી પક્ષના સાધુ વ્યાખ્યાન વાચવા બેઠા કે તુરત [illegible]. પક્ષના એક સાધુ (કે જે વ્યાખ્યાનદાતા નહોતા) પોતાના વ્યાખ્યાનદાતા સાધુને કહેવા લાગ્યા કે "હા તો તમે વ્યાખ્યાન વાંચો [illegible] અહીંથી વિહાર કરો." મ્હોટી પક્ષના સાધુઓએ [illegible] ગી પણ ન માનતાં સાધુ બપોરે તેઉ વાગેથી [illegible] સામાયિકમાં હોવા છતાં ચલાવવા ગયા. [illegible] છે. [illegible]ના નઢ પડી ચૂક્યાં છે. અને

'ભટકતા રામ' સાધુઓ નિમિત્તે **ઘર સંસારીઓ** શું કરવા તૈયાર થતા હશે?

—લિંબડી સમ્પ્રદાયમાં ચાતુર્માસ નીચેમુજબ ઠર્યાં છે—મહારાજ શ્રી મેઘરાજજી તથા શ્રી દેવચંદજી સ્વામી ઠા. ૮–લિંબડી, શ્રી લાધાજી સ્વામી ઠા.૩–વઢવાણ શહેર, શ્રી નાગજીસ્વામી ઠા. ૫–ધોરાજી, શ્રી લવજીસ્વામી ઠા. ૨–જેતપુર, શ્રી ગામજીસ્વામી ઠા. ૨–વીંછીઆ, શ્રી ગુલાબચંદજી સ્વામી ઠા. ૪–સુરત, શ્રી છોગાલાલજી સ્વામી ઠા ૫–કંડોર, શ્રી કૃષ્ણમુની, શ્રી ઉત્તમચંદજી સ્વામી પ્રત્યાદિ ઠા ૧૩-કચ્છ.

—દિગમ્બર મહાસભાના ચીફ સેક્રેટરી શ્રીયુત મુંશી ચમ્પતરાયજી તા. ૮-૫-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. હેમના આત્માને શાન્તિ મળો!

—કરાચીના હવે સ્થા. જૈનોમા કુસંપ દૂર થયો છે સ્થાનકમા ધર્મક્રિયા સારા પ્રમાણમા થાય છે. ઉપાશ્રયના વહીવટમા ભાવસાર વર્ગના એક ગૃહસ્થનુ નામ ઉમેરવામા આવે તો વિશેષ સારૂં ગણાશે

—પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ ૨૫–૫-૧૪ના રોજ મંદસૌરમા પધાર્યા હતા એ વખત વ્યાખ્યાન સાંભળવા ૧૦૦૦–૧૧૦૦ માણસો એકઠા થતા કેટલાક મુસલમાનોએ ઉપદેશ સાંભળીને મદ્ય–માસનો ત્યાગ કર્યો છે

—ખંભાત સંઘાડાના મહારાજ શ્રી છગનલાલજી તથા તપસ્વી શ્રી છોટાલાલજીનુ ચાતુર્માસ અમદાવાદ ખાતે ઠર્યું છે

—સ્થા૦ જૈન કોન્ફરન્સ તરફથી પ્રગટ થતા પાક્ષિકના તા ૧ જુનના અંકમા જણાવે છે કે, 'જૈન ટ્રેનીંગ કોલેજ' સંબંધી કરેલા ઠરાવ માટે મીટીંગ વખતે કમીટીના મેમ્બરો હશે કે મનાશે હશે તે વર્ગીક પાંચ લાખ સ્થા. જૈન પૈકી મેસર્સ ભંડારી, ઝવેરી અને સંઘાણીની ત્રિપુટી માત્ર હાજર હતી શ્રીયુત ભંડારી માટે અમને માન છે; તેથી તેઓને નમ્ર સૂચના કરીશુ કે જે કામ સુધારવાની શક્તિ ન હોય, અગર શક્તિ છતાં ફુરસદ ન હોય તે કામમા હાજી હા કરવા કરતા અલગ રહેવું વધારે બહેતર છે, કે જેથી તેમને એક જેવા નાનથી ખેંચાઈ નાહક પૈસાનો ભોગ આપતા બચે.

—એક ગૃહસ્થ લખે છે કે મહારાજ શ્રી પ્રસન્નચંદ્રજીના ઉપદેશથી દક્ષિણના **માલના** સહેરના ૧૦૦૦ સાતવી લોકોએ **આસવ–સાદર**-ના નદિ-અંબસથી દૂર રહેવાનો નિયમ કર્યો છે. વળી તેવાજ નિયમ ૩૦૦ કેદ અને ૨૦૦ ચમાર લોકોએ કર્યો છે.

જાહેર ખબરો.

મીલ-જીન-પ્રેસના માલેકોને ખુશખબર.

'જૈનહિતેચ્છુ' માસિકના મુખ્ય લેખક વાડીલાલ મોતીલાલ શાહે જેના દોઢ વર્ષથી મુંબાઇ ખાતે મીલ-જીન-પ્રેસને લગતો તમામ સામાન વિલાયતથી મંગાવી કારખાનાઓમાં જોઇતો માલ પૂરો પાડવાની દુકાન મ્હોટા પાયા પર ખોલી છે, જેમાં [illegible] એક પ્રસિદ્ધ ખાનદાન ભાગીદાર તરીકે જોડાવાથી ગઇ કંપનીનું નામ બદલીને "બી. મણીલાલ એન્ડ કમ્પની" એવું રાખવામાં આવ્યું છે. સાંચાકામ, લુબ્રીકેટીંગ તેલો, પટા, મશીનરીના સામાન વગેરે વગેરે તમામ પ્રકારનો માલ મ્હોટા જથ્થામાં રાખવામાં આવે છે. વાજબી ભાવ, પ્રમાણિકતા, અને માલ રવાના કરવામાં ઝડપ એ આ કમ્પનીના કાનૂન છે. મીલ-જીન-પ્રેસના માલેકો, મેનેજરો વગેરેને એક વાર ખપ પાડી જોવા વિનતિ છે.

બી. મણીલાલ એન્ડ કમ્પની
૨૫૩, નાગદેવી સ્ટ્રીટ—મુંબઇ

હુન્નરો બ્લ્યુબ્લૅક શાહી, આમળાનુ તેલ, વિલાયતી સાબુ બીસ્કીટ, વગેરે છવીસ હુન્નરો ગામડામા પણ ન બને તો રૂ. પાચની ગેરન્ટીવાળી બુક કીમત ૭ આના.

એન. જે. શાહ—વઢવાણસીટી

ધાતુ વિકાર.

એ નામનુ પુસ્તક પોસ્ટ કાર્ડ લખનારને મફત મોકલવામા આવે છે. અને તે વાચવાથી ભયંકર દરદોમાંથી મુક્ત થવાય છે, તેમજ ઘણાં દરદોની દવાઓ તેમા લખવામાં આવી છે.

વૈદ શાહ ગીરધરલાલ કહાનજી—ધોળકા [ગુજરાત]

જોઇએ છે—શિક્ષક!

ઝાલાવાડની એક જૈનશાળામા બે કલાક ધાર્મિક શિક્ષણ આપે અને ઇંગ્લીશ સ્કુલમા શિક્ષક તરીકે કામ કરે એવા એક સ્થાનકવાસી જૈન શિક્ષકની જરૂર છે. એકંદર માસિક આવક રૂ. ૨૦-૩૦ સુધી મળશે. તાકીદે લખો —'જૈનહિતેચ્છુ' ઑફિસ, ૨૫૩, **નાગદેવીસ્ટ્રીટ, મુંબઇ.**

સમગ્ર જૈન સમાજમાં
શુદ્ધ વિચાર વાતાવરણના પ્રચાર માટે

૧૫૦-૨૦૦ પૃષ્ટના વાંચનની લ્હાણી !

'જૈનહિતેચ્છુ'નો પર્યૂષણનો ખાસ અંક.

'જૈનના ત્રણે ફીરકામાં શારીરિક આરોગ્ય, નીતિ, ફીલસુફી, ધર્મનું વ્યવહારૂ સ્વરૂપ, સમાજસુધારો, ભ્રાતૃભાવ, સેવાબુદ્ધિ, શુદ્ધ ભક્તિ, સ્વતંત્ર વિચારશક્તિ ઇત્યાદિને લગતું શુદ્ધ વિચારવાતાવરણ ફેલાવવાના આશયથી 'જૈનહિતેચ્છુ' નો બે માસનો (આ) અંક જે કોઈ મંગાવે હેને વિનામૂલ્ય આપવામાં આવ્યો છે અને જુલાઇમાં પર્યૂષણનો ખાસ અંક ૧૫૦–૨૦૦ પૃષ્ઠનો તૈયાર કરી, હેની ધુમારે ૫–૬ હજાર પ્રતો ફેલાવવા ધાર્યું છે. એ અંકમાં એક બે ઉપદેશપૂર્ણ અને રસમય કથાઓ પણ (બનતાં સુધી ચિત્ર સાથે) આપવા ધાર્યું છે.

બે માસના (મફત વ્હેંચાયલા) અંકનું વધારાનું ખર્ચ અને પોસ્ટેજ વગેરે આ માસિકના મુખ્ય લેખકે જોડયું છે અને જુલાઇનો ખાસ અંક પડતર કિંમત કરતાં પણ ઘણી ઓછી કિંમતે વેચતાં જે નુકશાન રહે તે પણ તે જ જોડનાર છે. ચિત્રખર્ચ જોડવાને કોઇ ગૃહસ્થ પોતાની ઇચ્છા લખી જણાવશે તો હેમની ઇચ્છાના પ્રમાણમાં ચિત્રો આપવામાં આવશે. ચિત્રો પણ અર્થસૂચક અને ભાવપૂર્ણ બનાવવામાં આવશે. દાખલા તરીકે એલાયચી કુમાર વાંસ પર નાચે છે, ખૂબસુરત નટડી હેને ઉત્સાહ પ્રેરવા ઢોલ વગાડી રહી છે, રાજા નટડી સ્હામે ટીકી રહ્યો છે અને કુમારનું મૃત્યુ ઇચ્છે છે, બીજી બાજુ એક ખૂબસુરત યુવતી એક મહાત્માને એકાંતમાં અન્ન પ્રતિલાભે છે તે જતાં મહાત્મા નીચું માથું રાખી [illegible] કરે છે અને એલાયચી કુમાર તે દેખાવ તરફ એક નજરે નીરખી રહ્યા છે, ઉપરથી દેવો કુમારનો કેવલ્ય ઓચ્છવ કરતા ફૂલો વર્સાવે છે. આવી મનકલ્પના ભાવપૂર્ણ અને ઉપદેશમય ચિત્રો આપવામાં [illegible] કારીગરોની જરૂર પડે છે અને હેનાં ખર્ચ વધારે આવે છે, કે જે પોતે ઉપાડવાનું આ ઓફિસથી બની શકે તેમ

[બાકી જુઓ.

નથી; તેથી જો કોઇ ગૃહસ્થ પોતાની મેળે આ સબંધી ઉત્સાહ બતાવવા બહાર પડશે તો જ આ અંકમાં તેવાં ચિત્રો આપવામા આવશે જે મહાશયને આવો પ્રેમ હોય ત્હેમણે કૃપા કરી તાકીદે લખવુ, કારણ કે 'ડીઝાઇન' બનાવવામાં અને તે ઉપરથી 'બ્લૉક' બનાવવામાં પુષ્કળ વખત લાગે છે.

मात्र पाणीना मूल्ये !

૨૦૦ પૃષ્ટનો આ ખાસ અંક દરેક ગામમાં પ્રભાવના અથવા લ્હાણી તરીકે ફેલાવવાની હરકોઇ માણસને સગવડ થાય એટલા માટે સામટી ૧૦૦ પ્રત લેનારને રૂ. ૬ા મા (એટલે એક આના કિંમતે) આપવામાં આવશે. છુટક ૧ પ્રતના ૦-૪-૦, ૫ પ્રતના ૦-૧૫-૦, ૧૦ પ્રતના ૧-૯-૦, ૨૫ પ્રતના ૩-૫ ૬

પોષ્ટેજ અને રેલ્વે ખર્ચ જૂદું સમજવુ. ગ્રાહકે ખાસ સૂચના લખવી કે રેલ્વે પાર્સલથી તે અંકો મોકલવા કે પોષ્ટથી, અને રેલ્વે પાર્સલથી મોકલવા હોય તો સ્ટેશન કયુ અને લાઇન કઇ? (રજીસ્ટર્ડ ન્યુસપેપરોનું પાર્સલ ખર્ચ માત્ર અડધુ લેવાય છે.) કોઇએ કિંમત અગાઉથી મોકલવી નહિ, રેલ્વે રીસીટ અથવા બુક પોષ્ટ વી. પી. કરવા લખવુ.

જેઓ ૨૫ પ્રત મંગાવવા ઇચ્છતા હોય તેઓ જો એવા બીજા ૩ ગૃહસ્થો સાથે મળીને ૧૦૦ પ્રત મંગાવશે તો ચારે ગૃહસ્થોને કિંમત અને ખર્ચમા ઘણો ફાયદો પડશે.

પર્યુષણમાં જે તે ચીજોની લ્હાણી કરવા કરતાં આ અત્યંત ઉપદેશી અને કર્ત્તવ્ય દિશા સૂચવના ઉત્સાહપ્રેરક ખાસ અંકની પ્રભાવના કરવાથી જૈન ધર્મની સારી સેવા બજાવી ગણાશે.

૫૦૦૦ થી વધુ નકલોના ઑર્ડર જો તા ૧૫ જુલાઇના અંદર મળી જશે તો અંકમાં પૃષ્ઠસંખ્યા વધારે આપવામાં આવશે.

આ ખાસ અંક પર્યુષણ અગાઉ સર્વને પહોંચી જાય એવી સગવડ રાખવામા આવશે.

ઇચ્છા હોય ત્હેમણે તાકીદે ઑર્ડરો નોંધાવવા.

અંકો બારોબાર અમદાવાદથી જ રવાના કરવામા આવશે, તેથી રેલ્વે ખર્ચ ઓછુ લાગશે.	પ્રકાશક—જૈનહિતેચ્છુ. ૨૫૩, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

'સ્વદેશ' પ્રેસ-અમદાવાદમા શંકરભાઈ મોતીલાલ શાહે છાપ્યું.

ધર્મ, તત્વજ્ઞાન, નીતિ, સમાચારથી ભરપુર
हिंदी-गुजराती मासिक पत्र.
जैन हितेच्छु
પરમાર્થ
Jain Hitechhu.
ભાવના
વાર્ષિક લવાજમ, ભેટના પોષ્ટેજ સાથે
રૂ. ૧-૮-૦
ભેટનું પુસ્તક
બ્રહ્મદત્ત ચક્રવર્તીની રસીલી કથા.
पुस्तक १५] सप्टेम्बर-ऑक्टोबर [अंक ९-१०
प्रकाशक
वाडीलाल मोतीलाल शाह.
सारंगपुर-तळीयानी पोळ
अमदावाद.
દયા
નીતિ

આ અંક સબંધી બે બોલ.

આ અંક છાપવા પહેલાં, મરહુમ પ્રકાશકની જગાએ બીજુ નામ દાખલ કરાવવાની કોર્ટની મંજુરી લેવામાં વખત લાગવાથી સખ્ત મહેનત લેવા છતાં, ધારેલી મુદતે અંક બહાર પડી શક્યો નથી. સરકારે વગર ડીપોઝીટે નવા પ્રકાશકના ડેકલેરેશન સ્વીકારવામાં બતાવેલી મહેરબાનીની માટે આ સ્થળે આભારની લાગણી બતાવી ફર્જ છે. (અંક તાકીદે છાપવો પડ્યો છે તેથી પ્રુફમાં કેટલીક ભૂલો રહી જવા પામી છે, જે વાચક મહાશય દરગુજર કરશે.)

સપ્ટેમ્બર ઑક્ટોબરના અંક તરીકે ૯૬ પૃષ્ઠ આપવાં [illegible]. તેને બદલે ૧૧૨ પૃષ્ઠ આપાયાં છે. અને—

વખત મળશે તો એક વધુ ખાસ અંક.

ઑક્ટોબરમાં બહાર પાડવાનો પણ વિચાર રાખ્યો છે. એ અંક પણ ૪૮ થી વધુ પૃષ્ટનો-બનતું કરી ૧૦૮ પૃષ્ટનો થશે. એમાં આ પત્રના સદ્ગત અધિપતિ મહાશય સંબંધમાં વિદ્વાનો અને મુનિઓ તથા પત્રકારોના વિચારો પ્રગટ કરવા ઉપરાંત, એક ઘણોજ ઉપયોગી શાસ્ત્રતુલ્ય પ્રાચીન માગધી ગ્રંથ (ભાષાંતર તથા વિવેચન સાથે) આપવા ઇચ્છા છે. આ અંક આપવાનું બની શકશે તો, આ બે જ માસમાં ૧૭૦ પૃષ્ટનું વાંચન, ગ્રાહકોના હક ઉપરાંત, આપ્યું ગણાશે. ચાલુ સાલનો દરેક અંક ૪૮ પૃષ્ટથી વધારે પૃષ્ટોનો જ અપાયો છે, એ ઉપરથી આ માસિક ચલાવવામાં આ ઑફિસ ક્યા હેતુથી કામ કરે છે એનો કાંઈક ખ્યાલ અમારા સ્વધર્મી બંધુઓને આવી જશે

બાકી અંકોની કિંમત.

આજે મોકલાતા બાકી અંકની એક પ્રતની કિંમત ચારઆના, તેમજ તે પછીના બાકી અંકની કિંમત પણ ચાર આના છે. ગ્રાહક સિવાયના જે કોઈ મહાશયની ઇચ્છા આ અંકો લેવાની હોય તેઓ મનીઓર્ડર પ્રથમ મોકલશે તોજ પ્રત મોકલવામાં આવશે. પોષ્ટ-ટીકીટો કે વી. પી. પદ્ધતિ કામ નહિ લાગે

આવતા અંક માટે લેખો.

[illegible] અધિપતિના સ્મરણાર્થે કાઢવા ધારેલા આવતા અં- [illegible] મોકલવા [illegible] તા. ૨૦ સપ્ટેમ્બર પહેલાં તે પહોંચાડવા [illegible] જગા આપવાનું બની નહિ શકે.

શ્રી જિન સિદ્ધાંત અને કલ્પ.

દોહરા.

આત્મજ્ઞાન દીપક પ્રભુ, તારક ભવભય કૂપ,
વંદુ એ મહાવીરને, મોક્ષમાર્ગના ભૂપ. ૧
પર્યુષણસમ પર્વ નહિ, સૂત્ર ન કલ્પ સમાન;
ધર્મસંઘ સમ સંઘ નહિ, ભાખ્યુ જિન ભગવાન ૨
સાધુનો આચાર જે, 'કલ્પ' તેહ કહેવાય,
દશ વિધ ભાખ્યો સૂત્રમા, ગુણતા અચરજ થાય. ૩
અચેલક ઉદ્દેશિક, ત્રીજો સગ્યાતર;
રાયપિંડ કૃતિકર્મ ને, છઠ્ઠું વ્રત ઉર ધર ૪
જ્યેષ્ટ પ્રતિક્રમણ વળી, નવમો કલ્પ માસ,
કલ્પ પર્યૂષણ દશમ છે, એ આચારો ખાસ. ૫
વસ્ત્રાદિક ગ્રંથી તજી, વરતે જે નિજ રૂપ,
અચેલક તે જાણીએ, મોક્ષ માર્ગના ભૂપ ૬
બાહ્ય તેમ અંતરતણી, ગ્રંથી તજીને જેહ;
વરતે આત્મસ્વરૂપમાં, ધન ધન કહીએ તેહ. ૭
બાહ્ય વસ્ત્ર તજવાથકી, પમાય નહિ નિજરૂપ,
જો અંતર્ગ્રંથી તજી, તો છૂટીએ ભવકૂપ ૮
વસ્ત્ર ધરે અર્ધ શરીર, **દેશકાળ ધરી ઉર;**
આતમ ધ્યાને વિચરતા, પામે નિજરૂપ નર ૯
પહેલા છેલ્લા જિનનો, કલ્પ અચેલક સાર,
બહુ સૂત્રોમા ભાખીઓ, શ્રી જીન જગતાધાર. ૧૦
સાધુ જન ઉદ્દેશીને, નિપજાવી કો ચીજ,
સાધુ-સાધ્વીને કદિ, કલ્પે નહિ તે ચીજ ૧૧
લીધી માલિકની રજા, ઉતરવા કો કામ,
આહાર તે માલિક તણો, કલ્પે નહિ તે ધામ ૧૨
પાણી ઘર કપડા કમલ, પાત્રા ઉચો આદિમ,
નિષ્પન્ન તેમણી ચાકરી, ઔરી દાતર આદિમ * ૧૩

* કર્મ - જ્ઞાનાદિ વિક્ષેપ અને ઉપાધિતા છે, જે આત્માથી બાગ [illegible]

કર્મફળ ઇચ્છા નહિ, નહિ દ્વેષ ને રાગ,
વર્તે આત્મસ્વરૂપમા. કહીએ તે વીતરાગ ૨૯

જિનવર એ દૂરે નથી, એહ ઘટ મોઝાર;
કર્મગ્રંથી દૂરે જતાં, થાએ સાક્ષાત્કાર. ૩૦

અતવૃત્તિ આદર્યે, કર્મરજ દૂર હોય
નહીંકર તો બમણી વધે, સશય નહિ ત્યા કોય ૩૧

પ્રવૃત્તિ શુભ ધર્મની, જોવા નિજરૂપ સાર,
નિજરૂપ શોધો ઘટવિષે, તો પામો ભવપાર ૩૨

પાત્રતણા ભેદે થયા, આચારોના ભેદ;
તજી વિવાદ કલ્પો સજો, ટળશે તો સૌ ખેદ. ૩૩

કર્મવસ્ત્ર ઉડી ગયાં, દિગબર કહેવાય;
મથે વસ્ત્ર ઉડાડવા, શ્વેતાંબર તે ભાઇ. ૩૪

દશા પરત્વે ભેદ એ, ભેદભાવ નહિ કોઇ,
ઝગડા તજી એક ભાવને, સજીએ અતિ સુખદાઇ. ૩૫

રાગદ્વેષમય પંથ નથી, આ તો પંથ વીતરાગ;
કેવલ નિજરૂપ ચિનીએ, તજીએ ભાગ સરાગ. ૩૬

આત્મસ્વરૂપે એક છે, સકલ જગતના જંત,
આતમ ઘટવિષે ભર્યો, ભાખે જિન ભગવત. ૩૭

સાધુ **આદિનાથના,** **ઋજુ** તથાપિ જડ;
સાધુ **શ્રી મહાવીરના,** **વક્ર** અને વળી જડ. ૩૮

બહુધા તો જડ-વક્ર છી, ગ્રહીએ છીએ એકાત,
સ્યાદ્વાદ સમજ્યા નહિ, **શ્રી જિનમત અનેકાંત** ૩૯

સૂત્રવિરૂદ્ધ ધારણ કરે, તેજ વક્ર કહેવાય;
અસત્યને મૂકે નહિ, તેથી જડતા થાય ૪૦

કેવલ નિજરૂપ જાણવું, એ જિનનો સિદ્ધાંત;
ધ્યાન ધરે નિજરૂપનું, 'સાધુ' તે ભલી ભાત. ૪૧

આત્મસ્વરૂપ શોધે નહિ, ગ્રહી રહે જે તંત;
વક્ર-જડ તેને કહ્યા, શાસ્ત્રે શ્રી ભગવત ૪૨

વક્રતા જડતા તજી, ધ્યાન ધરે નિજ રૂપ
એવા વિરલા જાણીએ, જગમા એહ અનૂપ ૪૩

નિજસ્વરૂપે સ્થીરતા, 'પર્યૂષણ, તે ભાઇ,
એ સમ બીજું કો નથી, કો સ્થળમાં સુખદાઈ. ૪૪

ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી—(ટંકારા)

સુરા તમ પર્વજો કહાવે, તપે, દાને, શીલે, ભાવે,
ગુમાવ્યું શું કરી નાવે ? હવે કાંઈ આંખ ઉઘાડો !
હકીકત એ બધી તાજી, વિસારી ના બનો રાજી,
હજી છે હાથમાં બાજી, ખરે જો આંખ ઉઘાડો !
હવે દૂર અંધતા મેલી, ખુશામતને દીયો ઠેલી.
જગાવો જાગૃતિ વ્હેલી, મિચેલી આંખ ઉઘાડો !
ઝળકતી જ્યોત જોવાને, રહો **વીર ભક્તિની** ધુને,
સમયનો લ્હાવ લેવાને, હવે કાંઇ આંખ ઉઘાડો !

—બગસરાકર.

पर्यूषणमां मनन करवा योग्य सिद्धान्त वचनो.

(૨૯) આત્મવાદી પુરૂષો જ યથાર્થ સંયમાનુષ્ઠાની છે.

(૩૦) " **सम्मदिट्ठिस्स** " " **सम्मसुयं मिच्छदिट्ठिस्स मिच्छसुयं** " આત્મજ્ઞાની એટલે સમકિતિને સમ્યક્ અથવા અસમ્યક્ બન્ને સમ્યક્રૂપે પરિણમે છે અને મિથ્યાદષ્ટિને એટલે આત્મજ્ઞાન-વિમુખને બન્ને મિથ્યારૂપે પરિણમે છે

(૩૧) આત્મા જાતેજ ઇશ્વર હશે કે નહિ, એવો સંશય રાખનાર જીવ સમાધિ એટલે કેવલજ્ઞાન કે આત્માનું અખંડજ્ઞાન પામતો નથી

(૩૨) અંધપરંપરાએ ચાલનારા, માયાવી, લાલચી, પ્રમાદી, હિમત-હીન, જગતથી ડરનારા અને વિષયાસક્ત પુરૂષો સમ્યક્ત્વ એટલે મુનિત્વ અથવા આત્માની ઇશ્વરરૂપે સિદ્ધિ સંપ્રાપ્ત કરી શકતા નથી.

(૩૩) "**नाणणय मुणी होई**" આત્મજ્ઞાની છે તેજ મુનિ છે "**नाविमुंडिएण समणो**" મુંડન કરવાથી એટલે કેશલુંચન કરવા માત્રથીજ 'શ્રમણ' કહેવાય નહિ. "**समयाए समणो होई**" સમતાવડે 'શ્રમણ' કહેવાય છે.

(૩૪) " **समेय जो तेसु सवीयरागो** " સમાન ભાવ ગણે તે વીતરાગ.

(૩૫) ગમે તે સંપ્રદાયમાં, ગમે તે મતમાં, ગમે તે પંથમાં, ગમે તે દેશ અને કાળમાં હોય પણ તે જો મનોજય કરી આત્માની ઓળખાણ કરવાને મહેનત કરે છે તો તે જૈન છે.

(૩૬) જૈનનો પંથ કે વાડો નથી વાડામાં તો બકરાં અને ગાડર આવે, પણ સિંહ એટલે આત્મજ્ઞાની કે જૈનનો વાડો કે પંથ નથી. જૈન તો નિર્ગ્રંથ છે. જૈન **સર્વવ્યાપી** છે, **એકદેશી** નથી જ.

(૩૭) દેહરૂપ રથને, ઇંદ્રિયોરૂપ ઘોડા છે, બુદ્ધિરૂપ સારથી છે, મન રૂપ લગામ છે.

(૩૮) બુદ્ધિરૂપ સારથીના હાથમાંથી મનરૂપ લગામ છુટી જતાં ઇંદ્રિયોરૂપ ઘોડા, દેહરૂપ રથને અધોગતિએ ઘસડી જાય છે

(૩૯) કૃષ્ણ! એટલે આત્મા, બળદેવ એટલે ચિદાભાસ, [illegible] [illegible], દેવકીરૂપ સાત્વિકવૃત્તિ, કંસરૂપ મોહ, ગોકુળરૂપ [illegible] [illegible], ગોપીઓરૂપ ઇંદ્રિયો, પૂતનારૂપ તૃષ્ણા તે

કંસરૂપ મોહની અંદર. યમુનારૂપ બુદ્ધિ, કાલિનાગ તે ક્રોધ, કુરુક્ષેત્ર તે કર્મ કરવા યોગ્ય દેહ, પાંડવ તે દૈવીસંપત્ અને કૌરવ તે આસુરી સંપત, ધૃતરાષ્ટ્ર એટલે દેહાભિમાની વૃત્તિ, રુક્મિણી એટલે આત્મવિદ્યા, ગોકુળરૂપ હૃદયમાં કૃષ્ણરૂપ આત્માનું પ્રાગટ્ય ને ત્રિગુણાતીત એટલે કેવલ શુદ્ધ સ્વરૂપ જાણવું. મથુરામાં અતિન્દ્રિય સ્વરૂપ, દ્વારામતિમાં એટલે અજરામર પદમાં અવ્યાબાધ સ્વરૂપ જાણવું

(૮૦) લંકારૂપ દેહના અભિમાનરૂપ રાવણને રામરૂપ વિવેક અને લક્ષ્મણરૂપ વૈરાગ્યે માર્યો અને શાન્તિરૂપ સીતાને સંપ્રાપ્ત કરીને સ્વરૂપરૂપ અયોધ્યાનું રાજ્ય પ્રાપ્ત કર્યું

(૮૧) વિશ્વમાં શુદ્ધ પુરુષો વિરલા પ્રવર્તે છે

(૮૨) તીર્થંકર દેવની આજ્ઞાના આરાધક યતિના પહેલા અને છેલ્લા પ્રહરના યત્નાપૂર્વક આત્મધ્યાન કરવું અને આત્મધ્યાન છે એજ મોક્ષનું સાધન છે એમ વિચારવું

(૮૩) શ્રી વીતરાગ દેવે ફરમાવ્યું છે કે, મુમુક્ષુએ આત્મજ્ઞાનના [illegible]રૂપ પુરુષાર્થને છુપાવવો નહિ.

(૮૪) અજ્ઞાનીઓને આત્મજ્ઞાનથી વિમુખ જાણીને તેમના તરફ કરુણાની દૃષ્ટિ કરી જે અપ્રમત્ત થઈ આત્મધ્યાન ધરે છે તેજ 'મુનિ' છે.

જે હેતુ કર્મ ખપાવે છે તેજ હેતુ કર્મ બાંધવાને પણ વખતે કારણભૂત થઈ શકે છે.

(૫૨) કર્મ બાંધવા અને ખપાવવાના હેતુઓ સમાન છે

(૫૩) આત્મજ્ઞાનનો જ માર્ગ જગે છે તે જિનપ્રવચનમા સંપૂર્ણપણે વર્ણવ્યો છે

(૫૪) જગતની દેખાદેખી કરી અધપરંપરાએ ચાલવુ નહિ જેને દુનિયાની દેખાદેખી નથી હોતી તેને કુમતિ હોતી નથી કુમતિ એટલે આત્મજ્ઞાનથી વિમુખપણુ

(૫૫) "**जे एगं जाणई से सव्वं जाणई जे सव्वं जाणई से एग जाणई**" જે એક આત્માને જાણે છે તે સર્વને જાણે છે તથા જે સર્વને જાણે છે તે એક આત્માને જાણે છે

(૫૬) શ્રી જિને જે જે ક્રિયાઓ અને ઉપદેશો કહ્યા છે તે કેવલ એક આત્મજ્ઞાન માટે જ નિષ્પક્ષપાતપણે કહેલા છે

(૫૭ આત્મજ્ઞાની જ અભય છે.

(૫૮) યુદ્ધમાં હજારો યોદ્ધાઓને જીતવા સહેલા છે, પણ મનને જીતવું સૌથી મુશ્કેલ છે.

(૫૯) અજીત મનને આત્મજ્ઞાનવડે અતિ સહેલાઇથી જીતી શકાય છે

[૬૦) "**अप्पाणमेव अप्पाणं जइत्ता सुहमेव**" આપણો આત્મા પોતેજ મનને જીતીને સુખ પામે છે.

(૬૧) '**सव्वमप्पे जिए जियं**' જેણે આત્માને જીત્યો તેણે સર્વ જીત્યુ.

(૬૨) 'દર્ભના અગ્રે જેમ જલબિંદુ અલ્પકાળ રહી ખસી પડે છે તેમ મનુષ્યનુ આયુષ્ય અસ્થિર છે, માટે હે ગૌત્તમ! આત્મજ્ઞાનમાં એક ક્ષણ પણ પ્રમાદ કરવો નહિ"

(૬૩) "**वसे गुरु कुले निच्च**' શિષ્યે ગુરૂકુલમા નિત્ય રહેવુ

(૬૪) પોતે પોતાના આત્માને નમસ્કાર કરવો "**नमी नमेइ अप्पाणं**" નમિ રાજા પોતાના આત્માને નમસ્કાર કરતા હતા

(૬૫) આત્મા એજ પરમાત્મા છે, પણ અન્ય કોઇ પરમાત્મા નથીજ

(૬૬) "**खेम च शिवं अणुत्तरं**" આત્મસ્વરૂપ શિવપદ ઉપદ્રવ રહિત અને સર્વોત્કૃષ્ટ છે

(૬૭) જેમ સકલ ધર્મમા રાગ દ્વેષરહિત ધર્મ ઉત્તમ છે તેમ સકલ

विमुक्का ” કલ્પનામય સર્વ દુઃખથી મુક્ત અર્થાત્ જેમના કલ્પિત દુઃખો છેદાઈ ગયા છે એવા, જાતિ, જરા, મૃત્યુ રૂપ બંધન કે જે કલ્પિત છે તેથી વિમુક્ત હોય છે અર્થાત્ કેવલ નિજ સ્વરૂપને વિષેજ રમતા હોય છે.

(૭૯) જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થતાં અજ્ઞાનરૂપ રાત્રિ કે જન્મ મૃત્યુના કલ્પિત સંશયોનો વિલય થાય છે

(૮૦) કેવલજ્ઞાની છદ્મસ્થજ્ઞાનવંત અને શ્રમણોપાસક એ ત્રણે ભેદ જાગૃત પુરૂષના છે.

(૮૧) આત્મા સ્વતસિદ્ધ છે

(૮૨) જેમને આત્મજ્ઞાન નથી, જેઓ **અભેદવાદી** નથી અને અધર્મે એટલે **કલ્પના** વડેજ જીવે છે તે જીવો સૂતેલાજ છે અથવા તેમને સુવાનો અધિકાર છે '**एएणं जीवा सुत्ता समाणा**' એ આત્મજ્ઞાનવિમુખ જીવો સૂતાજ ભલા છે, કારણ કે એવા અધપ રંપરાવાળા અર્ધદગ્ધ થઇ સાધારણ જ્ઞાનીઓની નિંદા કરીને તેમને ભ્રષ્ટ બનાવે છે

(૮૩) ધર્મશ્રુત ચારિત્રના અર્થી એટલે આત્મજ્ઞાનના લાભી છે તેજ **સ્વધર્મી** છે અને આત્મધર્મથી રહિત છે તે **પરધર્મી** છે

(૮૪) “ **जीव धम्मेण चेव वित्तिकंप्पेमाणा विहरंति एएसिण जीवाणं जागरियत्तं साहू** ” ધર્મે કરી નિશ્ચય કરી વૃત્તિ આજીવિકા–સકલ સૃષ્ટિને એકરૂપે કલ્પીને વિચરે એ જીવો જાગતા ભલા

(૮૫) “ **निव्वाण साहए जोए जम्हासाहेति साहूणो** ” નિર્વાણ પદને સાધે તે 'સાધુ'.

(૮૬) આત્મસ્વરૂપે સ્થિતિ સિવાય જેમાં બીજી કોઈ પણ જાતની ગ્રંથી કે ભેદત્વની ગંધ નથી તે ' નિર્ગ્રંથ '

(૮૭) આત્માનો જેણે **જેટલે અંશે** અનુભવ કર્યો છે તે **તેટલે અંશે** ' ઇશ્વર ' છે

(૮૮) જેવી લેશ્યા તેવી ક્રિયા; અને જેવી ક્રિયા તેવી લેશ્યા

(૮૯) આત્મજ્ઞાન રહિત તે છદ્મસ્થ એટલે જીવ.

(૧૦૨) દેહરૂપી દેવલમાં આત્મારૂપ ભગવાન પૂર્ણબ્રહ્મ એટલે તીર્થંકર વિરાજે છે, તેમની સમીપે ત્રિકુટીમાં બિંદી એટલે જ્યોતિરૂપ દીપ જલે છે, અને ભ્રમરગુહાચક્રરૂપ ઘુમટમાં નાદરૂપ ઘંટ અખંડ વાગ્યા કરે છે. દેવાલયની આસપાસ ત્રણ પ્રદક્ષિણા આપવામાં આવે છે, તેમાં એવો પરમાર્થ સમાયલો છે કે સત્ત્વ, રજ, તમસ્ એ ગુણત્રયની વિલયતા કરવી ગુણત્રયની વિલયતામાં અનુક્રમે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થવારૂપ આત્મસાક્ષાત્કારની અખંડ સ્થિરતા થાય છે

(૧૦૩) પ્રતિક્રમણ, પ્રતિ એટલે ઉલટાં, સામા કે પાછાં અને ક્રમણ એટલે પગલા ભરવા. જગતવિમુખ અને આત્માભિમુખ પગલા ભરવા અથવા આત્મધ્યાન ધરવુ તે પ્રતિક્રમણ આત્મધ્યાન ધરવાથી જે આત્મસ્થિરતા પ્રાપ્ત થાય છે તેનુ નામ 'સામાયિક' સામાયિક એટલે જ્ઞાનસમાધિ

(૧૦૪) પડતી સ્થિતિમાં આવેલા અગર વિચ્છેદ ગએલા આત્મજ્ઞાનરૂપ નિર્ગ્રંથ માર્ગનો ઉપદેશ કરી તેનો પ્રચાર કરનાર તે તીર્થંકર દેવ છે

(૧૦૫) કોઈ પણ ધર્મસંસ્થા જૈનને અમાન્ય નથી

(૧૦૬) અંતઃકરણની વિશુદ્ધિના અંતમાં આત્માનો અપરોક્ષઅનુભવ થાય છે તેને જ્ઞાનસમાધિ કહેવામા આવે છે જ્ઞાનસમાધિની સર્વોત્કૃષ્ટ દશાને જૈનશાસ્ત્રકારો કેવલજ્ઞાન કહે છે અને વેદાન્તશાસ્ત્રકારો બ્રહ્મનો સાક્ષાત્કાર કહે છે જૈન જેને આત્મા કહે છે, વેદાન્ત તેને અષ્ટાવરણરૂપા માયા કહે છે જૈન જેને મોક્ષ પામવો કહે છે, વેદાન્ત તેને નિર્વાણ પદ કહે છે જૈનના જે પંચમહાવ્રત છે તેજ પંચમહાવ્રત વેદાન્તના છે. સર્વ પ્રકારે જૈન અને વેદાન્ત સમાન છે, છતા પણ મિથ્યાદષ્ટિને લીધે કોઈને જૈન અને કોઈને વેદાન્ત મિથ્યા ભાસે છે જૈન અને વેદાન્તનો સમાધિમાર્ગ તો એકજ છે

(૧૦૭) વિવિધતાના સમાનતા શોધી શકે એજ ખરો શોધક''

(૧૦૮) 'સ્વ' અને 'પર' નો અભેદભાવ અનુભવવાને પરિણામે જે દેખાતા 'પર' ને અને દેખાતા 'સ્વ' ને 'હોમ' ... સ્વાર્પણ અને યજ્ઞના નિયમે તેજ કાર્ય ને ગુરુમેશ્વર.

ગોકુળદાસ નાનજીભાઈ ગાંધી

ગયો, બાજે હેને પોતાનુ ભક્ષ છે એમ કહીને રાજા પાસે માગ્યો, પણ દયાળુ રાજાએ તે ન આપતા છેવટે હોલાની બરોબર પોતાના અંગમાનુ માસ આપવા માટે કહ્યુ એક **પક્ષી**ના બચાવ માટે **પોતાના** શરીરનુ માંસ આપવા તત્પર થવું, તે **આર્ય** રાજા સિવાય બીજું કોણ કરે તેવું હતું?

પ્રાચીન કાળમા **ભ**રતખડના આર્યો માસ-મદીરાને અડકતા પણ નહિ, તો પછી હેને વાપરવાની વાત તો કયાજ રહી! તે વખતે, અને આજ પણ, એક ચુસ્ત બ્રાહ્મણ કે તેવી ઉચ્ચ કોમનો માણસ, એક સુકા હાડકાના કડકાને પણ અડકતો નથી, ને રસ્તામા જો અજાણતા પગ અડકી જાય છે તો પહેરેલા કપડા બધા ધોઈ નાખી સ્નાન કરે છે

કબુલ કરવુ પડશે કે, દિવસે દિવસે **આર્યો**ની પુરાણી સમ્પૂર્ણ પવિત્રતા આજે ઘસાવા લાગી છે આજે સેંકડો **હિન્દુઓ** હાડકાના કોયલાથી મીશ્રિત કરેલી ખાંડ ખાવાને આનાકાની કરતા નથી આજે મીણબત્તી જેવી ચરબીથી બનેલી વસ્તુઓ કોઠારકારમા પુષ્કળ વપરાતી દેખવામા આવે છે. અનેક જાતનાં પશ્ચિમ તરફના અનેક મલમો વપરાય છે, તેમ રોગરહીત બની જીવવાની લાલચે હિસામય દવાઓનો છુટથી ઉપયોગ થતો જોવામાં આવે છે આ બધુ પ્રત્યક્ષ થતુ જોવામા આવે છે, પરન્તુ **આમાં કાંઇ હિંદુ ધર્મશાસ્ત્રોનો દોષ નથી** આ સર્વ વર્તન માત્ર પશ્ચિમના પવનને આભારી છે અને તે માત્ર હિન્દુઓનેજ નહિ પણ જૈનો વગેરેને પણ લાગી ચુક્યો છે.

કેટલાકો કહે છે, કે અસલના **આર્યલોક** માસભક્ષણ કરતા હતા, પણ જૈનધર્મ સ્થાપન થયા પછી હેમના ઉપદેશકોના બોધથી હેમણે આ ખોરાક છોડી દીધો આટલુ તો આપણે કબુલ કરીશુ કે **મારવાડ**, **મેવાડના જૈનો**માથી કેટલાકની અટક પરમાર, **વાઘેલા**, ને **સોલકી** વગેરેની હોવાથી એમ અનુમાન થાય છે કે આ લોકોના પૂર્વજો બહુ કાળ ઉપર ક્ષત્રીવશના હશે, ને પાછળથી જૈનોએ હેમને પોતાના ધર્મમા લીધા હશે તોપણ ભલવુ જોઇતુ નથી કે, જૈનધર્મ સ્થાપન થયા પૂર્વે, આ દેશમાં વામમાર્ગી પથ હયાતીમા હતો, અને તે બધા માસાહારી હોવાથી હેનની સામે વેદધર્મીઓને પોતાના ધર્મનો બચાવ કરવો પડતો તો આ વામીઓને વેદધર્મીઓ ધિક્કારતા હતા હેમના સિદ્ધાતો

તો સજ્જડ ઘર કરી બેઠેલા હતા કે હેમની ભારે મહેનત છતા તે નીકળી શક્યાં નહિ, ને હમેશને માટે કાયમ રહી ગયાં. ત્યાર પછી શીખ ધર્મના સ્થાપન કરનારા મહાત્મા શ્રી નાનક થયા, તેમજ રામદાસ સ્વામી, સુરદાસજી, તુલસીદાસ, અને કેશવદાસ જેવા મહાત્માઓએ ધર્મની શુદ્ધિને માટે શ્રમ લીધેલો જણાય છે આ બધા મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો જોતા હેમના વિચાર જીવહિંસા તરફ એટલે માંસભક્ષણ તરફ બીલકુલ ન હતા

માંસાહારી અનાર્ય લોકમાંથી કેટલાક વેદધર્મીઓના સત્સંગના પ્રતાપે પોતાની બુરી રીતભાત છોડતા ગયા, અને વેદધર્મમા કહ્યા પ્રમાણે બરોબર વર્તવા લાગ્યા તેથી વેદધર્મી આર્યોએ, તેઓને પોતાના ટોળામા દાખલ કીધા આ વિષે મનુસ્મૃતિ તથા આપસ્તંભમાં કહ્યુ છે કે—

शूद्रो ब्राह्मणतामेति ब्राह्मणश्चैव शूद्रताम्—मनु

धर्मचर्य्यया जघन्यो जघन्यो वर्णः पूर्वं पूर्वं वर्णमापद्यते जाति परिवृत्तौ अधर्म्मचर्य्यया पूर्वो पूर्वो जघन्यं जघन्यं वर्णमापद्यते जाति परिवृत्तौ । આપસ્ત

ભાવાર્થ—ધર્મ આચર્યાથી શૂદ્રાદિ જઘન્ય વર્ણ ઉત્તમ વર્ણ એટલે બ્રાહ્મણ થઈ શકે છે, તેમ અધર્મ આચરવાથી બ્રાહ્મણાદિ ઉત્તમ વર્ણ શૂદ્રપણાને પામે છે. આ, પ્રાચીનકાળની વર્ણવ્યવસ્થા છે, પણ હાલ આ નિયમ પ્રમાણે અમલ થતો નથી કોઈ બ્રાહ્મણ વગેરે ઉચ્ચ કોમનો માણસ, શૂદ્ર જેવા એટલે મદ્ય માંસાદિ ખાવાનાં કર્મ કરે છે તો હેને શૂદ્ર જેવો ગણી પંક્તિ બહાર મુકવામા આવે છે, પણ કોઈ શૂદ્ર, બ્રાહ્મણ જેવો ધર્મ આચરતા છતા તે બ્રાહ્મણની પંક્તિમા આવી શકતો નથી (બ્રાહ્મણ વગેરે ઉચ્ચ વર્ણના લોક હેને પોતાની જાતિમા લેતા નથી પણ આ નિયમ પૂર્વકાળમા બરોબર સચવાતો હતો અને તેથી ભીલ જેવા અનાર્ય અને બીજા શૂદ્રોને બ્રાહ્મણો પોતાના ટોળામા લેઈ શકતા હતા આદિ કવિ વાલ્મીક અને પુરાણ તથા ભગવત્ ગીતા જેવા તત્વજ્ઞાનના પુસ્તકના કર્તા વ્યાસજીને ઋષિ તરીકે ગણવામા આવેલા, તે વાત જગજાહેર છે

ઉપર પ્રમાણે જોતા આર્યલોક માંસાહારી ન હતા, એટલુંજ નહિ પણ મદ્યમાંસભક્ષણને હમેશને માટે છોડી દેઈ વેદધર્મ પ્રમાણે

वेद वेदाङ्गविन्नाम सर्व भूताभय प्रदः
अहिंसा सत्यवचनं क्षमा चेति विनिश्चितम्
म. भा., आदि, श्लोक ११-१५

ऋषयो ब्राह्मण देवाः प्रशंसंति महामते
अहिंसा लक्षणं धर्म्मं वेद प्रामाण्य दर्शनात्
म भा, अनु ५, ११५

अव्यवस्थितमर्य्यादैर्विमूढैर्नास्तिकैर्नरैः
संशयात्मभिरव्यक्तैर्हिंसा समनुवर्णिता   म भा शांति
सुरामत्स्य मधु मांसमासवं कृशरौदनं धूर्त्तैः
प्रवर्त्तितं ह्येतन्नैतद्वेदेषु कल्पितम्   ઇત્યાદિ.

ઉપરના શ્લોકોનો ભાવાર્થ એ છે, કે વેદ વગેરે ધર્મપુસ્તકોના અહિંસા, સત્ય, ક્ષમા, અને માંસ ભક્ષણ ન કરવું એનેજ ધર્મ ગણ્યો છે, અને જીવહિંસા તથા માંસભક્ષણને અધર્મમાં ગણેલા છે, તેમ છતાં તે ખાવા માટે જે લોકો કહે છે તે બધા નાસ્તિક અથવા વેદવિદ્રોહી હોવા જોઇએ. વેદમાં પશુયજ્ઞ કરવાની આજ્ઞા બિલકુલ આપેલીજ નથી, કેમકે મહર્ષિ લોક પશુના માંસથી યજ્ઞ કરતા ન હતા. વેદ અને બ્રાહ્મણ* ગ્રંથોમાં જે ગોમેધ, અશ્વમેધ અને નરમેધ વગેરે શબ્દો આવે છે તેહેનો અર્થ વામમાર્ગીઓએ ઉંધો કર્યો છે ને કરે છે, અને એજ કારણથી હાલના કેટલાક હિન્દુ લોકો ભ્રમણામાં પડી જાય છે. પણ ખરું જોતાં આ યજ્ઞમાં અશ્વ એટલે ઘોડો, અને ગો એટલે ગાય, એવા અર્થ થતાજ નથી. તેહેના અર્થ પ્રાચીન વેદવ્યાખ્યાનકારોએ તેહેના ગ્રંથોમાં જુદાજ કરેલા છે જેમકે,

राष्ट्रं वा अश्वमेधः अन्नं हि गौः । अग्नि र्वा अश्वः । आज्यं मेधः—શતપથ

---

* વેદના બ્રાહ્મણ ગ્રંથોના માંસ વિષયક બૃહદારણ્યકોપનિષદ્‌ના ૮-૯-૧૮ બ્રાહ્મણ વચનવત્ ક્ષેપક ભાગ સમજવો. એ વચનો બૃહદારણ્યકોપનિષદ્‌માં પ્રકરણ વિરૂદ્ધ લખેલાં છે. પ્રથમ પુત્ર પ્રકરણ, ને પછી કન્યા પ્રકરણ આવે છે. તેની પછી ૮-૯-૧૮ એ પુત્ર પ્રકરણના વચન, પ્રકરણ વિરૂદ્ધ હોવાથી તે ખુલ્લી રીતે ક્ષેપક ભાગ હોય એમ જણાય છે. આ હકીકત ઉપવેદ, બ્રાહ્મણ, શાખા, મંત્ર, તથા અષ્ટાધ્યાયી, નિરૂક્ત, દર્શન અને ઉપનિષદ્ આદિ આર્ય ગ્રંથોમાં કોઈ પણ જગોએ જણાવેલી નથી.

માંસાહારી અપાંક્ત્ય એટલે પંક્તિમાં ગણવા યોગ્ય ગણાતો નથી
—અ. ૩ શ્લો. ૧૫૨

માંસ ખાવાથી માણસ પતિત થાય છે અ ૧૧, શ્લો ૬૭
—અ ૧૦, શ્લો ૮૮, ૮૯, ૯૨

જે લોક માંસ ખાય છે તેમનો પુનર્જન્મમાં માંસભક્ષક પશુ યોનીમાં અવતાર આવે છે —અ. ૩, શ્લો ૧૮૩

ઉપર પ્રમાણે જોતાં વેદાનુયાયી લોક પરમાટી ભક્ષણ કરતા ન હતા તે તેટલાજ માટે બ્રહ્મચર્ય અવસ્થાથી માંડી છેક અન્તિમ એટલે છેલ્લી સન્યાસી અવસ્થા સુધી પરમાટી ખાવા માટે મના કરવામાં આવી છે —મ૦ અ ૨, શ્લો ૧૭૭, અ ૬, શ્લો ૧૨, અ, ૬, શ્લો ૧૪

આર્ય લોકનો આહાર પરમાટી નહિ પણ અન્ન, ફળ, ફુલ, મૂળ અને કંદ વગેરેનો હતો. તેમનાથી ઉલટા રાક્ષસ વગેરે અનાર્ય લોકનો ખોરાક માંસનો હતો
—મ૦ અ ૧૧, શ્લો ૯૫, ૨૩૦

પારધી તથા ચમાર આદિ હલકા લોકનો ખોરાક માંસ હોવાથી તેમને આર્ય લોકો પોતાની સાથે નગરમાં કે ગામડામાં રહેવા દેતા નહતા, ને આજ પણ રહેવા દેતા નથી. કોઈ નવું ગામ વસે છે, ત્યાં પણ તેમનો વાસ, ગામ બહારજ હોય છે **नगरवाह्याश्चाण्डाला** જો માંસાહાર ધિક્કારને પાત્ર ન હોય તો આવા માણસોને બીજા દેશના લોકો પેઠે, આર્ય લોકો પોતાની સાથ રહેવા દેત

આ પ્રમાણે વેદધર્માવલંબી માણસો તો અહિંસા ધર્મનેજ પરમધર્મ ગણતા આવ્યા છે, ને હજુ પણ ગણે છે. એટલુંજ નહિ પણ તે શ્રેષ્ટ કર્મ ગણાય છે, હેને મહાન તીર્થ જેવું પવિત્ર કર્મ કહે છે હેનાથી તેઓ અત્યંત સુખ મેળવે છે, તેમ હેનાથીજ તેમની ઉન્નતિ થઇ હતી, ને હજુ પણ થશે કેવળ જાતિ'થી બ્રાહ્મણ્ પણું માણસની ઉન્નતિ થઈ શકતી નથી, પણ ગુણ કર્મ વડેજ થઈ શકે છે વળી અહિંસા ધર્મમાંજ સર્વ પ્રાણીમાત્રનું હિત રહેલું છે તે આપણા હિન્દુ લોકના શિષ્ટાચારનું મુખ્ય ચિન્હ છે હેનાથીજ હિન્દુ લોકની જાતિ જણાઈ આવે છે. અહિંસા ધર્મ, બધી વર્ણો અને ચારે આશ્રમોનો મુખ્ય ધર્મ છે

આ લખનારનું આંગત મત એવું છે કે, આજે દુનિયાને —અને ખાસ કરીને **જૈનસમાજને**—સૌથી વધારે જરૂરનું શિક્ષણ કોઇ હોય તો તે એ જ છે-કે એમને સ્વતંત્ર રીતે વિચાર કરતા બનાવવા. અમુક ફરમાન અમુક શાસ્ત્રમા કર્યું છે, અમુક બાબત અમુક ધર્માચાર્યે કહી છે **તેટલા માટે** તે ખરી જ માની લેવી એ ચોખ્ખી મૂર્ખાઈ છે—એ વિચાર શક્તિનું અથવા માણસાઇનું ખૂન કરવા બરાબર છે. અમુક બાબત અમુક **અંગ્રેજ કે અમેરિકને** કહી છે. **એટલા માટે** તે સાચી જ હોવી જોઇએ એમ માની બેસવુ એ અનંત જ્ઞાન ગુણ ધરાવતા પોતાના આત્માનુ 'લાઇબલ' કરવા બરાબર છે. અલબત, ધર્મશાસ્ત્રો, ધર્માચાર્યો, પાશ્ચાત્ય વિદ્વાનો—રે આફ્રિકન નાગાઓની પણ વાત સાંભળવી—કોઇ પણ જાતના અગાઉથી બાંધી રાખેલા વિચારો (prejudices) ને બાજુએ મૂકીને ત્હેમની વાતો વાચવી કે સાભળવી તે જરૂરનું છે; પરન્તુ તે ઉપર પોતાની શક્તિ પહોચે ત્હ્યાં સુધી મનન કરવું જોઇએ, સ્વતંત્ર વિચાર કરવો જોઇએ, દેશ-કાળ આદિ દૃષ્ટિબિંદુઓથી ત્હેનુ ખરાપણુ તપાસવું જોઇએ, અને **પછી જ** ત્હેને 'નિર્ણયની તીજોરી'માં જવા દેવી જોઇએ જેઓ વાચેલી કે સાભળેલી દરેક વાત માત્ર ધાર્મિક સત્તાના આધારે માનવા તૈયાર હોય છે તેઓ ખરા 'સમકિતી' કદી હોઈ શકતા નથી. એક જ ધર્મના જૂદા જૂદા ગ્રંથોમાં અને જૂદા જૂદા આચાર્યોના કથનમાં પુષ્કળ વિરોધાભાસ ઘણી વાર જોવામા આવે છે; શ્રદ્ધાળુ વાચકથી તે એમાની એક પણ ધાર્મિક સત્તાને ખોટી માનવાની હિમત ચાલશે નહિ, તેમજ ખરૂં શુ તે વિચારવામા ત્હેને 'મિથ્યાત્વ' નો ડર રહેશે, ત્હારે ત્હેની સ્થિતિ કેવી થશે ત્હેનો ખ્યાલ કરો. આર્યાવર્ત્તના દરેક ધર્મો (કે જેનો મૂળ આશય દરેક પ્રાણીની ઉન્નતિ કરવાનો છે) આજકાલ આર્યાવર્ત્તને ડૂબાવનારા થઈ પડયા હોય એવું જે દેખાય છે ત્હેનુ મુખ્ય કારણ એજ છે કે, કેટલાક આચાર્યોએ ધર્મ વિષયક બાબતોને વિચાર શક્તિની કસોટી પર મૂકવાની મના કરી છે અને માત્ર શ્રદ્ધા(કહો કે અંધશ્રદ્ધા) ને જ પૂજવાનું ફરમાવ્યુ છે આથી આ દેશમાં મતપક્ષની ખેચતાણ, શુષ્ક ક્રિયાવાદ, વહેમો, ખોટાં ખર્ચો, ધર્મને નામે ચાલતા ખોટા રીવાજો અને અંધકાર છવાઇ રહ્યા છે. સૌથી વધારે અનિષ્ટ તત્વ હાલ જે આ દેશમાં જોવામાં આવે છે તે

અન્ધ ભક્તિ ત્યાજ્ય છે, એમ માનવાને સબળ–પ્રત્યક્ષ પ્રમાણો મળી આવે તે છતાં દેખતી આંખે પાટા બાંધીને સમાજનો મ્હોટો ભાગ તે તરફ ખેચાયા જાય છે. આ પ્રમાણે થવાથી આપણા મનમાં કુદરતી રીતે જડ ધર્મની પ્રતિષ્ઠા થઈ ગઇ છે, અને એને લઇને આપણું મન માત્ર અભ્યાસના બળથી, મોહના આકર્ષણથી, પથ્થરની માફક અનિયમિત રીતે ગબડતુ જાય છે. વચમા કોઇ યુક્તિરૂપ કાંકરી આવી ચડે છે તો દૃષ્ટિરાગના ધક્કાથી મન તેના પણ ચૂરેચૂરા કરી આગળ વધે જાય છે.

ગુરૂભક્તિદ્વારા જે એક પ્રકારની નમ્રતા પ્રકટ થાય છે, તે દરેક સ્થળે ઇચ્છવા યોગ્ય નથી આપણે એટલુ ખાસ લક્ષમા લેવુ જોઇએ કે, આપણે જે નમ્રતા દાખવીએ છીએ તે કેવળ એટલાજ માટે છે કે જેઓની આપણે પૂજા–ભક્તિ કરીએ છીએ તેઓના જીવનોમાંથી સારરૂપ તત્ત્વો આપણામા ઉતરે, આપણે ઉન્નત જીવનનો કાંઇક અનુભવ કરી શકીએ, અથવા તો તેઓના માહાત્મ્યના પ્રભાવની પાસે આપણી પ્રકૃતિને દરેક પ્રકારે અનુકુળ બનાવી શકીએ આમ કરવાને બદલે જો અયોગ્ય વ્યક્તિની સામે આવી નમ્રતા પ્રગટ કરવામા આવે તો તે નિર્મલ નમ્રતા લાભને બદલે હાની કર્યા વિના રહે નહી કારણ કે નીચની ભક્તિ આપણામા પણ અજાણતા નીચતાના તત્ત્વો ઉમેરે છે, અને વધુ અયોગ્યતા લાવવામાં તે નમ્રતા સહાયકારક થાય છે

ખરી ભક્તિ આપણને ભક્તિને યોગ્ય એવા સદ્ગુણો તરફ અનાયાસે ખેંચી જાય છે, અર્થાત્ સાચી ભક્તિ ગુણોનું અનુકરણ કરવાને સતત પ્રેરણા કર્યા કરે છે. એટલાજ માટે સારા સુશિક્ષિત સમાજોમા પણ કેટલાએક સખ્ત નિયમો પ્રચલિત થયા છે એક મનુષ્યમા કોઇ એવા પ્રકારનુ સામર્થ્ય રહેલુ હોય કે સામાન્ય જનસમાજની શ્રદ્ધા કિંવા સદ્ભાવ તે સમર્થ પુરૂષ ઉપર સ્થપાય, એટલુજ નહી પણ તે સમર્થ પુરૂષ દરેક વિષયમા નિઃશંક હુકમ એની આજ્ઞા પણ જનસમાજ રાખી શકે પરન્તુ ઘણી વખત તેમ બની શકતુ નથી દાખલા તરીકે એક માણસ રાજનીતિના વિષયના શ્રદ્ધાસ્પદ હોય તો ધારો સ્વાભાવિક રીતે તે પુરૂષની ધર્મનીતિના સંબંધમા પણ સારી આજ્ઞાઓ રાખે પરન્તુ સર્વ વિષયોના [illegible] નથી એક શ્રદ્ધાપાત્ર રાજનૈતિક [illegible]

રણ રીતે અવનત હોય તેમાં આવા કથિત પુરૂષો પ્રત્યેની અંધ
ભક્તિને લઈને ક્રમેગે થાય છે. એટલા જ માટે જે વ્યક્તિ એક
વિષયમાં મહાન્ હોય, તેજ પુરૂષ જો બીજા વિષયોમાં અધઃપતિત
હોય છે તો સમાજ પ્રથમ તો તેની એક પણ વિષયની મહત્તા
સ્વીકારવામાં આનાકાની કરે છે, અગર જો આનાકાનીમાં સમાજને
સફળતા મળી શકતી નથી તો પછી તે એક આશી ગુણી પુરૂષની
સાધારણ હલકાઈને બહુ ભારે કલંકરૂપ ઠરાવે છે. સુધરેલા સમા-
જેમાં પોતાના રક્ષણને માટે હમેશા આવા જ પ્રયત્નો થાય છે. આ
પ્રયત્નો તે કથિત પુરૂષને સુધારવાના કરતાં લોકોને અયોગ્ય ભક્તિના
દુષ્ટ પરિણામોથી બચાવવાના પક્ષમાં વધુ હોય છે.

અહંકારનું ફળ હમેશાં નુકશાનકારક જ હોય છે, એમ નીતિ-
શાસ્ત્રો ભાર દઈને ઉપદેશે છે. પરંતુ અહંકારને લઈને મનુષ્યો શા
માટે અધઃપતન પામે છે, તે આપણે વિચારવું જોઈએ. પહેલું કારણ
તો એ છે કે, પોતાની મહત્તાનો અતિશય વિશ્વાસ અર્થાત્ જાતની
-હું સર્વ કરતા મહાન્ છું-એવું અભિમાન આવવાથી એક મનુષ્ય
બીજાઓને યથાર્થ રૂપમાં ઓળખી શકતો નથી અને આ જગત્
કે જેમાં સેંકડો મનુષ્યો સાથે નિત્ય વ્યવહારમાં આવવું પડે છે, તેના
જ્યાંસુધી એક મનુષ્ય બીજા મનુષ્યને બરાબર ઓળખી શકે નહી,
ત્યાં સુધી તે સર્વ વિષયોમાં ફતેહમંદ થઈ શકે નહી,
એ સ્વાભાવિક છે. **ચીન** દેશ એક વખત પોતાના અત્યંત
અભિમાનને લઈને **જાપાન**ને ઓળખી શક્યો નહી. તેથી
તેને સુધરેલા દેશોમાં શરમાવાનો વખત આવ્યો તથા બીજી
હાનીઓ પણ સહન કરવી પડી. જર્મની સાથે ફ્રાન્સ યુદ્ધમાં
ઉતર્યું તે પહેલા તેનો ગર્વ કાંઈ ઓછો નહોતો. કહેવત છે ' अति
दर्पे हता लंका." અંગ્રેજીમાં કહ્યું છે કે 'જ્ઞાન એજ બળ છે'
એટલા માટે ભલે આપણે ઘરમાં ફરતા હોઈએ અથવા કર્મક્ષેત્રના
ઘૂમતા હોઈએ તો પણ અન્ય મનુષ્યોના સંબંધમાં સંપૂર્ણ જ્ઞાન
મેળવવું એ આપણી પ્રથમ ફરજ છે. અહંકાર દોષ આવી ફરજના
આડે આવે છે, અને આપણને પરિસ્થિતિઓથી અજ્ઞાત રાખી
દુર્બળ બનાવી દે છે. બીજું કારણ એ છે કે, અહંકારથી મનુષ્ય
આખા જગતથી જૂદો પડી જાય છે-અખીલ જગતને પોતાનું
વિરોધી બનાવે છે. એક વ્યક્તિ ગમે તેટલો મહાન્ હોય તો પણ
પગલે પગલે તેને આ જગતના દેવાદાર થવું પડે છે, છતાં જેઓ

નિંદનીય માનતી નથી તેઓ તો એટલે સુધી કહે છે કે અભિમાનના અભાવેજ મનુષ્યની પડતી થાય છે

જેને પોતાના મનુષ્યત્વનુ અભિમાન હોય છે, તે કદાપિ અયોગ્યના ચરણમા નમન કરશે નહી એવા આત્માભિમાની પુરુષની ભક્તિનો વેગ ગમે તેટલો પ્રબળ થઇ આવે, તો પણ યોગ્ય સ્થાન સિવાય તે જ્યા ત્યા ઢળી પડશે નહી, પણ પુરેપુરી તાપસ કર્યા પછી ઉચિત પ્રમાણમા ભક્તિને યોગ્ય પુરુષ શોધી કાઢશે, અને તેની યોગ્ય ભક્તિમા જોડાશે

આર્ય પ્રજા ભક્તિવતી પ્રજા છે ભક્તિ કરવી તેનેજ તે એક મહાન ધર્માચરણ માને છે, તે એટલે સુધી છે કે કોની ભક્તિ કરવી ઉચિત છે, તેનો વિચાર કરવાની પણ આવશ્યકતા સ્વીકારતી નથી

અગર આપણી સત્પ્રવૃત્તિનો માર્ગ તદ્દન વિઘ્ન રહિત હોત તો તેમાથી ઘણો રસ ઉડી જાત એમ કેટલાએકોનુ માનવુ છે તે ગમે તેમ હો પણ જેને આપણે સદાચાર-સત્પ્રવૃત્તિ અથવા એવાજ બીજા નામોથી ઓળખીએ છીએ તેની શક્તિ-ચેતનતા-અને ઉજ્વલતાની સરક્ષા કરવા અથવા તો તેને અધિક પ્રમાણમા પ્રકટ કરવા માટે માર્ગમા આવતા વિઘ્નોની સામે લડત ચલાવવી, અને તે કસોટીમાં વિજયી થવા પ્રયત્ન કરવો, એ આપણો મુખ્ય ધર્મ છે એક વૈજ્ઞાનિક સત્યનો નિર્ણય કરતી વખતે પગલે પગલે શકાઓ ઉભી કરી સિદ્ધાતની ખોડ-ખાપણો શોધી કાઢવી પડે છે સાધારણ જનસમાજની દૃષ્ટિમા જે નિસન્દેહ સત્ય તરીકે પ્રતીત થયુ હોય છે, તેની પણ કઠિન પ્રમાણો દ્વારા કસોટી કરવી પડે છે જે લોકો પોતાના પ્રશ્નનો ઉત્તર મેળવવા બહુજ આતુર બની જાય છે, તેઓ ઘણીખરી વખતે સાચા ઉત્તરને બદલે ભ્રમાત્મકજ ઉત્તર મેળવે છે એટલા માટે આપણા હૃદયની જીજ્ઞાસાની, આતુરતાથી એકદમ નિવૃત્તિ કરવાને બદલે શાતિથી પરીક્ષાપૂર્વક ઉત્તર મેળવવાની કોશેશ કરવી જોઇએ સત્યનો નિર્ણય કરવો એજ જીજ્ઞાસાનુ વાસ્તવિક મૂળ છે એક જીજ્ઞાસાનો ખોટો અથવા અડધો સાચો ઉત્તર મેળવી લેવો અને જીજ્ઞાસાને મિથ્યા સતોષથી દાબી દેવી એ જીજ્ઞાસાનો દુરૂપયોગ કરવા બરાબર છે

એવીજ રીતે આપણી ભક્તિવૃત્તિને-ભક્તિ કરવાની આતુરતાને ગમે તે રીતે નીભાવી લેવી તેમા ભક્તિની ખરી સાર્થકતા નથી આપણે એટલુ તો સ્મરણમા રાખવુ જોઇએ કે, એકદમ સતોષ યા તૃપ્તિ મેળવ

છે, પછી એ કર ખુદ રાજાના ખજાનામા જાય છે કે તેઓના વચ્ચે-વટદારોના પેટમા જાય છે, તે તપાસવાની પરવા નથી ! !

દેવ-ઇશ્વર કે પરમાત્મા સાથે-જાણે કે આપણે લેણુ-દેણુનો સબધ હોય, તેવા સિદ્ધાતે આપણા સમાજમા ઉડી જડ નાખી છે અનેક લોકો એમ માનતા જણાય છે કે ઇશ્વરપૂજા-દેવપૂજા દ્વારા આપણે ઇશ્વિર ઉપર એક પ્રકારનો ઉપકાર કરીએ છીએ અને એ ઉપકારનો બદલો મેળવવાનો આપણો હક્ક કાયમ રહે છે આવી રીતે પૂજા-ભકિત એક વ્યાપારરૂપે સર્વત્ર પ્રચિલત થયેલી જોઇ શકાય છે જ્યારે આપણે એક વેપાર તરીકે વદ ઉતારવાને તૈયાર થયા છીએ, અને થોડે ખર્ચે-થોડા આત્મભોગે ઇશ્વિરને આરાધવાની પ્રવચના કરવા તત્પર થયા છીએ તો પછી ઇશ્વિર-મહદેવના સ્વરૂપનુ ચિતવન-મનન -ધ્યાન કરવા માટે વિવેક કે પરીક્ષાની કસોટીએ ચડાવવાનુ પ્રયોજન ન જ રહ્યુ ? દેવપૂજા કરવા માટે આપણી સમુખ ગમે તે પદાર્થ પડયો હોય તેને ઇશ્વિર કહી ભેટ-નૈવેદ અર્પણ કરવાથી કામ પતી જતુ હોય તો પછી વધુ મહેનત કરવા કોણ તૈયાર થાય ?

પુરાણો તથા પ્રચલિત કાવ્યો માહેની કેટલીએક કથાઓ ઉપરથી કેટલાએક લોકોનો એવો વિશ્વાસ બધાઈ ગયો છે કે જેમ એક મુડદા ઉપર ગીધ પક્ષીના ટોળાઓ તૂટી પડે છે તેમ આપણા દેવો પણ આપણી પૂજા-ભક્તિ ગ્રહણ કરવાને વ્યગ્ર થઇ જાય છે અને આપણી વેઠરૂપી ભકિતને પણ એકદમ સ્વીકારી લે છે । દુર્ભાગ્યની વાત છે કે, આપણા સુશિક્ષિત સમાજમા પણ ઘણા કેળવાયેલા પુરુષોની બુદ્ધિ આ વાતને અધશ્રદ્ધાથી પકડી લે છે અને દેવો-પરમાત્મા આપણી ભકિત યા ભેટ ગ્રહણ કરવાને લોલુપ રહે છે, એમ શ્રદ્ધાથી માની ભકિતવૃત્તિને નીભાવી રહે છે ।

આ સ્થળે એક વાત ખાસ લક્ષમા લેવી જોઇએ અને તે એ કે ગમે તો મનુષ્યપૂજા હોય અથવા દેવપૂજા હોય પણ તે પૂજા રૂપ ભક્તિવૃત્તિ એ કેવળ ભક્તના જ લાભને માટે છે. જેઓના આપણે ભક્તિ કરીએ છીએ, તેઓ આપણી પૂજાથી કદાચ અજાન રહે તો પણ આપણે તો તેઓનુ સ્વરૂપ જાણવુ જ જોઇએ, એમાજ આપણા ભક્તિની ખરી મહત્તા છે પૂજ્ય વ્યક્તિના આદર્શને આપણા જીવનમા ઉતારવા માટે ભક્તિ સિવાય બીજુ એકે ઉત્તમ સાધન નથી આપણે જેઓની ભક્તિ કરીએ છીએ તેઓને તો

ભક્તિના આચારમા પણ આવુ અયોગ્ય મિશ્રણ થયાને લીધે ભક્તિની આધ્યાત્મિક શક્તિનો ઘણેખરે અંશે લોપ થઈ ગયો છે વળી વિચિત્રતા તો એ છે કે, આવા મિશ્રણને લેઈને એક શુદ્ધ સાધુની ભક્તિ કરવા કરતા એક અસાધુ બ્રાહ્મણની ભક્તિ કરવામા આપણી જાતને આપણે વધુ ભાગ્યશાળી લેખીએ છીએ દૂર સ્થળે વિશેષ સૌંદર્ય જોવા છતા નજીકના તુચ્છ રૂપમાજ આપણી દૃષ્ટિ અંજાઈ જાય છે !

સત્ય અથવા શાસ્ત્રના વિષયમા પણ આપણી જડતા કાંઈ ઉતરે તેમ નથી. સમુદ્રયાત્રા કરવી ઉચિત છે કે અનુચિત તેનો નિર્ણય કરતી વખતે આપણે માત્ર એટલુજ તપાસવુ જોઈએ કે નવા દેશોના આચાર-વિચારો જોવાથી આપણા જ્ઞાનનો વિસ્તાર થશે કે નહી ? આપણી સકુચિતતા દૂર થશે કે નહીં ? અથવા તો ઉન્નતિ માર્ગના એક જીજ્ઞાસુ તથા જ્ઞાનપીપાસાવાળા એક વ્યક્તિને પૃથ્વીની એક નાની સીમામાજ બળાત્કારથી પુરી રાખવાનો અધિકાર કોઈને હોઈ શકે કે નહીં ? એવી તપાસ કરવાને બદલે આપણે શાસ્ત્રના પુસ્તકો ઉથામી જોઈએ છીએ કે **પારાશર** મુનિએ સમુદ્ર યાત્રાની આજ્ઞા આપી છે કે નહી ? અથવા **અત્રિએ** કેવી યુક્તિઓથી તેનુ સમર્થન કર્યું છે ! સત્ય અથવા શાસ્ત્રનો આથી બીજો કયો વિશેષ દુરૂપયોગ હોઈ શકે !

આવી વિપરીત પ્રવૃત્તિ આપણા દેશમા કેમ થઈ પડી? એમ જો કોઈ પૂછે તો તેનો ઉત્તર માત્ર એટલોજ છે કે, સ્વતત્રતા કે જે સમસ્ત પ્રવૃત્તિઓનુ સર્વથી પ્રધાન ગૌરવ છે એજ સ્વતત્રતાને આપણે સખ્ત બધનો અને નિયમોથી જકડી લીધી અને તેને લીધે શાસ્ત્ર તથા સત્ય દબાઈ ગયાં

ખરી અથવા સબળ ભક્તિ તેજ ગણાવા યોગ્ય છે કે જે ભક્તિ અભ્યાસના બળવાળી તથા બીજાઓના કહેવા માત્રથી સ્વીકારાયેલી ન હોય, કિન્તુ સ્વતત્ર વિચારશક્તિની કસોટીએ ચડાવ્યા પછી સ્વય મહત્તા ભણી આકર્ષી જાય અને પૂજ્યના ચરણોમા આત્મ સમર્પણ કરવાને વિહ્વલ બનાવી દે ! અહીંઆ કોઈ એવી શકા કરે કે, સર્વ[illegible] લોકોમા એવી બુદ્ધિ શક્તિ હોય એમ માનવુ જરા બાં[illegible] પડતુ છે, એટલા માટે સરસ માર્ગ તો એજ છે કે એક એવો નિયમ ઘડી કહાડવો જોઈએ કે જેથી સમાજને એ પ્રણાલીથી ભક્તિ કરવીજ પડે ! અને જેઓ સમાજના તથા ધર્મના આ નિયમને માન આપે નહી તેઓને સમાજ બહાર કરી સામાજિક ઉપાધિઓમા [illegible]વા અથવા તેઓના [illegible] નર્કમા જશે એવી ધમકી

भारत की भावी भलाई का उपाय।

भारतवर्ष की लीडर (अग्रणी) वही पुरुष हैं जो पढ़े लिखे हैं और जिनमें देशहितैषिता है। इन्ही लोगों के हाथमें हमारे देश की शोकमय अवस्था का सुधार है। मैंने अपने देश के सुधार के अर्थ बहुत कुछ सोच विचार किया है और मुझे विश्वास है कि भारतवासियो के लिये सब से भारी लाभदायक बात सम्वाद पत्रो का पढना है। जिसके द्वारा ज्ञात हो सकता है कि देश के सुधार के लिये किन २ बातो की आवश्यकता है। इसलिये प्रत्येक भारतवासियों को यह भी अपना धर्म समझना चाहिये कि अपने मित्र वर्गो को ताश, चौसर, शतरञ्ज खेलने और निर्मूल गप्पों में काल व्यतीत करने से रोकें और उनको इस बात की प्रेरणा दिलावें कि वे लोग अपना समय सम्वाद पत्र और पुस्तक पढने में वितावें, हमारे देश भाइयो का कितना अमुल्य समय केवल गप्पबाजीयो में ही बीतता है यदि वे अपने इस अवसरको समाचार पत्रो के पढने में व्यतीत करें तो उनकी अवस्था इतनी शोचनीय न हो। देखिये जापानी और इङ्गलिस्तान वासी बच्चे से लगा बूढे तक सम्वाद पत्रों का पढना केवल अपना एक नित्य कर्म ही नही समझते बल्कि धर्म के समान मानते हैं। उनके जाति और देश की गौरवता सम्वाद पत्र ही हैं, अतएव वहां दो तीन लाख पत्र छपा करते हैं। इसमें सन्देह नही कि भारतवर्ष में निर्धनता के कारण सभी लोग पत्र नहीं खरीद सकते हैं, इसलिये मैं भारतवर्ष के समस्त देश हितैषियां से साविनय प्रार्थना करता हूं कि वे लोग जिले २ में और तहसील २ में पुस्तकालय स्थापित करें और

विनय निवेदन करता हूं कि इस कार्य को शीघ्र ही करने पर तत्पर हो जांय। देराइस्माइलखांमें मुझे बहुत कुछ सफलता इस प्रकार से हुई है, अन्य जिलों में भी सफलता न हो इस का कोई कारण नहीं हो सकता है। इस लिये मैं अपने देश भाई, मित्र और धनवान् पुरुषो को बार २ चेताता हूं कि मन्दिरों, और धर्मशालाओं में फ्री लाइब्रेरी खुलवा दें, जिनमें उत्तम २ कई पत्र मगाये जाया करें और लोग उन्हे मुफ्त पढ सकें। विचार कर देखिये तो यह कैसे पुण्य का कार्य है-अन्त में परमेश्वर से भी प्रार्थना है कि देश हितैषियों के इस धर्म कार्य में सहायता दे॥

भवदीय,
टहलराम, गङ्गाराम, जमींदार (देहरा इस्माइलखां)

एक नवीन-अद्भूत ग्रंथ!

अधिपति 'जैन समाचार' पर जो 'डेफेमेशन केस' चला था उसमें उन्होंने अदालतमें अपने बचावमें स्वयं जो भाषण दिया था वह भाषण, और जेलमे मिला हुआ अनुभव, जेलोंसे जैन समाजको लाभालाभ क्या होता है, जेलोंमें क्या क्या सुधारा करना चाहिये, जेलमें किये हुए आध्यात्मिक और संघ सुधारा संबंधी विचारः वगेराका संग्रह करके 'मेरी जेल-यात्रा" इस नामका ग्रंथ बनाया गया है. देवनागरी लिपि पढने वाले २०० खरीददार कमसे कम अव्वलसे मिलेगे तो सारा ही ग्रंथ देवनागरीमें छपा जायगा मूल्य शिर्फ रु. १). ग्राहक हो कर आपका नाम दर्ज कराओ और आपके मित्रोंकोभी ग्राहक बनाओ.

'जैन हितेच्छु' ऑफिस-सारंगपुर, अहमदाबाद.

સેવાબુદ્ધિનો જાજ્વલ્યમાન દાખલો.

एकज माणस शुं अजवगजवनुं काम करी शके छे !

હાથ અને પેટ વચ્ચે જે જાતની સગાઈ છે તેવી સગાઈ દુની-આમાના હરકોઈ એક માણસ અને હરકોઈ બીજા માણસ વચ્ચે રહેલી છે

હાથ રળે છે, પેટ તે સગ્રહે છે અને હોજરી પાસે ત્હેનુ લોહી બનાવરાવી દરેક અગને (તે સાથે હાથને પણ) તે લોહી પહોંચાડે છે

હાથ, પેટનો ‘ સેવક ’ છે, પેટ, હાથનુ દાસત્વ કરનાર છે. એમા કોઈ કોઈનો શેઠ કે પ્રભુ નથી. બન્નેમા સેવાબુદ્ધિ છે અને એ સેવાબુદ્ધિ બન્નેને પોતપોતાના લાભ સાથે બીજાના લાભના કામમા પ્રેરે છે.

દુનીઆમા કોઈ શેઠ નથી, કોઈ માત્ર પૂજ્યપદનો અધિકાર ધરાવી **શકે** નહિ, સર્વ કોઈ ‘ સેવકો ’ છે, એક સાકળના જૂદા જૂદા પણ જોડાયલા અકોડા છે

રાજા, ન્યાયાધીશો, પોલીસ, ધર્મગુરૂ વગેરે સામાન્યત ‘સેવ્ય’ ગણાતી વ્યક્તિઓ ખરેખર તો સમાજના ‘ સેવકો ’ જ છે ખરૂ કહીએ તો પ્રજાગણ ત્હેમની જેટલી સેવા કરવાને બધાયલો છે ત્હેના કરતા **તેઓ** પ્રજાની વધારે ‘ સેવા ’ બજાવવાને કર્ત્તવ્યથી બંધાયલા છે

જે અમલદારો, જે શેઠીઆઓ, જે ધર્મગુરૂઓ લોકો પાસેથી ‘ સેવા ’ મેળવવાનો હક્ક કરે છે, પોતાને પૂજાવાનો હક્ક કરે છે, તેઓ ‘ સમાજ શાસ્ત્ર ’ અને ‘ આપ-લે’ના ઈશ્વરી કાયદાથી અજા-ણ્યા બાળકો છે અને તેઓ ગમે તેટલુ પાશ્ચિમાત્ય જ્ઞાન કે પૂર્વનુ જ્ઞાન ગોખી ચુક્યા હોય તો પણ ‘ બાળ જીવો ’ છે, કારણ કે સમાજરૂપી સાકળના અકોડા બનવામા રહેલા ‘ આનદ ’ નો તેઓ-ને હજુ ખ્યાલ આવી શક્યો નથી, પેટ અને હાથ વચ્ચેના સ્વા-ભાવિક સમ્બન્ધને હજુ તેઓ સમજી શક્યા નથી અરે બિચારા [illegible]

એક વાર ફરીથી કહીશ અને એની એ વાત દરરોજ હજારો વખત યાદ કરાવવી જોઇએ છે કે, દુનીઆમા કોઇ ઉપકાર કરતુ જ નથી, બીજાને મન જે 'ઉપકાર' **દેખાય** છે તેવુ કામ કરનારો તો પોતાને અને સામા માણસને એક સામાન્ય સાકળના અકોડા તરીકે માનતો હોયછે અને તેથી એને 'હુ આ ઉપકાર કરૂ છુ' એવો ખ્યાલ જ આવી શકે નહિ

પેટ શુ પોતાને અન્ન આપવા માટે હાથનો ઉપકાર માને છે? તે શુ એને પગે લાગે છે? 'તિખુત્તો' નો પાઠ ભણી વદન કરે છે? અને હાથ શુ પોતાને મળતા લોહીના પોષણ માટે પેટના ગુણોની ગીતા રચવા બેસે છે?

એજ રાજા અને ખેડત, એક ઝવેરી અને ઝાડુ કહાડનાર એક સાધુ અને કેદી, એક વિદ્વાન અને ગામડીઓ, એ સર્વ એક સરખા ઉપયોગી મણકા છે, વિશ્વની સતારના એક સરખા જરૂરી તાર છે એક પણ તાર તે સતારમાં નકામો નથી, એક પણ તાર બીજા તારથી વધારે કિમતી નથી. દરેકને અમુક ખાસ અવાજ ઉત્પન્ન કરવાનુ સોપાયલુ છે, જે અવાજ તે તાર સિવાયના બીજા તારથી નથી જ નીકળી શકવાનો દરેક તારનો ભિન્ન ભિન્ન પ્રકાર નો અવાજ **એક સૂરવાળું ગાન** ઉત્પન્ન કરે છે, કે જે, મનુષ્યને દાનુજર દીવ્ય પ્રદેશમા ખેચી જવાની શક્તિ ધરાવે છે

કોઈ દાન કે ઉપદેશ કે કોઈ જાતનુ પરમાર્થી ગણાતુ કામ કરે છે ત્હેમનામાં એક ઓર પ્રકારનુ બળ પ્રવેશ કરે છે, કે જે બળથી તેઓ અસાધારણ–ચમત્કાર જેવા–મહાન કામો બજાવી શકે છે, તત્વ-દૃષ્ટિએ જોતાં દરેક આત્મામાં અનત વીર્ય–અનત શક્તિ છે, જે ‘ અહ ’ના ઢાકણાને લીધે કેદ પુરાયલી છે જે માણુસ પોતાની તે અનત શક્તિ ઉપરનુ ‘ અહ ’ ઢાકણુ દૂર કરી શકે છે ત્હેની અનાદિ કાળથી મળેલી છુપી શક્તિ ‘પ્રકટ’ થાય છે અને ત્હેને પ્રતાપે ચમ-ત્કારી જેવા દેખાતા કામો ત્હેનાથી સહજમા બની શકે છે.

જેટલા પ્રમાણમા માણુસ પોતાને સમાજરૂપ સતારનો તાર માનવાની ભાવના હૃદયમા ઠસાવી શકે છે, જેટલા પ્રમાણમા માણુસ પેટ અને હાથ વચ્ચેની સગાઈ સમજી ‘ સેવ્ય’ પદને બદલે ‘સેવક’ પદ લેવામાજ આનદ અને માન ગણે છે, જેટલા પ્રમાણમા માણુસ સવળાવી એકતા અનુભવે છે, તેટલાજ પ્રમાણમા તે માણુસ પર-માત્મા સાથે એકતા અનુભવી શકે છે, અને તેટલાજ પ્રમાણમા પરમ શક્તિઓ ત્હેના સ્થૂલ દેહમા પણ વ્યક્ત થાય છે–‘ પ્રગટ ’ થાય છે અને ત્હેના હાથથી અજાયબી ઉપજે એવાં મહાભારત કામો બની આવેછે

આજે આ દેશને—ખાસ કરીને જૈન સમાજને પૂજા ઇચ્છતા શેઠીઆ કે સાધુઓની જેટલી જરૂર નથી તેટલી સમાજસેવકોની જરૂર છે “ જગતની સેવા માટે દ્રવ્ય અને અગમહેનતની જરૂર છે, તે માટે હુ ગૃહસ્થાવાસમા રહી તે બન્ને સાધનવડે સેવા બજા-વીશ ” એવા વિચારના **ગૃહવાસી સેવકો** તથા “ અગત તગીઓ અને પ્રમાદને દૂર કરી, વિચારવાતાવરણની વધારે સગવડ મેળવી, જગનેધાના રસ્તા શોધી શકુ અને નિષ્કચન આશ્રમ તરફના લોકો-ના બહુમાનનો લાભ લઈ એ રસ્તા લોકોને **વધારે** ફતેહમદીથી [illegible] નકુ **એટલા માટે** મ્હને ‘ ત્યાગ’જ આદરણીય છે ” એવા [illegible]ના **ત્યાગીઓ** આ બન્નેને આપણે ખરેખર–ઉચ્ચ શ્રેણીના ‘ સમાજસેવકો ’ કહીશુ આપણા હાથ એમને અંજલિરૂપે પ્રણામ [illegible] કરે પણ આપણુ હૃદય સદાકાલ એમને નમતુ જ રહેશે

[illegible] હમને આવા સ્વાભાવિક નમનની વાત અતિશયોક્તિભરી [illegible] હમને શુ યાદ નથી આવતુ કે [illegible] બુધ ટક્કરના [illegible] અનેક દેશોના રાજા–મહારાજાઓએ ઉચી ટીકાવાળી [illegible] અને [illegible] પ્રશસા (બીજા [illegible] તો

બુથની ભાવપૂજા) કરી હતી? શાથી? એ બુથ ટકરે એવુ શુ કર્યું હતુ? એણે કરેલુ કામ શુ સામાન્ય રાજદ્વારીઓ કે વિદ્વાનો કે સાધુઓથી નહોતુ બને તેવુ? શુ તે અસાધારણ પ્રતાપી કામ કરનારો હતો? આપણે હમણા જ તે જોઇશુ અને ઇચ્છીશુ કે એ મહાપુરૂષના જીવનમાંથી આપણને, આપણા પૂજ્યપદનો દાવો કરનારા ગૃહસ્થ તેમજ ત્યાગીવર્ગને અને આપણા બાળકોને 'સમાજસેવાનો' પાઠ બરાબર આવડવા પામે

'મુક્તિફોજ' નામે કરોડો રૂપિયાની આમદાની દ્વારા પરમાર્થ કરનારી સસ્થાના સ્થાપક અને નિયતા જનરલ વુઇલ્યિમ બુથ ટકર ગયા વર્ષના ઑગસ્ટની ૨૦મી તારીખે ૮૩ વર્ષની ઉમરે સખ્ત કામ કરતા કરતા શાન્તિપૂર્વક બીજી દુનીઆમા ચાલ્યા ગયા છે તેહેમનો જન્મ ૧૮૨૯માં થયો હતો બાલ્યાવસ્થાથી જ દુખીઓનાં દુખ જોઇ તેહેમને બહુ લાગી આવતુ અને તે વખતની પોતાની શક્તિ મુજબ હરકોઇને મદદ કરવા તે દોડી જતા દુનીઆના દુખો શી રીતે ઓછા કરી શકાય એ સવાલને પછી તો એમણે દરરોજ મનન કરવાનો વિષય બનાવ્યો અને ૧૮૭૮ સુધી એ કોયડો છોડવા મગજમારી કર્યા જ કીધી તેટલો વખત તેહેમણે વકતૃત્વ કરવા ખા[illegible] ઉપર પુરતુ લક્ષ આપ્યુ હતુ લોકોમા નીતિનો પ્રચાર અને નિર્દયીપણાનો નાશ કરવાથી ગુન્હાઓ અને પાપો તથા દુખોનુ [illegible] ઓછામા ઓછુ કરી શકાય એવા સિદ્ધાતપર તે આખા [illegible] કરવા માટે ધર્મની-શ્રદ્ધાની-છેવટે અધશ્રદ્ધાની પણ મદદનો [illegible] કરવાનુ તેને ડહાપણભર્યું લાગ્યુ

હેમનો ઇરાદો કદી ફતેહમંદ થઈ શકશેજ નહિ, કારણકે જેમણે હિંદુ ધર્મોનું ગમે તેવું પણ એક રૂપ જોયું હશે, હેમને તો ક્રીશ્ચીઍનીટી તરફ વધારે ભાવ ઉત્પન્ન નહિ જ થઇ શકે તથાપિ જે હજારો હલકી વર્ણના હિંદુઓને ભૂખમરાથી અને અનીતિથી બચાવી ક્રીશ્ચીઍનીટીમા લીધા છે તેઓનો હેમણે એક અપેક્ષાએ ઉદ્ધાર જ કર્યો માનવો જોઇએ છે, અને દયાના–સેવાના એવા કામોની પ્રશંસા કરવાને આપણે બંધાયલાજ છીએ)

વિચિત્ર પોશાકો, લડાયક ગીતો, વાજીંત્રો, પૅમ્ફલેટો વગેરે દ્વારા મુક્તિફોજે જનસમાજનું લક્ષ ઝપાટાબંધ ખેંચવા માંડ્યું, અને તે સાથે જ બુથની જાત અને હેના કામ વિરૂદ્ધ પોકાર પણ એટલોજ ઝડપથી ઉઠવા લાગ્યો

વિરૂદ્ધનો પોકાર એનો કાંઇ અર્થ હોય તો તે એટલોજ કે, અમુક કાર્ય જનસમાજના **જાણવામાં** આવ્યું, કે જે જાણપણું પ્રથમ દ્વેષના અને પછી પ્રેમના રૂપમા ' પ્રગટ ' થવું જ જોઇએ

બુથના ભાષણો વખતે ઘણાઓ તોફાન કરતા, પથરા ફેંકતા અને અપશબ્દો બોલતા થોડા વખત બાદ જાહેર પેપરોએ પણ 'ઉટવૈદ્ય' તરીકે બુથને સારી રીતે ઝાડવા માંડ્યો સામાન્ય લોકગણ તેમજ વિદ્વાનોથી આ પ્રમાણે નિંદાતા બુથને હજી એક પ્રશંસક રહ્યો હતો, કે જે એને **કદી** છોડી શકે તેમ ન હતો, અને જેના બળ અને હિમતથી જ તે એકલો આટલા બધાની સામે ઝુઝી શકતો હતો, તે પ્રશંસક બીજો કોઈ નહિ પણ હેનું 'હૃદય' હતું ! બુથ શું કામ કરે છે, તે તે હૃદય સમજતું હતું અને બુથનું પાણી સારાં ક્ષેત્રોમા વહે છે એમ ખાત્રી થવાથી તે હૃદય પોતાના પાતાળ ફોડતા ઉંડાણમાથી અક્ષય જળની 'ધાર' બુથને ધારતું

જ્યારે હૃદયબળ મદદ કરવા તૈયાર છે ત્યારે દરેક ઈષ્ટ પરિણામ આવી પડે છે ! મ્હોટા મ્હોટા રાજાઓ, વિદ્વાનો, ગાદીપતિઓ, ધનકારો અને સાધુજનોની પ્રશંસા વગરમાગ્યે બુથને આવી મળી. નામદાર શહેનશાહ ઍડવર્ડ, શહેનશાહ જ્યોર્જ, જર્મનીના કૈસર, જાપાનના મીકાડો વિગેરેએ હેમને ખુશીરીતે માન આપ્યું અને લંડનના મેયરે હેમને લંડન શહેરના છૂટાપણાનું મ્હોટું માન અર્પ્યું.

હવે હેમને જાપાનના સમ્રાટ તરફથી પોતાના જવા દેશોનું [illegible] માન આપ્યું, જે હેમણે [illegible], ખત અને

દીર્ઘદૃષ્ટિથી કર્યું અને ' જનસમાજના ઉતાર ' ગણાતા મનુષ્યોને નીતિ અને સ્વમાન શિખવી ઉપયોગી 'શહેરી' બનાવ્યા

બુથનું કામ કેટલા થોડાં વર્ષમાં, કેટલા વિસ્તૃત પ્રદેશમા અને કેવા ભવ્ય રૂપમાં ફેલાયુ હતુ ત્હેનો ખ્યાલ આ એકજ બાબત ઉપરથી આવી શકશે કે, ૧૮૭૮માં સ્થપાયલી તે સસ્થાએ ૩૩ વર્ષમાં ૫૯ દેશોમાં–જૂદી જૂદી ૩૫ ભાષા બોલનારા દેશોમા–સમાજસુધારણાનુ કામ ચલાવ્યુ હતુ, ત્હેની શાખાઓની સખ્યા ૮૫૮૨ હતી, દરરોજ ૨૯૩૫૬ માણસોને આશ્રય મળતો, અને મુક્તિફોજની મિલ્કતની વાર્ષિક આવક રૂ ૩૦૦૦૦૦૦૦ ત્રણ કરોડ જેટલી હતી આજે માત્ર હિંદુસ્તાનમા જ ત્હેના ૨૫૦૦ અમલદારો કામ કરે છે આ દેશની પ્રાથમિક શાળાઓમા 'મુક્તિફોજ'ના ૧૦,૦૦૦ છોકરા શીખે છે અને ૮૦૦ હુન્નર–ઉદ્યોગ શીખે છે હિન્દુસ્તાનમા ત્હેની ૧૯ લાખ રૂપીઆની થાપણ ધરાવતી બૅન્કો છે, જેમાથી ગરીબોને મ્હોટો આશ્રય મળે છે આ દેશના વણકરોની ઉન્નતિ અર્થે તેણે ૧૦૦૦થી વધુ શાળો તેઓને આપી છે હિંદના કેદીઓને સુધારવા માટે પણ એ સસ્થા ઘણુ કરી રહી છે

આ બધા કામ ઉપરથી ખ્યાલ આવી શકશે કે જેને સેવા-ધર્મ બજાવવા ઇચ્છા છે ત્હેને વ્હેલા કે મોડા એવા પ્રસગો અને સાધનો મળી જ રહે છે, અને હૃદયબળ એવાની મદદમા હોવાથી તેઓ નિડરપણે અને નિર્માનીપણે ઘણુ અજાયબી ઉપજાવે એવુ કામ કરી બતાવવામા વિજયી નીવડે છે

બુદ્ધિબળ, સેવાબુદ્ધિ અને પરમતત્વમા શ્રદ્ધા એ ત્રણ સાધનો જેની પાસે છે ત્હેને માટે કશુએ અસભવીત નથી બુદ્ધિબળ એ જૈનોનુ ' **જ્ઞાન** ' તત્વ છે, પરમતત્વમા શ્રદ્ધા એ જૈનોનુ '**દર્શન**' તત્વ છે, અને સેવાબુદ્ધિ એ જૈનોનુ ' **ચારિત્ર** ' તત્વ છે જ્ઞાન-દર્શન–ચારિત્ર જો **મોક્ષ** આપી શકે, તો દુનીઆના દુ ખ કેમ ન કાપી શકે ? જૈન **સાધુઓ** અને **જૈન આગેવાનો** તથા ભવિષ્યમા આગેવાની લેવાને નિર્માયલા હાલના **સુશિક્ષિત જૈનો** એ સર્વે જો જ્ઞાન–દર્શન–ચારિત્રનુ **વ્યવહારૂ** અને આ જમાનાને અનુકૂળ એવુ ઉપર કહેલુ સ્વરૂપ સમજવા પામે અને જો એ રસ્તે તેઓ વળે તો જૈન સમાને અને તે દ્વારા આખી દુનીઆને તેઓ કેટલો બધો લાભ પહોચાડી શકે !

ગયા અંકમા આપેલી '**મહાવીર–મિશન**'ની યોજના આવા જ કાંઈ ઉદ્દેશને સ્મરણમાં રાખીને કરવામા આવી છે, એમ આ લેખ તથા ગયા અંકનો તે લેખ કાળજીથી વાચનારને સમજાયા સિવાય નહિજ રહે

ભાઇઓ ! વડીલો ! નામો અને આકારોના ખોખાને વળગી ન રહો; તત્વોના–આકારોમા છુપાયલા આત્માના–પ્રેમી બનો, અમુક કપડા, અમુક વ્રત કે અમુક ક્રિયાથી જ મોક્ષ સધાય એવો આગ્રહ છોડી, **આ દેશ–કાળમાં** 'જ્ઞાન–દર્શન–ચારિત્ર'નુ અથવા 'અહિંસા–સયમ–તપ'નુ **કયું રૂપ** વધારે બંધબેસ્તુ, વધારે અનુકૂળ અને વધારે આદરણીય છે તે જ વિચારો, અને રૂપ કે નામ ગમે તે હોય પણ તત્વ અસલ મુજબ જ છે કે કેમ તે જ જોવાની દરકાર કરો

મુંબઇ
તા ૧૭–૮–૧૩ } **વાડીલાલ મોતીલાલ શાહ**

ચારિત્રનો અનુકરણીય નમુનો:—રાજકોટથી રા કરસનજી **નંદલાલ શાહ** જણાવે છે કે, **જુનાગઢ** સ્ટેટના ચીફ મેડીકલ ઑફિસર ડૉક્ટર **નરસિંહભાઇ ત્રીકમજી** જેઓ ઉંચુ પાશ્ચાત્ય શિક્ષણ પામ્યા છતા **સાધુમાર્ગી જૈન** ધર્મ પર અચળ શ્રદ્ધા ધરાવે છે અને જેમની વૈદકિય કુનેહ માટે આખા દેશમા તારીફ થાય છે તેઓ એક માસની રજા લઈ ગઇ તા ૨૧–૭–૧૩ના રોજ રાજકોટ ખાતે પૂજ્યશ્રી જસરાજજી મહારાજ પાસે શાસ્ત્રાભ્યાસ વધારવા માટે પધાર્યા હતા 'જૈન હિતેચ્છુ' ના ગયા વર્ષના પર્યુષણના અંકમા જણાવ્યા પ્રમાણે તેઓ અહીં સહકુટુંબ આવી કોઈના પરોણા ન બનતા ભાડું ભરીને રહ્યા હતા, અને હવા ખાવા, મળવા જવા કે જોવા લાયક સ્થળોની મુલાકાતો લેવા વગેરે શોખોથી દૂર રહી તથા અમુક નરેનોએ મુલાકાત ચાહવા છતા ક્યાંઇ પણ ન જતા શાસ્ત્રાભ્યાસ, ધ્યાન અને મનમા જ દરરોજના ૧૨ કલાક ગુજારતા પોતાના એકના એક પુત્રને તાવ આવવાથી હેમની સારવાર માટે આગ્રહ કરવામા આવ્યો ત્યારે જવાબ દીધો કે "ગામમાંથી ડાક્ટરને તેડાવો, હાલ હું ડાક્ટર નથી" આ આત્માર્થી પુરુષે પછી સ્થાનક, [illegible] વગેરે ખાતાઓમા થઇને રુ ૩૦૦૦નું દાન દીધું. આ માટે એમની તારીફ કરતા રા પુરુષોત્તમ **માવજીભાઇ** વકીલ, રા. જેઠાલાલ **મોરારજી**, રા **પ્રાણજીવન મોરારજી શાહ** અને આ [illegible] વગેરેએ [illegible] કરી હતી, પણ તેઓ [illegible] ડાક્ટર સાહેબે હેમને [illegible] દીધું કે "પ્રશંસા [illegible] [illegible]"

મહાવીર શાસનની 'દીક્ષા.'

એ વિષય ઉપર શાસ્ત્રીય ગ્રંથ રચાવાની જરૂરી આવશ્યકતા.

સાધુપણુ એ શુ ચીજ છે, એનો આતર આશય શુ છે, એનુ ગૌરવ કેવુ છે, એ સર્વ બાબતો ઘણી અધારામા છે આજે 'સાધુ' શબ્દના ઉચ્ચાર સાથે જે વિચારો મનુષ્યના મગજમા ઉદ્‌ભવે છે તે પ્રાય, પોતાના જોવામાં આવતા અમુક સારા યા નરસા યા મધ્યમ પ્રતિના સાધુના આચાર-વિચાર અને દેહ ઉપરથીજ, ઉદ્‌ભવતા હોય છે. પણ વસ્તુત એ આશ્રમ શા માટે સ્થપાયો છે તથા એનુ શુ ગૌરવ અને કર્ત્તવ્યસીમા છે ત્હેનો યથાસ્થીત ખ્યાલ હજારમાં એક શ્રાવકને પણ નથી, ખુદ સાધુઓની બાબતમાં પણ તેમ જ છે

પરન્તુ, જો એક વાર સાધુપણા સબધી સઘળી ગુઢ બાબતો ઘણા બુદ્ધિશાળી અને શાસ્ત્રરસીક મહાશયોના સયુક્ત શ્રમથી એકઠી કરીને એક પુસ્તકરૂપે બહાર પાડવામા આવે તો તેથી મ્હોટો લાભ એ થવા પામે કે, સાધુવર્ગ પૈકીના જેઓ ભદ્રીક કે ઉપકારી વૃત્તિના હશે તેઓ દુનીઆનુ કલ્યાણ કરવામા પોતે કેટલો અને કેવી રીતનો ફાળો નિર્દોષપણે આપી શકે તે સમજવા પામે અને તેથી લોકહિતના ઘણા માર્ગો કે જે અત્યારે ભુસાઈ જવા જેવા પડ્યા છે તે તાજા થવા પામે

તે કારણથી, હુ સમસ્ત સાધુવર્ગને—**શ્વે૦ સ્થા૦ જૈન** વર્ગના અને **શ્વે૦ મૂર્ત્તિપૂજક** વર્ગના સાધુ વર્ગને તથા દિગબર 'ત્યાગી' મહાત્માઓને, બ્રહ્મચારી **શિતલપ્રસાદજી** જેવા ભાવસાધુઓને— તેમજ '**જૈનહિતૈષી**' ના અધિપતિ મહાશય તથા પડીત **લાલન** જેવા જૈન વિદ્વાનોને આગ્રહપૂર્વક વિનતિ કરૂ છુ કે, તેઓએ આ રસ્તે પદ્ધતિસર પ્રયાસ આદરવા કૃપા કરવી

ઉપર સૂચવેલા પુસ્તકમા નીચે જણાવેલા મુદ્દાઓ પર પુરતો ...નાશ નખાવો જોઇએ —

(૧) સાધુ આશ્રમ **શા આશયથી** સ્થપાયો હશે ?

(૨) **સ્વહિત** અર્થે સાધુના કયા ખાસ કર્તવ્યો છે? અને **જનહિતાર્થે** કયા ખાસ કર્તવ્યો છે?

(૩) સાધુપણાના **પ્રકાર,** એ ભિન્ન ભિન્ન પ્રકારોમાં કયા **સામાન્ય** નિયમો મૂળતત્ત્વ તરીકે ધ્યાનમા રખાયા છે?

(૪) ઓછામા ઓછા કયા ગુણસ્થાનકથી સાધુપણુ શરૂ થઈ શકે અને આજના જમાનાનો સરેરાસ સાધુ વધુમા વધુ કેટલામા ગુણસ્થાનક સુધી જઈ શકે?

(૫) સામાન્ય ગૃહસ્થ અને દેશવિરતિ શ્રાવક, દેશવિરતિ શ્રાવક અને કાચી દીક્ષાવાળો સાધુ, કાચી દીક્ષાવાળો સાધુ અને વડી દીક્ષાવાળો સાધુ વડી દીક્ષાવાળો સામાન્ય સાધુ અને ઉચ્ચ શ્રેણિનો સાધુ એ સ્થિતિઓ વચ્ચેના અંતરનુ સ્પષ્ટીકરણ અને પરસ્પર સબંધ.

(૬) 'તીર્થંકર' એ સમાજનાયક છે, 'સાધુ' એ તીર્થંકરના 'અંતરંગ વર્ગ'ના સભ્ય (Members of the Esoteric Section) છે, 'દેશવિરતિ શ્રાવક' એ તીર્થંકરના 'બાહ્ય મંડળ' ના સભ્ય (Members of the Exoteric Section) છે, અને સામાન્ય શ્રાવકો એ માત્ર એ તીર્થંકરના રાજ્યના પ્રશંસકો (sympathisers) છે, એ કલ્પના યથાર્થ છે કે કેમ? યથાર્થ હોય તો શાસ્ત્રથી સાબીત કરી એ કલ્પનાને વિસ્તારથી સમજાવો અને શબ્દાર્થ પ્રમાણે દરેક સ્થાનનાં કર્તવ્યો સમજાવો, યથાર્થ ન હોય તો કારણ સાથે ભૂલ સુધારી તદનુસાર દરેકના કર્તવ્યો બતાવો.

(૭) વિશ્વની ઉત્ક્રાન્તિ (evolution) મા સાધુવર્ગ કેટલે અંશે કયે રસ્તે ઉપયોગી થવો જોઈએ, થઈ શકે અને ભગવાને એ બાબત એમને શું ફરમાવ્યુ છે?

(૮) 'દીક્ષા' ની ક્રિયા વિસ્તારથી લખો, એની (mystic side) ગુપ્ત બાજુ સમજાવો, અને એ ક્રિયા દીક્ષિત પુરુષના પૂર્વ-જીવન તથા ઉત્તરજીવન સાથે કેવો સબંધ ધરાવે છે તે લખો

(૯) સાધુઓએ વસ્તીમા રહેવું જોઈએ કે નહિ? પ્રવચન ન કરવું એને ના આશયથી? હાલના દેશકાળમા શું થવું જોઈએ?

(૧૦) સાધુએ કેવા મકાનોમાં ઉતરવુ જોઈએ? [illegible] સાથે [illegible] હાલના જમાનાને ધ્યાનમાં લેતા કેટલા [illegible]

(૧૧) વસ્ત્ર-પાત્ર-પુસ્તકો અને ભોજન સબંધી જૂદાં જૂદાં શાસ્ત્રોમા છૂટક છૂટક જે વિવેચન હોય તે ઉપરથી એક જૂદી યાદી કરો અને એમા હાલના દેશ-કાળને ધ્યાનમા લેતા કેટલી છૂટછાટ મૂકવી ઉચીત ગણાય તે કારણોસહિત લખો

(૧૨) અમુક કાર્યો સ્વભાવે દોષયુક્ત છતા સાધુને (પરમાર્થના આશયથી) કરવાની છૂટ અપાઈ છે એમ શાસ્ત્રોપરથી જણાય છે, એવા સઘળા કાર્યો શાસ્ત્રોમાથી નોંધો અને હેના આશય લખો

(૧૩) **યતના** એ સાધુનુ પરમભૂષણ છે તો ખાવામા-સૂવામા-બોલવામા-ચાલવામા કાયિક યતના, વાચિક યતના અને માનસિક યતના કેટકેટલી રીતે જાળવવી જરૂરની છે, કે જેથી સાધુ તરફ હરકોઈ મનુષ્યનુ સ્વાભાવિક આકર્ષણ થઈ શકે

(૧૪) સાધુએ **અનુક્રમે** કયા શાસ્ત્રો શિખવા જોઇએ ? કયાં શાસ્ત્રોમા યોગનુ ખાસ વર્ણન છે ? યોગાભ્યાસ સારૂ સાધુવર્ગ માટે કયા સાધનો ઉભા કરવાની જરૂર છે ? સાધુપણાની કઈ ક્રિયાઓ યોગમાર્ગને વિષે પ્રવેશ કરાવનારી છે ?

(૧૫) જૈન સાધુ 'કર્મયોગ' કેવા કેવા રૂપે સાધી શકે ?

(૧૬) ભક્તિયોગના પ્રતાપે ધર્મના ઉપકારી પુરૂષોના દરદો (હેની ઇચ્છા વિરૂદ્ધ-માત્ર જગતના હિતાર્થે) મટાડી શકાય એવો રસ્તો કાંઈ છે ? 'Christian Science' મા માત્ર ક્રાઇસ્ટને કરાતી પ્રાર્થના દ્વારા દરદો અને ચિતાઓ દૂર કરવાની વિદ્યા બતાવી છે, તેવુ કાંઈ જૈન ભક્તિયોગવડે પદ્ધતિસર ઉપજાવી શકાય તેમ હોય તો એ માટે થોડાક પાઠ રચો

(૧૭) સાધુસસ્થાના ફરજ્યાત ધારા લક્ષમા લેતા, કેટલી ઉમરના અને કેટલી લાયકાતવાળાને એ સસ્થામા દીક્ષિત કરી શકાય ?

(૧૮) જૈન સઘના હિતાર્થે કેવા સાધુઓને સઘમાથી બાતલ કરવાની જરૂર જણાય છે ? કયા કયા દોશો ચલાવી લેવા જેવા અને કયા બહિષ્કાર કરવા જેવા છે ?

(૧૯) કેવી જાતના વ્રત-પ્રત્યાખ્યાન (આજના દેશ-કાળને ધ્યાનમા લેતા) સાધુઓએ ગૃહસ્થવર્ગને સમજાવવા કે આપવાની વિશેષ કાળજી રાખવાની જરૂર છે ?

(૨૦) સુશિક્ષિત ગ્રેજ્યુએટો આદિને સાધુપણા તરફ પ્રેમ

ઉત્પન્ન થાય અને એ સંસ્થામાં દાખલ થવાનું સુભાગ્ય વરવાની પ્રબળ ઇચ્છા થાય એવું કરવાના કોઈ વ્યવહારૂ રસ્તા સૂચવો.

(૨૧) કેવા સાધુએ વ્યાખ્યાન વાંચવાં ? કેવાએ ન વાંચવાં ? એ બાબતમાં શાસ્ત્રોના અભિપ્રાય તેમજ ત્હમારા અનુભવ ઉપરથી થતા વિચારો લખો.

(૨૨) વ્યાખ્યાન આપનાર સાધુએ કેટકેટલી બાબતો લક્ષમાં રાખવી જોઇએ ? વ્યાખ્યાન અસરકારક થવા માટે શાસ્ત્રોમાં શું શું સલાહો અપાયલી છે ? તે સલાહોનો, હાલની oratoryના નિયમો સાથે સંબંધ જોડી બતાવો. તીર્થંકરોની વાણીના અતિશયો જણાવી તે ઉપરથી વક્તૃત્વકલાના નિયમો ગોઠવી બતાવો.

(૨૩) હિંદુ સ્વામી રામતીર્થ, અમેરીકન ફીલસુફ એમર્સનના ગુરૂએ વગેરે આજના જમાનાના પુરૂષો સિંહને ભેટી શકતા અને સર્પો ત્હેમના આભૂષણ તરીકે વિંટાઇ રહેતા, એવી શક્તિ જૈન સાધુઓમાં કોઇમાં ન જોવામાં આવે એનું કારણ ખરેખર શું ધારોછો ? દરેક બાબતમાં 'વિચ્છેદ' નું બ્હાનું કે 'જૈન સાધુ વિદ્યા ફોરવી શકે નહિ' એવું બ્હાનું નહિ ચાલે ! (એમર્સનના ગુરૂ કે જે અમેરિકન યોગી હતા તે કાંઇ વિદ્યા ફોરવવાની ઇચ્છાવાળા નહોતા, સ્વભાવતઃ જ સઘળાં પ્રાણીઓ એમના તરફ આકર્ષાતાં અને એમની સોબતમાં આનંદ પામતાં)

(૨૪) સાધુવર્ગની આત્મિક ઉત્ક્રાન્તિ માટે, એમના વિચારો વિશાળ કરવા માટે, એમને જગતના ઉપકારીમંડળ તરીકે કાર્ય કરતા બનાવવા માટે શાસ્ત્રોનો બાધ ન આવે એવી રીતની કાંઈ યોજના બતાવી શકશો ?

(૨૫) અમુક સંયોગોમાં સાધુને નદી ઓળંગી જવાની છૂટ છે, તો યુરોપ-અમેરિકાના જડવાદનો નાશ કરી ચૈતન્યવાદ અને આત્મવિદ્યાનો બોધ તે સત્યાર્થી લોકોને બનાવવા માટે સાધુ ધારે તો કેમ ન જઈ શકે ? કેમ ? એટલી સ્થિતિએ સાધુએ પહોંચવા માટે શા માટે ન રહેવું જોઈએ ?

(૨૬) 'સંપ' ના અભાવે, જૈન ધર્મ તરફ દરેક [illegible] ની ફરજ; દરેક સંપ્રદાયની [illegible] માટે [illegible] [illegible] [illegible] 'હિંદના તમામ જૈન સાધુઓ [illegible] ૧૦૦ અને [illegible] [illegible] [illegible] શું છે કે [illegible] [illegible] [illegible] નથી ?

(૨૭) પૂર્વાચાર્યોએ જેમ સમયકાળ પ્રમાણે નવા શાસ્ત્રના રૂપમા 'ગ્રંથો' લખ્યા છે, તેમ આજના દેશ-કાળને અનુકૂળ થવા સાથે શાસ્ત્રનો મૂળ આશય સચવાય એવી રીતની 'જૈન સ્મૃતિ' બનાવી શકાય ખરી કે? બનાવી શકાય તો કેવા ધોરણપર?

(૨૮) સાધ્વી-આશ્રમના ઉદ્ધાર માટે વ્યવહારૂ રસ્તા સૂચવો.

(૨૯) 'ચતુર્વિધ સંઘ' કોને કહેવો? ત્હેમાંની દરેક વ્યક્તિની સંઘવ્યવસ્થામા શુ સત્તા છે?

(૩૦) કયા કયા પ્રાંતો અને દેશોમા સાધુવિહારની વધારે જરૂર છે?

આ ૩૦ (અને તે ઉપરાત લેખકોને પોતાને સૂઝે તે) મુદ્દાઓ ઉપર, વિશાળ વાચન અને મનન બાદ, જેઓ પોતાના વિચારો લેખરૂપે નીચે સહી કરનારને લખી મોકલશે તેઓએ જૈન સંઘ ઉપર એક મ્હોટો ઉપકાર કર્યો ગણાશે કારણ કે આ મુદ્દાઓ ઉપર જૂદા જૂદા વિદ્વાનો તરફથી નખાતો પ્રકાશ એકઠો કરીને તે પરથી એક મ્હોટું અલાયદું પુસ્તક તૈયાર કરવાનો અને ત્હેનો બહોળો પ્રચાર કરવાનો નીચે સહી કરનારનો ઈરાદો છે.

વાડીલાલ મોતીલાલ શાહ

એક નનામો લેખકબંધુ, જુનાગઢથી જણાવે છે કે, શ્રીયુત દેવકરણ **મુળજીભાઈ** તથા શ્રીયુત **નથુભાઇ** કૃપારામ એ બે ઉદાર ગૃહસ્થો **જુનાગઢ**મા પાંચ લાખના ફંડથી જૈન બોર્ડીંગ, વિધવાશ્રમ અને અનાથાશ્રમ ખોલવાની હીલચાલ કરે છે આ ખુશખબર આપનાર મહાશયનો આપણે ઉપકાર માનીશુ ઉક્ત બન્ને ગૃહસ્થોની ઉદાર વૃત્તિ અત્યાર પહેલા સુપ્રસિદ્ધ છે, તેથી એમના જેવા ધર્મ પ્રેમી શ્રીમંતો આવા ઉપયોગી ખાતા ખોલે એ બનવાજોગ છે આપણે આશા રાખીશુ કે, આ ખબર જલદી ખરી પડે તે સાથે અમે એમ પણ ઇચ્છીશુ કે ઉક્ત મહાશયો આવા જરૂરી ખાતા [illegible] તેની સરસ યોજના અનુભવી જૈન અને જૈનેતર [illegible] તૈયાર કરાવે અને આજની આપણી મોટી [illegible] જૈન સંસ્થાઓમા જે અવ્યવસ્થા જોવામા આવે છે [illegible] સંસ્થામા કદી ન થવા પામે એવી [illegible]

સંવત્સરીની બક્ષીસ.

૧ 'સત્' એક છે, ઉપાધિને લીધે અનેકવત્ ભાસે છે.

૨ 'સત્' ની જીજ્ઞાસા સર્વને હોય, પણ સત્યને પોતાનુંજ કરી લેવાનો અધિકાર કોઈને નથી

૩ સત્‌ને મર્યાદા નથી, દેશ-કાળનાં બંધન નથી, તે અમુક સ્થળે ન હોય એમ મનાવવું નથી

૪ બહુ શાસ્ત્રોની જાળમાં અટવાવું નહિ, એથી કેટલાકના ચિત્તને ભ્રમ થાય છે, વીર્ય અને શક્તિનો ક્ષય થાય છે, એક સત્ તત્વને જાણવું

૫ સૌ સૌને સ્થાને શ્રેષ્ઠ છે

૬ માણસ પોતેજ પોતાનો શત્રુ અને પોતેજ પોતાનો બંધુ છે

૭. જેમ છે તેમ હોવું જોઈએ માટે છે, જે જેવું છે તે તેવું જાહેર છે; જે છે અને જેવું છે તે અને તેવું અનુભવમાં આવવું મુશ્કેલ છે

૮. વિશ્વોત્પત્તિ, કર્મ, ઈશ્વર, જીવ, પ્રકૃતિ, માયા, સ્વર્ગ-નરકની ભાવના, ધર્મ, સુધારો એ સર્વમાં મતભેદ તો રહેવાનોજ મતભેદ સહન કરવો, વ્યર્થ ઝઘડામાં પડવું નહિ

૯. જનસમાજને વિચાર કરવા કરતાં માની લેવું વધારે ઠીક પડે છે.

૧૦. જેટલા જેટલા સબંધ મનથી પ્રિય મનાય છે, તેટલા તેટલા શોકના ખીલા હૃદયમાં ઠોકાય છે.

૧૧ દમન કરો-ઇંદ્રિયોના ખોટે માર્ગે જતા વેગને ખાળી તેને સન્માર્ગે વાળો, દાન આપો, દયા કરો દમ, દાન અને દયા એ [illegible] ઉપરજ વધુ ભાર આપો

૧૨ [illegible] ગીત પ્રબોધેલા પુરુષાર્થ વડેજ [illegible] ના શ્લોક ૫

૧૩ પ્રભુના [illegible] [illegible] અને [illegible] પ્રકૃતિ [illegible] અધિકાર નિર્ણય કરો.

૧૪ [illegible]

૧૫ માત્ર કર્મ (કાર્ય–ક્રિયા) કરવાનું માંડી વાળવાથી માણસ 'નિષ્કર્મ' થતો નથી

૧૬ ત્યાગ તે માત્ર બહારના આડંબર તરીકે નહિ, પણ એક હૃદયની અંદરથી નીકળતા પ્રણય–ગાનના સ્વાભાવિક પરિણામ તરીકે થવો જોઈએ જ્ઞાનશુન્ય ત્યાગ, વિવેક–વિરાગથી **રહિત** એવો ત્યાગ લાભને બદલે હાનિ કરી બેસે છે.

૧૭ પહેલાં **યોગ્ય** થાઓ, અને પછી **ઇચ્છા કરો** અને તે પછી કાર્ય આરંભો યોગ્યતા સંપાદન કર્યા વિના કોઈ પણ મ્હોટું કામ હાથમા ન લેવું

૧૮ અમુક કામ આપણે **કરવા યોગ્ય** છે એટલાજ વિચારથી કામ કર્યે જવું, 'ફળ' નો વિચાર આપણે શા માટે કરવો ?

૧૯ જ્ઞાનીને પણ પ્રકૃતિ તો હોયજ છે, પ્રકૃતિ એ કાર્ય માત્રની નિયામક હોઈ જ્ઞાનીનો આચાર પણ જ્ઞાન અનુસાર નહિ પણ પ્રકૃતિ અનુસાર થાય છે ('પ્રકૃતિ' એટલે પૂર્વે કરેલા શુભાશુભ કર્મનો આ જન્મમા પ્રગટ થએલો સંસ્કારસમૂહ)

૨૦. માણસ કાંઈ દેવ નથી 'મહત્તા' અને 'સંપૂર્ણતા' એ બે વચ્ચે ઘણું તથા ન ઓળંગી શકાય તેવું અંતર છે દોષ ઉપર નહિ, પણ ગુણ ઉપર દૃષ્ટિ રાખો

૨૧ આપણા પોતા**માંથીજ** જે સુખ આપણને મળે છે તે સુખ, આપણી **આસપાસના** વિષયોમાથી મળતા સુખ કરતા વધારે લેહેજતદાર, નિર્મળ અને ચીરસ્થાયી હોય છે

૨૨ એક અથવા બીજા પ્રકારની વિલાસપ્રિયતા, વિષયાંધતા અથવા ભોગલોલુપતા જ હરકોઈ પ્રજા કે વ્યક્તિની પડતીનું પ્રાથમિક કારણ છે

૨૩ નિરૂપયોગી **વિચારો** અને **ક્રિયાઓ** મનુષ્યનું સત્ત્વબળ અસાધારણ પ્રમાણમા હરી લેછે

૨૪ શોક, ઉદ્વેગ, ચિંતા, સર્વને કાઢી નાખી પ્રસન્નતાને સેવો, અને વર્તમાન કાળની દરેક પળને ઉત્તમ પ્રયત્ન વડે શોભાવો

૨૫ આપણે ઉપકાર કરીએ છીએ તે **આપણા પોતા** ઉપર જ કરીએ છીએ, **જગત ઉપર** નહિ

૨૬ સદા સર્વદા કર્મ કરતા રહો, પણ જગતની વસ્તુમા તથા કર્તૃત્વ ભાવમા લેપાશો નહિ

૨૭ જગત્ કાંઈ આપણી નિત્ય રહેવાની ભૂમિ નથી, એક વિશ્રામસ્થાન છે

૨૮. માણસ ખરેખરો કેવો છે, તે કરતા આપણે તેને કેવો ધારી લીધો છે, તે ઉપરજ માણસો વિષેના આપણા અભિપ્રાયનુ ધોરણ રહે છે

૨૯. પ્રતિ ક્ષણ **નિશ્ચય** અને **પ્રયત્ન** દ્વારા આગળ વધવુ.

૩૦ જીવનની ઉચ્ચ સ્થિતિ, **કરવાથી** થાય છે, ઘણી વાતોનો મનનમા ખીચડો કરવાથી નહિ

૩૧ મગજની અભરાઇ ઉપર ગોઠવેલ શાસ્ત્રીય બુદ્ધિવિભવનો ભાર તે કાંઈ 'જ્ઞાન' નથી.

૩૨ કેવળ ખબર મેળવવા માટે, પ્રખ્યાત થવા માટે, કે પૈસા કમાવા માટે નહિ, પણ પોતાને તેમ બીજાને ઉચી કોટીએ લઈ જવા માટે જ્ઞાનની જિજ્ઞાસા કરવી

૩૩. થોડુ પણ પાકુ વાચવુ, જે વાચવુ તે એકદમ વગર વિચારે માની લેવુ નહિ, માત્ર મોજીની કે ગમત મેળવવા ખાતર વાચવુ નહિ, પણ વિચારવડે મનને કેળવી પાકુ બનાવવાના હેતુને હમેશા નજર આગળ રાખી વાચવુ

૩૪. જે હકીકત ખરી રીતે બને છે, તેના વર્ણનમા, માત્ર તે ફરી ફરીને બોલવાથી કે એકબીજાને વાત કરવાથી, અવશ્ય ફેર પડી જાય છે, મૂળનુ સત્ય સ્વરૂપ બદલાઈ જાય છે મનુષ્યવિચારનો અને મનુષ્યની અશક્તિઓનો દુષ્ટ ગંધ એ મૂળ હકીકતને લાગી જાય છે અને મૂળના શુદ્ધ સ્વરૂપને બગાડી નાખે છે

૩૫ **અંતરમાં** અનુભવ હોયા વિના અન્યના પરમાર્થે અન-ભવને કોઈ **જાણી શકે નહિ**

૩૬ આત્મપરીક્ષા પ્રથમ કરવી, કે જેથી પરપરીક્ષા **શુદ્ધ** થાય

૩૭ 'યતના' વગર કોઈપણ કામ સારૂ થતુ નથી. (યતના એટલે ઉપયોગશીલતા, વિવેકપૂર્વક વિચારશીલતા)

૩૮ નવુ એટલું સારૂ અને જૂનુ એટલું ખરાબ એમ નથી તેમજ નવુ એટલુ ખરાબ અને જૂનુ એટલુ સારૂ એમ પણ નથી જમાના એટલે વિવેક—વિચારપૂર્વક પરીક્ષા—કરીને સ્વીકાર કરો. **પારકી બુદ્ધિએ દોરાવું નહિ.**

૪૧. હોકાયંત્રની પેઠે ગમે તે વ્યવહારમાં ફરવું પડે, અથવા ગમે તે સંગમાં રહેવું પડે, તોપણ દૃષ્ટિરૂપી કાંટાને જ્ઞાનરૂપી ઉત્તર-ધ્રુવ તરફજ સ્થિર રાખવો

૪૨. પ્રારબ્ધકર્મ ફરતો છે, એ સ્થૂલ શરીરને ગમે તેમ ચૂંથે તોપણ વૃત્તિને શ્રી **વીતરાગ પ્રભુ**માંજ નિશ્ચલ રાખવી

૪૩. હૃદયમાં **તીવ્રતા**થી જેની ઝંખના થાય છે તે જરૂર મળે છે

૪૪. મનુષ્યમાત્રના હૃદયોમાં જો કે એકજ અંતરાત્મા રહેલો છે, એજ સર્વનો શાસ્તા છે, ગુરૂ છે, બન્ધુ છે, તથાપિ એના શાસનનો, એના ઉપદેશનો, એની સલાહનો દરેક મનુષ્ય **પોતપોતાની ભાવના પ્રમાણે** અર્થ કરે છે

૪૫ ગૃહજીવન **પ્રભુ** વિનાનું ન રાખો, નાસ્તિકતા અને પ્રમાદને દૂર કરો

૪૬ બાહ્ય પદાર્થોમાં જે રૂપ રંગ વિસ્તાર કે સુખ દુઃખ આપવાપણું જોવામાં આવે છે તે તે વસ્તુઓના **ધર્મ** નથી, પણ આપણે તેઓના ઉપર તે તે ધર્મોનું **આરોપણ** કરેલું છે.

૪૭ સ્વત્વ જાળવવું, પણ મિથ્યાભિમાની ન થવું, બહાદુર થવું, પણ ઉદ્ધત ન બનવું

૪૮ ઉપાધિ અથવા ડીગ્રી, ભાષા, વસ્ત્ર, વાચાલતા, ટાપટીપ, આડંબર એવી એવી બાહ્ય **ઉપાધિઓ** ઉપરથીજ સાધારણ માણસો સ્હામાની પરીક્ષા કરે છે બુદ્ધિવિભવ અને અનુભવને લક્ષમાં રાખી બીજા કેટલાક લોકો પરીક્ષા કરે છે કોઇ વિરલ મહાત્માજ માણસના **અંતરમાં** પેસી તેના સંસ્કાર, ભાવના, પ્રકૃતિનું સ્વરૂપ નિરખી તે પરથી પરીક્ષા કરે છે

૪૯ નિન્દાનો ઉત્તમ પ્રતિકાર એ છે કે, તે તે દોષો પોતામાં નથી એવી **વિશુદ્ધ વર્તનવડે ખાત્રી** કરી આપવી

૫૦ માણસ જેવું ચિંતન **આગ્રહપૂર્વક** કરે છે **તેવોજ થાય છે**

૫૧ આત્માની શુદ્ધિ, વિસ્તાર, કલ્યાણ, વિકાસ, એ સર્વ પણ કેવળ સ્વાર્થ માટે નથી, પરન્તુ એ સિદ્ધ થયા પછી જનસેવામાં તત્પર રહેવાનું છે નિસ્વાર્થ હેતુથી એવી સ્થિતિ મેળવવી

૫૨ સ્વતંત્રતાને સ્થાને સ્વચ્છંદતા, શ્રદ્ધાને સ્થાને વહેમ, અને ને સ્થાને આસક્તિ ન આવે એ માટે સાવધ રહેવું

૫૩ **બીજા** મનુષ્યના સ્વભાવવર્ણનમાં માણસ જાણ્યેઅજાણ્યે **પોતાના** હૃદયભાવનું, મનોવિકારનું, સંસ્કારનું પ્રતિબિંબ પાડે છે, પોતાનાજ વિચારોનું પ્રત્યારોપણ કરે છે; અને બહુધા પોતાનાજ અનુભવનું મિશ્ર ચિત્ર આળેખે છે.

૫૪. **આંતર** જીવન સુધારો, કે જેથી **બાહ્ય** જીવન સુધરશે.

૫૫ જવાબદારીનું સ્વરૂપ સમજવાની ઇચ્છા થવી એ મુશ્કેલ છે, ઇચ્છા થયા પછી તે સમજવા જેટલી શક્તિ મુશ્કેલ, સમજાયા પછી તે અદા કરવી મુશ્કેલ, અદા કર્યા પછી હુંપદ અને ફળની આશાનો ત્યાગ મુશ્કેલ.

૫૬ આત્મ સન્માન, આત્મ જ્ઞાન, અને આત્મ સંયમ (Self-respect, self-knowledge and self-control) એ ત્રણ-થીજ મનુષ્યને શ્રેષ્ઠ સામર્થ્યની પ્રાપ્તિ થાય છે.

૫૭ તમારાથી બને તેટલું, બને તેટલા સાધનોવડે અને બને તેટલે માર્ગે, જે જે સ્થાને બની શકે ત્યાં, જે જે સમય બને તે તે સમયે, જેટલા મનુષ્યનું બની શકે તેટલા મનુષ્યનું, અને જ્યાં સુધી બની શકે ત્યાં સુધી, હમેશ **ભલું** કરો.

૫૮. **અવિવેકીને શાસ્ત્ર** ભાર છે, **રાગવાળાને જ્ઞાન** ભાર છે, અશાન્તને **મન** ભાર છે.

૫૯. મહાસત્વગુણયુક્ત, સમદૃષ્ટિ, કોઈ અનર્થ કરવામાં અધીર પુરુષો છે તેજ 'સાધુ' તરીકે ગણાવા યોગ્ય છે.

૬૦. ચંદનભારને વહેતો ખર ભારનો ભાગી છે, ચંદનનો નહિ; તેમ બહુ શાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી પણ મર્મને ન જાણનાર બની પંડિત ભારનોજ ઉપાર્જન કરે છે.

૬૧ "સર્વ પ્રાણી મને મિત્રદૃષ્ટિએ જુઓ" "હું સર્વ પ્રાણીઓને મિત્ર દૃષ્ટિએ જોઉં" એમ કોઈ દિવસ કહેલ [illegible] નહિ [illegible] એજ પ્રાર્થો.

તપ.

" શરૂઆતમાં કડવાં લાગે તેવા પણ પરિણામે સુન્દર બને પ્રકારના **તપ હમેશાં કરવા, તે કુકર્મના ઢગલાનો તુરત વિનાશ કરે છે,-જેવી રીતે રસાયણ દુષ્ટ રોગોને દૂર કરે છે તેમ.**"

અધ્યાત્મ કલ્પદ્રુમ, અધિકાર ૧૫

દુનિઆમાના પ્રત્યેક ધર્મમા તપ એક મુખ્ય અને આવશ્યક અગ ગણાય છે. ધર્માર્થે દુ ખની ઉપેક્ષા, અને તિતિક્ષા, ઇન્દ્રિય અને મનની એકાગ્રતા, પ્રાણુ નિયમન, ઇચ્છા નિરોધ એમ તપના વિવિધ અર્થો મનાય છે. વૃત્તિઓને એક કરી વિશુદ્ધ સવેગમા ગ-ખવી, દરેક સંજોગોમા ચિત્તવૃત્તિને એકની એક સ્થિતિમા રાખવી-જ્ઞાનાનન્દમાં લગાડવી એ પણ 'તપ' છે, તેમ અધ્યયન-નિયમ-મ-ચ્ચારિત્ર એ પણ 'તપ' છે **પરાર્થે સ્વાર્પણશીલ જીવન એ 'તપ'ની ઉત્કટ ભાવના છે;** પરતુ એ શબ્દો ગોઠવવા કે એમ બોલી બતાવવા જેટલી સહેલી અને સરલ નથી. કોઇ વિરલ મહાન્ પુરૂષોમા એ ભાવના તેના ખરા સ્વરૂપમા પ્રતીત થાય છે **પોતાની** લાગણીનુ ખુન કરી, પ્રકૃતિને કચડી નાખી, 'હુ'પણાને છેક્જ ભૂલી જઇ, સ્વાર્થને પરાર્થમા મેળવી, પરાર્થે સ્વાર્પણશીલ જીવન ગાળવુ એ **પરમ** 'તપ' છે, ખરૂ તપ છે

'**તત્ત્વાર્થસૂત્ર**' ના વિદ્વાન્ કર્ત્તાના શબ્દમા બોલીએ તો એજ '**ઇચ્છાનિરોધ**' છે પણ આવુ તપ સત્કર્મનો પરિપાક થયા વિના માત્ર **શીખવ્યાથી** સાધી શકાતુ **નથી.** અસ્તુ ! પરન્તુ જૈનશાસ્ત્ર તો છેક જાડી બુદ્ધિના ભોટ મનુષ્યથી લઇને સૂક્ષ્મ બુદ્ધિવાળા વિ-દ્વાન્ પુરૂષ માટે પણ તપનુ વિધાન કરે છે અને તે તે વર્ગ પોતાની સ્થિતિ શક્તિ અને સ્હમજ પ્રમાણે એ આચરી શકે તે માટે **બાહ્ય** અને **આભ્યંતર** મળી કુલ ૧૨ વિભાગમા* તપના સ્વરૂપ બતાવે છે. તપનો યોગ **બધાને** માટે **એક સરખી** રીતિ-કૃતિવાળો હોવો

* ૧ અનશન, ૨ ઉણોદરી, ૩ વૃત્તિસક્ષેપણ, ૪ રસત્યાગ, ૫ કાયક્લેશ, ૬ સલીનતા, એ સર્વ '**બાહ્યતપ**,' અને ૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવૃત, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન ૬ કાયોત્સર્ગ, એ સર્વ '**આભ્યંતર તપ**'. અત્રે એ સર્વનુ વિસ્તારભયથી વિશેષ વેચન નથી કર્યું, જિજ્ઞાસુને તે, ધર્મગ્રથોમાથી મળી શકશે

ઘટિત નથી અને એટલાજ માટે **અધિકારના તારતમ્ય અનુસાર** તપના વિભાગ પડ્યા છે 'તપ' નુ પરમ પ્રયોજન ઇન્દ્રિય, મન અને પ્રાણની ક્રિયાપર વશીકાર સ્થાપી, ઇચ્છાનિરોધ કરી, નિરૂપમ મોક્ષસુખનો લાભ પામવાનુ છે આત્માની સાથે અનાદિ કાળથી જે કર્મસમૂહ લાગ્યો છે તેજ મોક્ષસુખનુ પ્રતિબધક કારણ છે, આ પ્રતિબધ દૂર કરવો હોય, કર્મ ખેરવવા હોય, કર્મની 'નિર્જરા' કરવી હોય, તો તે 'તપ' વડેજ થઈ શકે એમ છે કર્મનુ નિઃશેષ ઉન્મૂલન, ફરી ઉદય ન થાય તેવો નાશ એ તપનુ અતિમ ફલ છે. અનશન–ઉપવાસાદિ જે વ્રત છે તે આ ફલને પહોચવાના **પ્રથમનાં** પગથીઆં છે સાધક **ક્રમેક્રમે** ઉપર ચ્હડી એ ફળ મેળવી શકે છે જેના ચિત્તની જેવી સ્થિતિ, જેનો જેવો અધિકાર, તેવા તપ તેમને માટે વિહિત છે બાહ્ય તપની સાધના કેટલાકને વ્યર્થ અને દૂષિત જણાય છે, અને **હાલ** તે જે **રીતે** થાય છે તે રીતે જૈનના એ મત છેક કહાડી નંખાય એવો પણ નથી માનવ-અજ્ઞાનતાએ ધર્મના મૂળ સ્વરૂપને બહુ **વિકૃત** કરી નાખ્યુ છે અને તેમાં પણ જૈન જેવા **જુના કાળથી** ચાલ્યા આવતા ધર્મમાં કાળાન્તરે અનેક વિકૃતિઓ પેસી જાય એમા નવાઈ પણ નથી આવી વિકૃતિ એજ દ્વેષ અને કલહના વિસ્તારનુ કારણ થઇ પડે છે. ધર્મનુ મૂળનુ **સહજ** અને **શુદ્ધ** સ્વરૂપ, આત્માને જેમ કર્મનો સંબંધ લાગ્યો છે તેમ, અનેક કાળના મનુષ્યોના વિકાર, સ્વાર્થ પ્રકૃતિ, અને તેના સંસ્કાર વળગવાથી, કઇંક વિકૃતજ રૂપે દેખાય છે હાલની સ્થિતિ જોતા **આત્માને કર્મથી નિર્લેપ કરવાને** જેમ 'તપ' ની [illegible], **તેમ ધર્મને મનુષ્યકૃત આવા લેપોથી ચોક્ખો કરવાને** [illegible] 'તપ' તપવાની જરૂર પણ [illegible] છે [illegible] તપ તપવામા [illegible] કરવા પડે, ઓછુ ખાવુ પડે, [illegible] પડે, [illegible] નિરોધ કરી દેવા પડે, [illegible] જૈન [illegible] પડે અ-[illegible] જેવુ છે. [illegible]

[illegible]

અનેક ઉપવાસ કરે તો તેથી કાંઇ ફલ નથી 'ફલ નથી' એમ કહેવામા કોઇ બાધ લેતુ હોય નો તેને કહેવાનુ કે, એવા વ્રતથી જો આર્ત અને રૌદ્રપણુ થતુ હોય, શુધ્ધોપયોગની વૃદ્ધિ થતી ન હોય, પારકાનાં પેટ ભરવાને–પારકાંનુ કલ્યાણ કરવાને–પારકાનો અર્થ સુધારવાને અર્થે ભૂખે મરતા, પોતાના કલ્યાણને છેકુ મકતાં, પોતાના સ્વાર્થને તિલાંજલિ આપતાં જો લેશ પણ શીખાયુ ન હોય, **તો પછી** મનના માની લીધેલા સતોષ સિવાય બીજુ ફલ શુ મળે છે ? નોકારસી આદિ તપની પ્રક્રિયામા હેતુ **ક્ષુધા વેદનીનો પરાભવ** કરવાનો છે કહેવાનુ કે, ઉપવાસાદિ વ્રતને ***સાધ્ય** માનવામા ભૂલ થાય છે, એ તો **સાધન** છે; અને તે પણ નિકૃષ્ટ (જો પોતાનાજ સ્વાર્થ માટે હોય, એથી રસાસક્તિ તૂટતી ન હોય, વૃત્તિનો સક્ષેપ થતો ન હોય, આર્ત અને રૌદ્ર ધ્યાન વધતુ હોય તો) છે એનુ એ વ્રત પરાર્થે આચરવામા આવે તો શિઘ્ર ફળદાતા નીવડે છે. યશ, સુખ, લાભ, ધર્મલાભ એથી પમાય છે હઠથી ચિત્તને વશ લાવવાના યત્ન પણ કઇ સર્વથા વિજયી નીવડયા નથી

વિકારો, અને વિકારોની ઉત્પાદક વાસનાઓમા અટવાઇ પડવાથી બચી, ચેતનને તેના મૂળ રૂપમા લાવવાને–તેના અબધ શુદ્ધ નિર્લેપ રૂપમા લાવવાને, આતરિક ગુપ્તજ્ઞાનાદિ જે **સ્વગુણ** છે તેને 'પ્રગટ' કરવાના કાર્યને **'અભ્યતર તપ'** એવા નામથી ઓળખી શકાય બાહ્ય તપથી ઈન્દ્રિયદમન અને વૃત્તિસક્ષેપ થતા 'આતર તપ' નુ અનુષ્ઠાન ઠીક થાય છે આતર તપ સાથે જેનો **સબધ** છે, આતર ગુણોને વિકસાવવામા જે **ઉપયોગી** થઈ પડે છે, તેવા 'બાહ્યતપ' ને અજ્ઞાનકષ્ટ ગણી શકાય **નહિ** બાહ્ય અને આભ્યતર તપનો સમ્યક્ પ્રકારે **યોગ** થતા-ઐકય થતા જ્ઞાનીઓ એક શ્વાસોશ્વાસમા અનન્ત કોટિ કર્મની વર્ગણાને તોડી પાડે છે, અને અજ્ઞાની સ્હમજ્યા વિનાની બાહ્ય ક્રિયામા પરાયણ એવા તપસ્વીના ભવોના ભવો ચાલ્યા જાય તોપણ તેમનાથી કર્મબધન શિથિલ થઇ શકતા નથી, ઉલટા બધન દૃઢ થતા હશે

* ૧ જૈનશાસ્ત્ર અપવાસાદિની લક્ષણા કરાવતા એક સ્થળે લખે છે કે 'વિષય–કષાય અને આહારનો વિધિવડે ત્યાગ કરવામા 'વે તે અપવાસ "

હાલ આપણે જે સ્થિતિમા છીએ તે સ્થિતિ આપણાં પૂર્વેનાં કર્મોનુ પરિણામ છે, કર્મોવડેજ ઉચ્ચ નીચ ગતિના ચક્રમા માનવીને ભમવુ કરવુ પડે છે, એ કર્મનો નાશ કરી નિષ્કર્મ અવસ્થાએ પહોંચવાનું છે આ અવસ્થા સિદ્ધ કરવા માટે અનેક ઉપાયોનો ઉપદેશ છે. **દેશ-કાળ અનુસાર** આપણા તે માટેના ઉપાયોમા એક મુખ્ય ઉપાય એ છે કે, અશુભ વિચાર અને અશુભ ક્રિયાથી બચી શુભ વિચાર અને શુભ ક્રિયામા આગળ વધવુ ધર્મ માટે દુખ વેઠવુ, તપ તપવુ, પરોપકાર માટે ભૂખે મરવુ અને વૃત્તિઓને મારી-ઓછી કરી **ખોટા દંભ કરવાથી કાંઇ ફળ નથી** પરાર્થપર લક્ષ રાખી **જીવનને જેમ બને તેમ સ્વાર્પણશીલ બનાવવું.** ધર્મનાં ખરા તત્ત્વ શોધી તેના ચિંતન--મનન અને કથનમા મચવુ, તદનુસાર આચાર યોજવા

કોઈ પણ વસ્તુ--પુદ્ગળના ત્યાગ તે ' આભ્યંતર ત્યાગ ' ન હોય ત્યાં સુધી 'બાહ્યતપ' છે અને તેથી વિશેષ ગૂઢતાનુ કહેવામા લેખક અનેક પરમપુરુષોએ કહેલા વચનાનો ભાર પડતો પાડે છે

મુનિ નાગચંદ્ર (કચ્છ-વાંકી)

કેળવણી કેવી અપાય છે અને કેવી અપાવી જોઇએ?

પ્રો૦ **આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ** M. A. L. L. B ના તત્સંબંધી વિચારો.

દરેક યુગની જરૂરીયાતો જુદી હોય છે, અને તેથી આ નવીન યુગમા કેળવણીએ જે નવુ સ્વરૂપ લેવા માડ્યુ છે તે વિચારવા જેવુ છે આ નવુ સ્વરૂપ તે માત્ર રાજ્યાધિકારીઓની સત્તાનુ કે વિદ્વાનોના ઊહાપોહનુ જ પરિણામ નથી. દેશમા આજકાલ જે નવુ ચૈતન્ય આવ્યુ છે તે પણ કેળવણીના આ પરિવર્તમા એટલુ જ, બલ્કે વધારે કારણભૂત છે; દરેક પ્રજાના ઇતિહાસમા એવો સમય આવે છે કે જ્યારે કેળવણીનો પ્રશ્ન અન્ય પ્રશ્નો કરતા આગળ પડતો થાય છે સૉક્રેટિસે તત્ત્વજ્ઞાનના ઇતિહાસમા જે નવો યુગ દાખલ કર્યો તે કેળવણીના પ્રશ્નને અગે જ કર્યો હતો, અને આપણે ત્યા ઇતિહાસ અને પુરાણ રૂપી 'પાચમો વેદ' સ્થપાયો તે પણ પ્રજાજીવનના એક મહાન પરિવર્તન સાથે નિકટ સબધ ધરાવે છે

કેળવણીનો નવો યુગ

કેળવણી એ દરેક પ્રજાની જીવનભાવનાનુ દર્પણ છે, અને તેથી જેવી એની જીવનભાવના તેવી એની કેળવણી **જીવનમાં** જેમ ફેરફાર થાય, જેમ એ ઊડુ અને વિસ્તૃત થતુ જાય, તેમ **કેળવણીના સ્વરૂપમાં પણ** એ ઘટતો ફેરફાર **માગી લે** જ્યારે કોઇપણ પ્રજાના જીવનમા નવુ ચૈતન્ય આવી, અથવા તો અપૂર્વ અનુભવો થઈ, એ જીવન અસાધારણ નવીનતા પ્રાપ્ત કરે છે, ત્યારે એની કેળવણી જે અત્યાર સુધી પાછળ પડી ગએલી હોય છે ને નવા જીવન સાથે સુઘટિત (readjust) થવા જાય છે, **તે માટે જોઈતું રૂપાન્તર ગ્રહણ કરે છે. જીવન બદલાતાં પણ કેળવણી એની એ રહે તો એ જીવન આંધળુ સમજવું** અને જીવનના ફેરફાર સાથે કેળવણી પણ ફરે એ આત્મદર્શી-દેખતા જીવનની નિશાની છે છેલ્લા પાચ સાત વર્ષમા હિન્દુસ્થાને પાતુ

કેળવણી અને જીવનનો સબન્ધ.

કરતા એ કેળવણીની બાબતમા શાળાએ ઘણુ વધારે કરવાનુ છે. ક્લબો અને સોસાઈટીઓ સ્થાપવાની મનુષ્યની સ્વાભાવિક વૃત્તિનો લાભ લઈ, વિદ્યાર્થીઓ પાસે શાળાના અધિકારીઓ ઘણા ઉત્તમ કાર્યો કરાવી શકે એમ છે દુનીઆનુ જ્ઞાન પણ જેનાથી જેટલુ બને તેટલુ તે લઇ લે, તે કરતાં વિદ્યાર્થીઓમા એ જ્ઞાન પ્રસારવાની કેટલીક ખાસ યોજનાઓ થઇ શકે એમ છે ટૂકામા, કેળવણી પરત્વે અત્યાર સુધી શાળાને શિર ઘણી થોડી જવાબદારી રહેતી, તે આ નવા યુગમા વધારી લેવાની જરૂર છે

(૨) ગઇ સદીની કેળવણીની બીજી એક ખામી એ હતી કે શાળા અને પુસ્તકો એ જ કેળવણીનુ સાધન હતુ, અને પરીક્ષા એ જ એની કસોટી હતી વિદ્યાર્થીની આસપાસ કેળવણીનુ વાતાવરણ ઉત્પન્ન કરવુ એ આપણી નવી પદ્ધતિનુ લક્ષ્ય છે પશ્ચિમનો વિદ્યાર્થી અમુક વિદ્યાના ઓછા પુસ્તકો વાચ્યા છતા પશ્ચિમની વિદ્યામા હિન્દુસ્થાનના વિદ્યાર્થી કરતા આગળ પડે છે તેનુ કારણ એ વિદ્યાનુ વાતાવરણ છે આપણી પ્રાચીન કેળવણીમા આ વાતારણના તત્ત્વનો પણ લાભ લેવાતો, અને તે લેવા માટે ગુરુકુલ, કુલપતિના આશ્રમ, મહાત્માઓનો સગ વગેરે સસ્થાઓ હતી.

(૩) ગઇ સદીની કેળવણીમા ત્રીજી મ્હોટી ખામી મને એ લાગે છે કે એ કેળવણી બુદ્ધિપ્રધાનની હતી, મિલ અને બકલની ઉપાસનાની છાયા એ કેળવણી ઉપર પડેલી સ્પષ્ટ દીસી આવે છે હુ આથી એમ કહેવા માગતો નથી કે બુદ્ધિ સિવાયના બીજા તત્ત્વો કેળવાય એવુ એ કેળવણીમા કાઈ ન હતુ, અગર તો એ સમયના કેળવાએલા જનોમા બુદ્ધિ સિવાય અન્ય તત્વો ખીલ્યા ન હતા પણ બુદ્ધિની પાછળ—બુદ્ધિને પવિત્ર અને સમર્થ અને સાર્થક બનાવનાર જે નીતિ અને ધર્મના તત્વો મનુષ્ય આત્મામા રહેલા છે, એનુ મહત્ત્વ—મને લાગે છે કે—એ યુગમા જોઇએ તેવુ કળાયુ ન હતુ એનુ પરિણામ આપણે એ જોઇએ છીએ કે, સસારસુધારો અને

'વિનય' છે. 'શિક્ષણ' શબ્દ **शिक्ष्** ધાતુ ઉપરથી થયો છે. અને શિક્ષ્
ધાતુ એ મૂળ ધાતુ નથી, પણ **शक्** નુ રૂપ છે. અને એનો મૂળ અર્થ
શક્તિ આપવી એવો થાય છે 'વિનય' એ 'Education' માટે
એક બીજો ઘણો પ્રાચીન શબ્દ છે 'વિનય' એટલે એક અનુ-
વિશિષ્ટ ('वि') ગન્તવ્ય તરફ દોરવું ('नी') હવે એ ગન્તવ્ય અર્થાત-
પ્રયોજન-શુ હોવું ઘટે છે એ વિચારીએ. કેળવણીનુ એક સાદુ પ્રયો
જન એ દીસે છે કે શરીર-ઇંદ્રિયાદિકના સુખ પ્રાપ્ત કરવા, અને સગા
સબન્ધીઓનુ પોષણ કરી શકાય એવી સામાજિક સ્થિતિ મેળવવી
પણ જનસમાજ સાથે પોતાના સબન્ધનો અને એ સબન્ધમાથી
ઉત્પન્ન થતા કર્તવ્યનો વિચાર કરનાર માણસને આ હેતુ અસતો
ષકારક લાગ્યા વિના રહેશે નહિ. 'Citizen' એટલે કે નાગરિક યાને
પ્રજાજન તરીકે સઘળાં કર્તવ્ય કરતા શીખવુ એ કેળવણીનો વધુ
વિશાળ હેતુ છે. પણ વસ્તુત આ દૃષ્ટિ પણ 'State' યાને રાજ્ય
કરતા વધારે પ્રદેશ વ્યાપી શકતી નથી. અને તેથી એ દૃષ્ટિએ અપા
એલી કેળવણી પણ મનુષ્યના એકદેશી સ્વરૂપને જ કેળવવા સમર્થ
થાય છે. કારણ કે વાસ્તવિક રીતે મનુષ્યનુ સ્વરૂપ ગૃહ કે રાષ્ટ્રના
એક અંગ તરીકે ફરજ બજાવવામાં જ સમાપ્ત થતુ નથી. મનુષ્ય
ગૃહ કે રાષ્ટ્રનો જ વતની નથી-પણ બુદ્ધ ભગવાન જેને 'ધર્મચક્ર'
કહે છે અને મહાયાની બૌદ્ધો જેને 'ધર્મકાય'ને નામે ઓળખે છે
તેનો વતની, તેનુ અંગ છે અને તેથી મનુષ્યે મનુષ્યનુ સમગ્ર સ્વરૂપ
સમજવું અને આ લોક તેમજ પરલોક સાથે પોતાનો સબન્ધ સમજી
એને અંગે ઉત્પન્ન થતા વ્યવહાર અને પરમાર્થના સર્વ કૃત્યો સારી
રીતે બજાવી શકવા માટે સામર્થ્ય પ્રાપ્ત કરવુ-એ **કેળવણીનો**
મહાન ઉદ્દેશ છે. આ ઉદ્દેશનુ યથાર્થ ગ્રહણ કરી આ 'વિદ્યાર્થિ
ભવન'ની સસ્થાએ પોતાના વર્તન માટે જે સૂત્રો ઘડયા છે તેમા
'મનુષ્યત્વ'ની કેળવણીને યોગ્ય પદ આપ્યુ છે એ આ સસ્થાના
ભવિષ્ય માટે બહુ આશાજનક સ્થિતિ છે.

'મનુષ્ય' શબ્દ બેશક એક પવિત્ર શબ્દ છે **मन्** ધાતુ ઉપરથી
નીકળેલો આ શબ્દ એક જૂનો આર્ય શબ્દ હોઇ જગતની બીજી
પ્રજાઓ સાથે આપણને જોડે છે, એટલુ જ નહિ, પણ મનનશીલ
તાના અર્થદ્વારા અન્ય પ્રાણીઓ કરતા આપણી શ્રેષ્ઠતા સૂચવનાર

એમનો ઉપદેશ સાંભળવાને આખી નગરીના બ્રાહ્મણો જતા હતા તેમને જોઇ **સોણદંડે** કહ્યું ' ભાઇઓ, તમે ન જશો, મને જવા દો. ' બ્રાહ્મણોએ કહ્યું- " મહારાજ ! તમારા જેવા વિદ્વાને એ તસ્દી લેવી યોગ્ય નથી એમ કરવાથી તમારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે. " પણ **સોણદંડ** નમ્ર અને વિનયી હતો, અને ગૌતમ બુદ્ધનું માહાત્મ્ય જાણતો હતો, તેથી તેણે એમની યોગ્યતાની પ્રશંસા કરી અને કહ્યું કે " એ એવા મહાત્મા છે કે મારે જ એમની પાસે જવું જોઇએ " એમ કહી **સોણદંડ** તથા બીજા બ્રાહ્મણો ગૌતમ બુદ્ધ પાસે ગયા, અને ત્યાં ખરું બ્રાહ્મણત્વ શેમાં રહેલું છે એ વિષે ચર્ચા ચાલી—

ગૌતમ બુદ્ધે **સોણદંડ**ના મનનો પ્રશ્ન જાણી જઇને પૂછ્યું—

" **સોણદંડ** ! એવી કયી વસ્તુઓ છે કે જે હોય તો બ્રાહ્મણ ' હું બ્રાહ્મણ છું ' એમ યથાર્થ રીતે કહી શકે ? "

સોણદંડ–" ગૌતમ ! પાંચ વાના હોય તો બ્રાહ્મણ ' હું બ્રાહ્મણ છું ' એમ યથાર્થ રીતે કહી શકે—

(૧) એક તો એ માતા અને પિતા ઉભયવંશ—વિશુદ્ધ હોવો જોઇએ

(૨) એ ત્રણ વેદમાં અને એને લગતાં અન્ય શાસ્ત્રોમાં પારંગત હોવો જોઈએ

(૩) વળી એ સુન્દર, ગોરો, દીઠે પ્રિય લાગે એવો, અને ભવ્ય હોવો જોઇએ

(૪) શીલ—ચારિત્ર—વાન હોવો જોઇએ

(૫) પ્રજ્ઞાવાન (બુદ્ધિમાન) હોવો જોઇએ

બુદ્ધ ભગવાને પૂછ્યું " પણ **સોણદંડ** ! આ પાંચ-રૂપ, કુળ, શ્રુત, **શીલ** અને **પ્રજ્ઞા** એમાંનું કોઈ એક ન હોય તો ચાલે? "

સોણદંડ— હા, રૂપ ન હોય તો ચાલે બાકીના ચાર હોય તો બસ

બુદ્ધ— ' પણ એ ચારમાંનું કયું ન હોય તો ચાલે ' "

સોણદંડ—' શ્રુત (વિદ્યા) ન હોય તો ચાલે

બુદ્ધ — બાકીના ત્રણમાંનું એકાદ ન હોય તો ચાલે ' "

સોણદંડ —" હા કુળ ન હોય તો પણ ચાલે "

તંદુરસ્તી ત્યા જ રમ્યતા છે આ તદુરસ્તી પ્રાપ્ત કરવા માટે આપણા વિદ્યાર્થિભવનમા શારીરિક કેળવણી દાખલ કરી છે શારીરિક કેળવણી એટલે શરીરને માત્ર ગમે તેવી રીતે કસરત આપવી એટલુ જ નહિ, પણ ચિત્ત પ્રસન્ન રહે અને નૈતિક ગુણો કેળવાય એ જાતની યોગ્ય કાળે, યોગ્ય સ્થળે અને યોગ્ય માપમા કસરત કરવી, તથા કસરતી રમતો રમવી. વળી શારીરિક છૂટાપણું અને સ્વાશ્રમ એ પણ આમાં ખાસ લક્ષમા રાખવા જેવી બાબત છે ક્રિકેટમાં સો રન કરી શકે, પણ એક ટેબલ અહીંઆથી ઊપાડી ત્યાં મૂકવુ હોય તો નોકરને બોલાવે એ વિદ્યાર્થીઓને શારીરિક કેળવણીની ખરી સમજણ નથી

(૩) 'શ્રુત' યાને વિદ્યા એ બ્રાહ્મણનુ ત્રીજુ મ્હોટુ લક્ષણ છે અને એ વિદ્યામા 'લોકાયતવિદ્યા'–યાને પરિદૃશ્યમાન જગત સબધી વિવિધ 'Sciences' અર્થાત્ 'Nature-lore' નો પણ સમાવેશ કર્યો છે એ ધ્યાનમા રાખવા જેવું છે અમારે બ્રાહ્મણની વિદ્યા જપ, પાઠ, ઉથાપન, જનોઇ અને લગનના બાગ્યા તૂટ્યા મન્ત્રો ભણવામા સમાપ્ત થતી ન હતી, અને તેજ પ્રમાણે, આપણી હાલની શાળામાં પણ આપણે મા નિંગ,' 'પૅરાગ્રેફ્ઝ,' હિસ્ટીરીની ડેઇસ્સ અને ઇગ્નકર 'કાઉંટિઝ' ગોખાવવામા વિદ્યાર્થીઓનુ જીવન એળે ન જાત બાહ્ય જગત્ જોડે એમનો સાક્ષાત્ સબન્ધ કરી એની મહત્ત્વ સાયન્સના મત્યો જોતા સમજતાં અને શોધી કાઢતા શીખવા એ નવા યુગની મ્હોટી જરૂરિયાત છે

(૪) હવે એ શ્રુત જો **પ્રજ્ઞા** ઉપજાવે નહિ તો તે નિરર્થક શ્રુત એ બુદ્ધિ ઉપર બહારથી નાખેલો ખોરાક છે, પ્રજ્ઞા ખોરાકને પચાવી એમાથી નવા તત્ત્વો ઉત્પન્ન કરનાર બુદ્ધિ ઉત્પન્નશક્તિ છે શ્રુત અને પ્રજ્ઞા વચ્ચે આ ફેર બહુ ધ્યાન રાખવા જેવો છે અને શ્રુતમાથી પ્રજ્ઞા કેળવવા માટે, આપણ શાળાના શિક્ષણની અને પરીક્ષાની પદ્ધતિમા પુષ્કળ [illegible] થવા જરૂરનો છે વિદ્યાર્થીઓના મગજ તે સૂત જ્ઞાનના [illegible] જ્ઞાનો નથી, [illegible] કિમતી નાણાં [illegible] – [illegible] – [illegible] એ [illegible] કિમતી [illegible] [illegible] છે, [illegible] કલ્પટકના [illegible]

(૫) 'બ્રાહ્મણુ' ના ચાર લક્ષણો યાને કેળવણીના ચાર તત્વો ગણાવ્યા–હવે બ્રાહ્મણનુ પાંચમુ લક્ષણ–કેળવણીનુ પાંચમુ તત્વ તે સૌને શિખરે વિરાજતુ શીલ છે, અને એ શીલને અંગે કેટલા બધા ગુણો આવે છે એ આ વિદ્વત્સમાજને અને જે સજ્જનોના હાથમાં આ વિદ્યાર્થિભવનનુ તન્ત્ર છે તેમને સમજાવવું પડે એમ નથી તથાપિ એટલુ કહુ છુ કે શીલનુ ખ સ્વરૂપ અર્થશાસ્ત્રના કર્તા ચાણક્યના એક શબ્દમા આત્મવત્તા છે, અને એ જ (ચાણક્યના જ શબ્દમા) 'વિદ્યાનુ સામર્થ્ય' છે

ગુરુકુલ.

હવે આ જાતની સર્વાંગપૂર્ણ કેળવણી યોગ્ય રીતે આપવા માટે સામાન્ય શાળા બસ નથી પ્રથમ તો શાળા જ શી રીતે રીતે ઉત્પન્ન થઇ છે એ વિચારો। મનુષ્યના સ્વાભાવિક ગુરુ–માતા, પિતા, કુદરત અને જનસમાજ છે સંપૂર્ણ ફુરસદ વાળા માતાપિતા બાળકની કેળવણી હાથમા લઇ શકે, તો પણ ઘણી બાબતોમા એ કેળવણી અપૂર્ણ રહે એ ખુલ્લુ છે. પણ સામાન્ય રીતે માબાપને કુટુમ્બના જીવનનિર્વાહ માટે જે વ્યવસાય કરવો પડે છે તેને લીધે બાળકની કેળવણી તેઓ બિલકુલ હાથ ધરી શકતા નથી; અને સુધરેલા જનમંડળમા જેમ દરેક ધન્ધા માટે ખાસ કુશળ જનોની જરૂર હોય છે, તેમ કેળવણીનુ કામ પણ એ વિષયમાં ખાસ કુશળતા પ્રાપ્ત કરેલા જનો જ કરી શકે છે આ રીતે માતાપિતાને સ્થાને, અગર તે ઉપરાંત, શાળાના ગુરૂની જરૂર ઉત્પન્ન થાય છે

હવે જે કુદરતને ગુરુ કહી–તે પણ એટલી વિશાળ અને છૂટક છૂટક પથરાએલી છે કે એને વિદ્યાર્થીની નજર આગળ લાવવા માટે લૅબોરેટરિ જેવાં કૃત્રિમ વિજ્ઞાનગૃહો સ્થાપ્યા સિવાય ચાલતું નથી–એ ગૃહોમા વિદ્યાર્થી, કુદરતની સાથે સમ્બન્ધમા આવી, કુદરતને પ્રયોગ દ્વારા પ્રશ્નો પૂછી, ઉત્તર મેળવી શકે છે જનસમાજ એ મનુષ્યનો ચોથો મ્હોટો ગુરુ છે–પણ મ્હોટી ઉમ્મરે એના સમ્બન્ધમાં આવી, મનુષ્ય નીતિ અને વ્યવહારની ભૂલો કરે, અને તેના ભયંકર પરિણામો નિવારવાનો એને ફરી મનુષ્યજીન્દગીમા અવકાશ પણ ન રહે, તે માટે એને પહેલેથી જનસમાજના એક ન્હાના સ્વરૂપ સાથે પરિચય કરાવવો છે–અને એ ન્હાનું સ્વરૂપ તે શાળાના વિદ્યાર્થી બન્ધુઓ જે

પર્યૂષણમાં શું કરશો ?

બાહ ! પર્યુષણમાં શું કરશો ?

હમને લાખો લાખો વાતો યાદ નહિ રહે, તો ટુંકમાં જ એ બોલ કહી દઉં એ કેવું ?

સાંભળો ત્યારે, **ભગવાને ચાર** કર્તવ્ય બતાવ્યાં છે: દાન, શીલ, તપ અને ભાવના.

દાન દરેક માણસે પોતાની શક્તિના પ્રમાણમાં દાન કરો. પૈસાથી દાન કરો, શારીરિક શ્રમના રૂપમાં દાન કરો, સારા કામને આશ્રય આપવાની બીજાઓને ભલામણ કરવા રૂપે દાન કરો. જૈન ટ્રેનીંગ કૉલેજ, **વિદ્યોત્તેજક** ફંડ, **બોર્ડીંગ** હાઉસ, કૉન્ફરન્સનું **ચાર આના** ફંડ, એ વગેરે હયાત ખાતાઓને યથાશક્તિ દાન કરો. ત્હમારા ધર્મ અને સંઘની ઉન્નતિ માટે **શુદ્ધ હૃદયથી** લખાતા ઉત્તમ લખાણો (માસિક, પુસ્તક કે પેપરના રૂપમાં) જ્યાં જુઓ ત્યાં મદદ કરો, આખા હિંદમાંના ત્હમારા ચતુર્વિધ સંઘનો સર્વથા ઉદય કરવા માટે 'મહાવીર મિશન' ની જે યોજના ગયા અંકમાં પ્રગટ કરવામાં આવી છે તે ખાતે સારી રકમ આપવાનો મનમાં જ નિશ્ચય કરી ખાનગી પત્ર દ્વારા ખબર આપો (રકમ મોકલતા ના).

શીલ સમ્પૂર્ણ પાળો. આઠ દિવસ **અખંડ** બ્રહ્મચર્ય પાળો. અસત્ય વચન, નિંદા, કલેશ, ઈર્ષા, દગો, ચાડી, જડભાવમાં પ્રવૃત્તિ એ સર્વ શીલભંગના કાર્યોથી દૂર રહો. શીલ અથવા સચ્ચારિત્રનો મહાવરો પાડવાની તક તરીકે આ આઠ દિવસને ઉપયોગમાં લ્યો.

તપ–તપ તો ઉપરના બન્ને કાર્યથી મુશ્કેલ છે, દાન અને શીલના બન્ને મહાવરા **વગર** શુદ્ધ તપ બની શકેજ નહિ, કારણ કે તે, તે બન્નેથી **આગળનું** પગથીયું છે. બાહ્ય તપ એટલે એકાસણા, ઉપવાસ વગેરે જે કરો તે **ભાવપૂર્વક** કરજો અને **કષાયરહિતપણે** પાળજો. આવો તપ 'અભ્યંતર તપ' ના **પગથીઆ** અને **સાધન** રૂપે છે, એમ બરાબર **યાદ રાખી** 'અભ્યંતર તપ' મ્હને ક્યારે પ્રાપ્ત થાય એવી ભાવના ભાવજો. શક્તિ ઉપરાંત કે કલેશ થાય એવા 'તપ' [illegible]ગો નહિ. તપ નિમિત્તે ધામધુમો અને ફુલણશીના ખર્ચો કરી [illegible]

તથાપિ, એ જંજાળ તરફ પોતાનું લક્ષ ઘણું જ થોડું હતું. જ્ઞાન વધારવાનો પ્રયાસ, હવે સ્વતંત્ર બનતાં, અગાઉ કરતાં એવડા ખંતથી આગળ લંબાવ્યો, અને કાયદાનો તથા વૈદકનો અભ્યાસ ઘેર બેઠાં કર્યો અને તે જ વખતથી ગરીબોની દવા વગર ફીએ કરવાનું પણ શરૂ કરી દીધું. તે વખતના ડીસ્ટ્રીક્ટ ડેપ્યુટી કલેક્ટર ખા. બ. એદલજી ડોસાભાઈ સાહેબે હેમની મુલાકાતથી ખુશ થઈ હેમના કાયદા સંબંધી જ્ઞાનની તારીફ કરવા સાથે વકીલાત કરવાનું સર્ટિફીકેટ લખી આપ્યું.

પરન્તુ વ્યાપાર, વકીલાત કે વૈદકીય કામ ઉપર હેમનું લક્ષ વધારે વાર ટકી શક્યું નહિ. સાહિત્ય દેવીએ હવે હેમના ઉપર પોતાની સત્તા ચલાવવા ધાર્યું. એક બ્રાહ્મણના મુખથી 'રુકિમણી હરણ'નો સલોકો સાંભળવામાં આવતાં મરહુમને એ રસ્તે ઉદ્યમ કરવાનો એટલો શોખ લાગી આવ્યો કે થોડા જ દિવસોમાં પિંગળ શીખીને 'ઓખાહરણનો સલોકો' રચ્યો, કે જે આજ પણ આસપાસના ગામોના ઘણા લોકો કંઠાગ્ર કરવામાં આનંદ માને છે. સંવત ૧૮૭૯માં રચાયલું આ ન્હાનું પણ અસરકારક કાવ્ય એ, સરસ્વતી માતાના ચરણારવીંદમાં અર્પણ કરાયલું હેમનું પહેલું જ પુષ્પ હતું. ત્યારપછી નેમવિવાહ, રુકિમણી હરણ, લીલહમીરની વાર્તા વગેરે લખ્યું પણ એવા ઓછા ગંભીર વિષયો ઉપરથી હેમનું 'કાંઈક નવું શોધવાની ઇચ્છાવાળું' મન જલદીથી ઉઠી ગયું અને ભાષાની સેવા બજાવવા નિમિત્તે એક કોષ લખવા માંડ્યો. વૈદક, કાયદા, જૈનધર્મ અને ગુર્જર સાહિત્યના પુસ્તકોનો પરિચય થયેલો હોવાથી તથા ખેડૂતો સાથે દરરોજ કામ પડતું હોવાથી હેમને જણાયું કે, કવિ નર્મદાશંકરના કોષમાં ઘણા શબ્દો લખાવા રહી ગયા છે, અને તેમણે તે ખોટ પુરવા પ્રયાસ આરંભ્યો. ફુરસદ ઘણીજ થોડી મળતી કારણ કે જંજાળ વધારે હતી તથાપિ કામના વખત વચ્ચે જરાક પણ થોડી મીનીટનો અવકાશ મળતો ત્યારે પોતાને યાદ આવતા શબ્દો કાગળ પર નોંધી લેતા કે ખડી અગર કોલસાના કડકાથી દીવાલ પર લખી પછીથી નોટમાં ઉતારી લેતા. લગભગ ૮ વર્ષના ફુરસદના વખતના પરિણામ તરીકે 'ગુજરાતી શબ્દાર્થ કોષ' સન ૧૮૮૮ માં બહાર પડ્યો અને સરકારી તેમજ ગાયકવાડી કેળવણી ખાતાની બુક-કમીટીએ તે મંજુર કરવાથી ૧૮૮૯ માં હેની બીજી આવૃત્તિ બહાર પડી.

ધર્મ સબધી જ્ઞાનનો શોખ હેમને પહેલ પ્રથમ લગાડનાર પ્રતાપી મહાત્મા **હીરાચદ્રજી** હતા હેમના જેવા તેજસ્વી, ભવ્ય ચહેરાવાળા, ક્રિયાપાત્ર અને જ્ઞાનરસિક સાધુઓ આજના **સ્થાન-**કવાશી **જન** વર્ગમાં જવલ્લે જેવામા આવશે એ મહાત્માએ પોતાનો મધળો ભડાર મરહુમને બતાવ્યો હતો, અને હેમની પાસે બેસી શાસ્ત્રો વાચવા, વિચારવા, શાસ્ત્રોની નકલો કરવા અને ચર્ચા કરવામા જ હેમનો ઘણોખરો વખત જતો મરહુમના હસ્તાક્ષર હેમના નામ પ્રમાણે ‘મોતીના દાણા’ જેવા જ હતા અને શાસ્ત્રોની નકલ કરવામા હેમના જેવી શુદ્ધતા જાળવનારા લહીઆ આજે થોડા જ હશે

વિદ્યાવિલાસી ગુણને લીધે મરહુમે જે જે જૂદી જૂદી જાતનો અભ્યાસ કર્યો હતો તે હેમને આગળ જતા ઘણો ઉપકારી થઇ પડયો હતો, કારણ કે, **વિસલપુરની** નજીકમા વ્હેતી **સાબરમતી** નદીમાં જબરૂ પુર આવવાથી આસપાસના ઘણા ગામો સાથે આ ગામ પણ પાયમાલ થઇ ગયુ અને તેથી મરહુમની જમીન, મિલ્કત, ઉઘરાણી વગેરે સર્વ પ્રલયનો ભોગ થઇ પડયુ ત્યહારે, અગાઉ શોખ ખાતર મેળવેલુ જ્ઞાન હેમને કુટુબપોષણના સાધન તરીકે ઘણું ઉપયોગી થઈ પડયુ **વિસલપુરથી** એક માઇલ દૂર આવેલા **કાસદ્રા** ગામમાં મ્યુનીસીપાલીટી નવી સ્થાપન થતા ખા૦ બ૦ **બમનજી એદલજી મોદી** સાહેબના આગ્રહથી હેમણે મ્યુનિસીપલ સેક્રેટરી તરીકેની જગા સ્વીકારી (સને ૧૮૯૧) અને પોતાના કામથી ઉપરીઓને એટલો બધો સતોષ આપ્યો કે, ખા૦ બ૦ **મોદી** સાહેબે તથા રા૦ બ૦ **મોતીલાલ ચુનીલાલ** સાહેબે હેમની કાર્યદક્ષતા અને પ્રમાણિકપણા માટે પ્રશસાપત્રો લખી મોકલ્યા અને સારા પગારથી બીજી મ્હોટા શહેરની મ્યુનીસીપાલીટીમા સેક્રેટરી તરીકે નીમણુક કરી; પરન્તુ કુટુબી જનોએ હેમને બહારગામ જવા પરવાનગી આપી નહિ થોડો વખત પછી ‘**સદુપદેશમાળા**’ નામક નીતિવર્ધક પુસ્તક હેમણે બહાર પાડયુ, જેમાની સભવિત, ઉપદેશી અને તે સાથે જ રસીલી વાર્તાઓએ એમને માટે ઘણા વિચારકોમા માનની લાગણી ઉત્પન્ન કરી ‘ગુજરાતી ગ્રથકારો અને ગ્રથો’ નામના સાહિત્ય ગ્રથમાં મરહુમ વૈદશાસ્ત્રી **મણિશકર ગોવિદજી** લખે છે કે “શ્રી મોતીલાલના પુસ્તકો સ્વતત્ર અને પ્રસાદ ગુણવાળા છે”

આ લખનારના ૬ ન્હાના ભાઇઓ પૈકી ૨ તો મરહુમની હયાતીમાં જ ગુજરી ગયા હતા. સૌથી મ્હોટા પુત્ર—આ લખનાર પોતાના મોસાળ વિરમગામમાં જ જન્મ પામી ઘણું ભાગે ત્હાં જ રહેતો હતો, માત્ર ગુજરાતી અભ્યાસ માટે થોડાં વર્ષ મરહુમ સાથે રહ્યો હતો. ગુજરાતી છઠ્ઠું ધોરણ વિરમગામમાં જ પસાર કર્યા બાદ અંગ્રેજી પાંચ ધોરણનો અભ્યાસ પણ ત્હાં જ કરવામાં આવ્યો હતો, આગળ અભ્યાસ માટે અમદાવાદ રહેવા સિવાય છૂટકો જ ન હતો, કારણ કે વિરમગામમાં માત્ર પાંચ જ ધોરણ શિખવાતાં હતાં. સુમારે ૧૪ વર્ષની ઉમરે તે એકલો અમદાવાદ આવી રહ્યો અને 'ખાનગી ટયુશનો' માંથી કરાતી આમદાનીવડે પોતાનું ગુજરાન ચલાવી અભ્યાસ આગળ વધારતો. ન્યૂ ઇંગ્લીશ સ્કુલ તે વખતે પૂર્ણ જાહોજલાલીમાં હતી, ત્હેના મુખ્ય શિક્ષક તથા ક્લાસ શિક્ષકની આ લખનાર ઉપર એટલી કૃપાદૃષ્ટિ હતી કે તે જોઇ ઘણા છઠ્ઠા અને સાતમા ધોરણના વિદ્યાર્થીઓ પણ ત્હેની પાસે શિખવા આવતા. આ પ્રમાણે ત્હેની માસિક આમદાની વધતાં તેણે પોતાના માતાપિતા તથા બન્ધુઓને ત્હેમની મૂળ ભૂમિમાં પુનઃ આવી વસવા બોલાવ્યા ત્યારથી આ કુટુંબ અમદાવાદમાં જ રહે છે.

અમદાવાદમાં આવ્યા પછી મરહુમે "પ્રાણીહિંસા અને પ્રાણી ખોરાક નિષેધક" નામનું પુસ્તક લખવા માટે જૂદા જૂદા ધર્મોના ગ્રંથો અને પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ કરવા માંડયો અને અનેક દૃષ્ટિબિંદુથી એ વિષય ચર્ચીને ઉપરનું પુસ્તક બહાર પાડયું. તે વખતે એ વિષય ઉપર ગુજરાતી ભાષામાં એવું સરસ પુસ્તક એક પણ છપાયલું ન હતું. આ પુસ્તક વાંચીને ઘણાએક પારસી તથા મુસલમાન ભાઇઓએ માંસાહાર છોડવા બાબતના પત્રો ત્હેમને મળ્યા હતા. આ પુસ્તકની પણ બે આવૃત્તિઓ થઇ ગઇ છે. મરહુમે પોતાની મૃત્યુશય્યાપરથી ફરમાવ્યું હતું કે, આ પુસ્તકની ૧૦૦ પ્રતો જે મગાવે ત્હેને વિના મૂલ્યે મોકલવી.

એ પ્રસંગે અમદાવાદમાં છોટાલાલજી ખંભાત સંપ્રદાયના ઉત્સાહી મુનિશ્રી છગનલાલજી સ્વામી કાલના સ્થાનકવાસી જૈનોની સંકુચિત મતિ અને અધેર ... ... બળાપો કરતા હતા, એ સાંભળી આ ... તેજ ... એક માસિક પત્ર શરૂ કરી તે દ્વારા જૈનસમના ... વિચારોનો પ્રચાર કરવા મરહુમની મંજુરી માગી પત્ર

આર્ટ્સ કૉલેજમાં વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા સાથે જાહેર જીદગી-મા પડવા દેવામા મરહુમને વાંધા જેવું લાગ્યુ અને તે કારણથી એવું માસિક તે જ માસમા પોતાના નામથી શરૂ કર્યું આ લખનાર ત્હેમા 'સ્થાનક સ્પૅકટેટર'ના તખલ્લુસથી નીતિ અને કેળવણી વિષયક લેખો લખતો, અને મર્હુમ પોતે શાસ્ત્રીય લેખો લખતા (સને ૧૮૯૯) માસિક જો કે ઘણુ શાન્ત શૈલીથી ચલાવવામા આવતું, તોપણ કેટલાક સાધુઓએ ત્હેના સામે લોકોને ઉશ્કેરી મૂકવામા કચાશ રાખી ન હતી મળે વાચનના શોખ વગરના, અને ધર્મ નિમિત્તે બદામ પણ ખર્ચવાના રીવાજ વગરના સ્થાનકવાસી જૈન વર્ગમા આ માસિકને પગભર થતાં ૧૦ વર્ષ જેટલો વખત લાગ્યો હતો દશે વર્ષે ત્હેને ૭૦૦ ગ્રાહકો (લવાજમ ભરનાર) મળી શક્યા, તે ઉપરાત દર અકની ૧૦૦-૧૫૦ પ્રતો મુનિઓ, લાઇબ્રેરીઓ વગેરેને મફત મોકલવામા આવતી ૨ ગુનથી પાછા ફર્યા બાદ આ લખનારે માસિક સ્વતત્ર રીતે પોતાનાજ હાથમા લઇ ચલાવવા માડ્યુ અને થોડા વખતમા એક હિંદી ભાષાના પાક્ષિક તથા એક હિંદી—ગુજરાતી અઠવાડીક પત્રને જન્મ આપ્યો

માસિક સબધી સઘળી ઝડાકુટમાથી મુક્ત થયા બાદ મરહુમે જૈન સૂત્રોનાં સરળ ભાષાતર સક્ષેપમા લખવા તરફ અને જૈન કોષ તૈયાર કરવા તરફ લક્ષ આપ્યુ પરિણામે શ્રી જ્ઞાતા સૂત્ર, વિપાક સૂત્ર, નિરાવલિકા સૂત્ર વગેરે ૭ સૂત્રોનુ ભાષાતર બહાર પાડ્યુ બારવ્રત, શ્રાવકની આલોયણા વગેરે ન્હાના ન્હાના પુસ્તકો લખી ત્હેની પાચપાચ-દશદશ હજાર પ્રતોનો પ્રચાર કર્યો; અને જૂની ગુજરાતી ભાષાની મેવા તરીકે, ૧૬૧૭ મા રચાયલા 'રામ-રાસ' નામના કાવ્યનુ સશોધન કરી બહાર પાડ્યુ (કે જે ગાયકવાડી કેળવણી ખાતાએ ઇનામ-લાઇબ્રેરી માટે મજુર કર્યું છે)

સૌથી વધારે મહેનત મરહુમે કોઈ પુસ્તક પાછળ લીધી હોય તો તે 'જૈન કોષ' પાછળ જ વર્ષોની મહેનતે તૈયાર કરેલુ આ અતિઉપયોગી પુસ્તક સમસ્ત જૈન વર્ગમાં એમણે એકલાએ જ રચ્યુ છે પરન્તુ ત્હેને છપાવવામા ઘણુ ખર્ચ થાય તેમ હોવાથી તથા આજકાલ વાર્તાના પુસ્તકો સિવાય બીજા પુસ્તકોનો ઉઠાવ મુસ્કેલીએ થતો હોવાથી એમણે તે પુસ્તક બહાર પાડ્યું નથી અગાઉથી કેટલા ગ્રાહકો મળી શકશે એ જોવા માટે એકવાર

મરહુમે પોતાની પાછળ પાંચ પુત્રો (અને બે પૌત્રો) મૂક્યા છે, આ લખનાર હાલ મુંબઈ ખાતે મીલ-જીનને લગતો સામાન વિલાયતથી મગાવી વેચવાનુ કામ કરે છે, ત્હેનો ન્હાનો ભાઈ પોપટલાલ બુકસેલરનો ધંધો કરે છે અને શકરાભાઇ ટૅકનોલૉજીકલ સ્પીનર છે. બુલાખી તથા ચદુ અંગ્રેજી અભ્યાસ કરે છે.

આ ટુંક જીવનરેખા લખનાર આ પ્રસગે પોતાનાં સ્વર્ગસ્થ દાદી તથા માતુશ્રીના પવિત્ર સ્મરણને જતું કરી શકે તેમ નથી તે બે પરોપકારી મૂર્તિઓ ! દુશ્મનને પણ આશિર્વાદ વર્ષાવનારી-પારકા માટે મરી પડનારી-સરળ નિષ્કપટી મહેનતુ દેવીઓ ! કયા શબ્દોમા એમના ગુણો અને ઉપકારો આ ક્ષુદ્ર લેખક વર્ણવી શકે ? જાહોજલાલીના દિવસો વીતી ગયા બાદ, લેશ માત્ર બડબડાટ કર્યાસિવાય દરેક સ્થિતિને અનુકૂલ થઇ જઇ સતુષ્ટ રહેવાની કળા અને પ્રથમ જેવોજ ઉદાર ભાવ જાળવી રાખવાની કળા ખરેખર એમની જ હતી આજે સેકડો સ્ત્રીપુરૂષો એમના નામને તારીફ સાથે યાદ કરે છે. હા—માત્ર નામ જ યાદ કરવાનુ હવે રહ્યુ છે, તે માતા, તે દાદી, તે પિતા, તે વિદ્યા-લક્ષ્મી અને દયા માતાઓના નિવાસસ્થાન,—સર્વ ચાલ્યુ ગયુ છે. હવે તો ત્હેમના સ્મરણ માત્રથી સતોષ લેવાનુ અને ત્હેમની અત વખતની આજ્ઞાઓનુ પાલન કરવાની શક્તિ યાચવાનુ રહ્યુ છે

મર્હુમની છેવટની ઇચ્છા એ હતી કે, 'જૈનહિતેચ્છુ' માસિક પત્ર ચાલુ રાખવું અને 'મહાવીર-મિશન' ની જે યોજના આ પત્રના ગયા અકમા પ્રસિદ્ધ કરવામા આવી છે ત્હેને અમલમા મૂકવા બનતુ કરવું પહેલી આજ્ઞા અમલમા મુકાયલી આજના અકપરથી જ સમજાશે બીજી આજ્ઞાના સબધમા ઘટીત પ્રયાસ ચાલુ છે.

'મુંબઇ સમાચાર, 'સાંજવર્તમાન,' 'ટાઇમ્સ ઑફ ઇંડિયા,' 'બૉમ્બે ક્રૉનીકલ,' 'જૈન,'* 'દિગબર જૈન,' 'શ્વેતામ્બર કૉન્ફરન્સ

---

* ભાઇબિધ 'જૈન' મરહુમના સ્વર્ગવાસની લાંબી નોધ લખતા જણાવે છે કે "એમનુ માસિક અતપર્યત પ્રથમ પંક્તિનું હતું તેઓ સાહિત્યપોષક ગૃહસ્થ હતા કોઇ પણ જાતની ખટપટથી અલગ રહેતા વિદ્વાન છતા કોઇ પણ જાતનુ પાડિત્ય બતાવ્યા સિવાય પોતાનુ કામ એક માર્ગે કર્યા કરતા હતા કોઇની ઇર્ષા કર્યા વગર સાધુજીવન ગાળતા હતા તેમના વડા પુત્ર ભાઇ વાડીલાલ ઢુઢીઆ કોમના એક માર્ટીન લ્યુથર છે એમ અમે કહીશુ તો તેમાં અતિ-

હેરલ્ડ' વગેરે સામયિક પત્રોએ મરહુમના સ્વર્ગવાસની નોંધ લાગણી ભર્યા શબ્દોમાં લઇને ત્હેમના ઉપયોગી જીવનની કદર કરી છે. તેમજ હિંદના જૂદા જૂદા ભાગોમાંથી જૈન મુનિઓ, વિદ્વાનો, સભાઓ અને વ્યાપારીઓએ ખેદ અને દીલસોજી સૂચક સંખ્યાબંધ તારો અને પત્રો લખ્યા છે આ સઘળા ન્યુસપેપરો અને દીલાસાપત્રોને પર્યુષણના આ ખાસ અંકમાં જગા આપવી એ ઠીક ન ગણાય એમ સમજી હાલ તો માત્ર તે પ્રેમી લેખકોનો આભાર માનીને જ વિરમાય છે હવે પછી, કેટલાક મહાશયોની સૂચનાને માન આપીને, મર્હુમની યાદગીરીના એક ખાસ અંક કહાડવાની ઇચ્છા છે, જે ઇચ્છા પ્રભુકૃપાએ બર આવશે તો ત્હેમાં ઉપર જણાવેલા લેખો અને પત્રો પ્રગટ કરવામાં આવશે

શયોક્તિ નથી જૈન કોમ અભાગ્યે દમનશીબે વિચારમાં અને વર્તનમાં ઘણી પાછળ છે, વળી તે ઘણી કુસંપીવાળી હોવા સાથે બીજાના વિચાર પ્રમાણે મ્હોટા ભાગે ચાલતી હોવાથી આવા પુરૂષોની પ્રશંસા થવાનો વખત હજી ઘણો દૂર છે, પણ અમને ખાત્રી છે કે દુંઢીઆના ઇતિહાસમાં તેમનું નામ હમેશા ઉત્તમ પંક્તિના સુધારક અને વિદ્વાન લેખક તરીકે લખાશે. **અમારા ઢુંઢીઆ ભાઈઓ આ મર્હુમની કદર કેવી જાણે છે તે જોવાનું છે.** પણ અમોએ તો તેમના મરણથી અમારો એક મુરબ્બી, મિત્ર, સલાહકાર અને શુભેચ્છક ગુમાવ્યો છે. તેમના મરણથી અમે અત્યંત દીલગીર છીએ અને ભાઇ વાડીલાલને એટલીજ ભલામણ કરીશું કે તેમનું કામ ગમે તેટલા નુકસાને પણ તેમણે આગળ ચલાવવું સારા કામની કિમત પછીજ અંકાય છે એ જ શ્વે૦ મૂર્તિપૂજક વર્ગની કૉન્ફરન્સના મુખપત્ર 'હેરલ્ડે' તેમજ દિગંબર જૈન પત્રોએ અને ગુજરાતી, ટાઇમ્સ વગેરે પેપરોએ પણ એવાજ સારા વિચારો દર્શાવ્યા છે સંખ્યાબંધ સાધુમુનિઓ અને શ્રાવકોએ મરહુમના સ્મરણાર્થે કાંઈ જાહેર ઉપયોગી કાર્ય ફંડ ખોલવા જૈનોને સૂચના કરતા પત્રો લખ્યા છે આ છેલ્લી સૂચના બાબતમાં મરહુમના પુત્ર તરીકે આ લખનાર મૌન ભજવું ઉચિત સમજે છે

થા૦ જૈન સંઘના કિંમતી મોતીનો લય.

લખનારઃ—રા. વાવાભાઇ મકનજી ગોડા-ગોંડળ.

કથન સૂણતા ક્લેષકર, હૃદય થયુ બેહાલ,
ક્રૂર કાળની ઝપટમા, આવ્યો મોતીલાલ

મનહર

આહા ! નરરતનનુ પતન સુણીને કર્ણ,
દીલે દુ:ખભરી દીલગીરી ઉભરાય છે,
ગયો અદ્દભૂત કૃત્ય કરનારો **વીર**-સૂત,
હરાયો હીરો અમારો, જીવ અકળાય છે,
અતિ ઉપકારી, હિતકારી, ચિત્તહારી, જતા,
મહા શોકસાગરમા મનડુ મુઝાય છે,
અરે અફસોસ ઉરે આજ છે અધિક યોગી !
હા, હા ! ઝગમગ મોતી-જ્યોતી ઓલવાય છે.

પરાક્રમી પુત્ર ને પવિત્ર ધરસૂત્ર, મિત્ર,
પર્મ ગર્ભશ્રીમતાઈ, પુન્યની કમાઈ છે,
સુદર સ્વભાવ સાથે, પુરણ પ્રભાવ વળી,
દીલ દરીઆવ જેની ઉચી અમીરાઇ છે;
સતત પ્રયાસશીલ, વિદ્યાનો વિલાસી ધીર,
પ્રસન્ન વદનચદ્રે, ગાઢી ગભીરાઇ છે,
અરે અફસોસ ઉરે આજ છે અધિક યોગી,
હા, હા ! ઝગમગ મોતી-જ્યોતી ઓલવાઇ છે

હતા ભરનીંદ ને અઘોર અધકાર માહી,
ત્યારે 'જૈનહિતેચ્છુ'ની પ્રભા પથરાઇ છે,
બ્યૂગલ બજાવીને ગજાવી દેશ હિંમતથી,
ઉન્નતિ કરાવી કહો કેવી મરદાઇ છે !
ગુર્જરી ભાષાનો અને રચ્યો માગધીનો કોષ,
કર્ત્તવ્યપરાયણની ચારૂ ચતુરાઇ છે !
અરે અફસોસ ઉરે આજ છે અધિક યોગી
હા, હા ! ઝગમગ મોતી-જ્યોતી ઓલવાઈ છે

નીતિ-જૈનતત્વ કેરા ગરવા ગુંથેલા ગ્રંથ,
જોઈ મોતી-કાવ્ય કહું અચ્છો કવિરાય છે.
શાસનરમીકે સૂત્ર તણાં કીધ ભાષાન્તર,
સાક્ષરોમાં યશોગાન ગુણીના ગવાય છે
વ્યવહારકુશળ ભવ્ય સમાજભૂષણ ભાઇ,
એવા ગુણી કેરા ગુણ ગણ્યા શું ગણાય છે?
અરે અફસોસ ઉરે આજ છે અધિક ચોગી,
હા, હા! ઝગમગ મોતી જ્યોતી ઓલવાય છે

ખરે છે આ શોક સ્વાર્થ થકી જન સબંધીનો,
કહો ઋણ ચૂકવવા આજ કોણ ધાય છે?
કરીને 'સ્મારક ફંડ, કરો ચીરસ્થાયી નામ,
કૃતજ્ઞપણાનો હા, હા, એજ સુ-ઉપાય છે,
'આત્મશાન્તિ પામો!" એવી ભાવના કરીને વળી
"ચીરસ્થાયી રહો એના કામ જે સોહાય છે!"
અરે અફસોસ ઉરે આજ છે ભાવાને પુરો,
હા, હા! ઝગમગ મોતી-જ્યોતી ઓલવાય છે

नवा देवताने नवी अरज.

લખનાર—રા. વછરાજ પોપટભાઇ દલાલ-મેંદુનબારા

મનહર

હાય અફસોસ હૈયે જૈનતણો અતિ ધોંગે,
તજી સંઘ, તજી કાર્ય સ્વર્ગમાં સીધાવ્યો છે.
શોકના સાગરમાંહી ડૂબ્યા છે તમામ જૈન,
કામનો હતો જે આંહી દેવતાને ભાવ્યો છે

સાહિત્યે, છાપાએ, પ્હેલો, પ્હેલો પર ઉપકારે,
તારીખ પ્હેલીએ માસ અગસ્ટે સીધાવ્યો છે.
જ્ઞાન-ધ્યાન-ઉન્નતિનો લગાડી બધાને સ્વાદ,
તાળી આપી, મુક્તિની અભિલાએ ધાયો છે

મોતી ! આવો નમેરો ન ક્રુર સ્વારથી તું હતો,
કહે, તાત ! સઘભક્તિ છોડી કેમ ચાલ્યો છે ?
મહેનત, મજુરી, ગરીબાઇ, શીર દુશ્મનાઇ,
ભીકારી સતોષે છતા, દેવવાસ વ્હાલો છે ?

ઘટે ના સમાજ-સેવકોને સુખ-લોલુપતા,
મોતી ! ના ઘટે તને એ આળસુનો નાયજો,
દેવ ભુવનોથી રિદ્ધિ લાવી સ્થૂલ ભૂવનમા,
કરજે ઉદ્ધાર સઘ, ધર્મ ને સ્વધર્મીનો

પેસી શેઠ સાધુ અને પડીતોના હૃદયોમા,
તારી શુદ્ધ સેવા-બુદ્ધિ પ્રેરજે ઉમગથી
અધુરૂ મીશન તારૂ પુત્ર તારા પુરૂં કરે,
સાધનો ને સ્હાય શૌર્ય દેજે ઉછરગથી

સમાચાર, મિશન, હિતેચ્છુ અને વિદ્યા-ફડ,
સાધુપરિષદો, શાસ્ત્ર સારને નિભાવજે,
સભા, કૉન્ફરન્સ અને સુધારકોને જગાડી,
દીર્ઘ દૃષ્ટિ, પ્રેમ અને શૌર્ય તુ અપાવજે

અહી તે ન ઇચ્છયુ માન, રાખ્યુ સેવાતણુ ભાન;
સ્વારથીથી 'સ્મારક' સરીખુ નવ થાવુ છે !
તથાપિ છે તારો ધર્મ, મુગા મુંગા કરી કર્મ—
આકાશે રહીને અહીં સેવા કર્યે જાવુ છે

એક તરવારની ન્હાની કથા.*

લખનાર —પુષ્પ

એક તરવાર હતી, ચળકતી, ધારવાળી, સૂરીલી તરવાર હતી, સુદર, મનોહર, પુરાણા બાગની રક્ષા કરવા માટે એક તરવાર હતી એ બાગ લાખોનુ આરામ સ્થળ હતુ, એ તરવાર તેમની 'સવિતા' હતી

* આ લેખ પદ્ય (કવિતા)રૂપે નથી, પણ ગદ્ય છે એમાના કાવ્યમય વિચારો પરથી કોઇ કવિ સ્વતત્ર કાવ્ય યોજી શકશે

બાગની **બહારથી** રાક્ષસોના ગોળા છૂટતા, **અંદરથી** છૂપા શત્રુઓના બૉમ્બ ફુટતા.

એ તરવાર તે બન્નેથી આરામ સ્થળનું રક્ષણ કરતી,
અને તેથી તે લાખોની માનીતી–પ્રેમપાત્ર હતી.

હતી–હા, **હતી**, કારણકે દિવસો વહેવા લાગ્યા અને તરવાર ગુમ થઈ!

બાગના આતર-બાહ્ય શત્રુઓ ખુશી થયા, પણ લોકો તો મહા ચિંતામાં ડૂબી ગયા,

પણ સૌથી વિશેષ ચિંતાગ્રસ્ત તો તે તરવારનો **સાથી** હતો
અને એથીએ વિશેષ તો, તે સાથીનો **સારથી** હતો!

તે ખુઝોરગ-ઘણા દિવસથી થાકેલો સારથી–તે મુગ્ધભી-**મનમાં** જ રોતો હતો

એના અશ્રુ ખૂટ્યા હતા અને એનો જીવનદોર ટૂટતો હતો
એક, બે, ત્રણ ને ચાર દિવસ, અઠવાડીઉં, પખવાડીઉં અને માસ
છ માસ, વીત્યા,-ને તે સારથી મુગા દર્દને ખીછાને મનો
વૈદો, હકીમો, ડાકટરો, નવી શોધો અને જૂના વૈદશાસ્ત્રો,
એ જખમી હૃદયને તીલ માત્ર આરામ કરી શક્યા નહિ

તે કાંઇ બોલ્યો નહિ, રડ્યો નહિ, **પોતે** બોલાવેલા યમદેવને દેખી ડગ્યો નહિ, પણ—

"બેટા! પેલી તરવારને શોધજે!" એટલા ત્રુટિત શબ્દો માત્ર જ આંખો બંધ કરી!

એની પથારી આગળ ત્હેનો પુજારી અને પુત્ર—પેલી તરવારનો સાથી—માત્ર હતો

'પેલી તરવારને શોધજે, બેટા!' એ શબ્દો એની મા તરવારના ઘા કરતા ત્હેને વધારે કારી લાગ્યા

હું એ જ તરવારની શમમા, પ્રિય સારથી! તુ ખુશ થા!'
પરમાત્માના અખૂટ ભંડારમા તરવારોની કમીના નથી, [illegible] બાપ! તુ શાને રૂદન આજે છે?

જે! તરવાર આપી, લઇ લીધી, તે જ પાછી મોકલશે, [illegible] તે જ પાછી મોકલશે

તરવાર જવાના ભેદથી નમ્ર, ઓ બહાદૂર પિતા! [illegible] [illegible] નથી,

તરવાર ચલાવવાના **શ્રમથી** પડવું—ગરમ લોહીમાં મરવું એ જ, વીરને શોભે.

પણ આ કોણ સુણે છે? વૃદ્ધ સારથી ફ્રહારનોએ દેવોનો સાથી થઇ ચૂક્યો છે!

તરવાર અને પુષ્પ એ બે જ એના આ દુનીઆ પરનાં પ્રેમ-પાત્રો હતા

પુષ્પ મૂકતો ગયો અને 'તરવાર, તરવાર'ની ધુનમા તે દીવ્ય લોકો ઢુંઢવા ઉડી ગયો!

દીવ્ય લોકના દીવ્ય ચક્ષુથી હવે તે નવીન દેહધારી સારથી ખોવાયલી તરવાર શોધી કહાડશે,

અને પ્રિય પુત્રને તરવાર અને પુષ્પ બન્નેના ખેલ ખેલતાં અતરીક્ષથી શિખવશે

પણ હા! તે તરવારના **સાથી**ના હૃદયનો નૂતન ઘા! તે કેમ રૂઝાશે?

દીલોજાન સખી! નીજ સાથીને કારાગ્રહમા મોકલવાથીએ કને સતોષ ન થયો?

સાથીના સારથીનો હમેશનો વિયોગ—અફસોસ—ત્હેનુ કારણ પણ તું જ થઇ!

ફ્લવાન દેવી! હજારો વર્ષથી લેવાતા ભોગોથી ત્હારો યજ્ઞકુડ ભરાયો નથી?

કે શુ **ભક્તજન**ના ભોગથી જ કાઇક **વધુ** કાર્યસિદ્ધિ ત્હારા દીવ્ય ચક્ષુને દેખાય છે?

જે હો તે હો, ભોગ લે કે યોગ દે, દેવ! મ્હને મ્હારી વ્હાલી તરવાર દે!

આ લેખમાં રહેલો ભાવ સુદર ભાષામા લખી મોકલનાર પૈકી સૌથી ઉત્તમ લખનારને "જૈનસમાચાર—ગદ્યાવલી પ્રથમ ખડ" નામનો પાકા પુઠાનો રૂ. ૩)નો ગ્રથ ભેટ મોકલવામાં આવશે

The Jain Diksha (Initiation.)

(By Vadilal M. Shah.)

I propose to-day to discuss the aim, the nature, the steadfast rules, and the utility of Jain Diksha, my chief sources in this attempt being the Jain Scriptures and Common-sense. The fact that I write this after having worked upwards fifteen years among Jains, as journalist, as an author, as a translator of some of the Jain Sacred Books, as an educationalist and as an agitator of Sadhu-reform and Sadhu conferences, added to the fact that I write this after publicly inviting opinions of all Jain Sadhus and learned laymen,—these two fact

which is for laymen who are called बारव्रतधारी श्रावकs or Shrawaks in the true sense of the word. They form the *eroteric* class of the "Mahavir Mission." Their vows bind them not to kill, not to tell a lie, not to steal, not to indulge in sexual pleasures, not to own money or possession (for their own use) more than is needed to keep body and soul together, not to wander in and order anything from any place beyond the prescribed limit (thus minimising their desires and needs, so as to enable them to devote all their energies and attention solely to the search of Truth.) &c. &c.

The 'Partial Diksha' is preparatory to the 'Complete Diksha' or 'सर्वविरति-hood'—*Total Self-sacrifice* (The 'Partial Diksha' enforces 12 *Lesser* Vows or अनुव्रत s, whereas the 'Complete Diksha' enforces 5 *Higher* Vows or महाव्रत s The very *names* given to these respective vows will show that the one is meant to prepare the candidate for the other, that the other is impossible without the first having been continued for some length of time)

COMPLETE DIKSHA

Let us now see what Complete Diksha is, I mean, that Perfect Renunciation of all 'possessions' e g the world, worldly connections, worldly matters, even the physical body which is of this world The complete Diksha is an initiation into the Esoteric Section of Lord Mahavir, by means of certain

sacred ceremonies, the mystic meaning of which is almost altogether lost sight of by laymen as well as priests,—ceremonies which unite a younger soul with the Elder Soul-with that of Arhat or Lord Mahavir who was one with the universe, who was Renunciation personified, who was Sacrifice incarnated

It is indeed a privilege and it should always be the aspiration of every one to be one of the Esoteric Section of Lord Mahavir One should note, however, that the membership of this *Section* or 'Complete Diksha' is no sudden change from a rough soul to a highly polished one. It is no formal thing, is not accompanied by a change of dress or the chant of certain mantras, does not result from flying away from the family, and does not come from mere desire of that privilege A gradually evolving soul or a layman, a member of the Exoteric Section of any Arhat, one who *has been* practising the Lesser Vows and has thus fitted himself for the higher stage—I mean a gradually evolving soul progressing in ज्ञान (Knowledge), in दर्शन (Realization), in चारित्र ('Life' or character) and in the spirit of service not only to humanity but to all that 'feel' (and for the reason of that, one who necessarily possesses due share of Discrimination (विवेक) and of Endurance of actions, events, words, feelings and opinions of others)—such a man *arrives at* a stage which qualifies him to be initiated into the Esoteric Section of Lord Mahavir

vii. That stage or state is the first and unavoidable condition of Diksha or the admission into vagrant life which requires the Initiate to be ever ready with a smiling face to sacrifice all that may be called *his* (the body, the requirements of the body, the desires, nay even the feelings) for the protection and service of all beings of whom he is now the Protector or Friend (छकायका रक्षक & छकायका प्रिय).

So difficult are the duties and vows of the Esoteric members or Sadhus that the Jain Scriptures have wisely laid it down as a stead fast rule that every candidate of such Diksha shall, after being generally tested of his worth, be asked to undergo a 'trial Diksha' (लघु दिक्षा) which must last for any length of time till the Guru is completely satisfied of his worth by living *with* him. It is to be noted that though the candidate under trial lives *with* the Guru and has to perform all functions *of* a Sadhu, he is *not* allowed to *dine* with the Guru or with other Sadhus, for this very reason that he may have to be denied admission if found wanting in necessary Discrimination (विवेक) and Endurance of hardships attendant to Sadhu-hood

The candidate if successful in the trial is given वडी दिक्षा or actual admission. Mark here that Jains of to-day actually follow this principle—though *as a farce* ! They do *not* deny admission or वडी दिक्षा to *any* candidate,

not even to one among thousand. They keep up the *forms*—the dead body of the Code, and shamefully neglect the *spirit* of it intentionally

Pass we on to the *conditions* laid down by Jain Scriptures, authorising one to initiate a layman into Sadhuhood.

Jain Scriptures are more than one, as are the Jain stand-points in any code. The Diksha-Code is contained in more than one Holy Books written in different times by different great sages, and every code treats of more than one standpoint of the worth of a candidate These stand-points, though they *appear* to differ apparently (by reason of the Law-givers having to consider various circumstances of varied times, constitution of men, &c &c), are nevertheless steadfastly unanimous in the vital conditions which must be necessarily fulfilled before one ventures to initiate a Chela. In order that one may not be lost in seeming differences of different Jain Scriptures, one has to remember the two great principles—two main props of Jain philosophy, which say—

(1) That Jainism allows nothing and disallows nothing *as a steadfast rule*, its theory being अनेकान्त वाद or स्याद्वाद ('may be' or 'may not be')

(2) That before doing anything or judging of any person or event, द्रव्ये, क्षत्र, काल and भाव are to be taken into consideration.

Looking to the nature of a work, the worth and the motive of the man who wants

" The candidate for Diksha should possess the spirit of renunciation of all objects, of his body, of relations, and should possess knowledge of life and matter as well as of the performances of Jain Sadhus and non-Jain Sadhus."

—सुयगडांग सूत्र.

" An ascetic is one, who after having 'deserved,' has been initiated by a deserving person "—धर्मबिन्दु.

"He deserves initiation who is pure-sighted, who has realised the transitory and misleading nature of senses, who knows the Karma-philosophy, who has almost subdued desires and emotions, who is firm in faith, who is not easily to be moved to curiosity, who is of grateful, modest, resolute nature. &c &c"-*Ibid*

" One who is physically or mentally childish, old in body or spirits, State-criminal, fiery in nature, slavish, wicked or timid is not fit for Diksha "—स्थानांग सूत्र.

" *First* subdue the senses, anger, lust, greed and infatuation, and *then* remove the hair of the head (i e perform केशलोच ceremony of Diksha) "—स्थानांग सूत्र.

" One who has renounced the home, but has not prevented the influx of evil mental substance (evil thoughts), is a *Hypocrite* He simply adds to his stock of sins and creates worst Karmas The *aim* of external renunciation must be internal renunciation of all passions and desires. "—भगवति सूत्र.

" Those who have no knowledge and are infatuted when overtaken by difficulty or calamity,—such men simply transgress the Lord's Commandments and become *corrupt* "-आचारांग सूत्र.

" *Samyaktwa* or sadhuhood can not be held by persons with no courage, possessing little strength of mind, fond of pleasures of five senses, ill-conducted, lazy, of home-keeping nature. "—आचारांग सूत्र.

" Hear, O ye ! the duties and performances of Sadhus are 'भीम' terrible* and difficult to be practised " दशवैकालिक

" Soon after taking Diksha, the *muni* must begin to ruin his body and sins by तपस् austerities. Fore-sighted as he is, he should take very simple and little food."-आचारांग सूत्र.

" Diksha in itself—by its very nature-is painful a ' misery '—heavy like the load of iron—difficult like walking on the sharp edge of a sword, like swallowing the blazing fire. "

—उत्तराध्ययन.

The pains and hardships to be tolerated are " Hunger, thirst, heat and cold, molesta-

* Tho Shastrakar then gives a list (with full details) of the eighteen-fold Law of Saint-life —*Not to kill, not to* tell a lie, not to steal, not to have conjugal enjoyments, not to own anything, not to eat or drink after sunset, not to molest in any way the invisible souls in air, water &c, not to take any alms which would involve the breach of any one of the numerous steadfast rules, not to dine in the utensils of a layman, not to sit on a bed stead, not to sit in a layman's house, not to bathe in the whole life, not to make the body look nice

tion by flies and gnats, insult, miserable lodges, uncleanliness, blows and threat, corporal punishment "—उत्तराध्ययन

"Painful in the plucking out of one's hair "—उत्तराध्ययन

"A monk must possess *thousands* of virtues."—उत्तराध्ययन

"He should not care for sounds, colours, tastes, smells and feelings "—उत्तराध्ययन

"Dish-water, water in which barley has been washed—such loathsome food and drink he should not despise, but must call at the lowliest house for alms "—उत्तराध्ययन

"A monk should not care for his life,* abandon every delusion, avoid men and women, always practise austerities and not betray any curiosity "—उत्तराध्ययन.

* Non-Jains will be able to form some idea of the strickness of the compulsory rules of Jain Sadhuhood, when they are informed that—

A Jain Sadhu or Sadhwi (Monk or nun) has to pluck hair with fingers every year They have to walk bare-feeted and bare-headed in all seasons They can not use any sort of conveyance or umbrella They can not take food or water after sunset even in the hottest summer. They can not use any food or drink which is brought to them by laymen. They cannot move out when it is raining, even for food They can not use fire, fan, ice, money or its equivalent They should not desire or avoid occassions of pain They should not wish life or death even when a lion comes roaring or a terrible disease overtakes them They have not to beg like servants or slaves, but have to go like a careless lord from door to door, collecting by piece-meals the bare requisites, without flattery or condesension of any kind

" He is a Sadhu who never desires compliments, respect, worship, praise, whose attention is fixed upon self-control, vows and austerities and who always feeds the Soul. "

—उत्तराध्ययन

The rules prescribed in the दशवैकालिक and आचारांग सूत्र as regards the यतना (जयणा) which every sadhu must necessarily observe while eating, walking, sitting, sleeping, talking, and while doing every sort of action either of the body or mind, are so numerous that none but a highly one-pointed man, a constantly watchful man can possibly observe them They are excellent rules—especially those concerning the watchfulness of the tongue, and even great philosophers would profit by following them Can illeterate fellows or young children, or men not trained in watchfulness, having no self-control and possessing no discrimination, ever be expected to follow such rules ?

We have to bear in mind that all these qualifications and steadfast rules are the sam for the young as well as the old. There is no special provision for Sadhus of different ages. Says दशवकालिक सूत्र " If a बाल breaks even *one* of the 18 laws of saint-life, he falls from Sadhuhood "

" One who taking Diksha is fond of sleeping and eating to his taste, is a wicked Sadhu "

—उत्तराध्ययन

" The monk who lacks the virtues of sadhuhood, who holds the *outward* symptoms of sadhuhood for the sake of filling his belly,

tion by flies and gnats, insult, miserable lodges, uncleanliness, blows and threat, corporal punishment "—उत्तराध्ययन.

"Painful in the plucking out of one's hair"—उत्तराध्ययन

"A monk must possess *thousands* of virtues."—उत्तराध्ययन

"He should not care for sounds, colours, tastes, smells and feelings"—उत्तराध्ययन

'Dish-water, water in which barley has been washed—such loathsome food and drink he should not despise, but must call at the lowliest house for alms."—उत्तराध्ययन

"A monk should not care for his life,* abandon every delusion, avoid men and women, always practise austerities and not betray any curiosity"—उत्तराध्ययन.

---

* Non-Jains will be able to form some idea of the strictness of the compulsory rules of Jain Sadhuhood, when they are informed that—

A Jain Sadhu or Sadhwi (Monk or nun) has to pluck hair with fingers every year They have to walk bare-feeted and bare-headed in all seasons They can not use any sort of conveyance or umbrella. They can not take food or water after sunset even in the hottest summer. They can not use any food or drink which is brought to them by laymen. They cannot move out when it is raining, even for food They can not use fire, fan, ice, money or its equivalent They should not desire or avoid occassions of pain They should not wish life or death even when a lion comes roaring or a terrible disease overtakes them They have not to beg like servants or slaves, but have to go like a careless lord from door to door, collecting by piece-meals the bare requisites, without flattery or condescension of any kind

" He is a Sadhu who never desires compliments, respect, worship, praise, whose attention is fixed upon self-control, vows and austerities and who always feeds the Soul. "

—उत्तराध्ययन

The rules prescribed in the दशवैकालिक and आचारांग सूत्र as regards the यतना (जयणा) which every sadhu must necessarily observe while eating, walking, sitting, sleeping, talking, and while doing every sort of action either of the body or mind, are so numerous that none but a highly one-pointed man, a constantly watchful man can possibly observe them They are excellent rules—especially those concerning the watchfulness of the tongue, and even great philosophers would profit by following them Can illeterate fellows or young children, or men not trained in watchfulness, having no self-control and possessing no discrimination, ever be expected to follow such rules ?

We have to bear in mind that all these qualifications and steadfast rules are the sam for the young as well as the old There is no special provision for Sadhus of different ages Says दशवकालिक सूत्र ' If a बाल breaks even *one* of the 18 laws of saint-life, he falls from Sadhuhood "

" One who taking Diksha is fond of sleeping and eating to his taste, is a wicked Sadhu '

—उत्तराध्ययन

' The monk who lacks the virtues of sadhuhood, who holds the *outward* symptoms of sadhuhood for the sake of filling his belly

and pretends to be संयमी *without* having controlled his passions–he shall inhabit the HELL for a long long period. '—उत्तराध्ययन सूत्र

" The Sadhu who has transgressed the rules of conduct, becomes always miserable, wanders in dark ignorance, and finally attains miserable state, such wicked Sadhus fall headlong into the HELL and then are born as beasts "—उत्तराध्ययन सूत्र

" A Sadhu having owned the *least*, goes te HELL "—आचारांग.

" Some after taking Diksha say ' we are Sadhus ' but at the same time transgressing the rules of conduct bring shame to the attire of Sadhuhood, enjoy, are infatuated—such people are neither on *this* side, nor **that** side (i e. are neither laymen nor monks) "-*Ibid*

Instead of quoting on and on, let us think for a while whether it would be advisable for us Jains to help or even allow incapable, undeserving persons becoming Sadhus and then running headlong into hell for reason of their breaking the vows which the poor souls had listened without understanding at the time of initiation? We should note here that the candidate for initiation, as the candidate for marriage, has to repeat certain vows which bind him for life He has to take an oath of constancy saying " Oh Revered one (Guru) ! I enter into a life of equilibrium, I shall carefully avoid all sorts of molestations to all living things by means of any work, word or wish " And have we ever seen any candidate uttering these words *himself* ? No, it is the guru himself who hastily repeats the words meant to be recited by the chela and finishes the sham–ceremony ! Is it

possible, under the circumstances, for the Ray of Arhat to descend to the chela? Is it possible for such ceremonials to result in 'enlightening' the devotee?

As we saw in the foregoing quotations, to deserve initiation into Complete Diksha, one should possess a tolerably strong physique, power of thinking on a subject from various standpoints, undaunted courage, control over the senses and mind and an ardent desire to be one with the universe. Are these qualifications such as can be expected from young lads and girls? Is it not simply foolish to ask whether or not the Jain Shastras allow Diksha to boys and girls of a *particular age*? The Jain Diksha surely is no empty name, it is a *life* and life of hardships (meant of course for discipline) and of complete renunciation. It is never-never possible for one who has not undergone the 'Shrawak' stage of evolution ('partial renunciation') for a sufficient length of time.

But I shall not be एकान्तवादी (one-sighted). Far be it from me to conceal anything laid down by the mystical law-givers of ancient times! I shall most willingly grant that there [are] no exceptions to all rules, and that Jain history does mention some names of Sadhus of even years age,—yes of 9 years in *this* life. But their Gurus could see their evolution of their *past* lives because the Gurus that initiated such seemingly unfit persons must either be great fools or great mystics. We will just see what [illegible] were.

(To be continued.)

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્ત્તમાન કાળનું સામાયિક, ભવિષ્ય કાળનાં પ્રત્યાખ્યાન (નિયમો).

લખનાર—વાડીલાલ મોતીલાલ શાહ

વિશ્વમા ચૈતન્ય અને જડ એ બે તત્વ મુખ્યત્વે છે. એનો સયોગ અનાદિ કાળથી હોવાથી ચૈતન્યને જડથી ભિન્નતા અનુભવવી એ ઘણુ કષ્ટમય અને થઈ પડેલા સ્વભાવ વિરૂદ્ધ લાગે છે.

પરન્તુ જડથી ચૈતન્યને આનદ મળતો નથી, સતોષ મળતો નથી કહેવાતા સુખના સઘળાં સાધનો—સુદરી, લક્ષ્મી, મહેલ, મિત્રો —સર્વ મળવા છતા ચૈતન્યને અદરથી તો એક પ્રકારની અશાન્તિજ જણાય છે મ્હને એકદા આવી અશાન્તિનુ 'ભાન' થયુ જડના સયોગથી ઉત્પન્ન થયેલી અશાન્તિ ભૂલવા હુ એક એકાત જગામા—જ્યહા જડનુ આકર્ષણ ઓછામા ઓછુ હોય એવા સ્થળમા—જઈ બેઠો

દ્રષ્ટિએ જડ જમીન, જડ વૃક્ષદેહ, જડ આકાશ મ્હારી સમુખ હતા અને મ્હારી આખદ્વારા મ્હારી અદરના મનને ભાગ્યાતૂટ્યા વિચારોની ભ્રમજાળમા નાખતા હતા દ્રષ્ટિએ મ્હારી અશાન્તિ મટી નહિ

મ્હે આખો બધ કરી અને ઉઘવા પ્રયત્ન કર્યો, કોણ જાણે શાથી, પણ નિદ્રાદેવી તુરત હાજર થઈ મ્હે જડ જગતનો બહિષ્કાર કર્યો, પણ અરેરે, જગત્—ઘણા કાળથી સબધ કરાયલુ જડ જગત મ્હને જ્હા છોડે તેમ હતુ? મ્હારી અદર રહેલા ચેતક તત્વને—મનને—તેણે 'ફોડયુ' હતુ—પોતાના પક્ષમા લીધુ હતુ, મ્હારો પોતાનો મુનીમ મ્હારા શત્રુના પક્ષમા છુપી રીતે ભળેલો હતો તે મન મ્હને આજ સુધી મ્હારૂં બીજુ સ્વરૂપ લાગતુ હતુ, આજે તે મ્હને 'જડ'નુ બીજુ સ્વરૂપ હોવાની ખાત્રી થઈ, કારણ કે જે જડથી નાશી છુટવા માટે એકાત જગાએ આવી મ્હે આખો બધ કરી હતી તેજ જડને—તેજ જડ સૃષ્ટિને—તેજ લક્ષ્મી—મહેલ—સ્ત્રી શરીર આદિને તે મન મ્હારી મનસૃષ્ટિથી ઉત્પન્ન કરવા લાગ્યુ હતુ અને મ્હને—મ્હારા ચૈતન્યને પ્રથમના જેવી જ અશાન્તિ ઉપજાવતુ હતુ

અફસોસ ! જે પેઢીનો મુનીમ પોતે 'ર્ટે'–'ખૂટે'–રૂશવત ખાઇ શત્રુને મળી જાય, તે પેઢીના માલેકને શું ઝંપ કે શાન્તિ હોઇ શકે?

હું મુઝાયો, મ્હારાથી રડી પડાયું. મનને—તે મમસ્વરૂપ મનાયલા પણ ખરેખર જડને—આજસુધી આટલી બધી અગત્ય આપવા માટે મ્હને ખેદ થવા લાગ્યો, મનને મ્હારા સર્વ 'વ્યાપાર'ની લગામ સોંપવા માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. **પશ્ચાત્તાપ**ની અગ્નિથી હૃદયસમુદ્ર ખળભળવા લાગ્યો, એમાંથી પાણીના મોઝાં ઉછળવા–ગાન કરવા લાગ્યાં. એ ગાન આસ્તે આસ્તે મ્હને સ્પષ્ટ સંભળાવા લાગ્યું. તે ગાન કહેતું હતું કે " ઓ ભૂલા પડેલા વટમાર્ગૂ ! સમર્થ **ન**રેશના કુમાર ! આમ કાયર બની રડે છે શું ? આવ આ ઉંડાણમાં, ત્હને છેક **ઉપરનું** સુખ જોવા ઇચ્છા હોય તો પ્રવેશ કર આ ઉંડા **ભોંયરા**માં. પાણી જેટલું **નીચું** ઉતરે તેટલું **ઉંચે** ચ્હડી શકે છે. હૃદયની ગુફામાં –હૃદયના સાગરના તળીએ પ્રવેશ કરીને તો ઉંચામાં ઉંચી ભૂમિકાને –સુખસર્વ અથવા **મોક્ષ**ને પણ જોઇ શકીશ, અનુભવી શકીશ. અહીં ત્હારા વિશ્વાસઘાતી મુનીમ 'મન'નું જોર નહિ ચાલી શકે. **ભક્તિ** નામક હૃદયનું ભોંયરું અથવા હૃદયસાગરનું તળીઉં એ એવી જગા છે કે જ્યહાં તે પામરથી પ્રવેશી શકાશે જ નહિ."

ઘણીજ સરસ સલાહ ! પણ તે ભોંયરામાં હું કેવી રીતે જઇ શકું ? સમુદ્રતળીએ કેવી રીતે જઇ શકું ? મ્હારા જેવા પામરથી— અશક્તથી એ કેમ બનશે ?

"ત્હેની ફિકર ના કર ! " સમુદ્રગાન આગળ વધ્યું. "ત્હેં ત્હારી અશક્તિ જીંદગીમાં **પહેલીજ વાર** કબુલ કરી છે, તું હમણાં આ **કબુલાત દ્વારાજ** સમુદ્રતળીએ પેસવાની શરૂઆત કરી ચુક્યો છે. હજી નમ્ર થા, ઢીલો થા, ત્હારી શક્તિઓનો ગર્વ છોડી દે, બાળક થઇ જા, **પિતાના** ખોળે જા ! **ત્હેને** આશ્રયે જા ! ત્હારી દુકાનને અને મુનીમને, ત્હારા હિસાબને અને વ્યાપારને **ત્હેના** ચરણકમળમાં અર્પણ કરી ત્હેની જોખમદારી **ત્હેને** શિર નાંખી જા, સર્વ વિસરી જા ! તું ડાહપણ કરો નહિ છે એ ગર્વને છોડી તે પરમ **પિતાના** [illegible] જા ! બાપ નહી બેટા થા ! શેઠ નહી નોકર થા ! [illegible] [illegible] બના- મનુષ્ય પ્રાણી આપકાજનો શું ગર્વ કરી [illegible] હતું ? [illegible] **પિતાના** [illegible]
[illegible] **પિતા** [illegible]
[illegible]

ગાનના દરેક શબ્દ–દરેક ઉચ્ચાર સાથે હુ નમ્ર બનતો ગયો, નીચે ઉતરતો ગયો અને જોતજોતામા હુ હૃદયસાગરના તળીએ પહોચ્યો ડુબી મરવાનો ભય માયાવી હતો એમ મ્હને હવે ખાત્રી થઈ. આ ભૂમિકામા મ્હને ચોતરફ એક અવર્ણનીય પ્રકારનો પ્રકાશ માત્ર દેખાવા લાગ્યો મ્હે તે પ્રકાશનુ શરણુ લીધુ; સર્વસ્વ ત્હેને અર્પણ કર્યુ **તે જ ક્ષણે હું પણ પ્રકાશમય--પ્રકાશરૂપ બની ગયો!** બન્ને પ્રકાશ એકરૂપ હતા, હુ જૂદો ઓળખાઉ એવુ ર્હ્યુજ નહિ તેજ વખતે "હુ પામર છુ–દીન છુ–અશક્ત છુ–શત્રુઓથી ઘેરાયેલો છુ" એ ભાવ પણ ઉડી ગયા! પેલા પ્રકાશમા પ્રકાશરૂપે ભળી ગયેલો હુ સર્વશક્તિમાન છુ એમ મ્હને દેખાવા લાગ્યુ બન્ને પ્રકાશનો સયુક્ત પ્રકાશ તરત ત્હાથી ઉડયો અને એક 'સમય'મા છેક પાતાળથી આશમાન—રે આશમાનથી પણ દૂર–દૂર–દૂર–જેને લોકો 'સિદ્ધશીલા' કહે છે. જે મકારી ચાદીની પાટ જેવી, ક્ષીર સાગરના પાણી જેવી, ઉજળી મોતીઓની માળા જેવી (અને શુક્લ લેશ્યાને બીજી જે કોઈ સ્થૂલ ઉપમા આપી શકાય તે દરેક શ્વેત પ્રકાશીત ચીજ જેવી) ભવ્ય પ્રકાશીત શ્વેત છે તે સિદ્ધશીલા ઉપર આવી ચડયો કેટલી શીઘ્ર અમારી ગતિ! કેવી અકથ્ય અમારી શક્તિ! આ ઉચ્ચ ભૂમિથી અમે જોઇ શકતા કે નીચેના લોકો અમને દેવ, ઈશ્વર, પ્રભુ કરી પ્રાર્થતા હતા અને અમારી સ્હાય યાચતા હતા

કેવુ આશ્ચર્ય! વિશ્વની ઉત્ક્રાન્તિ માટે યોજાયલા નિયમોની –ક્રમોની કેવી સુદરતા! જડ–ચેતન્યતા સ્વભાવ સહમજી જડથી દૂર ન્હાસવાની ઇચ્છા થવી, તે ઇચ્છાના પરિણામે એકાત સ્થળમા આખો બધ કરી ચેતન્યને યાદ કરવાની ગરજ પડવી, ત્હેમા મનનો દગો થવો અને એના ખરા સ્વરૂપનુ જાણપણુ થવુ મનને વિશ્વાસે દુની આદારીના વ્યાપાર (કામકાજ) કરવામા થયેલી ભૂલનો પશ્ચાતાપ અથવા 'પ્રતિક્રમણ' કરવુ, પશ્ચાતાપના પરિણામે હૃદયસાગરની લહરીઓનુ ગાન–અતરનાદ સુણવો, અતરનાદને કબુલ રાખી પરમાત્માને આધીન બનવાની પ્રેરણા થવી અને સર્વ વ્યાપાર 'હુ' કરૂ છુ–મ્હારે માટે કરૂ છુ એ ભાવ અને 'હું' એ બન્નેને પરમાત્માના ચરણકમળમા અર્પણ કરવાની બુદ્ધિ થવી, અને હૃદયસાગરની–ભક્તિની–દીનતાની ગુફામાં પેસતા ઉલટી અનત શક્તિ મળવી ખરેખર વિશ્વની ઉત્ક્રાન્તિના સનાતન નિયમો અત્યત ગૂઢ, ચમત્કારી પણ સત્ય છે

અહીં મ્હારી આંખો ખુલી ગઈ ઉત્ર પુરી થઇ સિદ્ધશીલાનો દેખાવ ઉડી ગયો હું પાછો દેહ, કાળ, મન, વગેરેના બંધન વચ્ચે મ્હને જોવા લાગ્યો પણ સબુર, એ દેહ, એ કાળ, એ મન હવે મ્હને બંધનરૂપ **લાગતાં ન હતાં;** કારણ કે મ્હેં સર્વશક્તિમાન પણાનો ક્ષણ માત્રનો પણ 'અનુભવ ચાખ્યો હતો મ્હેં મ્હારી અસલ ખાનદાનીનું 'ભાન' કર્યું હતું મ્હેં સર્વથી એકરૂપતા અનુભવી હતી. હવે હું આ પામરોનો ગુલામ બની રડ્યા કરૂં એવો મૂર્ખ રહ્યો ન હતો સિદ્ધશીલારૂપની અનંત શક્તિ—અનંત જ્ઞાન—અનંત વીર્યનું એક કિરણ મ્હારામાં રહી જવા પામ્યું હતું અને મ્હેં હવે નિશ્ચય કર્યો કે મ્હારું ઘર, દુકાન, લક્ષ્મી, સ્ત્રી, પુત્ર, શરીર અને મન સર્વના ભોગે પણ હું તે કિરણને ઝાંખું પડવા નહિ દઉં એ નિશ્ચયને ટકાવી રાખવા માટે મ્હેં તુરતજ નીચે પ્રમાણે 'નિયમો' ધારણ કર્યા —

(૧) સઘળાં ભૂતો'-પ્રાણીઓ-જીવોથી હું પ્રથક્ નથી, જો કે સ્થૂલ ઉપાધિને લીધે પ્રથક્ લાગું છું માટે દુનીઆનો દરેક વ્યવહાર-દરેક કાર્ય—ન્હાનું મ્હોટું તમામ કર્મ એવી કાળજીથી, એવી સભાળથી, એવા 'ઉપયોગ'થી, એવી 'યતના'થી કરીશ કે જેથી મન-વચન કે શરીર વડે કોઇ **જીવને દુઃખનું કારણ હું થઇ પડું નહિ.**

(૨) હું અને સર્વ પ્રાણીઓ વચ્ચે એકતાનું ભાન કાયમ રાખી, ભિન્નભાવવાળાને પોતાના સ્વાર્થ માટે ઘણી વખત જેમ અસત્ય બોલવું પડે છે તેમ, **અસત્ય નહિ વદું.** હાસી-મશ્કરી, નિંદા, ગપ્પા અને ખોટી જરૂરી કે બીનજરૂરી વાતો વદવાથી દૂર રહીશ

(૩) સર્વ ભૂતોની સાથે એકતા સમજનાર સર્વ ભૂતોને દાન-સહાય-આશ્રય આપી શાન્તિ આપવાનો જોખમદારી પોતાને શિર લીધી છે એ વાતનું સ્મરણ રાખીને હું કોઈ **પ્રાણીની કોઇ વસ્તુની ચોરી નહિ કરૂં,** કોઇને ઠગીશ નહિ [illegible] [illegible] નહિ

(૪) અનંત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] [illegible] નહિ, એમ [illegible] [illegible] હું **સ્ત્રીસેવનની બાબતના અત્યંત મર્યાદીત રહીશ** [illegible] [illegible]

[illegible]

ઇન્દ્રિય સુખની લાલસા વગર સાચવીશ મોહક પદાર્થો, દેખાવો, શરીરો નજરે પડતાં હું એમનાથી મોહ પામી દીન બનવાને બદલે, એમનાથી અનંતગણું મોહક એવું મ્હારૂં આત્મસ્વરૂપ મ્હારી નજર આગળ ખડું કરીને બમણો અદીન-વીર બનીશ.

(૫) ઘર-ધન-આબરૂ-કુટુંબ એ સર્વ મ્હારી ઉપાધી છે મ્હેં જાતે તે સર્વ આ ભવ કે પેલા ભવના કર્મ વડે ઉપાર્જન કર્યું છે એ સર્વ **મ્હારાં પ્રાપ્ત** કરેલા છે, નહિ કે હું **ત્હેમનો પ્રાપ્ત કરેલો.** એમ મ્હમજી મ્હારા આત્મસ્વરૂપને મલીન કરવામાં કે સુઝવવામાં આ કોઈ પરિગ્રહ ફાવી જાય નહિ એ બાબતની હું બરાબર કાળજી રાખીશ એ મ્હારી **ઉત્ક્રાન્તિનાં** સાધનો બનવા જોઈએ, નહિ કે **અવનતિનાં** એટલા માટે હું કોઈ જાતના પરિગ્રહમાં લુબ્ધ ન થતાં, પરાર્થે અને પરમાર્થે તે સર્વનો ઉપયોગ કરીશ

(૬) નવીનતાઓ નીહાળવા, દ્રવ્યોપાર્જન કરવા ઇત્યાદિ બાહ્યભાવને તૃપ્ત કરવા હું **દેશાંતર ભટકીશ નહિ**, આત્મભાવને પુષ્ટિ મળવાનો સંભવ હોય, પરમાર્થનું કોઈ કાર્ય હોય, એવે પ્રસંગેજ ભ્રમણ ઇષ્ટ છે.

(૭) મનુષ્યની જરૂરીઆતો જેમ વધારે, તેમ જડભાવને પુષ્ટિ વધારે મળવાની, તેમ ચૈતન્યભાવ વધારે દબાઇ જવાનો માટે હું ઉપભોગ—પરિભોગની વસ્તુઓની ઓછામાં ઓછી સંખ્યાથી સંતુષ્ટ રહેવા કોશીશ કરીશ હું મ્હારી ટેવોમાં જેમ બનશે તેમ સાદો, આત્મસંયમી, નિયમીત અને મિતાહારી બનીશ

(૮) નકામા તર્ક—વિતર્કો, પરપંચાયતો, ભાગ્યાટ્ટયા વિચારો, સુખ-દુ:ખના સ્વપ્નો, ઉદ્વેગ, અપધ્યાન, ભવિષ્ય માટેની કલ્પનાઓ એ સર્વમાં મનને રોકાવા દેવાથી આત્મસ્થીરતા ડોલાયમાન થઇ જાય છે, એબરાબર લક્ષમાં રાખી હું આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનથી તથા અર્થ વગરના વ્યાપારમાં મન-વચન-કાયાને રોકવાથી દૂર રહીશ

(૯) હૃદયની ગુફામાં જે શાન્તિ છે હૃદયસાગરના તળીએ જે સ્થીરતા-અચપલતા-શાન્તિ છે-પરમેશ્વરના ચરણમાં દરેક કાર્ય અને પોતાના પડને અર્પણ કરવામાં જે નીરાંત છે, તેવી શાન્તિ અને નીરાંત બીજે કોઇ સ્થળે નથી, એ બાબતનો એક વાર અનુભવ થયેલો હોવાથી, એ અનુભવને તાજો રાખવા માટે **દરરોજ ઓછામાં ઓછો એક કલાક** એ હૃદયસાગરના તળીએ પેસવાનો મહાવરો અવશ્ય કરીશ, એટલે કે ચિત્તની સમાનવૃત્તિવાળી દશા-**સામાયિકમાં અવશ્ય જોડાઇશ.**

(૧૦) ઉપભોગ-પરિભોગની મર્યાદા કરવાનું વ્રત લીધેલું હોવાથી એવી ચીજો દૂરથી-દેશાવરથી ન મંગાવતાં, સ્વદેશમાં બનેલી, જરૂર પડતી, સાદી ચીજોથી સંતુષ્ટ રહી, સ્વદેશને ઉત્તેજન આપીશ.

(૧૧) સામાયિક અથવા સમાનવૃત્તિનો મહાવરો દરરોજ એક કલાક સુધી પાડવાના પરિણામે એ સુખના-એ આનંદનો જે પ્રેમ મ્હારામાં જાગશે ત્હેની તૃપ્તિ અર્થે, દર મહીને કે દર ત્રણ મહીને એક આખો દિવસ **પોષધ વ્રત** કરીશ અને તે વખતે ચોવીસે કલાક જડભાવના વિચારોથી ચૈતન્યને મુક્ત કરી નિજ રૂપમાંજ મ્હાલીશ.

(૧૨) આ સર્વ નિયમોને પ્રતાપે 'હું' પણું ભૂલાતું જાય અને સર્વથી એકતા અનુભવાતી જાય તેથી સર્વના ઉદ્ધારમાંજ મ્હારો ઉદ્ધાર છે એ સિદ્ધાંતમાં મ્હારી શ્રદ્ધા દૃઢ થાય એ સ્વાભાવિક છે, અને તેથી હું મ્હારી પાસેના ધન, શરીરબળ, લાગવગ, સર્વનું દાન ઉચિત પાત્રને આપવામાંજ આનંદ માનીશ. દાન દેતી વખતે પાત્ર, અપાત્ર, કુપાત્રની તારતમ્યતા ભૂલીશ નહિ.

દુઃખના [illegible] હું એકાંતમાં ગયો હતો, આનંદનું હાસ્ય કરતો હું વ્યાધિમય દુનીઆમાં પાછો આવ્યો. એકાંતમાં ગયો તે વખતનું અને હમણાનું મ્હારૂં સ્થૂલ શરીર એક સરખું—ફેરફાર વગરનું છે, મ્હારી આસપાસની ચીજો અને સંજોગો પણ તેના તે જ છે. કાંઈ પણ ફેરફાર થયો હોય તો તે માત્ર એટલોજ કે ભક્તિભાવ અથવા પરમાત્માને સર્વ કાંઈ અર્પણ કરવાની બુદ્ધિથી ઉત્પન્ન થતી નિરાંત, નિશ્ચિંતતા, આતમબળ મ્હારામાં છૂપી રીતે પ્રવેશ પામ્યાં હતાં તેથી હવે જગત્ મ્હને ગભરાવી શકતું નથી, મન મ્હને ગુલામ બનાવી શકતું નથી, ઉપર જણાવેલા બાર નિયમો (વ્રતો) મ્હને લાલચો અને ભયોનો ત્રાસ થવા દેતા નથી.

प्रासंगिक नोंध.

લખનાર—વાડીલાલ મોતીલાલ શાહ.

आठ वर्षनी बाळकीने दीक्षा अपाती अटकाववा संबंधी परोपकारी जैन युवकोनो निष्फळ गयेलो प्रयास.

જે જોધપુર રાજ્યમાં હરેક ધર્મના લોકોને ન્હાની વયે દીક્ષા લેતા અટકાવનારો સખ્ત કાયદો થયેલો છે, તેજ રાજ્યના પાલી ગામની એક વલ્લભકુંવર નામની આઠ વર્ષની બાળકીને ગઈ તા. ૧૦ મી જુલાઈએ, અજમેર શહેરમાં આપણી કૉન્ફરન્સના સ્થંભરૂપ મુરબ્બી શેઠ ચાંદમલજી સાહેબની મદદ અને શામેલગીરીથી દીક્ષા અપાઈ ગઈ છે આ દીક્ષા તકરારી હતી. કન્યાના પિતા ગુજરી ગયા છે અને કાકા પ્રથમ આ દીક્ષા અટકાવવા માગતા હતા (જો કે પાછળથી કોર્ટમાં કેસ ગયા પછી તે ગૃહસ્થ દીક્ષાની તરફેણદારી કરતા હતા) કન્યાને અજમેર લાવવામાં આવી અને તા. ૨૬ જાન્યુઆરી ૧૯૧૩ ના રોજ દીક્ષા આપવાનું મુહૂર્ત કરાવવામાં આવ્યું હતું. રાયશેઠ ચાંદમલજી સાહેબ ધર્મઉલ્લાસીનું ૩૬ ગામ મહાજનને નોતરીને ભાવીના હિતે એ મોટી ધુમધામથી દીક્ષા આપવાનું જણાવતા હતા પરન્તુ કેટલાક કેળવાયેલા યુવાનોને આમાં ધર્મની હીલના અને કન્યાનું ભાવી અહિત પ્રત્યક્ષ લાગ્યું, તેથી તેઓએ શેઠજીને અરજ કરી કે, તેઓ તેણીને સ્વતંત્ર વિચાર કરી શકે એટલી ઉમ્મર થતા સુધી રાખવા અને ભણાવવાનું ખર્ચ અને જોખમદારી ઉઠાવવા તૈયાર છે, ત્યારપછી તેણી પોતાની ઇચ્છા હોય તો ખુશીથી દીક્ષા લઈ શકે. શેઠજીને દીક્ષાના કામમાં વિલંબ થાય એ પાપ જેવું લાગ્યું, છેવટે ચાર યુવાનોએ રાયશેઠ ચાંદમલજી અને બીજા ચાર ગૃહસ્થો સામે ઇન્જંકશન (મનાઈ હુકમ) મેળવવા સ્થાનીના મેજીસ્ટ્રેટ ની ફોજદારી કોર્ટ- ને તેઓએ તા. ૨૪ જાન્યુઆરીએ ઇન્જંકશન મેળવ્યું અને તા. ૨૬ મીએ

અપાવાની દીક્ષા બંધ રહી. તા ૩૦ મે, એ પહેલી સુનવણી-
નો દિવસ હતો અને ત્યારપછી તા ૯ અને ૧૦ જુલાઈના દિવસે
કામ ચાલ્યો. કમીશનર મી એ ટી હોમ્સ સમક્ષ કેસની શરૂઆત-
માંજ રાયશેઠ ચાંદમલજી સાહેબના બૅરીસ્ટરે દલીલ કરી હતી કે
કન્યા જોધપુર સ્ટેટની છે માટે અજમેરમાં આ કેસ ચાલી ન શકે;
પરન્તુ કમીશનર સાહેબે તે દલીલ વજુદ વગરની ગણી હતી. તા
૯ મી જુલાઈએ ફરી તેજ દલીલ રજુ કરતા તા ૧૦ મીએ સાહેબે
જાહેર કરાવ્યું કે આટલે સુધી કેસ ચાલ્યા છતાં અને શરૂમાં ફક્ત
દલીલ મ્હને વજુદ વગરની લાગેલી હોવા છતાં અત્યારે એવું ઠરાવ-
વાની મ્હને સત્તા છે કે, આ કેસ તેણીના વતન જોધપુર સ્ટેટમાંજ
ચાલવા લાયક છે અને તેટલા માટે દીક્ષા અટકાવવાનું મેં આપેલું
ઇન્જંક્શન હું રદ કરું છું. ધ્યાનમાં રહેવું જોઈએ કે, અરજદારોની
માગણી માત્ર એટલીજ હતી કે હેમને કન્યાના 'વાલી' ઠરાવવા, કે
જ્યાં તેઓ, તેણી સ્વતંત્ર રીતે વિચાર કરી શકે એટલી ઉમરે પહોંચે તે
વખત સુધી તેણીના ભરણપોષણ અને કેળવણીની દેખરેખ રાખી શકે.

ઉપરનું જજમેન્ટ જે ક્ષણે સંભળાવવામાં આવ્યું કે તરતજ
સાધ્વીજીની ગાડી લગભગ કોર્ટથી એક માઈલ દૂર આવેલા સ્થાનક તરફ
હંકારી અને બીજાઓ આવી પહોંચે તેટલામાં તો એકદમ કન્યાને
સફેદ કપડાં પહેરાવી દેવામાં આવ્યા અને ત્યારબાદ સંઘના બહાર
આપના માણસ બોલાવ્યો કે "દીક્ષા અપાય છે, ચાલો" દીક્ષાનું
આ માત્ર ફારસ જ હતું અને વસ્ત્ર થોડી મીનીટના અરસામાં પહેરાવી
દીધા પછી લોકોને તેડાવવામાં આવ્યા હતા. આમ કરવાનું કારણ

માત્ર એમા ધર્મ સમજીને જ કરી બેઠા છે એમની આવી ધર્મબુદ્ધિ ધર્મના **સાચાં** કામોમા વપરાતી હોત તો તેઓ કેટલા બધા ઉપકારી થઇ પડત? 'હાર' અને 'જીત' એ માત્ર અધિકારીઓનુ--અધર્મીઓનુ જાહેરાત ઇચ્છતા સ્વાર્થીજનોનુ લક્ષબિંદુ હોય છે બન્ને પક્ષમાથી એકકેને આ કેસમા કાંઇ સ્વાર્થ ન હતો, કોઇની આ કન્યા સગી ન હતી દીક્ષા લેવાથી કે અટકાવવાથી એકકે પક્ષને અંગત હિત–અહિત હતુ નહિ સવાલ માત્ર એટલો જ હતો કે જેને એક પક્ષ મહા પુણ્યનુ કામ માનતો હતો, બીજો પક્ષ હેને વ્યક્તિ તેમજ સમાજ બન્નેની હાનીનુ પગલુ સમજતો હતો ઝગડો **પુરૂષો** વચ્ચેનો ન હતો. પણ **દ્રષ્ટિબિંદુઓ** વચ્ચેનો હતો. ઝગડો **સાચી ધર્મભક્તિ** અને **મેલી અંધશ્રદ્ધા** વચ્ચેનો હતો, અને આ જમાનામા સત્ય હમેશ મેકડે ૯૯ ટકામા પીડાતુ–રીબાતુ જ જોવાય છે તેમ આ કેસમા પણ સત્ય હાર્યું છે હા, તે હાર્યું છે પણ હેનો **નેમ** હાર્યો નથી, કારણ કે લોકમત કેળવવાનુ કામ તો અવશ્ય બનવા પામ્યુ છે એમ તો દીક્ષા પછી અજમેરમા ઘેરઘેર જે શબ્દો બોલાતા હતા તે સાભળવાથી સ્પષ્ટ જણાયુ છે

યુવાન મડળે સ્વધર્મસુધારણાના કાર્ય માટે પોતાની શક્તિ બહારનુ પગલુ ભરીને જે જાહેર હિમત અને આત્મભોગનો દાખલો બેસાડયો છે તે માટે હેમને ખરેખર ધન્યવાદ ઘટે છે શેઠીઆ પક્ષે જે **ભાવથી** વિરૂદ્ધતા પકડી હતી તે **ભાવ** ખરેખર સ્તુત્ય હતો પણ જે **રસ્તે** ધર્મસેવા ઇચ્છી હતી તે રસ્તો હેમનો ભૂલભર્યો હતો એ માટે એમની દયા ખાવી જોઇએ છે, બીજુ તો શ્રીમતોને શુ કહી શકાય? એક તો શેઠજી અમારી કૉન્ફરન્સના માલીક, વળી ક્રોડપતિ, વળી ઑનરરી મૅજીસ્ટ્રેટ, વળી કોમમા સત્યાસત્યનો વિચાર કરી સત્યની તરફેણદારી કરનારા નરો ઘણાજ થોડા હોવાથી શેઠજીના પક્ષમા જબરજસ્ત દળ છે એટલે પછી એક રડયાખડયા સુધારકથી વધારે શુ બોલી શકાય?!

આપણે માટે હવે એટલુ જ ઇચ્છવાનુ રહે છે કે, જે થવાનુ હતુ તે થઇ ગયુ છે, બાઇના પૂર્વ કર્મની પ્રબળતા આગળ હેને મદદ કરવા ધાનારના પ્રયાસ નિષ્ફળ ગયા છે, હવે તો એ સવાલને અંગત બનાવી પૈસે ગરીબ માણસોને એક અથવા બીજા રૂપે સતાપવાનુ ન બને અને સવત્સરીના દિવસે સાચા દીલથી 'ખમત ખામણા' કરવામા આવે તો સૌની બાંધી મુઠી રહી સપનુ રક્ષણ થશે પરમાત્મા એમ જૈનોના હૃદયને વિશાળ બનાવે અને અમને ખોટી જીદથી બચાવે!

બોર્ડિંગ બન્નેની ભેગી સગવડ કરવા તરફ ખાસ લક્ષ આપવુ જરૂરનુ છે એમ જણાવી ભાષણકર્ત્તાએ તે માટે બે લાખ રૂપીઆનુ ફંડ કરવા ભલામણ કરી હતી. બન્ને સૂચનાઓ ઉપર છોટે મામલતદાર સાહેબે પુરતો ભાર મૂકી બે લાખનુ ફંડ આવા ઉપયોગી કામ માટે થવુ ખાનદેશને માટે અશક્ય નથી એમ જણાવ્યુ હતુ અને હાજર રહેલા જૂદી જૂદી કોમના વ્યાપારીઓએ આ રસ્તે બનતો પ્રયાસ કરવા ઈચ્છા દર્શાવી હતી. લાઇબ્રેરીની સ્થાપના માટે તો તેજ વખતે બે સખી ગૃહસ્થોએ સારી સરખી રકમ આપવાનુ વચન જણાવ્યુ હતુ જ્યારે પાઠશાળા માટે અલાયદુ ભવ્ય મકાન બંધાવુ શરૂ થઇ ગયુ છે, કે જેમા રૂ. ૧૫૦૦૦ એકજ (સ્થાનકવાસી) ગૃહસ્થ તરફથી ખર્ચાય છે, ત્યારે આપણને આશા રાખવાનુ કારણ મળે છે કે લાઇબ્રેરી અને કૉમર્શ્યલ સ્કુલ પણ એવા બીજા પરોપકારી સદ્‌ગૃહસ્થોની સખાવતથી જલદી થવા પામશેજ મી. વાડીલાલને ત્યાથી જળગામ, ભુસાવલ, ચાલીસગાવના આમત્રણ હોવાથી થોડા કલાક ભાષણ આપવા માટેજ તેઓ ત્યાં ગયા હતા, અને તે દરેક સ્થળે સરકારી અમલદારો, વકીલો તેમજ પ્રજાગણે તેમના વિચારો અને સૂચનાનો સારો સત્કાર કર્યો હતો અત્રે અમે એટલુ તો આગ્રહપૂર્વક જણાવી લઇશુ કે, ખાનદેશ જેવા વ્યાપારી વર્ગથી વસાયલા દેશમાટે પાચોરા કે જળગામ જેવે સ્થળે કૉમર્શ્યલ સ્કુલ જેટલી જરૂરીઆતની ચીજ છે તેટલી બીજી કોઈ ચીજ નથી, અને પોતાની આ ઉપયોગી નવીન સૂચનાને વ્યવહારમા મુકાતી જોવા ખાતર મી વાડીલાલે ફુરસદ વખતે એકાદ બે માસ ખાનદેશમા 'લેક્ચરીગ ટુર' ઉપર નિકળી પડવાનુ ભૂલવુ જોઇતુ નથી '

---

*ભુંસાવલની સભામા રા વામનરામ વિષ્ણુ આચવલે વકીલે પ્રમુખપદ લીધુ હતુ અને તેઓએ તથા રા ગોપાળરાવ ગોગટે B. A. LL B એમણે ભાષણકર્તાની તારીફ કરી હતી. ચાલીસગાવમા સબ-જજ મી દલાલ પ્રમુખપદે બીરાજ્યા હતા.

प्रकाशकनी पत्र–पेटी.

રા. ધારશી જીવનભાઈ દેશાઈ, કરમાળાથી મુનિ દગડુઋષિએ સયમ છોડવો પડયા સબધી લેખ લખતાં ફર્યાદ કરે છે કે, કૉન્ફરન્સ ઑફિસને તેઓએ આ બાબતમાં કરેલી અરજ નકામી ગઇ છે, અને વિશેષમાં જણાવે છે કે કૉન્ફરન્સે ના તો દીક્ષા સબધી સખ્ત કાનુન કરવા અગર તો દીક્ષા લઇ પડવાઈ થનાર માટે કાંઇ રસ્તો કરવો. આ ભાઈ વળી અમને આ બાબતમા વચ્ચે પડવા અરજ કરે છે. પરન્તુ કૉન્ફરન્સના કામમા વચ્ચે પડવા જેવા હમણા સજોગો નથી તેથી તથા મુનિશ્રી રત્નઋષિજી તરફથી દગડુજી સબધી કાઇ ખબરો ખાનગી રાહે અમને મળી નથી તેથી આ બાબતમા હમણા અમે મૌન ભજવાની અગત્ય સમજીએ છીએ

पंजाबमे एक मुनि श्री फरमा े है किः—मेरे मुननेमें आया कि, इस वर्षमें भी पूज्य साहब श्री श्रीलालजी महाराज सब संमदायोंसे पृथक् ही संवत्सरी करनेवाले हैं. इत्यादि इत्यादि लिख कर पूज्यश्रीको और कॉन्फरन्सको विनंति रुप बहुतसा लिखा गया है. ।गर वह लेख छाप कर अनेक वडे अग्रेसरोंसे टकरानेकी ताकाद मेरेमें नहीं है. वह काम तो था.'जैन समाचार' का.

ચરણસ્પર્શ ન કરવો, કથા સાભળવા બાવાની જગામા બેસવા ન જવુ, બાવાઓને જમવા બોલાવવા નહિ અને ઘરમા ઉતારો આપવા નહિ. ૭ વર્ષથી ન્હાની ઉમરના બાળકોના વેશવાળ કરવા નહિ વગેરે. કુંભાર, મોચી, દરજી, લુહારીઆ, ભંગી મો મળ્યા અને ધાગ કરી કરીને ગુપ્તપણે પાળવા લાગ્યા, ત્યારે આપણી કૉન્ફરન્સના ઠરાવ માત્ર ચોપડામાં સડવા કરે છે! તેઓશ્રી વિશેષમા જણાવે છે કે, કચ્છ-ભાડીઆ (માંડવી નજીક) મા સ્થા નકવાસી જૈનોમા આપસઆપસના તાણાતાણી થઇ કોર્ટે કેસ ગયો છે અને તેનુ કારણ એકલવિહારી મુનિને આશ્રય ન આપવાના અમુક ઠરાવને અગે પડેલો મતભેદ છે. અન્તે પ્રભુને પ્રાર્થના કરીએ કે, શાન્તિ મળવાની સન્મતિ આપો અને ધર્મના નામે તાણાતાણી કરવાના એથી દૂર રહેવાની શ્રાવકોને બુદ્ધિ આપો!

અધુરા લેખો.

'દીક્ષા કોને આપી શકાય?' એ સમ્બન્ધનાં નજીવા લેખો પૈકી જે છાપવા બાકી છે તે, તથા :Jain Diksha નો બાકીનો ભાગ, તેમજ બીજા અધુરા લેખો હવે પછીના અકમા પુરા કરવાના આવશે.

'મહાવીર-મિશન' સંબધે કેળવાતો જતો લોકમત.

શ્રી 'મહાવીર-મિશન'ની જે યોજના ગયા અકમા પ્રગટ કરવામાં આવી હતી, તે સબધમા જાણીતા પ્રોફેસર આનદશકર બાપુભાઇ ધ્રુવ M. A. LL. B, બે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન મહાશયો, સ્થા૦ જૈન કૉન્ફરન્સના ધર્મપ્રેમી અને ઉત્સાહી ઉદાર પ્રાન્તિક સેક્રેટરી રા. બ. કાળીદાસ નાગરદાસ, અનુભવી અને શાસ્ત્રરસીક વકીલ શ્રીયુત અમરચદભાઇ કાળીદાસ અને બીજા કેટલાક ગૃહસ્થોના પત્રો મળ્યા છે, તેમજ પજાબના બે વિદ્વાન મુનિવરો, કચ્છના બે કર્મયોગી મહાત્માઓ, કાઠિયાવાડના શતાવધાની વિદ્વાન મુનિ શ્રી રત્નચદ્રજી મહારાજ અને કવિ શ્રી નાનચદ્રજી મહારાજ વગેરેના પણ ઘણા લાગણી ભર્યા પત્રો મળ્યા છે, જે સાર હવેના અકમા પ્રગટ થશે મુનિરત્નો, અગ્રેસરો અને સુશિક્ષિત યુવાનો! ધર્મ, કોમ, સઘ અને દેશની દાઝ હૃદે ધરી યોજના ઉપર વિચાર કરો અને યોગ્ય લાગે તો તેને અમલમા મૂકવા સાધનોની પ્રાપ્તિ માટે કોશીશ કરો

લવાજમ બાકી માટે ખાસ ઠરાવ.

જે મહાશયો પાસે આ પત્રનું લવાજમ બાકી હોય તેમણે તે તા. ૧ ઑક્ટોબર સુધીમા મોકલી આપવા કૃપા કરવી. તે મુદ્દત અંદર જેઓનું લવાજમ નહિ આવે ત્હેમના પત્રનું ત્હેણું માંડીવાળી નામ કમી કરવામા આવશે. હવેથી પહેલા અંક સાથેજ લવાજમ વસુલ કરવામા આવશે ઉઘરાણી અને હિસાબની કડાકુટ કરનાર મરહુમ અધિપતિના સ્વર્ગવાસ પછી હવે ખાસ આ કામ માટે કોઇ માણસ નિયત કરવામા આવ્યો નથી. માસિક ફક્ત Labour of Love ધર્મપ્રેમ ખાતર કરાતી મજુરી તરીકે ચલાવાતુ છે. માટે હિસાબી કામ પાછળ મુદ્દલ વખત ખર્ચી શકાશે નહિ. જેમની ઇચ્છા દર વર્ષના પહેલા અંક સાથેજ લવાજમ મોકલવાની હોય ત્હેમણેજ ગ્રાહક થવુ.

पर्यूषणनी कुमकुमपत्रिका.

कार्ड तेमज नोटपेपर (गुजराती अने हींदी).

मूल्य—१०० मतना ०—८—० पोस्टेज जुदुं.

जैन इतिहासिक नौंध.

इस हिंदी कीताबमें महावीर प्रभुसे आज तकका जैन इतिहास, व साधुमार्गी जैन धर्मकी सच्चाइकी सबुतीयां छपी गइ हैं. और मूर्तिपूजाके बारेमें अनेक दलीलें छपी हैं. शीर्फ २५ प्रत एक महाशय तर्फसे मीली है.—मूल्य ०—८—०.

पोपटलाल मोतीलाल शाह.

सारंगपुर—अमदावाद.

જેલ—યાત્રા એટલે શું ?

જેલના નામથી પણ લોકો ભય પામે છે, પણ તે માત્ર અજ્ઞાન-નુંજ કારણ છે. જેલની સ્થાપના શા માટે થયપાઈ, હિંદની જેલો કેવી છે, વીલાયતની જેલો કેવી છે, જેલનાં કેટલા સુધારા થવાની ખાસ જરૂર છે, આ દુનીયામાં રાજની જેલ ઉપરાંત બીજી કેટલી જાતની જેલો છે, કુટુંબની જેલ—રીવાજની જેલ— જડવાદની જેલ—ઇચ્છાની જેલ વગેરેના સ્વરૂપ અને સર્વ પ્રકારની જેલોમાં પડ્યા છતાં આનંદમાં કેવી રીતે રહી શકાય તેનું માર્ગ સુચન એક **સમાજ સુધારકે પોતે સઘળી જાતની જેલોનો અનુભવ લઈને કર્યું છે** વળી તેમાં દાખલાના મુદ્દાઓ તેમજ ધર્મશાસ્ત્રનાં પ્રમાણો અને દલીલોના ભંડાર છે. પુસ્તક વાંચવા જેવું છે.

ચાલુ ચાતુર્માસમાં નામ નોંધાવનાર માટે ખાસ ઓછા ભાવ—રૂ. ૧) માત્ર પાછળથી ૧॥) નામ નોંધાવવાનું ઠેકાણું:— 'જૈન હિતેચ્છુ' ઓફીસ, સારંગપુર તળીયાની પોળ અમદાવાદ.

☞ આ અંકમાં કુલ પૃષ્ઠસંખ્યા ૨૦૦ ઉપરાંત છે. ☜

'જૈનહિતેચ્છુ'ના નૉવ્હેમ્બરના અંકની વિષયાનુક્રમણિકા.

૧ પ્રાસંગિક નોંધ:—

जीवन आपवा वहार पडेला अर्थात् कॉन्फरसने पोताने खर्चे नोंतरवा तथा कॉन्फरन्सना दरेक फंडमां म्होटी रकमोनी सखा-वत करवा वहार पडेला सद्गृहस्थ श्रीयुत सुखदेवसहायजी (लाला नेतरामजी रामनारायणजीना सुपुत्र) ने कोण नथी पीछानतुं ? ते उदार दीलना महाशये जेम स्वधर्मसेवा खातर म्होटां खर्च कर्यां छे तेमज हैद्रावाद राज्य माटे पण घणुं कर्युं छे, जेनी कदरदानी तरीके नामदार नीझाम सरकारे हमणां त्हेमने ' राजा वहादूर ' नो मानवंतो खीताव एनायत कर्याना खुशखवर फरी वळ्या छे. राजा वहादुर सुखदेवसहायजी अमारा आखा हिंदना स्वधर्मीओमां पहेलाज 'राजा वहादूर' छे अने ए मानवंतो खीताव भोगववा तथा जे धर्मना प्रतापे त्हेमने आवुं म्होटुं मान मळ्युं छे ते धर्मनो दीन प्रतिदीन वधारे सेवा वजाववा तेओ लांवुं आयुष्य पामो एज प्रार्थना छे

समाजसेवामां जैन मुनिनो फाळो.

લિંબડીની શ્રી 'અજરામર જૈન વિદ્યાશાળા" નો એક મેળાવડો ગઇ તા ૯ મીએ લિંબડી સ્થાનકમા થયો હતો, જે પ્રસગે સદરહુ સ્ટેટના દીવાન સાહેબ શ્રીયુત ઝવેરભાઈએ સદરહુ 'વિદ્યાશાળા'ની તથા શ્રી ' દીપચંદજી શ્રાવિકાશાળા ' ની આબાદી મુનિરત્ન શ્રી **નાનચંદજી** મહારાજને આભારી છે એમ જણાવતા મુનિવર્ગ સમાજસેવામા કેટલો ફાળો આપી શકે એ સબધમા જાણવાજોગ વિચારો દર્શાવ્યા હતા તેઓ બોલ્યા હતા કે, " એ મહાત્મા સમાજના ભલા માટે જે પ્રયાસ કરે છે તે અવર્ણનીય છે એવાના પરિચયમા આવવાથી—એમના પવિત્ર વાતાવરણમા રહેવાથી આપાણુ **જીવન ઉચ્ચ બને** છે, આપણામાં સદ્ગુણોનો સચાર થાય છે પાચસો રૂપિયાનો પગારદાર પ્રોફેસર જેટલુ કામ ન કરી શકે તેટલુ આવા મહાત્માઓ કરે છે આ મુનિના સમાગમમાં આવવાથી મ્હને માલુમ પડ્યુ છે કે જૈન સપ્રદાયના સાધુ

જૈન અને જૈનેતર પંથોના ગુરૂઓ પૈકી જેઓ ઉપર કહેલા લાભ સમાજને પહોંચાડવાનું 'મિશન' ચલાવતા હોય અગર જેઓ હજુએ એવા કામને માટે લાયક બની ઉદ્યમ કરવા તૈયાર હોય તેઓજ માત્ર સમાજની રોટલી અને સન્માનના હકદાર છે. બીજાઓ ગમે તેવી ઉત્તમતાનો દાવો કરતા છતા આ દેશને આ કાળમા તો [illegible] રૂપ છે. ભાર રૂપ છે, ભૂખથી મરી રહેલા દુષ્કાળીઆના શિર પર ચ્હડી બેઠેલા વ્યાધિ રૂપ છે સમાજમા કોઇએ રળવાનું, કોઇએ ગૃહવ્યવસ્થા કરવાનું, કોઇએ સમાજવ્યવસ્થા કરવાનું, અને કોઇએ સમાજને અધોગતિમા ઉતારી પાડનાર તત્વો વિરૂદ્ધ નિયમિત રીતે ચેતવણી આપતા જવા સાથે પ્રગતિમા લઈ જનાર તત્વો સમાજ સમક્ષ અહોનિશ રજુ કરવાનું (અર્થાત્ વ્યવહારૂ ઉપદેશનું) કામ કરવાનું છે એ રીતે જૂદી જૂદી વ્યક્તિઓએ સમાજરૂપી મંડળના જૂદા જૂદા અંગોની જગા સાચવવાની છે. જે અંગ એક [illegible] બીજા પ્રકારનું કામ કરતું નથી તે અંગ 'જૂઠું' પડી ગયેલું [illegible] થએલું ગણાય છે અને તે ઉલટું આખા શરીરને ભારરૂપ [illegible] નુકસાનકારક થઈ પડે છે. જે સાધુ, જે ગૃહસ્થ, જે સ્ત્રી, જે [illegible] અને જે રાજદ્વારી પુરૂષ પોતપોતાને રસ્તે સમાજને ઉપયોગી [illegible] તેવા કામમા રોકાયલા રહેતા નથી, તેઓ જૈન આ અનેક [illegible] રહેલા દેશમાથી પોતાની મેળે જ રૂખસદ લઈ દરી[illegible] કોઈ દેશ વસાવે અને આ દેશને હેમના દર્શનથી દૂર [illegible] તો આ દેશ નજદીકના ભવિષ્યમા પુનરૂત્થાનની [illegible]

हिंदुस्ताननो श्रेष्ठ गणिताचार्य कोण? एक जैन!

દળાયલા ઘઉંની રોટલીમા સચાથી દળાયલા સફેદ આટાની બનેલી રોટલી કરતાં ૨૦૦ ટકા વધુ ફૉસ્ફેટ હોય છે. ” ડૉ. હ્યુડર બ્રન્ટન કહે છે કે અમેરિકામા દંતવૈદ્યોની સંખ્યા વધારે હોવાનું કારણ એ છે કે, ત્હા મારામાં સારી આટાની મીલો છે! આટો જેમ વધારે બારીક અને વધારે સફેદ બને તેમ મીલ વધારે સારી કહેવાય છે; અને એવોજ આટો અર્થાત્ બહુ સફેદ અને બારીક આટો જ ઓછામાઓછા સત્વવાળી રોટલી બનાવે છે, અને તેથી દાંત પણ ખરાબ થાય છે, તેથી તેવા દેશમાં દંતવૈદ્યનો હુન્નર વધારે ચાલે જ!

દેશી ઘંટી એ એક સસ્તામાં સસ્તી, વધુમાં વધુ ફાયદો આપનારી દેશી મીલ છે, કે જે દરેકના ઘરમા હોવી જોઇએ અને તે વડે જરૂર જેટલો આટો અવારનવાર દળી લેવો જોઇએ. એથી ઘઉંની મીઠાશ, પૌષ્ટિક તત્વ વગેરે કાયમ રહે છે અને નીમકતત્વ પણ કાયમ રહેવાથી દાંત બગડતા નથી. ફૅશનના આ જમાનામા સ્ત્રીઓના શરીરને ઘણે ભાગે અનેક રોગો વળગેલા જ હોય છે અને તે મુખ્યત્વે નિરૂદ્યોગીપણાને અને એશઆરામને જ આભારી છે, જો દરેક કુટુંબમા ઘંટી રાખવામા આવે અને દરેક સ્ત્રી શક્તિ મુજબ શેર-બશેર ઘઉં પોતાના હાથે દળવાનો રીવાજ રાખે તો આખા કુટુંબને પૌષ્ટિક ખોરાક મળે એટલું જ નહિ પણ તે સ્ત્રીના આખા અંગને ઘણી આનંદી અને આરોગ્યવર્ધક કસરત મળે, કે જે કસરત વિના ચલાવી લેવું તે એક ગંભીર ભૂલ છે.

સંચાના આટામા જીવાત પડે છે તે પ્રત્યક્ષ જોઇ શકાય છે, અને જે જઠરને ખરાબ કરે છે તૈયાર મળતો આટો ગમે તેવા હલકા અનાજમાથી, ગમે તેવા પથરા-કાંકરા-જીવાત વગેરેથી મિશ્ર થયેલા અનાજમાથી બનાવવામા આવે છે અને તેથી તે નુકશાનકારક નિવડે એમા કાંઇ જ શક નથી.

બુદ્ધિમાન સ્ત્રી પુરૂષો આથી જોઈ શકશે કે હાથથી દળેલો જ આટો વાપરવો એ તનદુરસ્ત તેમજ જીવદયા એમ ઉભય દ્રષ્ટિએ ઉત્તમ છે. આશા છે કે મુનિમહારાજો જ્યારે જ્યારે પડસુદીની વિરૂદ્ધ પોકાર ઉઠાવે ત્હારે ત્હારે આ બુદ્ધિગમ્ય દલીલો પ્રથમ રજુ કરશે અને પછી જ દયાની અપીલ કરશે, કે જેથી ત્હેમનો ઉપદેશ વધારે કારગત થઈ પડશે.

ગ્યાયલું 'સાયન્સ' અને વિચારશક્તિમાંથી ઉદ્ભવેલી 'ફીલસુફી' એ બે પાછળ આ દેશના લોકો ખરા દીલથી નહિ લાગે ત્હાં સુધી ભુખમરો, કુધારાની બેડીઓ, ધર્મના નામે થતી પોપલીલાઓ અને પરતંત્રતા કદી બંધ પડશે નહિ

दुनीआनुं बदलाइ जवानुं भविष्य.

રેલ્વે, સ્ટીમર, તાર વગેરેની શોધોએ જુની દુનીઆનું સ્વરૂપ બદલીને આજની સ્થિતિએ પહોંચાડયું છે, પણ હજી એક સૈકામાં શું શું ફેરફાર થશે અને દુનીઆ કેવું સ્વરૂપ ધારણ કરશે તે બાબતમાં જોશી લોકોના નહિ પણ પદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓના મુખથી ભવિષ્યકથન સાંભળવાને સર્વ કોઇ તલપી રહ્યા છે. દરમ્યાનમાં પ્રખ્યાત અમેરીકન શોધક મી. ઍડીસન 'કૉસ્મોપૉલીટન મૅગેઝીન' નામના ન્યુસપેપરમાં એક આશાજનક સંદેશો અને ભવિષ્યકથન પ્રગટ કરે છે. તે લખેછે કે, નીચેની બાબતોની શોધ થવાનો વખત હવે બહુ દૂર નથી - (૧) કાપડ, બટન, દોરા, ટિસ્યુપેપર અને પેસ્ટબોર્ડ એ સર્વ ચીજો એક યંત્રના એક છેડેથી નાખવામાં આવશે અને ત્હેમાંથી કપડાં શીવાઈ, બટન વગેરે ચોંટાઇ, વળાઇ, એક પેટીમાં પૅક થઈ બીજે છેડેથી બહાર નીકળશે અર્થાત્ દરજીની જરૂર રહેશે નહિ. (૨) ખુરશી, ટેબલ કબાટ વગેરે ફર્નીચર હાલ જે લાકડામાંથી બને છે તેથી અગ્નિનો ભય રહે છે અને જલદી ભાગી જાય છે, ત્હેને બદલે હવે સ્ટીલ-પોલાદમાંથી ફર્નીચર બનશે, કે જે લાકડાના ફર્નીચરથી પાંચમા ભાગના ખર્ચે બનશે અને તે કરતાં વજનમાં પણ હલકું બનશે; કારણ કે ઘણા થોડા પોલાદમાંથી તે બની શકશે. વળી ત્હેને કોઇપણ લાકડાના જેવો આબેહુબ રંગ આપી શકાશે. (૩) અગાઉ તાડપત્ર પર લખવામાં આવતું, હાલ કાગળ ઉપર લખવામાં આવે છે, પણ તે બન્નેથી વધારે ટકાઉ, ચીકણો, સ્હેલાઇથી ગડી વાળી શકાય તેવો અને તે સાથે વળી સસ્તો પદાર્થ હવે જડી આવ્યો છે, કે જે 'નીકલ' નામની ધાતુ છે, જેના ૨૦૦૦૦ ઇંચ જાડાઇના પતરામાંથી કાગળ બનશે ઉધઇ આ કાગળને કદી હરકત નહિ

धर्मों प्रत्ये सरकारनी राजनीति.

દુનીયામાં જે જે મનુષ્યો એક યા બીજા ધર્મને માને છે તેઓ તે ધર્મને સઘળા પદાર્થો કરતા અને પોતાના પ્રાણ કરતાં પણ વધુ કિમતી અને પવિત્ર માને છે તેથી દરેક ડાહી સરકાર કોઇ પણ ધર્મવાળાની ધાર્મિક લાગણી દુખવવાથી જેમ બને તેમ વેગળા રહેવાની રાજનીતિ પસંદ કરે છે, અને એવી વ્યવહારકુશળ સરકાર પ્રાય પ્રજા તરફથી બહુમાન અને પ્રેમ ખાટી શકે છે.

આ સામાન્ય અક્કલની વાત કેટલાક તુંડમીજાજી અમલદારો અને ઍન્ગ્લો-ઇંડિઅન છાપાવાળાઓના અનુભવમાં ન આવેલી હોવાથી તેઓ કેટલીક વખત રાજા-પ્રજા વચ્ચે અથડામણ ઉભી કરવાના કારણરૂપ બને છે, કે જે અથડામણના કડવા પરિણામ દૂર કરવા માટે શાણા અમલદારોએ અને રાજા-પ્રજા બન્નેને વફાદાર રહી પોતાનુ કર્તવ્ય બજાવનાર મુજ્ઞ છાપાવાળાઓએ પાછળથી સખ્ત જેહેમત ખેચવી પડે છે.

હિંદના સદ્‌ભાગ્યે હમણા હમણા બે દાખલા એવા બનવા પામ્યા છે, કે જેહેમા હિંદના ધર્મો ઉપર માનની દ્રષ્ટિ રાખી કામ લેવામા આવ્યુ છે આ બેમાનો એક, હિંદના મુસલમાનોને લગતો અને બીજો જૈનોને લગતો છે આબુ ઉપરના જૈન મંદીરનુ નિરીક્ષણ કરવા માટે આવતા યુરોપીઅન વીઝીટરો છેલ્લા કેટલાક વર્ષો થયા બુટ સાથે અંદર જતા હતા અને તેહેમને જૈનોની ધાર્મિક લાગણી દુખાતી હોવાનુ જાહેર કરી કૅનવાસના જોડા પહેરવાની અરજ કરવામા આવતી તે તરફ તેઓ બહેરા કાન કરતા હતા. આથી કેટલીક વખત કજીઆ પણ થતા પણ 'સો સારૂ જેહેનુ છેવટ સારૂ" એ મુજબ ઘણા વર્ષોની આ ફર્યાદ છેવટે રાજપુતાનાના મે૦ એજન્ટ-ટુ-ધીગવર્નર જનરલ સર કૉલવીન સાહેબે દૂર કર્યાની ખુશખબર હમણા તેઓ સાહેબ તરફથી આબુના મેજીસ્ટ્રેટ સાહેબે મુંબાઇની શ્રીજૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફિસને જણાવી છે, જેમા તે લખે છે કે " યુરોપીઅન વીઝીટરોને ચામડાના બુટ બદલી કૅનવાસના બુટ પહેરી દાખલ થવાના સહાવી ગવર્નમેન્ટ ઑફ ઇંડિઆ આપે છે' આમા હિંદના શ્વેતામ્બર જૈનોની બનેલી કૉન્ફરન્સની અરજને

સરકારો હમેશ પ્રજામતને મહત્વ આપતી આવી છે. અને કૉન્ફરન્સનો અવાજ એ સમસ્ત હિંદના જૈનોનો પ્રજામત છે, એમ સરકાર સારી રીતે સ્હમજી શકી છે. આગેવાનોમા જો કાંઇ પણ સામાન્ય અક્કલ હોય તો તેઓએ હવે કૉન્ફરન્સ પ્રત્યેનો દ્વેષ દૂર કરવો જોઇએ છે, અને ત્હેમાં સુધારણાનો અવકાશ પોતાને જણાતો હોય તો તે સુધારા સૂચવવા અને દાખલ કરાવવા બહાર પડવું જોઇએછે, પણ પોતાની સત્તાના લોલપી બની માત્ર ઇર્ષ્યાથી કોન્ફરન્સને તોડી પાડવા ઇચ્છવું એ તો આત્મઘાતી પગલુ જ છે એમ હવે તેઓએ બરાબર મ્હમજવું જોઇએ છે. આ જમાનો સંયુક્ત બળનો છે અને કૉન્ફરન્સ એ એકજ સાધન છે કે જે સયુક્ત બળ ઉત્પન્ન કરી શકે. કૉન્ફરન્સ વડે સયુક્ત બળ વધારીને સમસ્ત તીર્થસ્થળો માટે આવો જ ઠરાવ કરવાની સરકારને અરજ થવાની જરૂર છે.

विलायतमां जैन धर्मशाळा.

દિગબર જૈન વિદ્વાન શ્રીયુત જગમદીરલાલ જૈની M. A હાલમા ઇંગ્લડમા રહી પોતાનો બૅરીસ્ટર તરીકેનો ધધો ચલાવે છે તેઓ 'જૈન ગૅઝીટ' જેવુ ઇંગ્લીશ માસિક સપાદ કરવાનુજ કામ કરી બેસી ન રહેતા ઇંગ્લડ ખાતે (લંડનમા કે ત્હેની નજીકમા) એક જૈન બૉર્ડીંગ હાઉસ સ્થાપવા કોશીશ કરે છે આજકાલ ઘણા હિંદુઓ અને જૈનો ઝવેરાત તથા મશીનરીના વ્યાપાર માટે તથા સીવીલ સર્વીસ, બૅરીસ્ટર, ઇન્ડીઅન મૅડીકલ સર્વીસ વગેરેને લગતી પરીક્ષાઓ માટે ઇંગ્લડ જાય છે અને ત્હેમને જો કે હવે વનસ્પત્યાહાર ની સવડ પહેલા કરતા ઘણી સારી મળતી જાય છે તો પણ આપણા દેશમા જેટલી સ્વચ્છતાથી , અને જેટલો સ્વાદીષ્ટ વનસ્પતિ ખોરાક મળી શકે તેટલી સ્વચ્છતાથી અને તેટલો સ્વાદીષ્ટ ખોરાક વિલાયતના મળી શકતો નથી, તેથી જેવો તેવો વનસ્પતિ ખોરાક જેમ તેમ લેઇ સતોષ વાળવો પડે છે પરન્તુ જો લંડન જેવા શહેરમાં પ્રયોગ તરીકે એક જૈન બૉર્ડીંગહાઉસ શરૂ કરવામા આવે અને ત્હેમા જૈન તેમજ અન્ય હિંદુઓને ખાવાની સવડ કરી આપવામા આવે, અને તે સસ્થાન ફળીભૂત થયેથી ઇંગ્લડના બીજા ઉપયોગી સ્થકોમા એવી

પર આવેલો મ્હારા વાંચવામાં આવ્યો હતો. ત્હેમાં તે જણાવે છે કે બીડી પીવાની ટેવ મજકુર સંસ્થાના સઘળા મેમ્બરોની સાથે પોતે પણ છોડી દીધી છે. જૈન સાહિત્યનો અભ્યાસ કરવો અને ત્હેનો પ્રચાર કરવો એ આ સંસ્થાનો મુખ્ય આશય છે અને ત્હેમાં દેશ કે ચામડી કે જ્ઞાતિના ભેદને દૂર ગણી હરકોઈ જિજ્ઞાસુને લાયકાતના ધોરણ પર જ દાખલ કરવામાં આવે છે. આજે એક બીજરૂપે હયાતી ધરાવતી આ સંસ્થા આગળ ત્હેનું કોઈ બીજું રૂપ એક વખતે આખી દુનીઆના વિચારશીલ સુશિક્ષિત વર્ગને 'શાસન રસી' બનાવનાર મ્હોટા વૃક્ષ રૂપે ફાલશે; પણ એમ થવા પામવા પહેલાં જૈન ગ્રેજ્યુએ-ટોને ધર્મ સાહિત્યનો ઉંડો અભ્યાસ કરવાની સગવડ કરી આપનારી ઉદાર સ્કૉલરશીપો નીકળવી જોઈશે અને સ્કૉલરશીપની સગવડથી જૈન સાહિત્ય અને જૈન અધ્યાત્મવિદ્યાનો ઉંચો અભ્યાસ કરવા પામેલા યુવાનોએ યુરોપ-અમેરીકા-જૅપાનમાં પોતાનું 'મિશન' ફેલાવવા સ્વર્ગસ્થ બંધુ **વીરચંદ રાઘવજી ગાંધી** કરતાં વધારે લાયકાત અને વધારે દ્રવ્ય સાથે નીકળી પડવું જોઈશે. શ્રી **શાસનનાયક** દેવ આ ક્ષુદ્ર હૃદયની ઉર્મી રૂપ ભવિષ્યકથન ખરૂં પાડો!

केळवायला वर्गना शिर उपर मुकातुं लांबा वखतनुं कलंक दूर करनार पूज्य पुरुषो.

ખરી કેળવણી મગજ તેમજ હૃદય બન્નેને કેળવે છે; વિચાર શક્તિ તેમજ દયાળુવૃત્તિ એ ઉભયને ખીલવે છે પરંતુ હિંદમાં આજકાલ અપાતી કેળવણી હજી અપૂર્ણ છે; **આપ-બળનું** તત્વ શિખવવામાં તે જેમ અસમર્થ છે તેમજ **હૃદયને** કેળવવામાં પણ તે પછાત પડી છે. સુભાગ્યે દેશના શુભેચ્છકો આધુનિક કેળવણીની આ અપૂર્ણતા જોઈ શકયા છે અને સરકારે પણ નૈતિક અને ધાર્મિક તત્વો એક અથવા બીજા રૂપમાં દાખલ કરવાની જરૂર સ્વીકારી છે. આસ્તે આસ્તે પ્રજા અને રાજાના ભિન્ન ભિન્ન પ્રયાસોથી આ દેશમાં અપાતી કેળવણી સંપૂર્ણ બનવા પામશે; અને તે વખતે કેળવાયલો વર્ગ માત્ર 'જ્ઞાનની તીજોરી' નહિ બનતાં બુદ્ધિશાળી, સ્વાત્મસશ્રય પ્રેમી, પરોપકારપરાયણ અને અધ્યાત્મરસીક થશે તે વખત આવતાં

સુધીમાં કેળવાયલા વર્ગ ઉપર સ્વાર્થપરાયણતાનો આરોપ મૂકાતો આવ્યો છે અને હજુ થોડોઘણો ચાલુ રહેશે જનસમાજ ફર્યાદ કરે છે કે "ભણેલા વકીલો, ડાક્ટરો, ગ્રંથકારો અને અમલદારો પોતાના વ્યાપારી ભાઇઓને કહે છે કે, અમુક કામ સારૂ છે માટે ત્હેમાં ધન આપો, પણ પોતે તો જાણે બોલવાને જ સર્જાયલા હોય-દયા કરવાને નહિ, એવું વર્તન રાખે છે". આ ફર્યાદ ઘણે ભાગે છે પણ ખરીજ. તથાપિ હમણા હમણા આધુનિક કેળવણી પામેલા કેટલાક વિદ્વાનોએ મ્હોટા આત્મભોગ આપીને કેળવાયલા વર્ગ ઉપર મુકાતું આ કલંક કેટલેક અંશે દૂર કર્યું છે, એ ઘણું જ આનંદ પામવા જેવું છે

મુંબઇની હાઇકોર્ટના મરહુમ જજ્જ મી ટેલંગના સુપુત્ર જેઓ પણ એક ઍમ્ એ છે તેઓએ પોતાની આખી લાઇબ્રેરી (જે હજારોની કિંમતની છે) બનારસ સૅન્ટ્રલ હિંદુ કૉલેજને અર્પણ કરવા ઉપરાંત પોતાની જીંદગી કેટલાક વર્ષથી વગર પગારે મજકુર કૉલેજમાં કામ કરવાને અર્પણ કરી છે તેવીજ રીતે અમદાવાદના એક વખતના સેસન્સ જજ્જ મી દયારામ ગીદુમલ પણ પોતાની લાખોની મીલ્કત પરોપકારના કામમાં ખર્ચી ચૂકયા છે અને પોતાનો પગાર 'સેવાસદન' જેવા પરોપકારી ખાતામાં અર્પણ કરતા દીવાન બહાદુર પી આયંગર (રીટાયર્ડ ડિસ્ટ્રીક્ટ જજ્જ અને હાલમા ઍડવોકેટ) એઓએ ધાર્મિક, પરોપકારી અને વિદ્યાવર્ધક કામો માટે રૂ ૧ લાખની રકમ જૂદી કહાડીને પાંચ સ્વતંત્ર ટ્રસ્ટીઓને સ્વાધીન કરી છે સૌથી વધારે આશ્ચર્યમાં ગરકાવ કરનારી સખાવત તો ઑનરેબલ ડૉ રાશબિહારી ઘોસની છે, કે જેઓએ કલકત્તા યુનિવર્સીટીને સાયન્સના અભ્યાસની શાખા વધારવા માટે તથા બીજા કેટલાક કામો પાછળ એકંદર મળીને રૂ ૩૫ લાખની રકમ અર્પણ કરી છે અને ત્હેમની રકમમાંથી ચાલવાની કૉલેજમાં અભ્યાસ કરાવવા માટે હિંદી પ્રોફેસરોને જ રાખવાની શરત કરી છે થોડા વખત પહેલા મી પલીત નામના જાણીતા ધારાશાસ્ત્રીએ પણ દશ લાખની બાદશાહી સખાવત કરી હતી. આનું નામ કેળવણીનો સદુપયોગ! આનું જ નામ ખરી કેળવણી! મગજ અને હૃદયની કેળવણીના આ જ પ્રમાણપત્રો છે, બાકી તો ભણતર ભણનારા ભણીભણીને જીવનયુદ્ધમાં પડેલા અજ્ઞાનોના ભોગે પોતે શ્રીમંત બને છે અને કેળવણી રૂપી શસ્ત્ર સ્વરક્ષણ અને સંગ્રહના સાધન તરીકેજ વાપરે છે, તેથી તે

શસ્ત્ર કવચિત્ અજ્ઞાનતા કરતા પણ વધારે ભયંકર થઈ પડે છે. ખરી વાત છે કે, સઘળા ડાકટરો, વકીલો, અમલદારો અને લેખકો મી. પલીત, મી. ટેલંગ, મી. ઘોસ કે મી દયારામ જેટલી મ્હોટી સખાવતો કરવાની સ્થિતિમાં હોઇ શકે નહિ, પણ સખાવતનું ધોરણ રૂપીઆની **સંખ્યા** પર આધાર રાખતું નથી. જેઓને મહીને ૫૦-૧૦૦ ની જ આવક હોય તેઓપણ મહીને ૫-૧૦ ની રકમ હરકોઇ ઉત્તમ કામ પાછળ ખર્ચી શકે, સવાલ માત્ર એટલોજ છે કે, જેટલું લક્ષ પેટ ભરવા ઉપર છે તેટલુંજ લક્ષ આત્મવત્ સ્વદેશી ભાઇઓના અનેક પ્રકારના દુઃખો દૂર કરવાના અને જરૂરીઆતો પુરવાના અનેક કામો પૈકી વિવેકપૂર્વક **એક** કે શક્તિ અનુસાર **વધારે** કામોમા સહાયભૂત થવા તરફ પણ હોવુ જોઇએ એવુ લક્ષ જેઓ ધરાવતા હોય છે તેઓ તો "પેટવરામાથી પુન્યદારો" કરવા જરાકે અચકાતા નથીજ જ્ઞાતિઓમાં ચાલતા સડા અને ધર્મપંથોમા ચાલતા વહેમોને માટે સૌથી વધારે જોખમદાર કોઇ હોય તો તે તે જ્ઞાતિઓ અને ધર્મપંથોમા જન્મેલા **કેળવાયલા** સખસોજ છે, કે જેમણે પોતાના પડોશીઓના બુરા રીવાજો અને અજ્ઞાનતા દૂર કરવામા પોતા તરફના શ્રમનો તથા દ્રવ્યનો ફાળો નથી આપ્યો હોતો આવા નામના કેળવાયલાઓ ખરેખર અજાન લોકો કરતા પણ વધારે દયા ખાવા જેવા છે ખરેખર **મગજશક્તિ ખીલવવી સહેલી છે, પણ હૃદયબળ ખીલવવું પ્રમાણમાં ઘણું કઠીન છે.**

ઉપરની સખાવતો ઉપરથી જૈન વકીલ, ડાકટરો અને અમલદારો વગેરેએ જેમ 'શિખામણનો પાઠ' લેવાનો છે તેમ જૈન શેઠીઆ વર્ગે પણ એક જુદી જાતનો પાઠ સમજવાનો છે જૈન શેઠીઆઓ અલબત ઘણે પ્રસંગે સખાવત કરે છે, અને કેટલીકવાર તો માદશાહી રકમોની સખાવત કરે છે, પણ તેઓની સખાવત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેના **વિવેકપૂર્વક** થતી નથી દેરા-અપાસરા વધારવામા લાખોના પાણી થાય છે, પણ દેરા-અપાસરાને સાચવનારા ભૂખે મરી દેશમાથી જૈન વસ્તી ઘટતા જાય છે તેનુ તેમને ભાન નથી વળી પ્રીંકડા વગેરે અજ્ઞાનના સાધન રચવા પાછળ, જૈનોને **ન્યાયોપાર્જીત** દ્રવ્ય મેળવવામા પડતી મુશ્કેલીઓ દૂર થાય એટલા માટે ઉચ્ચ શિક્ષણ, નાના, વ્યાપારી શિક્ષણ વગેરે આપવાની મગવડ કરવા પાછળ જૈન સાહિત્યનો અભ્યાસ અને પ્રચાર કરવાના સાધનો ઉભા કરવા

પાછળ અને જૈનોમાં પડતી કન્યાપ્રાપ્તિની મુશીબત તથા ચાલતા કન્યાવિક્રયાદિ કુધારા દૂર કરવા માટે આખા હિંદના ત્રણે ફીરકાના જૈનો વચ્ચે પરસ્પર લગ્નવ્યવહાર થાય એવી હીલચાલ કરવા પાછળ. ઇત્યાદિ કામો પાછળ જે દ્રવ્ય ખર્ચાય તે જ **આજના** દ્રવ્ય-ક્ષેત્ર-કાળને સૌથી **વધારે** અનુકૂળ શ્રેષ્ટ પરિણામ આપી શકે ડૉ **રાસ**-બિહારી ઘોષ, મી. **તેલંગ**, મી **પલીત** વગેરેએ પોતાની સખાવતો કાંઈ સંકુચિત દૃષ્ટિથી કે જૂના જમાનાને બરતાં કામો પાછળ કરી નથી; તેવી રીતે જૈન સખાવતો પણ ઉચ્ચ આશયથી, વિશાળ દૃષ્ટિથી અને આજના જમાના-આજના સંજોગો તથા પોતાની શક્તિના સંપૂર્ણ ખ્યાલપૂર્વક થવી જોઇએ

खरे रस्ते करायली एक जैन बादशाही सखावत.

જૈન બાંધુઓ ધીમે ધીમે સખાવતના રસ્તા શિખવાની શરૂઆત કરવા લાગ્યા છે એ ખુશ થવા જેવું છે. બાબુ **પન્નાલાલજી જૈન હાઇસ્કુલ (મુંબઇ)** અને કેટલીક લાયબ્રેરીઓ તથા બૉર્ડીંગ હાઉસો આ કથનના પુરાવારૂપ છે તથાપિ હજી આવા વ્યવહારૂ દાન કરનારાઓએ પણ એક પાઠ શિખવાનો રહે છે, જે એ છે કે જે સંસ્થા પાછળ તેઓ દાન કરે છે તે સંસ્થા ઉપયોગી અને વ્યવહારૂ છે એટલી ખાત્રી કરીને જ બેસી ન રહેતા એ સંસ્થાની **વ્યવસ્થા** સારી રીતે કેમ ચાલે એ બાબતની પણ તેઓએ કાળજી રાખવી જોઇએ છે એવી જાતની બીજી સંસ્થાઓ ચલાવવામાં જેઓએ સ્નેહમદીથી ભાગ લીધો હોય એવા **અનુભવી** સુશિક્ષિત જૈનોને (અને એવા પુરતા જૈનો ન મળી આવે તો એકાદ જૈન અને બીજા ઉદારવિચારના જૈનેતર કાર્યવાહકોને) કમીટીમાં નીમવા જોઇએ અને વ્યવસ્થા તથા ફંડની સત્તા તેમને સોંપી દેવી જોઇએ ઘણીખરી જૈન સંસ્થાઓ—ખુદ **પન્નાલાલજી હાઇસ્કુલ** પણ સંતોષકારક કામ આપતી નથી, તેના બીજાં કારણોમાં ઉક્ત કારણ મુખ્ય છે. ખેતીમાં જેમ જમીન સારી હોવા ઉપરાંત, ખેતીનાં ઓજારો

અને મુડી પુરતી હોવા ઉપરાંત, **અનુભવી** ખેડૂત મેળવવાની અનિવાર્ય જરૂર રહે છે, તેમ કોઇપણ ખાતું ચલાવવામા દ્રવ્યની જરૂર સાથે અનુભવી અને આત્મભોગ આપી શકે તેવા કાર્યવાહકો નીમવાની જરૂર રહેલી જ છે.

ઈંદોરના એક પ્રસિદ્ધ દિગબર જૈન વ્યાપારી (શેઠ ત્રિલોકચદજી કલ્યાણમલજી)એ આવી દુરદેશી વાપરવાનુ શિક્ષણ પ્રથમથી મેળવ્યુ જણાય છે. તે ઉદાર દીલના સખી ગૃહસ્થે હમણાં **સવા બે લાખ રૂપીઆની** સખાવત જાહેર કરી છે, જેનુ વ્યાજ દરમહીને રૂ. ૭૫૦ આવશે અને તે વ્યાજ કેવા ખાતામા વાપરવાથી જૈનોની સોથી વધારે સારી સેવા બજી શકે એ બાબતમા ન્હેમણે જાહેર જૈન પ્રજાની સલાહ પૃછ્યાબાદ એક 'મૉડેલ જૈન હાઇસ્કુલ' કે જે આગળ જતા 'સૅન્ટ્રલ જૈન કૉલેજ'નું રૂપ લઈ શકે એવી સસ્થાની વ્યવસ્થા માટે કેવા નિયમો ઘડવા જોઇએ તે બાબતમાં અમુક ગૃહસ્થોની સલાહ પૂછાવી છે

શેઠ ત્રિલોકચદજી કલ્યાણમલજીની સવાબે લાખની આ સખાવત એક તરફથી બાદશાહી હોવા માટે પ્રશસાને પાત્ર છે તેમજ બીજી તરફથી તે રકમ વાપરવાની ન્હેમની કાળજી પણ પ્રશસાપાત્ર છે **સ્થાનકવાસી** જૈન વર્ગ કે જે જૈનના ત્રણે ફીરકામાં છેકજ પછાત પડેલો વર્ગ છે ન્હેને માટે 'મહાવીર મિશન' નામક સસ્થા સ્થાપવામા માત્ર ૩૦-૪૦ હજારના દાનની જરૂર છે તેટલી રકમ કોઇ એક અથવા બે ગૃહસ્થ મળીને ન આપી શકે તો તે વર્ગના શેઠીઆઓ કે જેઓ પૈકી કેટલાક લખેપતિ અને કેટલાક ક્રોડપતિ છે તેઓની લક્ષ્મી શા કામની છે ? તેઓની આગેવાન તરીકેની ડ્કાસ શા કામની છે ? લખપતિઓ અને ક્રોડપતિઓ. એક કોમમા હોય તે ન હોવા બરાબર જ છે, જો તેઓ આવુ એક સમસ્ત હિંદના શ્રાવકો તેમજ સાધુઓમા જરૂરી મધળી જાતના જ્ઞાનના પ્રચારની ગોઠવણ કરનારી સસ્થા માટે વગર પગારે તનતોડ મહેનત કરવા ખુશી બતાવનારના હાથમા માત્ર ૩૦-૪૦ હજાર રૂપૈડી જેટલી નિર્માલ્ય રકમ મકવા પણ તૈયાર ન હોય ! આજના અકમા અન્ય સ્થળે 'મહાવીર મિશન' સબધી વિદ્વાન મુનિરત્નો, શ્રાવકો અને જૈનેતર વિદ્વાનોના વિચારો પ્રગટ કરાયલા જોવામા આવશે, જેથી

મ્હમજાશે કે એ સંસ્થા કેટલી વ્યવહારૂ અને ઉપકારી તથા કેટલી અનિવાર્ય આવશ્યકતા ધરાવનારી છે આવા કામોમા ૫-૫૦ અને ૧૦૦ રૂપૈડી સેંકડો જગાએથી ભીખ માગી લાવવાની મ્હારી મુદ્દલ ઇચ્છા નથી "કેળવણી આપો ' કેળવણી આપો '" એવી પોકો મુકનારા ઘણાએ વકીલો અને સુધરેલાઓ સારી મુડી ધરાવે છે, તેઓ કા ન ૨૦-૨૫ હજારની રકમ કહાડી શકે ? શુ તેઓ પારકા છોકરાને જ યતિ કરવા માટે જન્મ્યા છે ? તેમજ આગેવાનીની પાઘડી બાંધી વગર ખર્ચે કે થોડા સો રૂપીઆના ખર્ચે સ્વધર્મીઓથી ખેચાતી ગાડીમા બેસી પોતાની છડી પોકરાવવાનુ માન ખાટી જનારા શ્રીમતો શા માટે ૫૦,૦૦૦ જેટલી રકમ ઉમગથી કહાડી ન આપે ? શુ એમના ૫૦, ૦૦૦ કુકા કરતા વૉલંટીઅર તરીકે કામ કરવા નીકળી પડતા કેળવાયલા કાર્યવાહકની જીંદગી ઓછી કિંમતી છે ? પાચ-દશ લાખમાથી ૫૦,૦૦૦ જવાથી કાઇ કોઇ ભિક્ષુક થઈ જતું નથી કે ત્હેનું શરીર ઓછુ થઈ જતુ નથી, જ્યહારે આ લખનાર જેવા મધ્યમ સ્થિતિના કાર્યવાહકો પોતાનો ચાલુ વ્યાપાર છોડી વગર પગારે પરોપકારી સંસ્થામા તનતોડ મહેનત કરવા નીકળે એ તો ખરેખર પૈસા અને શરીરબળ બન્નેનો ગજા ઉપરાતનો ભોગ આપવા બરાબર કામ છે; પણ 'પૈસાના ગુલામો'ને **બીજાના** ભોગોની કાઇ કિંમત હોતી નથી; એવી કિંમત ત્હેમને હોત તો પૈસાવડે વૃદ્ધ શ્રીમતો બાળકીઓને ખરીદી-પરણી-પોતાની પાશવ વૃત્તિનો ભોગ બનાવવા જેટલી ખુની પ્રવૃત્તિઓ ટદી કરતજ નહિ પણ એમને કોઇ બાબતમા પારકાના ભોગની ચિંતા જ નથી, 'પોતાનુ રક્ષણ અને બીજાનો ભોગ' એ જ એમનો પ્રાય સિદ્ધાત હોય છે પ્રિય સ્વધર્મી બધુઓ ! તમે લક્ષ્મી માતાને પત્ની બનાવનારા કુશીલીઆઓને આગેવાન તરીકેનુ માન આપી સઘને કલકીત કરતા અટકો અને અનાદર અને માનભગ દશામાંથીજ સ્વકર્તવ્યનુ ભાન ત્હેમને મેળવવુ પડે એવી રીત અગીકાર કરો. જેઓ કોમને કે દેશને તારશે તે જ આપણા મુરબ્બી છે, પછી તે શ્રીમત હો વા નિર્ધન, સાધુ વા ગૃહસ્થ, સ્વધર્મી વા વિધર્મી જેઓ હરામનુ માન લઇ એ માનમાથી પોતાની તીજોરીઓ ઉભરાવવાનુ કામ કરવામા લાગી પડયા હોય તેઓ તરફ તો અનાદર અને બેદરકારી જ બતાવવી જોઇએ

કોઇ સવાલ કરશે કે શ્રીમંતોની મદદ મેળવવા માટે **આવી** પ્રકાર કારગત ન થઈ શકે, પણ પ્રાર્થના જ કારગત થઇ શકે તેવા મહાશયો પ્રત્યે આ લખનાર ખુલાસો કરવા રજા લેછે કે, ખુશામતથી દાન કરનારા કોઇ દિવસ **મ્હોટી** રકમ કહાડી શકતા જ નથી, જેઓને હેડે દાઝ હોય છે તેઓજ મ્હોટા આત્મભોગ આપી શકે છે વળી નમ્ર પ્રાર્થના એ એક એવી ઉત્તમ અને બહુમૂલી ચીજ છે, કે જે માત્ર **લાયક** અને પરદુઃખભંજન મહાશયો માટે જ ભીઝર્વ્ડ રાખવા જેવી છે જેઓ સડેલા કે સાકડા હૃદયના છે હેમને ખુશામતના મમકાથી **વધારે** ખગાબ કરવાને બદલે ટકોરથી જાગૃત કરવા અને પોતાના ભવિષ્યનો વિચાર કરવાને પ્રેરવા એ જ જરૂરનુ છે જેઓએ કદી મ્હોટા દાન નથી કર્યા એવા, પણ **વિચારવંત,** શ્રીમતો તો આ પ્રકાર કરનારનો **નિઃસ્વાર્થ ભાવ** અને હેની તરફથી આવતી **વાજબી સલાહ** એ બે બાબતો પર જ વિચાર કરી સખાવતનો પાઠ અંગીકાર કરવા તત્પર થશે જેઓનામાં તેવો પાઠ શિખવાની શરૂઆત કરવા જેટલી પણ લાયકી નથી તેવા પતીતની તો દયા ખાવી જોઇએ, હેમને 'ભા બાપા' અને વાહવાહથી **વધારે** પતીત સ્થિતિમા મુકવા એ તો એક **નૈતિકગુન્હો** છે

જૈન મ્યુઝીઅમ અને લાઇબ્રેરી.

સ્વર્ગસ્થ બાબુ દેવકુમારના દ્રવ્યથી **આરા** (Arrah) ખાતે સ્થપાયલુ શ્રી 'સિદ્ધાંત ભવન' એ જૈનોનુ પહેલવહેલુ મ્યુઝીઅમ અને લાઇબ્રેરી છે એમ કહીએ તો કાંઇ અતિશયોક્તિ કરી કહેવાશે નહિ કુમાર દેવેન્દ્રપ્રસાદ એ 'ભવન' માટે જૂના જૈન શીલાલેખો અને પુસ્તકો એકઠા કરવા અને હેમનુ ભાષાંતર તૈયાર કરાવવાના બહુ મહેનત લે છે આ સંસ્થા તરફથી હમણા 'સિદ્ધાંત ભાસ્કર' નામનું હીંદી ત્રામિક પત્ર બહાર પડવા લાગ્યુ છે, જેમા શોધખોળ ના લેખો, વિષયો, ચિત્રો તેમજ બીજુ ઘણુ વાચવા જેવુ લખાણ આવે છે આવા ત્રામિકને દરેક જૈને ઉત્તેજન આપવુ જોઇએ છે

बंगाळामां जैन धर्मनो प्रचार.

બંગાળા કે જ્યહા એક વખત જૈન ધર્મનો પ્રચાર ઘણો હતો, ત્યહાના વતનીઓમા આજે જૈન ધર્મ પ્રાય મુદ્દલ જોવામાં આવતો નથી. ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ વગેરે ભાગોમાથી કલકત્તા વગેરે શહેરોમા વ્યાપારાર્થે જઈ વસેલા જૈનો સિવાય ત્યહાના ખુદ વતનીઓમા જૈન ધર્મ ભાગ્યે જ જોવામાં આવે છે બીજા પ્રાંતોમાથી આવી વસેલા જૈનો પણ કાંઈ નોંધવા લાયક હીલચાલ કે પ્રગતિ કરતા જણાતા નથી. હેમાંનો મ્હોટો ભાગ તેરાપંથી ભાઈઓનો હોય એમ સંભવિત છે

બંગાળામા માંસાહારનુ જોર વિશેષ છે જૈનધર્મે જો કોઈ જગાએ વધારે કામ બજાવવાનુ હોય તો તે બંગાળામા જ છે વળી બંગાળામા કેળવણી પણ વધારે ફેલાયલી હોવાથી ત્યહા જો જૈન ધર્મનો ઉપદેશ ધોરણસર અને ખંતથી કરવામાં આવે તો ઘણા લોકો જૈન ધર્મના પ્રેમી બને

હમણા ત્યહા ‘ બંગીય સર્વધર્મ પરિષદ્ ’ તરફથી જૈન સિદ્ધાંતોના પ્રચાર માટે પ્રશંસાપાત્ર કામ બજાવાતુ જોવાય છે. છેલ્લા એક વર્ષની મુદતમા સદરહુ પરિષદે જૂદા જૂદા વિદ્વાનોએ રચેલા ૧૦ ઉપયોગી જૈન ગ્રંથો બહાર પાડી હેનો બહોળો ફેલાવો કર્યો છે અને હજી વધુ ટ્રૅક્ટ બહાર પાડવાની તૈયારીમા છે. જૈન ધર્મની આવી સેવાઓ માટે સદરહુ પરિષદ્‌ના સ્થાપક અને સહાયક બાબુ દેવેન્દ્રપ્રસાદજીનો જૈન સમાજ જેટલો આભાર માને તેટલો થોડો છે આ પરિષદ્‌ને જૈનોએ પુરતી મદદ આપવી જોઇએ છે અને જૈન ધર્મ ઉપર વ્યાખ્યાનો આપવા માટે જાહેર જૈન વક્તાઓ બંગાળામા ફરતા રાખવાની તજવીજ જૈન કૉન્ફરન્સોના સંયુક્ત પ્રયાસથી થવી જોઇએ છે

मुंबइनी स्था. जैन बॉर्डींगवाळी खटपट पर पडदो.

'सौ सारुं, जेनुं छेवट सारुं.'

શ્વેતામ્બર સ્થાનકવાશી જૈન કૉન્ફરન્સ તરફથી મુંબઇ ખાતે સ્થપાયલી સ્થા. જૈન બૉર્ડીંગમાં કેટલુંક વખત તમામ વિદ્યાર્થીઓ અને સેક્રેટરી વચ્ચે દુખદાયક ખટપટ ઉભી થઇ હતી, જેથી સંપૂર્ણતઃ નિર્દોષ વિદ્યાર્થીઓને શરીર, આબરૂ, અભ્યાસ અને ચિત્તસ્વાસ્થ્યની બાબતમાં ઘણું સહવું પડયું હતું. આ ખટપટ કેવી રીતે ઉભી થઇ, કેવી રીતે આગળ વધી, વિદ્યાર્થી વર્ગ પર કેવા ત્રાસ વર્તાવવામાં આવ્યા, કેવી રીતે ત્હેનું સમાધાન થયું અને કેટલી મુશ્કેલીએ તથા કોના ભોગે, એ સર્વ પીંજણ લખી, ગઇ ગુજરી વાતને તાજી કરવી એ સલાહભરેલું નથી- એટલું જ જણાવવું બસ થશે કે **येन केन प्रकारेण** એ ખટપટનો અંત આવી ગયો છે, નવા સેક્રેટરી તરીકે મી. શંભુપ્રસાદ ગાંધી બી. એ. એલ. એલ. બી. ની નીમણુંક થઇ છે, વિદ્યાર્થીઓની રોકેલી સ્કૉલરશીપો અપાઇ ચુકી છે, બોર્ડીંગની વ્યવસ્થા સારી રીતે ચાલે એટલા માટે પુરતા મેમ્બરોની કમીટી નીમવામાં આવી છે, નવા ધારા ધોરણ મુકરર કરવામાં આવ્યા છે, અને હવે બૉર્ડીંગનું કામ સરળતાથી ચાલ્યા કરે છે.

" વ્યક્તિઓ મરે કે જીવે ત્હેનો સવાલ નથી, 'પ્રિન્સિપલ' સિદ્ધાન્તનું સર્વથા રક્ષણ થવું જોઇએ " એ મંત્ર સર્વ કોઇએ સ્મરણમાં રાખવો જોઇએ છે. કોણે નુકસાન કર્યું અને કોણે નુકસાન દૂર કર્યું એવા માન-અપમાનના સવાલોને દરેક પ્રગતિ ઇચ્છતા સમાજે વેગળા કરવા જોઇએ છે. અને એ જ કારણથી આ લખનાર, કે જે ઉક્ત સંસ્થાનો સેક્રેટરી કે મેમ્બર ન હોવા છતાં, એની સલાહ, હાજરી અને સહાયતા મગાવાના કારણથી વિદ્યાર્થી વર્ગનો મિત્ર બન્યો હતો ત્હેને આજ સુધી અપયશ અને અપમાનનો ગાસડો નડતો રહેવા છતાં મુંગે મ્હોડે તે ગાસડો તેણે વહ્યો હતો અને બૉર્ડીંગની નવી વ્યવસ્થા થયેથી સંતોષ પ્રદર્શિત કર્યો હતો. હૃદય વાચનકલા

(Art of reading the heart or Shuksma Deh)ના અભાવે મનુષ્ય કોઇ વ્યક્તિના આશયની ખરી કિંમત આંકી શકે તેમ ન હોવાથી, કર્તવ્ય ખાતર કામ કરનારાઓએ અપયશ અને અપમાનને આભૂષણ માની લઇ પોતાના કામોનો ઇનસાફ માત્ર સર્વજ્ઞ પાસેથીજ મેળવવાની આશા રાખવી જોઇએ

"જે કાંઇ બને છે તે હેની જરૂર છે માટે બને છે, અને સારા માટે બને છે" બૉર્ડીંગ સંસ્થામાં શું ફેરફાર અને સુધારાની જરૂર છે તે તરફ બબ્બે વર્ષથી કોઇનું લક્ષ ગયું નહતું કુદરતે તેઓનું લક્ષ ખેંચવાનો આપોઆપ રસ્તો લીધો, હેણીએ એક કાર્યવાહકને જોહુકમીને રસ્તે પ્રેરણા કરી, તે પદ્ધતિનો પડઘો પડયો, ખટપટ વધી પડી, દૂર રહેલાઓનું પણ લક્ષ ખેંચાયું અને સર્વનું પરિણામ એ આવ્યું કે બૉર્ડીંગ માટે નવા કાર્યવાહકો ગોઠવાયા અને નવી વ્યવસ્થા મુકરર થઈ નવી નીમણુકો અને નવા ધારા એ શબ્દો જ આજ સુધી કાંઇક ત્યાજ્ય તત્વો હયાતી ધરાવતા હતા એ સત્યનો પ્રચંડ પુરાવો છે "અમે જાતે મુંબઇ ગયા નથી, અને વસ્તુસ્થિતિથી ભોમીઆ થયા નથી, પણ **વા૦ મો૦ શાહ** નામનો સખસ અમુક વાત કરે છે **એટલા માટે** એ વાતને માનશોજ નહિ" એમ કહેનારા બાળજીવ હરી ગયા છે, કુદરતે પોતાનો પક્ષ પોતાના હાથે જ સાબીત કરી બતવ્યો છે આપણે માટે હવે એટલું જ ઇચ્છવાનું રહે છે કે, બૉર્ડીંગ સંસ્થા પ્રતિદિન વધારે આબાદ થાઓ અને હેનું ફંડ કે જે થોડા વર્ષોમાં ખવાઇ જાય એવી સ્થિતિમાં છે હેને વધારી વ્યાજમાંથી જ કામ ચાલે એવી વસ્તુસ્થિતિ ઉભી કરવા માટે જોઇતી ખંત બતાવવા અને વખતનો ભોગ આપવા રા૦ ગોકળદાસ, રા પુરૂષોત્તમભાઈ, રા જેસીંગભાઇ વગેરે ગૃહસ્થો પ્રેરાઓ !

जैन इतिहासिक नौंध.

इस हिंदी कीताबमें महावीर प्रभुसे आज तकका जैन इतिहास, व साधुमार्गी जैन धर्मकी सच्चाईकी सबुतीयां छपी गई है. और मूर्तिपूजाके बारेमें अनेक दलोलें छपीहै. शीर्फ २९ प्रत एक महाशय तर्फसे मीली है. मूल्य. ०-८-०

दील्हीमें विदेशगमनका झगडा.

सन १९१३ में विदेशगमनके सवालकी चर्चा की जाय यही आश्चर्यकी बात है. "विदेशगमन क्या जरुरी है? विदेशगमनके बारेमें क्या जैन व हिंदु शास्त्र निषेध करते हैं? विदेशगमन करनेवाले क्या धर्मभृष्ट होते हैं? विदेशगमन करनेवालेको ज्ञातिसे बहिष्कार करना चाहिये क्या?" इत्यादि प्रश्नों उत्पन्न करनेका और उनका उत्तर देनेका जमाना अब नहीं रहा है, क्युं कि २५ सालतक इन बातोंकी चर्चा चौतर्फमें हो चुकी है और अनेक जैन व हिंदु महाशय यरप, अमेरिका, जॅपॅन, आफ्रिका जा कर आर्यावर्तमें आ चुके हैं और इनका सत्कार करनेके लिये ज्ञातिजनों धूमधामसे बहुतसे मिलावडे करके विदेशगमनकी ओर अपना प्रेम प्रदर्शित कर चूके हैं. कई ज्ञातियोंके मुखिये लोग खुद विदेशगमन कर आये हैं, कई पवित्र धर्मगुरुओं खुद विदेशोंमें जा कर धर्मघोषणा कर आये हैं; अब भी क्या चर्चा करना बाकी रहता है? हिंदुओंके परम पूज्य स्वामी विवेकानंद व उत्तमोत्तम महात्मा श्री रामतीर्थ (रामायणके कर्त्ता तुलसीदासजीके वंसके) यरप, अमेरिका, जॅपॅनमें दौरा करके हिंदुधर्मकी जयपताका फरका रहेथे और इनके हिंदमें लौट आनेके वख्तपर प्रत्येक ज्ञातिके लखो हिंदुओंने इनको हार्दिक सन्मान दिया था खुद जैन धर्मके श्वेताम्बर मूर्त्तिपूजक वर्गमें सबसे श्रेष्ठ माने जाते विजयानंद सूरिने उसी फीरकेके श्रीयुत वीरचंद राघवजी गांधीको जैन संघके ही द्रव्यसे अमेरिका भेजा था और उनके लौट आनेके वख्तपर सारे जैन समाजने इनको अनेक मानपत्र दिये थे.

पंडीत फ. क. लालन जो कि एक श्वेताम्बर जैन व्याख्यान-दाता है कई वख्त इंग्लंड, अमेरिका जा कर आया और समस्त हिंदकी जैन ज्ञातियोंका मान पाया, किसीने इनको ज्ञातिसे दूर करनेका विचार तक भी नहीं किया! श्रीयुत जगमंदरलाल जैनी M A बॅरीस्टरने इंग्लंड जा कर जैनधर्मका प्रेम वहांके लोगोंमें वढानेके लिये एक सभा स्थापीत की, और एक जैन-धर्मशाला व मंदीर वहां पर वनानेके लिये कोशीश शुरु की; इनके लौट आनेके वाद किसीने इनका वहिष्कार नहीं किया. सर वसनजी त्रिकमजी जो कि एक श्वेताम्बर जैन धनाढ्य अग्रेसर है उन्होंने इंग्लंड जा कर वडे वडे अंग्रेजोंको वनस्पत्या-हारका प्रेम लगाया था; यद्यपि इनकी ज्ञाति–'कच्छी जैन ज्ञाति' शिक्षाके विषयमें सवसे पश्चात् है तथापि इनको किसीने ज्ञातिसे वहिष्कृत करनेका इरादा भी नहीं किया था! अहमदावादके दो क्रोडपति जैन अग्रेसर (शेठ मनसुखभाई भगुभाइके पुत्र व शेठ अंवालाल साराभाई) इंग्लंड जा आये हैं मी. मकनजी जूठाभाइ वी. ए. एल् एल् वी. इंग्लंड जा कर बॅरीस्टर हो कर अभी लौट आये है, इनको खुद कॉन्फरन्सके भिन्न भिन्न प्रांतोंके अग्रेसरोंने प्रीतिभोजन और मानपत्र दिया. केई स्थानक-वाशी जैन महाशय भी समुद्रपर्यटन करके लौट आये हैं और ज्ञाति इनसे व्यवहार रखती है. मी सुदरदास वहेचरदास वोरा (लिंवडी) L R C P, मी. सी. के वोरा (वडोदे, कलाभवनके प्रिन्सीपाल), मी. सुरजमल भोजुभाइ महेता B A L L B सोलीसीटर (पालनपुर), राजकोटके कार्य-भारी साहव श्रीयुत मोतीचंद तुलसीदासके पुत्रों, मी. छोटा-लाल मोतीचंद शेठ (राजकोट), मी. जी ए भावसार जैन (कठोर–सुरत), स्थानकवाशी जैन कॉन्फरन्सके सुयोग्य

प्रान्तिक सेक्रेटरी राओ बहादूर कालीदास नारणदासके लघु भ्राता (इटोला-बडोदे), इत्यादि इत्यादि अनेक महाशय समुद्रपर्यटन करके लौट आनेपर भी इनकी ज्ञातिओं इनके साथ सब तरहका संबंध रख रही है. अब कहां तक मैं यात्रीकें का लिस्ट बढाता जाउं? बस है इतना ही कहना कि वेदानुयायी और जैनधर्मानुयायी बहुतसे महाशय धर्मप्रचारार्थ, व्यापारार्थ, विद्याप्राप्तिके लिये और आरोग्यप्राप्तिके लिये यरप अमेरिका आदि देशोंमें गये हैं, जा कर आये हैं, आज भी कई ऐसे महाशय वहां पर रहते हैं; किसीको ज्ञातिकी मुस्केली नहीं भुक्तनी पडती है. फिर शास्त्रप्रमाणादिकी चर्चा करनेकी आवश्यकता ही कहां रही? क्या स्वामी विवेकानंद, स्वामी रामतीर्थ, मुनि विजयानंदजी, इत्यादि धर्मगुरुओंसे आजके हमारे ज्ञातिजनोंमें धर्मप्रेम व शास्त्रज्ञान ज्यादा है ऐसा दावा करनेकी हिंमत कोई ज्ञाति करती है?

तथापि शहर दील्हीमें वही पुराणा सवाल—वही समुद्रपर्यटनका सवाल आज फीरसे उपस्थीत हुआ है. दील्ही, जो कि अब तो हिंदुस्तानकी राजधानी—अग्रणी नगरी बनी है, वहांही मी. शेरसिंह नामक जैन बॅरीस्टरको इनकी ज्ञातिसे बहिष्कार करनेकी खटपट चल रही है. आश्चर्यकी बात तो यह है कि मी. शेरसिंहजी सुराना इंग्लंडसे लौट आनेके बाद दो साल तक ज्ञातिजनोंके साथ भोजन लेते रहे, इनके वहां भी ज्ञातिजनोंने आ कर भोजन किया, अब कोई 'अक्कलके खजाने' कह रहे है कि मी. सुरानाको बहिष्कार किया जाना चाहिये! मुझे सचमुच इस बातको सुनते ही हंसी आती है. मैं तो चाहता हूं कि मी. सुराना और इनके साथ जिमनेवाले सबको

ज्ञातिसे बहिष्कृत किये जाय, ता कि यह तो मालूम हो जाय कि असल ज्ञातिमें कितने 'अकलके खां' कायम रहते हैं!

खुद अपनीही पुत्रीओंके खुनी बाललग्न व वृद्धविवाह व कन्याविक्रय करनेवालेको, और हिंदमें रह कर मद्यपान करनेवालेको, जानते हुए भी, ज्ञाति कुछ कर सकती नहीं है; वही ज्ञाति इंग्लंड जा कर विद्याप्राप्ति करके देशका गौरव बढानेवाले स्वबंधुओंको अपना धर्म पालने हुए भी, मद्य-मांससे दूर रहने पर भी, अपमान व दुःख देनेको कटिबद्ध होती है तब हमे अफसोसके साथ कहना भाग होता है कि, ऐसी वाहीआत बातें करनेवाले लोग खुद ही हमारे पवित्र जैन व हिंदु धर्मके, हमारे दुःखी रंक देशके, हमारी गिरी हुई ज्ञातिओंके, कट्टे शत्रु ठहरते हैं; और यदि कोई भी सख्स बहिष्कारके योग्य हो तो ज्ञातिके अज्ञ शिरदारों ही हैं जो कि इस तरह कौमकी, देशकी व व्यक्तिकी उन्नतिमें विघ्नकारी हैं.

अय भारतसतानो! जागृत हो जाओ, आपके देशकी गिरी हुई स्थितिका ख्याल करो. विद्या, इल्म, व्यापार जहां भी हांसील हो सके फौरन वहां दौडो और अपनी उन्नति कर उस उन्नतिका लाभ अपने दुःखी भारतवासीओंको देनेका प्रबंध करो. 'एक जगह स्थीर रहते जलमें दुर्गंध पैदा होती है'; 'Home-Keeping Youths have homely wits' घरमें बैठे रहनेवालोंकी बुद्धि औरतें किसी हो जाती है; जो आत्मा क्रोडो योजन दूर आये हुए स्वर्गलोक व मुक्तिपुरीमें निवास करनेके अभिलाषी है, क्या उनको युरप-अमेरिका जितने नजदीक के देशोंमें जानेसे भी हम रुकावट करेंगे? साफ साफ मालूम होता है कि ऐसी रुकावट करने वालोंको स्वर्गलोगमें जानेका

ही अधिकार नहीं है, इनके लिये तो इन्हीके घरके गटरमें जंतु बननेका ही लेख विधिने लिखा है !

जो सच्चा जैन होगा, सच्चा आर्य होगा, विदेशोंमें जाकर अपने धर्मका प्रचार विदेशीओंमें करेगा, उनको शनैः शनैः आर्य धर्मोंका परिचय करायगा, इन विद्यावान व धनवान देशोंको आर्यावर्तका धर्म रुपी धन दे कर बदलेमें वहांकी विद्या व धन आर्यावर्तके लिये लावेगा. क्या ही खुशालीकी बात है कि आज मुठ्ठीभर आर्य साहसिकोंके प्रयाससे यरप. अमेरीकामें जैन सोसाइटीओं, वैदिक स्कुलो, आर्य पवित्र ग्रंथोंके भाषांतर करनेवाले विद्वान महाशयों, मांसाहार व मदीरा पानको छोड कर वनस्पत्याहार पर जीवन निर्वाह करने वाले व प्राणी रक्षणके लिये लख्खो रुपेका व्यय करने वाले यरपीअन महाशयों, हिंदु भोजनगृहों, इत्यादि इत्यादि देखनेमे आते हैं. यदि विवेकानंद, वीरचंद, वसनजी वगेरा बहादुर आर्यों यहांके आत्मघाती ज्ञातिरवाजोंसे डर कर हिंदमें ही बैठ रहते तो क्या आज यह व धर्मप्रवृत्ति अनार्य कहलाते हुए देशोंमे हो सकती ? नहीं, नहीं, ऐसे वाहीआत संकुचित ख्यालोंको ही अपनी २ ज्ञातिसें बहिष्कृत करो; उठो, जागो और सारी आलमको अपना घर समझके धन व ज्ञान प्राप्त करो और अपना धर्मरुपी धन सबको बांट दो. आज यही जमाना है, बीसवी सदीका यही धर्म है, हिंद माताका यही फरमान है, आबादी व आत्मोद्धारका यही रास्ता है; उठो, कमर कसो, और इस रास्ते पर आरामसे चले जाओ. जो लोग आज तुमको रोकते है कल तुम उनको स्वयं तुमारे पिछे चले आते देखोगे

जिनागम प्रसिद्ध करवानी स्तुत्य योजना.

जैन विचारनेताओना हृदयनुं प्रदर्शन.

જૈન શાસ્ત્રોના ભાષાંતરની કેટલી અનિવાર્ય જરૂર આ જમાનામાં છે તે વિષે આ માસિકમાં પુષ્કળ કહેવાઇ ગયું છે. કેટલાક શ્વેતામ્બર મૂર્તિપૂજક ભાઇઓને આ કામ પાછળ સારી રકમ ખર્ચવાની સલાહ આ લખનારે આપી હતી અને શ્વે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના સીકંદરાબાદ ખાતેના મેળાવડા વખતે કૉન્ફરન્સ તરફથી શાસ્ત્રોના ભાષાંતર બહાર પાડવા માટે એક ફંડ ઉભું કરવાની દરખાસ્ત પણ રજુ કરી હતી, કે જેને પરિણામે તેજ વખતે એક સારી સરખી રકમ એકઠી થવા પામી હતી. સદરહુ કૉન્ફરન્સને ફંડ મળવા છતાં પણ સૂત્રભાષાંતરનું કામ ક્યારે શરૂ કરાશે અને કેટલા વેગથી તે કામ કરી બતાવાશે એ હજી એક સવાલ છે, એટલામાં અમુક શ્વેતામ્બર મૂર્તિપૂજક ભાઇઓએ તો પદરથી સારી રકમ કહાડીને અમદાવાદ ખાતે એક **'જિનાગમ પ્રકાશક સભા'** સ્થાપી દીધી છે, જે સૌથી પ્રથમ 'ભગવતી સૂત્ર' પ્રગટ કરનાર છે. આ પ્રયાસના સંબંધમાં હું પોતે જૈન સમાજને મ્હારા વિચારો પ્રમાણે માનવાને દોરવવાની જોહુકમી ન ચલાવતાં આજના અંક સાથેની સદરહુ સભાની પત્રિકા વાંચી પોતપોતાને માટે સ્વતંત્ર મત બાંધવા જ અરજ કરીશ. જેઓની આંખે ઇર્ષાનાં કાળાં ચશ્માં નહિ હોય, જેઓની બુદ્ધિ 'વાડા'ના ગાઢ બંધનથી પરતંત્ર બની નહિ હોય, જેઓની વિચારશક્તિને આચાર્યોએ કે સંકુચિત દૃષ્ટિએ ખાબોચીઆમાં નાખી રાખી નહિ હોય, તેઓ મી. મનસુખલાલ રવજીભાઇની આ હીલચાલ સંબંધે સ્વતંત્ર મત બાંધી શકશે.

મત કે અભિપ્રાય કાં તો એક વિષયના તરફેણમાં હોય અગર તો વિરૂદ્ધમાં હોય. કોઇ અભિપ્રાય [illegible] હોય તેટલા ખાતર જ તે અભિપ્રાય બાંધનારને ગુન્હો કે ભૂલ [illegible] ગણાય નહિ. પણ એટલું તો ખરૂં જ કે તરફેણ કે વિરૂદ્ધતા [illegible] **સ્વતંત્ર રીતે** બંધાવા જોઇએ, પક્ષપાત, અગાઉથી બંધાઇ ગયેલ [illegible] (Pregudices),

ઈર્ષા, ગતાનુગતિક સ્વભાવ, સ્વાર્થવૃત્તિ કે બળવાનની સ્હેમાં તણાવાની નિર્બળતા: એમાના કોઈ કારણની ત્હેમા ગધ ન જોઇએ.

'જિનાગમ પ્રકાશક સભા'ના પ્રયાસ સબધમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગના 'જૈન શાસન' અને 'જૈનધર્મ પ્રકાશ' નામના બે ભાનવગરી પેપરોએ જે અભિપ્રાયો બહાર પાડયા છે તે, હિમ્મત ધરીને કહી શકાશે કે, ઉપર બતાવેલાં કારણો પૈકી એક અથવા વધુથી પ્રેરાઈને જ લખાયા છે, અને તેથી તે 'અભિપ્રાય' કહી શકાય નહિ પણ 'ઈર્ષાપ્રેરીત પ્રહાર' જ કહી શકાય આ 'પ્રહાર' જેવાતેવા લેખકના હાથથી થયા હોત તો ત્હેની નોધ લેવાની પણ દરકાર કરવી યોગ્ય ગણાત નહિ, પરન્તુ બન્ને પત્રો અમુક મ્હોટા મનાયલા આચાર્યોના પડઘા રૂપ મનાય છે અને ધર્મના એકના રખવાળ હોવાનો દાવો કરે છે તેથી એમના શબ્દોનુ સક્ષિપ્ત નિરીક્ષણ કરવું જરૂરનું છે. એમ કર્યેથી એ પણ જણાશે કે, જૈન વિચારનેતાઓનુ હૃદય કેવા રગનુ છે, અને એવા વિચારનેતાઓ ઉપર જે સમાજને સતોષ માનવો પડે છે તે સમાજને આગળ વધવાને કેટલા સૈકાનો સમય જોઇશે.

પ્રથમ આપણે 'જૈનશાસન' ના શ્રાવણ વદી ૧૦ ના અકનુ નિરીક્ષણ કરીએ "શ્રીયુત મનસુખ રવજીના નામથી બહાર પડે તે યોજનામા પરિણામ અમને સારૂ દેખાતુ નથી." એવા તે લેખકના શબ્દો જ કહી આપે છે કે, ત્હેમને શાસ્ત્રભાષાતરના કાર્યપર દ્વેષ નથી, પણ મ. ર. નામની વ્યક્તિ પરજ દ્વેષ છે, અને તેથી તે વ્યક્તિ તરફથી થતુ ગમે તેવુ સારૂ કામ પણ ત્હેમને મન વાંધો લેવા લાયક લાગે છે અને તે સબધમા 'પ્રપચ,' કુટિલ હૃદય' 'ભયકર ભેદ' વગેરે અપમાનભર્યા શબ્દોનો પ્રયોગ કરવાનો પોતાને હકક છે એમ તે માને છે! જો ઈર્ષા ન હોત તો આવા નિદાત્મક શબ્દો કહી નાખતા જ નહિ જો ઈર્ષા ન હોત તો 'સૂત્રો વાચવાનો અધિકાર સાધુ સિવાય બીજાઓને હોઈ શકે ?' અને 'સૂત્રોનુ ભાષાતર થવુ હિતાવહ અને આવશ્યક છે?' તથા કેવા પાત્રોને તે કામ સોપાવુ જોઇએ?' એ ત્રણ મુદ્દાનીજ રીતસર ચર્ચા કરી હોત

'યુનિવર્સિટીના પદવીધર વિદ્વાનો અને પ્રતિષ્ઠિત પડીતો' પાસે આ ભાષાતર કરાવવાનુ છે એમ શ્રી મનસુખભાઈએ જાહેર કર્યુ છે, અને 'જૈન શાસન' આ સબધમા કહે છે કે 'કલ્પાની યુનિવર્સિ-

રીના પંડીતો પાસે તેઓ સંશોધન કરાવશે ? અમે ભૂલતા ન હોઇએ તો **ચાહે તે પંડીતો ગમે તેવા સંસ્કૃતના પ્રોફેસરો** હોય, પરંતુ એ તો **ચોકકસ** છે કે, તેઓ જીનાગમોને સંશોધન કરવા માટે તો **અયોગ્ય** જ છે બીજા શાસ્ત્રોની યોગ્યતામાં અને જીનાગમોની યોગ્યતામાં આકાશ જમીનનું અન્તર રહેલું છે."

આ ફકરા ઉપર ટીકા કર્યા પહેલાં આપણે 'જૈનધર્મ પ્રકાશ' ના **ભાદ્રપદ** અંકમાં શ્રીયુત કુંવરજીભાઇ શું લખે છે તે જોવું જરૂરનું છે તે કહે છે કે, **"શ્રાવકોએ સૂત્ર વાંચવાં જ નહિ!"**

આ બે ફકરાનો સંબંધ મેળવતાં જણાશે કે, શ્વેતામ્બર જૈનોમાંના કેટલાક કહેછે કે ગૃહસ્થ વર્ગે સૂત્રો વાંચવા જ ન જોઇએ (તો પછી છપાવવાની વાત તો રહીજ ક્યાં ?) અને કેટલાક કહેછે કે, સૂત્રોનું સંશોધન અને ભાષાન્તર જૈનમુનિઓ સિવાય બીજાથી થવું ન જોઇએ આ સંજોગોમાં બિચારો તત્વપ્રચારકામી શું કરી શકે ? એક તરફથી કહેવામાં આવેછે કે, જૈન સાધુ જ આ કામને માટે લાયક છે (બીજા ગમે તેવી યુનિવર્સિટીની ડીગ્રી ધરાવનારા અને **પ્રતિષ્ઠિત** પંડીતો પણ નાલાયક છે) અને બીજી તરફથી સાધુવર્ગતો પ્રાયઃ સૂત્રોને પ્રસિદ્ધિ આપવામાં દોષ માનેછે, તો પછી મી. **મનસુખ**લાલની જગાએ બીજો હરકોઈ સખસ હોત તો તે શું કરતે ? ત્હેને માટે એજ રસ્તો ખુલ્લો રહેત કે, પૂર્વ તરફના ધર્મોના અભ્યાસવાળા પ્રતિષ્ઠિત પંડિતો અને ઉંચી યુનિવર્સિટીની ડીગ્રી ધરાવનારા વિદ્વાનોની પાસે તે કામ કરાવવું અને જૈનસાધુઓ પૈકી જેઓ ખુશીથી હા કહે તેવાઓ પાસેથી મળે તેટલી સલાહ અવારનવાર મેળવવી મી **મનસુખલાલે** તેમજ કર્યું છે, છતાં પણ એના ઉપર પ્રહાર કરનારા થાકતા નથી!

યુનીવર્સિટીની ઉંચી ડીગ્રી ધરાવનારાઓમાંની **કોઇપણ** વ્યક્તિ આજના અમારા જૈનસાધુ જેટલી પણ તત્વશોધક વૃત્તિ કે ભાષાજ્ઞાન ધરાવી શકેજ નહિ એમ કહેનારાઓ કેળવણીના શત્રુ છે, સ્યાદ્વાદશૈલિના દ્રોહી છે, મિથ્યાત્વી છે, એમ બોલવામાં હું કાંઇ હરકત જોતો નથી આખી દુનીઆનું જ્ઞાન અને લાયકી આજના અમારા જૈનસાધુઓમાં જ સમાપ્ત થાય છે એ માન્યતાને હું જનસમાજની કટ્ટી વૈરણ સમજું છું શાસ્ત્રોની **ભાષા** સમજવાની શક્તિનો ઇજારો જો જૈનસાધુઓ માટે ગણવાનો ફાંકો રખાતો હશે તો ખુલ્લી રીતે કહેવું જોઇશે કે,

જૈનસાધુ પૈકી ૯૦ ટકાને તો શુદ્ધ માતૃભાષાનુ પણ જ્ઞાન નથી અને **માગધી, સંસ્કૃત** જાણનારા ગણ્યા ગાંઠ્યા મુનિઓ પણ નામાંકિત પાશ્ચાત્ય અને બ્રાહ્મણ ભાષાશાસ્ત્રીઓની બરોબરી કરી શકે તેમ નથીજ હવે રહ્યો **રહસ્ય સમજવાની** શક્તિનો સવાલ ભલા. જેઓ જૈન શાસ્ત્રોનુ રહસ્ય સમજવાની શક્તિનો ઈજારો એકલાજ લઈ બેઠા છે, પંચ મહાવ્રત પાળે છે, અને વળી જૈનના શાસ્ત્રોમાં સિદ્ધિઓ અને સઘળી વિદ્યાઓ ભરી છે એમ કહેછે તેઓમાંનો એક તો સાધુ આજે બતાવો કે જેનાથી, લ્હેમને હિસાબે તત્વ સમજવાને નાલાયક, ગણાતા વર્ગમાના સ્વામી રામતીર્થ M A જેટલા કે અમેરિકન અધ્યાત્મવેત્તા ઍમર્સનના ગુરૂ જેટલા સ્વાભાવિક ચમત્કારો બની શકતા હોય? હિમાલયની ઉંચામા ઉંચી ટેકરી ઉપર ઠંડી જર બરફના બીછાનાપર ખુલ્લો પડી ધ્યાનમા આનંદ માનનારો, ગંગામા ભળતા સિદ્ધિથી કોટી કરનારો, એક પણ રામતીર્થ જૈનસાધુમા આજે બતાવી શકશો? જેના સાર્વત્રિક પ્રેમભાવથી આકર્ષાઈ સર્પો પણ લ્હેના હાથ, કમર અને ગરદન પર આભૂષણ માફક વિંટાયલા રહેતા તેવા ઍમર્સનના ગુરૂ જેવો એક પણ જૈનસાધુ બતાવશો? આ બન્ને પુરૂષો આજકાલના માનવી હતા, જૈન સાધુ નહતા શુ એ કુદરત વિરૂદ્ધ બનતા ચમત્કારો અધ્યાત્મનુ સૂક્ષ્મ રહસ્ય સમજ્યા વગરજ વર્તનારની બાબતમા બનવા પામતા હશે? તેઓએ પોતાના ગ્રંથોમા જે તત્વો ચર્ચ્યાછે તે ઉપરથી લ્હેમનુ રહસ્યજ્ઞાન ઉંડું હોવાની પ્રતીતિ થયા વગર રહેતી નથી આખી દુનીઆને નાલાયક ઠરાવી થોડા જ ભાષાજ્ઞાન અને થોડી જ હાર્દિક પવિત્રતાથી પૂજ્ય બનેલા સાધુઓને શ્રેષ્ઠ અધિકારી ઠરાવવા એ ચોખ્ખી રીતે જૈનોને ખોટી ખુશામતમા દાબી રાખી આગળ વધતા અટકાવવાનુ જ પગલુ છે

એક જૈનેતર પંડીતે જૈન પારિભાષિક શબ્દના અર્થમા ભૂલ કરી તેથી **બધા** જૈનેતર પંડીતો (**પ્રતિષ્ઠિત** પંડીતો) અને બધા યુનિવર્સિટીના પદ્વીધર વિદ્વાનો ભૂલ જ કરે એમ **માની** લેવુ એ હાસ્યાસ્પદ છે અને એવું માનનારા શુ એમ કહેવા માગે છે કે જૈન સાધુઓ ભાષાંતર વગેરેમા કે તત્વ સમજવામા ભૂલ કદાપિ નહિ જ કરે? ભૂલવું એ છદ્મસ્થોને સ્વાભાવિક છે, અને જૈન સાધુ એ પણ છદ્મસ્થ જ છે, ખુદ સૂત્રો લખનારા પણ છદ્મસ્થ હતા.

આટલું તો હુ પણ કબુલ કરીશ કે પ્રગટ કરવા ધારેલા

સૂત્ર ભાષાંતર સાથે સ્વર્ગસ્થ રાયચંદનું નામ જોડવું ઉચીત નથી 'જૈનશાસન' કહે છે કે, 'જૈનાગમો શું રાયચંદે બનાવેલા છે કે જેથી તે નામ જોડવામાં આવે છે?' આ દલીલ તો ખરેખર અજ્ઞાનસૂચક છે રાજાઓ, સુબાઓ, અમલદારો વગેરેના નામ અનેક હસ્પીતાલો મકાનો, જાહેરખાતાઓ સાથે જોડવામાં આવેલા આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ જો કે તે ખાતાની સ્થાપનામાં કે નિભાવમાં કોઈ રીતે તે પુરૂષોનો હાથ હોતો નથી, માત્ર માનાર્થે તેઓના નામ જોડવામાં આવ્યા હોય છે મી મનસુખલાલે પણ એવીજ વૃત્તિથી એ પ્રથાનું અનુકરણ કર્યું જણાય છે, પણ મ્હારૂં પોતાનું આધિન મત એ છે કે, શાસ્ત્ર ગ્રંથોની માળા સાથે કાં તો ત્હેના મૂળ પ્રયોજક કે લેખકનું નામ જોડાવું જોઈએ અગર તો કોઈ માણસ પીસ્તાલીસે આગમો બહાર પાડવા પાછળ થતા ખર્ચનો મ્હોટો હિસ્સો આપતો હોય તો ત્હેનું નામ જોડાવું જોઈએ, અગર કોઈ અસાધારણ જ્ઞાનવાળો એક માણસ ભાષાંતરનું કામ ઉઠાવતો હોય તો ત્હેનું નામ જોડવામાં હું કાંઈ હરકત જોતો નથી સ્વર્ગસ્થ રાયચંદભાઈનું નામ જોડવું એ ગાડરીઆ લોકસમાજમાં ત્હેમના સામે વિરોધ ઉત્પન્ન કરાવવા સરખું અને ઘણી મહેનતે બહાર પડાતા શાસ્ત્રોથી પ્રજાને વિમુખ બનાવવા જેવું પગલું (મ્હને તો) જણાયછે એટલા માટે હું ઇચ્છીશ કે હજી પણ એ બાબત પર પૂર્ણ વિચાર કરવામાં આવશે અને માત્ર 'જિનાગમ સંગ્રહ' એટલું નામ રાખવાનો નિશ્ચય કરવામાં આવશે, કે જેમ થયેથી સમાજને વધુમાં વધુ લાભ પહોંચી શકશે

હવે આપણે 'જૈનધર્મ પ્રકાશના'ના વાંધા તરફ દૃષ્ટિ કરીશું. તે મહેતાજી તો કહે છે કે '**શ્રાવકોએ સૂત્ર જ વાંચવાં નહિ**' યુરોપીઅનો ભલે વાંચે, ભલે તેઓ ત્હેનાં ભાષાંતર કરે, યુરોપીઅન ભાષાંતરકારો એ કામ કરતા હોય એમાં શ્રીમદ્ વિજયાનંદ સૂરિ જેવા ભલે મદદ કરે, પણ **આપણે જૈનોએ** તો ગૃહસ્થાવાસમાં છીએ ત્યાં સુધી શાસ્ત્રો જોવા જ નહિ! આંખે પાટા બંધાવીને ભણાવનાર આ મહેતાજીની સાથે આપણે લાંબી ચર્ચામાં ન ઉતરતાં માત્ર એકજ ટુંકો સવાલ માનપૂર્વક પૂછીશું કે "આપશ્રીએ કોઈ સૂત્રો વાંચ્યા છે ખરા કે?' પ્રશ્નનો ઉત્તર ભલે તેઓ મનમાં જ આપે અને બીજાને જ્ઞાનપ્રકાશ લેવાની મના કરી પોતે

તો હેનો લાભ ખુશીથી લેવો એ વૃત્તિ કેવી સ્વાર્થી ગણાય એનો નિર્ણય ભલે તેઓ મનમાંજ કર્યા કરે. કહેવામા આવે છે કે, "આચાર્યોકૃત **ગ્રંથોથી** સતોષ પકડો, મૂળ **શાસ્ત્રો** વાંચવાને હમે અધિકારી નથી." જૈનોમા જ્યહારે બીજાના સ્વતંત્ર અભિપ્રાય સાભળવા જેટલી મતસહિષ્ણુતા આવશે ત્યહારે હુ બતાવી આપીશ કે જેમ કેટલાક ગ્રથો અતિ ઉત્તમ છે, તેમ કેટલાક સુપ્રસિદ્ધ ગણાઇ ગયેલા આચાર્યોના ગ્રથોમા માત્ર કલહ, વ્હેમ, કોકશાસ્ત્ર અને નિરૂપયોગી પીંજણ જ જોવામા આવે છે. ભલા એ તે કોના ઘરનો ન્યાય છે કે, સૂત્રો પરથી રચાયલા હોવાનો દાવો કરાતા ગ્રથો વાચવાનો હક્ક ખરો અને મૂળ સૂત્રો-શુદ્ધ પ્રકાશ-એ અધિકારની બહારની વાત ગણાય? જળ, પ્રકાશ અને જ્ઞાન એ ત્રણની દુનીઆને પુષ્કળ જરૂર છે, એનો ઇજારો કે પ્રતિબધ હોવોજ ન જોઇએ અને એમ તો કદીએ ન હોઈ શકે કે, જૈન સાધુ સિવાય બીજો કોઇ શ્રાવક, યતિ, યોગી કે પડીત કદી સૂત્રો વાચવાને લાયક હોય જ નહિ.

મી૦ **મન**સુખલાલની યોજના એવી છે કે જે બાબતમા જૂના વિચારવાળા જૈનોએ તો કાઇ જ વાધો ન લેતા ઉલટો હેમનો આભાર માનવો જોઇએ, કારણ કે તે ભાઇ મળી શકે એટલા વિદ્વાન પડિતો પાસે તે કામ કરાવવા ઇચ્છે છે, તે ઉપર જૈન રાજિના અનુભવથી પોતે પણ દેખરેખ રાખનાર છે, અને જે સાધુઓ સલાહ આપવા જેટલી ઉદારતા ધરાવતા હોય હેમની સલાહ પણ લેવા ધારેછે એથી વધુ સારી અને સહીસલામત યોજના બનવીજ અશક્ય છે વળી તે ભાઇ **માત્ર** મૂળ પાઠ અને **સંસ્કૃત** ટીકાનુ અક્ષરસઃ ભાષાતર આપવા માગે છે, હેમા પડીતો તરફનુ કે પોતા તરફનુ કાઇ સ્પષ્ટીકરણ ઉમેરવા ચોખ્ખી ના કહે છે પુરાણા વિચારવાળા જૈનોનુ મન જાળવવા જેવુ આ હેમનુ પગલુ મ્હને પોતાને તો સર્વથા પસદ નથીજ, મ્હારી પાસે જો દ્રવ્યનુ સાધન હોય અને હુ જાતેજ શાસ્ત્રો પ્રગટ કરવા ધારૂ તો મૂળ પાઠ ઉપર લખાયલી સઘળી ટીકાઓનુ ભાષાતર સમર્થ પડીતો પાસે કરાવી મ્હારી પાસે રાખુ ખરો, હેનો બરાબર અભ્યાસ કરૂ ખરો, તેમજ મુનિવર્ગની સલાહ પણ પૂછુ ખરો, પણ પુરાણી ટીકાનુ અક્ષરશ ભાષાતર નહિ છાપતા એમાથી નીકળતો બુદ્ધિગમ્ય ખુલાસો લઇ હેના

સ્પષ્ટિકરણાર્થે સાયન્સ અને ફીલસુફીના પ્રમાણો ઉમેરી વ્યવહારોપયોગી શાસ્ત્રો તરીકે પ્રગટ કરૂ. મી૦ **મનસુખલાલે** જૂના જમાનાના લોકોનુ માન જાળવવા ધાર્યું તે જ લોકોએ ત્હેમના સ્તુત્ય કામને આટલુ નિન્દ્યુ અને માથે સાથે કાર્યવાહકને તેમજ ત્હેમના મરહુમ વડીલ બન્ધુના નામને પણ અપમાન પહોચાડવા જેટલી બેઅદબી કરી એ જોઇ મ્હને ખરેખર ખેદ થાય છે "**અમદાવાદના** અમુક જૈનોએ અમુક મુનિના વ્યાખ્યાન વખતે (અર્થાત્ અમુક મુનિની ઉશ્કેરણીથી) એવો ઠરાવ કર્યો છે કે 'આપણે કોઇએ આ કાર્યને ઉત્તેજન આપવુ નહિ!'," એમ રા૦ **કુંવરજીભાઇ** જણાવે છે મ્હને આમા કાંઇ પણ આશ્ચર્ય લાગતુ નથી, તેમ આ વાતમા પણ આશ્ચર્ય લાગતુ નથી કે એ સૂત્રમાળા બહાર પડયેથી એના એ ઠરાવ કરનારા પોતાની ગરજે તે વાંચવા—ખરીદવા દોડશે એવો વખત પણ આવશે **બાબુએ** છપાવેલા સૂત્રો બમણી કિમતે પણ આજે મળતા નથી એ શુ સૂચવે છે? કદાચ મુઠ્ઠીભર લોકો પ્રકાશ નહિ ખમી શકતા હોય તેથી શુ સૂર્ય પ્રકાશતો બંધ થશે?

મી **મનસુખલાલે** કાંઇ જાહેરના નાણા એકઠા કરીને કાર્ય ઉપાડયુ નથી, કે જેથી જાહેરની ઇચ્છા મુજબ વર્તવાની ત્હેમને માથે ફરજ નાખી શકાય એક પરોપકારી કાર્ય લાંબો વખત ચાલ્યાં કરે એ માટે વ્યાપારી ધોરણ પર યોજના ગોઠવી છે, પણ તે સ્વતંત્ર માલીકીનું કાર્ય છે, એ માટે મૂળથી જ વિરોધ ધરાવનારાઓની સલાહ પૂછવામા આવી એ જ ભૂલ કરી છે આ ભૂલ અને મરહુમનુ નામ જોડવાની ભૂલ; એ બે ભૂલો વ્યવહારૂપણાના જ્ઞાનની અપૂર્ણતા સૂચક ભૂલો ગણી શકાય 'ભાવ'થી તેથી કાંઈ નુકશાન નથી આપણે ઇચ્છીશુ કે તે ભાઇ હવેથી વધુ વ્યવહારીક રીતે કામ લેવાની આવશ્યકતા નહિ સ્વીકારવા જેવી જક નહિ કરે અને હાથમા લીધેલું કામ અજ્ઞાન કે દ્વેષી જનોના બખાળાથી નહિ કટાળતાં ઉત્સાહપૂર્વક આગળ ચલાવશે

હુ એમ કદી નથી કહેવા માગતો કે એમનો પ્રયાસ **સર્વથા** નિર્દોષ જ બનશે; જેમ હરકોઈ વિદ્વાન ગૃહસ્થ વા ત્યાગી છદ્મસ્થ ભૂલ કરે છે તેમ આ કામમા પણ ભૂલ તો થવા પામશે જ, અને જેમ જેમ બીજા ભાષાંતરકારો બહાર પડતા જશે તેમ તેમ અનુક્રમે ભૂલો સુધરતી જશે. એકેક સૂત્રના ભાષાંતરની જૂદી જૂદી

કરવાને સ્વતંત્ર રહેવા દો કારણકે હમે કોઇનું છૂપું જહેર જોવાના આંતર્ચક્ષુ પામ્યા નથી

સાધુવર્ગ પ્રાય શ્રાવકોને સૂત્રો વાંચવાની મના શા માટે કરે છે અને શાસ્ત્રોના અર્થ અને મૂળ આશયો પ્રગટ થવાથી અને બ્હોળો ફેલાવો પામવાથી શું પરિણામ આવશે, એ સવાલની ચર્ચા અત્યારે કરવાનું, કોઇની લાગણી નિરર્થક દુભાવવી યોગ્ય ન હોવાથી, મોકુફ ગણીશ આ લેખ પર નહિ ઇચ્છવા યોગ્ય જાતિના અને અસંબદ્ધ પ્રહાર થતા જોવાનો વખત આવશે ત્હારે વળી જોઇ લેવાશે

अमदावादमां एक जैन तरफथी उभी थती वधु मील.

અમદાવાદના સ્થાનકવાસી જૈન અગ્રેસરોમાંના એક શ્રીયુત જેસીંગભાઈ ઉજમશી શાહ અત્રે એક કૉટન મીલ ઉભી કરવાની તૈયારી કરે છે આ ગૃહસ્થ વ્યાપારી કુશળતા સારી ધરાવતા હોઈ આ નવું સાહસ ફલદાયક થશે એમ આશા રખાય છે. " કારખાના કરવાથી બહુ પાપ થાયછે " એમ કહી ઘરમાં બેશી રહેનારાઓને આપણે કહેવું જોઇએ છે કે, " પાપ તો દરેક કામમાં છે, હમારી વૃત્તિ ઉદાર રાખો અને વ્યાપારમાં પ્રમાણિકતા પુરી રીતે સાચવો તથા એવી રીતે હરકોઇ વ્યાપારથી મળેલા પૈસા હમારા પોતાના મોજશોખમાં નહિ વાપરી નાખતા સાદું જીવન ચલાવી બચત રકમમાંથી સમાજસેવાના કામો કરો ' આવા આશયથી મીલ કે કારખાનાં કરનાર ડૂબતા નથી પણ તરે છે બાકી માત્ર સ્વાર્થને માટે થતો ધંધો તો તે ગમે તેવો નિર્દોષ દેખાતો હોય તો પણ બંધનકર્તા જ છે. યાદ રાખવું જોઇએ કે અજ્ઞાની જ્હાં બંધાય છે ત્હાંજ જ્ઞાની છૂટે છે, જ્ઞાની જેવી પાપમુક્ત થાય છે તેજ કામ અજ્ઞાનીને ઉલટું પાપબંધન કરાવનારૂં થઈ પડે છે " સઘળો આધાર વૃત્તિપર–આંતર જીવન ઉપર–આશય ઉપર છે પરિગ્રહ વૃત્તિ એજ બંધનકર્તા છે, માટે પ્રમાણિકપણે મ્હોટા ધંધા કરી લાખ્ખો રૂપીઆ રળી તે વડે ધર્મપ્રભાવના કરે એજ ખરેખર પવિત્ર શ્રાવક છે

जीवदयानां कामो.

(૧) 'ભારત જૈન મહામંડળ'ના ઉત્સાહી કાર્યવાહક શ્રીયુત દયાચંદ બી એ. એઓએ ઉર્દુ, હિંદી અને બંગાળી ભાષામાં પ્રાણીહિંસા તથા પ્રાણીખોરાક વિરૂદ્ધ ઉપદેશ આપનારા ન્હાના ન્હાના પુસ્તકોની હજારો પ્રતોનો ફેલાવો કરવા માંડયો છે તે પૅમ્ફ્લેટો હિંદુ-મુસલમાનનું સારી રીતે લક્ષ ખેંચવા પામ્યા છે

(૨) ખાનદેશના કલેકટર સાહેબે ખાનદેશમાં દશેરાને દિવસે રીબાવી રીબાવીને મરાતા પશુઓની વાતે ધ્યાઇને સરક્યુલર બહાર પાડયો છે, જેમાં એવી મતલબનું લખાણ છે કે પશુનો ભોગ આપવો બીન-જરૂરી છે, અને તેમ છતાં કોઇ ધર્મનું બહાનું બતાવતા હોય તો ત્હેમને ખાસ તાકીદ આપવામાં આવે છે કે એવી રીતે હોમાતા જીવો રીબાવી-ને મારવામાં આવશે તો ત્હેમના સામે કેસ ચલાવવામાં આવશે. આ સરક્યુલરો દરેક ગામના મુખીપટેલ ઉપર મોકલી દરેક ગામમાં ઢંઢેરો પીટા-વવામાં આવ્યો હતો અને તેથી કેટલાંક ન્હાનાં ગામોમાં તો સરકારની દંતરાજીની ધાસ્તીથી જ પશુવધ બંધ થયો છે અને મ્હોટાં ગામોમાં કાંઇક સરક્યુલરની બીકથી અને કાંઇક દયાળુ હિંદુ અને જૈન ગૃહ-સ્થોની સમજાવટથી બંધ થયો છે. પાચોરા (પરોપકારી શેઠ બછરાજજી રૂપચંદજીના પ્રયાસથી), મેહુનબારા (શેઠ કેશવજીભાઇ ભવાનજીભાઇના પ્રયાસથી) વગેરે કેટલાક ગામોમાં આ વર્ષે પશુવધ અટકયો છે ચાલીસ-ગામમાં મી એ. ડી. ધર્મસિંહના પ્રયાસને એટલી ફતેહ મળી છે કે આવતી સાલ પશુવધ અટકશે દરેક ગામમાં દયાળુ આગેવાનોએ દશેરાના પહેલા પહેલા પ્રયાસ આદરવાની જરૂર છે વિદેશી સરકાર પોતે જ્યારે આટલી મદદ કરે છે ત્યારે તે મદદનો લાભ લઇ આગળ પ્રયાસ કરવામાં જો હિંદુઓ અને જૈનો પ્રમાદ કરે તો હિંસાનું કેટલુંક પાપ ત્હેમને માથે કાં ન ગણાય? હાલમાં થતો પશુવધ રીવા-જના બંધનમાં પડેલા અજ્ઞાન લોકોથી થાયછે, ત્હેમની અજ્ઞાનતા દૂર કરવા માટે જો સમજુ લોકો ઉદ્યમ ન કરે તો તેઓ પોતેજ ગુન્હેગાર કેમ ન ગણાય? ... કોઇ બીજા વીર ... ખાનદેશમાં એક દેવીના ધામમાં હજારો જીવો ચૈત્રમાસમાં કપાય છે અને લોહીની નીકો ચાલે છે જે દેશમાં કચ્છી

ગુજરાતી અને દક્ષિણી હિંદુઓ તથા જૈનો મ્હોટો વ્યાપાર ચલાવે છે તે દેશમાં આટલી બધી હિંસાઓ અટકાવવા તેઓ કમર ન કસે એ દેખીતું દીલગીર થવા જેવું છે

આ સાલ માહ માસથીજ આવો પ્રયાસ શરૂ થાય એમ આપણે ઇચ્છીશું.

(૩) મુંબઇના 'શ્રી જીવદયા પ્રસારક ફંડ' ના ઑનરરી મેનેજર શ્રીયુત લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી જણાવે છે કે—

"ઉક્ત ફંડના સ્થાપક તથા જીવદયાના જાણીતા હીમાયતી રા રા લાભશંકર લક્ષ્મીદાસ જુનાગઢવાળા ઉપર મહેસાણાના એક વકીલ રા ગ વેણીલાલ હરીદાસ નાણાવટી બી એ એલ એલ. બી એ એક પત્ર લખેલો તેમાં મહેસાણા તથા તેની આસપાસના ગામોમાં નવરાત્રીના પવિત્ર દિવસોમાં ઠાકરડાઓ પાડાનો વધ કરે છે તે વિષે હકીકત જણાવેલી હતી તે ઉપરથી ગ રા લાભશંકરે 'સ્વર્ગના ઉમેદવાર ઠાકરડાઓને અરજ' એ મથાળાવાળું એક હૅન્ડબીલ છપાવી તેની એક નકલ મને મોકલતાં મને તે ઉપયોગી લાગવાથી તેની ૧,૦૦૦ નકલો છપાવી તેમાંથી દરેક પત્રોને તેની એકેકી નકલ રવાના કરવામાં આવી છે અને તે ઉપરાંત તે ઠાકરડાઓને ઉપદેશ આપવા માટે તથા નામદાર ગાયકવાડ સરકાર જેવા કેળવાયેલા રાજ્યકર્ત્તાના રાજ્યમાં આવી રીતે અજ્ઞાનપણે લોકો ધર્મને નામે જાનવરોના લોહીની નદી વહેવરાવે તે બંધ કરવા માટે ત્યાંના મે૦ સુબા સાહેબ હજુર અરજ કરવા માટે આ ફંડના ઉપદેશક રા ગ ભગવતપ્રસાદ ભુપતરાય વેષ્ણવને મોકલવામાં આવ્યા હતા, તેઓએ કડી પ્રાંતના સુબા સાહેબ મે૦ ગ બા ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇના પ્રમુખપણા નીચે મહેસાણામાં એક ગંજાવર જાહેર સભામાં અસરકારક ભાષણ આપ્યું હતું, કે જેને મે૦ પ્રમુખ સાહેબે દરેક રીતે અનુમોદન આપ્યું હતું અને શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડના કારોબાર માટે સંતોષ બતાવ્યો હતો તે ઉપરાંત પોતે દયાળુ વૃત્તિથી આદર્શાદને કડી પ્રાંતમાં કોઇએ નવરાત્રીમાં પાડા, બકરાં અથવા કોઇ પણ જાનવરોની હિંસા કરવી નહી એવો લેખીત હુકમ બહાર પાડયો છે. અને આવતી નવરાત્રીમાં તથા દશેરાને દિવસે કોઇ પણ માણસ ધર્મને નામે કોઇપણ

જાનવરની હિંસા ન કરે તે બાબત સાવચેતી રાખવાના હુકમો તેઓ સાહેબે કડીપ્રાંત કે જેના તાબામાં આશરે ૧,૩૦૦ ગામો છે ત્યાંના પોલીસ અમલદારો તરફ મોકલાવી આપ્યા છે. આ હુકમ પસાર થવાથી જો દરેક ગામમાંથી નવરાત્રીનાં ૧૦ મ્હોટાં જાનવરો ગણીએ તોપણ ૧,૩૦૦ ગામોમાંથી ઓછામાં ઓછાં ૧૩,૦૦૦ મ્હોટાંજાનવરો બચવા પામ્યાં છે, એ કાંઇ ઓછું પ્રશસનીય નથી આ સ્તુતિપાત્ર કાર્યથી મે૦ રા૦ બા૦ ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇએ હજારો નિર્દોષ જાનવરોની હિંસા અટકાવવાથી તેઓ સાહેબે હજારો જીવોને જીવતદાન આપ્યાનુ પુણ્ય હાસલ કર્યું છે અને તેનો બદલો પરમકૃપાળુ પરમાત્મા તેઓને આપે તથા આવા દયાળુ પગલાં પસાર કરવા માટે હજી આથી પણ ચઢીઆતા હોદ્દા ઉપર તેઓ ચડે તેઓના હાથે હમેશા પરોપકારના કાર્યો થાય તથા આવા દયાળુ અમલદારનો દાખલો લઇને નામદાર બ્રીટીશ ગવર્નમેન્ટ તથા દેશી રાજ્યના અમલદારો આવા પરોપકારી હુકમો બહાર પાડવામા ઉત્સાહી બને **અને આવાં ઉત્તમ કાર્યોને આગળ વધારવા માટે તથા જીવદયાની હીલચાલ દેશમાં સર્વત્ર ફેલાવવા માટે આ ફંડને શ્રીમંત ગૃહસ્થો તથા બહેનો આર્થિક મદદ કરે** અને તેને પરિણામે હજારો બલ્કે લાખો નિર્દોષ જાનવરોના લોહીની નદી વહેતી બંધ થાય તથા દેશમાં સર્વત્ર શાંતિ પ્રસરે એવી પરમાત્મા પ્રત્યે મ્હારી નમ્ર પ્રાર્થના છે "

(૪) પુનાઆની 'પ્રાણીસંરક્ષક સભા' ના ઉત્સાહી સેક્રેટરીના પ્રયાસથી ઓણમાલ કેટલીક જગાએ પશુવધ બંધ થયાનુ સંભળાય છે

આ સર્વ પરોપકારી સંસ્થાઓ અને સજ્જનોના પ્રયાસ સફળ થાઓ, તેમના ઉત્તમ કામમા શ્રીમંતો અને સત્તાવાળાઓની દીનપ્રતિદીન વિશેષ મદદ મળતી રહો અને દેશમા શાન્તિનુ રાજ્ય ફેલાવનાર ધીરસ્તા તરીકે તેઓ લાંબુ જીવન ગુજારવાને શક્તિમાન થાઓ'

સિંધના મુસલમાનોને વેપારીની અને ઉચી કેળવણી લેવાની સગવડ થાય એવી ઇચ્છાથી તેમને સ્કોલરશીપો આપવા માટે રૂ. ૨૫૦૦૦ ની એક રકમ ખેરપુરના **મીર સર ઇમામ બક્ષખાન** તાલપુરે સિંધના મુસલમાનને સોંપી છે

जाहेर भाषणो.

(૧) મુંબઈની પ્રાર્થના સમાજના વાર્ષિક સમ્મેલન પ્રસંગે 'મહાવીર સ્વામીનું જીવનચરિત્ર અને ઉપદેશ' એ વિષય ઉપર ભાષણ આપવા આ લખનારને આમંત્રણ થવાથી પ્રોફેસર ભંડારકર M. A. ના પ્રમુખપણા નીચે ગઈ તા. ૧ લી ઑક્ટોબરની સાંજે હિંદી ભાષામાં એક ભાષણ આપ્યું હતું, જેમાં કેટલાક જૈન વિદ્વાનો ઉપરાંત પ્રાર્થના સમાજ અને બીજા પંથોના અનુયાયી ગૃહસ્થો અને સન્નારીઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. (ભાષણનો રીપોર્ટ આ અંકમાં અન્ય સ્થળે જોવામાં આવશે.)

(૨) માળવાના શહેર મંદશોર ખાતે ગઇ તા. ૯ ઑક્ટોબરની રાત્રીએ "જૈનો અને જમાનો" એ વિષય ઉપર હિંદીમાં એક ભાષણ આપ્યું હતું, જેમાં પણ જૈનો તેમજ જૈનેતર મહાશયોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

(૩) તા૦ ૧૨ મી ઑક્ટોબરની સાંજે ખાનદેશમાં આવેલા ચાલીસગાવમાં સરકારી અમલદારો, વકીલ મંડળ અને ગામના તમામ ધર્મના આગેવાનો સમક્ષ "પરમાત્માનો સંદેશો" એ વિષય ઉપર હિંદીમાં ભાષણ આપ્યું હતું.

ત્રણે સ્થળેથી એવી માગણી કરવામાં આવી હતી કે મ્હારે એવા વિશેષ જાહેર ભાષણો આપવા બીજા વધુ પ્રસંગ લેવા, તેથી સમજાય છે કે, ક્રિયાકાંડ અને અંધશ્રદ્ધામાં ચ્હોંટેલું લોકોનું ચિત્ત યુક્તિમત્ ભાષણોથી ખસેડી વિદ્યાપ્રચાર, તત્વજ્ઞાન અને ઉત્સાહ પ્રેરક સંતકથાઓ પર લગાડવાના પ્રયાસને માટે બહોળું ક્ષેત્ર છે અને અનુકૂળ સમય છે.

જૈન હેડમાસ્તરને માન—રાજકોટ નિવાસી મી. પોપટલાલ કેવળચંદ શાહ કે જે એક ઉત્સાહી સ્થાનકવાશી જૈન લેખક છે અને રાજકોટસ્ટેટની ગુજરાતી સ્કુલના હેડ માસ્તર હતા તેમની નીમણુક અમદાવાદના રીનેલ નીશન ટ્રેનીંગ કૉલેજના હેડ માસ્તર તરીકે થવાથી એમના માનમાં ગઇ તા. ૬ ઑક્ટોબરના રોજ રાજકોટ ખાતે ડૉ૦ એ૦ ઇ૦ ના પ્રમુખપણાનીચે એક મેળાવડો થયો હતો, જેમાં ના. પોપટલાલે કેળવણી ખાતાની બજાવેલી સેવાની તારીફ કરવામાં આવી હતી.

જૈનોની જરૂરીઆતો.

શ્રી 'ભારત જૈન મહામંડળ'ના ઉત્સાહી કાર્યવાહક શ્રીયુત ચૈતનદાસ બી એ. (હાલ સુલતાનપુર, ઔધપ્રાંત) એઓએ મુંબઇના સુશિક્ષિત જૈન ભાઇઓની મુલાકાત લઇને જૈનોની જરૂરીઆતો સબંધી હેમના અભિપ્રાય મેળવ્યા છે. તેઓએ બતાવેલી જરૂરીઆતોમા સૌથી પહેલી એ છે કે ત્રણે ફીરકાના જૈનો માટે સામાન્ય જૈન બૉર્ડીગો જ્હા જ્હાં હાઇસ્કુલો હોય ત્હા ત્હા સ્થાપવી. અકેક ફીરકાની અલાયદી બૉર્ડીગ હોવાની વિરૂદ્ધમા હું હમેશ લખતો આવ્યો છુ અને મ્હને બરાબર નહિ સમજનારા કેટલાક ભાઇઓ મ્હારા આ અભિપ્રાય માટે મ્હને કેળવણીના શત્રુ તરીકે ખપાવવા કોશીશ કરતા જોવામા આવ્યા છે. પરંતુ આખરે શ્રીયુત ગુલાબચંદજી ઢઢા M A, શ્રીયુત મકનજીભાઈ જુઠાભાઇ B A LL B. બૅરીસ્ટર-ઍટ-લૉ, શ્રીયુત મોતીચંદ ગીરધરભાઇ કાપડીઆ B A LL B સોલીસીટર, શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇ B A LL. B, શ્રીયુત ભગુભાઇ ફતેહચંદ કારભારી (એડીટર, જૈન') જેવા વિદ્વાનોએ બાબુ ચૈતનદાસજીને પોતાનો જે અભિપ્રાય જણાવ્યો છે તે મ્હારા નિંદાયલા (!) વિચારને સંપૂર્ણ ટેકો આપે છે એ જોઇ મ્હને કેટલોક સંતોષ થયો છે અલાયદી બૉર્ડીગો કરતા સંયુક્ત બૉર્ડીગો રાખવાથી ખર્ચમા ઘણોજ બચાવ થાય છે, ભવિષ્યમા જૈન કોમના આગેવાન થવાને સર્જાયલા જૂદા જૂદા ફીરકાના યુવાનો વચ્ચે એકતાની ગાઢ બંધાય છે, અને એક કોમમા જે ગુણોની સ્વભાવત ખામી હોય છે તે બીજી કોમના માણસો સાથે રહેવાથી દૂર થાય છે એમ ત્રણ મ્હોટા લાભો છે, તે ઉપરાત અકેક કોમની અલાયદી સંસ્થામા વ્યવસ્થાની ખામી અને લાગવગ ચાલવાનો જે મ્હોટો સંભવ છે તે સંયુક્ત સંસ્થાની બાબતના રહેતો નથી એક સુશિક્ષિત સ્વધર્મીબંધુ તરફથી મ્હને ખબર મળી છે કે, મુંબઇની સ્થાનકવાશી જૈન બૉર્ડીગ કે જેને એ વર્ગની કૉન્ફરન્સ ઑફિસ તરફથી એ ખાતા માટે થયેલા ફંડના વ્યાજ તેમજ મુદ્દામાંથી થઇને માસીક રૂ ૨૫૦) આપવામા આવે છે (અને ફંડ વધતુ ન હોવાથી નજદીકના ભવિષ્યમા આ ગ્રાન્ટ મળતી બંધ

થવાની પુરી ધાસ્તી છે) તે બૉર્ડીંગના વિદ્યાર્થીઓને અત્રેની દીગંબર જૈન બૉર્ડીંગમાં વગર ફીએ રાખવાની હા કહેવામાં આવી હતી અને પોતાના ધર્મનું ખાસ અલાયદું શિક્ષણ આપવા દેવાની પણ ઇચ્છા જણાવવામાં આવી હતી, તે છતાં પહેલી સંસ્થાના સેક્રેટરીએ તે ઉદારતાનો લાભ લેવા ના કહી હતી અને એવી કાંઇ માગણી કરી હતી કે 'સ્થાનકવાશી જૈન બૉર્ડીંગ' એવું બોર્ડ (પાટીઉં) દીગંબર જૈન બૉર્ડીંગના પોતીકા મકાનના જે ભાગમાં સ્થાનકવાશી વિદ્યાર્થીઓને મફત રાખવામાં આવે ત્હાં મુકવા દેવું ! ખરેખર પડોશી મટીને ધરધણી થવા જેવી આ માગણી હતી અને સ્વાભાવિક રીતે જ તે અસ્વીકાર પામી હતી પાસે પૈસા ન હોવા છતાં, પૈસા મેળવવાની કોઇની તાકાદ પણ ન છતાં, એક બંધુકોમ જ્હારે ભાઇ તરીકે આવી ઉદારવૃત્તિ બતાવે તે વખતે આવો જવાબ આપનારાઓ, જો ઉપલી વાત સાચી હોય તો, જૈન વર્ગમાં થવા માંડેલા ઐક્યને આડખીલરૂપ અને સ્વકોમને હાનીરૂપ ગણાવા પામશે એમ મ્હને ભય છે.

બાબુ ચૈતનદાસને જૈનોની જે બીજી જરૂરીઆતો સંબંધમાં કહેવામાં આવ્યું હતું તે, નીચે મુજબ છે—(૧) એક સૅન્ટ્રલ મ્યુઝીઅમ અને લાઇબ્રેરી સ્થાપવી, (૨) જૈનધર્મની પ્રાચીનતા અને કીર્તિ સાબીત કરનારા ઐતિહાસિક પૅમ્ફલેટો છપાવવા, (૩) જ્ઞાતિસંસ્થા સંબંધમાં જૈન શાસ્ત્રોના વિચારોના ઉતારા બહાર પાડવા, (૪) જૈન પારિભાષિક શબ્દોની એક ડીક્ષનેરી (કોશ) અથવા જૈનસર્વસંગ્રહ, (૫) હરકોઈ ધર્મનો માણસ કે ધર્મને નહિ માનનારો માણસ બુદ્ધિવાદથી સમજી શકે એવી રીતે લખાયલું જૈન ફીલસુફીનું પુસ્તક, (૬) અર્ધમાગધી વ્યાકરણ, (૭) સ્કુલો, કૉલેજો અને જૈન પાઠશાળાઓમાં ભણતા જૈન વિદ્યાર્થીઓ પૈકી લાયકને પુરતી સ્કૉલરશીપો આપવાનો બંદોબસ્ત, (૮) ગ્રૅજ્યુએટ થયા બાદ જૈનશાસ્ત્રોના સંબંધમાં શોધખોળ અને અભ્યાસ કરવા કેટલાક જૈનોને લલચાવી ત્હેમને તે કામની નીરાત માટે પુરતી સ્કૉલરશીપો આપવાની ગોઠવણ કરવી

મ્હને જાણીને સંતોષ થાય છે કે, જે જે જરૂરીઆતો માટે નંક મ્હારા 'જૈન સમાચાર'માં અનેક વખત બુમો પાડયાં કરી છે તે જ જરૂરીઆતો તરફ આજના અમારા શ્વેતામ્બર, દીગંબર વિદ્વાનોનું લક્ષ આપોઆપ ખેંચાવા પામ્યું છે આ સઘળી જરૂરીઆતો

પુરી પાડવાને જૈન જેવી પ્રમાદી, પક્ષપાતી અને પાછળ બુદ્ધિવાળી કોમને હજી સેંકડો જોઇશે, પણ પહેલા સાતમા અને આઠમા નબરની જરૂરીઆતો માટે સૌથી પહેલા પ્રયાસ થવાની જરૂર છે. એ જરૂરીઆતો પુરી પડયેથી બાકીની જરૂરીઆતો આપોઆપ પુરી પડી રહેશે 'મહાવીર મિશન'ની મ્હારી રફ 'સ્કીમ' (કાચી યોજના) વાચનાર મહાશયો જોઇ શકશે કે એ એક સસ્થા આમાની ઘણી-ખરી જરૂરીઆતો પુરી પાડનાર થઇ પડે એમ આશા રાખી શકાય બીજી એક એજ આશયની પણ જુદા રૂપની યોજના બાહોશ 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હૅરલ્ડ' પત્રમા થોડા દિવસમા બહાર પડનાર છે યોજનાઓ ગમે તેટલી રચાઓ, બહાર પડો, પણ ત્હેમને ઉપાડી લેનાર અને મદદ કરનાર સજ્જનોનો જૈન વર્ગમા પ્રાય દુષ્કાળ છે એ જ મ્હોટા દુઃખની વાત છે તે છતા આપણે નાહિમ્મત થવુ જોઇતુ નથી વિચારો બહાર પાડવા એ પણ જગતને પ્રથમ વિચારમા અને પછી કાર્યમા દોરવાનુ ઉપયોગી કામ છે, અને ઘણા મગજોમા બધાયેલી વિચારની આકૃતિઓનુ સયુક્ત બળ એક દિવસ જરૂર સ્થૂલ રૂપે દેખા દેશે જ. વિચારકો અને કાર્યવાહકોએ, બીજી સ્હાય અને દીલસોજીની ગેરહાજરીમા, આ એક જ વિચારથી આશ્વાસન લેવાનુ રહે છે.

——ooo——

રતલામમાં દિગંબર જૈન બૉર્ડીંગ સ્કુલનો બીજા વર્ષનો વાર્ષિક મેળાવડો ગઇ તા ૧૦ ઑક્ટોબરના રોજ રતલામ સ્ટેટની કાઉન્સીલના મૅમ્બર મી. દોરાબજી ફરદુનજી વકીલના પ્રમુખપણા નીચે થયો હતો, જેમા શહેરનો અમલદાર વર્ગ, કેળવાયલો વર્ગ અને વ્યાપારી વર્ગ હાજર હોવાથી ભાષણોની રોનક સારી થઇ હતી. દિગબર ભાઇઓમા બૉર્ડીંગ હાઉસો, ધાર્મિક ન્યુસપેપરો અને પરોપકારી ખાતાઓ જેટલા છે તેટલા શ્વેતામ્બર એકકે ફીરકાને નથી, પરન્તુ હજી ત્હેમને પોતાનો ઉદ્યમ આગળ વધારવો જો[ઇએ] છે અને દરેક પ્રાતમા વિદ્યાના સાધન ઉભા ન થાય ત્યા સુધી સ[ંતોષ] પકડવો જોઇતો નથી શ્વેતામ્બર ફીરકાઓએ કોર્ટોના ઝઘડા અધશ્રદ્ધામા ખર્ચાતો પૈસો અને સકુચીત વૃત્તિને દે[શવટો દઇ] દીગબર ભાઇઓની માફક વિદ્યા વૃદ્ધિના સાધન ઉભા પડવું જોઇએ છે

કૉન્ફરન્સના આગેવાનો જ આવા બાળકોને દીક્ષા અપાવવામા આગેવાનીભર્યો ભાગ લે એ ખેદ ઉપજાવનારૂ છે સાધુ સાધ્વીઓને પોતાનો આચાર પાળવામાં અત્યારે કેટલી વીટંબણા ભોગવવી પડે છે તેનો ખ્યાલ લગભગ દરેક જૈનને હોવોજ જોઇએ, અને તે છતા આઠ વરસની વયની એક બાળકન્યાને તેણીની ઇચ્છા જાણ્યા વગર એવી વીટંબણામા ઉતારવી એ સાદી અકલને અનુસરતુ નથી ઉંમર લાયક થતા તેણી પોતાને દીક્ષા આપનારાઓનો ઉપકારજ માનશે એવી ખાતરી તેણીને દીક્ષા આપનારા અને અપાવનારા ધરાવતાં હોય એ બનવાજોગ નથી, અને તેજ વખતે તેણીની સમજ શક્તિ ખીલતા તેણી પોતાને દીક્ષા આપનારાઓને શ્રાપ આપે એ કાંઇ નહીં બનવા જોગ નથી આ મધળુ ધ્યાનમા લેતા આપણે ફરીથી કહેવુ પડે છે કે, આ જાતની દીક્ષાઓને ઉત્તેજન આપનારા કે તેમાં આગેવાન ભાગ લેનારાઓ શુભ ફળની આશા રાખતા હોય તો તે વ્યર્થ છે હવે જોધપુરના રાજ્યે ઘડેલા કાયદાના અમલ ઉપર જો આ બનાવથી થનારી અસરના સબધમા વિચાર કરતા તરતજ એમ લાગી આવે છે કે **આ દીક્ષા અપાવનારાં અને આપનારાંઓએ જોધપુરના રાજ્યની દીલસોઝી કે મહેરબાની ઉપરનો પોતાનો તેમજ પોતાના પંથના સાધુ સાધ્વીઓનો હક સમુળગો રદ કર્યો છે. આ બનાવ તેના ધ્યાન ઉપર લાવવામાંઆવતાં તે કાયદાનો અમલ જૈન સાધુ-સાધ્વીઓના બાબમાં વધારે તકેદારીથી કરવામાં આવશે તો આપણે અજબ નહીં થઇશુ** **સિકંદરાબાદ** ખાતેની જૈન કૉન્ફરન્મે આ કાયદાના સબધમા **જો**ધપુરના રાજ્યને અરજ કરવાનો ઠરાવ કર્યો હતો ત્યારેજ આપણે બતાવી ગયા હતા કે જૈન સઘોએ બાળવયમા અપાતી દીક્ષાઓ ઉપર અંકુશ મેલવાનુ માથે લઇ જોધપુરના રાજ્યને બતાવી આપવું જોઇએ છે કે તે કાયદાનો અમલ **જૈન સાધુઓના** બાબતમા કરવાની **જરૂર** નથી જો સઘો હજુ પણ આ બનાવ ઉપરથી ધડો લઇને પોતાની મેળેજ નવા સાધુ-સાધ્વીને માટે એકવીસ વરસની વયનુ પ્રમાણ નકકી કરે તો હજુ પણ કાંઇ મોડુ થયુ નથી, અને જે એક બનાવ બન્યો છે તેના સબધના ફેની થનારી માઠી અસરને પણ આના કરતો નાની ને દુર કરાતી નડાગે પણ **જો તે બાબતમાં**

છે આઠ વરસની નાની એક આર્યાજી [illegible] આ જમાનામાં કે ધર્મના જોશમાં વખાણ કરી શકે કે જેમ અને આ બનાવના પરિણામે **જોધપુરના રાજ્યને પોતાનો કાયદો જૈન સાધુઓની બાબતમાં ઢીલો કરવાની કરવામાં આવેલી માગણીને કેટલું નુકસાન પોંહોચશે** [illegible] જૈન સાધુમાર્ગીઓને [illegible] આચાર [illegible] આ કુમળી વયની આર્યાજી **પાળી શકશે** કે? પગે ચાલીને મુસાફરી કરવી, કેશ લોચન કરવું અને બીજા સખત નિયમોના સંબંધમાં [illegible] એ એક **આઠ વરસનું બાળક કેમ કરી શકશે**? પગે ચાલીને કરવા પડતાં વિહાર [illegible] અશક્ત થઇ પડશે અને તેથી [illegible] એક સાધ્વી તરીકેના આચારમાં [illegible] નહિ. તેનો વિચાર તેને સાધ્વી બનાવનાર ગુરૂ ગોરાણીએ કર્યો લાગતો નથી. આવા બાળકોને દીક્ષા આપવા માટે [illegible] આધાર માગવામાં આવતાં, ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરે આઠ વરસના એક બાળકને દીક્ષા આપેલી હોવાનો બનાવ શાસ્ત્રમાં આવે છે અને તે આઠ વરસની વયે સાધુ થયેલા બાળકને એકજ ભવમાં મોક્ષ પામેલુ હોવાનો આધાર રજુ કરવામાં આવે છે, આ આધાર એક બનાવનો હોવાથી તેની ના પાડવાનું કોઇ કારણ નથી; પણ તેમાં જે **રહસ્ય** સમાયલું છે તે **ભુલી જઇને** તેનું અનુકરણ કરવામાં આવે છે એટલીજ બીના ખેદ પમાડનારી છે શ્રી મહાવીર ત્રીકાળદર્શી હતા તેઓ એ બાળકના આગલા ભવોના કર્મબંધન, ચાલુ ભવના સંસ્કારો અને ભવિષ્યમાં તેની થનારી ગતિ જાણી શકતા હતા, અને તેથી તેમણે એ સઘળું ધ્યાનમાં લઇને એ બાળકની ભવિષ્યની ગતિને માટેનું જરૂરી સાધન પુરૂં પાડયું હતું આ જમાનામાં એ જાતનું જ્ઞાન ધરાવવાનો દાવો કોઇપણ સાધુ કરી શકે તેમ નથી, અને તેને લીધે એ બાળકના આગલા ભવના સંસ્કારો જાણીને તે પછી દીક્ષા આપવામાં આવેલી હોવાનો બચાવ રજુ કરી શકાય તેમ નથી એટલું જ નહિ પણ **શ્રી મહાવીરના વખતમાં** શુદ્ધ ચારિત્ર પાળવાની જે સગવડો હતી તેમની અત્યારે તો ગેરહાજરી જ છે એક તરફથી જમાનાના સંજોગો ધ્યાનમાં લેતાં નવા આર્યાજીઓ બનાવવાની ના પાડનારા ઠરાવો પસાર કરવાની હિમાયત જૈન કૉનફરન્સોમાં કરવામાં આવે છે, ત્યારે

કૉન્ફરન્સના આગેવાનો જ આવા બાળકોને દીક્ષા અપાવવામાં આગેવાનીભર્યો ભાગ લે એ ખેદ ઉપજાવનારૂં છે. સાધુ સાધ્વીઓને પોતાનો આચાર પાળવામાં અત્યારે કેટલી વીટંબણા ભોગવવી પડે છે તેનો ખ્યાલ લગભગ દરેક જૈનને હોવોજ જોઇએ, અને તે છતાં આઠ વરસની વયની એક બાળકન્યાને તેણીની ઇચ્છા જાણ્યા વગર એવી વીટંબણામાં ઉતારવી એ સાદી અકલને અનુસરતું નથી. ઉંમર લાયક થતાં તેણી પોતાને દીક્ષા આપનારાઓનો ઉપકારજ માનશે એવી ખાતરી તેણીને દીક્ષા આપનારા અને અપાવનારા ધરાવતા હોય એ બનવાજોગ નથી, અને તેજ વખતે તેણીની સમજ શક્તિ ખીલતાં તેણી પોતાને દીક્ષા આપનારાઓને શ્રાપ આપે એ કાંઇ નહીં બનવા જોગ નથી. આ સઘળું ધ્યાનમાં લેતાં આપણે ફરીથી કહેવું પડે છે કે, આ જાતની દીક્ષાઓને ઉત્તેજન આપનારા કે તેમાં આગેવાન ભાગ લેનારાઓ શુભ ફળની આશા રાખતા હોય તો તે વ્યર્થ છે. હવે જોધપુરના રાજ્યે ઘડેલા કાયદાના અમલ ઉપર જો આ બનાવથી થનારી અસરના સબંધમાં વિચાર કરતાં તરતજ એમ લાગી આવે છે કે **આ દીક્ષા અપાવનારાં અને આપનારાંઓએ જોધપુરના રાજ્યની દીલસોઝી કે મહેરબાની ઉપરનો પોતાનો તેમજ પોતાના પંથના સાધુ સાધ્વીઓનો હક્ક સમુળગો રદ કર્યો છે. આ બનાવ તેના ધ્યાન ઉપર લાવવામાં આવતાં તે કાયદાનો અમલ જૈન સાધુ-સાધ્વીઓના બાબમાં વધારે તકેદારીથી કરવામાં આવશે તો આપણે અજબ નહીં થઇશું.** સિકંદરાબાદ ખાતેની જૈન કૉન્ફરન્સે આ કાયદાના સબંધમાં જોધપુરના રાજ્યને અરજ કરવાનો ઠરાવ કર્યો હતો ત્યારેજ આપણે બતાવી ગયા હતા કે જૈન સંઘોએ બાળવયમાં અપાતી દીક્ષાઓ ઉપર અંકુશ મેલવાનું માથે લઇ જોધપુરના રાજ્યને બતાવી આપવું જોઇએ છે કે તે કાયદાનો અમલ **જૈન સાધુઓના** બાબતમાં કરવાની જરૂર નથી. જો સંઘો હજુ પણ આ બનાવ ઉપરથી ધડો લઇને પોતાની મેળેજ નવા સાધુ-સાધ્વીને માટે એકવીસ વરસની વયનું પ્રમાણ નક્કી કરે તો હજુ પણ કાંઇ મોડું થયું નથી, અને જે એક બનાવ બન્યો છે તેના સબંધના ઉભી થનારી માઠી અસરને પણ આવા ઠરાવો મારફતે દૂર કરી શકાશે પણ **જો તે બાબતમાં**

સંઘો હજુ પણ પોતાની સાદી સમજનો ઉપયોગ કરી નહીં શકે તો જોધપુરના રાજ્ય જોડે બીજાં રાજ્યોને અને આખરે નામદાર બ્રીટીશ સરકારને પણ જો કાયદાની નકલ કરવાને તઇયાર થવું પડે તો તેથી નવાઇ ઉપજશે નહીં. એક બાળકન્યા ને કરજ્યાત દીક્ષા આપવાનો માની લીધેલો લ્હાવો લેવાને ખાતર **આખા સમુદાયની સ્થિતિ કઢંગી બનાવવી એ ડહાપણથી વેગળું** છે એ બાળકીને સંસારી દશામાંજ રહેવા દઇ સાધ્વીજીઓના સંગમાં રાખી વિદ્યાભ્યાસ કરાવવામાં આવ્યો હોત. તેણી પુખ્ત ઉમરે પહોંચે તેટલામાં તેણીને બની શકે તેટલું સારૂં જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનો પુરા પાડવામાં આવ્યા હોત, અને **તે પછી** તેણી સ્વેચ્છાના બળે દીક્ષા લેવા તઇયાર થઇ હોત, તો સ્થિતિ જુદીજ ઉભી થાત અને પરિણામ ઘણું **ઉત્તમ** આવત

આંખોનું રક્ષણ કરવા માટે સૂચનાઓ—કડી પ્રાંતની ડિસ્ટ્રિક્ટ મેડીકલ કમીટીએ વિદ્યાર્થીઓની આંખોના રક્ષણ માટે કેટલીક સૂચનાઓ બહાર પાડી છે, જે હરકોઇ માણસે ધ્યાનમાં લેવા યોગ્ય છે તે સૂચનાઓ આ પ્રમાણે છે.—(૧) અંધારામાં કે થોડા અજવાળામાં કદી વાચવું નહિ (૨) વાચતી વખતે તમારૂં માથું હમેશાં ઉચું રાખો (૩) વાચતી વખતે તમારી ચોપડી મ્હોંથી આશરે ૧૪ ઇંચ દૂર રાખો (૪) અજવાળાને તમારી પાછળથી અથવા તો તમારી ડાબી બાજુ તરફથી આવવા દ્યો (૫) થોડી થોડી મીનીટને અંતરે ચોપડીની બહાર નજર કરી આંખને વિશ્રાન્તિ આપો (૬) ચોપડી ઉપર સૂર્યના કિરણ પડે એવી રીતે કદી વાચશો નહિ (૭) સ્વચ્છ જળથી સ્હવાર-સાંઝ બન્ને વખતે આંખો સાફ કરો. (૮) વાચતી વખતે અજવાળા તરફ કદી મ્હો રાખશો નહિ

આંખોની જાળવણી ઉપર આખી જીંદગીના રક્ષણ અને કર્તવ્યનો આધાર હોવાથી, દરેક માણસે આવી સ્વાભાવિક સૂચનાઓ પર લક્ષ આપવું જરૂરનું છે

श्री महावीर स्वामी.

एमनुं सेवाधर्ममय जीवनचरित्र तथा सर्वोपयोगी मिशन.

'મુંબઈ પ્રાર્થના સમાજ'ના વાર્ષિક ઉત્સવમાં અપાયલું ભાષણ.

મુંબઈની 'પ્રાર્થના સમાજ'ના વાર્ષિક ઉત્સવમાં 'શ્રી મહાવીર સ્વામી' ઉપર એક ભાષણ આપવા વાડીલાલ મોતીલાલ શાહને આમંત્રણ થયેલું હોવાથી તા. ૩૦ મી સપ્ટેમ્બરની સાંજના ૬ વાગે સમાજના મંદીરમાં પ્રોફેસર ભંડારકરના પ્રમુખપણા નીચે તેણે હિંદી ભાષામાં વ્યાખ્યાન આપ્યું હતું. બાનુઓ અને ગૃહસ્થોથી સમાજનો હૉલ ચીકાર ભરાયો હતો. શરૂઆતમાં સમાજના સેક્રેટરીએ ભાષણકર્ત્તાની પીછાન કરાવતાં જણાવ્યું હતું કે, જૂદા જૂદા ધર્મોના મહાપુરૂષોના જીવનચરિત્રને તે ધર્મોના જ વિદ્વાનો પાસે બોલાવવાની ઈચ્છાથી અમે ગઈ સાલ જૈન ધર્મના વિદ્વાનોને અરજ કરી હતી પણ તે વખતે અમારો પ્રયાસ નિષ્ફળ ગયો હતો, આ વર્ષ એક મિત્રદ્વારા પ્રયાસ કરતાં આજના વ્યાખ્યાનકારને મેળવવા હું ભાગ્યશાળી થયો છું. આપણને હેમની પાસેથી ઘણું શીખવાનું-જાણવાનું મળશે, કારણ કે તેઓ 'જૈન-સમાચાર' વગેરે ત્રણ ત્રણ પેપરોના અધિપતિ હોવા ઉપરાંત ધર્મ સંબંધી વ્યાખ્યાનો આપવા આખા દેશમાં ફરે છે. વ્યાખ્યાનકારે ત્યાર બાદ ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે—

'પ્રાર્થના સમાજ'માં જૈન ધર્મ કેવો ?

જાતિ ભેદ, વ્હેમી અને શુષ્ક ક્રિયાઓ તથા ધર્મઢોંગો વગેરેથી જેણે છેડાછૂટકો કર્યો છે એવી 'પ્રાર્થના સમાજ'માં મહાવીરનું જૈનોના દેવનું-એક 'વાડા'માં રહેતા લોકોએ માનેલા દેવનું જીવન ચરિત્ર અને ઉપદેશ કહેવાનું સાર્થક શું ?' એમ અત્રે બીરાજેલા ઘણાએક શ્રોતાઓના મનમાં થતો સવાલ હું સમજી શકું છું. જૈન-સમાજના મનમાં મહાવીર અને જૈન શબ્દો સંબંધના બંધાઈ ગયેલા આવા વિચારો માટે જો કોઈ દોષપાત્ર હોય તો તે જૈનો-આજ-

કાલના જૈનો પોતે જ છે, કે જેઓ સર્વોપયોગી અને વિશાળ દૃષ્ટિવાળા જૈનધર્મનું **ખરૂં સ્વરૂપ** સમજવાની ગરજ વગરના છે અને જ્હેમને ધર્મનુ સ્વરૂપ સમજાવવાની જોખમદારી જે ધર્મગુરૂઓને શિર મુકવામા આવી છે તેઓ તત્વરસીક અથવા ગહ્યપ્રેમી નહિ હોવાથી જૈનોનો ઘણો જ થોડો ભાગ ધર્મનું ખરૂ સ્વરૂપ સમજી શક્યો છે. આવા સજોગોમાં જૈનેતર લોકો અથવા જનસમાજ એ ધર્મ સબંધી ખરો ખ્યાલ શી રીતે પામી શકે ? જ્ઞાતિભેદ, અજ્ઞાનમૂલક ક્રિયાઓ અને વહેમોને દેશમાંથી હાંકી કહાડવાને મહાવીર નામના જે મહાન સુધારક અને વિચારકે ૩૦-૩૦ વર્ષ સુધી ઉપદેશ આપ્યો હતો તે ઉપદેશ હરકોઈ દેશ અને હરકોઈ સમાજનો ઉદ્ધાર તેમજ આત્મોદ્ધાર કરવાને પુરતો હોવા છતા તે ધર્મના ગુરૂઓની અજ્ઞાનતા અને શ્રાવકોની અંધશ્રદ્ધાને લીધે મહાવીર અને જૈનધર્મ આજે અનાદર પામે છે. સાયન્સનો હિમાયતી, સામાન્ય અક્કલ (Common sense)ને ખીલવનારો, આતરબળ ખીલવવાની ચાવી આપનારો, પ્રાણી માત્રને ભાઇચારાની સાંકળથી જોડનારો, આપબળ અથવા સ્વાત્મસંશ્રય(Self-reliance)નો પાઠ શિખવી રોતડ અને કર્મવાદી દુનીઆને 'જવાંમર્દ'-'કર્મવીર' બનાવનારો, એક નહિ પણ **પચીસ** દૃષ્ટિથી દરેક ચીજ અને દરેક બનાવ પર વિચાર કરવાની વિશાળ દૃષ્ટિ આપનારો અને પોતાની સગવડના ભોગે બીજાનુ હિત સાધવાની ફરજ નાખનારો-એવો અતિ ઉપકારી, વ્યવહારૂ (practical) અને સાદો-સુધો મહાવીરનો ઉપદેશ ભલે આજના જૈનો સમજવા કોશીશ ન કરે, પણ વખત જતા તે પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, બ્રહ્મોસમાજ, થીઓસોફીકલ સોસાઇટી, અને યુરોપ અમેરિકાના શોધક મગજોમા જરૂર વિશ્રામ કરશે એ બાબતમા મ્હને શ્રદ્ધા છે

મહાવીરનો ઉપદેશ પક્ષપાતી કે એકદેશીય નથી.

વિશ્વને પોતાનુ કુટુંબ મનાવનારા મહાવીર ગુરૂનો ઉપદેશ પક્ષપાતી નથી, તેમ જ તે અમુક વર્ગ માટે છે એમ પણ નથી એમના ઉપદેશને 'જૈન ધર્મ' એવુ નામ અપાયુ છે, તેમા 'જૈન' એ માત્ર 'ધર્મ'નુ વિશેષણ છે જડભાવ, સ્વાર્થબુદ્ધિ, સંકુચિત દૃષ્ટિ, ઇન્દ્રિયગ્રામના એ વગેરે પર જય મેળવવાની ચાવી આપનારો અને એ રીતે આ દુનીઆમા રહેવા છતા અમર અને આનંદસ્વરૂપ

તત્વનો સ્વાદ ચખાડનારો ઉપદેશ એજ જૈન ધર્મ છે, એજ મહાવીરનો ઉપદેશેલો ધર્મ છે કાળ, ક્ષેત્ર, નામ આદિનુ બંધન કે મર્યાદા ખરો ધર્મ, તત્વ, સત્ય કે આત્મા સહન કરી શકે જ નહિ એ રહસ્યથી તત્વવેત્તા મહાવીર અજાણ્યા નહોતા અને તેટલાજ માટે (શ્રી દશવૈકાલિક સૂત્રમાં મહાવીરનો ઉપદેશ સંગ્રહવામા આવ્યો છે તે પ્રમાણે) તેમણે કહ્યુ હતું કે "ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે; અને 'ધર્મ' એ બીજુ કાંઇ નહિ પણ 'અહિંસા' સંયમ અને તપનો સરવાળો' છે." 'જૈનધર્મ એજ ઉત્કૃષ્ટ મંગળ છે' અગર 'હુ જે ઉપદેશ આપુછું તેજ ઉત્કૃષ્ટ મંગલ છે' એમ તેમણે કહ્યુ નથી, પણ અહિંસા (કે જેમા દયા, નિર્મળ પ્રેમ, ભ્રાતૃભાવનો સમાવેશ થાય છે) તથા સંયમ (કે જેમા મન અને ઇન્દ્રિયોપર કાબુ રાખતા શીખી આત્મરમણતા પ્રાપ્ત કરવાની છે) અને તપ(કે જેમા બીજાનુ હિત કરવા માટે સેવાનો શ્રમ, ધ્યાન અને અભ્યાસનો સમાવેશ થાય છે) એ ત્રણ તત્વોનો સરવાળો એજ 'ધર્મ'અથવા'જૈનધર્મ' છે, અને તે જ ત્યાગ નિર્ગ્રંથોને તથા આખા જગતને ગ્રાહ્ય છે, એમ જણાવી તેમણે તે ત્રણે તત્વોનો ઉપદેશ વિદ્વાનોની સંસ્કૃત ભાષામા નહિ પણ તે વખતના લોકવર્ગમા બોલાતી માગધી ભાષામા દરેક વર્ણના પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે કર્યો હતો અને જાતિભેદ તોડી ક્ષત્રીય મહારાજાઓ, બ્રાહ્મણ પંડિતો તથા અધમમા અધમ ગણાતા માણસોને પણ જૈન બનાવ્યા હતા તથા સ્ત્રીઓના દરજ્જાને પણ ઉંચો બનાવી ખરા સુધારાના મૂળ નાખ્યા હતા એમના 'મિશન' અથવા 'સંઘ' મા પુરુષો તેમજ સ્ત્રીઓ બન્ને છે અને સ્ત્રી-ઉપદેશકો પુરુષો વચ્ચે પણ ઉપદેશ કરે છે અને કેટલીક સાધ્વીઓના નામ તો સવારની પ્રાર્થના વખતે ગાવામા આવે છે શ્રી મહાવીરના ઉપદેશ અને તે ઉપદેશના અવલોકન તરફ આપણે થોડા વખત પછી નજર કરીશુ, પણ આટલી બીનાથી શ્રોતાગણને ખાત્રી થઇ હશે કે મહાવીર કોઈ એક પક્ષ કે વર્ગના ગુરુ નથી, પણ સકળ મનુષ્ય વર્ગના સર્વકાળ માટેના ગુરુ છે અને તેમના ઉપદેશમાંથી ખરો સુધારો તથા દેશોન્નતિ અને આત્મોન્નતિ થઇ શકે તેમ હોવાથી સુધારાનો માર્ગ શોધતા આ જમાનાને અને આ દેશને તો તે ધર્મ ઘણોજ ઉપયોગી અને ઉપકારી છે, એટલા માટે [illegible] ધર્મશિક્ષણને [illegible]

શ્રી મહાવીર ગુરૂનું જીવન.

હવે આપણે શ્રી મહાવીર ગુરૂના જીવનચરિત્ર તરફ ફરીએ. ઐતિહાસિક દૃષ્ટિએ જીવનચરિત્ર કથવામા ઘણી મુસ્કેલીછે એ હું ત્હમને પ્રથમથીજ જણાવી દઇશ. પુરાણા વખતમા ઇતિહાસ તરીકે ઇતિહાસ ભાગ્યેજ લખાતા શ્વેતામ્બરોએ માનેલા શ્રી આચારાગ તથા ઉત્તરાધ્યયન સૂત્રમા શ્રી મહાવીર સબધી કાંઇક હકીકત મળી શકે છે દીગબરના 'મહાવીર પુરાણ' માથી કેટલીક હકીકત મળી શકે છે. કલ્પસૂત્ર અને હેમચદ્રાચાર્યકૃત ત્રિશષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રમાં શ્રી મહાવીર સબધી ઉલ્લેખછે. પાશ્ચિમાત્ય વિદ્વાનોએ પ્રસિદ્ધ કરેલાં સાધનો પૈકી 'The Sanctuary' Vol II by William Hicks (Boston) અને સ્ટીવન્સન કૃત નવતત્વ અને કલ્પસૂત્ર એ કાઇક ઉપયોગી છે. આમ જૂદાં જૂદાં સાધનો પરથી મહાવીરનું ચરિત્ર આપણી જાતે ઉપજાવી કહાડવાનુ રહેછે, 'ઉપજાવી કહાડવાનુ' એ શબ્દ વાપરવાનુ કારણ એ છે કે, કોઇપિણ સૂત્ર કે ગ્રથમા સપૂર્ણ જીવનચરિત્ર આપ્યુ નથી તેમજ એક ગ્રથકારે જણાવેલી બાબતોથી જૂદીજ જાતની બાબતો બીજા ગ્રથકાર આપે છે આગલા જમાનામા દતકથાઓ, અતિશયોક્તિભર્યા ચરિત્રો અને સૂક્ષ્મ બાબતોને સ્થૂલ રૂપમા બતાવવા માટે ઉપમાઓ વાપરેલા હેવાલો લખવાનો બહુજ રીવાજ હતો. કે જે રીવાજ માત્ર જૈનોના જ નહિ પણ બ્રાહ્મણ, ખ્રિસ્તી વગેરે તમામના પવિત્ર ગણાતા ગ્રથોમા દૃષ્ટિગોચર થાય છે તેથી આજે પૂર્વના કોઇ મહાપુરૂષનુ બુદ્ધિગમ્ય ચરિત્ર કથવા ઇચ્છનારે ઉપર કહેલા સ્થૂલ બ્યાનો અને દતકથાઓ તથા ભક્તિવશ થઇ લખાયલી આશ્ચર્યજનક બાબતોને જૂદી પાડી એક મનુષ્ય કેવી રીતે અને કેવા કામોથી ઉત્ક્રાન્ત થતો ગયો અને ત્હેની ઉત્ક્રાન્તિ જગતને કઇ રીતે અને કેટલે અશે ઉપકારક થઇ પડી એ બતાવવાનુ મહાભારત કામ બજાવવામા કેટલુક જોખમ ખેડવુ પડે તેમ છે. અસ્તુ! આજના ટુકા વ્યાખ્યાનમા આપણને બધી બાબતોનો નિર્ણય કરવાનો અવકાશ નથી તેથી ટુકામાજ પતાવવા કોશીશ કરીશુ

ઉત્તર હિંદમા વિદેહ અથવા મગધમા આવેલા કુડગ્રામના નરેશ સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાદેવીના પુત્ર તરીકે શ્રી મહાવીરનો જન્મ ઇ. સ. પૂર્વે ૫૯૯મા થયો હતો. શ્વેતામ્બર જૈન શાસ્ત્રકારો કહેછે કે તે મહાત્માનો

જીવ પ્રથમ એક બ્રાહ્મણીની કુક્ષીએ ઉત્પન્ન થયો હતો અને પાછળથી (બ્રાહ્મણ કુળ હલકું ગણાવાથી) દેવતાએ તે ગર્ભને અમુક વિધિથી ત્રિશલા ક્ષત્રીયાણીની કુખે લાવી મૂક્યો હતો ગર્ભસંક્રમણની આ બીનાનો દીગબર શાસ્ત્રકારો ઇનકાર કરેછે.

ગૃહસ્થો ! ધર્મ સબંધમા સામાન્ય લોકસમાજની શ્રદ્ધા એવી વિચિત્ર હોય છે કે એક વાતને અસંભવિત કહેવી તે સેકડો માણસોની લાગણી દુખવવા જેવી બાબત થઈ પડે છે. પરંતુ જ્યહારે મહાવીરને પોતાના તીર્થંકર-ભગવાન તરીકે માનનારા બન્ને ફીરકા આ પ્રમાણે ઇતિહાસ લખવામા જૂદા પડેછે ત્હારે બેમાથી એક તો ખત્તનો હોવો જ જોઇએ એમ તટસ્થ પુરૂષો કલ્પના કરવાને હકદાર છે મ્હારી પોતાની માન્યતા એમ છે કે, બ્રાહ્મણો અને જૈનો વચ્ચે જે સખ્ત સ્પર્ધા ચાલતી હતી ત્હેને લીધે ઘણાએક બ્રાહ્મણ વિદ્વાનોએ જૈનોને અને ઘણા જૈન આચાર્યોએ બ્રાહ્મણોને પોતપોતાના ગ્રંથોમા અપમાન પહોચાડવાની યુક્તિઓ કરવામા બાકી રાખી નથી આમ કરવામા તેઓ દોષીત હતા કે કેમ એ એક સ્વતંત્ર સવાલ છે, કે જેના નિરાકરણ માટે આ સ્થળ યોગ્ય ગણાય નહિ, અહી એટલુ જ જણાવવુ બસ થશે કે બ્રાહ્મણ કુળને મહાન પુરૂષના જન્મ માટે નાલાયક ઠરાવવા માટે કદાચ ગર્ભસંક્રમણની કલ્પના કરવી પડી હોય અગર તો જેમ સિદ્ધશીલા વગેરે અનેક સૂક્ષ્મ ભાવોનુ વર્ણન સ્થૂલ ભૂમિ રૂપે આપ્યુ છે તેમ આ પણ એક અધ્યાત્મગર્ભિત ભેદ હોવો જોઇએ એવી રીતે કે, શ્રી મહાવીર પ્રથમ 'બ્રાહ્મણ અને પછી ક્ષત્રિય' બન્યા અર્થાત પ્રથમ બ્રહ્મચર્યના રક્ષણપૂર્વક સમર્થ વિચારક (thinker) બન્યા પૂર્વ ભવોમા આસ્તે આસ્તે વિચારબળ જ કેળવ્યાં કર્યું અને જ્ઞાનયોગી બન્યા પછી ક્ષત્રીય અથવા કર્મયોગી-દુનીઆના હિત માટે આત્મભોગ આપનારા વીર બન્યા

એ તો ગમે તે હો, મહાવીર ત્રિશલાદેવીની કુક્ષીએ જન્મ્યા એ તો નિર્વિવાદ છે ત્હેમને ઉછેરવાને માટે પાચ પ્રવીણ ધાવનાઓ રાખવામા આવી હતી અને ત્હેમને બચપણથી વીરરસના[illegible] ગોખ [illegible] આવ્યો હતો દીગમ્બરોની માન્યતા પ્રમાણે આ[illegible] ત્હેમણે [illegible] અંગીકાર કર્યા અને જગતના ઉદ્ધાર માટે દીક્ષા લેવા પહેલા દેહાન્તની યોજના [illegible] ગોઠવવાનુ [illegible]

શ્વેતામ્બરો કહેછે કે, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને લગતા સુખો એમણે ૩૨ વર્ષની ઉમર સુધી ભોગવ્યાં, લગ્ન કર્યા, પિતા બન્યા અને ઉત્તમ પ્રકારનો ગૃહવાસ (જળકમળવત્) કેવી રીતે ચલાવી શકાય એનો જીવતો દાખલો જગતને પુરો પાડયો. દીક્ષા લેવાની ઈચ્છા જાહેર કરતા માતાપિતાને દુઃખ ઉપજવાથી ત્હેમના સ્વર્ગવાસ સુધી તેઓ ગૃહવાસમા રહ્યા, ફરી ૨૮મે વર્ષે દીક્ષા માટે તૈયારી કરવામા આવી, ત્યારે મ્હોટા ભાઇએ રોકયા. "માતાપિતા અને વડીલ બંધુની આજ્ઞાનો લોપ ન કરવો એ 'ગૃહસ્થ'નુ ભૂષણ છે" અર્થાત્ 'ધર્મ વિનય-મૂલક છે' એમ જગતને બતાવી આપવા માટે બે વર્ષ વધુ સસારમાં રહી ધ્યાન, તપ વગેરેમા મશગુલ રહ્યા અને બીજે વર્ષ બાર માસ સુધી વાર્ષિક દાન આપ્યા કર્યુ શ્વેતામ્બર ગ્રંથો કહે છે કે ૩ અબજ ૮૮ કરોડ ૮૦ લાખ સોનૈયાનુ દાન ત્હેમણે આપ્યુ હતું, પરન્તુ આંકડાની વિગતો પર ચર્ચા કરવાથી કાંઇ સગીન લાભ નથી, માટે આપણે આગળ ચાલીશુ. શ્રી મહાવીરનુ દાન અને દીક્ષામા થયેલો વિલંબ એ બે બાબતો ખાસ વિચારવા જેવી છે. એજ ગુરૂદેવે દુનીઆને બાપોકાર ઉપદેશ કર્યો છે કે ધર્મના ચાર પાયા છે દાન, શીલ, તપ અને ભાવના **અનુક્રમે** કહેવાયલા એ ચાર માર્ગ-માનો પહેલો સૌથી સહેલો છે. આગળીનો નકામો (કાળો) નખ કાપી આપવો એ દાન કરવા જેટલુ જ સ્હેલુ કામ છે કાચો નખ ઉતારી દેવો એ શીલ પાળવા બરાબર મુસ્કેલ છે આગળી કાપી આપવી તે તપ બરાબર મુસ્કેલ છે અને આખુ શરીર 'વોસીરાવી દેવું-શરીર ઉપરથી હક્ક ઉઠાવી લઇ આત્માને ત્હેના પ્રેક્ષક તરીકે અલગ રાખવો એ 'ભાવના' છે કોઇપણ જાતના બદલાની ઇચ્છા વગર પ્રેમપૂર્વક યથાશક્તિ શારીરિક મહેનત વડે કે દ્રવ્ય વડે કે સલાહ વડે દાન દેવાનુ જેનાથી બની શકતુ નથી ત્હેનાથી નિર્મળ શીલ (Charactor) કદી અગીકાર થઇ શકે જ નહિ. (જેઓ એમ થવું શક્ય માને છે તેઓ 'શીલ'નો ખરો અર્થ સમજતા નથી) અને શીલ વગરનો માણસ 'તપ' કે જેમા પરાર્થ લેવાતા શ્રમનો અને ધ્યાન, સ્વાધ્યાયાદિનો સમાવેશ થાય છે તે 'તપ'નો અધિકાર પામી શકે નહિ. તેમજ તપ વગર ઉચ્ચતમ ભાવના સભવીત નથી આ રહસ્ય લોકોને પોતાના જ દૃષ્ટાતથી ઠસાવવા માટે શ્રી મહાવીરે **પ્રથમ દાનધર્મ** પાળી બતાવ્યો અને **ત્યારપછી જ સંયમ** અગીકાર કર્યો અને સયમની પોતાને લેહ લાગેલી હોવા છતા

વડીલોની મરજી સંપાદન કર્યા પહેલા બાહ્ય ત્યાગ અંગીકાર કર્યો નહતો જૈનોમાં આજે બાહ્ય ત્યાગની જે પ્રથા ચાલે છે તે બાબતમાં અત્રે કાંઇ ન બોલતા હું એટલુંજ ઇચ્છીશ કે જેને તેઓ પોતાના ભગવાન માને છે ત્હેમના જ્વલંત દૃષ્ટાંતને ધ્યાનમાં લઇ વર્તવામાં આવે તો જૈન ધર્મ આજની માફક એક ખુણે પડી ન રહેતાં ઘણો પ્રખ્યાત થાય અને ઘણો જગહિતકારી થઇ પડે

ત્રીસ વર્ષની વયે શ્રી મહાવીરે જગતની દૃષ્ટિએ જગદુદ્ધારના કામની 'દીક્ષા' અથવા મહાવ્રત અંગીકાર કર્યું અને સ્વહસ્તે કેશલોચ કર્યો કેશલોચ–પોતાની આંગળીઓથી પોતાના મસ્તકના વાળ ખેંચી કહાડવા એ ઘણાને ત્રાસદાયક ક્રિયા લાગશે, પણ એ એક આત્માભિમુખ દૃષ્ટિની કસોટી માત્ર કરવા માટે કરાતી ક્રિયા છે પ્રસિદ્ધ નવલકથાકાર મેરી કોરેલીના 'ટૅમ્પોરલ પાવર' નામના રંગીલા ગ્રંથમાં જુલમી રાજાને સુધારવા માટે બંધાયલી ગુપ્ત મંડળીનો એવો કાનુન કલ્પ્યો છે કે, એ મંડળીમાં દાખલ થવા ઇચ્છનારને એક ગુપ્ત જગામાં લઈ જવામાં આવતો, જ્યહાં ત્હેના હાથની નસમાંથી તલવાર વતી લોહી કહાડી તે લોહી વડે અમુક દસ્તાવેજમાં સહી કરાવવામાં આવતી' જે મનુષ્ય થોડું સરખું લોહી પડવા દેતાં ડરે કે ચમકે તે, દેશને બચાવવાના મહાભારત કામ માટે જોઇતો સંપૂર્ણ દેહભોગ કેવી રીતે આપી શકવાનો હતો? તેવી રીતે જે માણસ વિશ્વોદ્ધારના 'મિશન'માં જોડાવા ઇચ્છે છે ત્હેને આત્મા અને દેહની ભિન્નતા એટલે અંશે લાગવી જોઇએ કે વાળ ખેંચી કહાડતાં એણે જરા પણ આંચકો ખાવો ન જોઇએ વાળ અમુક રીતે જ કહાડવાથી મોક્ષ મળે છે એમ કાંઈ નથી, પણ આ એક બાહ્ય કસોટી છે એટલું મનોબળ કેળવ્યા વગર દીક્ષા લેનારા જગતને ભાગ્યેજ ઉપકારી થઇ શકે છે

શ્રી મહાવીર કેશલોચ કર્યા બાદ પ્રથમ તો બાર વર્ષ સુધી તપ અને ધ્યાનમાંજ નિમગ્ન રહ્યા એમણે કરેલા તપો એમના આત્મબળનો પુરાવો આપે છે તપ અને ધ્યાન વડે વિશેષ યોગ્યતા મેળવ્યા પછીજ ઉપદેશના કામની યોજના અમલમાં મૂકી, એ એક [illegible] સરખી વાત છે. [illegible] એવી બાવી [illegible] જગતને કાંઇ [illegible] થઇ શકવાના નથી [illegible] [illegible] જગતને [illegible] [illegible] [illegible]

વધારેમા વધારે સેવા કઈ રીતે બજી શકે, એ સઘળી બાબતોનો અભ્યાસ જેને નથી તેવાઓ તો સેવાને બદલે ઉલટા હાની કરનારા થઇ પડે એ સંભવીત છે. **"પ્રથમ જ્ઞાન અને શક્તિ મેળવો, પછી સેવા માટે બહાર પડો"** એ સિદ્ધાંત કે જે મહાવીરના ચરિત્રમાથી મળી આવેછે તે, આજના રાજદ્વારીઓ, સંસારસુધારકો, તેમજ ધર્મસુધારકોએ લક્ષપૂર્વક શિખવા જેવો છે એક અણઘડ માણસ પોતાથી પણ વધુ અણઘડ માણસોને હજારોની સંખ્યામા 'સ્વયંસેવક' તરીકે એકઠા કરે એથી શું દેશોદ્ધાર કે ધર્મોદ્ધાર થવો શક્ય છે? **"પ્રથમ લાયકાત અને પછી જાહેર કાર્ય"** એ એક અમૂલ્ય મંત્ર છે, જે આજના જૈનો તેમજ જૈનેતરોએ, અને જૂદાજૂદા ક્ષેત્રોમા કામ કરવા ઇચ્છિનાર દરેક પુરૂષે અવશ્ય શિખવો જોઇએ છે

શ્રી મહાવીરને જે કામ બજાવવુ હતુ, તે કામની લાયકી બાર વર્ષના ભગીરથ પ્રયાસથી મેળવ્યા બાદ હેમણે એ 'મિશન' શરૂ કર્યું અને ૩૦ વર્ષ સુધી તનતોડ મહેનતથી એ મિશન ચલાવ્યુ પોતાનુ 'મિશન' દીર્ઘકાળ સુધી ચાલ્યા કરે અને જગસેવામા મદદગાર થાય એ હેતુથી એમણે વ્યવસ્થાપૂર્વક યોજના ગોઠવી ન્યાયોપાર્જિત દ્રવ્ય પર ગુજારો કરનારા '**માર્ગાનુસારી**', મર્યાદિત આત્મભોગ આપી શકે એવાં વ્રતધારી **શ્રાવક-શ્રાવિકા,** અને સંપૂર્ણ આત્મભોગ આપી શકે એવા મહાવ્રતધારી **સાધુ-સાધ્વી** એઓનો એક '**સંઘ**' અથવા '**સ્વયંસેવક મંડલ**' રચ્યુ ક્રાઇસ્ટના જેમ ૧૨ એપોસ્ટલ્સ હતા તેમ હેમણે ૧૧ **ગણધર** (શ્રી ગૌતમ પ્રમુખ) મેળવ્યા અને પછી હેમાના ૭ ને ૭ ગણ' અથવા '**ગુરૂકુળ**' ચલાવવાનુ સોંપ્યુ, અને બીજા ૪ ને બે ગુરૂકુળ સોંપ્યા એ જૂદા જૂદા ગુરૂકુળોમ થઇને ૪૨૦૦ મુનિઓ, કુમારે ૧૦ હજાર ઉમેદવાર મુનિઓ અને ૩૬૦૦૦ આર્યાઓ શિક્ષણ લેતા એમના સંઘમા ૧૫૯૦૦૦ શ્રાવકો અને ૩૦૦૦૦૦ શ્રાવિકાઓ હતી [illegible] તાર, પોસ્ટ વગેરેની મદદ વગર ત્રીસ વર્ષમા જે પુરૂષે પ્રોપેગેન્ડા' અથવા 'પ્રચારનુ કાર્ય' આટલી હદ સુધી વધાર્યું હશે તે પુરૂષનો ઉત્સાહ, બળ, સહનશીલતા, જ્ઞાન, વીર્ય, તેજ વગેરે [illegible] [illegible] ચરિત્રના હશે તેનો ખ્યાલ સહજમા આવી શકે તેમ છે

શ્રી મહાવીરે પ્રથમ મગધમા ઉપદેશ કર્યો, ધીમે ધીમે [illegible] [illegible] અને પશ્ચિમના [illegible] ભાગોમા રૂપ વિહાર કરીને

ચાલીને–એમણે લોકોના વ્હેમો, અંધશ્રદ્ધા, અજ્ઞાનતીમીર અને ઇન્દ્રિય-
લોલુપતા આદિ જડવાદને દૂર કર્યો હતો વિદેહના રાજા ચેટક,
અંગદેશના રાજા શતાનીક, રાજગૃહીના શ્રેણીક, પ્રસન્નચંદ્ર વગેરે
રાજાઓ અને મ્હોટા ક્રોડપતિઓને એમણે પોતાના ભક્ત બનાવ્યા હતા
જાતિભેદ અને લિંગભેદનો એમણે બહિષ્કાર કર્યો હતો જંગલી જાતિઓ
વચ્ચે વિહાર કરીને એમને પણ તારવા કોશીશ કરી હતી, જેમ
કરવા જતા એમને અનેક ભયાનક સંકટો સહવા પડયા હતા ઉજ્જન-
ના સ્મશાનમા રૂદ્રદેવનો પરિસહ, ગોવાળે કાનમા ઠોકેલા ખીલા,
હઠયોગમા ફસાયલા અને પાછળથી સુધરેલા ગોશાલકે નાખેલી તેજો-
લેસ્યા એ વગેરે સંકટો પરથી એમની આત્મસ્થીરતા અને સહનશીલ-
તાનો અનુભવ થઇ શકે છે ચંડકોશીક નાગનો ઉપસર્ગ વર્ણવતા
જૈન શાસ્ત્રકારો કહેછે કે સાપને મહાવીરના પગનુ લોહી ક્ષીર જેવુ
મીઠ લાગ્યુ અને તેથી ઉહાપોહ કરતા જ્ઞાન થઇ આવ્યુ આ
અલંકૃત ભાષા તળે અમૂલ્ય તત્વ છૂપાવવામા આવ્યુ હોય એમ મ્હારી
પામર બુદ્ધિને જણાય છે ચંડ આક્રોશ અથવા ઉગ્ર ક્રોધ વાળો કોઇ
મનુષ્ય મહાવીર જેવા શુદ્ધ કાર્મણદેહવાળા પુરૂષ પર ક્રોધ કરવા
જતા એ શુકલ લેસ્યાવાળા દેહના ક્ષીર જેવા સ્વાદવાળા પુદ્ગલો
ના પ્રતાપે આત્માભિમુખ વૃત્તિવાળો બનવા પામ્યો હોય તો એ
સંભવીત છે કારણ કે ખરેખર જૈનતત્વજ્ઞાન પ્રમાણે શુક્લ લેસ્યાનો
સ્વાદ ક્ષીર જેવોજ છે, પણ તે કાંઇ ઉદારીક દેહથી ચાખી શકાતો નથી

મહાવીર એ કાંઇ Automatic ઑટોમેટીક ઉપદેશક ન હતા
અર્થાત્ કોઇ ગુરૂએ કહેલી વાતો કે રૂપો કે વિધિઓને વળગી રહે-
નાર સ્થિતિ ચુસ્ત (Conservative) પુરૂષ નહતા, પણ સ્વતંત્ર
વિચારક હોઇ દેશ-કાળને અનુરૂપ સ્વાગમા સત્યનો બોધ કરનાર
પુરૂષ હતા તેમના પહેલા થયેલા તીર્થંકરે બાંધેલા બંધારણના ફેર-
ફાર કરીને એમણે નવુ સ્વરૂપ યોજ્યુ છે, જે કેશીસ્વામી અને ગૌતમ
સ્વામીની નાત કૉન્ફરન્સનુ જે વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રમા આપ્યુ
છે તે ઉપરથી તથા બીજી કેટલીક વિધિઓ ઉપરથી જણાઇ આવેછે
એટલુજ નહિ પણ એમણે ઉપદેશ પણ લોકભાષામા–તે વખતના
જનસમુહમા બોલાતી માગધી ભાષામા આપ્યોછે, નહિ કે તે વખતના
[illegible] તથા તાર્કિક વર્ગમા વપરાતી સંસ્કૃત ભાષામા આ એક બાબતો
[illegible] જૈનો તેમજ દરેક ધર્મના અનુયાયીઓએ શિખવુ
[illegible] અને દરેકજ જાણતા હશે, જ્ઞાન આદિના

પાઠોને મૃતભાષામાં પોપટ માફક નહિ ભણતાં જે ભાષા પોતે બોલી અને સમજી શકે તે ભાષામાં તે પાઠો અને શાસ્ત્રોનું **ભાષાન્તર** કે તે ભાવ કાયમ રાખી **રૂપાન્તર** કરવું જોઇએ, કે જે રૂપાન્તર આજના દેશ-કાળાદિને વધારેમાં વધારે અનુકૂળ હોય

શ્રી **મહાવીર** જેવા વ્યવહારકુશળ-સમયસૂચક હતા તેવાજ સર્વ દિશાનું જ્ઞાન ધરાવનાર પુરૂષ હતા હેમણે ષડ્દ્રવ્યની સમજુતમાં વિશ્વવ્યવસ્થા સમાવી દીધીછે, કે જે આજના થિઓસોફીસ્ટો પૈકીના ઘણા આગળ વધેલાઓએ સ્વીકારીછે શબ્દનો વેગ 'લોક'ના છેડા સુધીછે એ વગેરે કહીને હેમણે આજની ટેલીગ્રાફી સમજાવીછે ભાષાના પુદ્ગળ છે એમ કહી ટેલીફોન અને ફોનોગ્રાફની શોધનો પાયો નાખ્યોછે ઝાડા-પેશાબ-ગળફા વગેરે ૧૪ સ્થળે બારીક જંતુ ઉત્પન્ન થયાજ કરેછે એમ જણાવી આજની ઉડતા રોગોની Theory સમજાવીછે. પૃથ્વી, વનસ્પતિ વગેરેમા જીવ છે એવો એમનો સિદ્ધાન્ત આજે ડૉ. **બોઝે** સાબીત કરી બતાવ્યો છે [વાંચો આ અંકનો 'પ્રાસંગિક નોંધ'.] એમનો અધ્યાત્મવાદ અને સ્યાદ્વાદ આજના અધ્યાત્મીઓ અને વિચારકોને માટે 'ભોમીઆ' રૂપ છે. એમણે કહેલું લેશ્યાઓનું સ્વરૂપ અને લબ્ધિઓની હકીકત આજના થિઓસોફીસ્ટોની શોધથી સત્ય સાબીત થાયછે. એમ પદાર્થવિજ્ઞાન શાસ્ત્રની બાબતમાં તેમજ માનસશાસ્ત્ર અને અધ્યાત્મની બાબતમાં પણ અઢી હજાર વર્ષ ઉપર થઇ ગયેલા શ્રી **મહાવીર** કુશળતા ધરાવતા હતા અને પદાર્થવિજ્ઞાનને તેઓ માનસશાસ્ત્ર તથા અધ્યાત્મ જેટલેજ દરજ્જે ધર્મની પ્રભાવનાનું અંગ માનતા, એ વાત એટલા ઉપરથી સમજાશે કે એમણે જે આઠ પ્રકારના 'પ્રભાવકો' ગણાવ્યા છે હેમાં 'વિદ્યા પ્રભાવક' એટલે સાયન્સના જ્ઞાન વડે ધર્મની પ્રભાવના કરનારાઓનો પણ સમાવેશ કર્યોછે

એમના ઉપદેશ તરફ દૃષ્ટિ કરીએ છીએ તો તે એવો તો વ્યવહારૂ (Practical) અને આજના લોકોની શારીરિક, નૈતિક, હાર્દિક, રાજકીય અને સામાજિક ઉન્નતિ માટે એવો તો **અનિવાર્ય** જણાય છે કે, એ સાદા દેખાતા ઉપદેશનું રહસ્ય જગાએ જગાએ મેદાનોમાં ઉભા રહી સમજાવવાની તક અને સગવડ જેમને મળી હોય તે ખરેખર ભાગ્યશાળી છે એમ કહ્યા સિવાય ચાલતું નથી લોકોના જે અમુક ધર્મ જ ખરો અને બીજા ખોટા એવો નિન્દાદ ચાલે છે તેનો ચેપ, મહાવીરનો ઉપદેશ સમજનારને '

લાગી શકશે નહિ, કારણકે **મહાવીરે** તો સ્યાદ્વાદ શૈલિ બતાવીને નય–નિક્ષેપાદિ ૨૫ દૃષ્ટિએ વિચાર કરતાં શિખવ્યું છે. હેમણે દ્રવ્ય એટલે પદાર્થપ્રકૃતિ, ક્ષેત્ર એટલે દેશ, કાળ એટલે જમાનો તેમજ વખત, ભાવ એ ચારેને માન આપીને એ વસ્તુસ્થિતિ (Circumstances)ના અંગોને વધારેમા વધારે અનુકૂળ થઈ પડે એવી રીતનો વ્યવહાર ચલાવવા સલાહ આપી છે, કાંઇ એમ નથી કહ્યું કે 'આમ જ કરજે, બીજુ નહિ' રાજા કૅન્યુટે પોતાના **ઓકા** અને **ઑસ્વોલ્ડ** નામના ખુશામતીઆ દરબારીઓને કપડો આપતા કહ્યું હતુ કે "Thus far and no further" 'આટલેજ દૂર, અને એથી જરા પણ પણ દૂર નહિ જતો' એમ દરીઆના વેગને હુકમ કરવાની શક્તિ મહારાજામા પણ નજ હોઇ શકે એમ તમે આજથી શિખો' બરાબર એજ શબ્દોમા હુ કહીશ કે અનુભવી નીતિશાસ્ત્રકર્ત્તાઓ 'દરેક દેશ, દરેક કાળ, અને દરેક સંજોગોમા આમજ વર્તો, અને બીજે રસ્તે નહિ' એવો અકુદરતી હુકમ કરી શકે નહિ મનુષ્ય આત્મા સ્વતંત્ર છે, હેને સ્વતંત્ર રહેવા દેવો, હેને માત્ર માર્ગસૂચન કરવુ અને અમુક દેશકાળમા અમુક રીતે વર્તવુ સલાહભરેલુ થઇ પડે એમ બતાવી હેના **પોતાના** દેશકાળાદિ સંજોગોમા કેવી રીતે વર્તવુ એ વિચારી લેવાની એને સ્વતંત્રતા આપવી એજ પૂર્ણ અથવા સ્યાદ્વાદ શૈલિવાળા ઉપદેશકનુ કર્ત્તવ્ય છે વળી એમણે દશવૈકાલિક સૂત્રમા શિખવ્યુછે કે, ખાતા–પીતા–ચાલતા–કામ કરતા–સૂતા દરેક કામમા 'જયણા' અથવા **યતના** રાખો, અર્થાત્ દરેક કામ **યતનાપૂર્વક** કરો એટલે કે 'Work with attentiveness or balanced mind" ચિત્તની એકાગ્રતાપૂર્વક–સમતોલ વૃત્તિપૂર્વક દરેક કાર્ય કરો " કાર્યની ફતેહ માટે આથી વધારે સારો નિયમ કોઇ પણ માનસશાસ્ત્રી બતાવી શકે નહિ. પવિત્ર અથવા ઉચ્ચ જીવનના પહેલા પગથીઆ તરીકે હેમણે ન્યાયોપાર્જિત દ્રવ્ય પ્રાપ્ત કરવાની શક્તિ બતાવી, અને એમ કરનારને **'માર્ગાનુસારી'** ઠરાવ્યો, તેવી આગળ જતા '**શ્રાવક**' વર્ગ કહ્યો કે જેને બાર વ્રતો પાળવાના છે, અને તેથી વધારે ઉત્ક્રાન્ત થયેલા માટે સંપૂર્ણ ત્યાગ (Complete renunciation) વાળો **'સાધુઆશ્રમ'** બનાવ્યો કેવી સુંદર, ન્યાયાદિ અને અહિંસક [illegible]! [illegible] બાર વ્રતોનુ [illegible] [illegible] જોઉં ક્યાં, [illegible]

જીવન નિર્વહવાનું ફરમાવ્યું છે અને એમાના એક વ્રતમા સ્વદેશ રક્ષણનો ગુપ્ત મત્ર પણ સમાઇ જાય છે, એમાંનુ એક વ્રત સઘળાથી ભાઇચારો રાખવા ફરમાવે છે. એકવ્રત બ્રહ્મચર્યપાલન (સ્વસ્રીસતોષ) ફરમાવે છે અને એ રીતે શરીરબળ એનુ રક્ષણ કરે છે, એક વ્રત બાળલગ્ન અને વૃદ્ધલગ્ન તથા પુનર્લગ્નને માટે ઉભા રહેવાની જગા આપતુ નથી. વળી એક વ્રત એવું છે કે જે, જેનાથી આર્થિક આત્મિક કે રાષ્ટ્રીય હિત ન સધાતું હોય એવા કોઇ પણ કામમાં, તર્ક વિતર્કમા, અપધ્યાનમા, ચિતા અને ઉદ્વેગ તથા શોકમાં વખત અને શરીરબળ ગુમાવવાની મના કરેછે. એક વ્રત આત્મસ્થીરતાનો મહાવરો પાડવા ફરમાવે છે. આ સર્વ વ્રતો પાળનાર 'શ્રાવક' પોતાની ઉત્ક્રાન્તિ અને સમાજ તથા દેશની સેવા ઘણી ઉત્તમ રીતે કરી શકેછે પરતુ દેશોદ્ધાર અને આત્મોદ્ધારનો ખરો મત્ર તો એમણે પોતાના દેહત્યાગ વખતે મુગી રીતે આપેલો છે, જે તરફ આપણે હમણા જ ફરીશુ

બીહારથી, ૭ માઇલ દૂર આવેલા પાવાપુરી ગામમા ઇસ. પૂર્વે ૫૨૭ મા શ્રી મહાવીરના દેહત્યાગ પહેલા ૭ દિવસથી રાજાઓ તથા લોકો એકઠા મળ્યા હતા અને તે ભાગ્યવાન પુરૂષે ૬ દિવસ સુધી અખડ ઉપદેશધારા ચલાવી હતી. છેલ્લે દિવસે પોતાના મુખ્ય શિષ્ય ગૌતમ ઋષિ કે જે પરમ ભક્તિવાન હતા તેમને જાણીબુઝીને નજીકના ગામમા પ્રચારના મિશન માટે રવાના કર્યા. પાછળ મહાવીર જગતમાં ભળી ગયા ત્યારે ગૌતમ ઋષિ આવ્યા ભક્તિવશ શિષ્યને ગુરુવિયોગથી શોક થવા લાગ્યો. "હવે મને કોણ જ્ઞાન આપશે ?" એ રીતે વિચારોથી આત્મક્ષેપ થવા લાગ્યો, શાસ્ત્રો કહેછે કે ગૌતમ જેવા ગણધર (Apostle) ને મહાવીર જેવા પ્રભુ ઉપરના આ 'રાગ' થી કર્મબંધન થવા લાગ્યુ, પણ તત્કાળ બીજો વિચાર થયો કે "અહો, હું કેવો ભૂલુંછુ ! શ્રી મહાવીરને જ્ઞાન કે મોક્ષ કોણે આપ્યું હતુ ? જ્ઞાન મોક્ષ પણ મારા જ હાથમા છે હું નાહક શામાટે અશાન્તિ ભોગવુ છુ" એવા તત્ત્વાનન્દી ભર્યા optimistic વિચારથી-એવી આત્મ-શ્રદ્ધા ભાવનાથી એમને કૈવલ્ય પ્રાપ્ત થયુ અને દેવ દુદુભી વાગી "હમાન [illegible] તન ઉપર ઉભા રહેલા શિષ્ય, સામાજિક કે રાજકીય આત્મિક મોક્ષ તમને કોઇ આપવા આવશે નહિ, હમારો મોક્ષ [illegible] હમારા જ હાથમાં છે." એ મહામત્ર શ્રી મહાવીર [illegible] ગૌતમને સભળાવ્યા નહિ [illegible] મુગી રીતે શિખવ્યો

માગતા હતા (કારણ કે 'સમજુને સાન બસ છે.') અને તેથીજ તેમણે તેમને અંત વખતે બહાર મોકલ્યા હતા સમાજ સુધારકો, દેશનાયકનો અને આત્મિક મોક્ષના અભિલાષીઓએ આ મહામંત્ર પોતાના હૃદયમાં કોતરી રાખવો જોઇએ છે અને દરેક રક્તબિંદુમાં વહેવડાવવો જોઇએ છે.

શ્રી મહાવીરના ઉપદેશની વિસ્તૃત યાદી આપતાં મહીનાના મહીના વહી જાય, કારણ કે એમણે દરેક વિષય પરત્વે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિવેચન કર્યું છે. તેમનો ઉપદેશ તેમના મોક્ષગમન પછી ઘણે વર્ષે-તેમની ૨૭ મી પાટે થયેલા દેવર્ધિ ગણિએ કુટકકુટક નોંધ્યો છે અને તેમાં પણ દેશ-કાળ અને લોકોની શક્તિ વગેરેનો વિચાર કરી કેટલીક તાત્વિક બાબતો પર સ્થૂળ અલંકારનો પોશાક પહેરાવી વિવેચન કર્યું છે, જેથી તેનો ગુપ્ત ભાવ અથવા mysticism સમજી શકનારા આજે થોડાજ પુરૂષો છે, ઘણો ભાગ તો તે શાસ્ત્રોના શબ્દાર્થનેજ વળગી રહેવાની જક્ક કરનારો છે આ mysticism નો પ્રકાશ ત્હારેજ થશે કે જ્હારે કુશાગ્ર બુદ્ધિવાળા અને આત્મિક આનંદની ગરજવાળા ઘણા મનુષ્યો સાયન્સ, માનસ શાસ્ત્ર, ફીલસુફી વગેરેના જ્ઞાનની મદદથી જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરશે અને તેના છૂપા તત્વો ખોળી કહાડશે જૈન ધર્મ કે જે કોઇ એક દેશ કે એક વર્ણનો ધર્મ નથી પણ આખી દુનીઆના સર્વ લોકો માટે ખુલ્લા મુકાયલા સત્યોનો સંગ્રહ છે તેમાં જ્હારે યુરોપ-અમેરિકાના વિકસિત મગજો અને આર્યસમાજ, પ્રાર્થનાસમાજ, બ્રહ્મોસમાજ, થીઓસોફીકલ સોસાઇટી, વેદાંત વગેરેને સ્વતંત્ર બુદ્ધિથી અનુસરનારા વિચારકો ભળશે ત્હારે આજના જન્મથી 'જૈન' હોવાનો દાવો કરનારા લોકોના હાથથી થયેલી એ ધર્મની બાણુખરાબી આસ્તે આસ્તે દૂર થવા લાગશે અને એ ધર્મ વિશ્વના ધર્મ બનશે

છેવટ.

વ્યાખ્યાનદાતાએ ભાષણ સમાપ્ત કર્યા બાદ પ્રેસીડેન્ટ પ્રોફેસર ભાંડારકરે તેમના ઉદાર વિચારો અને નિષ્પક્ષપાતપણા માટે તારીફ કરી હતી અને શ્રી મહાવીરનું શિક્ષણ અને જીવન કે જે તેમને ઉચ્ચ લાગ્યું હતું તે માટે સંપૂર્ણ સંતોષ બતાવ્યો હતો, તથા આવા વક્તુ ભાષણો આ સમાજમાં આપવા વ્યાખ્યાનદારને આગ્રહ કર્યો હતો.

एक तरवारनी न्हानी कथा.

ગયા અંકમા રા. પુષ્પે ' એક તરવારની ન્હાની કથા ' નામનો રહસ્યપૂર્ણ લેખ લખ્યો હતો, જ્હેનું સ્પષ્ટીકરણ ગદ્ય-પદ્યમા કરવા જાહેર લેખકોને આમત્રણ આપવામા આવ્યું હતુ તથા શ્રેષ્ટ લખનારને ઇનામ પણ આપવાનુ ઠરાવ્યુ હતુ. તે ઉપરથી ૧ પદ્ય અને ૩ ગદ્ય લેખો લખાઇ આવ્યા છે, જેમાથી બન્ને જાતનો એકેક લેખ આ નીચે પ્રગટ કરવામાં આવ્યો છે.

(૧)

रा. वावाभाइ मकनजी गोडा तरफथी.

દોહરો

એક '**દીવ્ય તરવાર**'ની, નાનકડી કહુ વાત,
શ્રવણ-મનન કરજો સહુ, લક્ષ દઇને, ભ્રાત'

હરિગીત

ત્વરીત વેગી, તેગ તીખ્ખી, તીવ્રધારી, અસિ હતી,
વધુ મધુ મોહક મલપતી, વળી વિજયવતી વિલસતી,
પ્રાચીન ભવ્ય ' ઉપવન ' તણો, રખવાળ રૂડો જે હતો
ક્રૂર કાળની ગતિ 'કેશરી ' તે ' યોગનિદ્રા 'માં સૂતો.

દોહરો

પ્રફુલ્લ ફુલ પરાગથી, ખુબ ખીલ્યો જિન-બાગ,
વિરોધીઓ વણસાડવા, ખર કરતા ખટરાગ.

હરિગીત.

વણસાડવા વીરોધીઓની ફોજ ફેરા મારતી,
વીર—હાક મારી તે સમે એ પ્રબળ ' શક્તિ ' જાગતી.
અજીત હિમતવાન યોદ્ધો ઘોર નાદે ગરજતો,
ક્રૂર કાળની ગતિ 'કેશરી' તે 'યોગનિદ્રા'માં સૂતો

• બીજા બે લેખકો પૈકી રા. વલ્લભ ધનજી શાહ (કુંથારીઆ) જેમણે પણ સ્પષ્ટીકરણ ઠીક કર્યું છે, પણ ભાષાની ઉત્તમતા ગ ગ. ગીરધરલાલના લેખમા વધારે હોવાથી અત્રે તે લેખ જ છાપવો ઉચીત ધાર્યો છે. બીજા એક લેખક રા મગનલાલ હુરજીવન શાહ (ગણદેવી) જેમણે આધ્યાત્મિક અર્થ ઉપજાવી કહાડયો છે, હેમનો પ્રયાસ સ્તુત્ય છે પણ ખુલાસો બરાબર બધબેસ્તો નથી.

(૨)

रा. गीरधरलाल काळीदास देशाइ (जेतपुर) तरफथी.

હતભાગી **જૈન**કોમ ! શુ હજીએ ત્હારી આખ નથી ઉઘડતી? કુમ્ભકર્ણની-અરે એથીએ અધિક નિદ્રાએ ત્હારામા વાસ ક્યાંથી કર્યો ! બાપુ ! જરા તો સમજ, હવે એ સમય નથી રહ્યો. આખ ઉઘાડીને ત્હારૂ સરવૈયુ તપાસ, ત્હારી સ્થિતિ જો, બીજાને મુકાબલે તુ કેટલી ખોટમા છે? તું કેટલી કગાલ છે? વિચાર કર કે ત્હે કેટકેટલુ ગુમાવ્યુ છે? ધન ગુમાવ્યુ છે, મન ગુમાવ્યુ છે, ધર્મ ગુમાવ્યો છે અને આબરૂ ગુમાવી છે ! અરે એથીએ વધુ ત્હે એક ઉત્તમ શસ્ત્ર અને ઉત્તમ રક્ષક ગુમાવ્યો છે ! સત્ય કહુ છુ કે જો એ શસ્ત્ર હોત તો તું કેટલી રક્ષા પામત ! પણ હજીએ વખત છે. પ્રયત્ન કરીશ તો એ શસ્ત્ર અને શસ્ત્ર સ્હાનાર વીર હજીએ મળશે અને ખાત્રીથી માનજે કે એ વીર ત્હારી રક્ષા કરવા-સેવા કરવા મદા તૈયારજ છે. સાભળ એ **શસ્ત્ર**અને એ **વીર**ની એક ન્હાનકડી હૃદયદ્રાવક કથા હુ ત્હને મભળાવુ છું

આપણો પુરાણો, સનાતન શુદ્ધસ્વરૂપી **જૈનધર્મ** એ આપણી મનોહર વાટિકા છે, કે જે આપણી આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર કરવા માટેનુ આરામ સ્થળ છે તે બાગને અજ્ઞાન સ્વધર્મી અને દ્વેષી વિધર્મીઓ અનેક યુક્તિ પ્રયુક્તિથી નુકશાન કરવા મથતા હતા, તે સર્વથી તે બાગનુ રક્ષણ કરવા માત્ર એકજ ઉત્તમ શસ્ત્ર-વિજયી તરવાર હતી **રાજનગર** નિવાસી, સમયને માન આપી સમય એજ ધર્મ ગણનાર **'સમયધર્મ'** નામે જૈનવીરની-વીરભક્તની અદભૂત લેખિની એજ એ તરવાર હતી સ્વતત્ર નિષ્પક્ષપાતી અને સત્ય લખાણો લખનારી તે લેખિની દભો અને દાભિકોને માટે તો તીક્ષ્ણ છુરી હતી અને સસ્કારી જીવોને તે મધુરા સુરવાળી વીણાની ગરજ સારતી હતી. પવિત્ર ધર્મની નિદા કરનારા વિધર્મીઓ અને ધર્મને નામે અનાચારો આદરનારા -ધર્મને કલકીત કરનારા ખુદ સ્વધર્મીઓ સામે તે શક્તિ અડગપણે યુદ્ધ કરતી હોવાથી લાખોની તે માનીતી હતી

પરતુ અફસોસ ! કોમની કમનસીબીના યોગે જેમ જેમ દિનના દિન વતા ગયા તેમ તેમ કોઇની સ્હાયના વિના માત્ર સ્વાત્ન-

શક્તિથી શત્રુના બહોળા સૈન્ય સામે ઝુઝનાર લેખિની થાકતી ગઇ અને અનેક આઘાતો સહેતા સહેતા તે મૂર્છાગત થઇ-યોગનિદ્રાવશ થઈ. (ગુમ થઇ) એ તરવારના ગુમ થવાથી ભાનભુલા આંતર્બાહ્ય શત્રુઓ ત્હેને સદાને વાસ્તે નાશ પામેલી જાણી અત્યંત આનંદિત થયા, પણ મિત્રો, ચાહનારાઓ અને પ્રશંસકો કે જેઓ ત્હેના દીર્ઘાયુ-અમરત્વમાં શ્રદ્ધાળુ હતા તેઓને ખાત્રી હતી કે ઓછી યા વધતી મુદતે એ તરવાર-તે પત્ર પોતાનું કાર્ય પાછું આરંભશે, તોપણ આ થોડી મુદ્દતની મૂર્છાથી પણ તેઓને ઘણું દુઃખ થયું. તેઓએ વિલાપ કર્યો અને મૂર્છા વાળવાના અનેક પ્રયત્નો કર્યા (કામ ચાલુ કરવા પત્રો લખ્યા, અને સીકંદ્રાબાદ કૉન્ફરન્સ વખતે જાહેર રીતે આગ્રહ કર્યો) પણ મૂર્છા તાત્કાલિક તો ન જ વળી લેખિનીના બંધ પડવાથી લક્ષાવધિ લોકો શોકસાગરમાં ડુબ્યા પણ એમના શોક કરતાં પણ વધુ શોક લેખીની ન્હાનાર વીર સમયધર્મન પોતાને થયો અને એથીએ વધુ શોક તે લેખિનીના સાથી એટલે બાળતી ('સમયધર્મ') ના 'સારથી'-એમના પૂજ્ય પિતાજીને થયો યુવાવસ્થાથી દુઃખમાં ઘડાયલો અને દુઃખ જેવા નરસાંગનો પવિત્રાત્મા (પવિત્રાત્માના દુઃખ એજ કસોટી છે) આ ત્હેના આઘાતથી છેક પટકાઈ પડયો. ત્હેનું દુઃખ વિશેષ હતું ત્હેના બાહ્ય અશ્રુ ખુટયા હતા છતાં હૃદયમાં ગુપ્ત અશ્રુધારા વહેતી હતી, તે ખાતા-પીતા, હરતા—ફરતા, છતાં માનસિક રોગે ત્હેમનામાં વાસ કર્યો હતો ને ઓછના માહના ત્હેમની જીવનદોરી તુટતી જતી હતી

"ત્હારૂં કાર્ય ફરી આરંભજે" એ શબ્દોથી ત્હેના વીર પુત્રને બહુ લાગી આવ્યું. ક્ષણ માત્ર ત્હેણે પોતાના દેહનું ભાન ખોયું અને આ ક્ષણમાં અનેક વિચારો ત્હેના હૃદયમાંથી પસાર થઇ ગયા. "પૂજ્ય પિતા! શું 'તરવાર' જવાના દુઃખથી જ ત્હમે આ સ્થિતિ પામ્યા? શું એજ દુઃખ ત્હમારૂં જીવનભક્ષક થઇ પડયું? પિતા! પિતા! ખેદ શા માટે કરો છો? પરમાત્માના અખુટ ભંડારમાં એવી 'તરવાર'ની–પત્રોની ખોટ નથી. જે પરમાત્માએ એ લેખિની બંધ કરવા પ્રેરણા કરી હતી તેજ પરમાત્મા ફરીથી એ ચલાવવા અખુટ શક્તિ આપશે. બહાદૂર પિતા! લેખિની જવાના–તે બંધ થવાના દુઃખથી મરવું એ ત્હમને ન શોભે, લેખિની ચલાવવાના શ્રમથી –લોકસેવાના થાકથી મરવું એજ ત્હમારે માટે ઉચીત છે." આમ ઉપરાઉપરી અનેક ઉદ્ગારો ત્હેના મુખમાંથી સરી પડયા

પણ તે ઉદ્ગારો સાંભળે છે કોણ? જેને તે સંભળાવવાના હતા તે કયારનાએ સ્વર્ગે સિધાવ્યા હતા! સ્વર્ગસ્થને આ તરવાર ('જૈનસમાચાર') અને એક કુસુમવત્ 'જૈનહિતેચ્છુ' એ બે અત્યંત પ્રિય હતાં. કુસુમ એમના સ્વર્ગવાસ પછી પણ ચાલુ છે અને પેલી તરવારની ધુનમાં અને ધુનમાં ત્હેમણે પોતાના પ્રાણ ખોયા. આપણે ઇચ્છીશું કે એમનો સ્વર્ગવિહારી આત્મા પોતાનાં દિવ્ય ચક્ષુથી એ તરવાર શોધી કાઢશે અને અંતરીક્ષ રહી સ્વપુત્રને એ તરવાર અને એ કુસુમ બન્નેથી ખેલ ખેલતાં શિખવશે, તે ખેલવા અલૌકિક શક્તિ આપશે

* *

આપણી તે આશા અને ઇચ્છા કોઇક દિવસ પણ પુરી થશે ખરી; પણ અરે! વીર પિતાના મૃત્યુથી પડેલો આ નતન આઘાત સમયધર્મથી શી રીતે સહન થશે? ત્હેને તેથી કેવું દુઃખ થતું હશે? જુઓ! તે શું કહે છે? વ્હાલી લેખિની! પ્રિય સખી! શું તું ત્હારા 'સાથી'ને (મ્હને) જેલ-યાત્રા કરાવવાથી સંતોષ ન પામી કે ત્હેં મ્હારા 'સારથી'–પૂજ્ય પિતાના પ્રાણનો પણ ભોગ લીધો? દૂધવાળી દેવી! હજારો વર્ષથી લેવાતા શત્રુઓના ભોગથી પણ શું ત્હને તૃપ્તિ ન થઇ શકી? અગર શું પોતાના જ ભક્તના ભોગથી કાંઇ વધુ

જ વ્યાપાર' થયો છે, ગુમાવનાર કોઇ હોય તો જૈન કોમ જ છે, જૈની એઓના હાથે બજાવવાની મેવા બધ પડી છે. 'તરવાર'નો સાથી હજી થાક્યો પાક્યો છાતી પર ઘા સાથે જીવતો સતો છે, એને ઉઠાડવો અને ધર્મયુદ્ધમા શામેલ થવા સમજાવી હાથમા તરવાર આપવી એ જ આપણા હિત માટે સર્વોત્તમ કર્ત્તવ્ય છે. કર્ત્તવ્ય કરવામા પછાત રહેવાથી ગુમાવવાનુ **આપણને** છે, બીજા કોઇને **નહિ**

ઇનામ.

ગયા અકમા, સૌથી શ્રેષ્ટ લખનારને જ ઇનામ આપવાનુ જાહેર કર્યું હતુ, પણ **સ્થા૦ જૈન** વર્ગમા લેખકો થોડાજ હોવાથી ઉમેદવારી કરનાર સઘળા લેખકોને ઇનામ આપવાનુ યોગ્ય વિચાર્યું છે તેવી રા **ગીરધરલાલને** ૧૦૦૦ પૃષ્ટ અને સોનેરી નામ સાથે પાકા પુઠાવાળો રૂ ૩) નો "જૈનસમાચાર ગદ્યાવલિ" નામનો ગ્રથ, રા. બાવાભાઇ મકનજીને 'પ્રેમથી મુક્તિ' નામનો ગ્રથ, રા વલ્લભ ધનજી શાહને 'નવલકથાસંગ્રહ' નામનો ગ્રથ, અને રા. મગનલાલને 'દુ:ખમા વિદ્યાભ્યાસ' નામનો ગ્રંથ આપવાનુ ઠરાવ્યુ છે, જે મુંબઇથી આ માસિકના મુખ્ય લેખક પાસેથી (પત્ર લખી) મગાવી લેવા સૂચવવામા આવે છે.

શ. મો શાહ

પ્રકાશક, 'જૈનહિતેચ્છુ'

મીસીસ ઍની બીસેંટની સખાવત—દક્ષિણ આફ્રીકામાં પાછી સત્યાગ્રહની ઝુબેસ શરૂ થઇ છે સ્વદેશ દાઝ તેમજ વફાદારી માટે પ્રસિદ્ધ **જૈન** બેરીસ્ટર મી **ગાંધીનુ** કુટુબ જેલમા ગયુ છે હાડમારી ભોગવતા **હિંદીઓની** વાજબી લડતને મદદ કરવા માટે ઉભાડવાના આવેલા ફડમાં નાણા ભરવા માટે મી. **જી. એ. નૅટસને** જે અરજ ગુજારી હતી હેના જવાબમાં મીસીસ **ઍની બીસેંટે** રૂ ૧૦૦૦ પોતા તરફથી મોકલી આપીને લખ્યુ છે કે, 'દક્ષિણ આફ્રિકામાં હાડમારી ભોગવતા આપણા બહાદુર બધુઓ માટે આ સાથે બીડેલી રકમ સ્વીકારશો. હુ ઇચ્છુ છુ કે હુ તવંગર હતે તો આવા ફડમા વધુ રકમ ભરી શકતે."

कॅटल फार्मनी योजना.

तेनी उपज–खर्च अने हिसाब; चोख्खो नफो सेंकडे टका २५

'જામે જમશેદ,' 'સાંજ વર્તમાન,' 'અખબારે સોદાગર,' 'ગુજરાતી પંચ' વિગેરે જાણીતા વર્તમાનપત્રોમાં મારો તા૦ ૧૧-૮-૧૩ નો 'આપણા દેશમાં ચોખ્ખું દૂધ તથા ઘી મેળવવાની એક યોજના' ના મથાળાવાળો એક આર્ટીકલ પ્રસિદ્ધ થયેલો છે તે ઉપરથી 'જામે જમશેદ'ના તા ૨૦-૮-૧૩ ના અંકમાં મી. એઆ-જમ નામની મજાવાળા એક ગૃહસ્થે તેના ઉપર લંબાણથી વિવેચન કરેલું છે તથા મારા આ આર્ટીકલ માટે દરેક રીતે અનુમોદન આપેલું છે, તે માટે તે ગૃહસ્થનો હું ઉપકૃત થયો છું તે ઉપરાંત આ આર્ટીકલે કેટલાએક વાચનારાઓ ઉપર એટલી બધી અસર કરી છે કે, તેમાંના અમુક ગૃહસ્થોએ આ બાબત મારા સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો છે તે ઉપરથી તેઓ આ યોજના હાથ ઉપર ધરી તેના ફાયદાઓનો લાભ લેવા તૈયાર થઇ ગયા હોય એવું જણાય છે ખરેખર આવી રીતે 'કૅટલ ફાર્મ' કાઢી જાનવરોને બચાવવા માટે તથા તેની ઓલાદ સુધારવા માટે પ્રયત્ન કરવામાં આવે તો તેવા જાનવરોનું રક્ષણ થવાથી આપણી ખેતીવાડીને ઘણો ફાયદો થા-તેમજ ઘી, દહીં, દૂધ, આદિ બળબુદ્ધિવાળા પદાર્થો મળે છે તે પદાર્થોના ઉપયોગથી આપણી તનદુરસ્તીને જે સહન કરવું પડે છે તેમાંથી બચવાને આપણે પણ તક મેળવી શકીએ તેના જેવો પણ લાભ નથી તેની જો બાબત ગૃહસ્થો આ સવાલ ઉપયોગનો જાણ્યું તેના ઉપર

બતાવી લોકોને જાનવરોની ઓલાદ સુધારવા તથા તેના રક્ષણ કરવા-થી થતા ફાયદાઓ Practical રીતે દર્શાવી આપવા તે નામદાર દયાળુ નરવીરે કમર કસી છે અને તે નામદારના વિચારોનો દેશી રાજાઓ પણ અમલ કરે તો દેશની આબાદાનીમા ઘણો વધારો થાય કારણ કે આ વિષય ઉપર ચર્ચા કરતાં પોતાની એડીટોરીયલ નોંધમા ' સાંજ વર્તમાન ' પોતાના તા. ૧૭-૮-૧૩ ના અંકમાં ઢોરોને બચાવવા માટે બાર દઈને જનસમાજને ભલામણ કરે છે, અને કસાઈની ક્રૂર છરીથી ઉછરતી ઓલાદનો કચડઘાણ નીકળી જાય છે અને તેથી ભવિષ્યમા ઢોરોની અછત જણાય છે તેથી સાવચેત રહેવા તથા તેવા નિર્દોષ જાનવરો તથા વાછરડાઓ અને નાના પાડાઓના લોહીની નદી વહેતી બંધ કરવા માટે પગલાઓ ભરવા ' સાંજ વર્તમાન ' ના દયાળુ એડીટર સાહેબે આપણુ લક્ષ ખેંચ્યુ છે કે જેના ઉપર વિચાર કરી તેનો અમલ કરવાની ખાસ જરૂર છે. જાનવરોના રક્ષણનો સવાલ બાજુ ઉપર મુકી માત્ર પોતાના સ્વાર્થ અને પોતાના દેશની આબાદી ખાતરજ આ સવાલ દરેક હિંદવાસીએ હાથ ધરવો એ ડહાપણ ભરેલુ ગણાશે તેમાં જરા પણ શક નથી.

મોટા પાયા ઉપર જો આવુ ફાર્મ ઉઘાડવુ હોય તો શરૂઆત-મા ૧૦૦૦ ભેંસો ખરીદવી જોઇએ, કે જેની દરેકની રૂ ૧૦૦) નો પ્રમાણે કીંમત ગણતાં રૂ ૧૦૦૦૦૦) થાય અને તે ઉપરાત રૂ ૫૦૦૦૦) બીજા પ્રાથમીક ખર્ચના જોઇએ, તેથી કુલ રૂ ૧૫૦૦૦૦) ની થાપણથી શરૂઆતમાં આવુ ફાર્મ ઉઘાડવુ હોય તો તેથી નીચે પ્રમાણે ઉપજમાંથી ખર્ચ બાદ જતા સેકડે ટકા ૨૫) નો ચોખ્ખો અને દેખીતો નફો થવા પામે.

શરૂઆતની થાપણ (Capital) રૂ ૧૫૦૦૦૦) ની રકમ માથી નીચેના અડસટ્ટા (Estimate) પ્રમાણે તેનો ઉપયોગ થઇ શકે.—

૧૦૦૦૦૦ ભેંસો ૧૦૦૦ ની ખરીદી દરેકની કીંમત રૂ ૧૦૦) પ્રમાણે
૨૦૦૦૦ ભેંસો માટે ૫૦૦ વીઘા જમીન લેવી પડે તેના
૫૦૦૦ પાડા ૫૦ ની ખરીદીના દરેકના રૂ ૧૦૦) પ્રમાણે.
૧૦૦૦૦ છાપરા વીગેરે બાંધવાના ખર્ચના.
૩૦૦૦ ફરનીચરનુ સામાન વીગેરે ખર્ચના.
૧૨૦૦૦ મોસનમા માલ, ઘાસ, વીગેરે ખરીદના બદલ થાપણના
(Reserve Fund)

૧૫૦૦૦૦

શરૂઆતમાં એ રીતે રૂ ૧૫૦૦૦૦) ની થાપણ ઉપર આપણે રૂ ૩૮૦૦૦) નો નફો મેળવી શકીએ અને બીજે વર્ષે જ્યારે ઢોરો લેવાની જરૂર ન પડે તેમજ બીજા ઢોરો વેચાય તેની ઉપજ થવા લાગે તેથી દર વર્ષે ઉપજમાં વધારો થાય તેમા પણ શક નથી. વળી આ જે આંકડો અત્રે રજુ કરવામા આવ્યો તે તમામ બહુજ વધા રેમા વધારે પ્રમાણમા હિસાબ રજુ કરીને મુકવામા આવ્યો છે જેથી ૧૫૦૦૦૦ ની થાપણ ઉપર ૪૦૦૦૦) રૂપીઆનો વાર્ષીક નફો થવાનો દેખીતી રીતે સંભવ છે વળી કાઠીઆવાડમા ગીર પ્રદેશ કે જેણે દુષ્કાળના છેલ્લા વર્ષમા મુંબઈ ઇલાકાને ઘાસ પુરૂ પાડેલુ છે તે દેશમા જો આવું કાર્મ ખોલવામાં આવ્યુ હોય તો ઘાસચારો અને પાણી તથા નોકર માણસો બહુજ સસ્તા મળે અને રૂ. ૬૫૦૦૦ થી ૫૦૦૦૦નો નફો થાય, કારણ કે ગીરમા ઘાસચારો અને પાણી પુષ્કળ મળે છે. ગુજરાતમા વડોદરા, ડાકોર, ધરમપુર, વાંસદા વગેરે સ્થળે પણ ઘાસની પુરી છુટ છે.

જેવી રીતે નામદાર ગવર્નર લૉર્ડ વેલીંગડન સાહેબ બહાદુરે આ અગત્યની યોજના હાથ ધરેલી છે તેવી રીતે પોતપોતાના રાજ્યની આબાદી માટે દરેક કેળવાયલા રાજ્યકર્તાઓએ પણ આ સવાલ અગત્યનો ગણી પોતાના રાજ્ય તરફથી આવા ડૅરી ફાર્મ ઉઘાડવાની ખાસ જરૂર છે મારા આસી મેનેજર રા રા છગનલાલ વિ પરમાનંદદાસ નાણાવટી કે જેઓ બે વર્ષ ઉપર સ્ટ. જુનાગઢમા ડીસ્ટ્રીકટ વેટરીનરી ઑફીસર તરીકે કામ કરતા હતા તેઓના કહેવા ઉપરથી જણાય છે કે સ્ટ. જુનાગઢના નામદાર ઍડમીનીસ્ટ્રેટર બહાદૂર મી૰ એચ૰ ડી૰ રેન્ડોલ સાહેબે પણ આવું ખાતુ જુનાગઢ રાજ્યમા ખોલ્યુ હતુ, કે જેના ઉપર દેખરેખ રાખવા માટે એક વેટરીનરી સર્જનને ખાસ બહાલ કરવામા આવ્યા હતા. મતલબ એ રીતે તે રાજ્યમા ડૅરી ફૅમ્પની યોજના છેલ્લા બે ત્રણ વર્ષથી શરૂ થઈ છે તેવીજ રીતે બીજા દેશી રાજ્યો તેમજ શ્રીમંત ગૃહસ્થોની મોટી યોજનાથી માંડી એક સાધારણ ગૃહસ્થની થોડી મુડીના વેપારમા પણ ઘણો ફાયદો થાય તે કોઇ પણ રીતે અવાસ્તવિક નથી મતલબ આ દેખીતા નફાવાળા વેપારનો લાભ દેશના જુદા જુદા ભાગોથી માંડી નાના ગામડા વાળાઓએ પણ લેવો જોઇએ

સમભાવ એટલે સમાનભાવ, સર્વ જીવમાત્ર તરફ સરખી વૃત્તિથી જોવું. સર્વ આકારોમા રહેલા ચૈતન્યની સામ્યતા તરફ દૃષ્ટિ રાખવી એ સમભાવ અથવા સમાનભાવનુ લક્ષણ છે. આ સમભાવવૃત્તિ કેવળ હૃદયથી વિચારવાની નથી, અથવાતો કેવળ **શબ્દોમાં** ઉચ્ચારવાની નથી, પણ તે વૃત્તિ અનુસાર **કાર્ય** જોઇએ. આપણે બધા ભાઇઓ છીએ, અથવાતો સર્વમા એક સરખો જીવ છે, એ બાબતો **ઉચ્ચારવી** એ કામ ઘણું સરલ છે, પણ તેને કાર્યમાં—અનુભવમાં મૂકવાની જરૂર છે કારણકે જ્યાસુધી તેવી વૃત્તિ દર્શાવવાનો પ્રસંગ આવ્યે તે દર્શાવાય નહિ ત્યા સુધી તે ખાલી વિચાર-કલ્પના છે આ સમભાવ વૃત્તિ આપણે કેવા રીતે ખીલવવી? **સેવાધર્મ** એ આ વૃત્તિ ખીલવવાને ઉત્તમમા ઉત્તમ માર્ગ છે. સેવાધર્મથી સમભાવ વૃત્તિ કેવી રીતે ખીલે છે તે હવે આપણે વિચારીશું, અને તેટલા માટે પ્રથમ સેવાધર્મ એ શુ તેનો જ ખ્યાલ લાવવા પ્રયત્ન કરીશુ

સેવાધર્મ આપણને જણાવે છે કે, તમારા પોતાની સેવા કરો, મનુષ્ય જાતિના સુખદુખમા ભાગ લેતા થાઓ અને બીજાના કલ્યાણમા તમારો સ્વાર્થ ભૂલી જાઓ તમે કહેશો કે 'આ ભાવના બહુ ઉંચી છે' ખરી વાત છે, આ ઉંચી ભાવનાવાળા જ ઉચ્ચ પદ પામી ગયા છે **તીર્થંકર** નામકર્મ કેવી રીતે બધાય છે, તે વિષે શાસ્ત્રમા કહ્યું છે કે—

विश्वोपकारकीभूततीर्थकृन्नाम निर्मितिः

તીર્થંકર નામકર્મ **વિશ્વના ઉપકાર** માટે છે જેનામાં નિરંતર ઉપકાર કરવાની બુદ્ધિ થાય છે, જે પરના દુખ પોતાના માની તે દુખ દૂર કરવા તત્પર થાય છે, જે પોતાના અજ્ઞાન [illegible] અજ્ઞાન ટાળવા પ્રયત્ન કરે છે, જે પોતાની [illegible] બુદ્ધિ દૂર કરવા પ્રયાસ આદરે છે, તે આત્મા **તીર્થંકર** [illegible] અને વિશ્વપર ઉપકાર કરી શકે છે

એ જ મુક્તિનુ રહસ્ય છે, એ જ મોક્ષનો દરવાજો ઉઘાડનાર કુંચી છે. શ્રી જીનેશ્વરે કહ્યું છે કે, મારી ખરી ભક્તિ કરવાનો જે એક ઉત્તમ માર્ગ છે. તે એજ છે કે **મારી આજ્ઞા પ્રમાણે ચાલો.** 'आणाए धम्मो' ધર્મ, આજ્ઞા પ્રમાણે ચાલવામાં છે. જે ભગવાનની આજ્ઞાઓ પ્રમાણે પોતાનુ જીવન ગાળે છે તેજ ભગવાનનો ખરો ભક્ત છે ત્યારે હવે ભગવાનની શી આજ્ઞા છે તે આપણે વિચારીએ. તેઓશ્રી સૂત્રકૃતાંગમા જણાવે છે કે "મનુષ્ય કોઇ પણ જીવની—પ્રાણીની હિંસા નહિ કરીને, નિર્વાણરૂપ અનંત શાન્તિ પ્રાપ્ત કરી શકે છે." બીજા શબ્દોમા કહીએ તો સર્વ પ્રાણી તરફ પ્રેમ બતાવીને, સર્વનુ કલ્યાણ કરીને, સર્વ જીવમા રહેલા આત્માને પોતાના આત્માતુલ્ય ગણી સર્વનુ હિત કરીને મનુષ્ય પરમપદ મેળવે છે. વળી ધર્મના જે ચાર વિભાગ પાડવામા આવ્યા છે, તેમાં પણ દાનને પ્રથમ મૂકવામા આવ્યુ છે, દાનથી એટલે આપવાની વૃત્તિથી અને આપવાથી—અર્થાત્ દાનદ્વારા બીજાની સેવા કરવાથી ઇષ્ટ વસ્તુ મળી શકે છે

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે જનસેવા, સમાજસેવા, અથવા કોમસેવા એ ઉન્નતિના ખરાં અને અગત્યનાં કારણો છે

જગતને સુધારવાને, સારી સ્થિતિએ લાવવાને આટઆટલા પ્રયત્ન થવા છતાં જગતની સ્થિતિ ઘણી આગળ વધી શકતી નથી, તેનુ જો ખરૂં કારણ તપાસવામા આવે તો જણાયા વગર રહેશે નહિ કે **ખરા સેવાધર્મની ખામી છે.** બીજાનુ ભલુ કરવામા હુંપણાને ભૂલી જનારા કયા છે? પરનુ કલ્યાણ કરવામાં પોતાનો ખરો સ્વાર્થ—પરમાર્થ રહેલો છે એવુ સમજનારા અને સમજાવનારા કેટલા થોડા છે?

પરમાર્થમા જ ખરો સ્વાર્થ રહેલો છે તમે જો ખરી રીતે બીજાનું હિત કરવા તત્પર થશો અને તે કામ કરશો તો તેમા તમારી ઉન્નતિ સ્વાભાવિક રીતે થઇ જશે. જે નીકમા થઇને શુદ્ધ પાણી વહે છે, તે નીકમાનો કચરો તો સ્વયમેવ ધોવાઇ જાય છે ને કચરાને દૂર કરવાની જરૂર પડતી નથી. તેમ માણસનુ હુંપણુ, સ્વાર્થ અભિમાન, ક્રોધ, વગેરે અવગુણો, પરમાર્થ રૂપ પવિત્ર જળવડે ધોવાઇ જાય છે અને પરમાર્થી મનુષ્ય ત્વરાથી આગળ વધી શકે છે કદાચ આ સ્થળે પ્રશ્ન કરવામા આવે કે.—

"જો સેવાધર્મમાં આટલું સામર્થ્ય રહેલું છે તો તે મેળવવાને મનુષ્યોએ શું પોતાના બધા ધંધા છોડી દેવા ? શું બધાએ **ત્યાગી** થઇ જવું ? તમે તો મોટીમોટી વાતો કરો છો, પણ તે બનવું અશક્ય છે."

પ્રિય ભાઇ ! હું તને તારો ધંધો છોડી દેવાને કહેતો નથી, તેમજ જે સ્થિતિમાં તું અત્યારે હો તેનો ત્યાગ કરવાને પણ જણાવતો નથી. હું જે કાંઈ કહું છું તે એટલું જ છે કે તારી **વૃત્તિમાં ફેરફાર** થવો જોઇએ, તારી વૃત્તિ બીજાનું ભલું કરવા તરફની થવી જોઇએ.

તું ડાકટર હો તો ભલે તું તારો ધંધો કર પણ તારી વૃત્તિ તારા દર્દીઓના દુઃખ દૂર કરવા તરફ—પૈસા કરતાં **વધારે** હોવી જોઇએ. દાખલા તરીકે તેં તારા એક દર્દીને વાસ્તે દવા તૈયાર કરી, ત્યારબાદ દર્દીએ કાંઈ વિશેષ હકીકત કહી તે ઉપરથી તને લાગ્યું કે આ દવા બરાબર માફક નહિ આવે છતાં પણ તું તને પોતાને સહેજ નુકસાન થાય તે ડરથી તે દવા ઢોળી તેને અનુકૂળ દવા ફરીથી નથી કરી આપતો, આવે પ્રસંગે સેવાધર્મનો આચાર એમ કહે, કે તારે તારા આર્થિક નુકસાન કરતાં તે દર્દીને થનાર નુકસાનનો વિચાર કરી ફરીથી તેને દવા ભરી આપવી જોઇએ. અથવા એમ કેમ એવો હોય કે દર્દ તને બરાબર સમજણ ન પડતી હોય, તો [illegible] સેવાધર્મ [illegible] જણાવે છે કે તારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

રીતે તમે કલ્યાણ ન કર્યું હોય ત્યાંસુધી સૂઇ રહેતા નહિ આ રીતે ટેવ પાડવાથી તમારી વૃત્તિ પરમાર્થ તરફ દોરાશે, અને ભવિષ્યમાં તમે પરમાર્થનાં મોટાં કામ કરી શકશો.

દાખલા તરીકે પ્રખ્યાત નૉવેલીસ્ટ કૅપ્ટન **મેરીઆટ**ની ઉદાર સ્વભાવની અને અને સારાં સાધનોવાળી ભગિની મીસ **મેરીઅટે** કેટલીક બાળાઓને કેવળ પરોપકાર બુદ્ધિથી કેળવણી આપવાનું કામ માથે લીધું હતું. વિદુષી **એની બીસેટને** પણ તે ઉદાર સ્વભાવની પરોપકારી સ્ત્રીના હાથનીચે કેળવણી મેળવવાનુ સુભાગ્ય પ્રાપ્ત થયુ હતુ. તે અઠવાડીયામા એક કે બે વખત કહેતી કે "આજે આપણે રોટલી સાથે ખાંડ નહિ ખાઇએ અને તેમાથી જે પૈસા બચશે તેવડે આપણે એક ગરીબને રોટલો આપીશુ".

શ્રી **મહાવીર પ્રભુએ** પ્રથમના ભવમાં એક સાધુ-મુનિને ભોજન આપ્યું હતુ, અને તે ભૂલા પડેલા મુનિને માર્ગ બતાવ્યો હતો આ રીતે પરમાર્થના કામનો પ્રારભ કર્યો હતો, જેનુ પરિણામ ૨૭મા ભવમા **તીર્થ**કરરૂપે પ્રકટ થયુ એ દાખલો આપણી સમક્ષ મોજુદ છે. દરેક મોટી બાબતની શરૂઆત નાની બાબતથી થાય છે. કોઇએ એમ ન વિચારવુ કે **હુ કાંઇ કરી શકીશ નહિ.** તમારા કરતા વધારે અજ્ઞાનીને શોધી કાઢી તમારા જ્ઞાનનો લાભ તેને આપો. તમારી પાસે ધન હોય તો બીજાઓને તે વડે સહાયના આપો. તમારા પાસે તે ન હોય તો તમારા શરીરવડે બીજાઓની સેવા બજાવો તમારાથી તેપણ ન બને તો તમારા મનથી પણ કોઇ સારા કામને અનુમોદન આપો. કારણકે ઘણાના સારા વિચારો અમુક કામ માટે એકત્ર થાય છે, ત્યારે અવસ્ય તેનુ ફળ પ્રકટી નીકળે છે

જગતમા પરમાર્થના **કામની** ખામી નથી, ખામી માત્ર કામ **કરનારાઓની** છે, ખામી માત્ર **સેવાધર્મના ઉપાસકોની** છે જે કોમમા સેવાધર્મના ઉપાસકો જાગ્રત્ થવા માડયા, તે કોમનો ઉદ્ધાર બહુજ ત્વરાથી થવાનો એ નિસદેહ છે આપણામા મોટા મોટા કામો આરભાતા નથી, અને કોઇ કામ આરભાય છે તો થોડા સમયમા તે હતું નહતુ જેવી દશામા આવી જાય છે, તેનુ ખરૂ કારણ જણાવો તો એ જ છે કે ખરા મનથી-ખરી **સેવાબુદ્ધિથી** કામ કરનારાઓની ચોખી ન્યૂનતા છે

એક હાથમાં પેઠેલા કાંટાને બીજો હાથ ખેંચી કાઢે તે વખતે તે બીજો હાથ કાંઈ ઈનામ કે બક્ષીસ માગતો નથી, કારણ કે એક અવયવનું કામ બીજાએ કરવું એ તેનો ધર્મ છે, તે સ્વાભાવિક કર્તવ્યરૂપ લાગે છે તેમ કોમની સેવા જ્યારે કોમના ઘણા મનુષ્યોને સ્વાભાવિક ધર્મરૂપ લાગવા માંડશે ત્યારે તે કોમનો ઉદય થતા વાર લાગ નહિ લાગે.

હે જૈન બંધુઓ ! માન કે કીર્તિની લાલસા વગર તમારા બીજા ભાઈઓને તમારા અંગરૂપ માનતા શીખો અને તેમની સેવામાં તમારી જાતને સમર્પણ કરો, તો જરૂર કોમનો ઉદય થશે. જે મનુષ્યો કોમને, સમાજને, દેશને સર્વને જરૂરીઆતની ચીજો પુરી પાડવામાં પોતાના સર્વસ્વનો ભોગ આપે છે, તેઓ ઉત્તમ સ્વાર્થ સાધે છે, તેમનું કલ્યાણ થાય છે, અને જિનેશ્વરના પરમ ભક્ત તરીકેનું માન પામે છે.

---

(૨)

'જૈન ટ્રેનીંગ કાલેજ' માંથી નીકળેલા એક વિદ્યાર્થી મી. વાડીલાલ મગનભાઈનો લેખ.

અવસ્થામાંથી આગળ વધારવાને શ્રીમતોની સહાય ન મળી શકે એવી સ્થિતિ ન હોત, અને ખરા પ્રેમથી નહિ, પણ જગતમાં મોટા કહેવરાવવાની ખાતર કે માનને માટે રાવબહાદુર કે રાજા સાહેબ કે જે. પી થવાની આશાએ ઉઘાડેલી સંસ્થાઓ કંગાળ સ્થિતિ ભોગવતી નહોત

જ્યાસુધી આપણામા **હૃદય** નથી, સેવાબુદ્ધિ નથી, પ્રેમ નથી, નીતિ નથી, બીજાની વેદનાની લાગણી નથી અને આપણા આગેવાનો તથા વિદ્વાનોમા આત્મભોગનો પ્રેમ નથી, ત્યા સુધી આપણુ મોટુ દુર્ભાગ્ય જ છે !

મહાન્ **ઈંગ્રેજ પ્રજાની** આધુનિક જાહોજલાલી અને તેની સ્થિરતા એ સર્વ તે પ્રજામા રહેલા **સેવાધર્મને જ આભારી** છે. જે દેશની પ્રજા એવી પરાક્રમી,સપીલી, શોધક અને સાહસિક હોય, જે પ્રજામા લાખોની આવકના ધંધાઓનો લોભ બાજુ મુકીને પ્રજાહિતના સામાજિક અને રાજકીય તથા ધાર્મિક ઇત્યાદિ કાર્યો પાછળ જીવન ગાળી નાખનારા અને અથાગ પરિશ્રમ તથા અનેક કષ્ટો વેઠીને પણ પોતાના અજ્ઞ, અનાથ, દુ:ખી-દીન, માનવ બંધુઓની સેવામા પોતાના તન-મન અને ધનને અર્પણ કરી દેનાર સેંકડો અને હજારો નેતાઓ-ઉદારાત્માઓ પ્રકટતા હોય, તે પ્રજાની ઉન્નતિ થાય એમા કાંઇ આશ્ચર્ય નથી તેઓમા રહેલા ઐક્ય, ઉદારતા, સાહસ, કેળવણી, સહનશીલતા, ઉતરતા વર્ગો પ્રત્યે સહાનુભૂતિ અને એવા બીજા સદ્‌ગુણોને ખીલવવાની તેમની દષ્ટિ અને કૃતિ કેવી વિશાળ છે ? થોડા જ વર્ષ પર સદ્‌ગત થયેલા, અસંખ્ય અનાથ બાળકોના પિતા સ્વરૂપ **ડોકટર બર્નાડો તથા જ્યોર્જ મુલર** જેવા સેંકડો દૃષ્ટાન્તો એ પ્રજામાથી આપણા જોવામાં આવશે ભારત જેવા હજારો ગાઉ દૂર પડેલા પ્રદેશમા આવીને દુષ્કાળ, રોગ અને અજ્ઞાનથી દુ:ખી થતાં ભારતના અસંખ્ય બાળકો અને અપંગો માટે અથાગ પરિશ્રમ કરનાર મહાપરોપકારી, **જનરલ બુથ** જેવા અસાધારણ પુરૂષનુ દૃષ્ટાન્ત પણ આપણા માટે શુ ઓછુ આદર્શ રૂપ છે ?

ઉંચે આભ, નીચે ધરતી, સુખ દુ:ખ છાય રહે ફરતી,

પરતું કલ્યાણ કરવામા, પરને સુખ મેળવી આપવામાં ચિરસ્થાયી સ્વસુખ સમાયલું છે, પણ આપણા સ્વાર્થી વિચારો આપણને તે સુખની પીછાન જ થવા દેતા નથી.

કવિ બ્લેક એક સ્થાને કહે છે કે—

"હુ સુખની શોધમાં ઘરથી નીકળ્યો. ઉચા વડના ઝાડ પાસે તેમજ લીલા દ્રાક્ષના વેલા પાસે થઇ પસાર થયો, પણ સુખ તો મ્હારાથી દૂરને દૂર ભાગતુ જ જણાતું. હું ત્હેની પાછળ પડયો, પર્વત અને ટેકરીઓ ઉપર, બીડમાં અને ખેતરમા, દરેક સ્થળે ત્હેને શોધતા મ્હે ફર્યા કર્યું ઝડપથી વહેતી નદીના પ્રવાહ પાસે, અથવા તો જ્યા ગરૂડ પક્ષી આનદમાં મ્હાલે છે તેવા ખડકો ઉપર, દરિયા અને જમીન ઉપર મે ચારે બાજુએ સુખની શોધમા પ્રવાસ કર્યો, પણ હાય! અફસોસ! **સુખ તો મ્હારાથી દૂર જ રહ્યું.**

"હું થાકયો, કટાળી ગયો, સુખની શોધ છોડી દીધી એક ઝરાના કિનારાપર આરામ લેવાને બેઠો તેવામા એક મનુષ્યે આવી મ્હારી પાસે **ભોજન** માગ્યુ અને બીજાએ આવી **ભિક્ષા** માગી

"મ્હે તે ભુખ્યા મનુષ્યને રોટલો આપ્યો અને તે બીજાને થોડા પૈસા આપ્યા તેવામાં ત્રીજો એક મનુષ્ય દુખથી કટાળી ગયેલો અને જગતની હાડમારીથી ત્રાસ પામેલો હોઇ મ્હારી પાસે **દિલાસો** મેળવવા આવ્યો અને એક ચોથો **શાન્તિ** શોધતો મ્હારી પાસે આવી પહોચ્યો. મ્હે મ્હારી શક્તિ પ્રમાણે તન મન અને ધનથી તેમને દીલસોજી અને શાન્તિ આપી એટલામાં તો દિવ્ય આકૃતિ ધારણ કરી **સુખની દેવી** મારી સમક્ષ આવી ઉભી અને ધીમેથી મ્હારા કાનમા બોલી.—**'આજથી હુ ત્હારી છું, ત્હેં ત્હારાં સુંદર કાર્યોથી મ્હને વશ કરી લીધી છે'.**

શુ તમે સુખ મેળવવા નથી ઇચ્છતા ? તમારી ઉન્નતિ અને આબાદી થાય એવી ધારણ નથી ધરાવતા? જગતમા કીર્તિ મેળવવાની કે મોટા માણસોમા ગણાવાની ઇચ્છા નથી રાખતા ? અલબત, રાખતા હશોજ

દરેક મનુષ્ય પોતાની સ્થિતિ કરતાં ઉચે ચડવા આતુર હોય છે, પણ સઘળા કાઇ ઉચે ચડી શકતા નથી ઉચે કોણ નથી ચડી શકતું? અને મોટાઇ કોને મળી શકે છે? જે માણસના મનમા પર

માર્થની મહાન ભાવના હોય, જે માણસ જ્ઞાનના ઉપાસક [illegible] જે માણસ પોતાના બંધુઓની સેવા કરતા હોય, જે [illegible] કાંઈક નવી નવી શોધ કરતા હોય, જે માણસ [illegible] [illegible] પોતાના સ્વાર્થનો ભોગ આપતા હોય, જે માણસ [illegible] ઓના કલ્યાણ ખાતર કષ્ટ સહન કરતા હોય જે માણસ [illegible] પડી ગએલાઓને ઉંચે ચડાવતા હોય, જે માણસ [illegible] રતા હોય અને જે માણસ પોતાના આત્માને સંતોષ થાય તેવા રીતનું ઉત્તમ જીવન ગાળતા હોય, તે જ આગળ વધી શકે અને મોટાઈ મેળવી શકે છે બાકીના ઉંચે નહી ચડનાર [illegible] ચડે છે તો [illegible] ઉંચે નહી [illegible]

પરોપકારના અવતાર ગૌતમબુદ્ધ જગતના દુઃખનું અવલોકન કરી જે વખતે સંસારત્યાગ કરે છે અને જે વખતે તેના અંતરમાં અને રોમે રોમના પરોપકારની વૃત્તિઓ પ્રગટી નીકળે છે તે વખતે તે બોલે છે કે "ઓ દુઃખી જગત્ ! ઓ મારા જાણીતા તેમજ અજાણ્યા બાંધવો ! તમે અને હું દુઃખ અને મૃત્યુના પંજામાં સપડાયલા છીએ. આખી વસુધાને જે દુઃખ પડે છે તેની ગંભીરતા હવે હું સમજું છુ, અને ખરેખર મારૂં હૃદય તેને સારૂ ચીરાય છે. જો તે દુઃખ દૂર કરવાનો માર્ગ જડશે, તો તે માર્ગવતી હું તે દુઃખ દૂર કરવા પ્રયત્ન કરીશ. મારા સર્વસ્વનો ત્યાગ કરીશ, મારો સઘળો પુરૂષાર્થ આ કામમાં વાપરીશ. મનુષ્ય, મનુષ્યો માટે પ્રયત્ન નહિ કરે, તો બીજું કોણ કરશે ?"

"સેવાધર્મ" નો પાઠ જૈન પ્રજાને નવો શીખવાનો નથી. જગતના ઉપકારી મહાવીર પ્રભુએ એ બાબતમા ઘણો કિંમતી બોધ આપેલો જ છે. જગતમા દયા અને પ્રેમમા કોઇ પણ ધર્મ જૈન ધર્મની સ્પર્ધા કરી શકે તેમ નથી, પણ હાલ તો તે પુસ્તકો કે ગ્રંથોના પાના પર રહી ગયો છે, કે મોટી મોટી વાતો કરવામા જ સમાઇ ગયો છે ! ! હવે એકલી વાતો કરવાથી જ લોકોનું કલ્યાણ થઇ જાય અને જૈન ધર્મની સ્થિતિ સુધરી જાય, એમ નથી હવે તો આપણને કામ કરનારા માણસો જોઇએ છીએ.

આમ કરવુ જોઇએ, આમ થવુ જોઇએ, અને આમ થઈ શકે, એવી લુખી વાતો કર્યા કરવામા કાંઈ વળે નહિ

એક હજાર કલ્પિત યોજનાઓ બતાવવા કરતા કાંઇક કરી બતાવવું તે વધારે સારૂ છે અને **સર ટી. માધવરાવ, દેશહાઝરા રાનાડે** અને **હિંદના દાદા દાદાભાઇ નવરોજજી** તથા **સુરેન્દ્રનાથ બેનરજી** અને દેશભક્ત **ઓનરેબલ મિ. ગોખલે** વગેરે મહાજનો પોતાના લાંબા અનુભવ પછી એમ કહે છે કે " **હવે આપણા દેશને કામ કરી શકે એવા માણસોની જરૂર છે.**" એ પ્રમાણે જૈન કોમમાં પણ નિસ્વાર્થ બુદ્ધિથી-લાગણીથી-પ્રેમથી કામ કરી શકે તેવા **આત્મભોગીઓની જરૂર** છે. અને તેવા અધિક યોગ્ય અને શરીરથી-મનથી-ધનથી બલિષ્ઠ વિદ્વાનો અને શ્રીમતો સત્વર બહાર પડી " **સેવાધર્મ** " ના અનેક સત્કાર્યો, યોગ્ય સાધનોથી, અધિક ઉત્સાહથી, અધિક સ્વાર્થત્યાગથી, અધિક બળથી, અધિક ઉત્તમતાપૂર્વક અને અધિક નિષ્કામનાપૂર્વક કરવાને સમર્થ થાઓ, એવી **શ્રી વીરપ્રભુ** પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે.

એમ થશે તોજ જૈન કોમનુ હાલ પ્રતિદિન થતુ અધપતન અટકી તે ઉન્નતિના ઉચ્ચ શીખરે પહોચશે **ભર્તૃહરી** કહે છે કે—

स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ।
परिवर्तिनि संसारे मृतः को वा न जायते ॥

અર્થાત્ તેજ જન્મેલો છે કે જેના જન્મવાથી જ્ઞાતિ, કોમ કે દેશની ઉન્નતિ થઇ શકે છે; બાકી તો ઘણા સંસારમાં જન્મ અને મૃત્યુમા પરિવર્તન કર્યા જ કરે છે.

પ્રસંગને અનુસરી **વીર પ્રભુએ કહ્યું હતું** કે—' **સમય ગોયમ મા પમાયए** ' હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ." કારણ કે સમય એટલો બધો અમૂલ્ય છે કે પાછળથી લાખો અને કરોડોની કિંમત ખર્ચતાં તે મળી શકતો નથી, માટે સમયનો સદુપયોગ કરવો જોઇએ સમયનો સદુપયોગ પોતાના નાશવાન કે ક્ષણિક શરીરને પોષવામાં જ જે માને છે, તે એક પ્રકારની આત્મઘાતી ભૂલ કરે છે. પરાર્થે પિંડ ધરવામા જ સમયનો ઉપયોગ છે.

જીવન કેટલુ ટુંકુ અને **ક્ષણિક** છે તે હમણા આપણા જૈનોને તીર્થક્ષેત્ર **પાલીતાણાનો તાજો દાખલો** યાદ કરાવે છે

આ ઉપર વિચાર કરીએ તોપણ, આપણું જીવન બીજાને ઉપયોગી બનાવી શકીએ

એક હજાર કલ્પિત યોજનાઓ બતાવવા કરતા કાંઇક કરી બતાવવું તે વધારે સારૂ છે. અને **સર ટી. માધવરાવ, દેશદાઝી રાનાડે** અને **હિંદના દાદા દાદાભાઇ નવરોજજી** તથા **સુરેન્દ્રનાથ બેનરજી** અને દેશભક્ત **ઓન. મિ. ગોખલે** વગેરે મજાના પોતાના લાંબા અનુભવ પછી એમ કહે છે કે " **હવે આપણા દેશને કામ કરી શકે એવા માણસોની જરૂર છે.** " એ પ્રમાણે જૈન કોમમાં પણ નિસ્વાર્થ બુદ્ધિથી-લાગણીથી-પ્રેમથી કામ કરી શકે તેવા **આત્મભોગીઓની જરૂર છે.** અને તેવા અધિક યોગ્ય અને શરીરથી-મનથી-ધનથી બલિષ્ઠ વિદ્વાનો અને શ્રીમતો સત્વર બહાર પડી " **સેવાધર્મ** " ના અનેક સત્કાર્યો, યોગ્ય સાધનોથી, અધિક ઉત્સાહથી, અધિક સ્વાર્થત્યાગથી, અધિક બળથી, અધિક ઉત્તમતાપૂર્વક અને અધિક નિષ્કામતાપૂર્વક કરવાને સમર્થ થાઓ, એવી **શ્રી વીરપ્રભુ** પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે.

એમ થશે તોજ જૈન કોમનુ હાલ પ્રતિદિન થતુ અધઃપતન અટકી ને ઉન્નતિના ઉચ્ચ શીખરે પહોચશે. **ભર્તૃહરી** કહે છે કે—

स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ।
परिवर्तिनि संसारे मृतः को वा न जायते ॥

અર્થાત્ તેજ જન્મેલો છે કે જેના જન્મવાથી જ્ઞાતિ, કોમ કે દેશની ઉન્નતિ થઇ શકે છે, બાકી તો ઘણા સંસારમા જન્મ અને મૃત્યુમા પરિવર્તન કર્યા જ કરે છે.

પ્રસગને અનુસરી **વીર પ્રભુએ** કહ્યું હતુ કે— **समयं गोयम मा पमायए**' હે ગૌતમ ' સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ. " કારણ કે સમય એટલો બધો અમૂલ્ય છે કે પાછળથી લાખો અને કરોડોની કિમત ખર્ચતા તે મળી શકતો નથી, માટે સમયનો સદુપયોગ કરવો જોઇએ. સમયનો સદુપયોગ પોતાના નાશવાન્ કે ક્ષણિક શરીરને પોષવામા જ જે માને છે, તે એક પ્રકારની આત્મઘાતી ભૂલ કરે છે પરાર્થે પિંડ ધરવામા જ સમયનો ઉપયોગ છે.

જીવન કેટલુ ટુંકુ અને **ક્ષણિક** છે તે હમણા આપણા જૈનોને તીર્થક્ષેત્ર **પાલીતાણાનો તાજો દાખલો** યાદ કરાવે છે

આ ઉપર વિચાર કરીએ તોપણ, આપણું જીવન બીજાને ઉપયોગી બનાવી શકીએ

मस्त सेवाधर्म.

(ગઝલ.)

જગતનાં આસુડાં લ્હોવા, દિલાસો દુ:ખીને દેવા;
શકોના ત્રાસને દળવા, સજ્યો સન્યાસ એ સારૂ.
ભભૂતિ ભાવથી ચોળી, ગ્રહી છે પ્રેમની ઝોળી,
પ્રભુના બાળને કાજે, સજ્યો સન્યાસ એ સારૂ
બિચારી બાળ વિધવાના, બન્યા માલિક ચડાળો;
ચડાવા હોળીએ તેને, કલમ તલવાર ચળકાવો.
સમાજે લૂટતા અજ્ઞો, બની અવતાર રાવણનો;
ચલાવી રામના બાણો, કરો ઉદ્ધાર બંધુનો.
સહો ખુદ જેલની જાત્રા, ખરે એ સ્વર્ગની યાત્રા;
ભલા ભાવે જ ભોગવવી, પ્રભુ દરબાર જૂદો છે !
કુધારા જ્ઞાતિમાં ઝાઝા, જનો તેના ખરે અધા;
સુધારો વીરનાં બાળો, અરે બન્ધુ અમારા છે.
પ્રસારો જ્ઞાનનાં કિર્ણો, બિચારા દેખતા થાશે;
જગત્ કલ્યાણને કાજે, પછી સન્યાસ એ ન્હારો.

મગનલાલ દલીચદ દેસાઇ.

सार वगरनो सोदो !

અમૂલ્ય અવસર આજ મળ્યો તો મૂઢપણે મરડાવુ શુ ?
પાક ભજવવો ઠાક થકી તો શાણા થઇ શરમાવુ શુ ?
વાતો કરી વીખરાઇ જવુ તો જાન માણવા જાવુ શુ ?
દ્રવ્ય-શ્રમનુ સાર્થક નહિ તો ભેળા થઇને ગાવુ શુ ?
કદર ન જ્યાં, નીજ કાર્ય તજી દઇ ફોકટ ભાષણ કરવે શુ ?
નથી ન કળ જો કામ કર્યાની, સમય અમૂલ્ય ગુમાવ્યે શુ ?
કહેલ વચનો કાન ધરે નહીં, તેના આગળ કહેવુ શુ ?
'સતશિષ્ય' કહે સાર વગરનો સોદો કરવા મળવુ શુ ?

—મુનિશ્રી નાનચદજી.

श्री 'महावीर मिशन' नी योजना संबंधमां जैन अने जनतर महाशयोना विचारो.

जैनो माटे कोइ पण संस्था खोलवा पहेलां मुख्य सवाल ए विचारवानो छे के, एथी जैनोमां (१) उच्च भावना, अने (२) न्यायोपार्जित द्रव्य प्राप्त करी वधती जती हरीफाइना जमानामां निर्दोष अने उपयोगी जीवन गाळवानी शक्तिः ए बे तत्वो उत्पन्न थइ शकशे के केम? मात्र फंड एकटुं करवाथी कोमनुं दारिद्र के अज्ञानदशा दूर थनार नथी, तेमज अणघड माणसोनी १००-५०० जेटली संख्या 'वोलंटीअर' तरीके एकठी करवामां फतेह मेळववाथी पण कांइ उपयोगी काम बनवानुं नथी.

'महावीर-मिशन' नी जे योजना थोडा वखत उपर आ मासिकमां प्रगट करवामां आवी हती. ते उपर कहेला तत्वने दृष्टि समक्ष राखीने ज योजवामां आवी हती. जो के जेओनी मददनी ते काममां जरुर छे तेओए हजी ते योजनाना शब्दे-शब्दनो अभ्यास करवानी काळजी बतावी नथी, तो पण स्थानकवासी, श्वेताम्बर मूर्तिपूजक अने जैनेतर विद्वानो अने अनुभवी महाशयो तथा जाणाता मुनिरत्नो पैकी जेओनुं ते योजना तरफ ध्यान खेंचायुं छे तेओए तो त्हेनुं सर्वांगे निरीक्षण करीने नीचे प्रमाणे पोताना विचारो जणाव्या छे (मळेला पत्रोमांना तारीफना शब्दो उपरथी हुं म्हारो हाथ उठावी लउंछुं; अने तारीफथी दूर रही मात्र विचारो अने सलाह जणाववा ज म्हें ते योजना बहार पाडती वखते अरज करी हती.) कॉन्फरन्स ऑफिस, कोमना लखपति आगेवानो अने सारी आवकवाळा स्वधर्मी वकील-

શ્રી 'મહાવીર-મિશન' વિષે અભિપ્રાય.

(૧)

લખનાર-મુનિશ્રી રત્નચંદ્રજી, લિંબડી સંપ્રદાય

સંસ્કૃત-પ્રાકૃત કૉલેજના સબંધમાં વાતચિત કરતાં હમોએ એક વખત જે વિચારો રૂબરૂમાં પ્રદર્શિત કર્યા હતા, તે વિચારોની ઉત્તમ સંકલના રૂપે "મહાવીર-મિશન" વિષેનો વિસ્તૃત લેખ 'જૈન-હિતેચ્છુ' ના જુલાઇ-ઑગસ્ટના અંકમાં દૃષ્ટિગોચર થયો. **અથથી ઇતિસુધી વાંચતાં હૃદયમાં અપરિમિત આનંદ સંદોહ ઉપસ્થિત થયો. યોજના ઘણી સરસ અને લાભકારક છે.** અશક્ય અંશને ભાવના રૂપમાં મૂકી, શક્ય અંશને કૃતિ રૂપમાં મૂકવા પ્રાધાન્ય આપ્યું છે તે પણ ઉચિત જ કર્યું છે, કારણ કે, એક જે વાત તુરતમાં બની શકે તેવી નહોય તે બાબત ગમે તેવી ઉત્તમમાં ઉત્તમ હોય તથાપિ તેના ઉપર ભાર દઇને કરવામાં આવતો પ્રયત્ન અને બાંધવામાં આવતા વિચારો હવાઇ કિલ્લાનું રૂપક પકડે છે અને તે સફળ ન નિવડવાથી બીજી વાર દર્શાવવામાં આવતા તેવાજ લાભપ્રદ શક્ય વિચારોની પણ લોકોને અશક્યતા જણાય છે અને તેના ગૌરવમાં લોકોનો વિશ્વાસ કમ થાય છે

એક વિદ્વાન ખરૂં કહે છે કે, "આપણી શક્તિઓને એક સાથે બધા કામો ઉપર વિખેરી નાખવામાં આવે તો એકે કાર્યની પૂરેપૂરી સિદ્ધિ થતી નથી, પણ શક્તિઓના બળના પ્રમાણમાં અમુક અમુક કાર્યોજ જો હાથમાં લેવામાં આવે છે, અને ક્રમે ક્રમે આગળ વધાય છે, તો દરેક કાર્યની સિદ્ધિની સાથે બીજા કાર્યો પાર પાડવાનું બળ વધતું જાય છે"

'મહાવીર-મિશન' ના અંગ તરીકે **દેશાવર**માં નવીન બોર્ડીંગો ખોલવાના ખર્ચનો ઉમેરો કરી મોટું રૂપ આપવા જતાં વખતે **સ્થા૦ જૈ૦** વર્ગની અનુદાર દૃષ્ટિએ મંડળની શરૂઆત પણ અશક્ય પ્રતીત

---

* આ શતાવધાની અને **સંસ્કૃત**ના ઉચ્ચ જ્ઞાનવાળા મુનિરત્ને **પાલણપુર**થી આ પત્ર તા ૨૪-૭-૧૩ ના રોજ લખાવી મોકલ્યો છે

ઉપરના પ્રશ્નોના ખુલાસા ન્યાયપુરઃસર સંઘાડાના નિયામકો તરફથી થશે તો તેથી કેટલાએક ઉમેદવાર લાયક મુનિઓ નિડરતાથી આ સંસ્થામાં સામેલ થવા ઉદ્યત થશે.

'મહાવિર મિશન' ની યોજના, અનુકુળ સંયોગો વચ્ચે, શીઘ્ર અમલમાં આવે એમ આ લેખક અંતરની ઉંડી લાગણીથી ચાહે છે. અને શક્ત્યનુસાર બનતી યોગ્ય મદદ આપવા તૈયાર રહેશે. ક્રિયાબુના ?

---

(૨)

લિંબડીથી વિદ્વાન મુનિ શ્રી **નાનચંદજી** સ્વામી તા ૧૬-૭-૧૩ ના પત્રમાં જણાવે છે કે—

તમે મોકલાવેલુ 'યોજના' નુ ફૉર્મ મળ્યુ છે. **બરાબર અથ-ઇતિ વાંચ્યું છે. વાંચતાં હૃદયમાં હર્ષ ઉભરાઇ નીકળ્યો છે.** વિશેષ દિલગીરીની વાત એ છે કે આપણી નિદ્રાવશ સમાજમા આત્મભોગ આપવાનો પાઠ મુળથી શીખવાયો જ નથી શ્રાવકવર્ગ પર સાધુઓના વિચિત્ર વાસક્ષેપથી આ સમાજ બુઠી લાગણીવાળો, સ્વાર્થપરાયણ-ટુંકામાં મુડદાલ હાલતમાં છે, તો પણ અત્યંત પ્રશંસનીય-આ તમારૂ આત્મભોગ આપવા માટેનુ લખાણુ **સ્થાન**-કવાસીઓના અરૂણોદયને સ્વલ્પકાળ હોય એમ બતાવે છે. એક મહાન જબરજસ્ત વ્યક્તિ-જે પાકવી જોઇએ, તેની ખામી છે, તોપણ જ્યારે તમારા જેવા નિષ્કિંચન પોતાના જરૂરના વ્યવહારને પણ તિલાંજલિ કરી સ્વધર્મસેવા માટે યાહોમ કરવા તૈયાર થશે ત્યારે લાગણીવાળા ધનાઢ્ય ગૃહસ્થો અને સંસારના શ્રેય માટે મુંડન કરાવી ફરનાર ત્યાગીઓ આત્મભોગ આપે એમા સંશય નથી; એમ હુ મારા પોતાના વિચાર ઉપરથી કલ્પના કરૂ છુ તમારૂ લખાણુ મને **વ્યાજબી,** એટલુજ નહિ પણ **બહુ સ્તુત્ય** અને **તુરત અમલમાં મૂકવા યોગ્ય** લાગે છે. જૈન ટ્રેનિંગ કૉલેજમા અપાતુ હાલનુ શિક્ષણ શીખનારને ગમે તે ખામીને લઇને લગભગ નિરૂપયોગી જેવું છે, તે વિષે તમો વધારે માહેતગાર છે, એટલે વિશેષ લખવુ જરૂરનુ નથી. શિક્ષણ એવુ હોવુ જોઇએ કે ધાર્મિકજ્ઞાનમા **જૈન**ધર્મના યથાર્થ ન્યાયને સમજવા ઉપરાંત અન્યધર્મીઓ સાથે ગમે તેવી ચર્ચામા વિજય મેળવી

હેમને કોઈ સારા કામમાં જોડવા માટે ઉપરાઉપરી લખાણો દ્વારા અપીલ થવાની જરૂર રહે છે, કે જે કામ અઠવાડીક કે દૈનિક પત્ર સિવાય બનવું મ્હને બહુ કઠણ લાગે છે. આવા વખતે 'જૈન સમાચાર'ની ગેરહાજરી માટે ખરેખર બહુ જ લાગી આવે છે પૈસાની જરૂર પડે એવું કોઈ કાર્ય કે કોઈ સુધારો પેપર વગર બનવામાં મ્હને તો બહુ મુસ્કેલી ભાસે છે. 'પેપર! પેપર!'ના સ્વપ્ન આવે છે અને અંતરમાં એ જ ધ્વનિ–એ જ ગર્જના થયા કરે છે, 'પેપર'નું નામ સાંભળી જાગી ઉઠું છું ત્યાં નિરાશાથી બધું સ્વપ્નવત્ દેખાય છે. પણ આશા ખોવા મ્હારૂં મન ના કહે છે અને હમને પણ તે જ આશામાં દૃઢ રહેવા ભલામણ કરે છે. અનુકૂળ સંજોગો ઉભા થશે જ થશે, સાધનો પ્રાપ્ત થશે જ થશે નિશ્ચય દૃઢ રાખો અને વીરત્વ વિશેષ પ્રગટાવો, એમાંથી પરિપક્વ સમયે પેપર પાછું જાગી બગાસું ખાતું બેઠું થશે અને 'મહાવીરમિશન' તથા એવાં અનેક શુભ કાર્યોના બ્યૂગલ દેશોદેશમાં તે ફૂંકશે. હું તે પેપરને અને મિશનને મ્હારા કાળજાની કોર ગણું છું, હેમાં સમ્મત છું કાર્ય આરંભવા વખત આવશે ત્યારે મ્હારી સલાહ નહિ પણ કામના બોજામાં ફાળો આપવા જાતે તેમાં શામેલ થાઉં તો?

(૪)

'ગુજરાત કૉલેજ' ના સંસ્કૃતના પ્રોફેસર, અને નીતિ ધર્મ શિક્ષણ સંબંધે ખાસ પુસ્તકો રચવાનું કામ નામદાર ગાયકવાડ સરકાર તરફથી જ્હેમને સોંપવામાં આવ્યું છે તે વિદ્વાન નાગર ગૃહસ્થ પ્રો૦ **આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ** M. A. LL B. તા ૧૬ જુલાઇના પત્રમાં 'મહાવીર મિશન'ની યોજના માટે સંતોષ જણાવતા લખે છે કે "I shall be ready to play my humble part in the scheme of the Mahavir Mission એટલે "મહાવીર–મિશનની યોજના સંબંધમાં મ્હારાથી બની શકે તેટલો નમ્ર ભાગ લેવા હું તૈયાર થઇશ" તથાપિ જૈન જેવી સંકુચિત વિચારવાળી કોમ આવા કામ પાછળ ખરા દીલથી લાગવા તૈયાર થશે કે કેમ તે બાબતમાં તેઓશ્રી સંશય બતાવે છે, જે ઘણે ભાગે વાજબી છે. આપણે ઇચ્છીશું કે, તે સંશય પરમાત્મકૃપાએ દૂર થવા વખત આવે અને આવા ઉત્તમ સલાહકારની સલાહ અને સ્હાયતા મેળવવાની શુભ તક આપણને પ્રાપ્ત થાય.

શરૂઆત કાચા પાયાથી તથા ક્ષણિક જુસ્સાવાળા ગૃહસ્થો કે ××× -ની મદદથી કરશો નહિ. વિશેષ કરી પૈસાની મદદની પ્રથમ જરૂર છે, તે મદદ પુરતા પ્રમાણમા અને સગીન મળે તથા થોડાએક વિદ્વાન સમયજ્ઞ મુનિવરો લોકલજ્જા અને કાયરતાનો ભોગ આપી આ પવિત્ર કામમા જોડાય તો, જે કલ્પનાઓ અત્યારે હવાઈ કીલ્લા માફક ગણવામા આવે છે તે સત્ય સ્વરૂપમા પ્રગટ થઈ આપના અથાગ પરિશ્રમ અને તન-મન-ધનના ભોગનો બદલો, આપના જાતીસતોષ તથા સ્વધર્મની ખરેખરી ઉન્નતિના પ્રકાશિત કીરણોથી જે જાગૃતિ થશે તેથી મળી રહેશે તે માગલિક સમય જોવાનો પરમાત્મા જેમ બને તેમ વહેલો સમય આપે એમ મારી પ્રાર્થના છે મનુષ્યપ્રયત્ન આગળ અસાધ્ય કાઈ નથી પણ ધારેલી મુરાદ બર લાવવામા અડગ ધીરજ અને અસાધારણ મનોબળ જોઇએ છે, જે બન્ને આપને જન્મની સાથે જ બક્ષીસ મળ્યા છે. વળી નિર્મળ અતઃકરણ અને શુદ્ધ હેતુઓ વહેલા મોડા પણ જનસમુહની લાગણીઓ ખેચ્યા વગર રહેતા નથી, તે જ પ્રમાણે આપના સબધમા પણ લાગણીઓ ખેચાતી હોય એમ જોવા-સાભળવામાં આવે છે; તેથી આશા રહે છે કે હાલનો સમય આપના વિચારનો અમલ કરવામા સાનુકૂળ થશે આપે ધારેલી યોજના સપૂર્ણ થયે મને જરૂર ખબર આપવા મે કરશો"

(૭)

શ્રીયુત વકીલ મુળચદ લીલાધર તથા શ્રીયુત કચરાભાઇ લાધાભાઇ, તા૦ ૧૯-૭-૧૩ના પત્રમાં લાલપુર (જામનગર)થી જણાવે છે કે—

"ખરૂ તત્વજ્ઞાન કે જે હાલમા ખુણામા ગોધાઇ રહેલુ છે તેની મહત્તા, એક વખત, હમણા કે થોડા વખત પછી પણ, સયોગ મળે પ્રગટ તો જરૂર થશેજ એમ અમને હવે વિશ્વાસ બેઠો છે અત્યાર સુધી એવુ બનતું આવ્યુ છે કે, ઘણાખરા તો વિશાળ તત્વને કુંડા ક્ષેત્રમા ગોધી રાખવાની જ પ્રવૃત્તિ કરે છે અને તેથી ભેદાનુભેદ વધી પડયા છે. કોઈ નજીવી વ્યવહારિક બાબત આડી લાવી એવુ રૂપ આપવામા આવે છે કે જેથી ભદ્રિક ભક્તોને ભ્રમ થયા સિવાય રહેજ નહિ. જ્યાસુધી માણસ પોતાની મેળે વિચારવાની ટેવ ન પાડે ત્યા સુધી મહાવીર પિતાના ઉપદેશનુ રહસ્ય અને સાચુ તત્વ તેઓ સમજી શકે જ નહિ

Mission." As the heading suggests, the said scheme is a happy combination of the progressive idea of the West with the high soul-inspiring ideals of the East On perusal of the said pamphlet, I feel no doubt that the scheme is a feasible one and no pains should be spared to put it into practice The scheme though originally drawn with a view to benefit the Sthanakvasi Jain Sangh–both the laity and the clergy, is in its bare outlines as useful to the Swetambers and the Digambars as to the Sthanakvasis, and should be read and considered by every Jain irrespective of his sub-sect.

121 Meadows street, Fort, Bombay 23—10—1913.

M J Mehta (B A LL B, Bar-at-law.)

બીજા ગૃહસ્થો અને મુનિવરોના વિચારો હવે પછી પ્રગટ કરવામા આવશે.

યોજના સબંધમા કરાતી દરેક મચના આભારપૂર્વક સ્વીકારવામા આવશે અને હેની નોંધ રાખી જ્યારે પણ કોઇ કમીટી બોલાવવાનો વખત આવશે ત્યારે રજુ કરવામા આવશે

મ્હે બહાર પાડેલી યોજના માત્ર કાચો મુસદ્દો છે, એજ પ્રમાણે થવુ જોઇએ એવો કોઇ આગ્રહ નથી; તેમજ હુ જ તે કાર્ય ઉપાડુ એવી કોઇ માગણી નથી

કોઇ શ્રીમંતને, આ ખાતે મ્હોટી રકમ આપીને કાર્ય શરૂ કરાવવાની શુભ ઇચ્છા થાય, તો પોતાની તે ઇચ્છા, શરતો, સૂચનાઓ વગેરે નીચે સહી કરનારને જણાવવા હેમણે કૃપા કરવી

કોઇ ધીખતા વ્યાપારવાળા મહાશયને જો આ કાર્ય ઉપયોગી અને વ્યવહારૂ હોવાની ખાત્રી થાય તો, પોતાના રોજગારના ચોખ્ખા નફાની એક કે વધુ વર્ષની રકમ આ કામને અર્પણ કરવાનો નિયમ

અંદરના તત્વે-શુદ્ધાત્માએ-પરમાત્માએ ઘડયો છે, અને તે કાયદો હમારા અંતરાત્મા અને બહિરાત્માએ અમલમાં મૂકવાનો છે.

ભૂત કાળમાં કાનુનનો ભંગ કરવાથી આજે મળતા દુઃખો પણ કાનુનના સુસ્ત પાલનથી દૂર થઇ શકે એવી શક્તિ પ્રયત્નમાં-પુરૂષાતનમાં-આત્મામાં રહેલી છે. જેટલે અંશે અને જેટલી તીવ્રતાથી કાનુનનો ભંગ થયો હોય તેથી વિશેષ અંશે અને વિશેષ તીવ્રતાથી કાનુનનું પાલન થાય તો કાનુનના ભંગના પરિણામો અટકવા જ જોઇએ

પરમાત્મા અને પોતાના વચ્ચે ઐક્ય છે એ મહાન સિદ્ધાન્તનો અનુભવ કરવાનો પ્રયત્ન કર્યા સિવાય મનુષ્યથી આ વિકટ કામ બની શકવાનું નહિ જ, તે સિવાય કાનુનથી ઐક્ય અનુભવી શકાય નહિ જ. અને જેણે એવો અનુભવ કર્યો છે હેની પાસે રોગ ટકી શકે નહિ; હેના હૃદયના દ્વારમાં પરમાત્માના અનંત વીર્યનો ઝરો નિરંતર વહ્યા જ કરે છે એ તે જોઇ શકે છે જે ભાવનાનું આવું મહત્વ છે તે ભાવનાના ઉપકારની જેટલી ગીતા ગાઇએ તેટલી થોડીજ છે

જે સમયે મનુષ્ય પરમ તત્વ સાથેના પોતાના ઐક્યનો અનુભવ કરે છે તે જ વખતે પોતાની દિવ્યતાનું હેને ભાન થાય છે અને પોતે સ્થૂલ શરીર છે અગર પામર પ્રાણી છે એવી ભ્રાન્તિ સર્વથા ચાલી જાય છે. હેને હવે જણાય છે કે "હું આત્મા છું સર્વશક્તિ છું, શરીરનો બાંધનાર અને શરીરનો સ્વામી છું" અને એમ જણાયા પછી શરીરની સત્તા હેના પર ચાલી શકતી નથી અને નહિ ઇચ્છવાયોગ્ય પદાર્થો હેની પાસે આવી શકતા નથી

સેંકડો એવા મંદા અને નબળા મનુષ્યો છે કે જેઓ જો પરમાત્માને પોતાનું કામ કરવા દે તો થોડા વખતમાં તેઓ મજબુત અને તનદુરસ્ત બને. તેઓ મનુષ્યોને આપણુ પોકારી પોકારીને કહીશું કે દિવ્ય પ્રવાહને બંધ કરતા નહિ, બીજું ગમે તે કરો પણ આ કામ કદી કરતા નહિ એ પ્રવાહને તો આવવા જ આપો. એટલો જે પ્રમાણમાં તમે હમારા હૃદયના દ્વાર જીવન-પ્રવાહ ઝીલવાને ખુલ્લા રાખો છો, તે પ્રમાણમાં તમારા શરીરના તે પ્રવાહની અસરથી એટલા બળવાન બને છે કે તમારા પર સત્તા ચલાવનારા જુના તત્વો દૂર ભાગી જાય છે" વા. મો. શાહ.

કલિ-તપથી તમ દીનો છે,
જે તાપ નિવારે નેહે, એ વીર દે મ્હેર કરીને.
અમ રાષ્ટ્ર ઉદ્ધારણ કાજે,
અમ જ્ઞાતિ સુધારણ માટે,
હા! આપ અડગ અટંકી, સુધીરા, વીરા, ટેકી.

वस्तुने नहि पण वस्तुत्वने चाहो.

(રૂપજાતિ)

નવીન આ સર્વ જણાય જાણે
વિચિત્રતા રમ્યપણું દિસે છે
નવું ન જૂનું કંઇ વિશ્વમાં છે.
રૂપાન્તરે વસ્તુ બધું ધરે છે ૧

નવીનતામાં કંઇ છે નવાઈ?
ખુશાલી એમાં સઘળી સમાઈ?
વિવેકહીણા જન એથી મોહે,
ફસાય આસક્તિ ધરી દુઃખોએ ૨

નવા જુના રંગ ધર્યાં કરે છે,
ન એકરૂપે કંઇ વસ્તુ રે'છે
નવા મટીને થઇ જાય જુના
જુના મટી થાય નવા ઘણેરા ૩

ન રાચવું વસ્તુ વિષે લગીર,
વસ્તુત્વમાં વૃત્તિ લગાવ, ધીર!
ક્ષણિક ને જે પરિણામશીલ,
તેમાં ન આસ્થા જરી રાખ વીર! ૪

વિકાર આકાર જ નામરૂપ,
ઉપાધિ એ સર્વ, ન તે સ્વરૂપ
સદા અવિકારી અનંત જે છે
તેમાં સદ્વૃત્તિ સમેટી લેજે ૫

નિર્બંધ નિર્લેપ અનામ રૂપ,
સચ્ચિત્સુખાત્મા કર લક્ષ્યરૂપ,
અનન્યભાવે ભજ એક એ જ,
તદ્રૂપ થા, ના ધસ મોહ જાળે ૬

જૈનસ્થાનક,
અંજાર (કચ્છ) } 'વિજ્ઞાનભિક્ષુમંડલ'

પ્રગટ થતા 'જૈનગેઝીટ' પત્રના સપ્ટેમ્બરના અંકમા 'અધિપતિની નોંધ' મા નીચે મુજબ એક 'નોંધ' જોવામા આવે છે—

Mr. Wadilal Motilall Shah and his "JAIN HITECHHU."

We believe most of our readers know Mr Wadilal Motilall Shah of Ahmedabad, now a Merchant in Bombay, as one of the most advanced and liberal amongst us. He has been serving the Jain Community, especially the Sthanakvasi Jain sect with a zeal, sincerity and earnestness which is hardly surpassed by any other worker in the Jain Community He has so much devotion to the cause, that he spends all his earnings and uses all his energies to uphold it He is never behind any in speaking out the truth, when he finds that his doing so will improve the wicked, or put the mischievous and malignant on their guard. We are glad to note that every issue of his paper is full of useful and interesting matter. '

ઉપલી અંગ્રેજી 'નોંધ'નુ ગુજરાતી ભાષાન્તર નીચે મુજબ થાય છે—

મી. વાડીલાલ મોતીલાલ શાહ અને હેમનું 'જૈનહિતેચ્છુ.'

હાલમા મુંબઈમા રહી વ્યાપાર કરનાર અમદાવાદવાળા મી વાડીલાલ મોતીલાલ શાહને અમારા ઘણાખરા વાચકો, ઘણાજ આગળ વધેલા અને ઉદાર વિચારના જૈનોમાના એક તરીકે પીછાનતા હશેજ એમ અમે માનીએ છીએ તેઓ જૈન કોમની અને ખાસ કરીને સ્થાનકવાશી જૈન વર્ગની સેવા એટલા ઉત્સાહથી, એટલી તલ્લીનતાથી અને એટલી શુદ્ધનિષ્ઠાથી બજાવતા આવ્યા છે કે, જેથી વિશેષ ઉત્સાહ, તલ્લીનતા અને શુદ્ધનિષ્ઠા જૈન કોમનો કોઈ સ્વયસેવક ભાગ્યેજ બતાવી શક્યો હોય જૈનસેવાના કામ પ્રત્યે તેઓની ભક્તિ એટલી બધી છે કે તે પોતાની સઘળી આવક તે પાછળ ખર્ચે છે અને એ કામને ટકાવી રાખવામા પોતાની સઘળી શક્તિઓ પણ ખર્ચે છે. ખુલ્લુ સત્ય કહી દેવાથી અમુક દુષ્ટો સુધરી શકે તેમ છે અગર તોફાની અને બદદાનતવાળાઓને ચેતવણી મળે તેમ છે એવુ જ્યારે જ્યારે હેમને જણાયુ છે ત્યારે ત્યારે ખુલ્લુ

હતા, **શંકરાચાર્યોના** વખતમાં ઘાચીની ઘાણીઓમા કચરાયા હતા તોપણ પોતાનો ધર્મ ફેલાવવામા પાછી પાની કરી નહોતી, તેનાઓના વશજો હાલ કેવી સાકડી સ્થિતિમા આવી પડયા છે, તે વિચારતા એક મોટો નિશ્વાસ મકવો પડે છે **સર્વ ધર્મોની હરિફાઇનો વખત આવી પહોંચ્યો છે. હવે તો ચેતો! ચેતાવો! જરા તો મોટું મન રાખો!** તત્વજ્ઞાનની પ્રાપ્તિ અને જમાનો અનુભવ્યા વિના **સાધુઓમાં અને સાધ્વીઓમાં નવો જુસ્સો આવવાનો નથી.** "વાતો કરે વડા થવાના નથી" ભસ્યા ત્યાથી ફરીથી ગણો જાગ્યા ત્યાથી પ્રભાત માનો—તમારી ગયેલી શક્તિઓ પ્રાપ્ત કરવા **જૈન ગુરૂકુળની યોજનાને વધાવી લ્યો** હવે તો બસ, ઘણુ થયુ **આંખો ઉઘાડો અને કાર્ય કરવા મંડી જાઓ, તમારી પાસે જે છે તે સર્વ જનોદ્ધાર માટે છે એમ સંકલ્પ કરો.**

જૈનોની સ્થિતિ દરરોજ ઉન્નતિના શિખરથી એક બે પગથીયાં નીચે ઉતરતી ઉતરતી તળેટીમાં આવી પહોંચી છે. જૈનબધુઓએ યાત્રા કરવા માટે દરરોજ **ઉન્નતિના શિખર** પર જવા પાચ છ પગથીયા તો ચડવુ જોઇએ

'**સ્થાનકવાસી** 'જૈન સમાચાર" પત્રના અધિપતિએ પોતાની કોમને ટ્રેનિગ કોલેજ માટે ઘણુ લખી જણાવ્યુ પણ તતુડીનો અવાજ શા હિસાબમા? તેમ **સ્થાનકવાસી** જૈનોએ કયુ છે લાખો રૂપિયાને ઠેકાણે ચોડાક હજારનો ફાળો કર્યો હોય તે કયા હિસાબમા ગણાય નહિ ખરેખર **સ્થાનકવાસી** જૈનો જીવદયાની હિમાયત કરે છે અને સઘને તીર્થ માને છે, પણ લક્ષાધિપતિઓ છતા ભાઇ **વાડીલાલના** વિચારને ધ્યાનમા લેતા નથી તેજ તેમની બુદ્ધિની કિંમત કરાવનારી સ્થિતિ છે'

શ્વેતામ્બર **મૂર્ત્તિપૂજક** જૈન વર્ગના સાપ્તાહિક પત્ર 'જૈન'ના અધિપતિએ પોતાના તે પત્રમા અમારા સદ્ગત પિતાજીના સ્વર્ગવાસની નોંધ લેતા લખ્યુ હતુ કે 'તેમના વડા પુત્ર ભાઈ **વાડીલાલ** ઢુંઢીઆ કોમના એક **માર્ટીન લ્યુથર** છે એમ અમે કહીશુ તો તેમા અતિશયોક્તિ નથી જૈન કોમ અમારા કમનશીબે વિચારમા અને વર્તનમા ઘણી પાછળ છે, વળી તે ઈર્ષાવાળી હોવા સાથે બીજાના

जैनो माटे मासिकपत्र केवुं जोईए ?

જૈનના જૂદા જૂદા ફીરકાઓમા અનેક માસિક પત્રો છે, જે સર્વ પોતપોતાની શક્તિ મુજબ સઘસેવા બજાવી રહ્યા છે. પરન્તુ જ્યારે આપણે રિવ્યુ ઑફ રિવ્યુઝ, ઇન્ડીઅન રિવ્યુ, હિંદુસ્તાન રિવ્યુ, મૉડર્ન રિવ્યુ, ઇસ્ટ ઍન્ડ વેસ્ટ, ન્યુ થૉટ, થીઓસોફી, તથા સરસ્વતી (હિંદી) માસિક મનોરજક (મરાઠી,) વિવિધજ્ઞાનવિસ્તાર (મરાઠી) વગેરે માસિકો જોઇએ છીએ ત્યારે હેમનુ મોટુ કદ, હેમાના વિષયોની વિવિધતા, સુદર છપાઇ અને ચિત્રો, અનેક શાસ્ત્રીય તથા પ્રાસગિક 'નોધો' અને અનેક વિદ્વાનોની કલમની પ્રસાદીની વિવિધતા જોઇ આનદ પામવા સાથે એમ બોલ્યા વગર રહેવાતુ નથી કે "જૈનોમા આવું એક સર્વોપયોગી માસિક ક્યારે જોવા વખત આવશે ?" જૈનોને અપાસરામાં જે ઉપદેશ મળે છે તેવીજ જાતનો ઉપદેશ માસિકોમાં આપ્યા કરવાથી માસિકનુ કર્તવ્ય બજતુ નથી, કારણ કે એ માટે તો અપાસરામા સાધુઓથી લેવાતો શ્રમ પુરતો છે માસિકોએ જે કરવાનુ છે તે એ છે કે જૈનોને પોતાના ધર્મના રહસ્યો શોધી બતાવવા, પાશ્ચાત્ય સાયન્સ અને માનસશાસ્ત્ર તથા ફીલસુફીને લગતી બાબતોથી અપ-ટુ-ડેટ રાખવા, જૈન સઘના ચારે અગને લગતા તાજા બનાવો પર પોતાના સ્વતન્ત્ર વિચારો બતાવવા, ગૃહસસારને લગતા વિષયો ચર્ચવા, બીજા પથો, કોમો, રાજ્યોને લગતા બનાવો પૈકી અનુકરણીય બનાવોની નોધ આપીને તે તરફ જૈનોનુ લક્ષ ખેચવુ, સ્ત્રીઉપયોગી અને બાલોપયોગી ઉપદેશ આપવો, અને એકાદ આનદજનક ઉપદેશી કથા આપવી આ સર્વ બાબતોનો એક ઉત્તમ પ્રકારના માસિકમા સમાવેશ થવો જોઇએ

પરન્તુ ખેદનો વિષય એ છે કે, જૈનોમા એક તો લેખકો થોડા છે અને જે થોડા છે હેમને લેખોની કિમત આપી શકાય એવી સ્થિતિ એકકે જૈન માસિક પત્ર ધરાવતુ નથી વળી ઉપર કહેલા અંગ્રેજી, હિંદી, મરાઠી માસિકોનુ વાર્ષિક લવાજમ જે ૨ ૩ થી ૧૦ સુધી છે તેટલુ લવાજમ એક માસિક માટે આપવા ખુશી હોય એવા જૈનો પણ થોડાજ છે 'જૈનહિતેચ્છુ' માસિક દર અકે હેટા ભાગના પાના ભરવાનુ ખર્ચ અને મહેનત સેવે છે તે છતા જૈના વર્ષે ૨ ૧-૩-૦ જેટલા લવાજમ માટે પણ બુમ ચાલુજ રહે કે એટલા ઉપરથી જૈન સાક્ષરોની મુશ્કેલીનો ખ્યાલ આવો નહિ તેમ છે

sacred ceremonies, the mystic meaning of which is almost altogether lost sight of by laymen as well as priests,—ceremonies which unite a younger soul with the Elder Soul—with that of Arhat or Lord Mahavir who was one with the universe, who was Renunciation personified, who was Sacrifice incarnated

It is indeed a privilege and it should always be the aspiration of every one to be one of the Esoteric Section of Lord Mahavir One should note, however, that the membership of this *Section* or 'Complete Diksha' is no sudden change from a rough soul to a highly polished one. It is no formal thing, is not accompanied by a change of dress or the chant of certain mantras, does not result from flying away from the family, and does not come from mere desire of that privilege A gradually evolving soul or a layman, a member of the Exoteric Section of any Arhat, one who *has been* practising the Lesser Vows and has thus fitted himself for the higher stage—I mean a gradually evolving soul progressing in ज्ञान (Knowledge), in दर्शन (Realization), in चारित्र ('Life' or character) and in the spirit of service not only to humanity but to all that 'feel' (and for the reason of that, one who necessarily possesses due share of Discrimina tion (विवेक) and of Endurance of actions, events, words, feelings and opinions of others)—such a man *arrives at* a stage which qualifies him to be initiated into the Esoteric Section of Lord Mahavir

स्थानकवाशी जैन कॉन्फरन्स ऑफिसने थोडाक प्रश्नो.

केळवायला स्थानकवाशीओ क्यां सुधी मुंगा रहेशे ?

आजे अमे आपणी श्रीमती कॉन्फरन्स ऑफिसने मित्र-भावे वे बोल कहेवानी रजा लइशुं अने एम करती वखते आशा राखीशुं के मित्र भावथी लखाता शब्दोने जूदा रुपमां नहि लेवामां आवे. कॉन्फरन्सना पहेला पाक्षिक पत्रना अंकमां ऑनररी सेक्रेटरी श्रीयुत छगनमलजी एक जाहेरखवर प्रगट करे छे, ज्हेमां तेओ जणावे छे के " मेनेजींग कमीटी भरवानी वहुज आवश्यकता छे, " अने तेटला माटे तेओ ता. २६--२७-२८ डिसेम्बरना दिवसोमां अजमेर खाते कमीटी भरवा ईच्छा बतावे छे अने ते तारीखो वीजा मेम्बरोने अनुकूळ छे के केम ते जाणवा मागे छे.

आ संवंधमां अमो नीचे मुजव प्रश्नो कॉन्फरन्स ऑफिस हजुर रजु करवा मागीए छीए:-

(१) मेनेजींग कमीटी भरवानी ' वहु ज ' जरुर छे एम जणाववामां आवे छे, तो ते ज वखते ते वहुमांनी एकाद जरुरीआत तो वताववी जोईती हती के नहि ? कयां कामोनो नीकाल ते कमीटीमां करवा धार्यो छे, कया प्रश्नो अने कइ सलाहो शुभेच्छको तरफथी ऑफिसने मळी छे ते वताववुं जोइतुं हतुं के नहि ? कमीटीमां जेओनी हाजरी मागवामां आवे छे तेओए केवी सलाह आपवी ए वावतनो विचार करवानी तक त्हेमने आपवी जोईए के नहि ?

अमुक तारीख वगा मेम्बरोने अनुकूळ थई [illegible]

वालनो जवाब तो तेओने पत्र करीने दशावगा [illegible]

: जाहेर खबरज छापवामां आवी छे त्यार तो [illegible]

मीटींग पासे रजु करवा धार्यो छे ते जगावयुं [illegible]

२००–३०० ग्राहकोवाळा छापामां जाहेर खबर [illegible]

न रहेतां बीजा छापामां पण ते जाहेरखबर [illegible]

? नहोती ? 'जैनहितेच्छु' प. [illegible]

तत करी छे ते छतां पमां आवी जाहेर उपयोगी [illegible]

र आपवाना पण अखाडा करवामां [illegible]

इदापूर्वक अने वगर कारणे अपमान करवानो [illegible]

न पब्लीकना हक्को पर तराप मारवानो [illegible]

नो शक लई जनाराने शुं खुलासो आपशो ?

(२) नाणानुं व्याज वधी गयुं ते वखते पण, [illegible]

निकवार ठराव करवा छतां पूरी रकम [illegible] नहि [illegible]

गई कारण ?

(३) विद्योत्तेजक फंडनी बीजाओए [illegible]

शेठ चांदमलजी पासेज रहेती होवा छतां, शेठ पोते [illegible]

रकम वखे वखते जमा अपाती नथी तेनुं शुं कारण ?

(४) मुंबई बॉर्डींग संबंधमां कॉन्फरन्सनुं पत्र [illegible]

" आ बॉर्डींगनी कारोबारी कमीटीना लगभग तमाम मेम्बरोए

राजीनामुं आपतां जनरल सेक्रेटरीओनी एक मीटींग मराणी हती,

वगेरे." ज्यारे तमाम मेम्बरोए राजीनामुं आप्यानुं जणावे छे

त्यारे तो मामलो गंभीर होवोज जोईए ए बाबतनी (अणधारी)

कबुलात थई गई; छतां बॉर्डींग संबंधमां कांई पण हकीकत

प्रकाशमां नहि मूकवानुं अने लोकोने अंधारामां राखवानुं कॉ-

न्फरन्सना आ 'प्रकाश' शा कारणथी पसंद कर्युं तेनो

खुलासो आपी शकाशे ?

(५) कॉन्फरन्सना अंगे शास्त्रोद्धारक फंड करावी सूत्रो छापवा माटे प्रेस अपाववराव्युं, तर्थीसूत्रभाषांतर संबंधी काम करनारा विद्वान पगारदार अने ऑनररी कार्यवाहको मेळवी, काम शरुकरी, २-४ सूत्रो छापवा जेवा तैयार कर्या पछी ज प्रेस खरीदवुं जोईतुं हतुं, एवी सलाह अनेक स्थळेथी कॉन्फरन्स ऑफिसने पहोंची हती, छतां तुरतातुरत प्रेस खाते लगभग ६-७ हजारनी रकम खरची नाखवामां आवी त्हेनुं कांई कारण बतावबामां आवशे? ॲसीस्टंट सेक्रेटरीने पोताने तो प्रेस संबंधी अनुभव नथी ए वात खरी छे के? कॉन्फरन्समां एक ॲसीस्टंट सेक्रेटरी छे ते कॉन्फरन्स ऑफिसने लगतुं कामकाज, पेपरनुं कामकाज, प्रेसनी संभाळ अने वळी पोतानी खानगी ईस्पीताल चलाववी, ए सर्व काम बजावी शके ए वात संभवीत छे के? परिणामे जैन कोमने नुकशान खरुं के नहि?

मात्र मासिकनो अंक काढतां बब्बे त्रण त्रण महीना थता, तो हवे तो प्रेसनुं अने पखवाडीक पत्रनुं एम बे कामो वध्यां त्यारे ऑफीसनुं काम अने आ बन्ने नवां कामोने नुकशान थवानो संभव खरो के केम?

(६) वॉलंटीअरोनुं मंडळ स्थापवा संबंधी जे हीलचाल कोन्फरन्सनी मालेकीना पत्रमां कॉन्फरन्सना होदेदारना नामथी करवामां आवे छे ते हीलचाल केटली व्यवहारु छे, केटली हितकारक छे ए वगेरे बाबतनी चर्चामां नहि उतरतां अमो अत्यारे मात्र एटलुंज पूछीशुं के आवी रीतनी हीलचाल ऑफिस तरफथी करवा बाबतनी रीतसर मंजुरी कॉन्फरन्सना आगेवानो पासेथी मेळववामां आवी छे के केम?

'हुं वॉलंटीअर तरीके रहेवा तैयार छुं' एम जे जे जुवा-

नीआए ते पत्रमां लख्युं छे [illegible] आज सुधीनां [illegible] भविष्य माटेना वचननी विरुद्धमां जाय छे के [illegible]? जेम जे साधुओना तेवा पत्रो आव्या छे ते साधुओ आज सुधी केवा संयम पाळता जोवामां आव्या छे? एवो अने [illegible] गमां फसायला अमुक साधु अने पुरुषो [illegible] जाहेर खाता तरफथी लेवा उतां [illegible] [illegible] वॉलंटीअर तरीके जींदगी अर्पण करी [illegible] छे के केम?

(७) कॉन्फरन्स तरफथी नीमायला उपदेशको ऑफिसना कारोबार संबंधी भ्रमो पाडे छे ए वात कॉन्फरन्स ऑफिसनी जाणमां आवी छे के केम? अने ते भ्रमोनो [illegible] छे के केम?

(८) ट्रेनींग कॉलेज अने बॉर्डींग हाउसना फंडो [illegible] जाय छे ते ऑफिसना जाणवामां छे के? होय तो, ए फंडोने वधारवा खातर ते खाताओ तरफ लोकलागणी खेंचवाना [illegible] प्रमाणिक रस्ता आज सुधी लेवामां आव्या ते बतावशो [illegible]?

(९) शास्त्रभाषांतर फंड करवामां आव्युं छे तो ते कामने अंगे अत्यार सुधीमां शुं शुं हीलचाल करवामां आवी अने ह्हेनुं शुं परिणाम आव्युं ते जाहेरमां मूकवामां आवशे?

(१०) शारदापूजन वखते अमुक रकम दरेक गामथी कॉन्फरन्स माटे मेळववा आज सुधी ‘ जैन समाचार ’ तरफथी प्रयास हतो; ओणनी के गई सालनी दीवाळी वखते आ प्रयास कॉन्फरन्स ऑफिसे पोताना छापा द्वारा या बीजीरीते चालु राख्यो हतो? राख्यो होय तो ह्हेनुं शुं परिणाम आव्युं?

(११) थोडा महीना उपर कॉन्फरन्स ऑफिस तरफथी पुस्तको वहार पाडवानुं एक खातुं ऑफिसने अंगे खोलवानुं जाहेर करवामां आव्युं हतुं अने जाहेर पासेथी नाणां ते खाते माग वामां आव्यां हतां. आ काम माटे रीतसरनी मंजुरी मेळववामां आवी हती ? आ खाते केटलुं फंड थयुं छे ? त्हेनो शो उपयोग थयो छे अगर धार्यो छे ?

(१२) दक्षिणमां ॲसीस्टंट सेक्रेटरी मुसाफरी करवा नीकळनार छे एवी जाहेरखवर त्हेमणे वहार पाडी छे, पण त्हेमां कामनुं नाम जणाव्युं नथी, तो शा काम माटे अने कये कये गामे जवाना छे ते जणाववानुं वनशे ? कामनुं नाम जणाव्या सिवाय सेक्रेटरीनी धारेली मुसाफरीनी जाहेर खवर छापी लोकोनी मदद याचवामां शुं वाजवीपणुं छे ?

(१३) दक्षिणने ज छेडवामां आवे छे अने गुजरात–काठियावाड-मुंबई शहेर वगेरेथी व्हीता रहेवामां आवे छे त्हेनुं कांइ कारण छे ? केळवायला जैनोनी श्रद्धा गुमाववी वेसवानां कारण समजवा अने ते कारणो दूर करवा कॉन्फरन्से के त्हेना आगेवानोए कदी दरकार करी छे ?

(१४) कॉन्फरन्सना उपदेशको खाते थतुं खर्च, त्हेमनी मारफत थती आवक, तेवी आवक मुख्यत्वे कया भागोमांथी थाय छे त्हेनुं स्पष्टीकरण अने उपदेशकोनी डायरीनुं तारण कॉन्फरन्स तरफथी वहार पडवा महेरवानी थशे ? के जेथी जोडो क्यां डंखे छे त्हेनी खवर पडी शके.

हालमां आटला प्रश्नोथी अमो संतोष पकडीशुं अने त्हेना खुलासा संतोषजनक मळ्येथी वीजा प्रश्नो रजु करीशुं. कॉन्फरन्सना नेताओए वरावर जाणवुं जोइए के कोइ पण कामनी

चर्चापत्रो.

राय शेठ चांदमलजी साहबसे नम्र प्रार्थना.

नगारेके सामने तुतीका अवाज कौन सुने ?

श्रीमान सम्पादकजी !

गुजारीस है कि, झाबुवावाले पादरीका केस जिसको कि अर्सा महीना ६ का हुआ, लेकिन वो केस अभीतक दिवान झाबुवाने नहीं चलाया, उसके बारेमें झाबुवा संघने कॉन्फरन्स ऑफिससे बहोतसी वक्त लिखापढी की और मैने भी कॉन्फरन्स ऑफिससे खानगी तोर पर पत्रव्यवहार जारी रखा, लेकीन हमे यही जवाब मिलता रहा कि "हां, हमने दिवानको लिखा है, और भी लिखेंगे" लेकिन एक भी ऐसा जवाब नहीं मिला कि "आजरोज खास ऑफिस तर्फसे ऑफीसीयल तोर पर दीवान झाबुवाको लिखा है." खेर, सायद कॉन्फरन्स ऑफिसके शीर पर कामका विशेष बोजा रहता होगा इससे एक छोटेसे मामलेकी ओर ध्यान नहीं खीचा गया होगा; लेकीन नहीं नहीं, यह कोई छोटासा मामला नहीं है. साधूमार्गी जैन कोममें सर्वत्र प्रसिद्धि पाये हुए एक मुनिश्रीका अपमान व धर्मका अपमान जिसमें समाया हुआ है ऐसा यह मामला है. ऐसी बातमें कॉन्फरन्स ऑफिस कुछ उपाय नहीं कर सकती है तो आगे पर कोई वडा ही भारी मामला होगा तब क्या होनेवाला था ? इस लिये शेठजी साहब व ॲसीस्टंट सेक्रेटरीसे गुजारीस की जाती है कि जिस तरह आप साहबानेने अजमेर दीक्षा केसको खुदही घरका कार्य समझ तन-मन-

धनसे विजय प्राप्त किया है उसी तरह यह कार्य भी करना चाहिये.

उमीद है कि कॉन्फरन्स ऑफिस तरफसे राज्यके पोली-टीकल एजंट व रेसीडेन्ट जनरल इन्दोरके साथ ऑफिशीयल तोर पर पत्र व्यवहार किया जायगा.

श्री संघका किंकर,

टीकमचंद नलेरा (थांदला-मालवा)

धर्म-चर्चा.

वखीदमत जनाव सम्पादकजी !

निम्न लिखित शंकाओंका समाधान कोइ विद्वान मुनिराज आपके अखवार द्वारा करेंगे तो हजारों मनुष्योंपर बडा भारी एहसान होगा.

धर्म सम्बन्धी शंकाओंः—(१) जैन धर्म किसने, कब, चलाया ?

(२) नवकार मंत्र किसने, कब बनाया ?

(३) गृहस्थी तीर सकता है या नहीं ?

(४) किस नामका स्मरण करना चाहिये ? क्यों ?

(५) मनसा पाप लगता है या नहीं ? क्यों ?

(६) विना हिंसा धर्म हो सकता है या नहीं ?

(७) साधुपनेमें चित्त चलायमान होता है या नहीं?

(८) मूर्तिपूजा कबसे चली ? ईसके पहले क्या था?

शरीर सवन्धी शंकाओंः—(१) शरीरमें जीव किस मुकाम पर रहता है ?

(२) मरने पर जीव कहां जाता है ? कब ? उसकी सबुतीयां कुछ दे सकते हो?

(३) शरीरमें कितने जीव हैं ?

(४) स्वप्न क्या चीज है ? क्यों स्वप्न आते हैं ?

(५) अष्ट कर्म शरीरके साथ हैं या जीव के ?
(६) धर्म संबंधी राग किया जावे इससे शरीर व आत्मा पर क्या असर होता है ?
(७) दसों इन्द्रियें किसकी तावेदार है ?
(८) मन किसके आधीन है ?
(९) 'ध्यान' किस तरह जम सकता है ? और ध्यान किस पर लगाया जावे ?

मेरी इन शंकाओंका समाधान स्पष्टतासे व विस्तारसे करना परोपकारी मुनिराजोंका फर्ज है.

भवदीय,
केसरीमल वहोरा (रेल मंगरा)

कॉन्फरन्सके अध्यक्षोंको निवेदन.

श्रीमान संपादकजी !

जयजिनेन्द्र; प्रसिद्ध प्रोफेसर हरमन जेकोबी डिसेम्बर ता. १० को कलकत्ते पधारेंगे. उस वक्त ३–४ जैन श्वेताम्बर स्थानकवासी अध्यक्षोंका डेप्युटेशन उनके पास भेजना चाहिये, ता कि जैन धर्म सम्बन्धी बातें उनको मालूम हो जाय. इनसे मिल कर जो खास कार्य करनेका है वो यह है कि, श्री आचारांग सूत्रका जो इंग्लिश भाषांतर उन्होंने किया है उसमें कुछ शब्द जैन मतसे न सम्बन्ध रखते हुए प्रकाशित हो गये हैं वे उनको समझा कर शुद्ध कराना चाहिये. यह कार्य कॉन्फरन्सके अग्रसरोंको अवश्य करने योग्य है; क्युं कि अब तो विद्वान प्रोफेसर खुद यहां पर आनेवाले हैं.

श्वेताम्बर मंदीरमार्गी भाईयोंको भी इस [illegible] शामील रखे जावे तो बडी खुशीकी बात है; क्यूं कि दोनो फीरकेको यह सूत्र मान्य है.

फरीदकोट (पंजाब) } श्री संघका दास,
खुबचन्द-मंत्री, जैनसभा.

सामायिक—प्रतिक्रमणने लगती शंकाओ.

માનવંતા અધિપતિ સાહેબ,

નીચે મુજબ મારી શંકાઓ આપના માસિકમાં [illegible] કે જેથી કોઇ વિદ્વાન મુનિરાજ [illegible] મળી રહે.

(૧) સામાયિકમાં બેઠા બાદ મુહપત્તિ [illegible] કે બોલતી વખતે આડું કપડું રાખે તો ચાલે?

(૨) શ્રાવકને પ્રતિક્રમણમાં [illegible] જોઇએ કે ચાલે? સાધુવર્ગ માટે યોજાયલા પાઠ [illegible] માટે બોલવા જોઇએ? [illegible]

(૩) પ્રતિક્રમણમાં ખામણાં વખતે [illegible] નખાય કે કેમ? કોઇ પણ ઠેકાણે એવી રીતે આડા [illegible] તાત્પર્ય શું હશે? એ પ્રમાણે ન કરવામાં આવે તો શું દોષ અને શું નુકશાન?

(૪) સામાયિક વખતે પહેરવા-ઓઢવાના વપરાતા કપડાનું માપ પા-પા હાથનું કહેવામાં આવે છે આ માપથી ઓછા [illegible] વધારે માપનાં કપડા રાખવાથી કાંઇ હરકત ખરી? શા માટે?

(૫) સામાયિક-પ્રતિક્રમણ કરતી વખતે એકાગ્રતા ક્યારે થઇ શકે કે જ્યારે તેમાંનો દરેક શબ્દ બરાબર સમજવામાં આવતો હોય અને રસપૂર્વક બોલાતો હોય ત્યારે એ બાબતને ધ્યાનમાં રાખી કોઇ વિદ્વાન મુનિરાજ સામાયિક-પ્રતિક્રમણના પાઠ આજની ભાષામાં રચે તો તે વધારે લાભદાયી થાય કે કેમ? અને એમ કરવામાં મુનિમહારાજાઓ તથા શાસ્ત્રો કાંઇ વાંધો લે કે કેમ?

સેવક
'उत्सुक' (કાઠિયાવાડ)

जैन अने विविध समाचार.

એક શ્રાવિકાની મ્હોટી સખાવત—અલ્હાબાદના એક સ્વર્ગસ્થ **દીગબર** જૈન ગૃહસ્થ લાલા **સુમેરચંદ**ની વિધવા બાઇએ પોતાના મરહુમ પતિના પુણ્યાર્થે કહાડેલી રૂ. ૨૫૦૦૦ ની રકમમાંથી ગઇ તા૦ ૨૧ મી **સપ્ટેમ્બરે** તેણીએ "**સુમેરચંદ દીગબર જૈન બૉર્ડીંગ હાઉસ**" ખુલ્લુ મુક્યુ છે. આ રકમમાથી એક સુદર મકાન ખરીદવામા આવ્યુ છે, જેમા કૉલેજના વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે. તેઓ માટે કસરત, ધાર્મિક શિક્ષણ વગેરેની સારી વ્યવસ્થા કરવામાં આવી છે. બૉર્ડીંગ એક નમુના રૂપ બની છે ધન્ય છે આવી સમયજ્ઞ અને ઉદાર શ્રાવિકા બ્હેનને !

દશા શ્રીમાળી કેળવણી ફંડ—રાજકોટનિવાસી જાણીતા **જૈન** ઝવેરી રેવાશંકર જગજીવનભાઇએ કેટલુંક થયાં દશાશ્રીમાળી **વણિકો** માટે **મુંબઇ** ખાતે **કેળવણી ફંડ** સ્થાપવા હીલચાલ શરૂ કરી હતી અને તે બાબતમાં બે મીટીંગો બોલાવી હતી આ મહાશયનો આ પરોપકારી કામને અગે થતો ઉદ્યમ ઘણો લાગણી ભર્યો અને હિતાવહ હોવા છતા તેઓને તેમાં વિજય મળી શક્યો નહિ એ ખેદની વાત છે આવુ એક ફંડ **મુંબઈ** ખાતે ઉભુ થવાથી જૈન અને **વૈષ્ણવ** તમામ દશાશ્રીમાળી વણિકો વચ્ચે ઐક્યની ગાઢ મજબૂત થવા અને કેળવાયલી કન્યાઓને માટે યોગ્ય પતિ મેળવવાની સુગમતા થવા દરેક સભવ હોઇ આપણે ઇચ્છીશુ કે, શ્રીયુત રેવાશંકરભાઇ પોતાના આ નિ:સ્વાર્થ પ્રયાસને એકવારની નિષ્ફળતાથી કટાળી છોડી દેશે નહિ કોઈ પણ જાતની જાહેર હીલચાલ, તુરતમા તે કાર્ય રૂપે ઉગી ન નીકળે તોપણ, તદ્દન નિષ્ફળ તો નથીજ જતી. લોકમત કેળવાય એ પણ ઓછો લાભ નથી, કારણ કે **લોકમતમાંથી જ કાર્યનું વૃક્ષ બને છે.**

સ્થા૦ કૉન્ફરન્સ ઑફિસનું સાહસ—શ્વેતામ્બર **સ્થાનક**વાસી **જૈન** કૉન્ફરન્સને **સીકદ્રાબાદ** ખાતેની બેઠક વખતે શાસ્ત્રો છાપવા માટે પ્રેસ (છાપખાનું) કરવામાટે એક સારી રકમ રાજા બહાદુર **સુખદેવસહાયજી** તરફથી મળી હતી, જે રકમમાથી એક

જાઇ વસેલા એક **સ્થાનક**વાસી જૈન બન્ધુ તરફથી રૂા. ૫૦) પચાસની કરન્સી નોટ નગ-૧ નં. $\frac{EB}{92}$ 31575 ની રજીસ્ટરથી આ સંસ્થાના કાયમી મકાન ફંડ ખાતે મોકલાવી આપવાની કૃપા કરી, **ગુપ્ત જ્ઞાનદાન**નો મંત્ર આપણા જેવી પછાત કોમને શીખવ્યો, તે ખાતે સદરહુ બંધુશ્રીનો આ સંસ્થા તરફથી ઉપકાર માનુ છું. સદરહુ ભાઇની ઇચ્છા મુજબ આ રકમ રોજમેળ પાને ૨૭ મે જમે કરીને તેની આ પહોંચ "**જૈનહિતેચ્છુ**" પત્ર મારફત જાહેર રીતે સ્વીકારતા આનંદ થાય છે આ સંસ્થાનું વરસ તા ૩૦-૧૦-૧૩ ના રોજ પુરૂં થાય છે, તો જે જે બંધુઓએ આ સંસ્થા માટે ગત પર્યુષણના વખતમાં ફંડ એકઠું કરેલ છે તે સર્વ બંધુઓને સવિનય વિનંતિ ગુજારવાની કે ફાળો વેલાસર એકઠો કરીને મોકલાવી આપવાની કૃપા કરવી, કે જેથી ચાલતી સાલનો રીપોર્ટ દીવાળી બાદ પ્રસિદ્ધ થવાનો છે તેમાં નોંધ લઈ શકાય."

કચ્છમાં જ્ઞાતિ સુધારો—એલાથી મી. જીવરાજ દેવચંદ નીચેની બીના પ્રગટ કરવા અરજ કરે છે કે "આસો શુદ ૨ ના રોજ વાગડમાં દેસલપુરના મોરબીઆ ધનજીભાઇ હંશરાજ તથા ગાગોદરના વોરા કુંવરજી એઓએ સ્થાનકવાશી જૈનોની બન્ને ચોવીશીમાં જે મોટો કુસંપ હતો અને જેનાથી ઘણું નુકસાન થયું હતું તે કુસંપ દૂર કરવા માટે બન્ને ચોવીસીના ૨૬ ગામના સ્થાનકવાશી ભાઇઓને આમંત્રણ કરી એકઠા કર્યા હતા તેથી કુસંપ દૂર થઈ આનંદ વર્તાઇ રહ્યો છે. માટે તે સાહેબોને ધન્યવાદ ઘટે છે ૨૧ કલમો બાંધવામાં આવી છે પાછી વળેલી કન્યા બાબતના કજીઆ પણ મટયા છે"

નિરાશ્રીતોને ભોજન—સદ્ગત શ્રી મોતીલાલ મનસુખરામ શાહના પુણ્યાર્થે તેમના પુત્રોએ ગઇ જ્ઞાન પંચમીના દિવસે 'રા સા **મહીપતરામ અનાથાશ્રમ**'ના ૧૩૫ અનાથોને સાંજ સ્હવાર જમાડયા બાદ સદુપદેશમાળા, સદ્ગુણ પ્રાપ્તિનો ઉપાય, ખરા સુખની કુંચીઓ, દીવ યાત્રા, કબીરના પદ, પ્રાણીહિંસા નિષેધ વગેરે પુસ્તકો વહેંચ્યા હતા તેમજ તે જ દિવસે "રક્તપિતીઆની દવાખાના"ના તદ્દન અપંગ માણસોને અને "શેઠ રણછોડલાલ રાવજી અનાથાશ્રમ"ના અનાથોને ભોજન આપ્યું હતું તથા

अजमेरः—यहां पर जैन पाठशाला थी मगर क्या मालूम किसी सबबसे बंद होगई थी. अब सुना जाता है कि दीवान बहादूर शेठ उमेदमलजी लोढा साहबने महावारी रु. ४१ देनेकी इच्छा बतानेसे स्थानकवासी जैन पाठशाला पुनः स्थापित होनकी आशा की जाती है. राय शेठ चांदमलजी साहेबने महावारी रु. २१, श्रीयुत शार्दुलसिंहजीने महावारी रु. ४, और श्रीयुत आनंदमलजीने महावारी रु. ४ देना मंजुर किया है. थोडे रोजमें जाहेर मीटींग हो कर फंड वगेराका इन्तजाम किया जायगा. मगर सबसे ज्यादा जरुरी दो बातें पर हम श्री संघका लक्ष खिंचेंगे. शिक्षक स्टाफ अप-टु-डेट चाहिये, ता कि विद्यार्थीओंका अमूल्य टाइम व्यर्थ न जावे. और अभ्यासक्रम नियत करने पहले जयपुरकी जैन समितिका अभ्यासक्रम भाई अर्जुनलालजी शेठी B A. से मंगवाके लक्षपूर्वक पढा जाय

मीटींगः—रतलाम जैन ट्रेनींग कॉलेजका नया वर्ष ता. १ जनवरीसे शरु होता है. कॉलेजकी कमीटी मृगशीर्ष वदी ३-४ को रतलाममें होगी, जिस वक्त व्यवस्था व अभ्यास क्रममें सुधारा होनेका संभव है.

अहमदनगर (दक्षिण):—तपस्वीजी श्री प्रेमराजजी तथा देवीलालजी महाराज ठा. २, आर्याजी श्री रुपकवरजी ठा. ६, आर्याजी श्री भागाजी ठा. १ विराजते हैं. श्री देवीलालजी महाराजने ६१ वासका पारणा भाद्रपद शु. १२ को किया है. २-४५१, ३-१९४, ४-११३, ५-८५, ६-९, ७-८, ९-१२, १०-२, ११-४, १३-२, १४-१, १५-१, १७-१, धर्म चक्र ६, पोषध ३१००.

रिंगनोदः—आर्याजी श्री सरसाजीने दो मासतक एकांतर

कया था, २--३, ९--१; आर्याजी श्री मानकवरजीने एकांतर मास २ का, २--३, ३--१, ९--१, आर्याजी श्री रंभाजीने एकांतर मास ३, २--३, ३--१, ४--१, ९--१, श्रावक श्राविकामें सामायिक २८७९, १--१६९, २--४७, ३--१०, ५--१, ८--३, पोषध ३२०, ९ श्राविकाने एकांतर नव किया

झाबुवाः--पंडीत महात्मा श्री दौलतऋषिजी महाराज ठा. ३ के चातुर्माससे धर्मका उद्योत अच्छा हुआ है. ३२--१, १६--३, ९--८, ५--४ बहुतसे. पर्यूषणके ८ दीन श्रावकोंने दुकानें बंद रखवी थी और भडभुजे भोइ इत्यादिकी दुकानें बंद करवाई थी. संवत्सरीके दीन कसाइकी दुकान भी बन्द कराई गई थी. श्रावन--भाद्रपद दो महीने तक माछीमार लोगोंको खाना दे कर दो मास मच्छी पकडना बन्द कराया गया है. श्रीयुत सौभाग्यमलजीकी कोशीशसे राज्यका हुकम हुआ है कि गांवके आसपास व छोटे २ गांवडे तकमें कोई भी मनुष्य मछली न पकडे. महाराज श्री व्याख्यानमें भगवती सूत्र फरमाते है.

थांदलाः--श्रीमान दौलतऋपिजी महाराजके शिष्य श्री प्रेमऋपिजी ठा. ४ का चातुर्मास है. पर्यूपणके ८ दीन जैनोंने अपनी दुकानें बंद रखवी थी और भोइ--कसाईयोंकी दुकानें बंद रखाइ गई थी. तपस्याकी पचरंगी ७, दयाकी पचरंगी २, ८--५--३--२ अनेक. एक मास तक माछीमार लोगोंको खाना दे कर एक मास तक मच्छी पकडना बन्द कराया गया है. संवतसरीका व्याख्यान ३ बजे तक चला, जिसमें सगतद् श्री मोतीलालजी मनसुखराम शाह कृत " श्रावककी आलोयणा " पढनेमें आई थी.

आकोलाः--संघके तर्फसे शाह हुकमचंद व वोरा चतुर्भुज हरी व धारशी कल्याणजी शेठ लिखते हैं कि, यहां पर अपने स्वधर्मीकी संख्या ठीक २ होने पर भी स्थानक नहीं है. अमरावतीसे भुसावल तर्फ विहार करनेवाले मुनिराज आकोला होकर जाते हैं, जिससे स्थानककी वहुत ही जरुर है. और श्रावक--श्राविकाको भी धर्म ध्यान करनेके लिये स्थानककी अत्यंत आवश्यकता है. इस कामके लिये रु. ३--४ हजार चाहिये. स्वधर्मप्रेमी महाशयोंको चाहिये कि इस कामके लिये यथाशक्ति सहायता शाह हरखचंद हेमचंद, कच्छी वजार--आकोला (वीरार) इस पते पर भेजनेकी कृपा करे. (फीलहाल में मुनिओंको उतरनेके लिये एक मकानकी सुभिता की है: जिन मुनिवरोंकी इच्छा हो खुशीसे पधारें.)

सादडी (मारवाड):--स्वामीजी महाराज श्री संतोकचंदजी ठा. ३ के चातुर्माससे तपस्या अच्छी हुई है. मासखमण ३, अठाई १०१, चोला १२५, वेला ४००, तेला २००, तपस्याकी पचरंगी ६, संवत्सरी पोषध १८००, स्वामीवत्सल १, होलीका रीवाज तदन बंद हुआ है. जीवदयाफंड रु. ३५०)का

अम्बालाः--श्री जवाहरलाल जैन लाइब्रेरी खोली गई है. उपमंत्री लाला भानामल खैरतीलाल मुकरर हुआ है. उमीद है कि जैन भाईओ इस संस्थाको पुस्तकोंकी सहायता करेंगे.

फगवाडाः--यहां पर श्री स्वामी उदयचंदजी महाराज व श्री रत्नचंद्रजी महाराज ठा. ५ विराजमान हैं.

आलकुटी (जी० अहमदनगर):--महाराज श्री रामचंद्रजी ठा. २ विराजते हैं. १६-१, ९--११, ८--९, ७-१, ५--६, ४--७, ३--५१, २--८१, १--६०१.

हैद्राबाद (दक्षिण):--तपस्वीजी श्री केवलऋषिजी व बाल-ब्रह्मचारी मुनि श्री अमोल ऋषिजी विराजते हैं. व्याख्यानमें भगवती सूत्र फरमाते हैं. महाराज श्रीअमोल ऋषिने मर्देशा गजाके १२ बेले और १ तेला तथा फुटकर तपस्या की थी और श्रा-वक-श्राविकामें तप, त्याग प्रत्याख्यान अच्छी तरह हुआ. हजारो पंचेन्द्रिय जीवोंको अभय दान भी दिया गया. ज्ञानके ग्रंथोंका बहुतसा विनामूल्य प्रचार किया गया

खेदजनक स्वर्गवासः—दक्षिण हैद्राबादमें स्थानकवासी जैन कॉन्फरन्स करनेवाले उदार महाशय राजा सुखदेवसहायजी बहादूर के वृद्ध पिताश्री लालाजी रामनारायणजी गत भाद्रपद शुदी १३ शनीवार को ८३ वर्षकी उम्रमें स्वर्गवास पाये हैं. राजा बहादूरके कुटुम्बको व समस्त स्था. जैन संघको इससे बडा खेद हुआ है. हम मरहुम लालाजीका आत्माको शान्ति चाहते हैं. राजा बहादूर खूद धर्मके प्रेमी हैं इस लिये आश्वा-सनके शब्दोंकी कोई जरुरत हम नही समझते हैं, क्युं कि इनको उदारिक देहकी व धनकी अस्थीरताका पुरा २ ख्याल है और अपनेसे बन सके वहां तक वे धर्मध्यान, सखावत व त्याग प्रत्याख्यान करनेको चूकते नहीं हैं. मरहुम लालाजी एक बडे प्रसिद्ध राजमान्य जौहरी थे और उनके हाथसे अनेक अच्छे कार्य हुए थे इसमे यह आशा की जाती है कि इनके शुभ नामके स्मरणार्थ ऐसा कोइ प्रबंध परोपकारी राजा बहादूरके हाथसे जरुर किया जायगा, जिससे कि सारे हिंदके स्थानक-वासी जैन संघकी सुधारणा व सेवा निरंतर बनी रहे.

सद्गत श्री मोतीलाल मनसुखराम शाहना स्वर्गवास संबंधमां

मळेला तारो, पत्रो, लेखो, वगेरे.

'जैनहितेच्छु' नो आ अंक म्हारा स्वर्गस्थ पिताश्री अने आ मासिकना आद्य संस्थापकना स्मरणार्थे कहाडवामां आव्यो छे; तेथी त्हेमना संबधमां पत्रकारो, प्रसिद्ध मुनिरत्नो, जुदा जुदा प्रांतोना श्रावक भाइओ तथा अन्य गृहस्थोना पत्रो, लेखो, तारो आमां प्रसिद्ध थवाज जोइए एम समजी ते सर्व लखाणोने आ छेल्लां थोडां पानांमां जगा आपवामां आवी छे, ते साथे वांचवा लायक उपदेशी लखाणोनो संग्रह पण आ अंकमां सारा प्रमाणमां आपवामां आव्यो छे.

म्हारा कुटुंब पर पडेला आ असह्य दुःखमां जे जे सहृदय महाशयोए भाग लीधो छे ते सर्वनो हुं अतःकरण पूर्वक आभार मानुं छुं अने कदर बूझवामां अत्यंत पश्चात् पडी स्था. जैन कोममां जो कोइ श्रावक आखा हिंदना साधु तथा श्रावक वर्गनुं आटलुं वधुं आकर्षण करवामां फाव्यो शक्यो होत तो ते मात्र म्हारा स्वर्गस्थ पिताश्रीनो ज आत्मा छे, ए जाणी म्हने गुप्त संतोष थाय छे. जैन वर्गना सघळा कार्यवाहको तरफ आवोज प्रेम सर्व जैनो तरफथी बताववामां आवे अने तेथी त्हेमनी हयातीमां ज त्हेमनां शुभ कार्यो सफळ थवा पामे ए ज मारी प्रार्थना छे, कारणके जाहेर कार्यवाहकोनी कदरदानी थवी एज कार्यना विजयनी चावी छे.

शकराभाइ मोतीलाल शाह.
प्रकाशक, 'जैनहितेच्छु'

મ૦ શાહના સ્વર્ગવાસના [illegible]

कच्छ आठकोटी संप्रदायना विद्वान मुनिश्री त्रिलोकचंद्रजी स्वामी तरफथी

શ્રીયુત મોતીલાલને નિવાપાઞ્જલિ:

તથા લાગતા વળગતાઓને આશ્વાસન.

હરિણી છંદ—

" ત્વરિત ગતિએ રાત્રિ વીતી [illegible]
" વિકસિત થઈ દીપી રંગે [illegible],
કઇ અવનની એવી આશા [illegible]
અરૂણ ઉદયે એ આશાના [illegible].

મન્દાક્રાન્તા.—

ધીમા ધીમા કિરણ રવિના [illegible]
જાગી લોકે ચળવળ નવી, લાગતા [illegible].
ઓચીંતી ત્યાં ઝટપટ, અરે! વાદળી કાળી આવી,
અંધારાના પડ ફરી વળ્યા, શોક સર્વત્ર ભારી.

શાર્દૂલવિક્રીડિત—

જ્ઞાતિ દેશ સ્વધર્મ અર્થ બનતા જેણે પ્રયત્નો ક્યા,
સ્વાર્થત્યાગ, પરાર્થ પ્રીતિ, શમતા, ઉંચા ગુણો દાખવ્યા,
સાહિત્યાબ્ધિમાં નિમગ્ન બનીને સેવા પ્રશસ્યા કરી,
મોતીલાલ જતાં જિનાગમ તણી નિસ્તેજ ભૂમિ થઈ

વસન્તતિલકા—

અદૃષ્ટ દૃષ્ટ થઈ તે ટકી સ્વલ્પ કાળ,
પાછું અદૃષ્ટ મહિ સર્વ વિલાઇ જાય,
અદૃષ્ટ–દૃષ્ટ–વળી નષ્ટ થતાં જતાં આ,
હા! ભ્રાન્તિભૂત જગમાં ત્યજ સર્વ આશા!

શિખરિણી—

અવિનાશી તત્વ, વિવિધરૂપ નામે વિચરતું–
છતાં આત્મજ્ઞાને, હૃદય નહિ નિષ્ઠુર બનતું,
તરંગો આશાના ખળભળી રહ્યા આ હૃદયમાં,
મનસ્વી કાર્યાર્થી નરવર સધાવે, દુઃખ મહા!

મન્દાક્રાન્તાઃ—

ના ના ત્હારે હ્રદયબળને ભીરૂ યે છોડી દેવું,
ના ભાવીના ભયથી હડવું ધીર ! સ્વાસ્થ્યે રહેવું,
વાક્ કાયા ને પુનિત હૃદયે શુદ્ધ કાર્યો કર્યા છે,
કર્તવ્યોનુ કરજ ચૂકવ્યુ, ભ્રાંતિ શી તેહને છે ? ૬
ત્હોએ પ્રેમી હૃદય બળતું સ્નેહના બન્ધનોથી,
સ્વાર્થત્યાગી પરમગૃહીનો ધર્મ ના ના અમ્હારો,
કિંતુ કર્મે શરિર નિરમ્યાં કર્મ ને પાળનારૂ,
કર્મચક્રે અવશ ભમવું ભાગ્ય એ માનવીનુ. ૭

શિખરિણીઃ—

અમ્હારા કુળાં એ હૃદય નિરખી શૂન્ય બનતાં,
વિધિની ઇચ્છામાં સુધિર થઈ ના મૌન ધરતા,
જગે જન્મ્યુ તેનો વિલય નકી છે કોઇક દિને,
વિધિની ઇચ્છાનાં અનુસરણમાં મૌન ધરીએ. ૮
થયાં જન્મો મર્ણો વળી પણ થશે આપણુ તણા,
સુખે દુ:ખે ક્યારે અકલિત દશામા ભટકવા,
અનાદિ કાળેથી ફરી ફરી જગચ્ચક્ર ફરતું,
દીઠું જાણ્યું માણ્યુ ક્ષણિક સપનું સો થતું જતુ ૯
ભલે છૂટા-છેટા ભવજળનિધિમાં જશું થતા,
વિયોગે સયોગે દુઃખ સુખ દશા આમ સહતા,
અનાદિ અજ્ઞાને દૃઢ થઈ મતિ એવી પણ શુ-
વિનાશે સ્થૂલોના અજર અમરાત્મા પલટશું ? ૧૦

વસંતતિલકા —

લીધા અનેકવિધ જન્મ સુભોગ માણ્યા,
પાળ્યાં અનેક સુત-પુત્રી કહીં પિતા-મા,
સ્ત્રી ભોગવી કહીં પતિ પણ ભોગવ્યા છે,
સમાનથી પ્રણયીને રીઝવ્યા ઘણા છે. ૧૧

મન્દાક્રાન્તા —

એ ક્યાં સર્વે ? તમતણી દશા શી થતી રે ગઇ છે ?
જોયા છે કે નજર સમીપે ઊડી ચાલ્યા ગયા જે ?
કોઇ આવે ગમન કરતું, કોઇ તૈયાર થાતું,
આ વિશ્વે છે અતય કઈ તો પાન્થના સઘ જેવું. ૧૨

જે જે કાળે વિધિવમળમાં જ્યાં તાણાતું જ[illegible],
ત્યાં ત્યાં પ્રીતે સ્મર વીર પ્રભુને નિત્ય સત્કાર્ય [illegible],
અર્પી બુદ્ધિ મન તન સઘળું આત્મરૂપે ગણી [illegible],
પામે જેવો પ્રણયરસથી વેપ તેવો ભજી [illegible].

અનુષ્ટુપઃ—

વિશ્વમાયા સમા વિશ્વે, અભિમાને ન રાચવું,
સમત્વે દ્વંદ્વ સંહારી, સ્વકર્તવ્યે વતા [illegible]

મન્દાક્રાન્તા —

પામો પામો વિબુધ જીવ એ શાશ્વતી શાન્તિ પામો !
તેના જ્ઞાની સ્વજન સઘળા પ્રાપ્ત કર્તવ્ય [illegible] !
" સપે જપે જિનવર ભજતા જૈન જ્ઞાને વધે [illegible] "
મોતીલાલે નિજ જીવનમાં ભાવી છે ભાવના [illegible]

અનુષ્ટુપ —

ફળો એ ભાવના શિઘ્ર ! કર્મયોગી બનો સહુ !
શાન્તિ સર્વત્ર ફેલાઓ ! શાન્તિઃ શાન્તિ સદા [illegible].

पालणपुर संघ तरफथी तथा लिंबडी संप्रदायना शतावधानी मुनि श्री रत्नचंद्रजी स्वामी वगेरे तरफथी.

સ્વધર્મી સુજ્ઞ બન્ધુ !

આપના માનવંત પિતાશ્રી મોતીલાલભાઈના સ્વર્ગવાસની ખબર 'પ્રજાબંધુ' પત્રમાં વાચી અત્રેનો સંઘ તથા મહારાજ શ્રી ૭ શ્રી ગુલાબચંદજી સ્વામી તથા પંડીત અવધાની મુનિશ્રી રત્નચંદ્રજી સ્વામી દીલગીરી દર્શાવે છે. મરહુમે સ્થાનકવાશી જૈન કોમની લગભગ ૧૫ વર્ષ સુધી તન-મન-ધનથી ઘણી જ ઉત્તમ પ્રકારની સેવા બજાવી છે. આપણી આખી કોમને તેઓના જેવા નિસ્પૃહી નરની ઘણી જ ખામી પડી છે તેઓશ્રીના ઉત્તમ ગુણોનો આપના સઘળા કુટુંબ ઉપર પ્રકાશ થાઓ અને તેઓના આત્માને શાન્તિ મળો એમ ચાહીએ છીએ.

સેવક

જીવા ઈશ્વર ભણસાળીના વંદે વીરમ્

લિંબડી સંપ્રદાયના મુનિ શ્રી છોટાલાલજી સ્વામી તરફથી.

મરી જાવું તે શુ? જગત સહુના બન્ધ તજવા,
કઇ ઊંચે ઉડી અનુપમ સુખો નિત્ય ભજવાં;
મીઠી એ નિદ્રામા મનુજ ઉરનાં દુ.ખ શમવા,
કંઈ રૂડા સ્વપ્નો અતિ મધુર દષ્ટિ નિરખવાં !

જે દેહ 'મોતીલાલભાઈ' એવા નામથી ઓળખાતો હતો—સ્થૂળ દષ્ટિએ દેખાતો હતો તે દેહના પરમાણુઓ કે જે અમુક કાળથી એકઠા થયા હતા તે પરમાણુંઓ થોડા દિવસ ઉપર જૂદે જૂદે રૂપે વિખરાઇ ગયા છે, પરતુ તે ઘરમાં જે આત્મા આવી વસ્યો હતો તેણે અનુકરણીય જીવન ગુજાર્યું છે અને પોતાની પાછળ સ્મરણ ચિન્હો મૂકયાં છે. કરેલા સ્તુત્ય કાર્યોના સુદર પરિણામ ભોગવવા અને વિશેષ શક્તિ પ્રાપ્ત કરવા તેણે પ્રયાણ કર્યું છે. તેથી જો કે સ્થૂળ દષ્ટિએ જોતા એક કાર્યદક્ષ અને ઉચ્ચ જીવન ગુજારનારની ખોટ પડી છે અને તેથી સહૃદયીને ખેદ થાય એ પણ સ્વાભાવિક જ છે, પરન્તુ તેમણે કરેલ કાર્ય તરફ નજર કરતા તેઓનુ નામ અમરત્વને પામેલ છે અને તે રીતે તેમની હૈયાતી ચાલુ જ છે. એમના પ્રશસકો અને અપક્ષપાતી દષ્ટિવાળાઓ જાણીને સતોષ પામ્યા છે. તેઓ મરણ સમયે શાતિ પામી શકયા હતા એટલુ જ નહિ પણ મરતા મરતા પણ દાનપુણ્યાદિનુ ભાથુ સાથે લેતા ગયા છે. એમની હવે પછીની મુસાફરી પણ સુખ રૂપજ થશે એમ આપણે સારી રીતે માની શકીએ છીએ, અને આપણી તે આશા સફળ થાઓ! અસ્તુ !

સ્થાનકવાસી જૈન કોમ જે વખતે અન્યની અપેક્ષાએ ઘણે ભાગે અધકારમા હતી એટલુ જ નહિ પણ ખુદ સ્થાનકવાસી જૈનો પોતે જ પોતાના સ્વધર્મીઓને પીછાણતા નહતા અને આપણે ઉન્નતિના માર્ગમાં ચઢીએ છીએ કે અવનતિના માર્ગમા બગડીયે છીએ તેનુ પણ ભાન નહતું તેવે સમયે, જોઇતાં સાધનોના અભાવે, માત્ર માનસિક બળથી 'જૈનહિતેચ્છુ' નામનુ ખરેખર જૈનોનુ હિત જ કરનાર માસિક પત્ર કહાડી તેને અનેક મુસ્કેલીઓ વચ્ચે ચાલુ રાખી જૈન ધર્મની અને જૈનોની જે સેવા મરહુમે બજાવી છે તેનો બદલો આત્મિક શાંતિના રૂપમાં તેમને મળી જ ચૂકયો છે, પછી ભલે કદર કરવાની શક્તિના અભાવવાળા આત્માઓ તેઓની કદર ન કરી શકયા

હોય, તો પણ તેઓ દ્રવ્ય લાભ નહિ પરંતુ આત્મિક લાભ-' સારું નામ' તો ઉત્તમ રીતે પ્રાપ્ત કરી ગયા છે એ નિઃસંશય છે. જૈનોની સેવા બજાવતું તેમનું માસિક પત્ર આજે ઉત્તમ રીતે જૈનોની અને જનસમાજની સુધારણા માટે હજુ વિદ્યમાન છે અને તેને પ્રતિદિન વધારે ઉત્તમ બનાવવા તેમના વિદ્વાન પુત્ર શ્રીયુત વાડીલાલનો પ્રયત્ન હરરોજ છે એ આશામાં આપણે સંતોષ માનવાનો છે. મોતીલાલભાઈના અમર આત્માને શાંતિ મળો અને એમના શુભ કાર્યને વિશેષ વિજયી બનાવવા મથતા તેમના પુત્રને સફળતા પ્રાપ્ત થાઓ એ જ અંતઃકરણની યાચના છે.

दरियापुरी समुदायना मुनि श्री मूळचंदजी तरफथी.

પ્રતિદીન ધર્મોન્નતિ કરનાર સુશીલ શ્રાવક વાડીલાલભાઈ,

સુરત બંદરથી લી૦ ઝવેરી ફતેભાઈ હીરાચંદના જયજીનેન્દ્ર વાચશો. અત્રે બીરાજતા મહાપુરૂષ પંડીતરાજ બાળબ્રહ્મચારી શ્રી ઉત્તમચંદજી સ્વામી તથા શ્રી મૂળચંદજી સ્વામી ઠા. ૮ ને મોતીલાલ ભાઈના સ્વર્ગવાસની ખબર મળતા ઘણો ખેદ થયો છે. કાળની કળા વિચિત્ર છે. શરીર અને આત્માનો વિયોગ એ સ્વાભાવિક જ છે. રાજા મહારાજાને પણ મરણને શરણ થવું પડે છે મરહુમની પેઠે જેમણે ધર્મસેવા કરી હોય છે તેમના નામ અમર થાય છે. માટે આત્મસ્થીરતા દૃઢ રાખવી નામીચા કુળમાં જન્મ પામી મરહુમે જૈન ધર્મની જે સેવા બજાવી છે તેવી બજાવનારા બહુ થોડા જ માણસો જડશે મુનિશ્રી મૂળચંદજીએ મરહુમનાં સત્કાર્યો અત્રે કેટલાક શ્રાવક શ્રાવિકા સમક્ષ કહી સંભળાવ્યાં હતા, જે સાંભળી શ્રોતા જનોએ મરહુમના મૃત્યુથી ઘણી દીલગીરી બતાવી હતી

સુજ્ઞ બંધુ! મહારાજશ્રી ઇચ્છે કે મરહુમનાં આરંભેલાં ધર્મ-સેવાના કામો આપના જેવા તેમના સુપુત્રોના હાથે ચાલુ રહે અને વિશેષ વિજયી થાય

पंजाबना उपाध्याय पद धारी मुनि श्री आत्मारामजी महाराज तरफथी.

श्रीमान् परमहितैषी जैन संघके उद्योत्तक वाडीलालजी !

आपके पूज्य पिताका वियोग सुन कर हृदयको असह्य दुःख हुआ. जैन धर्ममें एक और भी रत्न पुरुषकी क्षति हो गई, हा शोक ! यह संसार अनित्य है, मृत्यु सबको देख रहा है, परन्तु जिन्होंका आपके पिताश्री जैसा समाधि मृत्यु होता है उनको धन्य है. मोतीलालजीने जो धर्मसेवा की है अलबतां प्रशंसनीय है. हम इनकी आत्माको शांति चाहते हैं. आपको और संघको इनके वियोगसे वडा नुकसान पहुंचा है. मगर आपको उपदेश देनेकी हमें कोई जुरुरत नहीं है, क्युं कि आप स्वयं विचारवान है.

अपनी गिरी हुई समाजका खयाल करो. उठो, आप शूरवीर है, ज्यादा हम क्या कहें? अखबार व मिशनका काम हिमतसे शुरु करो.

दक्षिणमां जैन धर्मनो प्रचार करनारा मुनिश्री अमोलऋषि तरफथी.

'दिगम्बर जैन' मासिकके अंकमें जैन प्रभावक श्रावकजी मोतीलालजीके स्वर्गवासका समाचार पढ कर मेरा हृदय वडा ही खिन्न हुवा है. सत्यवादी, सरल स्वभावी, कविरत्न, शास्त्र-कोविद और सच्चे जैन प्रभावक भाइ मोतीलालजी जैसे नर-

रत्नकी खामीसे हमारे साधुमार्गी धर्ममें बडी जबर हानी हुइ है. मरहुमकी आत्मा तो सुकृत्य संचय लेकर गई है सो सुख शान्तिमें ही होगी, तो भी मैं इसकी विशेष सुखशान्ति चाहता हूं, और आप उसके वियोगसे संघको जो खामी हुई है सो पूर्ण करनेको समर्थ हो इससे उमेद करता हूं कि आर्तध्यानसे दूर रह कर मरहूमकी आत्माको संतोष मिले और अनेक जैनोंकी आत्माको धर्मका लाभ पहुंचे वैसे कार्यमें लक्ष देते रहोगे.

तार संदेशा.

---

(१) અજમેરની શ્રી શ્વે૦ સ્થા૦ જૈનહિતકારિણી સભા તરફથી —

Intense sorrow and deep regret for the death of your worthy father. Please have consolation

(२) મુંબઈની સ્થાનકવાસી જૈન બોર્ડીંગના મેનેજીંગ બોર્ડ તરફથી —

Tendering heartfelt condolence for your father's sad demise.

(३) સીકંદ્રાબાદ કોન્ફરન્સના સંયુક્ત સેક્રેટરી શ્રીયુત રામલાલજી કિમતી તરફથી —

Sincerely sympathising with your family having heard Motilaljee's death.

(४) બગસરા (કાઠિયાવાડ) નિવાસી શ્રી ગીરધરલાલ કાળીદાસ તરફથી —

Extremely sorry at hearing father's death Hearty consolation

(५) કોચીનના ' જૈન મિત્ર મંડળ ' તરફથી:—

Extremely sorry for Motilalbhai's death. May he obtain peace !

(६) રંગુનથી મી. સી० વી० ગલીઆરા તરફથી:—

I deeply regret sad demise of your worthy father and offer sincere condolence.

(७) કરાંચીથી મી० ગુલાબચંદ મહાદેવ પારેખ તરફથી:—

Very sorry to hear father's death May he rest in perpetual peace

(८) સીકંદ્રાબાદથી મી છોટાલાલ ચતુર્ભુજ તરફથી.—

Heartfelt sympathy from family for the sad bereavment.

जाणीता पत्रकारोनी दीलसोजी.

'બૉમ્બે ક્રૉનીકલ' (The Bombay Chronicle) નામનું જાણીતું રોજીંદુ ઇંગ્લીશ પેપર તા. ६ ઑગસ્ટના અંકમા લખે છે કે —

DEATH OF MR MOTILAL M SHAH

A WELL-KNOWN JAIN REFORMER.

The death occurred on the 1st proximo of Mr. Motilal Mansukhram Shah, the proprietor of the "Jaina Hitechhu"—a magazine of the non-idol-worshipping Jaina Community, at Ahmedabad. The deceased has been working in the interests of the five lakhs of Jains for the last 15 years, with his son Mr Vadilal, whose social, religious and educational efforts have been successful in creating a new life in the community.

The late Mr Shah was born in a wealthy
Jain Bania family, but had experienced man
ups and downs of life, chiefly due to the grea
flood of the river Sabarmati, which took awa
all his property. He educated himself by mean
of books on prosody, literature, religion, la
and physics. He wrote a Gujarati Dictionar
of rare and obsolete words and it was sanction
ed as a prize and library book by the educa
tional departments of Bombay and Baroda
He also compiled a Jaina Dictionary of
Magadhi words with full explanations, and
published many other useful books such a
" Moral Tales, " " Prevention of anima
food, " translations of several Jaina Sutra ,
etc. He also conducted his monthly magazine
the ' Jain Hitechhu ' for about 15 years. His
writings were always full of reasoning and
extremely simple. He has written several poem
also

Without any knowledge of English, he
satisfactorily served as a Municipal Secre-
tary for some years. The rough and rugged
course of life that was destined for him, the
various difficulties which he had to combat
with throughout his life, and the strain of
mental work told on his health and he was
confined to bed for the last five months, and
notwithstanding the best medical help avail-
able at Ahmedabad, he passed away on Friday.

મુંબઇનુ સુપ્રસિદ્ધ 'ગુજરાતી' પત્ર તા. ૧૦ મી ઑગસ્ટની 'એક **પત્રકારનો સ્વર્ગવાસ'** એવા મથાળા નીચેની 'નોંધ'માં જણાવે છે કે:–

મર્હુમ મી૦ મોતીલાલે જૈન સાહિત્યની સારી સેવા બજાવવા ઉપરાત જૈન કોમના સુધારામા પણ સારો ભાગ લીધો હતો એક જાણકાર ગૃહસ્થે તેમના ગુણાનુવાદની જે નોધ આપી છે તે ઉપરથી તેમના કાર્યની પીછાન થઇ શકશે.

પદર વર્ષથી પ્રસિદ્ધિ પામેલા "જૈનહિતેચ્છુ" પત્રના માલીક મી૦ મોતીલાલ મનસુખરામ શાહ ૫૬ વર્ષની ઉમરે શુક્રવાર તા૦ ૧ લીએ ગુજરી જવાથી સમગ્ર સ્થાનકવાસી જૈન કોમને ભારે ખામી પડી છે. મરહુમે ગુજરાતી ભાષા અને સાહિત્યની, જૈન શાસ્ત્રોની અને સ્થાનકવાસી જૈન કોમની સારી સેવા બજાવી છે ગુજરાતી નર્મ કોષમા નહિ આવેલા શબ્દોનો સગ્રહ કરી તેમણે બહાર પાડેલો 'શબ્દાર્થ કોષ' સરકારી તેમ જ ગાયકવાડી કેળવણી ખાતામા મજુર થયેલો છે. 'પ્રાણી હિસા અને પ્રાણી ખોરાક નિષેધક' નામનુ નમુના રૂપ પુસ્તક લખીને તથા તેનો પ્રચાર કરીને તેમણે સેંકડા માણસોને માંસાહાર અને ઘાતકીપણાથી મુક્ત કર્યા હતા. તેમણે જૈન શાસ્ત્રોનાં ભાષાતર કર્યા હતા, તેમજ એક 'જૈન કોષ' કે જેને માટે હજી કોઇએ જોઇએ તેવો પ્રયાસ કર્યો નથી તે પણ તેમણે છેલ્લા ૬ વર્ષથી લખવા શરૂ કર્યો હતો અને લગભગ પુરો કરી રાખ્યો છે જુના 'રામ–રાસ'નામના ગ્રથનુ સશોધન કરી બહાર પાડીને એમણે જૈન સાહિત્યની સારી સેવા બજાવી છે ને ઉપરાત સરળ ભાષામા નીતિનો ઉપદેશ આપવા માટે સદુપદેશમાળા, મોતી કાવ્ય વગેરે પુસ્તકો રચી બહાર પાડયાં છે તેઓ ગર્ભશ્રીમંત હતા જાતે દશા શ્રીમાળી શ્રાવક વણીક હતા. પાછળથી સાબરમતીના મોટા પુરમા જે ઘણા કુટુબો પાયમાલ થયા તેમા તેમની સઘળી મીલકત તણાઇ ગઇ હતી પરતુ એક સનદી વકીલ, વૈદ્ય તથા ગ્રથકાર તરીકે અને પોતીકી જમીન ખેડાવનાર વ્યાપારી તરીકેની તેમની આવક પોતાનુ બહોળુ કૂટુબ નીભાવવા માટે પૂરતી થઇ પડતી. તેમણે અગ્રેજીના જ્ઞાનવગર પણ કેટલોક વખત એક મ્યુનિસિપાલ સેક્રેટરી તરીકેનુ કામ ઘણુ જ સતોષકારક રીતે બજાવી ખા બા. બમનજી એદલજી મોદી તથા રા બા મોતીલાલ ચુનીલાલ અને ખા બા. એદલજી ડોસાભાઈ જેવા અમલદારોનાં ઉત્તમ સર્ટીફીકેટો મેળવ્યા હતા. તેમના પુત્ર મી૦

વાડીલાલ તથા જૈન કોમના એક અગ્રવાડીઆ અને પાલિક પત્રના પ્રથમ જન્મદાતા હોવા ઉપરાંત કેળવણી અને ધર્મસુધારા તથા સંસારસુધારાના કામોમાં આગેવાનીભર્યો ભાગ લે છે, અને મુંબઈ ખાતે મીલ-જીન સ્ટોરની દુકાન ચલાવે છે. તે સિવાય તેઓ બીજા મળી એકંદરે પાંચ પુત્રો પોતાની પાછળ મુકતા ગયા છે. અનેક આફતો સામે ટક્કર ઝીલવાને લીધે તથા માનસિક બોજાને વધારે ભાગને લીધે તેમનું શરીર છેલ્લા કેટલાક વર્ષથી ઘસાવા લાગ્યું હતું, અને છેલ્લા ૩ માસથી ૦ા શેર દુધ ઉપર રહી બીછાનાવશ થયા હતા પોતાની હયાતીમાં જ તેમણે જુદા જુદા શહેરોના સુમાર ૨૫ મંદિરો અને જૈન ખાતાઓને સહાય આપી પુન્યદાન કર્યું હતું અને મરણ પર્યંત પરમાત્માનું સ્મરણ અને ભક્તામર સ્તોત્રનું પઠન પોતાની સમક્ષ કરાવ્યું હતું, છેવટ તેઓ જીભ બંધ થતાં છતાં પણ તે લક્ષ પૂર્વક સાંભળતા હતા પરમાત્મા એમના આત્માને શાંતિ આપો.

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી પ્રગટ થતા 'કોન્ફરન્સ હેરલ્ડ' પત્રના ઑગસ્ટના અંકની નોંધમાં તે પત્રના સુપ્રસિદ્ધ ઓનરરી સમ્પાદક લખે છે કે—

જૈન સાહિત્યે ગુમાવેલો એક વૃદ્ધ સેવક.

જૈન સાહિત્યની સેવા બજાવનારાઓ ગણ્યાગાંઠયા જ છે, તેમાં પણ ગઈ તા૦ ૧ લી ઑગસ્ટે એકની સંખ્યા ઓછી થઈ છે, જે જાણી અમને ઘણી દીલગીરી થાય છે જૈનકોષ માટે ૧૦ વર્ષ સુધી અથાગ પરિશ્રમ ઉઠાવનાર, 'રામ-રાસ' જેવા જૂની જૈન ગુજરાતી ભાષાના સાહિત્યનું સરસ સંશોધન કરનાર, આઠેક જૈન ગ્રંથોના ભાષાંતર લખનાર, વૃદ્ધ અને ઠરેલ જૈન લેખક શ્રીયુત મોતીલાલ મનસુખરામ શાહ અમદાવાદ મુકામે ઉપર કહેલી તારીખે સ્થૂલદેહ છોડી ગયા છે તેઓએ 'પ્રાણીહિંસા અને પ્રાણીખોરાક નિષેધક' નામનો, એ વિષય ઉપર સઘળી દિશાથી પ્રકાશ નાખનારો ગ્રંથ બહાર પાડીને એ વિષયની અગત્ય કેળવાયલા માંસાહારીઓમાં પહેલી વાર જ સમજાવી હતી, કે જે પછી તે પુસ્તકના ઉતારા કે અનુકરણ તરીકે બીજા ગુજરાતી પુસ્તકો થવા પામ્યા હતા 'સદુપદેશમાળા' નામનો નૈતિક ઉપદેશ માટે યોજાયલો તેમનો કથાગ્રંથ અને નર્મ-

કોષમાં નહિ આવેલા ગુજરાતી ભાષાના શબ્દોનો સગ્રહ કરી તેમણે છપાવેલો 'ગુજરાતી શબ્દાર્થકોષ' (કે જે સરકારી તેમજ ગાયકવાડી કેળવણી ખાતાએ મન્જુર કર્યો છે) તથા તેમના કેટલાક ઉપદેશી સરળ કાવ્યો, એ સર્વ, તેમનુ નામ તેમના વાચકોના હૃદયમાથી ભૂલાવા નહિ દે એમ અમને વિશ્વાસ છે. તેઓ સ્થાનકવાશી જૈન. ધર્મ પાળતા ખાનદાન કુળમાં જન્મેલા હોઇ તે વર્ગની સેવા એમણે બહુધા કરી છે તથા એ વર્ગને 'જૈનહિતેચ્છુ' માસિકદ્વારા છાપાનો ગોખ પહેલવહેલો આજથી ૧૫ વર્ષ ઉપર તેમણે જ લગાડયો હતો અને આજસુધી એ માસિક ઘણુ સારૂ કામ બજાવી રહ્યું છે. તેઓ સ્વભાવે મીલનસાર, સતત ઉદ્યમી, સાહિત્યપ્રેમી અને ઘણા જ સાદા હતા અને એમની સલાહ ઘણાને ઉપયોગી થઇ પડતી, ભાઇબધ જૈન, દિગબર જૈન, ગુજરાતી, તેમજ ટાઇમ્સ, ક્રૉનીકલ વગેરે પત્રોએ એમના મૃત્યુ માટે ખેદ બતાવ્યો છે એમ અમે પણ આવા ઉપયોગી સાહિત્યસેવકના વિયોગથી અમને થતુ દુખ છુપાવી શકતા નથી; અને એમના આત્માને શાન્તિ મળો એમ ઇચ્છયા વગર રહી શકતા નથી. દીલાસો લેવા જેવું છે કે, મરહુમ પોતાની પાછળ પાંચ પુત્રો મૂકતા ગયા છે, જેમાંના વડા પુત્ર મી૦ વાડીલાલની ઓળખ જૈન સમાજને કરાવવી પડે તેમ નથી; કારણ કે જૈનસમાચાર, જૈનહિતેચ્છુ અને હિંદી જૈનહિતેચ્છુ એમ પોતાના ત્રણ પત્રોદ્વારા કેટલીક વખતે જૈનના ત્રણે ફીરકાને જમાનાને અનુસરતી સલાહો આપીને તથા ખાસ કરીને સ્થાનકવાસી જૈનવર્ગ માટે સઘ સુધારા, જ્ઞાતિસુધારા અને વિદ્યાપ્રચારને લગતી હીલચાલો ઉપાડીને તેમણે પોતે પોતાની ઓળખ અત્યાર આગમચ જૈન સમાજને સારી રીતે કરાવેલી છે મરહુમના મૃત્યુના બીછાના પાસે બેસીને ઉક્ત યુવાને 'મહાવીર મિશન' નામની જે સસ્થાની યોજના ઘડી છે અને જેમા પોતે ૩ વર્ષ સુધી વગર પગારે કામ કરવાનુ વચન આપ્યુ છે તે યોજના ગયા માસના જૈનહિતેચ્છુમા વાચનારને એમ લાગ્યા વગર નહિ જ રહે કે ઉત્પાદક તેમજ મોક્ષફલદાયક એમ બન્ને પ્રકારના જ્ઞાનના પ્રચાર માટે એવી કાંઇ મગીન હીલચાલ વગર આ જમાનો ચલાવી લે એ આશા ફોકટ છે આ યોજનાને તે વર્ગ પૈકીના સ્વધર્માભિમાની જનોએ વધાવી લેવી જોઇએ છે અને વ્યવસ્થાપક કમીટી નીમીને ૫ડ માટે શરૂઆત તાકીદે કરવી જોઇએ છે શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગના પણ કેટલાક નાના વિચા-

રકો પોતાના સ્વધર્મીઓમા ઉપર કહેલુ બન્ને પ્રકારનુ જ્ઞાન દેવાના આશયથી એક યોજના ઘડવામા ગુંથાયા છે, જે શુભપ્રયત્ન તે આજનો જમાનો લોકસેવામા પ્રભુસેવા સમજવાનો છે, અને જેઓ શુભવિચારોનુ વાતાવરણ ફેલાવીને કે પોતાના દ્રવ્યવડે સમાજની પ્રગતિના સાધનભૂત બનીને સમાજના ઉપકારી થશે તેમનાજ નામ અમર રહેશે, માત્ર વિદ્યા કે લક્ષ્મીના ભારવાહકોને યાદ કરવા નો કોઇ નવરૂ થશે નહિ.

'શ્વે૰ સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ પ્રકાશ'ના તા. ૧૬ ઓકટોબરના અંકમાં તેના અધિપતિ લખે છે કેઃ—

સ્વ૦ મોતીલાલ મનસુખરામ શાહ.

આજથી શુમારે ૧૫ વર્ષની વાત ઉપર જ્યારે આપણી કોમના એક પણ પેપર હસ્તી ધરાવતુ ન હતુ ત્યારે આ નરરત્ને અનેક મુશ્કેલીઓ વચ્ચે 'જૈનહિતેચ્છુ' નામના માસિક પત્રને જન્મ આપી જૈન સમાજની જાહેર સેવાની શરૂઆત કરી હતી અને વખતના વહેવા સાથે અન્ય પત્રકારોની હરિફાઇમા તેઓ ઉચો દરજ્જો ભોગવવા ભાગ્યશાળી નિવડયા હતા

માસિક ચલાવવા ઉપરાત નિવૃત્તિનો સમય તેઓ લોકોપયોગી પુસ્તકો રચવામા ગુજારતા એમનુ રચેલુ "પ્રાણી હિસા અને માણસના ખોરાક નિષેધક" નામનુ પુસ્તક સમર્થ વિદ્વાનોને પણ આશ્ચર્ય પમાડે એવી ઉત્તમ શૈલિથી લખાયલુ છે. સરકારી તેમજ ગાયકવાડી કેળવણી ખાતાએ મજુર કરેલો "ગુજરાતી શબ્દાર્થકોષ" પણ તેમનોજ રચેલો છે. "સદુપદેશ માળા" કે જેમાની રસમય અને બોધક વાર્તાઓ વાચક વર્ગના હૃદયપટ પર નીતિની ઉડી છાપ પાડે તેવી છે લેખકની સાથે તેઓ કવિ પણ હતા. "મોતી કાવ્ય" એ એમનાજ હૃદયનો ફોટો છે.

સાહિત્ય ક્ષેત્રમા તેમણે જે કાઇ કર્યું છે તે અલબત બહુ ઝાઝા પ્રમાણમાં નથી, છતા જે કોમમા, જે જમાનામા અને જે સંજોગો વચ્ચે તેઓએ સાહિત્યસેવા બજાવી છે તે જોતાં તેમનો પ્રયાસ વિશેષ પ્રશસાને પાત્ર ગણાય.

મહુંમના વડીલ પુત્ર મિ૰ વાડીલાલભાઇએ એમના પિતાશ્રીની મુરાદ પાર પાડવા અથાત પ્રયત્ન કર્યો છે મિ૰ વાડીલાલભાઇના

નામથી જૈન કોમ એટલી બધી સુપરિચિત છે કે તેમના માટે અત્ર વિશેષ નહિ લખતાં માત્ર એટલુંજ બસ થશે કે મર્હુમ પોતાની પાછળ એક સમર્થ સમાજસેવક અને બાહોશ સાહિત્યસેવક મુકતા ગયા છે, કે જેમની સેવા એમના વિરહ દુઃખનુ શાન્તવન કરાવી શકે તેમ છે.

શ્વેતામ્બર (મૂર્તિપૂજક) જૈન વર્ગના સામાહિક પત્ર 'જૈન'ના તા. ૧૦ ઑગસ્ટના અકમાં નીચે મુજબ 'અધિપતિની નોંધ' જોવામાં આવે છે:—

મર્હુમ જૈન લેખક શ્રીયુત મોતીલાલ.

ગયાના આગલા સુક્રવારે શ્રી અમદાવાદ ખાતે આપણા ઢુંઢીઆ બધુઓમાં વાચન શોખ ઉદભવ કરનાર, સારા લેખોથી બોધનાર શ્રી 'જૈનહિતેચ્છુ' માસિકના પ્રયોજક અને માલીક કેટલાક વખતની માદગી ભોગવી પચત્વને પ્રાપ્ત થયા છે. મર્હુમની અત સમયે વય માત્ર ૫૫ વર્ષની હતી. અગાઉ તેઓ સરકારી કેળવણી ખાતામા મ્હેતાજી હતા અને મ્હેતાજી તરીકેનુ તેમનુ જીવન અભ્યાસી તરીકેજ હતું. મર્હુમ નર્મદાશકરના કોષમાં નહીં મળી આવના શબ્દોનો એક 'શબ્દાર્થ કોષ' કાઢી તેમણે ગુજરાતી ભાષાની સારી સેવા બજાવી હતી. તેઓએ સવત ૧૮૯૮ ની સાલમા 'જૈનહિતેચ્છુ' નામે માસિક તે વખતે માત્ર ડેમી ૧૬ પાનાનુ કાઢયુ હતુ. આ વખતે આપણામા માત્ર બે ચોપાનીયાં હતા અને એક પાક્ષિક કે અઠવાડિક તેજ વખતે બધ થયુ હતું. પણ ઢુઢિયા ભાઇઓમાં એકે માસિક ન્હોતું. અને આ ભાઈએ પ્રથમ કાઢી ઉત્તમ સેવા બજાવી હતી. તેમના માસિકની પણ કેટલાક સ્પર્ધા કરનારા થયા હતા, પણ બાલકોની માફક બિચારા મરણને શરણ થયાં હતા. આપણા લોકો નવિન કરવાના બદલે અનુકરણ કરે છે, પણ આવું અનુકરણ સ્પર્ધામાં ટકી શકતું નથી અને તેથી તેવા સાહસિકો નિષ્ફળ નિવડે છે. ભાઈ મોતીલાલના અતપર્યત તેમનુ માસિક **પ્રથમ પંક્તિનુ** હતું. થોડા વર્ષ આ માસિક ચલાવ્યા પછી તે માસિક તેમના દિકરા ભાઇ વાડીલાલ ચલાવતા અને ગયા વર્ષેજ આ ભાઇ મુબાઇ જતા તેનુ અધિપત્વ મર્હુમના હાથમા આવ્યુ હતું. વય થયા છતાં પણ આ ભાઇ મરણ પર્યત પોતાનુ માસિક સારી રિતે ચલાવી શક્યા હતા

'જૈન હિતૈષી' નામનું દિગંબર જૈન શીરકાનું પત્ર શ્રાવણના અંકમાં 'શોકજનક સ્વર્ગવાસ' એવા મથાળાની નોંધમાં જણાવે છે કે:—

हमको यह जानकर वहुत ही शोक हुआ कि अहमदावादके 'जैनहितेच्छु' नामक मासिकपत्रके सम्पादक और श्रीयुक्त वाडीलालजीके पिता मोतीलाल मनसुखराम शाहका गत पहली अगस्तको स्वर्गवास हो गया। इस समय आपकी अवस्था ५६ वर्षकी थी। स्थानकवासी जैनसमाजकी और जैनसाहित्यकी आपने खूब सेवा की थी। गुजरातीके आप अच्छे लेखक थ। आपका गुजराती शब्दकोष सरकारी और वडोदा राज्यके शिक्षाखातेमें जारी है। आपके द्वारा सम्पादित होकर कई ग्रन्थ भी प्रकाशित हूए हैं। जैनसमाजकी उन्नतिकी ओर आपका वहुत अधिक लक्ष्य था। आप पहले एक अच्छे धानिक थे; परन्तु पिछले सावरमती नदीके भीषण पूरमें आपकी सारी सम्पत्ति नष्ट हो गई थी। पर इस वडी भारी हानिसे भी आपकी स्थिति शोचनीय नहीं हुई। आपने अपनी उद्योगपरतासे अपनी गृहस्थिति फिर अच्छी कर ली। लगभग ३ माससे आप वीमार थे। आपने खुव सावधानीके साथ समाधिमरण किया। मृत्युके समय आपके सुयोग्य पुत्र श्रीयुक्त वाडीलालजी आपके समीप उपस्थित थे। मोतीलालजीकी मृत्युसे जनसमाजने एक पुरुषरत्न खो दिया.

सुरतखाते प्रगट थता 'दिगंवर जैन' पत्रनी नोंध.

મહુંમ મોતીલાલ મનસુખરામ શાહ.

અમદાવાદથી પ્રગટ થતા 'જૈનહિતેચ્છુ' પત્રના માલિક અને એક સ્થાનકવાસી કેળવાયલા જૈન ગૃહસ્થ મી૦ મોતીલાલ મનસુખરામ શાહ પોતાની ૫૬ વર્ષની ઉમરે તા૦ ૧ લી ઑગસ્ટે ગુજરી જવાથી સમગ્ર સ્થાનકવાશી જૈન કોમમાં મોટી ખામી પડી છે.

મરહુમે ગુજરાતી ભાષા અને સાહિત્યની, જૈન શાસ્ત્રોની અને સ્થાનકવાશી જૈન કોમની સારી સેવા બજાવી છે. ગુજરાતી નર્મ કોષના નહિ આવેલા શબ્દોનો સંગ્રહ કરી તેમણે બહાર પાડેલો 'શબ્દાર્થકોષ' સરકારી તેમ જ ગાયકવાડી કેળવણી ખાતામાં મંજુર થએલો છે 'પ્રાણીહિંસા અને પ્રાણી ખોરાક નિષેધક' નામનું નમુનારૂપ પુસ્તક લખીને તથા તેનો પ્રચાર કરીને સેંકડો માણસોને માંસાહાર અને ઘાતકીપણાથી મુક્ત કર્યા હતા કેટલાક જૈન શાસ્ત્રોનાં ભાષાન્તર કર્યા હતા, તેમજ એક 'જૈન કોષ' કે જેને માટે હજી કોઈએ તેવો પ્રયાસ કર્યો નથી, તે પણ તેમણે છેલ્લા ૬ વર્ષથી લખવા શરૂ કર્યો હતો અને લગભગ પુરો કરી રાખ્યો છે. 'રામ–રાસ' બહાર પાડીને એમણે જૈન સાહિત્યની સારી સેવા બજાવી છે. તે ઉપરાંત સરળ ભાષાના નીતિનો ઉપદેશ આપવામાટે સદુપદેશમાળા, મોતી કાવ્ય વગેરે પુસ્તકો રચી બહાર પાડ્યાં છે. તેઓ એક ગર્ભશ્રીમંત દશાશ્રીમાળી ગારક વણીક હતા પાછળથી સાબરમતીના મ્હોટા પુરમાં જે ઘણા કુટુંબો પાયમાલ થયા તેમાં તેમની સઘળી મીલકત તણાઈ ગઈ હતી, પરંતુ એક સનદી વકીલ તરીકે, ગ્રંથકાર તરીકે અને પોતીકી જમીન ખેડાવનાર વ્યાપારી તરીકેની તેમની આવક તેમને પોતાનું બહોળું કુટુંબ નિભાવવા માટે પુરતી થઈ પડતી. તેમણે અંગ્રેજી જ્ઞાન વગર પણ કેટલોક વખત એક મ્યુનીસીપાલ સેક્રેટરી તરીકેનું કામ ઘણું સંતોષકારક રીતે બજાવી ખા. બા. બમનજી એદલજી મોદી તથા રા. બા. મોતીલાલ ચુનીલાલ અને ખા. બા. એદલજી ડોસાભાઈ જેવા અમલદારોના ઉત્તમ સર્ટીફીકેટો મેળવ્યા હતા તેમના વડીલ પુત્ર મી० વાડીલાલ મ્યા. જૈન કોમના એક અઠવાડીક ("જૈનસમાચાર") અને પાક્ષિક પત્રના પ્રથમ જન્મદાતા હોવા ઉપરાંત કેળવણી અને ધર્મ સુધારા તથા સંસાર સુધારાનાં કામોમાં ઘણો જ આગેવાની ભર્યો ભાગ લઈ જૈન કોમની ઉત્તમ સેવા કરે છે અને મુંબઈ ખાતે હાલ મીલ–જીન સ્ટોરની દુકાન ચલાવે છે. તે સિવાય તેઓ અને બીજા ૪ મળી એકંદરે પાંચ પુત્રો પોતાની પાછળ મૂકતા ગયા છે. અનેક આફતો સામે હમેશ ટક્કર ઝીલવાને લીધે તથા માનસિક બોજો વધારે હોવાને લીધે તેમનું શરીર છેલ્લાં કેટલાક વર્ષથી ઘસાવા લાગ્યું હતું અને છેલ્લા ૩ માસથી માત્ર ૦।। શેર દુધ ઉપર જ રહી બીછાનાવશ થયા હતા. પોતાની હયાતીમાં જ તેમણે જુદાં

જુદાં શહેરોનાં શુમારે ૨૫ જાહેર અને જૈનખાતાઓને સ્હાય મોકલવારૂપે પુન્યદાન કર્યું હતું અને મરણ પર્યંત **પરમાત્માનુ** સ્મરણ અને **ભક્તામર સ્તોત્રનું પઠન** કરવા મી૦ વાડીલાલને તેમણે ફરમાવ્યુ હતું કે જે સર્વ તેઓ છીભ બધ થવા છતાં લક્ષપૂર્વક સાંભળતા હતા, અને છેવટે **સમાધિ મરણ** પામ્યા હતા.

પરમાત્મા એમના આત્માને શાંતિ આપો ! !

જૈન, જૈનહિતૈષી, દિગબર જૈન, આર્યપ્રકાશ એ પત્રોના અધિપતિ મહાશયોએ ઘણાજ લાગણીભર્યા દીલાસાપત્રો લખી મોકલ્યા હતા, જે માટે તેઓનો અંતઃકરણથી આભાર માનુ છુ. 'આર્યપ્રકાશ,' 'ટાઇમ્સ ઑફ ઇન્ડિઆ' 'મુંબઇસમાચાર,' 'પ્રજાબંધુ' વગેરે પત્રોમાં પણ મરહુમ માટે નોધ લેવામા આવી છે, પણ તે અંકો હમણાં મારી પાસે ન હોવાથી અત્રે તેમનો ઉતારો કરી શકયો નથી.

—પ્રકાશક, 'જૈ. હિ.'

जाणीता आगेवानो श्रीमंतो, होद्देदारो, विद्वानो अने अन्य धर्मी सहृदय महाशयोना पत्रो.

શ્વે. સ્થા. જૈન કૉનફરન્સ ઑફીસ તરફથી તેના ઑનરરી સેક્રેટરી શ્રીયુત કુંવર છગનમલજી સાહેબ (ઑનરરી મેજીસ્ટ્રેટ, અજમેર) તા. ૨૦-૮-૧૩ ના (જા નં. ૨૩૩૮ ના) પત્રમાં લખે છે-

આપના પિતાશ્રીના કાળધર્મને પામવાના શોકજનક ખબર મળવાથી આહીં ઘણી દીલગીરી ફેલાઇ છે. તેમણે 'જૈનહિતેચ્છુ'ના અધિપતિ તરીકે ઘણી જનસેવા બજાવી છે, ઉપરાંત કેટલાક પુસ્તકો લખી જૈન કોમમાં વાંચન પુરૂં પાડયું છે. તેમના પંચત્વને પામવાથી જૈન કોમે એક બાહોશ માણસ ખોયેલ છે. તેમના આત્માને શાંતિ મળો એટલી વિતરાગ પ્રત્યે અમારી પ્રાર્થના છે.

ભવદિય.

K. Chhaganmal.

ઑન. સેક્રેટરી, શ્વે. સ્થા. જૈ. કૉ.

સદરહુ ઑફિસના એસી. સેક્રેટરી મી. ધારસીભાઇ ગુલાબચંદ સંઘાણી, ઑફીશીઅલ પત્ર ન. ૨૩૩૦ (તા. ૨૦-૮-૧૩) ના લખે છે કે—

શ્રીયુત વાડીલાલની સેવામાં.

જયજિનેન્દ્ર, આપના પિતાશ્રીના કાળ ધર્મને પામવાના શોક જનક ખબર મળવાથી ઘણીજ દીલગીરી થએલ છે. મારી મુલાકાત વખતનો તેમનો સરળ સ્વભાવ હજુ પણ મને યાદ આવે છે. આપના કામકાજમાં આપના પિતા તરફથી જે મદદ અને સલાહ મળતી તેતી હવે ખામી જણાશે. પરંતુ કાળ કોઇને છોડતું નથી વહેલા વા મોડુ સૌને ખાય છે, જેથી ભાવીની પ્રબળ ઇચ્છાને આધીન થઇ આપનું મીશનરૂપ સુકાન આગળ ચલાવશો.

આપનો,

D. G Sanghani.

આસી. સેક્રેટરી.

ગુજરાત તરફના, કૉન્ફરન્સના પ્રાન્તિક ઑનરરી સેક્રેટરી અને વડોદરા રાજ્યની ધારાસભાના મૅમ્બર રા. બ. કાળીદાસ નારણદાસ તા. ૧૧-૮-૧૩ ના પત્રમા લખે છે કે—

પ્રિય સ્વધર્મી બન્ધુ! આપના પિતાના સ્વર્ગવાસના માઠા સમાચાર પેપરોમા વાચી અત્યન્ત દીલગીર થયો છુ. તેમણે આપણી સમાજની જે સેવા બજાવી છે **તેની કદર કરવાની જરૂર** છે, પછી તો પ્રસગ અનુસાર બને તે ખરૂ. તેમની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, સરળતા, અડગપણું, વગેરે ગુણો ભૂલાશે નહિ. તેમણે કર્ત્તવ્ય યથાર્થ રીતે બજાવુ છે એમ કહેવામા અતિશયોક્તિ થતી નથી અને આવા કારણોને લઇ તેમની દેવગતિ થાય તેમા આશ્ચર્ય નથી તે તેમ થયુજ હશે, તેથી આપણે હવે તેમના ગુણોનુ અનુકરણ કરવુ અને ઇચ્છવુ કે તેમના આત્માને શાતિ મળે! તમો ધર્મ ઉપર પુરી શ્રદ્ધાવાળા છો તેથી આર્ત્તધ્યાનથી દૂર રહી ધર્મધ્યાન તથા શુકલ ધ્યાનમા પ્રેરાયા રહેતા હશો એમ હુ ધારૂ છુ. તમને તેમજ જૈન સઘને ખરેખર મોટી ખોટ પડી છે પણુ તેમા કોઇનો ઉપાય નથી માટે દીલાસો લેશો જાણકારને વધુ જણાવવાની જરૂર નથી. તમારા જાહેર કામોને હિમતથી આગળ ચલાવશો એટલીજ ભલામણ કરૂ છુ.

સ્થા૦ જૈન કૉન્ફરન્સના કાઠિયાવાડ તરફના પ્રાન્તિક સેક્રેટરી શ્રીયુત અમેચંદ વિ. કાળીદાસ વકીલ જેતલસરથી લખે છે કેઃ—

મે. વાડીલાલભાઇની સેવામાં; આપના વડીલશ્રી મોતીલાલભાઇના દેવગત થયાના ખબર 'ગુજરાતી' પત્રથી જાણી ઘણી દીલગીરી થઈ છે. તેઓ તો પોતાની પાછળ પુષ્કળ સુખી કુટુંબ અને સ્વધર્મસેવા વગેરે સત્કાર્યો મુકતા ગયા છે તેથી તેમનો આત્મા સદ્‌ગતિને જ પામેલો હશે, પરંતુ તેમની ખામી આપના કુટુંબને તથા જૈનસંઘને જણાયા વગર નહિજ રહે. તેમની ગેરહાજરીથી આપના કુટુંબને જે અસર થાય તે કરતાં વિશેષગુણી અસર આપણી કોમને થશે. તેમની અનુભવી, ઠરેલ, વિચારશીલ સલાહથી સમાજને જે ફાયદા અને ઉપદેશ મળતો તે અમૂલ્ય હતો.

પૂજ્ય વડીલશ્રીએ આપણી સમાજની બજાવેલી સેવાની કદર કરવા માટે તેમની યાદગીરીમાં એક ફંડ કરવાની સૂચના થતી સંભળાય છે, જેથી મને સંતોષ થયો છે હું આશા રાખું છું કે **એવા નરની સેવાની યોગ્ય કદર કરવા આપણી સમાજના કદરદાન ગૃહસ્થો વિલંબ નહિ કરે. સદરહુ ફંડમાં મારા તરફથી રૂ. ૫૦ નોંધશો.** *

પરમાત્મા આપના ઉચ્ચાશયો ફલીભૂત કરે અને તેનો લાભ લેવા આપણો સમાજ ભાગ્યશાળી થાય એજ મારી પ્રાર્થના છે.

---

* આ પૂજ્ય સ્નેહીશ્રીને જણાવવામા આવ્યુ છે કે, મરહુમનુ સ્મારક ફંડ કરવુ એ કામ તેમના પુત્રોનુ નથી, અને તેઓ પોતે એવી હીલચાલ કરે તે વાજબી પણ ગણાય નહિ. તે કામ કૉન્ફરન્સ ઑફીસનુ કે કોમના બીજા આગેવાનોનું છે. માટે કાંઈ પણ રકમ મરહુમના પુત્રો સ્વીકારી શકશે નહિ. જે જે મહાશયોએ સ્મારક ફંડની સૂચના કરીને મરહુમની કદર બુઝી છે તથા જે કેટલાક મહાશયોએ ગુપ્ત રીતે અમુક રકમ નોંધાવવાના પત્રો લખ્યા છે તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનવા સાથે જણાવવામા આવે છે કે, મરહુમના સ્મારક જેવુ નવુ કામ આરંભવા કરતાં મરહુમને જે કાર્યો પસંદ હતા તે કાર્યો ઉપાડી લેશો તો તેમનુ નામ અમર કર્યુંજ ગણાશે અને તેમની ખરી કદર બુઝી ગણાશે. 'મહાવીર મિશન' સ્થાપવા પાછળ જે ખર્ચ કરશો તે મરહુમના સ્મારક પાછળ ખરચ્યા બરાબર જ છે

નાઇરોબી (ઇસ્ટ આફ્રિકા) થી જૈન કૉન્ફરન્સના સ્થાનિક સેક્રેટરી મી. તુલશીદાસ ડાહ્યાભાઈ લખે છે કે—

આપના પિતાશ્રીના સ્વર્ગવાસના ખબર 'ગુજરાતી'માં વાંચી અહીના સંઘમા ભારે દીલગીરી ફેલાઇ રહી છે. અમો અત્રે વસતા તમામ જૈનો મરહુમના પવિત્ર આત્માને શાંતિ ઇચ્છીએ છીએ અને આપના કુટુંબપર પડેલા દુ:ખમા દીલોજાનીથી ભાગ લઇએ છીએ. જૈનો એક અમૂલ્ય કોહીનૂર ગુમાવી બેઠા છે. એમના જેવા નુકશાપ્રેમી ઉત્તમ સલાહકાર મળવા મુસ્કેલ છે. એવા નરરત્નના સ્મરણાર્થે જાહેર હીલચાલ આગેવાનોએ કરવી જોઇએ છે.

જયપુરથી બે વિદ્વાન મહાશયોનો પત્ર.

રા. રા. સુજ્ઞ શ્રીયુત્ વાડીલાલ ।

આપના વિદ્વાન્ પિતાશ્રીના અવસાનના ખેદજનક સમાચાર પેપરમા વાચતા અમોને ઘણી દીલગીરી થઇ છે. આપણી કોમમા તેઓશ્રી જેવા શાત અને હૃદયની લાગણીથી લખનારાઓનો ટોટો જ છે તેઓશ્રીએ આપણા સંઘને જાગૃતિમા લાવવા જે સ્તુત્ય શ્રમ સેવેલો છે તેની કદર લોકોને હવે વિશેષ થશે અમો તેઓશ્રીના આત્માને શાતિ ઇચ્છીએ છીએ અને આપના દુ:ખમાં આશ્વાસન આપતા, આપમાં પણ તેઓશ્રીના સદ્‌ગુણો વાસો કરો એવુ પ્રાર્થીએ છીએ, કે જેથી શ્રીસંઘની તમોએ આજ સુધી કરેલી અનેક સેવાની વૃદ્ધિ આગળ વધે 'ઘણા કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો' એ પંક્તિનુ સ્મરણ રાખવા ભલામણ છે

શુભેચ્છકો
Luchhmunlall Kaisiimull Choradia.
દુર્લભજી ત્રીભુવનદાસ ઝવેરી.

શ્રીયુત જીતમલજી લોઢા (મંદશોર–માલવા) નો પત્ર.

कृपासिंधु ! आपके पिताश्रीका स्वर्गवास होनेका खबर 'मुम्बई समाचार' से जान कर यहां संघमें शोक पाला गया

है. परमात्मा इनकी आत्माको शान्ति बक्षें! उत्तमका वियोग जलदी होता है यही खेदकी बात है. मरहुम आपके तो पिता थे, मगर समस्त जैन मंडलको सम्यक् ज्ञान बताने वाले 'धर्म-पिता' थे ऐसा हम मानतेहैं. अब हमारी उम्मीद आप ही पर रहती है. आशा है कि आप हिमत रख व निडरतासे अपना उत्तम कार्य करते रहेंगे.

શ્રીયુત હરજીવનદાસ નેમીદાસ તથા શ્રીયુત હરખચંદ વેલજી (પોરબંદર) નો પત્ર.

વ્હાલા વાડીલાલભાઇ, આપના પૂજ્ય પિતાશ્રીના દેહવિલયના સમાચાર 'ગુજરાતી પચ' મા અમોએ ઘણીજ દીલગીરી સાથે વાંચ્યા, જેથી થયેલો ખેદ પત્ર દ્વારા લખ્યો જતો નથી અત્યારે આપને માથેની અનેક આફતો ઉપર આ એક કુટુંબી આફતે ઉમેરો કર્યો છે. આપે ઉત્તમોત્તમ શિરછત્ર ગુમાવ્યુ છે તેમ જૈનોએ શાત પણ શાસ્ત્રનિપુણ લેખક અને દુરદેશ પત્રકાર ગુમાવ્યો છે. પાચ પદર વર્ષ વધારે બેઠા હોત તો જૈનવર્ગને ઘણા ઉપયોગી થઇ પડત, પરતુ પચમ કાલની ગતિ વિચિત્ર છે. ધર્મ એજ શ્રેષ્ટ અવલબન છે એમ સમજી દીલાસો લેશો મરહુમના આત્માને અમે શાતિ ચાહીએ છીએ.

શુભેચ્છકો,
હરજીવનદાસ નેમીદાસ.
હરખચંદ વેલજી.

વડાલ સંઘનો પત્ર.

સર્વે શુભોપમા યોગ્ય વાડીલાલભાઇ, આપના પિતાશ્રી સ્વર્ગ-વાસી થયાના ખેદજનક સમાચાર 'ગુજરાતી' મા વાચી અહીંનો સઘ સમસ્ત ઘણોજ દીલગીર થયો છે. આપના ઉપર આવી પડેલા દુઃખમાં અહીંનો સઘ ભાગ લે છે અને પ્રાર્થના કરે છે કે મરહુમના

આત્માને શાંતિ મળો અને આપને આ દુઃખ સહવાની ધીરજ તથા હિમત મળો ! સ્વર્ગસ્થની આખી જૈન કોમમાં ખામી પડી છે. તેમણે સંઘની જે ઘણી સારી સેવા બજાવી છે અને અમર કીર્ત્તિ મેળવી છે તે સર્વનું અત્રે સ્મરણ કરાવી આપના શોકમા વધારો કરવા અમો ખુશી નથી.

જેચંદ નથુભાઈ કોઠારીના જયજીનેંદ્ર.

રા. વછરાજ પોપટભાઇ દલાલ (મેહુનબારા-ખાનદેશ)નો પત્ર

મે૦ શ્રીયુત વાડીલાલભાઇ, આપના પિતાશ્રીના સ્વર્ગવાસના ખબર 'જૈન' પત્રમા વાચતાં મારી અફસોસીનો પાર રહ્યો નથી. આવા પૂર્ણ ધર્મચુસ્ત, સમાજસુધારક વીરના વિયોગથી કયા સાધુમાર્ગી જૈન બચ્ચાની આંખમાથી પાણી નહિ પડયુ હોય ? તેમના સ્વર્ગવાસના ખબર જે જે ગામમાં પહોચ્યા હશે તે તે ગામનો કયો સાચો જૈન પોતાનો આ ઉત્તમ સલાહકાર ગુમાવવા માટે શોકાગ્નિમા નહિ બળ્યો હોય ? આજ ૧૫ વરસથી અમારી કોમને તેમણે ઉજાસમા લાવી મુકી હતી અને જૈન ભાઇઓના દિલમાથી મિથ્યાત્વ, અજ્ઞાન, અશ્રદ્ધા, અંધશ્રદ્ધા વગેરે કચરો દૂર કરી જે પ્રકાશ કર્યો છે તેથી અમો સર્વે તેમના ઉપકારરૂપી બોજા તળે હમેશને માટે દબાયલા છીએ. એમના આત્માને અખંડ શાંતિ મળે એટલી ભાવના સિવાય બીજો શો બદલો અમે વાળી શકવાના હતા ?

મુંબઇથી રા. વિજપાળ હશરાજ શાહનો પત્ર.

મરહુમ રા. મોતીલાલના સ્વર્ગવાસથી સ્થાનકવાશી જૈન કોમે ખરેખર એક અમૂલ્ય મોતી ગુમાવ્યુ છે આ ખેદજનક બનાવથી કોઇપણ જૈન દીલગીર થયા સિવાય નહિ રહ્યો હોય; કારણ કે તેમણે કરેલા ઉપકારો કદી ભૂલાય તેવા નથી. સ્થાનકવાશી જૈન કોમના અગ્રેસરોએ પોતાના ઉપકારી પુરૂષ તથા ધર્મની પ્રભાવના કરનાર મહાશયના નામને જાળવી રાખવા માટે મોટી રકમ એકઠી કરી મહાવીર મિશન સ્થાપવુ એ એકજ કદરદાનીનો રસ્તો છે.

મરહુમની ઉમર કાંઇ ઘણી વધારે ન હતી. પણ મગજમારીનુ કામ, આરામની તગી, પરોપકારનાં કામોમાં પડતી મુશ્કેલીઓ, આપણી કોમની અમુક સકુચિત પ્રકૃતિને લીધે પડતી આર્થિક અગવડો, અને છેલ્લે જૈનસમાચાર પત્ર બધ પડવાથી થયેલો આઘાત, એ સર્વ કારણોએ એ ઉપયોગી જીવનનો અકાલે અત આણ્યો છે, એ બાબત જૈન અગ્રેસરોએ ભૂલવા જેવી નથી અને જૈન સઘની સેવામાં જીદગી અર્પનારના સ્મારક તરીકે શુભ કામ ઉપાડવા તાકીદ કરવી જોઇએ છે

મરહુમે કરેલા અનેક ઉપકારોમાં શ્રેષ્ટ તો એ છે કે તેઓએ એક જૈનસ્વયસેવક જૈન કોમની સેવામા મૂક્યો છે, કે જે લાલ હીરો ચીરકાલ જીવે એવી અમો સર્વ પ્રાર્થના કરીએ છીએ તે આપ પોતે જ છો, પણ આપની તારીફ લખવાની તથા આપે કરેલાં શુભ કામોની યાદી આપવા માટે આ જગા અને આ સમય યોગ્ય ગણાય નહિ. આખી દુનીઆના લાભનો આધાર મુખ્યત્વે સાધુવર્ગ ઉપર છે અને આપે તે સાધુવર્ગને વધારે પ્રકાશીત કરવા, સુધારવા, તેમનું જ્ઞાન વધારવા, તેમનામાં નવો જુસ્સો ઉત્પન્ન કરવા જે જે પ્રયાસો કર્યા છે તેનું ફળ જૈનસઘે ક્યારનુંએ નજરે જોયુ છે. આપના એ પ્રયાસો આપને પોતાને બહુ રીતે દુઃખ આપનાર થઈ પડયા છે તેમજ શ્રાવક વર્ગમાં કેળવણી વધારવાના પ્રમાણિક ઉદ્યમ કરવા જતાં આપને ઘણુ ખમવું પડયુ છે, એનુ કારણ મુખ્યત્વે એજ છે કે એવા કામમા ઘણાઓની સામેલગીરી અને અગત મહેનત ભળવી જોઇતી હતી, તેને બદલે આપને એકલા હાથે અને અનેક શત્રુઓ વચ્ચે કામ કરવુ પડયુ છે.

આપણા વર્ગમાં કેળવણીના પ્રચારની બહુજ જરૂર છે, શાસ્ત્રીય જ્ઞાન ફેલાવવાની ઘણી અગત્ય છે, સ્ત્રીકેળવણી દાખલ કરવી જોઇએ છે, સેવાધર્મનો પાઠ શિખવવાની જરૂર છે, ફાલતુ ખર્ચો અને અધશ્રદ્ધા અટકાવી વ્યવહારૂ દાનની પ્રથા તથા સુશ્રદ્ધા દાખલ કરવાની જરૂર છે, આ બધુ કરવા માટે લાખો રૂપિયાના ખર્ચો કરવા જૈન અગ્રેસરોએ તૈયાર થવું જોઇએ. જૈન ભાઇઓ! રા. વાડીલાલે ઘડી કાઢેલી 'મહાવીર–મિશન'ની યોજનાને અમલમાં મુકવા કટિબદ્ધ થાઓ થોડાક હજારની સખાવત માટે આનાકાની કે આળસ ના

કરો. આવા પુરૂષોને જોઇતી સગવડો કરી આપવાનું કામ તમારૂ છે, અન તમારી સેવા માટે સમય, શરીર અને બુદ્ધિનો વ્યય કરવો એ કામ તેમનુ છે ઓ શાસનનાયક દેવ ! અમારા આ નિખાલસ મિત્રને તું વધારે નિરોગીપણું, યશ અને શક્તિ આપ, કે જેથી તે અમારી વધારે સારી રીતે અને નિશ્ચિંતપણે સેવા લાંબો વખત કરી શકે.

ભાઇઓ ! દુશ્મનોના નિંદાત્મક શબ્દોથી ન છેતરાઓ અને તમારૂ પોતાનુ હિત તેથી ન બગાડો. માણુસના ગુણ-દોષ પીછાનતા શીખો તેના કાર્ય તપાસો, તેનુ જાહેર જીવન તપાસો, ખાનગી જીંદગી તપાસો, તેના હૃદયના ભાવ વિચારો, અને પુરી પરીક્ષા કરી તમારા શુભેચ્છક કોણ છે અને શુભેચ્છકનો દેખાવ કરનાર શત્રુ કોણ છે તે શોધી કાઢો જેઓ તમારે માટે મરે છે તેમને રોઇને બેસવાથી શુ વળશે ? જેઓ હજી તમારે માટે સર્વસ્વનો ભોગ આપી રહ્યા હોય એવાઓને પીછાની એમના જાહેર કામોમા તન-મન -ધનથી શામેલ થાઓ આળસ છોડો, ગયો સમય પાછો આવતો નથી.

સઘનો હિતેચ્છુ,

શાહ વિજપાળ હંશરાજ.

ભાવનગર સંઘના આગેવાન ગૃહસ્થ શ્રીયુત કુબેરભાઇ પુરૂષોતમદાસ ગાંધીનો પત્ર.

સ્થા જૈન કોમને પ્રકાશમા લાવનાર આપના પૂજ્ય પિતાશ્રીની આપણી કોમને પુરેપુરી ખોટ પડી છે. તેઓશ્રી માસિકના માલેક હોઇને આપણી કોમના જબરજસ્ત ટેકા અને નેતા રૂપ હતા- અત્યારનો સમય જોતા તેઓના જેવા વયોવૃદ્ધ, વિચારવત વિદ્વાન, અને સુજ્ઞ પુરૂષની ખાસ આવશ્યકતા હતી.

મરહુમ ઉમરમા વૃદ્ધ હતા, પરતુ તેઓના પરોપકારી અને જનસેવાના કાર્યો તરફ નજર કરતા તેઓ યુવાવસ્થામા હતા તેવું અનુમાન થઈ શકે છે.

આપના જેવા સુજ્ઞ પુત્રોને પોતાના સદ્ગુણરૂપી ભડારથી વાકેફ કરી અને તે વાકેફગારી અમલમા મુકતા પોતે નજરે જોયા પછીજ

આ શાની દુનીઆનો:ત્યાગ કર્યો તેથી મરહુમને તો પૂર્ણ સંતોષ ઉપજેલ છે, પરંતુ મરહુમની જૈનસમાજને જે ખોટી પડી છે તે તો કદીપણ પુરી પડવાની નથી.

છેવટમા આપ પૂજ્યશ્રીની શૈલીનુ અનુકરણ કરીને જૈનસેવાનુ કામ ધૈર્ય અને ઉત્સાહથી આગળ ચલાવ્યે જશો એવી આશા છે અને પરમકૃપાળુ મહાવિર પિતાજી પાસે એવી પ્રાર્થના છે કે પૂજ્યશ્રીના આત્માને શાંતિ આપે.

ધોરાજીના આગેવાન શ્રીયુત પોપટભાઇ વનમાળી કામદારનો પત્ર.

પ્રિય ભાઇશ્રી—આપના પિતાશ્રીના સ્વર્ગવાસની ખબર જાણી પારાવાર ખેદ થયો છે. જૈનકોમે એક હીરો ગુમાવ્યો છે. તેમની પુરી ખોટ પડી, પણ ભાવી આગળ ઉપાય નથી. તેમના આત્માને અખડ શાતિ મળો!

ખાનદેશના આગેવાન ગૃહસ્થ શ્રીયુત બછરાજજી રૂપચદજી (પાચોરા) નો પત્ર.

આપના પિતાશ્રીના સ્વર્ગવાસના સમાચાર સાભળી અત્યત દલગીરી થઈ છે. તેઓએ જૈન સઘની સારી સેવા બજાવી છે અને આપ તેમને પગલે ચાલતા આવ્યા છો તેથી જૈન સઘ આપના આ દુખમાં અતઃકરણથી ભાગ લે એમા કાઇ નવાઇ નથી. મરહુમના આત્માને શાતિ મળો એજ પ્રાર્થના!

મહુવા સંઘના એક આગેવાન અને ગૌરક્ષક સભાના ઓનરરી સેક્રેટરી શ્રીયુત ઓધવજી રામજીનો પત્ર.

માન્યવર મહાશય! જૈનસઘના રત્નરૂપ આપના પૂજ્ય પિતાશ્રીના સ્વર્ગવાસથી અત્રેનો સ્થાનકવાસી જૈન સઘ સમસ્ત પારાવાર શોકાધિન થયો છે. મરહુમે ધૈર્યથી ધર્મસેવા બજાવી છે. વિદ્વાન

છતા કોઇ જાતનુ પાંડિત્ય બતાવ્યા સિવાય એકમાર્ગે ચુપકીથી કામ કરનારી, સાધુજીવનવાળી તે પરોપકારી મૂર્તિ દુશ્મનોને પણ આશિર્વાદ વર્ષાવતી હતી. તેમણે આપેલો ઉપદેશ અમારા હૃદયપટ પરથી કદાપિ ભુંસાવાનો નથીજ. અમારા મનની અનેક શંકાઓ એમના લેખો વાચવાથી આપોઆપ દુર થતી હતી. પ્રભુભજનમાં અમને તલ્લીનતા શીખવનાર તેજ નર હતા પોતાની પાસેની નજીવી શીલીક પોતાના હાથેજ પરમાર્થી ખાતાઓમાં દાન કરતી વખતે એમણે અત્રેની 'ગૌરક્ષક સભા' ને પણ વિસારી નહોતી. અમને અવાર નવાર તેમની કિમતી સલાહ પણ મળતી.

આવા પુરૂષરત્નની યાદગીરી માટે આપણા સ્વધર્મીભાઇઓએ ફંડ ખોલવામા જરાપણ ઢીલ કરવી જોઇતી નથી

મરહુમના સ્વર્ગવાસથી અમને થયેલા દુખનુ વર્ણન કરી શકાય તેમ નથી. અમને કોઇ બાબત દીલાસો લેવા જેવી હોય તો તે એકજ છે કે આપ જેવા જાહેર હિમતવાળા, આત્મભોગથી અનેક ધર્મસેવાઓ બજાવનારા વીર પુત્ર તેમણે જૈનકોમને કિમતી વારસારૂપે સોંપ્યા છે. શ્રીમતો કે સત્તાબળવાળાઓથી લેશ માત્ર નહિં ડરતાં જેવી રીતે અત્યાર સુધી આપે ઉત્તમ કાર્યો કર્યા છે તેવીજ રીતે કામ કરવાનુ ચાલુ રાખી મરહુમના વિયોગથી અમને થતું દુખ ભુલાવશો એવી અમારી અરજ છે અને મરહુમના પવિત્ર આત્માને સપૂર્ણ શાન્તિ મળો એટલી અમારી પ્રાર્થના છે.

રાજકોટની દશાશ્રીમાલી અને જૈનબોર્ડીંગનો પત્ર.

શ્રીયુત્ વાડીલાલ મોતીલાલ શાહ, મુ અમદાવાદ.

વૃદ્ધાવસ્થાને અગે શાત લાબી માદગી ભોગવી સ્વધર્મની ઉન્નતિના વિચારો દર્શાવતાં પૂર્ણ શુદ્ધિમા આપશ્રીના પિતાશ્રી મહાશય મોતીલાલભાઇના સ્વર્ગવાસના ખેદજનકસમાચાર જાહેર વર્તમાન દ્વારાએ જાણી આ સસ્થા તરફથી પણ અતકરણપૂર્વક ખેદની લાગણી દર્શાવવાની રજા લઇએ છીએ

મરહુમ મહાશયે જૈનકોમની સુધારણા અર્થે પોતાની આખી જીદગી સમર્પણ કરીને આપણી કોમ ઉપર મહાન ઉપકાર કર્યો હતો, કે જે ઉપકારની નોધ લેતા બહુ સંતોષ થાય તેમ છે.

જૈનસાહિત્યના વિષયમાં પણ મરહુમશ્રીની સેવા અતિ ઉપકારક નીવડેલ છે.

જાહેરપત્રકાર તરીકે સ્વકોમ અને ધર્મના ઉદ્ધાર અર્થે નીડર સ્વતંત્રતા દર્શાવી આપણી કોમમાથી અંધકાર અને સડો દુર કરવા મહાન ભોગ આપીને અથાગ પ્રયત્ન કરી જૈનસમાજને મોટા ઉપકાર તળે મુકેલ છે.

જૈનધર્મી બન્ધુઓ કેળવણીમાં આગળ વધી આર્થીક અને માનસિક ઉચ્ચતા મેળવે તે માટે બોર્ડીંગ હાઉસો, પાઠશાળાઓ વગેરેની સ્થાપના માટે અસરકારક અપીલો જનસમુહ સમક્ષ કરીને પણ ઘણુ અગત્યનું કાર્ય બજાવેલ છે.

ખાનગી ગૃહસ્થ તરીકે પોતાના પુત્રોને યોગ્ય પ્રકારની ઉચ્ચ કેળવણી આપી સ્વધર્મપ્રેમી, સ્વદેશદાઝસ, કર્તવ્યપરાયણ અને નીડર સ્વતંત્ર વિચારક સ્વયસેવકો જૈનકોમની સેવા માટે પાછળ મુકતા ગયેલા છે.

આવા એક મહાન ઉપકારક મહાશયના સ્વર્ગવાસથી શ્રી સ્થાનકવાસી જૈનકોમે એક ખરેખર હિતકારક ધર્મરક્ષક,સ્વતત્ર વીર યોદ્ધા ગુમાવેલ છે, તેની નોધ અતિખેદ સાથે લેવાની અતિદુખદાયક ફરજ બજાવવાનો પ્રસંગ મલ્યો છે.

આવા એક સુવિખ્યાત પિતાશ્રીનો આપશ્રીને વારસો મળેલ છે તે વારસો આપ અખડ શાતિ, પુરતા બળ અને પૂર્ણ વિખ્યાતી સાથે ઘણો કાળ ભોગવી સદરહુ વારસાને આપશ્રી વધારે ઉજ્જવળ બનાવો એવી અંતઃકરણપૂર્વકની ભલી લાગણી સાથે આપના કુટુંબ ઉપર આવી પડેલા આ દુ:ખમા ભાગ લઉં છુ

શેવક
Chunilal N. Vora.
ઓનરરી સેક્રેટરી.

જેની જરૂર હતી તે પુસ્તક આવી પહોંચ્યું છે.

રાજકોટથી મી. રેવાશંકર જાદવજી ઉદાણીનો પત્ર.

DEAR VADILALBHAI,

From the 'Kathiawad Times' I have come to know of the death of your father with deepest regret and profound sorrow.

Though this is a great affliction to you and the sangh, but in this matter we all must submit to the unavoidable working of the Law of Karma.

However we are human beings and it is very natural that we feel for the sad loss.

On such an occasion I feel myself in duty bound to express my heartfelt sympathy and respectful condolence for the excessive grief occasioned to you and your family.

મી. મણીલાલ હાકેમચંદ ઉદાણી. M. A. L L B. (મુંબઈ) નો પત્ર.

MY DEAR WADILAL,

I am extremely sorry to learn about the sad bereavement of your worthy father, who was one of the heroes of the Jain Community Surely we have lost in him an ideal character I wish you and family fortitude enough to bear this calamity and I pray for peace and bliss to the noble soul who while amongst us rendered excellent services in literary and religious fields.

ડૉક્ટર બી. બી. વોરા. L. R. C. P (ધોરાજી) નો પત્ર.

આપના પિતાના મૃત્યુ સમાચાર સાંભળીને બહુ દીલગીર થયો છુ સંઘની સારી સેવા બજાવીને તથા 'જૈનહિતેચ્છુ' જેવા ઉત્તમ માસિકને જન્મ આપીને તથા આટલા વર્ષો સુધી ફતેહમંદીથી ચલાવીને તેમણે જૈન કોમને ઉપકારના બોજા તળે મૂકેલી છે, તેથી એમના આત્માને શાંતિ મળેજ એ નિર્વિવાદ બાબત છે. આપ સમજુને સલાહ આપવી તે સોના ઉપર ઢોળ ચઢાવવા જેવું છે.

લાલા પરમાનંદજી B. A. હાઇકોર્ટ પ્લીડર (કસુર-પંજાબ) નો પત્ર

આપના પૂજ્ય પિતાશ્રી તથા હિંદના સ્થાનકવાસી જૈન સંઘના સારા મિત્ર શ્રીયુત મોતીલાલજીના સ્વર્ગવાસથી અમો સર્વેને ઘણું દુઃખ થયુ છે. એમણે બજાવેલી સેવાઓ અને એમના ગુણોનુ આ દીલાસાપત્રમા સ્મરણ કરવું એ આપના દુ.ખને તાજું કરાવવા બરાબર હોવાથી હુ માત્ર મરહુમના આત્માને શાન્તિ ઇચ્છીને જ આ પત્ર પુરો કરીશ. કૃપા કરી આપનુ પવિત્ર મિશન કાયમ રાખશો; અને એ રીતે મરહુમનુ શરીર નહિ તો નામ અમર જ છે એમ અને દીલાસો લઇ શકીશુ.

डेरा इस्माइलखानथी बॅन्कर लाला गोपीचंदनो पत्र.

Dear Sir,

We all feel much pain on hearing the death of Lala Moti Laljee whose services to Jainism will never be forgotten by all Jains. [illegible] his soul everlasting peace! Please accept [illegible] heartfelt condolence.

મુંબઈથી સર્ટીફાઈડ ઍકાઉન્ટ્સ મેશર્સ માણેકલાલ તથા નગીનદાસનો પત્ર.

રા. રા. વાડીલાલજી, આપના પિતાજીના ગુજરવાના સમાચાર જાણી અમને ઘણીજ દીલગીરી થઇ છે. આ બનાવથી આપના કુટુંબ ઉપર જેમ મોટી આફત આવી છે તેમ જૈન સંઘને પણ મોટું નુકશાન થયુ છે. તથાપિ મુરબ્બી મોતીલાલભાઇનું નામ પોતાના સત્કાર્યો રૂપે અહી હમેશ જીવતુ જ છે. તેમણે જૈનકોમની કિમતી સેવાઓ બજાવી છે તે યાદ કરતાં કયો જૈન આ બનાવથી દુઃખી નહિ થાય ? અમો આપના દુઃખમાં અંતઃકરણથી ભાગ લઇએ છીએ અને મરહુમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ. આપ સમજુ છો એટલે વધારે લખવાની જરૂર નથી, માત્ર એટલુંજ માગીએ છીએ કે આજ સુધી જેવી રીતે આપ જાહેર કાર્યો બજાવતા આવ્યા છો તેમ બજાવવાનું ચાલુ રાખશો

સરપદડ સંઘનો પત્ર.

RESPECTED SIR,

We the undersigned beg to express our heartfelt sorrow at hearing the sad demise of your worthy father who was the first man to awaken our sect to their duties towards religion and co-religionists by publishing a Magazine and several books and by giving to the Jain Sangh a sincere and learned worker like you We earnestly pray that he may obtain eternal bliss and we request you to keep up his memory by continuing to work in the line in which you have been working for years.

Yours Sincerely.

Sarapad
15th August
1913

જાદવજી મીઠા.
ગોકળદાસ ભાણજી.
Bhaichand Naku Doshi.
પટેલ ઘેલા નારણજી
વકીલ અમરશી જીવરાજ
પા. સોભાગચંદ જેચંદ
પા. માવજી ઝવેરચંદ.

વડોદરાથી મી. દલપતરામ દેવજીભાઇ શેઠ લિંબડીવાળાનો પત્ર.

My sorrow knows no bound at learning the departure of the best friend of our community to higher worlds. The Jain Sthanakvasi Sangh will hardly find an experienced writer, a sincere servant of the Faith, and a wise adviser like the deceased for years to come May he obtain perpetual peace is our heartfelt prayer.

It is simply the duty of Jains of India to collect a good fund for his memorial and if such an effort is made I shall feel it a great pleasure in collecting subscription from this side.

જૈન બુકસેલર મી. બાલાભાઈ છગનલાલ શાહનો પત્ર.

આપના પિતાશ્રીના સ્વર્ગવાસથી અમો ઘણાજ દીલગીર થયા છીએ. જૈન સાહિત્ય અને જૈન સંઘની એમણે બજાવેલી સેવાઓ કદી ભૂલી શકાશે નહિ. પણ જન્મ્યુ એને મરવાનું તો નિર્માયલુ જ છે, માટે શોકમાથી મુકત થઇ આપના કર્ત્તવ્યમાં લાગ્યા રહેશો. આપના કુટુબને માથે પડેલા દુખમા હુ ભાગ લઉં છુ અને મરહુમના આત્માને શાતિ ઇચ્છુ છુ

જૈન લેખક મી. કરસનજી નંદલાલ શાહ (રાજકોટ)નો પત્ર.

પરમસ્નેહી રા. વાડીલાલ; આપના પિતાશ્રીના ભવિષ્યના સમાચાર ન્યુસપેપરમાં વાચી જે દીલગીરી થઇ છે તે લખી જાય તેમ નથી. તેમને તો પોતાની સ્થિતિ કેટલાક માસ અગાઉ સૂઝેલ તેથી તેમણે પોતાની સઘળી તૈયારી કરી રાખેલ, તેમ તેમના સસ્કાર આપમાં નાખવામાં પણ તેમણે કચાશ રાખી નથી. તથાપિ અમૃતથી કોઇ કદી ધરાય નહિજ અને દુષ્કાળ તો ગમે તેટલે વર્ષે પણ

વસમો જ લાગે, તે પ્રમાણે આપને આ વિયોગથી લાગી આવે એમાં નવાઇ નથી, પરંતુ સકળ જૈન કોમને માત્ર આપના પિતા તરીકે નહિ પણ એક અનુપમ ઉન્નતિદર્શક પુરૂષની ખરેખરી ખામી આવી પડી છે તથાપિ આપ જાણો જ છો કે જેટલી લેણદેણ હોય તેટલી જ લેવાય-દેવાય, માટે શોક છોડી દઇ મરહુમને પ્રિય હોય એવાં કામોમા શામેલ રહેશો, આવી શીખ આપવાનુ આ પામરનુ શુ ગજુ ? તો પણ વ્યવહાર સાચવવા ખાતર અને દુ:ખનો ઉપાય કોઈ પાસે ઉભરો કાઢવો એટલો જ આપણી પાસે હોવાથી આ ઉભરો કાઢયો છે.

અમદાવાદ મિશનરી ફીમેલ ટ્રેનીંગ કૉલેજના હેડમાસ્તર મી. પોપટલાલ કેવળચંદ શાહનો પત્ર.

પરમપ્રિય વાડીલાલભાઇની સેવામાં; પરમપૂજ્ય પિતાશ્રીના સ્વર્ગવાસના ખબર 'પ્રજાબંધુ'માં વાંચી પારાવાર દીલગીરી થઈ છે. આપને માથે હમેશ કરતા વિશેષ ભાર આવી પડયો છે; અને આપણી કોમને પડેલી ખોટ પુરાવી મુસ્કેલ છે. જૈન કોમ એમની સેવાની કદર પીછાનવા માટે તેમનુ સ્મારક ફડ ખોલશે તો તે નિમિત્તે ધર્મસેવાનુ કાંઇ સારૂ કામ બની શકશે. વિશેષ શુ લખુ? હવે રૂબરૂમા મળી જઇશ

અડવાલ (તા. ધંધુકા) ના સ્કુલમાસ્તર મી. ચતુરભાઇ અનોપચંદનો પત્ર.

'ગુજરાતી પંચ' વાંચતાં આપના વડીલશ્રીના સ્વર્ગવાસના ખબર જાણી ઘણો દીલગીર થયો છુ પરમાત્મા એમના આત્માને શાંતિ આપો ! વડીલશ્રીનો આખી કોમ પર ઘણોજ ઉપકાર થયો છે અને એમની ખોટ ન પુરાય તેવી છે. આપ ભાઇઓ તેમનુ કાર્ય ઉપાડી લેવા સમર્થ છો એ વિચારથી કાંઇક દીલાસો મળે છે આપના ઉપર પડેલા આ અસહ્ય દુ:ખમા હુ અંતઃકરણથી ભાગ લઉ છુ.

સાણોદાના સ્કુલમાસ્તર મી. શકરાભાઈ હરગોવિંદનો પત્ર.

અત્યંત ખેદ સાથે વિનતિ કે, આપના પરમપૂજ્ય પિતાશ્રી કે જેમણે સમગ્ર સ્થાનકવાસી જૈન કોમને જાહેરમા લાવવા ભગીરથ પ્રયાસ કર્યો હતો અને એક કવિ, ગ્રંથકાર, વકીલ અને કોપકાર તરીકે સારી નામના મેળવી હતી તેમના સ્વર્ગવાસના ખબર 'ગુજરાતી પચ' દ્વારા જાણી અતકરણમાં જે દીલગીરી ઉત્પન્ન થઇ તે અવર્ણનીય છે. તેમની પ્રમાણિકતા, સતત ઉદ્યોગીપણુ, સહનશીલતા, ઉદારતા અને અને હિમતના ગુણો દરેક જૈને શિખવા જેવા છે. જૈનોના તે સારા ગુરૂ અને સખા હતા. પ્રિયભાઇ ' કર્મનો કાયદો અચળ છે અને મૃત્યુ તે માત્ર તે આત્માની ઉત્ક્રાન્તિ માટે છે એ સત્ય સમજનારા આપ જેવા વિદ્વાન તો આ બનાવથી નહિ ગભરાતા ચિત્તનુ સમતોલપણું જાળવી શકશે, પણ કોમને પડેલી ખોટથી થતું દુઃખ ભુસાવું મુસ્કેલ છે. અમારા વર્ગના આ અમૂલ્ય હીરાના આત્માને અખડ શાંતિ મળો એમ હુ પ્રાર્થના કરૂ છુ.

વિરમગામ ઇંગ્લીશ સ્કુલના શિક્ષક મી. વાડીલાલ પી. વોરાનો પત્ર.

MY DEAR VADILALBHAI,

To-day I have learnt with deepest sorrow about the sad death of your beloved father. It is a blow to the community, the welfare of which was at his heart It is you upon whom has fallen the whole burden of the family as well as the community. You will please allow me to offer condolence to your family and prayer to Lord Mahavir on behalf of the deceased.

વડોદરાના 'શ્રી ગુર્જર સાહિત્યવર્ધક કાર્યાલયના માલીક શ્રીયુત મહાશંકર લલ્લુભાઇ ભટ્ટનો પત્ર.

—o—o—o—

વિ. વિ. આજે પેપરમા આપના પરમપૂજ્ય પિતાશ્રી અને જૈનવર્ગના ઉત્તમ મિત્રના સ્વર્ગવાસના માઠા સમાચાર જાણી અત્યતદિલગીર થયો છુ આપ આત્માના વિકાશમાં ઘણા આગળ વધેલા હોવાથી એ સબધમા હુ વધુ લખવા યોગ્ય નથી. પણ આપ ના કુટુબના દુખમાં અતઃકરણથી ભાગ લઇ દિલાસો આપતા સ્વર્ગસ્થના આત્માને શાન્તિ આપવા પરમકૃપાળુ પ્રભુને પ્રાર્થુ છુ

મી૦ પુરૂષોત્તમદાસ બી. ગોરડીઆ B.A LL.B. નો પત્ર.

My dear Vadilal,

I am very sorry to hear the sad news of the passing away of your good father A kind hearted gentleman, he was particularly kind to me. The Jain public as well as the Gujarati reading public have lost an able writer in the founder of the first Jain magazine in Ahmedabad. Please accept my hearty condolence. May he receive eternal peace is the prayer of—

Yours Sincerely.
Purshotamdas B. Goradia.

બગસરાથી મી. ગીરધરલાલ કાળીદાસ દેસાઇનો પત્ર.

—o—

एक वृक्षे समारुढा रात्रौ नाना विहंगमाः
ते प्रभाते दिशो यान्ति का तत्र परिवेदना ।

બધુ ભાઇ શ્રી !

તા ૧૦ મી ના "ગુજરાતી"મા આપના યશસ્વી પિતાશ્રીના અવસાનના સમાચાર વાચી અત્યત દીલગીરી થાય છે. મર્હુમ વડી-

લશ્રીએ અથાગ શ્રમ અને દ્રવ્યના ભોગે, બુદ્ધિબળના પ્રભાવે, કાર્યદક્ષતાથી જાહેરની બજાવેલી અગાધ સેવા તરફ નજર દોરતા સમાજને એઓશ્રીની પુરી ખોટ જ જણાશે; ખરૂં કહુ તો સમાજના ભાગ્યમાંથી સત્પ્રકાશના પૂજનો એક ઉપયોગી અંશ લય પામ્યો છે. સંકુચિત વૃત્તિવાળી સ્થા જૈન કોમને જાગૃત કરનાર પત્રની પહેલ કરનારનું માન એઓશ્રીનેજ ઘટે છે અને એથી એમનો સ્થૂળદેહ પંચત્વને પામ્યા છતાં હીમતે વીર તરીકે એમનુ નામ ચીરસ્મરણીય રહેશે. એમની અનુપમેય કૃતિયો એમના 'મોતીલાલ' નામની અવિચળ યાદી આપશે. જન્મની ખરી સાર્થકતા તે એનુંજ નામ !

આવા ઉચ્ચ ભૂમિના સચારી કર્તવ્યશ્રેષ્ટ પુરૂષની ખોટ જેટલી સમાજને છે તેથી પણ વિશેષતઃ આપ સર્વ બન્ધુઓને આપના એ દૈવી પિતાની ખોટ જણાય એ સ્વાભાવિકજ છે પિતાશ્રીના મર્ણથી આપના મન ઉપર અનિચ્છીત શોકનુ જે દબાણ થતું હશે તેનો ખ્યાલ પણ આવવો મુસ્કેલ છે. આવા સમયે દૂર રહીને શોક પ્રદર્શિત કરી મનસ્વી રીતે દુઃખમાં ભાગ લેવા કરતાં, પિતાના જ્વલત નામને ઓપ આપનાર, વિદ્વાન્ અને શાસ્ત્રજ્ઞ વ્યક્તિને તેના એક લઘુ, અલ્પજ્ઞ સેવક તરફથી બીજો શું દિલાસો મળી શકે ?

મ્હારી એક માગણી 'જૈનહિતેચ્છુ" મારફત પ્રગટ કરશો ? સમાજના લાભ માટે તન, મન અને ધનથી યાહોમ કરનાર વ્યક્તિના સ્મરણ માટે સમાજ કાંઇ કરે તો તે તેનીફરજ છે.—કાંઇક કરવુંજ જોઇએ હુ આશા રાખુ છું કે સમાજના સમજુ આગેવાનો એ સબધે કાંઇક યોજના હાથ ધરશે અને 'મોતીલાલભાઈ સ્મારક ફંડ' ઉઘાડશે.

શોકાતુર હૃદયે શોકથી કંપતી કલમને આ વખતે તો આગળ ચલાવવા અશક્ત છુ. છેવટમાં મર્હુમના સ્વર્ગિય આત્માને શાન્તિ મળે ! એમ ઇચ્છી આંહીજ વિરમીશ.

હુ છુ,
આપનો લઘુતમ સેવક
ગીરધરલાલ કાળીદાસ દેસાઇ.

જાણીતા લેખક રા. 'સુશીલ'નો બોધક પત્ર.

પ્રિય સુજ્ઞ બન્ધુ વાડીલાલ !

આપના પિતાશ્રીના દેહાંતર ગમનના દુખદ સમાચાર ગઇ કાલે મે સાભળ્યા જન્મકાલથી જેના સ્નેહભર્યા લાલનપાલન તળે ઉછર્યા હઇએ અને પરસ્પરથી મોહ મમત્વની પ્રેમાળ ગ્રથીવડે સલગ્ન થયા હઇએ તેના નિત્યના વિયોગથી જે અકથ્ય ખેદનો પ્રસગ પ્રાપ્ત થાય છે તે આ સંસારનુ ક્ષણીકત્વ દર્શાવનારા અનેક દુર્ઘટ પ્રસગોમાનો એક છે. ભીરૂ અને પામર આત્માઓ મુર્છાભાવે. ગત પુરૂષના આશ્રય વિયોગે અને પોતાના સ્વાર્થને આઘાત પહોંચતા, ખેદ કરી કર્મબધ કરે છે. જનારના આત્મામાંથી વહેતા સ્નેહનો ઉદાર પ્રવાહ બધ થઈ જતા તેમનો આત્મા સુકાવા માડે છે. બળવાન અને વિચારશીલ મનુષ્યો ધૈર્ય અને જ્ઞાનવડે ગમે તેવા દુખદ પ્રસગોને અમોહ અને આત્મબંધરહિતપણે વેદી લઇ નવા કર્મને આકર્ષતા નથી. પ્રત્યેક પ્રસંગને તેઓ જ્ઞાતા-દ્રષ્ટાપણે અલુપ્ત અને તટસ્થ રહી વિલોકે છે. પ્રત્યેક આત્મા તેના કર્માનુસાર ગતિ આગતિ કરી રહ્યો છે. કર્મના મહાનિયમમા મહાવિર સરખા પણ અન્યથા પણુ કરવા શક્તિ નથી એમ સમજી તેઓ સકટના પ્રસગોમાં ખેદવશ બની વ્યાકુળ થતા નથી મોહ થવો એ અવિચાર અને અજ્ઞાનનુ પરિણામ છે એમ વિચારી ધીર આત્માઓ ખેદને શમાવે છે અને ઉલટા એવા પ્રસગોમાથી સસારનુ અસારત્વ, અશરણપણું, અનિત્યપણું તારવી લઈ પોતાની જીવનયાત્રાને સફળતા અર્પે છે. વિર પુરૂષોની કસોટી અને સમજણનુ તારતમ્ય આવા પ્રસગોએ જણાઇ આવે છે આત્મપરીક્ષાના પ્રસગો જીવનમા કવચીત જ આવે છે, અને તે વખતે આપણે કઇ ભૂમિકાને શોભાવીએ છીએ તે સ્પષ્ટ જણાઈ આવે છે.

તમારા બળવાનપણાની મને તમારા છેલા સહવાસમાં પ્રતીતી થયેલી છે એટલે આ દુખદ પ્રસગ તમને વ્યામોહ વશ કરે એવી બીતી મને નથી, છતા સ્નેહભાવે એટલી વિનંતિ છે કે શોકવશ ન થતાં પ્રાપ્ત સ્થિતિને અમોહપણે વેદી લેશો. અને આપના દુખમાં દુખી થનાર મારા જેવા દુરસ્થ મનુષ્યો છે એ વિચારમાથી આશ્વાસન લઇ થતા શોકને ન્યુન કરશો.

એજ વિનતિ

લી. નીત્ય આપનો,

'સુશીલ'

ઉપરાંત નીચે મુજબ ગૃહસ્થોના પત્રો મળ્યા છે, જે માટે તે સર્વ મહાશયોનો આભાર માનવામાં આવે છેઃ—

શ્રીયુત હંશરાજભાઇ પ્રયાગજી ઠાકરશી મૂળજી (મુંબઇ,) ડૉક્ટર નગીનદાસ લલ્લુભાઈ (દાહોદ), શ્રીયુત અનરાજ કીસનદાસ (સાદડી–મારવાડ), મેશર્સ બીનોદીરામ બાલચદ બૅન્કર્સ વાલે શ્રીયુત લાલચદજી શેઠી (ઝાલરાપાટન), રા. કાળીદાસ ભાઇચંદ કામદાર (મનમાડ), શ્રીયુત હીરજી રાજપાળ શાહ અને મુનિશ્રી નાગચંદ્રજી સ્વામી (કચ્છ–વાંકી), ભાઇ મનસુખ તારાચંદ (કરાંચી), મી. ડી. વી. તલસાણીઆ (મુંબઇ), મી. સી. વી, ગલીઆરા (રંગુન), શ્રીયુત રામચદ નથુમલ ઓશવાલ (મુંબઈ), રા. છગનલાલ લક્ષ્મીચદ (કઠોર–સુરત), રા. મંગળજી લક્ષ્મીચદ ગોડા (ઉપલેટા), મી. વલમ ધનજી શાહ, રા. જેઠાલાલ કુંવરજી શાહ (કરાચી), મી. ગોકુલદાસ મહાદેવ (કરાંચી), ભાઈ હરીચદ ચત્રભુજ (છત્રીસગઢ–મધ્યપ્રાંત), મી. લાલચદ કુલચંદ (સેધવા સીમરી–વડોદરા), ભાઇ ટીકમચદ (થાંદલા–માળવા), મી. જગજીવનદાસ પુરૂષોત્તમદાસ (મુંબઇ), રા. ડામરશી કુલચંદ (ધ્રાંગધ્રા), રા. ગોકળદાસ છગનલાલ (મુંબઇ), મી. વાડીલાલ મુળજી સધવી (સુરત), શાહ જગજીવન કુવરજી (કોહોડા) શાહ ઉજમશી ખીમચંદ (વિરમગામ), રા. જીવણલાલ ધનજી સરવૈયા (ભાવનગર), રા. કપુરચદ બેહેચર (વેરાવળ), મી શીવલાલ દેવચદ (મુળી), રા. કચરાભાઇ લધાભાઇ (લાલપુર–જામનગર), રા. કપુરચદ બેહેચર (વેરાવળ), રા. ગોપાળજી વીરજી (જામકડોરણા), રા. કેશવજી સાંકળચદ મહેતા (કરાંચી), રા. હેમચદ દયાલજી મહેતા (ધ્રોળ), રા બાવાભાઈ મકનજી ગોડા (ગોંડલ), રા. ખીમચદ જગજીવનદાસ (કરાચી), શાહ પુરૂષોત્તમદાસ લલ્લુભાઇ (વિરમગામ), વગેરે, વગેરે, વગેરે.

स्वीकार अने अवलोकन.

નીચેનાં પુસ્તકોની પહોચ આભાર સહ સ્વીકારીએ છીએ—

પૂજ્યશ્રી અજરામરજી સ્વામીનું જીવનચરિત્ર:—લેખક, લિંબડી સંપ્રદાયના શતાવધાની પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજી સ્વામી, પ્રસિદ્ધ કર્ત્તા મેશર્સ **જેઠાલાલ રામજી** તથા **છોટાલાલ** કપુરચંદ (**માંગરોળ**), મૂલ્ય ૦-૫-૦

સુંદર કાગળ, સુંદર પ્રીન્ટીંગ અને પાકા સુંદર બાઇન્ડીંગવાળુ આ પુસ્તક એવાજ સુંદર લખાણથી ભરપુર છે. પુસ્તકની ભાષા સંસ્કારવાળી અને જૈન સાધુ લેખકોમા ક્વચિત્ જોવામાં આવતી હોય એવી છે એમાં પ્રથમ સ્થાનકવાશી જૈનધર્મનો કેટલોક ઇનિહાસ પણ આપ્યો છે. મરહુમ પૂજ્ય શ્રી **અજરામરજી** સ્વામીનુ જીવનચરિત્ર આળેખવામા પૂજ્ય લેખકે એક **આદર્શમુનિનું** ચિત્ર આળેખવાનો જ આશય દૃષ્ટિ સમક્ષ રાખ્યો જણાય છે ઉચ્ચ વિદ્યાભ્યાસ, દીક્ષાના ઉમેદવારની લાયકાતની કસોટી કરવાનો રીવાજ, સાધુસુધાગણા વગેરે બાબતો પર ઘણો પ્રકાશ આ પુસ્તકમાં નાખવામાં આવ્યો છે. પૂજ્યશ્રીના આધ્યાત્મિક જીવન વિષે લખવા જતા વિદ્વાન લેખક મહાશયે યોગશાસ્ત્રનુ સંક્ષેપમા ભાન કરાવ્યું છે. અને છેવટે ભક્તામર સ્તોત્રના દરેક શ્લોકનુ ચોથુ ચરણ કાયમ રાખીને પહેલાં ત્રણ ચરણ મરહુમ પૂજ્યશ્રીના ગુણગ્રામ સંબંધમા નવા બનાવ્યાં છે. સંસ્કૃતમા આવી ખુબીથી કાવ્ય બનાવી શકનાર જૈનમુનિ એકંદર જૈન વર્ગમા ભાગ્યેજ ૨-૪ હશે

આખુ પુસ્તક વાંચતાં મરહુમ પૂજ્યશ્રી એક પ્રભાવક પુરૂષ હતા એવો ખ્યાલ સહજ આવી શકે છે, પરંતુ તે છતા એટલું તો કહેવું જ જોઇશે કે એમનામાં જે ગુણો અને શક્તિ ખરેખર હતાં તે વર્ણવી બતાવવા કરતા નિસ્તેજ બનેલા સાધુવર્ગને એક આદર્શ સાધુ કેવો હોવો જોઇએ એ બતાવવા તરફ વધારે લક્ષ અપાયુ છે. અને તેવી આ પુસ્તક તમામ જૈન મુનિઓએ વાચવું જોઇએ છે. આગેવાન શ્રાવકો આ પુસ્તક વાચવાની ફુરસદ લેશે તો એમની સાધુઓ પ્રત્યેની ખોટી અંધશ્રદ્ધા દૂર થઇ સાધુતા શું છે અને

શ્રદ્ધા કેવા પ્રત્યે હોવી જોઇએ એ બાબતનું નિર્મળ જ્ઞાન ત્હેમને પ્રાપ્ત થશે. આવા વધુ પુસ્તકો લખાવાની જરૂર છે; અને અમને જાણીને હર્ષ થાય છે કે એવાજ એક સમર્થ મુનિરાજ પૂજ્ય શ્રી ધર્મસિંહજીનું જીવનચરિત્ર પણ એવા જ આશયથી લખી ચૂક્યા છે, કે જે થોડા વખતમા બહાર પડનાર છે. અમારા મુનિવર્ગ પૈકી કેટલાક રત્નો આ રસ્તે વળ્યા છે એ જોઈ અમને અકથ્ય હર્ષ અને સંતોષ થાય છે. 'મહાવીર-મિશન'ના રત્નો આવા જ હોવાં જોઇએ.

શ્રી સુબોધ સંગીતમાળા ભાગ ૩ જો—રચનાર, મુનિ શ્રી **નાનચંદ્રજી** સ્વામી, પ્રસિદ્ધ કર્તા શાહ **ઓઘડ જીવણ** (લિંબડી) મૂલ્ય ૦-૨-૦

૯૦ પૃષ્ટનું, પાણીની કિંમતે મળતું, સુંદર છપાઈવાળું આ પુસ્તક ખાસ કરીને સ્ત્રીવર્ગ માટે યોજાયલું છે. એમા સ્ત્રી ઉપયોગી વિષયોનો કાવ્યરૂપમા સમાવેશ કરવામા આવ્યો છે. દરેક શ્રાવિકાએ વાંચવા લાયક છે અને સ્ત્રી સમાજોમા ફાસફુસીઆ ગાયનોને બદલે એવા ગીતો ગવરાવવાની પ્રથા દાખલ કરવી જરૂરની છે

જૈન સજઝાયમાળા, ભા ૨ જો:—છઠ્ઠી આવૃત્તિ, ૨૨૦ પૃષ્ટ, પાકુ છીંટનું પૂઠું, મૂલ્ય માત્ર રૂ. ૧); પ્રસિદ્ધકર્તા **શાહ બાલાભાઈ છગનલાલ** (અમદાવાદ) આ પુસ્તકમા વિવિધ મુનિઓ અને કવિઓએ રચેલા ૧૭૩ પદો, સ્તવનો, ઢાળો, સજઝાયો વગેરેનો સમાવેશ કરવામા આવ્યો છે. આ સજઝાયો વગેરે ઘણાં વર્ષો થયા જૈનોમા મશહુર હોવાથી એમની રચના કે વિચારો સબંધે અત્રે કાંઇ બોલવાનું રહેતું નથી મી બાલાભાઇએ આવું મ્હોટું પુસ્તક રૂ. ૧) જેવી નજીવી કિંમતમા વેચવાનું સાહસ કર્યું છે તે ખરેખર આશ્ચર્યજનક છે અત્રે એકંદર જૈન લેખકોને ઉદ્દેશીને એક નમ્ર સૂચના કરવાની અમે રજા લઇશું કે, જૈન પુસ્તકોનો ઉઠાવ જોઇએ તેટલો ન હોવાથી ઉત્તમ પુસ્તકો છપાવવા પાછળ થતું ખર્ચ પણ વસુલ થવાના [illegible] છે એ વાત અમારે માન્ય છે, તેથી કોઇ મદદ આપનાર ગૃહસ્થ મળી આવે તો તેમના નામની આભાર [illegible] કરવાને તેમના " અમુક ગૃહસ્થની ધર્મજ્ઞાનના પ્રચારાર્થે અમુક

રકમ આ પુસ્તક છપાવવામા આપી છે તે માટે હેમનો આભાર માનું છુ" એમ લખવુ એ કૃતજ્ઞપણાની નીસાની હોવા ઉપરાત જરૂરનુ પણ છે, પરન્તુ ૫-૫૦-૧૦૦ કે ૧૦૦૦ રૂ. માટે પણ બીજા ઉચ્ચ ગુણો અમુક દાતાને આરોપી દેવા અને એક સર્વગુણસપન્ન પુરૂષ તરીકે અર્પણ પત્રિકા લખવી એ તો ધાર્મિક પુસ્તકોનુ ગૌરવ ઘટાડવા જેવુ થાય છે આશા છે કે, જૈન લેખકો અને પુસ્તક પ્રસિદ્ધ-કર્તાઓ આ નમ્ર સૂચનાપર શુભ દૃષ્ટિથી વિચાર કરશે.

શ્રી સામાયિક-સ્વરૂપ (સસ્કૃત છાયા, વિધિ, વિવેચન, ઉપયોગી પદો, વચનામૃતો, બારવ્રત, અને ભક્તામર સ્તોત્ર સહિત); રચનાર લિબડી સપ્રદાયના મુનિ શ્રી **નાનચદ્રજી** સ્વામી, પ્રકાશક શ્રી **અજરામરજી જૈન વિદ્યાશાળા** તરફથી શાહ **ઓઘડ જીવણ** (**લિંબડી**). મૂલ્ય ૦-૪-૦

ત્રણ ત્રણ બદામના જ્ઞાનથી 'પડીતરાજ' બની ગયેલા અનેક મુનિઓ આજ સુધીમાં ઘણીએ સામાયિક-પ્રતિક્રમણની બુકો અધશ્રદ્ધાળુ શ્રાવકો પાસે છપાવરાવી શ્રાવકોના દ્રવ્યના ભોગે અજ્ઞાન લોકોમા વાહવાહ ખાટી ગયા છે. એમાની કેટલીક બુકોનું અવલોકન કરવા જો કોઈ **જૈનેતર** પડિતને કહેવામાં આવે તો એ બીચારા સાધુઓના ગોટલા છોતરા પણ હાથ લાગે નહિ એવી ટીકાઓ થવા પામે જેમને માગધી કે ગુજરાતી ભાષાનુ કાંઈ જ્ઞાન નથી, સામાયિક જેવા આધ્યાત્મિક વિષયને સમજવા જેટલી માનસિક શક્તિ નથી, અને વિદ્વાનોની સલાહ અને મદદ યાચવા જેટલી નમ્રતા પણ જેમનામા નથી, તેઓ પોતાના અધશ્રદ્ધાળુ શ્રાવકોને ચઢાવીને ફોસલાવીને પોતાનાં રચેલા મૂર્ખાઈભર્યાં થોથાં ભલે બહાર પાડયાં કરે, પણ હવેનો વિચારવાન જમાનો એમને કોઠું નહિ જ આપવાનો. સુભાગ્યે હમણા મુનિશ્રી **નાનચદ્રજી** સ્વામીએ સારી મહેનત લઇ, તથા કેટલાક વિદ્વાનોની સલાહ લઈ, '**સામાયિક સ્વરૂપ**' નામનુ પુસ્તક બહાર પડાવ્યુ છે, તે એક નમુનારૂપ પુસ્તક હોવાથી અમને હવે આશા બધાઇ છે કે જૈન મુનિવર્ગનું મન **બાહ્ય**માથી છૂટી **રહસ્ય** તરફ વળવા લાગ્યુ છે ખરું. સામાયિક એટલે શુ, હેનુ પ્રયોજન શુ, હેનુ સામર્થ્ય શું, લાભ શું, લાભ કેટલો કે કેમ, કેવી સ્થિતિમાં સામાયિક કરવું, ભાવ સામા-

યિક અને દ્રવ્ય સામાયિકનુ સ્વરૂપ, સામાયિકનાં લક્ષણો, મન શુદ્ધિ, વચનશુદ્ધિ, શરીરશુદ્ધિ, શુભ ભાવના, ધ્યાન, સામાયિકનુ રહસ્ય, સામાયિક અને યોગની ક્રિયાઓ વચ્ચે એકતા, આ વગેરે મુદ્દા ઉપર સારો પ્રકાશ આ પુસ્તકમા શુદ્ધ સરળ ભાષામા નાખવામાં આવ્યો છે, અને તે પછી સામાયિકના માગધી પાઠ તથા હેની સસ્કૃત છાયા તથા ગુજરાતી ભાષાંતર અને વિવેચન વગેરે આપ્યુ છે છેવટે, સામાયિકમાં વાચવા યોગ્ય ભક્તામર સ્તોત્ર, પદો, વચનામૃતો વગેરે આપ્યુ છે. પુસ્તક એકદરે ઘણું ઉત્તમ બન્યુ છે અને મુનિશ્રી **નાન-ચદ્રજી** સ્વામીને આવી પ્રવૃત્તિ માટે જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે, પરતુ જે જે ગ્રથોની મદદ કે ઉતારા લેવામાં આવ્યા છે હેમનાં નામ (ગ્રથકારોના રીવાજ મુજબ) પ્રસ્તાવનામાં જાહેર કર્યાં હોત તો તે લેખકો પોતાને અન્યાય થયો ન માનત. દાખલા તરીકે શ્રીયુત **મોહનલાલ દલીચદ દેસાઇ** કૃત "સામાયિક સૂત્ર"ની સાથે રાખીને મહારાજશ્રીનુ પુસ્તક વાચવાથી જણાય છે કે એમાથી ઘણો ભાગ લેવામાં આવ્યો છે. અલબત કોઇના ઉત્તમ વિચારો ઉત્તમ આશયથી ગ્રહણ કરવા તે કૃત્ય પોતે દોષિત નથી, પરન્તુ એમ કર્યાની કબુલત પોતાના પુસ્તકમાં આપવી એ વિદ્વાન લેખકોની જગપ્રસિદ્ધ રૂઢી છે.

શ્રી જગડૂ ચરિતઃ—શ્રી સર્વાનન્દ સુરિકૃત સંસ્કૃત ગ્રથનુ ગુજરાતી ભાષાંતર કરી ટીકા, ઇતિહાસ અને ભૂગોળ સબધી વિશાળ પૂરવણી સહિત પ્રસિદ્ધ કરનાર રા મગનલાલ દલપતરામ ખખ્ખર (મુંબઇ), મળવાનુ ઠેકાણુ **પંડિત જયેષ્ટારામ મુકુંદજી**, કાલબાદેવી, મુંબઇ, મૂલ્ય રૂ. ૧)

પ્રસિદ્ધ દાનેશ્રી **જગડૂશા** કે જેણે સવત્ ૧૩૧૫ ના દુષ્કાળમા લોકોને દાન દઈ બચાવ્યા હતા હેમનુ કાઇક સાચુ, કાંઇક કલ્પના મિશ્ર અતિશયોક્તિ ભરેલું ચિત્ર આળેખવાના એક જૈન સૂરિના પ્રયાસનુ આ ફળ છે એ જમાનાના લોકોની ઉદારતાનુ અને લેખકોની (ખુદ **ત્યાગી** લેખકોની) પણ વાચાળતાનુ ભાન કરાવવા માટે આ પુસ્તક ઘણુ ઉપયોગી છે. રા. ખખ્ખરે એની જૂની હસ્તલિખિત પ્રતો મેળવવામા ઘણી મહેનત લીધી છે, તે ઉપરાંત જગડૂશા સબધે અગ્રેજી અને સસ્કૃત પુસ્તકોમાં જે જે ઇસારા જોવામા આવ્યા

હેનો હેમણે સંગ્રહ કર્યો છે, વળી દંતકથાઓ પણ એકઠી કરી છે, અને એ સર્વ ઉપરથી લખાયલો આ ગ્રંથ જનસમાજ સમક્ષ રજુ કર્યો છે. ભાષાંતરકાર પોતે જૈન નથી, છતાં એક જૈનમુનિને જ તે પુસ્તક અર્પણ કરવામાં આવ્યુ છે, એ એમની દૃષ્ટિવિશાલતાનો પુરાવો છે. પૂરવણીમાં ઘણી ઐતિહાસિક બાબતો એમણે સંગ્રહીછે, કે જેમ કરતા હેમને અથાક શ્રમ લેવો પડયો હશે એમ અનુમાન થઇ શકે છે.

સત્યપ્રકાશ, ભા. ૧ લો:—લેખક અને પ્રકાશક, મંગળજી હરજીવન ચિતળીઆ, માંગરોળ જૈનશાળાના શિક્ષક, મૂલ્ય ૦-૮-૦.

લેખક તરીકે બહાર પડવાની ઇચ્છા એક જૈનશાળાના શિક્ષકને થાય એ ખુશ થવા જેવું છે; તેથી આ શિખાઉ લેખકની પ્રથમ કૃતિનુ અવલોકન કરનારે જરા વિશેષ ઉદારવૃત્તિ રાખવી ઘટે છે. આ પુસ્તકમા પ્રથમ ૧૦૮ ઉપદેશવચનો મૂકવામા આવ્યા છે, જે વાચવા જેવા છે જે જે ગ્રંથોમાથી કેટલાંક વચનો લેવામાં આવ્યા છે તે તે ગ્રંથોના નામ ફુટનોટમાં આપવા જોઇતા હતા. એકંદરે પુસ્તકમાંના વિચારો સારા છે, ભાષા મધ્યમ છે, જો કે કેટલેક સ્થળે વગર જોઇનો આડંબર કરાયલો પણ જોવામા આવે છે પ્રયત્ને ભાષા-વધારે શુદ્ધ અને સરળ બનશે એમ આશા રખાય છે મ્હોટા વ્યાપાર જેમ સામાન્ય નોકરોએ આદરવા યોગ્ય નથી, તેમ ગ્રંથકાર તરીકેનુ કામ સામાન્ય વિદ્યાર્થિઓએ ઉપાડવા કરતા તેવાઓએ વધુ પુસ્તકો શિખવામા ચિત્ત રાખવુ એ હેમને તથા જનસમાજને માટે વધારે હિતકર છે, એમ એક શુભેચ્છક તરીકે સૂચવવાની રજા લઇશુ

મેશર્સ મેઘજી હીરજીની કંપની (પાયધોની-મુંબઇ) તરફથી નીચેનાં પુસ્તકો અવલોકનાર્થે મળ્યા છે—

૧ **વનિતા વ્યાખ્યાનમાળા**:—કર્તા, પંડિત રત્નસિંહ નેણશી; મૂલ્ય, ૦-૨-૦.

૨ **ઋષિદત્તા**:—લખનાર, વાડીલાલ મોતીલાલ શાહ, મૂલ્ય ૦-૨-૦.

૩ **શ્રીસુભદ્રા**:—લેખક, ઝવેરી દુર્લભજી ત્રિભુવનદાસ, મૂલ્ય ૦-૩-૦

૪ **આત્મશક્તિનો ઉદય:**—મહારાજશ્રી ચારિત્રવિજયજીના ભાષણોનો સંગ્રહ, મૂલ્ય ૦-૩-૦.

૫ **જૈન દર્શનનાં મૂળતત્વો:**—લેખક, ઝવેરી હીરાચંદ લીલાધર, મૂલ્ય, ૦-૪-૦.

આ પાંચે પુસ્તકો એકસરખી મનહર છાપ અને એકસરખા ચિત્તાકર્ષક પુંઠાંવાળાં હોવા સાથે ઉપયોગી છે. મી. મેઘજી જાણીતા લેખકોનાં પુસ્તકો સારા આકારમા પ્રસિદ્ધ કરવાની ઠીક કાળજી ધરાવે છે. આ જાતના ન્હાનાં પુસ્તકો વધુ સંખ્યામાં (જૂદા જૂદા વિષયોપર) બહાર પાડવા અમે તે ઉત્સાહી ભાઇને ભલામણ કરીએ છીએ. દરેક જૈને આ સસ્તા પુસ્તકો પોતાની લાઇબ્રેરીમા સંગ્રહવા જોઇએ છે

Srimad Yashovijayaji.—This short sketch of the sacred Jain Scholar's life is written by Mr. Mohanlal Dalichand Desai B A LL. B, whose **नयकर्णिका, सामायिक सूत्र** and **जैन काव्य प्रवेश** have already introduced his name to the Jain public as a sincere and painstaking writer on religious matters. He says in this little book that the great '*reformer*' Yashovijayjee was probably a Shrimali Bania of Gujrat, and it is probable that he was initiated into *Yog-vidya* by the Mystic Mahatma Anandghanjee. He wrote 62 Sanskrit and 47 Gujrati books. Being a contemporary of Tukaram, Ramdas, Premanand, Teg Bahadur, Tulsidass, his works breathe of devotion, carelessness to the fetters of customs, freedom of thought, foresight and a peculiar beauty of expression. We have no hesitation in recommending this excellent life to every English-knowing Jain (Price only four Annas, Publishers Messrs Meghjee Hirjee & Co, Pydhoni, Bombay)

"श्री कृपारामजी महाराज कृत सवइया और कुंडलिया":- विना मूल्य प्रचारार्थ प्रसिद्धकर्त्ता श्रीयुत कनीरामजी बांठिया (भीनासर) " दान देनेमें पाप है " ऐसी २ वाहियात वातें समझाने वाले नामधारी गुरुओंकी मान्यताओका इसमें खडन किया गया है.

A Gathic Picture of Zoroaster by Mr. Pithawalla, B A. B., Sc (Poona) This booklet shows how educated Parsis have of late turned to religious study and investigations How beautiful are the following lines of Introduction.

The Great Zoroaster, *forsaking*
A world of strife and deceit,
'Mid *solitude* wild and alluring
Had found a *serene retreat*
And simple his faith, and unchanging
Among the contending creeds,
Through all his long life illustrating
"Good Thoughts,Good Words and Good Deeds
To Earth's nations he was proclaiming
Away with the myth-grown creeds !
But practise the Love-laws unceasing
"Good Thoughts,Good Words and Good Deeds."

દિલખુશ હિતશિક્ષા —આ ન્હાનુ ચોપાનીઉં જો કે વિના-મૂલ્ય વ્હેંચવા માટે છપાવવામા આવ્યુ છે, તોપણ ત્હેના લેખક અને પ્રકાશક શાહ દલસુખભાઈ ગિરધરલાલે સમય અને દ્રવ્યનો નિરર્થક વ્યય કર્યો છે એમ કહ્યા સિવાય ચાલતુ નથી આજે જેમ શુદ્ધ ગૃહસ્થાશ્રમ પાળતા શિખ્યા પહેલા ગુરૂ મહારાજ બનવાના કોડ ઘણા-ઓને છે તેમ વિદ્યાર્થી બનવા પહેલાં ગ્રંથકાર, પ્રસિદ્ધકર્ત્તા અને પત્ર-કાર તરીકેની નામનાનો શોખ પણ ઘણાઓને લાગ્યો જોવાય છે,

જેથી સામાન્ય બુદ્ધિવાળા વાચકોને હાથ સારાં પુસ્તકો ભાગ્યેજ આવે છે,–એટલા બધા નિરૂપયોગી અને હાનીકારક પુસ્તકો ગુજરાતી ભાષામા વધી પડયા છે. આવા લેખકોને અભ્યાસ વધારવાની સલાહ આપનારા ટીકાકારોની આજે વધુ જરૂર છે, નહિ કે 'પુસ્તક સારૂ છે, ભાષા સરળ અને શૈલિ બોધદાયક છે' એવા અર્થ વગરનાં ખુશામતીઆ વચનોમા અવલોકન કરી તે લેખકોને અને જાહેર પ્રજાને ભ્રમમા નાખનારાઓની. અફસોસની વાત છે કે ઘણાખરા અવલોકનકારો તો પુસ્તક વાંચવાની દરકાર કર્યા વગરજ અભિપ્રાય લખી વાળે છે, કેટલાક તો પોતેજ લેખક તરીકેની યોગ્યતા મેળવ્યા પહેલાં અવલોકનકાર કે પત્રકાર બની બેસે છે આ સયોગોમા જાહેર પ્રજાને સારા, મધ્યમ અને ખરાબ પુસ્તકોનો વિવેક કરાવનારની અછત જણાય તો એમા આપણે આશ્ચર્ય પામીશુ નહિ.

હંસરાજ વછરાજનો રાસ—પ્રસિદ્ધકર્ત્તા શાહ બાલાભાઈ છગનલાલ (અમદાવાદ), મૂલ્ય ૦–૬–૦.

જિનોદયસૂરિ કૃત આ રાસ બીજા રાસોની માફક રસીક છે, તેમજ ઉપદેશી પણ છે. મી. બાલાભાઇ જૈન ધર્મના પુસ્તકોનો પ્રચાર કરવાને સારી મહેનત કરે છે અને એક લેખક તરીકે બહાર પડવાનો ખોટો દાવો કરતા નથી એ ખુશ થવા જેવુ છે પુસ્તકમા અનુક્રમણિકા, પ્રસ્તાવના અને કથાનો ટુંક સાર મૂકવાનો રીવાજ રાખશે તો વધારે મગજભર્યું થશે.

શું ઇશ્વર જગત્કર્ત્તા છે?—બાબુ દયાચંદ ગોયલીય જૈન B. A (લલીતપુર) એઓએ લખેલા હિંદી લેખનુ ગુજરાતી ભાષાંતર પૅમ્ફલેટ રૂપમાં બહાર પાડી પોતાના 'દિગંબર જૈન' પત્રના ગ્રાહકોને એક વધારાની ભેટ તરીકે આપવા માટે શ્રીયુત મૂળચંદ કિસનદાસ કાપડીઆને ધન્યવાદ ઘટે છે. એમાની દલીલો વાચવા જેવી છે, સામાન્ય જનસમાજ સહેલાઇથી સમજી શકે તેવી છે,–જો કે આ વિષય એવો ગહન છે કે એના ઉપર એક મ્હોટો ગ્રંથ રચાવાની જરૂર છે, જેમા વિશ્વનુ સ્વરૂપ, જૈનો અને વેદાંતીઓએ માનેલા ઇશ્વરની વ્યાખ્યા, કર્તૃત્વ એટલે શુ, તે સબધી સાયન્ટીફીક અને

કરવો, અભ્યાસના લાભો, ગરીબાઇ વિદ્યાવિલાસને વિઘ્નકર્ત્તા નથી, સ્વપરિશ્રમથી સુશિક્ષિત થયેલાઓ, સાહિત્યપ્રેમી વેપારીઓ, વિજ્ઞાન-શાસ્ત્રીઓ, વિદ્વાન મોચીઓ, કારાગૃહમાં સાહિત્યસેવા, જ્ઞાનનો સદુપયોગ વગેરે વિષયો ચર્ચવામાં આવેલા હોવાથી દરેક વિદ્યાર્થી તેમજ વેપારીએ વાંચવા-મનન કરવા યોગ્ય છે.

૫ નામદાર શહેનશાહ:—જાણીતા લેખક શ્રીયુત **અમૃતલાલ સુંદરજી** પઢીઆરનુ આ પુસ્તક દરેક માતા-પિતાએ વાચવા યોગ્ય છે. નામદાર **શહે**નશાહ અને **શ**હેનશાહબાનુના જીવનના ન્હાના મ્હોટા બનાવોમાથી સાર ખેચી એ ઉપર ઉપદેશી પૅરેગ્રાફો ભરવામાં આવ્યા છે. લેખકનો હેતુ શહેનશાહ અને શહેનશાહબાનુનુ જીવન લખવાને બ્હાને વાચકોને એક આદર્શ માતા-પિતાનું ચિત્ર કલ્પી બતાવવાનો હોય એમ સભવે છે (મૂલ્ય ૦-૨-૦, પાકુ પુઠું ૦-૪-૦)

'સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય' અલબત પ્રશસાપાત્ર પરિશ્રમ ઉઠાવે છે અને ઉત્તેજનને પાત્ર છે, પરંતુ એવી સસ્થાએ મણકા તરીકે પ્રગટ કરવાનાં પુસ્તકોની **પસંદગી** બાબતમાં બેદરકારી બતાવવી જોઇતી નથી. દર વર્ષે અમુક સો કે હજાર પૃષ્ઠોનુ વાચન આપ્યું એટલે કર્તવ્ય કરી ચૂક્યા એમ સમજવુ જોઇતું નથી. છપાઇ ગયેલાં પુસ્તકો અક્ષરે અક્ષર પુન. છપાવવાં, એની એ મતલબના બીજાં પુસ્તકો છપાવવાં, મધ્યય દરજ્જાની અને બહુ ઉપયોગ વગરની કવિતાઓ છપાવવી, તથા પ્રસિધ્ધિ ઇચ્છિતા મધ્યમ દરજ્જાના લેખકોના પુસ્તકો (માત્ર તેઓ મફત લખી આપે છે એટલાજ ખાતર) પ્રગટ કરી મણકા પુરા કરવા એ સલાહભર્યું ગણાશે નહિ. આ સસ્થાએ બહાર પાડેલાં પુસ્તકોની સખ્યા જોતાં હવે સારા લેખકોને ઠીકઠીક બદલો આપી સસ્કૃત અને અગ્રેજી ભાષાના ઉત્તમોત્તમ પુસ્તકોનુ ભાષાંતર કરાવવામા આવે તો ખર્ચને ન પહોચી શકાય એમ મનાતું નથી

'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હૅરલ્ડ'નો પર્યૂષણનો અંક—આજ સુધીમાં જૈન પત્રકારો તરફથી જેટલા ખાસ અકો નીકળ્યા છે તે સર્વમાં પ્રથમપદે મૂકવા લાયક આ અંક વાંચી અમને ઘણો સતોષ થયો છે. જૈનના ત્રણે ફીરકાના લેખકો ઉપરાંત જૈનેતર વિદ્વા-

નોના પણ પુષ્કળ લેખોને આમા સ્થાન અપાયુ છે તેથી એની સુંદરતા, ઉપયોગીતા અને વિવિધતામા વધારો થયો છે. પ્રગતિવિરોધી જૈન સાધુ વર્ગમાથી હમણાં હમણા કેટલાક ઉદાર વિચાર ધરાવતાં નેતા પ્રકાશવા લાગ્યા છે એ, આ અકમાના બે લેખો ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે આ બે લેખોમાનો એક શ્વેતામ્બર મુનિરત્નશ્રી ચારિત્રવિજયજીનો છે, જ્યારે બીજો લેખ શ્વે૦સ્થાનકવાસી વર્ગના મુનિરત્નશ્રી ત્રિલોકચદજીનો છે તેઓના લખેલા 'જૈન' અને 'મુનિજીવન' મથાળાના લેખોમાથી જૈનસમાજને ઘણુ શિખવાનુ મળે તેમ છે અને અધશ્રદ્ધાના ઝાકળને તો સૂર્ય જેટલો ડર તે વિચારોથી લાગે તેમ છે. ઇનસાફ ખાતર કહેવુ જોઇશે કે મુનિશ્રી ત્રિલોકચદજીની ભાષા સ્વતત્ર વિચારક શ્રી ચારિત્રવિજયજી કરતા પણ ચ્હડીઆતી છે. રા પઢીઆરનો 'મનુષ્ય પૂજાની મજા' એ મથાળાનો લેખ જૈન જેવી ક્રિયાકાડમા મશગુલ થઈ ગયેલી કોમને ખરી પૂજાનો માર્ગ બતાવવાને બહુ ઉપયોગી થઈ પડે તેવો છે. રા. સુશીલનો 'Divine Discontet' અને સ્વર્ગસ્થ રા મેપાણીનો 'Jain Phraseology into English' બન્ને લેખ કેળવાયલા જૈનો ધર્મના તત્વજ્ઞાનમા કેવા વધવા લાગ્યા છે એનો પ્રત્યક્ષ પુરાવો છે રા નાનાલાલ દલપતરામ કવિનુ 'પ્રભાત' નામનુ દીવ્ય જ્ઞાન, રા સાગર, રા વસત તથા શ્રી નાનચદજી મહારાજના કેટલાક કાવ્યો ઘણા આનદજનક છે રા રણજીતરામ વવાભાઇએ જૈનોને સ્વધર્માભિમાન ચ્હડે એવો લેખ લખી પોતાની વિશાળ દ્દષ્ટિ બતાવી આપી છે રા સાગરનો લગ્ન વિચાર અને દપતિધર્મ' લેખ લગ્નની ફીલસુફી બરાબર સમજાવે છે પ્રાણ અને આત્મા સબધી જૈન અને જૈનેતર દ્દષ્ટિની અભિન્નતા બતાવનારો રા ગોકુલદાસ નાનજીભાઇનો લેખ મનન કરવા જેવો છે ઑનરરી ઍડિટર મહાશયે કેટલાક કાવ્યો, મહાવીરાચાર્ય સબધી લેખ તથા સ્થૂલીભદ્રની કથા વગેરે લેખો લખવામા પુષ્કળ શ્રમ ઉઠાવ્યો છે, એટલુ જ નહિ પણ એડીટોરીઅલ્સ પણ પુખ્ત વિચારપૂર્વક લખી છે જૈન સૂત્રોના છાપાતરનુ જે કામ રા મનસુખલાલ રવજીભાઇ મહેતાએ હમણા ઉપાડી લીધુ છે તેની વિરુદ્ધ જ્યારે શ્વેતામ્બર બીજા પત્રકારો બૂમરાણ કરી રહ્યા છે ત્યારે આ શાન્ત અને સમયસૂચક સમ્પાદકે ખડનમડનથી દૂર રહી આવા કાર્યની આવશ્યકતા જણાવી છે, અને તે કેવી રીતે થવુ જોઇએ

તે બાબતમાં કેટલીક કિમતી સૂચનાઓ આપી છે તથા એ કાર્ય ઉપાડવા ઇચ્છતા ગૃહસ્થને બીનજરૂરી ખળભળાટથી બચાવવા માટે એક વ્યવહારકુશળ સલાહ આપી છે. શ્રીમદ્ વિજ્યાનંદ સૂરિના જીવન સબધી એક હિદી લેખ પણ આ અકમાં નજરે પડે છે, આ લેખમાંના કેટલાક શબ્દો વાંચી અમને ઘણો ખેદ થયો. 'હૅરોલ્ડ' જેવા પત્રમાં આવા લેખકોને–પછી તે ગમે તેવા લોકપ્રિય પુરૂષ હોય તોપણ જગા ન અપાય એમ હરકોઈ વિશાળ હૃદયવાળો જૈન આશા રાખી શકે

એકંદરે 'હેરલ્ડ'નો આ ખાસ અક આટલો ઉત્તમ કહાડવા માટે હેના માનદ સમ્પાદક મહાશયને ધન્યવાદ ઘટે છે. આવો દળદાર અંક તૈયાર કરવામાં કેટલા વખત અને બુદ્ધિબળનો વ્યય કરવો પડે છે તે માત્ર એ કામના અનુભવીઓજ સમજી શકે વળી મુબઇની જ જાળી જીદગી અને વકીલાતનો ધધો એ બન્ને એવી બાબતો છે કે ઑનરરી કામ પાછળ આટલા વખતનો ભોગ આપવો ઘણો મોઘો થઈ પડે અને તેમ કરવું ઘણા થોડાથીજ બની શકે. અફસોસની વાત છે કે, જ્યારે આવા સહૃદય સપાદક મળ્યા છે ત્યારે જૈન વિદ્વાનો અવારનવાર સ્વતત્ર લેખો મોકલવારૂપે અને જૈનસમાજ હેના ગ્રાહક થઇ આર્થિક સ્થિતિ સુધારવારૂપે પોતાનો 'ધર્મ' બજાવવામા પાછળ પડે છે

કેટલીક સસ્થાઓના વાર્ષિક રીપોર્ટો અવલોકનાર્થે મળ્યા છે, જે વચાયા બાદ અવલોકન હવે પછીના અકમાં અપાશે

प्रकाशककी पत्र–पेटी.

लाला टोडरमल व रामसरुप–मुहाना:—शास्त्रोंकी चोरीके बारेमें आपने जो लेख छापनेको भेजा ईससे शीर्फ धर्मकी हंसी होनेका संभव है, और खरीदनेवाले ऐसी नोटीस पढते हुए भी नहीं रुक सकते नालायकोंको साधु बनानेके वक्त कोई किसीकी सलाह सुनते भी नहीं, बादमें चोरी–जारीकी वात होती है तब अखबारमें दर्ज करानेको दौडनेसे क्या फायदा है? अय बंधुओ! अब भी सोचो और अंधश्रद्धाको छोड नालायकोंको दीक्षा देनेका रवाज बंध करो.

ઉપદેશ રત્નકોષ,

અથવા

સુખી જીંદગી ગુજારવાનો વ્યવહારૂ ઉપદેશ.

શ્રી જિનેશ્વર સુરિકૃત પ્રાકૃત ગ્રંથનું

ગુજરાતી ભાષાન્તર કરનાર,

મોહનલાલ દલીચંદ દેશાઇ, બી એ એલ્ એલ્ બી.

વિવેચનકાર,

વાડીલાલ મોતીલાલ શાહ.

મુંબઈ.

☞ સદ્‌ગત શ્રી મોતીલાલ મનસુખરામ શાહ તરફના પોતાના ભક્તિભાવને લીધે મુંબઇનિવાસી મેસર્સ ઝવેરચંદ નથુભાઇ હીરાણીની ક ઘીવાળા તરફથી થયેલી માગણી પ્રમાણે તેમના ખર્ચે આ ‘ઉપદેશ રત્નકોષ’ આ માસિકના ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યો છે

☞ સુંદર મજબુત પુઠા સાથે આ ‘ઉપદેશ-રત્નકોષ’ ગ્રંથ ૦-૪-૦ કિંમતે જૈન બુકસેલર પોપટલાલ મોતીલાલ શાહ (માંડવીની પોળ-નાગજી ભુદરની પોળ...) [illegible]-તળીઆની પોળ-અમદાવાદ) પાસે મળે છે.

પ્રસ્તાવના.

ધર્મ અને નીતિના ઉપદેશની અગત્ય દરેક મનુષ્ય સ્વીકારે છે, અને દરેક લેખક એવો ઉપદેશ આપવાને પોતે લાયક છે એમ માની થોડાઘણા પાના ચીતરી કહાડે છે, પણ પૂર્વાપર ગણધવાળી અને થોડામા ઘણો ભાવ સમાવનારી શૈલીથી લખનારાઓ થોડાજ જોવામા આવે છે. ત્હેમા પણ વ્યવહારૂ (practical) દૃષ્ટિબિંદુથી લખનારા તો છેકજ થોડા જોવામા આવે છે. ‘ ઉપદેશ રત્નકોષ -ના કર્ત્તાએ કેવી ખુબીથી વ્યવહારૂ ઉપદેશ માત્ર બે ડઝન શ્લોકોના સમાવવામા ફતેહ મેળવી છે તે આ ન્હાના પુસ્તકમા તે શ્લોકો ઉપર લખાયલુ વિવેચન વાચનારને આપોઆપ સમજાશે. વિવેચન કરતી વખતે દેખીતી રીતે સંબધ વગરના બે શ્લોકો વચ્ચે છુપાયલો સબધ શોધી બતાવવા કોશીશ કરવામા આવી છે, એટલુજ નહિ પણ કેટલાક આવશ્યકિય શિક્ષણો ઉપર પુરતો પ્રકાશ પાડવામા આવ્યો છે.

આ લખનાર હિમતથી કહી શકશે કે, વ્યવહારૂ નીતિ અને ઉચ્ચ જીવન ગાળવા માટે જરૂરી ધર્મજ્ઞાન એ બેનો પ્રાથમિક ઉપ-દેશ લેવા ઇચ્છતા હરકોઈ ધર્મના અનુયાયીને તેમજ ધર્મનો અ-સ્વીકાર કરનારને પણ આ એક પુસ્તક વાચવું બસ થશે આસ્તિક તેમજ નાસ્તિક બન્ને પ્રકારના મનુષ્યોમા આ ન્હાના પુસ્તકમાના વ્યવહારૂ પણ ગૌરવવાળા વિચારો ઉચ્ચ નીતિ, વ્યવહારકુશલતા, મર્યાદા, કર્ત્તવ્યપરાયણતા, પરોપકારવૃત્તિ, દૈવી જીવનની અભિલાષા અને ઉત્સાહી-આનંદી-આશામય (Optimistic) જીવન ગાળ-વાની તત્પરતા વગેરે પ્રેરનાર થઈ પડશે. ધર્મશાસ્ત્રો અને નીતિશા-

ત્રોના મૂળતત્વો આમા કેવી ખુબીથી સમાવવામા આવ્યા છે, તે, 'વિવેચન' માં આપેલા સ્પષ્ટીકરણથી સ્હેલાઇથી સમજી શકાશે.

આવા પુસ્તકોની હજારો પ્રતોની દરેક સ્થળે 'લ્હાણી' થવાથી સદ્વિચારો, સત્કાર્યો અને સચ્ચારિત્ર સાથે આશામય જીવનનો પ્રવાહ વધારે જોશથી ચોતરફ વહેવા લાગશે.

'ઉપદેશ રત્નકોષ' ની ૨૬ ગાથાઓ મૂળ પ્રાકૃત ભાષામાં આપવામાં આવી છે, જેની સંસ્કૃત છાયા તૈયાર કરાવી આ પુસ્તકમા ઉમેરવામા આવી છે. મ્હારા વિદ્વાન મિત્ર શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇએ મૂળ ગાથાઓનુ સરળ ગુજરાતી ભાષાન્તર તૈયાર કરી રાખ્યુ હતુ અને તે ઉપર વિસ્તારથી વિવેચન લખવાની અગત્ય મને જણાવી હતી, જેથી મ્હેં યથાશક્તિ તે કામ ઉપાડી લીધુ અને કદરદાન મિત્રોને તે પ્રસિદ્ધિમા મૂકવા જેવુ જણાયાથી આજે તે બહાર પાડુ છુ. મ્હારા વાચકોને તે વ્યવહારકુશળતા અને અધ્યાત્મપ્રેમનો સ્વાદ લગાડવામા ફતેહ પામશે તો મ્હારો અને મ્હારા વિદ્વાન મિત્રનો પ્રયાસ સફળ થયો માનીશ.

મુંબઈ,
શરદ પૌર્ણિમા } વાડીલાલ મોતીલાલ શાહ.

उपदेश-रत्नकोष.

મંગળાચરણ.

उवए सरयणकोसं नासिअनीसेस लोगदोगच्चं
उवएसरयणमालं वुत्थं नमिऊण वीरजिणं ॥ १ ॥

संस्कृत छाया.

उपदेशरत्नकोशं नाशित निःशेषलोकदौर्गत्यं ।
उपदेशरत्नमालं वक्ष्ये नमस्कृत्य वीरजिनं ॥ १ ॥

અર્થઃ—જેણે સમસ્ત લોકનાં દારિદ્ર નષ્ટ કર્યાં છે એવા **વીર-જિનપ્રભુને** નમસ્કાર કરીને, ઉપદેશ વચનરૂપી રત્નો વડે ગુંથેલી માલા અર્થાત્ આ ઉપદેશસંગ્રહ કહીશ.

વિવેચન—આ ઉપદેશમાલા જગજ્જનોને **નિર્દોષ સુખી જીંદગીનું** રહસ્ય શિખવવા માટે યોજવામા આવેલી છે અને સર્વ સુખનો સાગર શ્રી **વીરપ્રભુ** છે; એટલા માટે પ્રથમ તે પ્રભુને નમસ્કાર કરવાની અગત્ય ગ્રંથકર્ત્તાએ સ્વીકારી છે. પરમ સુખ અર્થાત આનંદસ્વરૂપ પ્રભુનું સ્મરણ ભક્તના હૃદયમા આનંદ ઉત્પન્ન કરે એ સ્વાભાવિક જ છે. તેમજ વળી સર્વ શ્રેષ્ઠ ગુણોના સંગ્રહ રૂપ પ્રભુના સ્મરણમા મનને એકતાર કરવાથી મનની હલકી પ્રવૃત્તિઓ દબાઈ જાય છે અને **તેવી સ્થિતિમાં** આ ગ્રંથમાના ઉપદેશરત્નો હૃદયમા બરાબર જડાય છે.

ધર્મનું રહસ્ય શું છે?

जीवदयाइं रमिज्झइ इंदियवग्गो दमिज्जइ सया वि ।
सच्चं चेव चविज्जइ धम्मस्स रहस्समिणमेव ॥ २ ॥

સંસ્કૃત છાયા.

जीवदयायां रमणीयमिंद्रियवर्गो दमनीयः सदाऽपि ।
सत्यमेव च वदनीयं धर्मस्य रहस्यमिदमेव ॥ २ ॥

અર્થઃ—જીવદયામાં રમણ કરવું, ઇંદ્રિયના સમૂહને દમવો, માત્ર સત્યને વદવું: એ જ ધર્મનું રહસ્ય છે.

વિવેચન—ધર્મનું તત્વજ્ઞાન ઘણું ગંભીર અને ભૂલભૂલામણીવાળું છે તેથી સામાન્ય માણસો ધર્મ પાળવાની ઇચ્છાથી શરૂઆત કર્યા પછી ઉંડી ઉંડી ગંભીર વાતો સાંભળીને—ને નહિ સમજી શકવાથી ગભરાઈ જાય છે અને તે ઉદ્યમ છોડી દે છે, એમ બરાબર સમજનારા આ ગ્રંથકાર ધર્મનું રહસ્ય સંક્ષેપમાં અને સાદા શબ્દોમાં ફરમાવે છે કે, **દયા તથા ઇન્દ્રિયનિગ્રહ અને સત્ય કથન એ ત્રણનું સેવન કરવું એ જ 'ધર્મ'** દયા એટલે હૃદયની કોમળતા. રોગી—ભૂખ્યા—દુઃખી કે અજ્ઞાન પ્રાણીઓની મુશ્કેલી મનમાં સમજવી—'તે દૂર કરવાનું મ્હારાથી બને તો હું કેવો ભાગ્યશાળી?" એવી ભાવના કરવી—અને યથાશક્તિ તે રીતે શ્રમ લેવો કે પોતાના સમય—બળ કે દ્રવ્યાદિનો વ્યય ઉલ્લાસથી અને આલોક કે પરલોક સંબંધી કશા બદલાની આશા વગર કરવો એ સર્વનો 'દયા'માં સમાવેશ થાય છે 'ઇન્દ્રિયનિગ્રહ' એટલે ઇન્દ્રિયોને કબજે રાખવી—બુદ્ધિના ઉપર મોઠાણીપણું તે ન ભોગવે એવી સાવચેતી રાખવી તે. મન, બુદ્ધિ અને આત્મા એ ત્રણ મળીને 'માણસ' બને છે ઇન્દ્રિઓ તો એક હથીઆર રૂપ છે અને તેને સારા કે ખોટા કાર્યમાં પ્રવૃત્ત કરનાર મન છે, માટે મનને બુદ્ધિના કબજે રાખવું અને બુદ્ધિને આત્મભાવમાં સ્થીત રાખવી આ પ્રમાણે જીવનવ્યવહાર ચલાવનાર માણસ 'ઇન્દ્રિયનિગ્રહ' સારી રીતે અને સ્હેલાઈથી કરી શકે છે જીભ, આંખો, ત્વચા, કાન, નાક એ પાંચનો દુરૂપયોગ ન થવા દેવો એનું નામ ઇન્દ્રિયનિગ્રહ. જીભવડે વાદમાં ફસાઈ આત્મભાવ ભૂલાય અગર અસત્ય વચન બોલાય એ જીભનો દુરૂપયોગ ગણાય ત્વચાવડે વિષયલુબ્ધતા થાય એ ત્વચાનો દુરૂપયોગ કાનવડે બિભત્સ કે અહિતકારી કથન સાંભળી વિહ્વલ કે ક્રોધીન થવાય એ કાનનો દુરૂપયોગ. નાકવડે સારી પદાર્થોના લુબ્ધ થવાય એ નાકનો દુરૂપયોગ મનને આ

ઇન્દ્રિઓના વિષયોમાં ફસાવા ન દે એવી બળવાન બુદ્ધિ રાખવી, અને એમ કરવા માટે આત્માભિમુખ બનવું. ઇન્દ્રિઓનું દમન કાંઈ ઇન્દ્રિઓને નિંદવાથી કે કાપકુટ કરવાથી કે પદાર્થોથી દૂર નાસવાથી થતુ નથી; પણ વિષયોનો ક્ષણભંગુર અને દ્રોહી સ્વભાવ સમજવા જેટલી તથા આત્માનું પીછાન કરવા જેટલી 'બુદ્ધિ' કેળવવાથી ઇન્દ્રિયનિગ્રહ સ્હેલાઇથી થાય છે. આ પ્રમાણે દયા અને ઇન્દ્રિયનિગ્રહનાં તત્વો સમજ્યા **પછી** સત્ય કથનનું તત્વ સમજવા જેવું છે. જેઓમા દયા અને ઇન્દ્રિયનિગ્રહના ગુણો ન હોય તેઓ સત્ય કથન ભાગ્યે જ કરી શકે; કારણ કે સત્ય કથનમા ક્વચિત્ મ્હોટી મુશ્કેલીઓ સહવી પડે છે. સત્ય કથન ત્હેનુ નામ છે કે જે **ખરૂં** હોય ('તથ્ય'-તથારૂપ હોય), વળી જે સાભળનારને **હિતકારક** હોય ('પથ્ય' હોય), તેમજ **અયોગ્ય કટુતારહીત** હોય ('પ્રિય' હોય). આ પ્રમાણે, સર્વ જીવોને પોતા સમાન ગણી સર્વ ઉપર નિર્દંભપણે-સાચા દીલથી દયાભાવ રાખી બનતી સ્હાયતા કરવી, ઇન્દ્રિયોના વિષયોમા મુગ્ધ ન બનતા બુદ્ધિનું સામ્રાજ્ય જમાવી આત્માભિમુખ રહેવું, અને તથ્ય-પથ્ય તથા પ્રિય ન હોય એવું વચન ન ઉચ્ચારવુ એ જ ધર્મનું રહસ્ય છે.

ધર્મનો પરમાર્થ

सीलं न हु खंडिज्जइ न संवसिज्जइ समं कुसीलेहिं ।
गुरुवयणं न खलिज्जइ जइ नज्जइ धम्मपरमत्थो ॥ २ ॥

સંસ્કૃત છાયા.

शीलं न हि खंडनीयं न संवसनीयं समं कुशीलैः ।
गुरुवचनं न खलनीयं यतिना ज्ञेयो धर्मपरमार्थः ॥ ३ ॥

અર્થઃ—શીલવ્રતને નિશ્ચયે ખંડિત ન કરીએ, કુશીલીઆ સાથે વાસ ન કરીએ-તેનો સંગ ન રાખીએ, અને ગુરૂવચનનું ઉલ્લંઘન ન કરીએ,-આ રીતે ધર્મનો પરમાર્થ છે એમ યતિએ જાણવું.

વિવેચન—પ્રથમ ધર્મનું રહસ્ય સમજાવ્યા પછી હવે ગ્રંથ-

ડાગ, એવો ધર્મ શી રીતે જાળવી શકાય એની ચાવી બતાવે છે. ધર્મવૃત્તિને ભૂલાવનાર મ્હોટામા મ્હોટી લાલચ વિષયવાસના છે; માટે કહે છે કે, પ્રથમ તો શીલને બરાબર સાચવી રાખવું શીલ આબાદ રાખવા ઇચ્છનારને માટે એ ખાસ જરૂરનું છે કે, તેણે કુશીલીઆ મનુષ્યોથી જેમ બને તેમ દૂર રહેવું-ત્હેમના સસર્ગમા ન અવાય એવી તજવીજ કરવી. તેમ છતા-કુશીલીઆથી દૂર રહેવાની તજવીજ કરવા છતા-વખતે એકાંત વગેરેના યોગથી પણ શીલ ખડિત થવાની ધાસ્તી તો રહે છે જ; માટે ગ્રથકાર કહે છે કે, એકાંત આદિ કારણો મનને વિહ્વલ કરવામા ફાવી ન જાય એવું કરવા ઇચ્છા હોય તો ગુરુનું વચન હરઘડી સ્મરણશક્તિ આગળ ખડું રાખવુ સદ્ગુરુનો મત્ર કે ઉપદેશ યાદ આવવાથી ત્હેના પ્રભાવતળે ખોટી લાલસાઓ દબાઈ જશે.

આ પ્રમાણે ધર્મનો પરમ અર્થ કહ્યો તે કાંઈ 'યતિ' એટલે એકલા સાધુ માટેજ કહ્યો છે એમ સમજવાનુ નથી; પણ 'યતિ' એટલે ઇન્દ્રિયનિગ્રહ કરવા ઇચ્છતા દરેક મનુષ્યને માટે કહ્યો છે.

આવી રીતે **હૃદયથી** શીલ એટલે સચ્ચારિત્ર (કે જેમા વિષયવિરક્તિ મુખ્ય છે અને તે ઉપરાત સત્ય, અસ્તેય, અહિંસા વગેરેનો પણ સમાવેશ થાય છે) ધારણ કરીને ન અટકતા **બહારથી** પણ સુઘડ સુશીલ દેખાવ રાખવો જોઇએ, કે જેથી કોઇને કાંઈ શંકા લવાનુ કારણ ન મળે. એટલા માટે ગ્રંથકાર કહે છે કે —

વિવેકીને નિંદકો પણ શું કરવાના હતા?

चवलं न चंकमिज्जइ विरइज्जइ नेव उप्मडो वेसो ।
वंकं न पलोइज्जइ रुठा वि भणंति किं पिसुणा ॥ ४ ॥

સંસ્કૃત છાયા.

चपलं न चंक्रमणीयं धारणीयो नैवोद्भटो वेषः ।
वक्रं नावलोकनीयं रुष्टा अपि किं भणन्ति पिशुनाः ॥ ४ ॥

અર્થ —ચપલતાએ ન ચાલીએ, ઉદ્ભટ વેષ બીલકુલ ધારણ ન કરીએ, અને વાંકી દ્રષ્ટિએ ન જોઇએ, તો પિશુન-

ચાડીઆઓ રૂષ્ટ એટલે ક્રોધ પામેલા હોય છતાં શું કરી શકે? કંઇજ નહિ.

વિવેચન—ધર્મશીલ મનુષ્યે આચારવિચાર પણ વિવેકપૂર્વક જાળવવો જોઈએ તેણે લટક મટકતી ચાલ ન ચાલવી જોઈએ, વરણાગીઓ–છેલબટાઉ જેવા–પોતાની સ્થિતિને ન છાજે એવો પોશાક ન પહેરવો જોઈએ, અને ચારી આંખે આડુંઅવળું જોવું ન જોઈએ. આવો વિવેક સાચવવાથી કોઈને કુચાલનો વહેમ લાવવાનું કારણ મળશે નહિ, ચાડીચુગલી અને નિંદાના સ્વભાવવાળા માણસોને ઉપર કહેલા મનુષ્યની નિંદા કરવાનું બહાનું મળી શકશે નહિ.

<u>કલિકાલનું ક્યારે ન ચાલી શકે?</u>

नियमिज्जइ नियजीहा अविआरिअं नेव किज्जए कज्जं ।
न कुलक्कमो अ लुप्पइ कुविओ किं कुणइ कलिकालो ॥५॥

સંસ્કૃત છાયા.

नियमनीया निजजीह्वा अविचारितं नैव करणीयं कृत्यं ।
न कुलक्रमश्च लोपनीयः कुपितः किं करोति कलिकालः॥५॥

અર્થ—પોતાની જીભને નિયમમાં રાખીએ, અવિચાર્યું કામ કદાપિ ન કરીએ, અને કુલાચારને લોપીએ નહિ, તો સાક્ષાત્ કોપાયમાન કલિ પણ શું કરી શકવાનો હતો?

વિવેચન—જો અસત્ય–નિંદારૂપ–કલેશજનક તથા નિરર્થક વચન ન બોલતા મિતભાષી થવાની કાળજી રાખવામાં આવે, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સબંધી શાન્તપણે વિચાર કર્યા વગર કોઈ કૃત્ય ન કરવાની કાળજી રાખવામાં આવે, અને કોઈ મ્હોટા પરોપકારના હેતુ સિવાય કુલાચાર ન લોપાવા પામે એવી કાળજી રાખવામાં આવે તો–આ ત્રણ બાબતની કાળજી રાખવામાં આવે તો–ગમે તેવો શત્રુ પણ ઈજા કરવામાં ફાવી શકે નહિ નિશ્ચય અને વ્યવહારથી જેઓ પવિત્ર છે તેવા પુરૂષોના શત્રુ પણ મિત્ર બની જાય છે.

<u>સજ્જનનો માર્ગ.</u>

मम्मं न उ लविज्जइ कस्स वि आलं न दिज्जइ कया वि।
को वि न उक्कोसिज्जइ सज्जणमग्गो इमो दुग्गो ॥ ६ ॥

સંસ્કૃત છાયા.

मर्म न च लपनीयं कस्याप्याल न देयं कदापि ।
कोऽपि नोत्क्रोशनीयः सज्जनमार्गोऽयं दुर्गः ॥ ६ ॥

અર્થ—કોઇને મર્મવચન ન કહિએ, કોઇના ઉપર કદાપિ આળ-કલંક ન આપીએ, અને કોઇના પર આક્રોશ-ક્રોધ ન કરીએ, એ દુર્ગસમાન સજ્જનનો માર્ગ છે.

વિવેચન—જેમ મજબુત કીલ્લામા સારી રીતે રક્ષાયેલા યોદ્ધાને દુસ્મનો ઈજા પહોચાડી શકતા નથી, તેમજ વચન-ગુપ્તિ એટલે વાણી સબધી સાવચેતી રૂપી કીલ્લાના આશ્રયવાળાને કોઇ માણસ નુકશાન કરી શકે જ નહિ વચન ગુપ્તિના ત્રણ ભેદ આ શ્લોકમા વર્ણવ્યા છે (૧) મર્મવચન બોલવુ નહિ (૨) કોઇના ઉપર કલક ચડાવવું નહિ અને (૩) ક્રોધયુકત વચન બોલવુ નહિ. આ ત્રણે રીતનો વિવેક કરવા ઇચ્છતા માણસમા મન ઉપર બુદ્ધિનો અકુશ અવસ્ય હોવા જરૂરી છે

<u>વિદ્વાનોનો બોધ આ પ્રકારે છે.</u>

सव्वस्स उवयरिज्जइ न पम्हसिज्जइ परस्स उवयारो ।
विहलं अवलंविज्जइ उवएसो ए स विउसाणं ॥ ७ ॥

સંસ્કૃત છાયા.

सर्वस्योपकरणीयो न विसारणीयः परस्योपकारः ।
विह्वलोऽवलंबनीयः उपदेश एष विदुषाम् ॥ ७ ॥

અર્થ—સર્વના પર ઉપકાર કરીએ, પરે-બીજાએ કરેલ ઉપકાર વિસારીએ નહિ, અને વિહ્વલ-દુઃખીને અવલંબન આપીએ એ વિદ્વાનોનો ઉપદેશ-બોધ છે.

આવે ત્યહાં માત્ર દયા બુદ્ધિથી ઉપકાર કરવા તૈયાર થવું, અને કોઇનો ઉપકાર થયેલો હોય તો તે ભૂલવો નહિ પરન્તુ એક ઉપકારનો બદલો અનેક વખતે અનેક રૂપે આપવા કોશીશ કરવી. વળી મનથી વિહ્વલ થયેલો અને તેથી હિતાહિત-સત્યાસત્ય-કર્ત્તવ્યાકર્ત્તવ્ય સમજવાની શક્તિરહીત બનેલો માણસ જોવામાં આવે તો ત્હેને દીલાસાથી, ઉપદેશથી, માર્ગસૂચનથી કે શાન્તિ પમાડનાર સાધનથી આશ્વાસન આપવું, કે જેથી ત્હેની માનસિક વ્યથા [આધિ] દૂર થતાને સત્વરે તે સત્યાસત્ય અને હિતાહિત તથા કર્ત્તવ્યાકર્ત્તવ્યનો વિવેક કરી શકે. આવી રીતે **પરોપકાર, કૃતજ્ઞપણું** અને માનસિક પીડાવાળા દુઃખીને **અવલંબન** આ ત્રણ સિદ્ધાન્ત **સર્વ શાસ્ત્રોના દોહનરૂપ** છે.

પ્રભુતા-મોટાઇ કેવી રીતે પામીએ ?

को वि न अब्भत्थिज्जइ किज्जइ कस्स वि न पत्थणाभंगो
दीणं न य जंपिज्जइ जीविज्जइ जावजी अ लोए ॥ ८ ॥
अप्पा न पसंसिज्जइ निंदिज्जइ दुज्जणो वि न कयावि ।
वहु वहुसो न हसिज्जइ लब्भइ गुरुअत्तण तेण ॥ ९ ॥

સંસ્કૃતછાયા.

कोऽपि नाभ्यर्थनीयः कार्यो न कस्यापि प्रार्थना भंगः।
दीनं न जल्पनीयं जीव्यं यावज्जीवलोके ॥ ८ ॥
आत्मा न प्रशंसनीयो निंदनीयो दुर्जनोऽपि न कदापि ।
बहु बहुशो न हसनीयं लभ्यते गौरवं तेन ॥ ९ ॥

અર્થઃ—જ્યાં સુધી જીવલોકને વિષે જીવીએ ત્યાં સુધી કોઇની અભ્યર્થના-પ્રાર્થના કરીએ નહિ, તેમ કોઇની પ્રાર્થનાનો ભંગ ન કરીએ; વળી (કોઇની પાસે) દીનવચન ન બોલીએ; કદાપિ આત્માની-પોતાની પ્રશંસા ન કરીએ, દુર્જનની નિંદા ન કરીએ અને ઘણીવાર હસીએ નહિઃ એમ કરવાથી ગુરૂત્વ (મોટાઇપણું) પામીએ.

વિવેચન—મરણ પર્યંત શું **કરવાથી** અને શું **વર્જવાથી** પ્રભુતા'-મ્હોટાઈ મળે એ સમજાવવા માટે ગ્રંથકાર કહે છે કે, પોતા

માટે કોઈની દયા યાચવી નહિ, અને (બહાદૂર પુરૂષો હમેશ ઉદાર દીલના હોવાથી) બીજાની યાચનાનો બનતા સુધી કદી અસ્વીકાર કરવો નહિ, તથા ગમે તેવા દુ:ખને પ્રસંગે પણ દીન વચન બોલવું નહિ (ભિક્ષુકની માફક કરગરવું નહિ કે ખુશામત કરવી નહિ), વળી આપવડાઈ પોતાની જાતે કરવાથી ઉલટી લઘુતા થાય છે માટે માત્ર કર્ત્તવ્ય તરીકે કર્ત્તવ્ય કરી દૂર રહેવામા સંતોષ માનવો (પણ ફલેચ્છા કામના કે પોતાની કોઈ શક્તિના યશોગાન પોતે ગાવા નહિ): આ ૪ નિયમ પાળવાથી **ખરી મ્હોટાઇ** મળી શકે એ ચાર ઉપરાંત વળી બીજા બે નિયમો પણ ઉપયોગી સમજી કહે છે કે, દુર્જનની નિંદા ન કરવી (કારણ કે તેહેનો દોષ હોય તે જાહેર કરવાથી તે માણસ શત્રુ બને અને સ્વભાવથી જ તે દુષ્ટ હોવાથી વૈર વાળવા ખાતર પેલા પવિત્ર માણસની જ્યહા ત્યહા ખોટી રીતે લઘુતા કરે); વળી વારવાર હસવુ નહિ (કારણકે અતિહાસ્ય ઉછાછળાપણાનું ચિન્હ છે અને અપમાન, કલેશ કે લઘુતાનું ઉત્પાદક છે)

વિશેષ વિવેચન-આ ઉપદેશ સામાન્યત અપાયલો છે દરેક વ્યક્તિ માટે અને દરેક સંજોગમા આ નિયમ અમલમા મુકવાનો દુરાગ્રહ કરો નહિ. અહીં તો માત્ર સામાન્ય રીતે કહ્યું છે કે, દુષ્ટ પુરૂષો બહુ ખટપટીઆ હોય છે તેથી બનતા સુધી એમનું નામ ન દેવું, એમની ખરેખર બનેની પણ જેથી એમના પોકળ ખુલા થાય એવી કથા કોઈ પાસે કરવી નહિ, અને એમની રૂબરૂમાં પણ હિતબુદ્ધિએ કાંઈ કહેવુ નહિ; કારણ કે તે લોકો ઉલટા છેડાઈ પડીને હિતેચ્છુને જ હલકો પાડવા કોશીશ કરશે અને દુષ્ટોની બાબતમા હિતબુદ્ધિથી બોલનાર દરેક પુરૂષ કાંઈ મજમ દીલનો, હિમત-વાળો અને આત્મશાન્તિ જાળવી રાખતા જેવા સાથે દુષ્ટને પ્રમાણી [illegible] એટલી શક્તિવાળો હોતો નથી, એટલા માટે આ સામાન્ય નિયમ કહ્યો પરન્તુ મનુષ્ય, જાતિ, ધર્મ દેશ આદિના [illegible] તરીકે [illegible] હેને સાથે છે હેમનુ તો દુર્જનોના [illegible] [illegible], તેમ પોતાની પ્રભુતાનું [illegible] તેઓ [illegible] [illegible] [illegible] ન [illegible]. તેઓએ [illegible] [illegible], પોતાની જાતિ–ધર્મ કે દેશ આદિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ન્યાયનો માર્ગ શુ ?

रिउणो न वीससिज्जइ कया वि वंचिज्जए न वीसत्थो ।
न कयग्घेहिं ह विज्जइ एसो नायस्स नीसंदो ॥ १० ॥

સંસ્કૃત છાયા.

रिपवो न विश्वसनीयाः कदापि वञ्चनीयो न विश्वसितः ।
न कृतघ्नेन भाव्यं एष न्यायस्य निःस्यन्दः ॥ १० ॥

અર્થ:—રિપુ-શત્રુનો વિશ્વાસ ન કરવો, કદાપિ વિશ્વાસુને છેતરવો નહિ, અને કૃતઘ્ન એટલે ગુણચોર અથવા નિમકહરામ ન થવું, એ ન્યાયનો માર્ગ છે.

વિવેચન—આ શ્લોકમા સામાન્ય ન્યાયની વાત કહી છે. સકળ જનસમાજને એક બીજાથી સાંકળનાર તત્વ 'વિશ્વાસ' છે, માટે એ સાંકળના રક્ષણ અર્થે કેવી જાતની કાળજી રાખવી જોઇએ એ બાબતનો ન્યાય અહીં જણાવ્યો છે એ ન્યાય ત્રણ રૂપે ઉપદેશ્યો છે. (૧) જેઓ, ઉપર કહેલી જનસમાજને એક બીજાથી જોડનારી પવિત્ર 'વિશ્વાસ' ની સાંકળને ન પીછાનતા હોય અગર પીછાનતા છતા સ્વાર્થાંધ બની તોડતા હોય, એટલે કે જેઓ એક મનુષ્યની બીજા મનુષ્ય તરફની ભાઇચારાની ફરજ ભુલી જઇ હેને મન-વચન કે કાર્યથી ઇજા કરવામાં આનંદ માનતા હોય તેઓનો અર્થાત્ શત્રુત્વ ધરાવનારનો વિશ્વાસ ન કરવો અર્થાત્ તેવાથી ચેતીને ચાલવુ, તેઓને ગુપ્ત હકીકત કહેવી નહિ, એકાન્તમાં તેવાની સોબત કરવી નહિ, હેમના શબ્દોમા શ્રદ્ધા રાખી કોઈ કામ કરવા તૈયાર થવુ નહિ (૨) વળી એક મનુષ્યબંધુ તરીકે કે જ્ઞાતિબંધુ તરીકે કે સ્વધર્મબંધુ તરીકે કે સ્વદેશબંધુ તરીકે કે સહાધ્યાયી તરીકે એમ કોઈ જાતના સંબંધ-સાંકળ પર વિશ્વાસ રાખી કોઈ મનુષ્ય આપણને કોઈ ખાનગી વાત કહે અગર પોતાની માલેકીની કોઈ ચીજ આપણા ભરોસે મુકે, અગર પોતાના બાળક કે સ્ત્રી વર્ગને આપણા આશ્રયે મુકે તો જે વિશ્વાસથી તેણે તે કામ કર્યું હતુ તે વિશ્વાસને યાદ રાખવો અને કોઇ દિવસ તે ખાનગી વાત કોઇને

કરવી નહિ કે એનો બીજી રીતે ખોટો લાભ લેવો નહિ, તેમજ તેની ચીજ ખવાવી પડવી નહિ કે બીગાડવી નહિ, અને બાળક કે સ્ત્રી વર્ગના આરોગ્ય કે ચારિત્રને હાનિ કરવી નહિ તથા બનતા સુધી કોઈ દ્વારા પણ તેમ થવા ન પામે તેની કાળજી રાખવી આવી કાળજીમા કોઈ જાતની ખામી રહે તો તે વિશ્વાસનો ભગ કર્યા બરાબર જ ગણાય અને વિશ્વાસનો ભગ એ મ્હોટામા મ્હોટુ આત્મઘાતની પાપ છે. (૩) કોઇએ આપણા ઉપર કાંઈ ઉપકાર કર્યો હોય તો તે યાદ રાખીને વખત આવ્યે તેનો ઉત્તમ રીતે બદલો આપવો. જડ દેખાતી ધરતીને આપણે એક દાણો આપીએ છીએ તો તે આપણને હજારગણા પાછા આપે છે, તો બુદ્ધિશાળી મનુષ્ય ન્હાનામા ન્હાના ઉપકારને સાટે બને તેટલો મ્હોટો બદલો કેમ ન આપે? જેઓ ઉલટા ગુણચોર બને છે, અર્થાત્ ઉપકારને બદલે નિંદા કે બીજી રીતે નુકશાન પહોચાડવા તૈયાર થાય છે તેઓ સર્વ પાપીઓથી મ્હોટા પાપી છે, સમુદ્રો અને પહાડો કરતા તેવા માણસોનો બોજો આ પૃથ્વીને વધારે લાગે છે જનસમાજના કલ્યાણ તુ ય એવા પુરાના લક્ષણ કદી શીખવા નહિ, પણ ઉલટુ કૃતજ્ઞતાનો બદલો કૃતજ્ઞતાથી વાળતા શીખવુ

ડાહ્યા પુરૂષનાં લક્ષણ.

रच्चिज्जइ सुगुणेसु, वज्झइ राओ न नेहवज्जेसु ।
किज्जइ पत्तपरिखा, दखाण इमो अ कसवट्टो ॥ ११ ॥

સંસ્કૃત છાયા.

राचनीयं सुगुणेषु बध्यो रागो न स्नेहवर्जितेषु ।
कार्या पात्रपरीक्षा, दक्षाणामयं च कषपट्टः ॥ ११ ॥

અર્થ:—સારા ગુણોમા રાજી થવુ, સ્નેહરહિત એટલે સાચા પ્રેમ વગરનાં મનુષ્યોમા રાગ ન બાંધવો, અને પાત્રની પરીક્ષા કરવી, એ જ દક્ષ-ડાહ્યા પુરૂષોની કસોટીનો પત્થર છે.

વિવેચન:—ડાહ્યા એટલે સમજણા [illegible] ઓ વિવેક સમજનારા પુરૂષોના [illegible]
(૧) સારા ગુણ [illegible]

પ્રમોદ ભાવના ભાવવી, પ્રસન્નતા અનુભવવી ગુણોના હમેશ પ્રશંસક બનવું ગુણો તરફ પ્રમોદ થવાને પરિણામે એ ગુણો સાથે આપણો સંબંધ જોડાય છે અને આપણામા તે દાખલ થાય છે કૃષ્ણ મહા-રાજે મરેલા કુતરાના દાતની સુંદરતાની પ્રશંસા કરી હતી, જ્યારે બીજાઓ તો એ મડદામાથી નીકળતી માથું ફાટી જાય એવી દુર્ગંધ જ માત્ર અનુભવી શક્યા હતા. આવી રીતે અવગુણો તરફ દષ્ટિ ન ચોટાડતા ગુણો શોધી કહાડી એ ગુણોના જ 'ખપી' થવું, એ ખરેખર ડાહ્યા-વિવેકી પુરૂષથી જ બની શકે એવું કામ છે. નીર-ક્ષીર જૂદા કરી દૂધનો સ્વાદ તો હસ જ લઈ શકે હસપણુ, વિવેક, ઉત્તમતા પીછાનવાની અને પકડી લેવાની શક્તિ, એ જ ખરૂ 'ડહાપણુ' (Wisdom) છે (૨) જે પુરૂષ કે સ્ત્રીમા નિસ્વાર્થી પ્રેમ ન હોય એવા પુરૂષ કે એવી સ્ત્રીથી બનતા સુધી પોતાના મનને દૂર રાખવું એવાની દોસ્તી નિરર્થક બલ્કે ક્વચિત્ હાનીકારક પણ છે જેઓ ધન જોઈને, સત્તા જોઈને કે રૂપ જોઈને વળગતા આવે છે અર્થાત્ સ્નેહ બતાવવા આવે છે તેઓ સાચા પ્રેમી નથી, નિ-સ્વાર્થી પ્રેમને તેઓ પીછાનતા નથી, આંતરિક પ્રેમના તેઓ ગ્રાહક નથી, તેથી ત્હેમની સાથેનો સબંધ આપણને આર્થિક કે આત્મિક કોઈ લાભ કરી શકે નહિ, ઉલટો તે સંબંધ આપણા સમય-બળ-ધન આદિનો ભોગ લેનાર થઈ પડે અને ક્વચિત્ ભારે મુશ્કેલીમા મુકનાર પણ થઈ પડે. (૩) મિત્રતા કરવા પહેલા, લગ્ન કરવા પહેલા, ઉપદેશ દેવા પહેલા, વ્યાપારિક સંબંધ જોડવા પહેલા, એમ દરેક મહત્વનાં કામ કરવા પહેલા સામો માણસ કેટલી પાત્રતા ધરાવે છે તે બારીકાઈથી તપાસવું જોઈએ પાત્ર, અપાત્ર અને કુપાત્ર એમ ત્રણ પ્રકારના મનુષ્યો પૈકી કુપાત્રને તો (સામાન્ય માણસોએ) નવ ગજના નમસ્કાર જ કરવા અપાત્રથી (માત્ર ત્હેના ઉપર ઉપકાર બુદ્ધિથી) થોડો સંબધ રાખવો, અને પાત્રથી સમ્પૂર્ણ પ્રેમ જોડવો. ઉપદેશ દેતી વખતે જોવુ કે સાભળનાર કઈ સ્થિતિનો, કેવી લાયકીનો, કેવા જ્ઞાનવાળો છે અને સત્યના અનેક સ્વરૂપોમાનુ કયુ સ્વરૂપ કેવા પોશાકમાં ત્હેને ઉપદેશવુ વધારે જરૂરનુ છે? લગ્ન કરવા પહેલા જોવુ કે શરીર, નીતિ, ટેવો વગેરે બાબતમા વર (અગર કન્યા) કેટલી પાત્રતા ધરાવે છે? આવી રીતે દરેક કામ, પાત્રની પરીક્ષા કરીને જ આરભવું જોઈએ

શું કરીએ કે જેથી આપણું નામ કોઇ ન લઇ શકે?

नाकज्जमायरिज्जइ अप्पा पाडिज्जइ न वयणिज्जे।
न य साहसं चइज्जइ उब्भिज्जइ तेण जगहत्थो ॥ १२ ॥

સંસ્કૃત છાયા.

नाकार्यमाचरणीयमात्मा पातनीयो न वचनीये।
न च साहसं त्यजनीयं उत्थानीयस्तेन जगद्धस्तः ॥१२॥

અર્થઃ—અકાર્યને ન આચરિયે–આદરીએ આત્માને વંચનીય પ્રવૃત્તિમા ન પાડીએ, અને વળી સાહસ–વગર વિચાર્યું કામ ન કરીએ, તેથી જગત્માં આપણો હાથ ઉભો રાખીએ એટલે જગત્થી નિર્ભય રહી શકીએ અર્થાત્ આપણુ નામ કોઇ લઇ શકે નહિ.

વિવેચનઃ- કોનુ મન શાન્ત–ભ્રાન્તીવગરનુ–ઉદ્વેગ વગરનું રહી શકે છે? એના ઉત્તરમા ગ્રંથકાર કહે છે કે, જે માણસ ન કરવા જેવા કામથી વેગળો રહેતો હોય, જે કામથી આત્મા હણાય એટલે આત્મભાવને બદલે જડભાવને પુષ્ટિ મળે તેવા કામમા આત્માને નાખતો ન હોય, અને દ્રવ્ય–ક્ષેત્ર-કાળ–ભાવ સબંધી ચોતરફનો વિચાર કર્યા વગર કોઈ કામ આરંભતો ન હોય, એવો માણસ જ ભ્રાન્તી વગરનુ-ઉદ્વેગ વગરનુ–શાન્ત જીવન ગુજારી શકે અને એવી મન શાન્તિના લીધે તે માણસ હિમતવાન દેખાય છે અને લોકો તેનુ નામ લઇ શકતા નથી અમુક કામ કરવા યોગ્ય છે કે નહિ? તે [illegible] ફળ શુ આવવાની વકી [illegible] તે કામ [illegible] રીતે [illegible] એવુ છે કે કેમ? તે કામ [illegible] [illegible] તો બનતુ નથી? એ કામ આરંભવા [illegible]

નહિ થતા તે આત્મસંતુષ્ટ બન્યો રહેશે. એથી એને ગાતા કે કોઈ સાથે વાત કરતા કે કોઈ કામ કરતા એને તમે નાહિમ્મત કે ચિંતા-ગ્રસ્ત નહિ જુઓ, પણ એક પહેલવાન માફક તે પ્રમાણિક ટટાગાણુ ધારણ કરતો જોવામા આવશે અને એના અવાજમા મીઠાશ દેખાતા અને તાકાદ અનુભવાશે સામાન્ય માણસોની મગદૂર નથી કે ઉપર કહેલી જાતનો એક માણસ કોઈ કામમા નિષ્ફળ નીવડવાથી દેખીતી રીતે નિર્ધન થઈ ગયો હોય તો પણ તેના માથે ચડે કે ગા બોલી શકે

વિચારપૂર્વક અને આત્માને જેથી ઠગાવુ ન પડે એવી રીતે કામ કરનાર પુરુષ ધીમે ધીમે એટલો બધો મક્કમ દીલનો, હિમ્મત-વાન, હસમુખો, ચચળ અને ઉદાર બવાસનો બને છે, કે પછી પરાજય, નિર્ધનતા, અપમાન આદિ સજોગો દુ:ખ ઉપજાવી શકતા જ નથી.

અસિધારા વ્રત

वसणे वि न मुज्झिज्जइ मुच्चइ माणो न नाम मरणे वि ।
विहवक्खए वि दिज्जइ वयमसि धारं खु धीराणं ॥ १३ ॥

સંસ્કૃત છાયા.

व्यसनेऽपि न मोहनीयं, मोच्यं मानं न मरणेऽपि ।
विभवक्षयेऽपि देयं व्रतमसिधारं खलु धीराणाम् ॥ १३ ॥

અર્થ:—વ્યસનમાં-દુઃખમાં પણ ન મુંઝાઇએ, મરણ થાય તો પણ (ધર્મનું) બહુમાન ખરે ન છોડીએ, અને વૈભવનો નાશ થાય તો પણ દાન દઇએ, એ ખરેખર ધીર પુરૂષોનું અસિધારા વ્રત એટલે તરવારની ધાર પર ચાલવા જેવું વ્રત છે.

વિવેચન:—બારમી ગાથામા વર્ણવેલો માણસ 'ધીર' કહેવાય છે 'ધીર' શબ્દ 'ધૃ' એટલે વળગી રહેવું, એ ધાતુ ઉપરથી બનેલો છે; તેથી 'ધીર' એટલે આત્મભાવને વળગી રહીને પ્રવૃત્તિ કરનાર પુરૂષ એવો અર્થ થાય છે. આત્માનો સ્વભાવ અમરત્વ, જ્ઞાન અને આનંદ છે, તેથી 'ધીર' પુરૂષ હમેશ દરેક પ્રવૃત્તિ કરતાં

વિચાર કરે છે કે, આ કામથી તાત્કાલિક લાભ ન થાય તો ત્હેની ચિંતા નહિ, કારણ કે એક વરસ કે એક જીંદગીથી મ્હારૂં અસ્તીત્વ પુરૂં થતુ નથી માટે પરિણામે-લાભે સરવાળે-હિત જ નીપજે એવું કામ નિશ્ચિંતપણે અને આનંદથી તથા જ્ઞાનપૂર્વક અથવા વિચારપૂર્વક કર્યા કરવું તેવો માણસ આ ગાથામા કહ્યા પ્રમાણે દુ:ખ વખતે ગભરાતો નથી મરણ જેવું સંકટ આવે તો પણ આત્માની ઉચ્ચ માન્યતાને-ધર્મભાવનાને ખલેલ પડવા દેતો નથી, અને વૈભવ નાશ પામે તો પણ ઉદારવૃત્તિ છોડી શકતો નથી (યથાશક્તિ ન્હાની પણ પ્રભાવના કર્યા વગર રહી શકતો નથી, અને કાંઈ જ ન બની શકે તો છેવટે કાયાવડે કે મનની દીલસોજી દ્વારા પણ કોઈનું ભલું કરવાનો સ્વભાવ ચાલુ જ રાખે છે) આ ધીર પુરૂષોનુ વર્તન તેઓને પોતાને તો ટેવને લીધે સ્વાભાવિક (સહજ) થઈ પડે છે, પરન્તુ બીજાઓને મન અર્થાત્ આત્મસ્વભાવથી અજાણ્યા માણસોને મન તો ત તરવારની ધાર ઉપર ચાલવા જેવુ કઠીણ જણાય છે

દુઃખને કઇ રીતે તજી શકાય ?

अइनेहो वहिज्जइ रूसिज्जइ न य पिये वि पयदिहं ।
वध्धारिज्जइ न कली जलंजली दिज्जर दुहाणं ॥ १४ ॥

સંસ્કૃત છાયા.

अतिस्नेहो न वहनीयो रोपणीयं न च प्रियेऽपि प्रतिदिवमम्
वर्ध्धनीयो न कलिः जलाञ्जलिर्देयो दुःखानाम् ॥ १४ ॥

અર્થ—અતિ સ્નેહને વહન ન કરીએ-ન ધરીએ, પ્રતિદિન-નિરંતર પ્રિય માણસ ઉપર પણ રોષ ન ધરીએ, અને કલિ-કલેશ-કજીઓ વધારીએ નહિ, આ ત્રણ રીતે દુઃખને જલાંજલિ આપીએ, એટલે આ ત્રણ વસ્તુ સાચવ્યાથી દુઃખને તજી શકાય છે.

ઉપરના અતિ સ્નેહને લીધે દુઃખી બને છે. જો પોતાનું મૂળ સ્વરૂપ–'સ્વભાવ' જાણવા દરકાર કરી હોય તો કોઈ પ્રાણી કે પદાર્થ ઉપર ચીકણો સ્નેહ કે મૂઢ રાગ બાંધવા જેવી ભૂલ કદાપિ ન થાય અને એથી દુઃખ પણ ન અનુભવવું પડે. નિર્મળ પ્રેમ–પ્રેમપાત્રનું હિત કરવાની જ બુદ્ધિથી રખાતો પ્રેમ–મોહરહીત પ્રેમ કદિ દુઃખી કરતો નથી માટે મોહદશા–સ્વાર્થી સ્નેહ કે વિકારી રાગને બદલે શુદ્ધ **નિર્મળ પ્રેમભાવના** ભક્ત બનવું, કે જેથી સદા આનંદમા–નીજ સ્વ-રૂપમા જ રહેવાશે. (૨) મિત્ર–પત્ની-ભાઈ આદિ સ્નેહીજનો ગમે તેટલા સહનશીલ કે ભલા હોય તો પણ તેઓ પ્રત્યે વારંવાર રોષ કરવાથી તેઓની આપણા પ્રત્યેની ભલી લાગણીઓ ગુમાવવી જ પડે કોઈ પણ માણસ ચ્હીડીઆપણું, તીરસ્કાર, આક્રોશ વચન અને વારંવાર ગવાતાં 'રોદણા' સહન કરવાને બંધાયલો નથી–કે કોઈને તે પસંદ નથી. માટે વિવેક અને સભ્યતા તથા સહનશીલતા અને હસમુખાપણું એ ગુણો માત્ર ઘર બહાર જ દેખાવ કરવા માટે ધારણ કરવાના નથી પણ ઘરમા અર્થાત્ નજીકના સ્નેહીઓ સાથે પણ એ જ વર્તન રાખવું જોઇએ, કે જેથી આપણે કોઈના દુઃખનુ કે કલેષનુ કે નિરાશાનું કારણ ન થઈ પડીએ હમેશ યાદ રાખવું કે સભ્યતાના સાદા જેવા દેખાતા સામાન્ય નિયમોનો ભગ અત્યત નજીકના સ્નેહીઓ પણ ઝાઝી વાર સહન કરી શકતા નથી અને છેવટે બન્ને પક્ષોને બહુ પસ્તાવુ પડે છે (૩) દુઃખથી દૂર રહેવુ હોય તેણે ઉપર કહેલી એ બાબતની કાળજી રાખવા ઉપરાત એક વધુ હિતસલાહ યાદ રાખવી જોઇએ કે, કોઈથી પણ કજીઓ થયો હોય તો ત્હેના ભલી ભાવનાઓ, મીઠા શબ્દો અને અપકારને બદલે ઉપકારના કૃત્યો રૂપી ઠંડું જળ રેડવું, પણ નિંદા, અશુભ ભાવના અથવા શ્રાપ અને સામા પક્ષને નુકશાન થાય એવા કામોરૂપી ઇંધણ ન હોમવુ "દ્વેષ, દ્વેષથી નાશ પણ પ્રેમથી દૂર કરી શકાય છે" જે એમ માને છે કે મ્હારે માથે શત્રુ છે તે શાન્તિ પામી શકતો નથી.

નિંદા ન થાય તેવા ઉપાયો.

न कुमग्गेण वसिज्जइ बालस्स वि घिप्पए हिअं वयणं ।
अनयाओ निवट्टिज्जइ न होइ वयणिज्जया एवं ॥ १५ ॥

સંસ્કૃત છાયા.

न कुसङ्गेण वसनीयं बालस्यापि ग्राह्यं हितं वचनम् ।
अनयतो निवर्तनीयं न भवति वचनीयता एवम् ॥ १५॥

અર્થ—કુસંગીની સાથે ન વસિએ, બાળકનું પણ હિતકારી વચન ગ્રહણ કરીએ, અને અન્યાયથી નિવર્તન પામીએ-દૂર રહીએ, તો વંચનીયતા-એટલે નિંદા થવા પામતી નથી.

વિવેચન:—સામાન્ય રીતે કોઈ માણસની નિંદા થવાના મુખ્ય ત્રણ કારણો નજરે પડે છે (૧) હલકી આબરૂવાળા મનુષ્યોની સોબત, કે જેથી ઉત્તમ પુરૂષો માટે પણ લોકોને વ્હેમ આવ્યા વગર રહેતો નથી (૨) 'હુ જ ડાહ્યો છુ' એવા દુરાગ્રહ અથવા અહંકાર, કે જેથી કોઇની હિતસલાહ સાભળવાની ના કહેવામા આવે છે અને પરિણામે લોકોમા તિરસ્કાર થાય છે (૩) ન્યાયવિરૂદ્ધ વર્ત્તન કરવાથી કે અન્યાયોપાર્જિત દ્રવ્ય રળવાથી કે કોઇનો ખોટો પક્ષ ખેચવાથી લોકોમા નિંદા થાય છે

આ ત્રણ કારણોને દૂર કરવામા આવે તો જનસમાજમા નિંદા થવાનો ભય રહે નહિ (૧) હલકી આબરૂવાળાની સાથે હરવુ-ફરવુ કે મેળાપ રાખવો નહિ, કારણ કે સોબત એની અસર છેવટે તો થાય જ (૨) વળી 'કપાળે કપાળે જૂદી મતિ હોય છે એમ સમજી ન્હાના-મ્હોટા તમામની વાત સાભળવી તો ખરી જ અને તે સર્વ સલાહો ઉપર વિચાર કરી, છેવટે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સબંધી પોતે વિચાર કરી, યોગ્ય લાગે તે કરવુ (૩) વળી અન્યાયથી રળવાની કે કોઇનો ખોટો પક્ષ ખેચવાની પદ્ધતિ છોડી દેવી, કારણ કે અન્યાયથી મળેલો પૈસો દુર્જનના દૂતની માફક આપણા ઘરમા પેશી આપણી મૂડીને પણ સાથે લઇને નાશી જાય છે એ ઘણા પુરૂષોનુ અનુભવસિદ્ધ વચન છે ન્યાયથી થોડુ રળાય તો થોડુ ખર્ચવુ-સાદુ જીવન ગાળવુ-ભોગોપભોગના સાધન અને તેમ ઓછામા ઓછા પદાર્થોથી ચલાવી લઇ નિર્દોષ આનદી જીવન ચલાવવુ, એ સર્વથી શ્રેષ્ઠ છે, પણ [illegible] પેસા [illegible] તે વડે તનીઓ અને ગોખો વધારી દઇ, ઇન્દ્રિયો

અને વિકારોના ગુલામ બની જઈએ તો આપણે ગભરાઈ જઈએ
અને ઈરાદાપૂર્વક ખોટાં પગલાં ભરવાથી દુઃખ મહાન થાય છે. અને
ભ્રષ્ટ થાય છે, અને વારંવાર આમ બનવાને પરિણામે જીવન બગડી
અને દુઃખી બની જાય છે.

<u>શું કરવાથી સારે માઠે સંતાપ થતો નથી ?</u>

विहवे वि नं मज्जिज्जइ न विसीइज्जइ असंपयाए वि ।
वट्टिज्जइ समभावे न होइ रणरणइ संतावो ॥ १९ ॥

સંસ્કૃત છાયા.

विभवेऽपि न माद्यनीयं न विषादनीयमसंपदापि ।
वर्त्तनीयं समभावे न भवति रणरणो: संतापः ॥ १९ ॥

અર્થઃ—વૈભવને વિષે ન માચીએ-ગર્વ ન કરીએ, સંપત્તિરહિતપણામાં વિષાદ-ખેદ ન કરીએ, અને સમભાવે અર્થાત્ સમતામાં વર્તિએ, તો સારા-માઠા યોગમાં સંતાપ થાય નહિ.

વિવેચનઃ—આ ગાથામાં અધ્યાત્મનું ગહન તત્ત્વ સાદા શબ્દોમાં સમાવ્યું છે. માણસ જેને 'દુઃખ' કહે છે તે બે પ્રકારનું છે. એક પ્રકારનું દુઃખ **અણગમતા** સંજોગોથી થતા બનાવોમાં છે, અને બીજા પ્રકારનું દુઃખ **મનગમતા** સંજોગો મળવાથી થતી ગર્વઘેલછા કે અભિમાનને પરિણામે ઉદ્‌ભવે છે. આ બાબત ઉપર ઉંડો વિચાર કરવાથી સમજાશે કે, 'દુઃખ' એ કાંઈ પદાર્થ નથી પણ સારા તેમજ ખોટા કહેવાતા બનાવો વચ્ચે પસાર થતા વખતે કરાતી માનસિક ભૂલ અથવા ગેરસમજ એ જ 'દુઃખ' છે. અને એવું દુઃખ માત્ર સંપત્તિરહિત દશાથી જ ઉત્પન્ન થાય છે એમ કાંઈ નથી, પણ સંપત્તિવાળી દશા પણ દુઃખ ઉત્પન્ન કરે છે, કારણ કે 'દુઃખ' એ કોઈ ચીજ નથી પણ માનસિક ભૂલનું જ બીજું નામ છે. એટલા માટે, આ શાસ્ત્રકારની સલાહ મુજબ જો આપણે માનસિક ભૂલથી વેગળા રહીએ તો ઉપર કહેલી બેમાંથી એક પણ સ્થિતિમાં દુઃખ થવા પામે નહિ. તે સલાહ કઈ છે? તે એક જ શબ્દની સલાહ છે કે 'સમતા' અથવા 'સમભાવ' જાળવી રાખો—

પોતાની મ્હોટાઈ કેમ ટકાવી શકાય ?

वन्निज्जइ भिच्चगुणो न परुक्खं न य सुअस्स पच्चक्खं ।
महिला उ नौ भया विहु न नस्सए जेण माहप्पं ॥ १७ ॥

સંસ્કૃત છાયા.

वर्णनीयो भृत्यगुणो न परोक्षं न च सुतस्य प्रत्यक्षम् ।
महिला तु नोभयमपि न नश्यति येन महात्म्यम् ॥ १७ ॥

અર્થ—ભૃત્ય (નોકર) ના ગુણ પરોક્ષપણે, સુત (પુત્ર) ના ગુણ પ્રત્યક્ષપણે અને મહિલા (સ્ત્રી) ના ગુણ ઉભયપણે (એટલે પરોક્ષ તેમ પ્રત્યક્ષપણે) વખાણીએ નહિ, તો તેથી પોતાનુ માહાત્મ્ય–પોતાની મ્હોટાઇ નાશ ન પામે.

વિવેચનઃ—આ એક દુનીઆદારીની વ્યવહારુ શિખામણ છે. નોકર, પુત્ર અને સ્ત્રીના તરફ પ્રેમભાવ રાખવા છતા એમને મ્હોડે ચટાવવા નહિ એમ આ ગાથાનુ તાત્પર્ય છે નોકરના ગુણ **બીજાઓ** પાસે વખાણવા નહિ, પુત્રના ગુણ **ત્હેની** પાસે વખાણવા નહિ, અને સ્ત્રીના ગુણ ત્હેની કે બીજાની કોઇની પાસે વખાણવા નહિ. નોકરના ગુણ બીજાઓ પાસે વખાણવાથી પરિણામ એ આવવાનો સંભવ રહે છે કે, **સારા** નોકરો ભાગ્યે જ મળતા હોવાથી કોઇ માણસ તે નોકરને લાલચ આપી પોતાની પાસે રાખી લે (અને ઘણે ભાગે, નોકર એ કાઇ કુટુબી ન હોવાથી, નીતિવાન હોય તો પણ પ્રમાણિક રીતે **વધુ પૈસા** મળતા હોય ત્હા જ જવા ઇચ્છે એ દેખીતુ છે) પુત્રના ગુણ ત્હેની પોતાની પાસે કહેવાથી, ત્હેની ન્હાની ઉમરને લીધે તે અભિમાની થવા પામે એ સંભવિત છે (પણ આથી એમ નથી સમજવાનુ કે એને ટોક ટોક કરવો કે એનાઅછતા દોષ જ ગાયા કરવા, એ તો ખરેખર મૂર્ખાઇ છે પ્રેમ અને વાજબી દાબ એ એના મિશ્રણથી જ પુત્રનું હિત સાધી શકાય, એ ધ્યાનમા રાખવ) સ્ત્રીના ગુણ તો ત્હેને કે બીજાઓને પણ ન કહેવા બીજા પાસે પોતાની સ્ત્રીના ગુણો ગાવા એ અમર્યાદ–બેશરમ કામ છે, એથી સામો માણસ ત્હેને સ્ત્રીલોલુપી કે સ્ત્રીબદ્ધ પુરુષ માની બેસે

છે, અને વખતે કોઈ સંકટ આવી પડવાની પણ ધાસ્તી રહે છે. અને સ્ત્રીને પોતાને ત્હેના ગુણો ગાઈ બતાવવાથી કેટલીક વખતે કોઈ કોઈ સ્ત્રીઓ નષ્ટ થઈ ગયાના દાખલા બન્યા છે માટે પોતાની સ્ત્રીના ગુણ કે દોષ બીજા પાસે કહેવા નહિ અને સ્ત્રીની પોતાની સાથે એવી વર્તણુક રાખવી કે જેથી જેમ ત્હેને પતિ તરફ કંટાળો પણ ન આવે તેમ પતિને પોતાનામાં અવગુણનો લેશ પણ ન ભાસે. (સદરહુ ગાથાઓની આ સલાહ સર્વને એક સરખી લાગુ પડતી નથી, તેમજ એક માણસને પણ સર્વ પ્રસંગોમાં લાગુ પડતી નથી. એ ધ્યાનમાં રાખવું જોઈએ. ગ્રંથકારને લગતી કોઈ પણ સલાહ સર્વને અને સર્વ પ્રસંગોમાં લાગુ પડે એવી હોઈ શકે જ નહિ. દરેક સલાહ સામાન્યત જ અપાય છે અને દરેક માણસે તે સલાહને ધ્યાનમાં રાખીને તથા સંભવિત લાભાલાભનો વિચાર કરીને જ વર્તવાનું છે.)

વશીકરણ મંત્ર.

जपिज्जइ पिअवयणं किज्जइ विणओ अ दिज्जए दाणं ।
परगुणगहणं किज्जइ अमूलमंतं वसीकरणं ॥ १८ ॥

સંસ્કૃત છાયા.

जल्पनीय प्रीयवचनं कार्यो विनयश्च देयं दानम् ।
परगुणग्रहणं कार्य-ममूल्य मंत्रो वशीकरणः ॥ १८ ॥

અર્થ —પ્રિય વચન બોલીએ, વિનય કરીએ, દાન આપીએ, અને વળી બીજાના ગુણો ગ્રહણ કરીએ, એ વશીકરણનો અમૂલ્ય મંત્ર છે.

યોગ' છે હઠયોગથી વશીકરણ કરનારાઓ કાં તો મંત્ર જંત્રાદિ કરે છે (અને પરિણામે-લાંબે વખતે પ્રત્યાઘાતના કુદરતી નિયમાનુસાર મહાદુઃખી બને છે), અગર તો ખટપટ કે લાંચ રૂશવતથી સામા માણસ ઉપર પોતાનો કાબુ બેસાડે છે (કે જે લાંબો વખત નભતો નથી અને અંતે દુઃખદાયક જ થઇ પડે છે.) પણ 'રાજયોગ' એટલે પોતાની ભલાઇ બતાવવાનો માર્ગ એવો સીધો અને અસરકારક છે કે હેની અસર ચોક્કસ અને સ્થાયી થાય છે અને કોઇ જાતની પીડા તેથી કોઇ વખતે થવા પામતી નથી એ રાજયોગનાં સાધનો આ શ્લોકમાં બતાવ્યા પ્રમાણે આ છે —

પ્રિય (અને તે છતાં નિષ્કપટી) વચન, વિનય, હૃદયની સાચી ઉદારતા અથવા મ્હોટું મન, ગુણાનુરાગ અથવા ગુણગ્રાહકપણું આ સાધનો વડે રાજયોગ સધાય છે અને રાજયોગ એ જ ઉચ્ચતમ કોટિનો વશીકરણ મંત્ર છે

સકલ અર્થની સિદ્ધિ

पत्थावे जंपिज्जइ सम्माणिज्जइ खलोवि बहु मज्झे ।
नज्जइ सपरविसेसो सयलत्था तस्स सिज्झंति ॥ १९ ॥

સંસ્કૃત છાયા

प्रस्तावे जल्पनीयं संमाननीयः खलोऽपि बहुमध्ये ।
ज्ञेयः स्वपरविशेषः सकलार्थास्तस्य सिध्यन्ति ॥ १९ ॥

અર્થ.—પ્રસ્તાવે એટલે યોગ્ય સમયે બોલીએ, ઘણા માણસોની વચ્ચમાં ખલ માણસનું પણ સન્માન કરીએ, અને પોતાનો અને પરનો વિશેષ ભેદ જાણીએ, તો સકલ અર્થ સિદ્ધ થાય છે.

વિવેચનઃ—બીજાઓ સાથે કેમ વર્તવું એ બાબતની સલાહ આ ગાથામાં અલ્પમાં આપી છે (૧) કોઇની સાથે કાંઇ બોલવું હોય-કહેવું હોય તો 'સમય' બરાબર વિચારવો (૨) કોઇ માણસ ખરેખર ખલ-દુષ્ટ હોય પણ સભા વચ્ચે અર્થાત્ જનસમૂહ વચ્ચે એનું અપમાન કરવાથી તે પુરેપુરો મરણીઓ બને છે અને વખતે

જીવ લેવા તૈયાર થાય છે, માટે **જો** કે ખરી વાતને ખોટા રૂપમાં
કહેવી ન જોઈએ, કે ખરી વાતને દાબી પણ ન રાખવી જોઈએ એ
બન્ને સત્યો ધ્યાનમાં રાખવાના છે, **તો પણ** તે સાથે ને સાથે આ
ત્રીજું 'વ્યવહાર સત્ય' પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે, જનસમાજ
વચ્ચે કોઈનું પણ **અંગત** અપમાન ન કરતાં માણસ તરીકે માણસનો
સત્કાર કરવો (આ એક શિખામણના સંબંધમાં આખું પુસ્તક લખાય
એટલી બાબતો વિચારવા જેવી છે. અહીં તો ટુંકમાં એટલું જ કહી
શકાય કે, સાચો કે ખોટો દરેક માણસ એક દિવસ [illegible] મતિ
આગળાગ તેના પૂર્વકર્મો નાશ થયેથી ભુજવાનો છે, અને દરેક માણસને
આત્મા **સત્તાએ** મ્હોટા યોગીના આત્મા જેવા જ છે, તથા આપણે તેના-
થી ગમે તેટલા સારા હોઈએ તો પણ સિદ્ધોની દૃષ્ટિએ તો આપણે પેત
હાથીત પુરુષ કરતા કાંઈ બહુ આગળ વધેલા નથી, એ બધી અપે-
ક્ષાઓ ધ્યાનમાં રાખીને દુષ્ટ તરફ પણ પ્રેમભાવ રાખવો જોઈએ
બીજી તરફથી, તે પુરુષના હિત અર્થે અથવા જનસમાજના હિત
અર્થે એને ખોટું લાગે એવું બોલવું કોઈ વખતે જરૂરનું પણ છે
એ **અપેક્ષા** ધ્યાનમાં રાખીને પ્રસંગે બને એટલા કાબુ [illegible]
રાખીને સત્ય સલાહ આપવી પણ કોઈ પણ નઠારા માણસ
તરીકે માણસ ઉપર તો પ્રેમ કે સત્કારનો ભાવ પોતાનામાંથી [illegible] ન
થાય એ સંભાળવા જેવી બાબત છે) (૩) [illegible]

સંસ્કૃત છાયા.

मंत्र तंत्राणि न पार्श्वे गम्यं नहि परगृहेऽद्वितीयैः ।
प्रतिपन्नं पालनीयं सुकुलीनत्वं भवत्येवं ॥ २० ॥

અર્થ:—મંત્ર તથા તંત્રને ન રાખીએ, એકલા પર-ગૃહે–બીજાને ત્યાં ન જઇએ, અને પ્રતિપન્ન એટલે અંગિ-કાર કરેલું પાળીએઃ–આમ કરવાથી સુકુલીનપણું થાય છે.

વિવેચન:—કુલીનપણું કોને કહેવું ? બ્રાહ્મણ કે વણિક કે ભંગીના કુળમાં જન્મ્યા એથી કુલીન કે અકુલીન માનનારા મ્હોટી ભૂલ કરે છે ખરૂ કુલીનપણું ગુણો ઉપર આધાર રાખે છે, તે ગુણોમાંના કેટલાક અહીં ટુકમા કહી બતાવ્યા છે (૧) મંત્ર–જંત્ર અથવા 'હઠયોગ' નો માર્ગ નહિ લેવો, (૨) કોઇના ઘેર એકલા જવાની ટેવ ન રાખવી, (૩) આપેલું વચન, કરેલો નિશ્ચય, સ્વીકારેલી જોખમદારી હરકોઇ મુશીબતે પણ પાર પાડવા કોશીશ કરવી. આ ત્રણ બાબતો દેખીતી સામાન્ય લાગે છે પણ દરેકમા ઉંડું ગૌરવ રહેલું છે. (૧) હઠયોગથી દૂર રહેવાનું કહ્યુ એટલે રાજયોગ અથવા પવિત્ર જીવનનો રસ્તો લેવાનો ઉપદેશ થઇ જ ગયો. જે ચીજ ઉપર કે જે વાત ઉપર પોતાનો વાજબી રીતે હક્ક ન પોંચતો હોય તે ચીજ કે તે વાત મંત્રજંત્રથી કે જોરજુલમથી મેળવવા કદા ન ઇચ્છવું પણ તે ચીજ અને તે માનને **લાયક** બનવા કોશીશ કરવી, લાયકાત મેળવવી, એ જ રાજયોગ છે. (૨) કોઇના ઘેર એકલા ન જવું' એવું વ્રત પાળનારો માણસ સર્વદા અને સર્વથા ચોરીથી અને વ્યભિચારથી દૂર જ રહેશે, તેમજ ત્હેના ઉપર કોઇ જાતનું ખોટુ આળ આવવાનો પણ સંભવ નહિ રહે. (૩) કોઇનું કાંઇ કામ કરી આપવાનું વચન દીધુ હોય, અગર કોઇ વ્યાપાર કે કોઇ પરોપકારી કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તો દુખો અને વિઘ્નો તથા નિષ્ફળતાથી નાશીપાસ ન થતા ઇચ્છાશક્તિ (Will power) બળવાન કરીને સંકલ્પને પાર પાડવો. તેવીજ રીતે કાંઇ જોખમ-દારી માથે લીધી હોય તો અધવચ ખસી જવું નહિ આ ત્રણ લક્ષણોથી કૂળવાનપણું ઓળખાવું જોઇએ, નહિ કે માત્ર અમુક વર્ણમાં કે અમુક ખાનદાનમા જન્મ્યા તેથી જ.

આ ગુણો જે માણસ કેળવે છે તે માણસ કદાપિ પૂર્વકર્મ-વશાત્ આ જન્મમા હલકા ગણાતા કુળમા જન્મ્યો હોય છે તોપણ કુળવાન જેવું માન પામે છે અને બીજા જન્મમા શ્રેષ્ટ કુળમાં જન્મ પામે છે

પ્રેમની સ્થિરતા.

भुंजइ भुंजाविज्जइ पुच्छिज्ज मणोगयं कहिज्ज सयं ।
दिज्जइ लिज्जइ उचिअं इच्छिज्जइ जइ थिरं पिम्मं ॥ २१ ॥

સંસ્કૃત છાયા

भोज्यं भोजनीयं पृच्छयं मनोगतं कथनीयं स्वयं ।
देय लेयमुचितमेषणीयं यदि स्थिरं प्रेमं ॥ २१ ॥

અર્થ.—જો પ્રેમને સ્થિર રાખવા ઇચ્છીએ તો પ્રેમીને ત્યા-મિત્રને ત્યાં ભોજન કરીએ, તેને આપણે ત્યા ભોજન કરાવીએ-જમાડીએ, મનમા રહેલો વિચાર પૂછીએ અને કહીએ, તથા ઉચિત વસ્તુ દઇએ અને લઇએ

વાત ત્હેને જણાવવી કે જેથી ભાર ખાલી થાય અને વળી એક પ્રકારની 'હુંફ' પણ મળે; તેમજ ત્હેના મનની વાત આપણે જાણવી અને ત્હેના સુખ-દુઃખમાં અને આનંદ કે ચિંતામાં ભાગ લેવો. (૩) દેવા-લેવા યોગ્ય વસ્તુ દેવા-લેવામાં સંકોચ કે સ્વાર્થબુદ્ધિ ન રાખવી કે બદલાની આશા ન રાખવી. મિત્રનું કાંઈ કામ કરવા જેવું હોય તો કદાપિ એમ ધારીને ન કરવું કે બીજે પ્રસંગે તે મ્હારૂં કામ કરશે તેથી બદલો વળી રહેશે. એ કાંઈ 'મિત્રતા' ન કહેવાય પણ 'વ્યાપાર' અથવા 'સાટું' કર્યું કહેવાય. અહીં ઉચિત વસ્તુ' એવા શબ્દ વાપરવાનું તાત્પર્ય એ છે કે, મિત્ર કોઈ વખતે કોઈ અયોગ્ય ચીજની કે અયોગ્ય કાર્યની માગણી કરે તો તે માગણી પુરવામાં ડહાપણ નથી, એમ કહેવા શાસ્ત્રકાર ઇચ્છે છે. એવે વખતે મિત્રને મીઠા શબ્દોથી ત્હેની માગણીની અયોગ્યતા સમજાવવી જોઈએ અને કોઈ રીતે ન સમજે તો એ અમુક બાબતમાં પોતે તટસ્થ રહેવું જોઈએ.

એક સુયોગ્ય મિત્ર શોધી કહાડવો કે મેળવવો એમાં જેટલી મુશ્કેલી છે તેથી પણ વધુ મુશ્કેલી તો મિત્રતા નીભાવવામાં રહેલી છે. જો ઉપર સૂચવેલા નિયમો પાળવાની ખાસ કાળજી રાખવામાં આવે તો મિત્રતાના ભંગનો સંભવ ઘણો જ ઓછો થઈ જાય.

પૃથ્વીપર અનેક રત્નો શોધવાની કળા.

को वि न अवमन्निज्जइ न य गव्विज्जइ गुणेहिं निअएहिं ।
न विम्हओ वहिज्जइ वहुरयणा जेणिमा पुहवी ॥ २२ ॥

સંસ્કૃત છાયા.

कोऽपि नापमाननीयः न च गर्वनीयः गुणैः निजैः।
न विस्मयो वहनीयः वहुरत्ना येनेयं पृथिवी ॥ २२ ॥

અર્થઃ—કોઇને પણ અપમાન ન કરીએ, વળી પોતાના ગુણોનો ગર્વ ન કરીએ, અને વિસ્મય વહન ન કરીએ, તો તે કારણથી આ પૃથ્વી બહુરત્નવાળી દીસે છે.

વિવેચનઃ—આ પૃથ્વી ઉપર મોઘામાં મોંઘા મૂલ્યના રત્નો હયાતી ધરાવે છે, પણ તે ખાણોમાં કે સમુદ્ર તળીએ હોય છે જેની આંખો તેટલે સુધી પહોંચી શકે તે તો 'દુનીઆમાં દરિદ્રતા છે'

એમ કદી કહે જ નહિ. તેવી જ રીતે આ પૃથ્વી ઉપર ઉત્તમોત્તમ ગુણો, ગુણી પુરૂષો શ્રેષ્ટ સુખો અને સ્વર્ગીય સહેજનો હયાતી ધરાવે છે એ ખરી વાત હોવા છતા એ ચીજો કયે સ્થળે-કયા તળીએ કે કઇ બાજુમા છે તે ન જાણવાને લીધે સામાન્ય માણસો હમેશ એમ જ બુમ મારે છે કે "આ દુનીઆ દુઃખમય જ છે; એમા વળી કોઈ પવિત્ર પુરૂષ કે પવિત્રતા છે જ નહિ, સર્વત્ર પાપ અને પાપી જ છે" પરન્તુ જે સત્પુરૂષોની આંખોમાથી તીરસ્કાર વૃત્તિ, અભિમાન વૃત્તિ અને મોહ વૃત્તિ એ ત્રણ પ્રકારનો વિકાર દૂર થઈ ગયેલ છે તેઓના નેત્રો એટલા દીવ્ય બને છે કે તે વડે તેઓ દુનીઆનાં અનેક સત્પુરૂષોને, અનેક ગુણોને, અનેક સુખી જનોને તથા અનેક સુખોને પ્રત્યક્ષ જોઇ શકે છે. એક બગીચી એક રાજાના મહેલના દીવાનખાનાની સાબ્યી ભાળી શકાય નહિ જ, તેમ એક વિકારવાન પુરૂષથી દુનીયામાના વિકારરહીત પાત્રો કે ગુણો ભાળી શકાય નહિ જ. સ્થૂલ દષ્ટિએ સૂક્ષ્મ પદાર્થ દેખી શકાય નહિ જ, સૂક્ષ્મ પદાર્થો જોવા માટે સૂક્ષ્મ દષ્ટિ કેળવવી જોઇએ જ, કે જે સૂક્ષ્મ દષ્ટિ-અર્થાત્ આપણું સૂક્ષ્મ શરીર (પાંચ સૂક્ષ્મ ઇન્દ્રિઓ) દરેક માણસને જન્મથી મળેલી હોય છે, પણ તેનો ઉપયોગ કદી ન કરેલો હોવાથી સગભગ તમામ માણસોની તે ઇન્દ્રિઓ બહેરી મારી ગએલ હોય છે [illegible] જો માણસ કોઈ ઉપર તીરસ્કાર ભાવ ન રાખવાનું શીખે (અર્થાત્ એક માણસ અને બીજા માણસ વચ્ચે કુદરતે મૂકેલી સમાનતા પ[illegible]જાણે), અને પોતાના ગુણોનો કે [illegible]ઓનો ગર્વ ન કરતા પોતાને જે કોઈ પ્રાપ્ત થયું છે તે હજી પ્રાપ્ત કરવાનું [illegible] કે [illegible] [illegible]માં શરૂઆત છે એમ ખરા પર સમજતા [illegible] કરી '[illegible]'

–સ્વર્ગના) ઉત્તમ ગુણો અને ઉત્તમ પુરૂષોને જોઈ શકે અને એમનાથી મળતો આનંદ પોતે લઈ શકે. એને મન પછી આ દુનીઆ પવિત્રના અને પવિત્રાત્માઓથી ભરપુર દેખાશે, દુર્ગુણો અને દુર્ગુણી આત્માઓ સંબંધી એને ખ્યાલ કરવાની પણ ફુરસદ નહિ મળે , એટલું બધુ ઉચ્ચ ક્ષેત્રો (Higher planes) મા જોવા–ભોગવવાનું મળશે. પુદ્ગલનો એવો સ્વભાવ છે કે, સ્થૂલ પુદ્ગલને અને સ્થૂલ ઇન્દ્રિઓને પૃથ્વીમાના સ્થૂલ પદાર્થ સાથે જ સબંધ થઈ શકે અને સૂક્ષ્મ પુદ્ગલને અને સૂક્ષ્મ ઇન્દ્રિઓને આ પૃથ્વીમાના તેમજ બીજી દુનીઆઓમાના સૂક્ષ્મ પદાર્થો સાથે સંબધ થઈ શકે. માછલા પાણીમા જ ગતિ કરી શકે, સમળી પવનમા જ ગતિ કરી શકે, માણસ પૃથ્વી ઉપર જ ચાલી શકે, તેમ સૂક્ષ્મ ઇન્દ્રિઓનો વિકાસ જેણે કર્યો છે એવા જીવો જ માત્ર સૂક્ષ્મ ભુવનોમા ગતિ કરી શકે, અને એ તો દેખીતી વાત છે કે સઘળી ઉત્તમતા અને સમૃદ્ધિ આ દુનિયાના તેમજ બીજી દુનીઆના સૂક્ષ્મ વિભાગમા જ રહેલી છે. તેથી જ્યારે આપણા શાસ્ત્રકાર કહે છે તેમ માણસ તીરસ્કાર ભાવરહીત, લઘુત્વભાવ સહીત અને નિર્મોહી બને છે ત્હારે ત્હેની સૂક્ષ્મ ઇન્દ્રિઓ (Perceptions of the inner bodies ie of the તૈજસ્ and કાર્મણ શરીર) ખીલે છે અને તેથી ત્હેની આખ આગળ સર્વ સમૃદ્ધિ અને સર્વ ગુણો ખુલ્લા થાય છે.

મોટાઈ શાથી પામીએ ?

आरंभिज्जइ लहुअं किज्जइ कज्जमहंतमवि परया ।
न य उक्करिसो किज्जइ लब्भइ गुरुअत्तणं जेण ॥ २३ ॥

સંસ્કૃત છાયા.

आरभनीयं लघु कृत्यं कार्यं महदपि पश्चात् ।
न चोत्कर्षः कार्यः लभ्यते गौरवं येन ॥ २३ ॥

અર્થઃ—પ્રથમ લઘુ–નાનું કામ આરંભ કરીએ, પછીથી મોટું કાર્ય પણ કરીએ, વળી ઉત્કર્ષ ન કરીએ, જેથી ગુરૂત્વ (મોટાઇ) પામીએ.

વિવેચનઃ—માણસે હમેશ ઉચ્ચતમ આશય (Highest

goal) કલ્પવા જોઇએ. વ્યાપારમાં, ગૃહવ્યવસ્થામાં, આધ્યાત્મિક ઉન્નતિમાં-સર્વમાં-શ્રેષ્ટ દષ્ટિબિંદુ અથવા ઉંચામાં ઉંચી પૂર્ણતા મેળવવાનો સંકલ્પ કરવો જોઇએ. એ 'નિશ્ચય નય' ની વાત કહી; પણ 'વ્યવહાર નય' એવી રીતે ધ્યાનમાં રાખવાનો છે કે, પ્રથમ ન્હાના કામથી શરૂઆત કરીને આસ્તે આસ્તે યોગ્યતા વધારતા જવું અને પછી જ મ્હોટાં કામ માથે લેવાં. એક કારકુન તરીકેનું કામ શિખ્યા સિવાય એક મ્હોટી પેઢીના મેનેજર તરીકેની જગા લેવાથી પેઢીનું તેમજ પોતાનું બન્નેનું મ્હોટું અહિત થવા પુરેપુરો સંભવ છે. ન્હાના કે ઓછા જોખમવાળા રોજગાર દ્વારા વ્યાપારી કુનેહ મેળવ્યા સિવાય મ્હોટા વ્યાપાર ખેડવાથી દેવાળાનો સંભવ પુરેપુરો છે પ્રથમ 'માર્ગાનુસારી'[1] બની, પછી વ્રતધારી 'શ્રાવક'[2] બની, પછી

---

[1] માર્ગાનુસારી=પરમ પુરુષોએ સંપૂર્ણતાએ પહોંચાડનારો જે 'માર્ગ'-સડક-Royal Road-રાજ્યમાર્ગ બતાવ્યો છે તેની શરૂઆતનો છેડો પકડી રાખનાર માણસ, અથવા સામાન્ય અક્કલ (Common Senso)થી હિત-અહિત વિચારી શકે અને નીતિનું ઉલંઘન ન કરે એવા માણસ (અલબત એટલા ગુણવાળો માણસ વિતરાગવચનનો પ્રશંસક હોય જ, અને પરમ વચનોમાં 'પ્રેમ' ભાવ ઉપજે જ. તેથી 'માર્ગાનુસારી'નો અર્થ Sympathiser of the Royal Road prescribed by Arhats or Glorious Souls એવો પણ કરી શકાય)

'દીક્ષાનો ઉમેદવાર'૩ બની, ત્યાર બાદ દીક્ષિત અથવા 'સાધુ'જ બને તો જ એ મહા જોખમદારીભર્યું (અને તેવું જ મહા ફલદાયી) વ્રત પાર ઉતારી શકાય, નહિ તો ૧૦૦ માંથી ૯૯ ટકા જેટલો સંભવ છે કે ઉંચા પહાડ ઉપરથી ગબડી પડનારના જેમ ટુકડે ટુકડા થઇ જાય છે (કે જેટલા ટુકડા સામાન્ય ઉંચાઇએ ગબડનારના નથી જ થતા) તેમ તે આત્મા એક સામાન્ય ગૃહસ્થાશ્રમી મનુષ્ય કરતા વધારે અધોગતિએ પહોંચે છે.

આ પ્રમાણે—જો કે દૃષ્ટિબિંદુ ઉંચામાં ઉંચુ કલ્પવાનું છે, તો પણ—શરૂઆત તો ન્હાની જોખમદારીથી જ કરવાની છે અને લાયકાત વધારતા જવા સાથે જ વધુ જોખમદારી લેવાની છે.

એટલું જ નહિ પણ જેમ જેમ મ્હોટી જોખમદારી માટેની લાયકાત મળતી જાય તેમ તેમ ફુલાવું પણ નહિ. જે ઘડીએ 'હું મ્હોટો' 'હું સારૂં કામ કરનારો' 'હું સામર્થ્યવાન' અગર 'હું પવિત્ર' એવો 'હું' ભાવ આવ્યો તે વખતે સઘળી આત્મિક શક્તિઓ પાછી ખેંચી લેવામાં આવે છે અને તે માણસ નિસ્તેજ—

---

૩ 'અપૂર્ણ આત્મભોગ' વાળી દશા પછી 'સંપૂર્ણ આત્મભોગ' વાળી દશા અથવા 'અકિંચન'—'ત્યાગી' તરીકેની સ્થિતિ અંગીકાર કરવાની છે. પણ તે સ્થિતિ સ્વીકારતી વખતે **જીંદગી પર્યંતનું** કરારનામું કરાતું હોવાથી, કદાચ આગળ જતાં એ કરાર તુટવા પામે નહિ એટલા માટે, થોડા **માસ** (કે જરૂર પડે તો થોડાં **વર્ષ**) સુધી એ સ્થિતિની **ઉમેદવારી** કરવી અર્થાત્ 'કાચી દીક્ષા' અથવા 'લઘુ દીક્ષા' લેવી અને 'ત્યાગી' તરીકેના વ્રતો પાળવાનો મહાવરો પાડવો. (An apprentice to Complete Self-renunciation.)

૪ અને ત્યાર બાદ એવા મહાવરાથી ખાત્રી થાય કે હવે વ્રતો **બરાબર** પાળવી શકાશે, ત્યારે પછી 'જીંદગીભરના સમ્પૂર્ણ આત્મભોગ' એટલે 'સાધુ'પણામાં જોડાવું; અને એ રસ્તે મોક્ષ અચૂક છે, જો રસ્તો **બરાબર** પકડી રાખવામાં આવે તો. (A Sadhu is a member of the *esoteric* circle of Arhat, whose vow is *Complete* self-renunciation.)

ઇંદ્રી દીવાના વગરનો-નિર્માલ્ય બની જાય છે, એક ભાગેલા વહાણના ખોખા જેવો થઈ જાય છે આ એક અનુભવાએલું આધ્યાત્મિક સત્ય છે

સંસારનો છેદ શાથી થાય?

झाइज्जइ परमप्पा अप्पसमाणो गणिज्जइ परो ।
किज्जइ न राग दोसो छिन्निज्जइ तेण संसारो ॥ २४ ॥

સંસ્કૃત છાયા.

ध्येयः परमात्मा आत्मसमो गणनीयः परः ।
कार्यौ न रागद्वेषौ, छेदनीयस्तेन संसारः ॥ २४ ॥

અર્થઃ—પરમાત્માનું ધ્યાન ધરીએ, (આપણા) આત્માની સમાન પરને ગણીએ, રાગ અને દ્વેષ ન કરીએ, તેથી કરીને આ સંસાર છેદીએ.

પરમાત્માના સ્વરૂપનો વિચાર કર્યા કરવામા આવે તો આખરે આપને એ દશા પ્રાપ્ત થઇ શકે છે એટલા માટે મોક્ષના ૩ રસ્તામાનો 'ભક્તિયોગ' એક વ્યવહારૂ અને સરળ રસ્તો ગણાય છે. પ્રાર્થના, ભક્તિ, પરમાત્મસ્વરૂપનુ ચિન્તવન એ પરમાત્મપ્રાપ્તિનું અચૂક સાધન છે અને જ્યાં સુધી ત્હેની સાધના છે ત્યાં સુધી પ્રકૃતિ ઉભી રહી શકતી જ નથી. (૨) સંસારનો પાર પામવાની બીજી રીત સર્વને પોતા સમાન માનવાનો સદ્ગુણ છે પોતાના જીવના રક્ષણ અને સુખ માટે મનુષ્યને જેટલી દરકાર છે તેટલી દરકાર દરેક પ્રાણીના રક્ષણ અને સુખ માટે રાખવાનુ શિખાય તો એક શરીરમા ગોંધા-યલો આત્મા વિકાશ પામીને અનંત જીવો સુધી વિસ્તરે છે-ત્હેનુ ઉચ્ચીકરણ થાય છે, અને એમ થતા થતા તે સર્વવ્યાપક થતી સર્વ-વ્યાપક પરમાત્મ પદમાં ભળી જાય છે. એટલા માટે સહાનુભૂતિ (Sympathy), સહિષ્ણુતા (toleration), બન્ધુભાવ, દયા, નિ:સ્વાર્થ પ્રેમ, સ્વાર્થત્યાગ, આત્મભોગ એ ગુણો કેળવવા દરેક મા-ણસે કોશીશ કરવી જોઇએ, કે જેથી એ રસ્તે પણ મુક્તિ નામના લક્ષ્યબિંદુએ જઇ પહોચાય. યાદ રાખવું કે 'મોક્ષ' કે 'સ્વર્ગ' એ કોઇ કશાનું 'ફળ' એટલે 'ઇનામ' નથી, પણ અમુક સદ્ગુણો કેળવતા કેળવતા જેટલી સંપૂર્ણતાએ પહોચાય તેટલી સંપૂર્ણતા જે ભૂવનોમા રહેલી છે તે ભૂવનોમા નિવાસ સ્વાભાવિક રીતે જ થાય છે. (૩) મુક્તિનો ત્રીજો રસ્તો રાગ-દ્વેષ છોડવાનો છે. કોઇ નહિ ગમતા પદાર્થો, જીવો અને બનાવો ઉપર દ્વેષ નહિ કરવો, અને ગમતા પદાર્થો, જીવો અને બનાવોથી મોહીત નહિ થઈ જવુ એ આ શિક્ષાનો ટુંકો અર્થ છે પણ આ શક્તિ મેળવવી ઘણી કઠીન છે; અને તે મેળવવા માટે જડ-ચેતનનું સ્વરૂપ સમજવાની-અર્થાત્ 'જ્ઞાન' ની ઘણી જરૂર રહે છે. આત્મા શુ છે, તે કેવા કેવાં શરીરો ધારણ કરે છે અને શાથી, ત્હેની શક્તિઓ કેટલી છે, ત્હેના અગરખાં અથવા શરીરો કેટલા છે અને તે દરેક શરીરનુ સ્વરૂપ કેવુ છે, દુની-આમા કેટલી જાતના જડ પદાર્થો છે અને ત્હેમાં કેવા ચમત્કાર રહેલા છે આ બધુ કુદરતનુ સ્વરૂપ જાણવા માટે જૈન શાસ્રોમાં ઘણા સાધનો હયાતી ધરાવે છે. કર્મપ્રકૃતિ, જીવવિચાર એ બન્ને સંબંધમાં જૈન શાસ્રોમા પુષ્કળ વિવેચન કરાયુ છે અને અનેક ભે-

સંસ્કૃત છાયા.

उपदेश रत्नमालां य एवं स्थापयति सुष्ठु निजकंठे ।
स नरः शिवसुखलक्ष्मी, वक्षः स्थले रमते स्वेच्छया॥२५॥

एवं पद्म जिनेश्वर-सूरिवचनगुम्फ रमणीयां वहतु ।
भव्य जनः कण्ठगतां विपुलामुपदेशमालामिमाम् ॥ २६ ॥

અર્થ—આ પ્રકારે જે માણુસ ઉપદેશરૂપ રત્નની માળાને સારી રીતે પોતાના કંઠમાં સ્થાપે છે તે નર શિવ-સુખ રૂપી લક્ષ્મીના વક્ષઃસ્થળમાં સ્વેચ્છાથી રમે છે. આ પ્રકારે પદ્મજિનેશ્વર સૂરિનાં વચનની રચના વડે કરીને રમણિક અને એવી વિસ્તીર્ણ આ ઉપદેશની માલા ભવ્ય-જન કંઠમાં વહુન કરો (ધારણ કરો) !

संपूर्ण.

विवेचननो दरेक शब्द शान्तिपूर्वक
वांचवा अने संपूर्णपणे समजवा
दरेक वांचकने सप्रेम
विनंति छे.

પાડવામાં આવશે, કે જેથી મનીઑર્ડર મોકલવા માટે ગ્રાહકોને લગભગ એક મહીનાનો ટાઇમ મળશે.

☞ નવીસાલમાં આ માસિકનુ કદ વધારીને દરઅંકે ઓછામા ઓછાં ૭૨ અનેકોઇ કોઇવખત ૯૬ પૃષ્ટ (ઉચા કાગળ ઉપર) આપવાનો વિચાર છે; તેથી તે વધારેના ખર્ચને પહોચી વળવા માટે ૦-૮-૦ મૂલ્ય વધાર્યા સિવાય ચાલે નહિ. પરન્તુ આ બાબતમા અમો **અમારી મરજી મુજબ વર્તવા માગતા નથી,** અમારા ગ્રાહકોની જે સલાહ લખાઇ આવશે તે વાંચીને બેમાથી કયો રસ્તો લેવો તે નક્કી કરવામાં આવશે લખાણની કિમ્મત સમજનારા વાચક મહાશયો તો એટલા બધા પાનાંનુ માસિક (પોષ્ટેજ સાથે) રૂ. ૨) મા મળતું હોય તો તે સસ્તુંજ ગણશે, તે છતાં અમો ગ્રાહકોની મરજીના માલીક થવા ખુશી નથી, તેથી વિનતિ કરીએ છીએ કે દરેક ગ્રાહક મહાશયે પોતપોતાનો વિચાર આ અંક સાથે મોકલેલા પોષ્ટ કાર્ડમા લખી જણાવવા કૃપા કરવી.

બદ દાનતવાળાઓને નોટીસ.

'જૈનહિતેચ્છુ'ના ગ્રાહકો પૈકી જે મહાશયોનું લવાજમ ચુકતે વસુલ આવ્યું છે તેમનો અમે ઉપકાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે તેઓ એવી સવડ હરસાલ અમને આપતા રહેશે તો માસિકનું કદ અને ઉપયોગીપણ વધારવા અમારાથી બનતુ કરવા ચુકીશું નહિ.

બાકીના જે ગ્રાહક બન્ધુઓ ૧ કે વધુ વર્ષનુ લવાજમ હજી સુધી રાખી રહ્યા છે તેઓ પૈકી કેટલાક ધંધાની જંજાળને લીધે લવાજમ મોકલવુ ભૂલી ગયા હોય તેવાઓ પર નાંઇ શકા લઇ જવી એ અમે યોગ્ય સમજતા નથી. તેવી લેણી રકમ યાદ કરાવવા માટે પાંચ પાચ પત્રો લવાજમ બાકીવાળા તમામ ગ્રાહકો પર નમ્રતાપૂર્વક લખવામાં આવ્યા છે અને જવાબ માટે કાર્ડ (ટીકીટ સાથે)

મોકલ્યા છે, એટલુંજ નહિ પણ લવાજમ ન જ મોકલવા ઇચ્છા હોય તેમને અરજ કરવામાં આવી છે કે એવા ખબર પણ આ સાથેના કાર્ડમાં લખી મોકલો કે જેથી એટલેથી જ સર્યું. આટલી હદ સુધી સહનશીલતા રાખવા છતાં જે ગ્રાહકો પોતે મગાવેલા માલના પૈસા આપવાના અખાડા કરે અને જવાબ માટે મોકલેલી ટીકીટ અને કાર્ડ પણ ખાઇ જાય તેમની દાનત લાંબા વખત સુધી માસિક મફત લેવાનીજ છે એમ અનુમાન બાધવામા શું વાજબી નથી? અને એવા ખરાબ ઇરાદાવાળાનાં નામ પ્રગટ કરવા એ શૂ નીતિ નથી?

તા ૧ લી ડિસેમ્બર સુધી હજી અમે રાહ જોઇશું. અને એટલી મુદતમાં જેઓ તરફથી લ્હેણી રકમનો મની-ઑર્ડર કે ખુલાસો કાંઈ નહિ મળે તેઓનાં નામ માસિકમા છાપવાની તેઓએ અમને રજા આપી છે એમ માનીશુ

જેઓને માસિક લેવા વિચાર ન હોય તેમને કોઈ પરાણે આપવા ઇચ્છતુ નથી, તેમજ ગ્રાહક થતી વખતે પણ તેમને જૈનહિતેચ્છુ ઑફિસે અરજ કરી નહોતી. અમારા ઉપર **ઉપકાર ખાતર** કોઇએ માસિક લેવા ગ્રમીત થવુ નહિ બજારના માલ તરીકે દામ આપીને માલ લેવો છે, એમા કાઇ દાનપુણ્ય કરવાનુ નથી, એમ સમજીને જ દર સાલની શરૂઆતમા લવાજમ આપવાની શરત કબુલ હોય તો જ માસિક લેવું નહિ તો એક કાર્ડથી ના લખી નાળવી.

કોઇને અક મળવામા ગફલત થતી-હોય તો પોતાનુ પુરૂ શિરનામુ (પોષ્ટ જીલ્લો વગેરે) સાફ અક્ષરથી લખી મોકલવુ

પત્રવ્યવહાર:—

સારંગપુર—અમદાવાદ. } શકરાભાઇ મોતીલાલ શાહ.
પ્રકાશક, 'જૈનહિતેચ્છુ.

સ્નેહીઓને અરજ.

અમારા વડીલશ્રીના કેટલાએ સ્નેહીઓ પાસે બબ્બે ચચ્ચાર વર્ષનુ લવાજમ બાકી છે. તેમને ઉઘરાણી પત્ર લખવાથી ખોટુ લાગે છે એમ અમારા જાણવામા આવ્યુ છે. પરન્તુ **ખરા સ્નેહીઓએ તો** વિચારવું જોઇએ કે **જાહેર પુરૂષોને સ્નેહીઓ સેંકડો હોય, એ સઘળા સ્નેહીઓ આવી રીતે માલના પૈસા આપવામાં વિલંબ કરે અને ઉઘરાણી થતાં ઉલટા ગુસ્સે થાય તો તે કામ નભે જ કેવી રીતે? ખરો સ્નેહા તો તે છે કે, જે કામ તેને ઉત્તમ અને લોકોપયોગી હોવાની ખાત્રી થઇ છે તેવા કામ માટે તો લવાજમ નહિ પણ સારી મદદ આપીને ટેકો કરે.** તેને બદલે લવાજમ આપવાના પણ અખાડા કરવા તે શોભે નહિ. તેમ છતા ઉઘરાણી પત્રથી ખોટુ લાગતું હોય તો ચડેલુ લવાજમ માડી વાળવા અને હવેથી માસિક ન મોકલવા એક પોષ્ટ કાર્ડથી ખબર આપશે તો પણ ભવિષ્યમાં અમારૂં ખર્ચ બચશે તેથી ઉપકાર માનીશુ.

હિંદ બહારના ગ્રાહક મહાશયોને છેવટની અરજ.

મહાશયો! પોતાની મેળે, વગર આમંત્રણે, ગ્રાહક તરીકે નામ નોંધાવ્યા પછી લવાજમ મોકલવામાં અખાડા કરવા એ સુજ્ઞનુ લક્ષણ નથી. વળી **હિંદની અંદરના** ગ્રાહકોને તો વી. પી. પણ કરી શકાય છે અને આપને તો વી. પી પણ મોકલી શકાય નહિ, તેથી કેટલાક હિંદ બહારના ગ્રાહકો ૩–૪ વર્ષનુ લવાજમ ઘાલી નિરાતે પોઢી ગયા છે. આવા ઉપર તિરસ્કાર કરવા જતા બીજા **સારા** ગ્રાહકોને ખોટુ લાગી જાય છે તેથી અમે **આ જાહેરખબર છેવટને માટે** આપીએ છીએ કે હિંદ બહારના જે ગ્રાહકો પાસે કાંઈ પણ લવાજમ લ્હેણુ હોય તેમણે **તા. ૫ જાનેવારી ૧૯૧૪ સુધીમાં** મોકલી આવવા કૃપા કરવી અગર " અમો લવાજમ મોકલવાનાજ નથી " એટલુ લખી વાળવુ, કે જેથી ઉઘરાણી પત્રોનુ ડબલ ખર્ચ કરવાની જરૂર પડે નહિ.

હિંદ બહારના ગ્રાહક મહાશયોએ આ નવો ધારો બરાબર યાદ રાખવા કૃપા કરવી કે, **દરેક સાલની તા. ૫ જાનેવારી અંદર** જેમના નાણા અમને મળી ગયાં હશે તેમનેજ માસિક મોકલવામા આવશે, બાકીનાના નામ કમી કરવામા આવશે. માટે ૧૯૧૪ની સાલમા જેમને માસિક લેવુજ હોય તેમણે તા. ૫ જાનેવારી ૧૯૧૪ની અદર પાછલુ લ્હેણુ તથા ૧૯૧૪ નુ લવાજમ, **ડિસેમ્બરનો અંક તેમને પહોંચે તેને બીજે જ દિવસે,** મોકલી આપવા મહેરબાની કરવી.

આ નિયમનો અમલ ચુસ્તપણે કરવામા આવશે

સારગપુર—**અમદાવાદ.** } પ્રકાશક, **'જૈનહિતેચ્છુ'.**

જેલ–યાત્રા એટલે શું ?

જેલના નામથી પણ લોકો ભય પામે છે, પણ તે માત્ર અજ્ઞાનનુ જ કારણ છે જેલની સસ્થા શા માટે સ્થપાઇ, હિદની જેલો કેવી છે, વિલાયતની જેલો કેવી છે, જેલમા કેટલા સુધારા થવાની ખાસ જરૂર છે, આ દુનીયામા રાજાની જેલ ઉપરાત બીજી કેટલી જાતની જેલો છે, કુટુબની જેલ—રીવાજની જેલ—જડવાદની જેલ-ઇચ્છાની જેલ વગેરેના સ્વરૂપ અને સર્વ પ્રકારની જેલોમા પડવા છતા આનદમા કેવી રીતે રહી શકાય તેનુ માર્ગસૂચન એક **સમાજસુધારકે પોતે સઘળી જાતની જેલોનો અનુભવ લઈને કર્યું** છે વળી તેમા કાયદાના મુદાઓ તેમજ ધર્મશાસ્ત્રના પ્રમાણો અને દલીલોનો બડાર છે પુસ્તક હાલમા છપાય છે

આગસર વદ ૦)) સુધીમાં નામ નોંધાવનાર માટે ખાસ ઓછા દર—રૂ. ૧) માત્ર, પાછળથી ૧ાા) નામ નોંધાવવાનું ઠેકાણું:— ' જૈનહિતેચ્છુ ' ઑફીસ, સારગપુર—અમદાવાદ.

ફૂલ છાપ પટો એ, પટાના બજારનું માનીતું 'ફૂલ' છે.

ભારે કિમત આપી નામીચા વેપારીઓ પાસેથી હમે જે પટા ખરીદો છો તે જ મેકરના અને તે જ જાતના પટા અમે ઓછી કિમતે આપવાનો નિયમ રાખ્યો છે તેનુ કારણ એ જ છે કે '**ન્હાના કોળીએ વધારે જમાય છે**' એ વાતની અમને ખાત્રી છે. તેથી અમોએ '**ફૂલ છાપ**' રજીસ્ટર્ડ કરાવીને ઉંચી જાતના પટા બનાવરાવ્યા છે, કે જે લાંબા થઈ જતા નથી, ટૂટતા નથી, જીનો તો શુ પણ મ્હોટી મીલોમાં સેકડો જગાએ વપરાઇને નામના પામી ચૂક્યા છે, અને તેથી આજે બજારમા '**ફૂલ છાપ**' પટાની જ માગણી થાય છે, કહો કે **પટાની બજારમાં અમારો ફૂલ છાપ પટો એ એક માનીતુ ફૂલ છે.** વળી ધ્યાનમા રાખશો કે હલકી જાતના જે પટા બજારમા ઓછા ભાવે વેચાય છે તે વજનમા વધારે થવાથી અને પટા હમેશ રતલના ભાવે વેચાતા હોવાથી, અકદરે તે સસ્તા પટા મોઘા પડે છે, જ્યારે અમારો ફૂલ છાપ પટો વજનમા ૨૫ ટકા જેટલો ઓછો હોવાથી સારો માલ હોવા છતા એકદરે સસ્તો પડે છે

અમારા પટા અને તેલોની વાહવાહની સુગધ માત્ર થોડા જ મહીનામાં આખા દેશમા ફેલાઇ ગઇ છે અને તેથી **દીલ્લી, હાંસી, લાહોર, મદ્રાસ, રાજકોટ, મુંબઈ, પાચોરા, જલગામ, મદસોર, રતલામ, હૈદ્રાબાદ વગેરે હિંદના** તમામ ભાગોમાથી એ માલના ઑર્ડરો અમને હમેશ મળ્યા જ કરે છે

પ્લૅટ બ્રધર્સનાં જીનો.

પ્લૅટ બ્રધર્સના જીનો ચાર તથા પાચ બેરીંગના કપલીટ તેમ જ દરેક છુટા ભાગ અમો વિલાયતથી મગાવી શીલકમા રાખીએ છીએ કાનસો, પાઇપ, કોક વગેરે તમામ સામાનનો મ્હોટો જથ્થો અમારા ગોદામમા જ્યારે માગો ત્યારે તૈયાર જ રહે છે

ગુમાસ્તો મોકલીને કે જાતે પધારીને, અગર તારથી કે પોષ્ટદ્વારા ઑર્ડર આપીને

એક વાર કામ પાડી જુઓ

જીન, મીલ, પ્રેસ વગેરે કારખાનાના માલેકો તથા મેનેજરોને ખુશ ખબર.

કારખાનાવાળાઓને અનુભવ હશે જ કે, તેલ, પટા વગેરે સામાનમા ઘણી જાતો આવે છે અને ઘણા દગા થવા સભવ છે. **વિશ્વાસ પાત્ર વેપારી** મેળવી લેવાથી મશીનરીનો ઘણો બચાવ થાય છે અને તેથી દર સાલ સેંકડો રૂપીઆનો ઉગારો થાય છે. નીચે સહી કરનારની દુકાને આપ એક વાર જાતે પધારીને અગર માણસ મોકલીને અજમાયશ કરશો એવી ખાસ ભલામણ કરવામા આવે છે. કારણ કે તે માણસ બીજી દુકાનોમાં જાતે જઈ, માલની જાત તથા ભાવનો અનુભવ લઈ પછી અમારી દુકાને માલની જાત નજરે જોઇ તથા ભાવ જાણી લઈ **મુકાબલો** કરી શકશે અને તેવી આપને **હમેશને માટે ખાત્રી** થઇ શકશે કે એકંદરે કોણ સસ્તો અને સારો માલ આપી શકે છે? એક વાર જાતે આ પ્રમાણે મુકાબલો કરી ખાત્રી કરવાથી દરસાલ આપને ભાડાં ભરવાની જરૂર નહિ રહે અને પોષ્ટદ્વારા ઑર્ડર મોકલ્યેથી તુરત જ માલ રવાના કરવામા આવશે

લુબ્રીકેટીંગ તેલોનો મોટો કૉન્ટ્રાકટ.

જીનીંગ ઑઇલ, સીલીંડર ઑઇલ વગેરે તમામ જાતના લુબ્રીકેટીંગ તેલોની ઉચામા ઉંચી જાતોના મ્હોટા જથાનો કૉન્ટ્રાક્ટ અમોએ સારામા સારી પ્રસિદ્ધ કપની સાથે કર્યો છે અને તેથી અમો મુબઇની સખ્યાબધ મ્હોટી મીલો સાથે પણ તેમને તેલ પુરૂ પાડવાનો કૉન્ટ્રાકટ કરી શકયા છીએ. મુંબઇમાં તેલ વેચનારા વેપારી ઘણા હોવા છતાં ખુદ મુંબઇમાં આવેલી મ્હોટી મીલોના માલેકો પોતાને જોઇતા તમામ તેલો માટે અમનેજ કૉન્ટ્રાકટ આપે એ અમારા માલની સરસાઈ વગર બનવું અશકય જ છે. હલકાં તેલો, કે જેમાં પુષ્કળ ક્રુડ ઓઇલનુ મિશ્રણ હોય છે તેવાં તેલો લઈ મશીનરી બગાડી નાખશો નહિ, બીજા તેલોના ત્રણ પીપો વપરાતાં હશે ત્યા અમારા ઉંચા તેલોના ૨ પીપો બસ થશે અને વળી મશીનરીનો બચાવ થશે. ભાવો અને નમુના જોઇ ખાત્રી કરો.

ફૂલ છાપ પટો એ, પટાના બજારનું માનીતું 'ફૂલ' છે.

ભારે કિમત આપી નામીચા વેપારીઓ પાસેથી ત્હમે જે પટા ખરીદો છો તે જ મેકરના અને તે જ જાતના પટા અમે ઓછી કિમતે આપવાનો નિયમ રાખ્યો છે તેનુ કારણુ એ જ છે કે '**ન્હાના કોળીએ વધારે જમાય છે**' એ વાતની અમને ખાત્રી છે તેથી અમોએ '**ફૂલ છાપ**' રજીસ્ટર્ડ કરાવીને ઉંચી જાતના પટા બનાવરાવ્યા છે, કે જે લાબા થઈ જતા નથી, ટૂટતા નથી, જીનો તો શુ પણુ મ્હોટી મીલોમા સેકડો જગાએ વપરાઇને નામના પામી ચૂકયા છે, અને તેથી આજે બજારમા '**ફૂલ છાપ**' પટાની જ માગણી થાય છે, કહો કે **પટાની બજારમાં અમારો ફૂલ છાપ પટો એ એક માનીતું ફૂલ છે.** વળી ધ્યાનમા રાખશો કે હલકી જાતના જે પટા બજારમા ઓછા ભાવે વેચાય છે તે વજનમા વધારે થવાથી અને પટા હમેશ રતલના ભાવે વેચાતા હોવાથી, એકદરે તે સસ્તા પટા મોઘા પડે છે, જ્યારે અમારો ફૂલ છાપ પટો વજનમા ૨૫ ટકા જેટલો ઓછો હોવાથી સારો માલ હોવા છતા એકદરે સસ્તો પડે છે.

અમારા પટા અને તેલોની વાહવાહની સુગધ માત્ર થોડા જ મહીનામાં આખા દેશમા ફેલાઇ ગઇ છે અને તેથી **દીલ્હી, હાંસી, લાહોર, મદ્રાસ, રાજકોટ, મુંબઈ, પાચોરા, જલગામ, મદસોર,** રતલામ, હૈદ્રાબાદ વગેરે **હિંદના** તમામ ભાગોમાથી એ માલના ઑર્ડરો અમને હમેશ મળ્યા જ કરે છે.

પ્લૅટ બ્રધર્સનાં જીનો.

પ્લૅટ બ્રધર્સના જીનો ચાર તથા પાચ બેરીંગના કપલીટ તેમજ દરેક છુટા ભાગ અમો **વિલાયતથી** મગાવી શીલકમા રાખીએ છીએ ડાનસો, પાઇપ, કોક વગેરે તમામ સામાનનો મ્હોટો જથો અમારા ગોદામમા જ્યારે માગો ત્યારે તૈયાર જ રહે છે

ગુમાસ્તો મોકલીને કે જાતે પધારીને, અગર

તારથી કે પોષ્ટદ્વારા ઑર્ડર આપીને

એક વાર કામ પાડી જુઓ

મુસલમાન તથા પારસી ભાઈઓને વિનામૂલ્ય મળતું ઉત્તમ પુસ્તક

શરીરશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને દરેક ધર્મના શાસ્ત્રો તથા ડાકટરો-વૈદો અને હકીમોના વિચારો એ સર્વ ઉપરથી રચેલુ "પ્રાણીહિંસા અને પ્રાણી ખોરાક નિષેધ" નામનુ ૦-૭-૦ કિંમતનું અમૂલ્ય પુસ્તક મુસલમાનભાઈઓને તથા પારસી ભાઈઓને (માત્ર ૦-૦-૬ ની પોષ્ટ ટીકીટ બીડવાથી) મફત આપવા સદ્‌ગત શ્રી **મોતીલાલ મનસુખરામ શાહ**ની આજ્ઞાનુસાર ઠરાવ કરવામાં આવ્યો છે જોઇએ તેમણે ખુશીથી મગાવી લેવુ.

જૈન અને હિંદુભાઇઓ કોઈ માંસાહાર કરતા મનુષ્યબંધુઓ માટે અગર ધર્મનિમિત્તે પશુવધ કરનાર મનુષ્યબંધુઓને માટે આ પુસ્તક મગાવશે તો તેમને પણ મફત મોકલી આપવામાં આવશે. પોષ્ટેજ માટે એક પ્રત દીઠ અડધા આનાની ટીકીટ બીડવી.

'જૈનહિતેચ્છુ' ઑફિસ-સારંગપુર, અમદાવાદ.

સ્ત્રી—શિક્ષક જોઇએ છે.

ચુડાની જૈનકન્યાશાળા માટે સ્ત્રી શિક્ષક રૂ. ૧૫) ના પગારથી જોઇએ છે ક્યા સુધી અભ્યાસ કર્યો છે તે, અરજીમા જણાવવુ

ડૉકટર સૌભાગ્યચંદ નથુભાઈ
ઑનરરી સેક્રેટરી, ચુડા જૈનશાળા, મુ ચુડા (કાઠિયાવાડ)

આ ‘જૈનહિતેચ્છુ’ માસિક પત્ર શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીગ પ્રેસ-અમદાવાદમાં શકરાભાઈ મોતીલાલ શાહે છાપ્યુ

વધારો

रक्षण वगरना गरीब बिचारा आपणा हिंदीओ!

દક્ષિણ આફ્રિકાના હિંદીઓનાં દયાજનક વીતકડાં.

હિંદનું કિંમતી ચારિત્ર-ભૂષણઃ—મી. ગાંધી.
એમનું ફરીથી એક વર્ષની સખ્ત મજુરીની
જેલમાં જવું.

कोलसानी खाणमां केद पुरायला हजारो हिंदीओने चाबुकनो मार !

न्याय कोर्टे जवा दोडे तो गोळीब्हार !

शहेनशाही सरकार, गुलामीमां सपडायला पोताना हिंदी
पुत्रोनी वार करवा अशक्त छे !

ઓ હિંદીઓ! હવે એકજ રસ્તો ત્હમારે માટે
ખુલ્લો છે અને તે એ કે, શરૂ થયેલી 'સત્યા-
ગ્રહની લડત'ને આબાદ ટકાવી રાખો.

भुखे मरता हिंदी कुटुंबोना गुजरान माटे दर महीने एक
लाख रु. ना खर्चनो वंदोवस्त करो!

જૈનો! વૈષ્ણવો! મુસલમાનો! પારસીઓ! શિખભાઇઓ!
આફ્રિકામાં ત્હમારા હજારો જાતિભાઇઓ બૈરી-છોકરાં

સુખી થવાની આશાઓ આપી બોલાવનાર શહેનશાહી સરકાર કાંઈ પણ રક્ષણ આપવા તૈયાર નથી "હાલમા હમે ગીરમીટીઆ મજુર તરીકે આફ્રિકામા ચાલો, ત્યાં કામ કરો, પછી હમને સંસ્થાનમા **જમીનના માલેક** બનવાની તક મળશે તેમજ **આબાદ એટલે અને છૂટ ભોગવતા શહેરી** તરીકે સુખી જીવન ગાળી શકશો." આવા વચનો આપી હિંદના હજારો માણસોને આફ્રિકા જઇ યુરોપીઅનોના દાસ બનવા લલચાવવામાં આવ્યા હતા, અને તે પછી બીજા કોઈ ઉપર નહિ પણ **માત્ર હિંદીઓ ઉપરજ** રૂ. ૮૫) નો માથાવેરો નાખવામાં આવ્યો, જેનુ પરિણામ ખુદ નાતાલના મ્હોટા અધિકારીઓ કબુલ કરે છે તે પ્રમાણે એવું આવ્યુ કે "ઘણા ઘરો ઉજ્જડ થયા છે, મરદોને ગુન્હાના માર્ગો લેવાની ફરજ પડી છે અને સ્ત્રીઓને અનીતિના રસ્તે જવાની ફરજ પડી છે" આ માથાવેરાએ સંખ્યાબધ ગરીબ હિંદીઓને જેલમાં મોકલ્યા છે.

હિંદીઓની પોતાને ઘણી ગરજ છે એમ તો સંસ્થાનિકો પોતે કબુલ કરે છે, પણ તેઓ કહે છે કે સ્વતત્ર શહેરી તરીકે અમે હિંદીઓને માગતા નથી, માત્ર ગોરા વતનદારોના હિત ખાતર-અર્ધી ગુલામી અવસ્થામા જીંદગી ગુજારતા ગીરમીટીઆ મજુર તરીકે-માત્ર બોજો ઉપાડનારા પશુઓ તરીકે જ હેમનો ખપ છે. આ મતલબનો એકરાર **સર થોમસ હીસ્લોપે નાતાલના** વતનદારોના મંડળ વચ્ચે ખુલ્લી રીતે કર્યો હતો.

આમ હોઈ, દક્ષિણ **આફ્રિકામાં** વસતા હિંદીઓ ઉપર અનેક રીતે સતાવણી થવા લાગી અને તે પ્રતિદિન વધવા લાગી. નવા આવનારાઓને અટકાવવામાં આવ્યા. આવી ચૂકેલા પાસે અગુઠાની છાપ લેવામા આવી. ક્રિશ્ચીઅન ધર્મક્રિયા સિવાયના એટલે હિંદુ-મુસલમાન-પારસી ધર્મક્રિયા પ્રમાણે થયેલાં લગ્નો ગેરકાયદેસર ઠરાવી પરણેલી હિંદી સ્ત્રીઓને હેમના પતિથી છૂટી પડાવી.

આ સર્વ ત્રાસ વધતો ગયો ત્યારે લોકોની કાંઇક આખ ઉઘડી. આપબળ વગર-ઐક્ય વગર-સ્વમાન વગર-આત્મભોગ વગર કોઇ જગાએ (આ લોકમાં કે પરલોકમા) સુખ મળવાનુ નથીજ એ પાઠ હવે હિંદીઓ શિખવા લાગ્યા. તે જ વખતે એક ગુરૂરત્ન અને કિનમ નાયક હેમને મળી આવ્યો તે ગુરૂ બીજો કોઇ નહિ પણ

શિર દોષ મૂકતા નથી, માત્ર પોતાના વાજબી હક્કો નમ્રતાથી માગ્યા કરે છે અને શાન્તિથી જેલ અને ભૂખ તેમજ ઉપરથી ચાબુકના માર સહન કરે છે લોહીનુ એક ટીપુ પાડયા સિવાય લડાઈ જીતવાનો આ એકજ રસ્તો છે અને તે ખરા ધર્મિષ્ઠ પુરૂષ સિવાય બીજાથી બની શકે નહિ એવો દુષ્કર રસ્તો છે

પ્રતિદિન ત્રાસ વધતો જાય છે. ખાણોના હજારો હિંદી કામદારોને મેજીસ્ટ્રેટે ખાણોમાજ કેદી તરીકે રાખવાનુ ફરમાવી ત્યાંજ કામ કરાવવા માડયુ છે અને ખાણના માલેકોને જેલરની સત્તા આપી છે કામ કરવાની આનાકાની કરનારા ઉપર ચાબુકના માર પડે છે. બે જણ તો માર્યા ગયાના સમાચાર દૈનિક પત્રોમા પ્રગટ થયા છે મેજીસ્ટ્રેટે રીબાતા લોકોની અરજ સાભળવા ના પાડી છે, એટલુજ નહિ પણ અરજ કરવા માટે ખાણ છોડનારને ગોળીથી ઠાર કરવાની ધમકી આપી છે, મી પૉલોક-તે ભલો-માણસાઇપણાનો હિમાયતી અગ્રેજ પણ કેદમા છે. બીજા પણ ઘણા પરોપકારી અગ્રેજો દક્ષિણ આફ્રિકાના દુખી હિંદીઓની મદદમાં છે, તેઓએ નાણાની મદદ આપીને હડતાળીઆના કુટુબોને પોષવામા ભાગ લીધો છે. એક અગ્રેજ પાદરીએ પોતાની જીદગીની બધી બચત રકમ આ ફંડમા આપી દીધી છે જાણીતી વિદુષી બાઈ એની બીસેન્ટે રૂ. ૧૫૦૦) એ ફડમા ભર્યા છે અને પોતે શ્રીમત હોત તો લાખ્ખો રૂપીઆ આપત એવી શુભેચ્છા જણાવી છે જાહેર છાપા એકમતે આ સત્યાગ્રહની લડાઈની તરફેણદારી કરે છે જગાએ જગાએ હિંદુ, મુસલમાન, પારસી અને અગ્રેજો આફ્રિકાના હિંદીઓપરના આ ત્રાસ સામે પોકાર ઉઠાવવા લાગ્યા છે દીલ્હીની મીશનરી સ્કુલના પાદરીઓએ પોતાના વિદ્યાર્થીઓને માટે ફડ ઉઘરાવવા પરવાનગી આપી છે અને આ કામ તરફ સપૂર્ણ સહાનુભૂતિ બતાવી છે. મુંબઇમા એક કમીટી, ફડ એકઠુ કરવા માટે નીમાઇ છે, જેમાં મી રતન તાતા પ્રમુખ છે, સર જમશેદજી જીજીભાઇ બૅરોનેટ મેનેજીગ કમીટીના પ્રમુખ છે, સર ફઝલભાઇ કરીમભાઇ નાઇટ, મી નરોત્તમ મોરારજી ગોકુળદાસ, શેઠ જહાંગીર બી. પીટીટ, મી કે. નટરાજન, સર્વન્ટ ઑફ ઇન્ડીઆ સોસાઇટીવાળા મી એન એમ જોશી વગેરે સેક્રેટરીઓ છે, આ મેનેજીગ કમીટીના સભાસદો તરીકે સર કરીમભાઇ, સર દોરાબ તાતા સર ઇબ્રાહીમ રહીમતુલા, સર વિઠ્ઠલદાસ, ઑનરેબલ ગી આ

લાગે છે કે આ પરવાનગી પાછી ખેંચી લેવી જોઇએ. પ્રતિકારદ્વારા કઇંક કરવાના **બીજા માર્ગો પણ છે.** પરન્તુ જો આ સઘળું આપણે કરીએ તો **સંજોગો અનુસાર** કરવા જોગ સઘળુ આપણે કરેલું ગણાશે એક બાબતની ચેતવણી આપવી અત્રે જરૂરની છે. આ ચળવળથી કોમી લાગણી અવશ્ય ઉશ્કેરાશે અને જો કે આરંભમાં તે ત્યાંની જ યુરોપીયન કોમ પ્રતિ વળશે તોપણ જો આપણે ઘણા સાવધ નહિ રહીએ તો એ લાગણી ત્યાંનીજ કોમ પ્રતિ ગોંધાઇ નહિ રહે, અને તેમ થાય તો તે એક ગંભીર આપતરૂપ થશે કારણ એવા પરિણામથી હિંદી સરકાર અને હિંદી વજીરની લાગણી આપણાથી છુટી પડે, અને આપણે સઘળાઓ જાણીએ છીએ કે આપણા કામને ટેકો આપવાને કેટલાક વર્ષથી હેમણે પોતાથી બનતું સઘળુ કર્યું છે તેથી આપણને એટલો વિશ્વાસ છે કે ઘટતા અંકુશ સાથે અને જવાબદારીની પ્રબળ લાગણી સાથે અંતઃકરણપૂર્વક નિષ્ઠાથી આપણે કાર્ય કરવું જોઇએ તે થશે ત્યારે આપણે આપણું કર્તવ્ય કર્યું ગણાશે. તે પછી આપણાથી જે ઉચ્ચતર છે-તેમના હાથમા સઘળી બાજી સોંપીને આપણે સંતોષ ધરવો જોઇએ.

જૈન ભાઇઓને અપીલ.

દક્ષિણ આફ્રિકામાં વસતા આપણા જાતભાઇઓના અસહ્ય દુઃખનુ વર્ણન, અને તે દૂર કરવા માટે તન-ધન કુટુંબ સર્વના ભોગે લડનાર વીર યોદ્ધાઓની સ્થિતિનો ચીતાર, ઉપર અપાઇ ગયો છે. જૈનભાઇઓએ ખાસ ગર્વ લેવાનો છે કે હજારો માણસોના નાયક તરીકે રહી આખી દુનીઆની પ્રશંસા પામનારો ધીરવીર પુરુષ બીજો કોઈ નહિ પણ જૈનધર્મનો પ્રશંસક મી. ગાંધી છે. હિંદી તરીકે જૈનોએ આ સત્યાગ્રહની હીલચાલના દરેક મદદ કરવાની જે ફરજ છે તે કરતા પણ એક જૈને ઉપાડેલા આ સ્તુત્ય વાવટા નીચે એકઠા થવાની તેમની **બેવડી** ફરજ છે. જૈનભાઇઓ અને બ્હેનો! દુર્ભાગ્ય અને સ્વાર્થાંધતા છોડો જગાએ જગાએ મીટીંગો ભરો, ઠરાવો કરો, અને હજારો-લાખો રૂપીઆની રકમનાં ફંડ કરી મોકલી આપો, કે જેથી હજારો હિંદી કુટુંબો ભૂખમરાથી મરતા બચે અને આ ધર્મયુદ્ધ એકલા નાણાંના કારણે અટકી ન પડે. થોડા [illegible] [illegible] [illegible] વાત [illegible] [illegible] [illegible] [illegible] તો સંભવ છે કે [illegible] [illegible] [illegible] પરિણામ અવશ્ય આવશે; અને સૌથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આખી દુનીઆ જોઇ શકશે કે હિંદીઓ ચારિત્ર વગરના થઇ ગયા હતા પણ હવે પાછા ફરીથી ચારિત્ર પ્રેમી બન્યા છે, ફરી તેઓ 'સાચા મનુષ્ય' બન્યા છે, ફરી તેઓ સ્વતન્ત્રતાને લાયક બન્યા છે.

'સર્વન્ટ્સ ઑફ ઇંડિઆ સોસાઇટી' તરફથી આ લખનારને આ બાબે બનતું કરવા ફરમાશ થઇ છે, તેથી 'બોમ્બે ક્રોનીકલ' 'ગુજરાતી,' 'પ્રજાબન્ધુ' વગેરે પેપરોની માફક આ 'જૈનહિતેચ્છુ' પત્ર તરફથી પણ એક ફંડ એકઠું કરવાનો ઠરાવ કરવામા આવ્યો છે. આ પત્રના તમામ ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે તેઓએ ૧૦૦૦-૧૦૦-૧૦-૫ કે છેવટે રૂ. ૧) પણ આ ફંડમા નીચેને શિરનામે મોકલી પહોચ મગાવી લેવા ચૂકવું નહિ. તેમજ જેઓ આ માસિકના ગ્રાહક ન હોય ત્હેમને પણ અરજ કરવામા આવે છે કે નીચે લખેલે ઠેકાણે અગર "**સર્વન્ટસ ઑફ ઇંડિઆ સોસાઇટી, સેન્ડહર્સ્ટ** રોડ, **ગીરગાંવ, મુંબઇ**" એ શિરનામે-એમાથી ગમે તે શિરનામે યથાશક્તિ રકમ મોકલવા કૃપા કરવી

૫-૭ માસ સુધી લગ્ન, જમણ, તથા બીજા ઉડાઉ ખર્ચો બધ રાખી, સત્ય ખાતર ભુખે મરતા અને ચાબુકના મારથી જેલમા રીબાતા હજારો સ્વદેશીઓના નિરાધાર કુટુંબોને અનાજ પુરૂ પાડવાના આ પરોપકારી કામમા બને તેટલી રકમ મોકલી આપવી, એ દરેક **મનુષ્યનું** કર્તવ્ય છે, **જૈનોનું** તો ખાસ.

ફંડમા નાણા મોકલી છાપેલી પહોચ મગાવવાનુ ઠેકાણુ નીચે મુજબ છે—

૨૫૩, **નાગદેવી** સ્ટ્રીટ,
મુંબઇ

જૈન સંઘનો સેવક,
વાડીલાલ મોતીલાલ શાહ.
(મીલ-જીન-સ્ટોર સપ્લાયર)

તા. ક.—આ સેવકે પોતાની શક્તિ મુજબ રકમ ભર્યા પછી જ પોતાના સ્વધર્મીબાઇઓને આ જાહેર અપીલ ગુજારવાની છૂટ લીધી છે.

જરૂરી સૂચના:—જે સ્વદેશપ્રેમી અને દયાળુ બાઇઓ અને બ્હેનો પોતે યથાશક્તિ રકમ ભરવા ઉપરાંત પોતાના ગામમાથી બીજાઓ પાસે રકમો ભરાવવાનુ અથવા વૉલન્ટીઅર તરીકેનુ કામ કરવા ઇચ્છતા હશે ત્હેમનો પત્ર આવ્યેથી ત્હેમને પાવતી બુકો તથા હેંડબીલો મોકલી આપવામાં આવશે.

आ अंकमां एकंदरे २३६ पृष्ठ आपवामां आव्यां छे.

સત્યપ્રકાશ પ્રેસ—અમદાવાદ

ध्यान आपो !

આજના અંક સાથેના પોષ્ટ કાર્ડમાં સહી કરી, ટીકીટ ચ્હોડી, વળતી ટપાલે રવાના કરશોજી.

~~~~~

આ અંક લક્ષપૂર્વક વાંચશોજી; તેમાંના લેખો માટે સ્વતંત્ર રીતે અભિપ્રાય બાંધશોજી. રાજીખુશીથી આવા મ્હોટા ખર્ચ કરનારનો આંતર આશય સમજવા કોશીશ કરશોજી.
~~~~~

જૂદાજૂદા શિક્ષકોના હાથ તળે ભણતા સુમારે પાંચ હજાર વિદ્યાર્થિઓને તપાસવાની અને શિક્ષણ આપવાની મ્હને થોડા માસ સુધી તક મળી હતી; એ વખતના અનુભવ પરથી તથા મ્હારા કુટુંબનાં બાળકોને મળતા શિક્ષણ પરથી હું બેધડક કહી શકીશ કે આજનું શિક્ષણ **તદ્દન** નહિ તો **લગભગ** નિર્માલ્ય છે. સ્વતંત્ર વિચાર શક્તિનો જે થોડોઘણો અંશ ત્હેમને જન્મથી મળ્યો હોય છે તે પણ ત્હેમની પાસેથી આ નિશાળો લૂંટી લે છે. પછી જ્યહારે તેઓ ઉમરે પહોંચે છે ત્યહારે 'હાર્યો ઢોર' જેવું જીવન નિર્વહે છે અને ધર્મગુરૂઓના, જ્ઞાતિના અગ્રેસરોના, અમલદારોના કે અન્નદાતાઓના હાથમાં નાચે છે. આત્મા સ્વતંત્ર છે એમ આપણે વાતો કરીએ છીએ, સ્વરાજ્યની સ્વતંત્રતા મેળવવા આપણે ઝ્હીએ છીએ, જ્ઞાતિ અને સંઘમાં સ્વતંત્રતાના હક્ક માટે લડીએ છીએ, પણ સ્વતંત્રતાનો પાયો જે વિચાર શક્તિ ત્હેની ખીલવટના સંબંધમાં તો આપણે છેક જ મુંગા રહીએ છીએ, એ કેવું હાસ્યાસ્પદ છે? જ્યહાં વિચાર કરવાની, મુકાબલા કરવાની, કસોટી કરવાની, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તપાસવાની, ઉંડા ઉતરવાની, તર્ક કરવાની, પ્રશ્નો ઉભા કરવાની, પ્રશ્નોના નીવેડા લાવવાની, તફાવત સ્હમજવાની, નિશ્ચય પર આવવાની અને નિશ્ચયને યોગ્ય પદ્ધતિથી તથા અસરકારક શબ્દોમાં જાહેર કરવાની શક્તિ નથી, ત્હાં સ્વતંત્રતા એ અલંકાર મટી આત્મઘાતી શસ્ત્ર બને છે.

એટલા માટે, જેમ સુખની ઇચ્છાવાળાને આરોગ્યની જરૂર છે, જરૂર પુરતી આવક આપતા રોજગારની જરૂર છે, શરીર અને મનને સમ્પૂર્ણ આશાએશ આપતી નિદ્રા અને સમાધિની જરૂર છે, તેમ, સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિની પણ એટલી જ—બલ્કે વિશેષ—જરૂર છે. એ જરૂરીઆત પુરી પાડવાનો ઉદ્યમ કેટલી સ્કૂલો તરફથી થાય છે? કેટલા ધર્મગુરૂઓ તરફથી થાય છે? કેટલા ન્યુસપેપરો તરફથી થાય છે? દાખલા તરીકે હરકોઇ એક **જૈન** કે **બ્રાહ્મણ** ધર્મના ગુરૂનું વ્યાખ્યાન સાંભળો અગર એ ધર્મને લગતું માસિક પત્ર લ્યો; એમાં ત્હમે શું જુઓ છો? કોઈ જૂના વખતના ઇતિહાસનું પીંજણ કે પટાવળી, કે જે મેળવવા પાછળ કેટલીએ વખત અને દ્રવ્યનો ભોગ અપાયો હશે અને જે સ્હમજવા માટે વાંચનારને કેટલીએ મગજફોડી કરવી પડશે. પણ વ્યવહારમાં કે આત્મસુધારણામાં એ વાંચનનો શો ઉપયોગ તે કોઇ બતાવશે? વારૂ, **બીજું** શું? એકાદ વૈરાગ્યની કથા

આ લખનારનું અંગત મત એવું છે કે, આજે દુનિયાને—અને ખાસ કરીને **જૈનસમાજને**—સૌથી વધારે જરૂરનું શિક્ષણ કોઇ હોય તો તે એ જ છે કે એમને સ્વતંત્ર રીતે વિચાર કરતા બનાવવા. અમુક ફરમાન અમુક શાસ્ત્રમા કર્યું છે, અમુક બાબત અમુક ધર્માચાર્યે કહી છે **તેટલા માટે** તે ખરી જ માની લેવી એ ચોખ્ખી મૂર્ખાઈ છે—એ વિચાર શક્તિનું અથવા માણસાઇનું ખૂન કરવા બરાબર છે. અમુક બાબત અમુક **અંગ્રેજ કે અમેરિકને** કહી છે. **એટલા માટે** તે સાચી જ હોવી જોઇએ એમ માની બેસવુ એ અનંત જ્ઞાન ગુણ ધરાવતા પોતાના આત્માનુ 'લાઇબ્લ' કરવા બરાબર છે. અલબત, ધર્મશાસ્ત્રો, ધર્માચાર્યો, પાશ્ચાત્ય વિદ્વાનો—રે **આફ્રિકન** નાગાઓની પણ વાત સાંભળવી—કોઇ પણ જાતના અગાઉથી બાંધી રાખેલા વિચારો (prejudices) ને બાજુએ મૂકીને હ્હેમની વાતો વાચવી કે સાભળવી તે જરૂરનું છે; પરન્તુ તે ઉપર પોતાની શક્તિ પહોચે ત્હ્યાં સુધી મનન કરવું જોઇએ, સ્વતંત્ર વિચાર કરવો જોઇએ, દેશ-કાળ આદિ દૃષ્ટિબિંદુઓથી હ્હેનુ ખરાપણુ તપાસવું જોઇએ, અને **પછી જ** હ્હેને 'નિર્ણયની તીજોરી'માં જવા દેવી જોઇએ જેઓ વાચેલી કે સાભળેલી દરેક વાત માત્ર ધાર્મિક સત્તાના આધારે માનવા તૈયાર હોય છે તેઓ ખરા 'સમકિતી' કદી હોઈ શકતા નથી. એક જ ધર્મના જૂદા જૂદા ગ્રંથોમાં અને જૂદા જૂદા આચાર્યોના કથનમાં પુષ્કળ વિરોધાભાસ ઘણી વાર જોવામા આવે છે; શ્રદ્ધાળુ વાચકથી તે એમાની એક પણ ધાર્મિક સત્તાને ખોટી માનવાની હિંમત ચાલશે નહિ, તેમજ ખરૂં શુ તે વિચારવામા હ્હેને 'મિથ્યાત્વ' નો ડર રહેશે, ત્હ્યારે હ્હેની સ્થિતિ કેવી થશે હ્હેનો ખ્યાલ કરો. આર્યાવર્ત્તના દરેક ધર્મો (કે જેનો મૂળ આશય દરેક પ્રાણીની ઉન્નતિ કરવાનો છે) આજકાલ **આર્યાવર્ત્તને** ડૂબાવનારા થઈ પડયા હોય એવું જે દેખાય છે હ્હેનુ મુખ્ય કારણ એજ છે કે, કેટલાક આચાર્યોએ ધર્મ વિષયક બાબતોને વિચાર શક્તિની કસોટી પર મૂકવાની મના કરી છે અને માત્ર શ્રદ્ધા(કહો કે અંધશ્રદ્ધા) ને જ પૂજવાનું ફરમાવ્યુ છે આથી આ દેશમાં મતપક્ષની ખેંચતાણ, શુષ્ક ક્રિયાવાદ, વહેમો, ખોટાં ખર્ચો, ધર્મને નામે ચાલતા ખોટા રીવાજો અને અંધકાર છવાઇ રહ્યા છે. સૌથી વધારે અનિષ્ટ તત્વ હાલ જે આ દેશમાં જોવામાં આવે છે તે